# ઉડતી નજરે....

**સપ્ટેમ્બર-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>કે જેમાંથી | **૮,૯૦૩** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૩૭૪** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૪૦** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન .......... **૧૩** | |
| | (ગ) | સોનોગ્રાફી .......... **૬૧૩** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... **૩** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... **૨૯૦** | |
| | (છ) | અન્ય .......... **૭,૫૭૦** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૬૪.૯૪%** | **૨,૪૭૯** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૬૬૩** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૭૮.૮૨%** | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૪૪૦** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૪૧.૩૫%** | |
| ૫. | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૨,૯૬૦** |
| ૬. | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૬,૧૫૦** |
| ૭. | | સપ્ટેમ્બર-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૧,૫૯૫** |


## ‘મંગલ મંદિર’ નિયમિત અંકોમાં જાહેરાતના દર

| વિગત | ફુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૬૦૦ | રૂા. ૨૫૦/- |
| મલ્ટી કલર | રૂા. ૪,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | રૂા. ૧,૫૦૦ | – |

- આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાંના મુખ્યત્વે કચ્છી સમાજોમાં કરાવી શકશો.
- દરેક અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે ‘સૌજન્ય’નો સ્વીકાર કરવામાં આવશે.

*મુખ્ય તંત્રી, મંગલ મંદિર, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


*બાળકને નોકરને ભરોસે ન છોડો.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦ (ખાલી દિવસ) બપોરના ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈ. |
| ● | શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦ (ખાલી દિવસ) સાંજના ૫.૦૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ. | નૂતન વર્ષ મિલન સમારંભ |
| ● | સોમવાર, તા. ૮-૧૧-૨૦૧૦થી ગુરુવાર, તા. ૧૧-૧૧-૨૦૧૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી સોમવાર તા. ૮-૧૧-૨૦૧૦ સવારમાં ૬.૦૦ વાગે ઉપડશે. | ● કચ્છ દર્શન – ૪ દિવસ માટે. (વિગતવાર કાર્યક્રમ મંગલ મંદિરના ઓક્ટોબર-૨૦૧૦ના અંકમાં આપેલ છે.<br>● શુક્રવાર, તા. ૧૨-૧૧-૨૦૧૦ના વહેલી સવારે અમદાવાદ પરત. |
| ● | શનિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૦ બપોરના ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત<br>શ્રીમતી લીલાવતીબહેન નવીનચંદ્ર હરિયાની ચોથી પુણ્યતિથિ નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથની હાઉસી તથા પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ |
| ● | શનિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૦ બપોરના ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રીમતી લીલાવતીબહેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત વન મિનિટ્સ ગેઈમ તેમજ અન્ય અવનવી ગેઈમ્સ તથા હાઉસી રમાડવાનો કાર્યક્રમ. |
| ● | મંગળવાર, તા. ૩૦-૧૧-૨૦૧૦ વહેલી સવારે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી બસ ઉપડશે. | વયસ્ક સમિતિ આયોજિત એક દિવસીય પ્રવાસ કાર્યક્રમ. |
| ● | મંગળવાર, તા. ૪-૧-૨૦૧૧ વહેલી સવારે | અમદાવાદ રેલવે સ્ટેશનેથી ટ્રેઈન દ્વારા ઇંદોર. | વયસ્ક સમિતિ આયોજિત મધ્ય પ્રદેશમાં નાગેશ્વર પાર્શ્વનાથ વગેરે સ્થળે ત્રિ-દિવસીય યાત્રા પ્રવાસ. |
| ● | રવિવાર, તા. ૯-૧-૨૦૧૧ સવારમાં ૯.૦૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | સમૂહ પ્રાર્થના. |

**'મંગલ મંદિર'ના લવાજમના દરો : ● ૧વર્ષના : રૂા.૧૫૦/ ● ૩ વર્ષના : રૂા.૪૦૦/- ● ૫ વર્ષના : રૂા. ૬૦૦ ● આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

## 'મંગલ મંદિર' લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** — શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** — લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૨૨, પ્લોટ નં.-૨૨૨, નૈતિક કોમ્પ્લેક્સ, જૈન દેરાસર રોડની બાજુમાં, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** — હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** — અશ્વિન તલકશી શાહ,C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** — જિતુભાઈ છગનલાલ શાહ, "વિરાગ", ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮. ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** — નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. ફોન : (ઓ) ૦૨૬૫-૨૪૩૯૭૮૪, (ઘર) ૦૨૬૫-૨૪૮૬૩૩૬, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** — જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. ફોન : ૦૨૬૧-૨૭૬૬૧૭૭, મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** — શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૩૬
- **ઘાટકોપર, મુંબઈ** — રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૧૩૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** — રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧. ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧, મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** — ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, પટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯. ફોન : ૦૪૪-૪૨૬૨૪૫૬૦, મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

છેલ્લા ૩૫ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
પોપટલાલ નેણશી ધરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**લેખ** — **લેખક** **પાના નં.**

- તંત્રી લેખ : વિક્રમ સંવત ૨૦૬૭ના આગમન સમયે એકહથ્થુ સત્તા ભોગવતા ગુજરાતના બેતાજ બાદશાહ ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના શપથ લઈ શકશે? ........ અશોક મહેતા ........ ૯

*લેખ વિભાગ :*

### ઇતિહાસ

- દંતકથા, ઈતિહાસ અને પુરાતત્ત્વ ........ દિનકર મહેતા ........ ૧૩
- હાજી કાસમ તારી વીજળી.... ........ ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' ........ ૧૫
- અતીતના આવરણ ખોલતું પ્રકાશન "વીજળી – હાજી કાસમની" ........ નરેશ અંતાણી ........ ૧૭
- વાંચનમાંથી વીણેલું – કચ્છની અસ્મિતા ........ બાબુલાલ ગોર ........ ૨૦

### વિચાર વિમર્શ — વિચાર મંથન

- કાશ્મીરી પંડિતોના જખ્મ પણ રૂઝવવાની જરૂર છે ........ પ્રા. પૃથ્વી શાહ ........ ૨૧
- ગ્લોબલાઈઝેશન અને હિંદ સ્વરાજ્ય ........ દામજી માણેક ગડા ........ ૨૨
- આપણે કેળવવા જેવા... ઈઝરાયેલીઓના ખંત અને ખમીરને સલામ ........ શાંતિલાલ વ. શાહ ........ ૨૫
- કચ્છ અને અસમ : એક સંબંધ યાત્રા ........ વિષ્ણુ પંડ્યા ........ ૨૯
- જાગ્યા ત્યાંથી સવાર (શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનના પરિપ્રેક્ષ્યમાં એક ચિંતન) ........ પન્નાલાલ ખીમજી છેડા ........ ૩૩
- વાચન : નરી આંખે અને ખરી આંખે ........ હરેશ ધોળકિયા ........ ૩૯
- આજના માણસની મૈત્રી કોની સાથે? સત્ય કે અસત્ય સાથે? ........ ડૉ. ચંદ્રકાંત મહેતા ........ ૪૫
- વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચેતનાની સમજ ........ મુરજી ગડા ........ ૪૭
- બાળકને સ્વાભાવિક રીતે વિકસવા દો ........ અવંતિકા ગુણવંત ........ ૪૯
- શાકાહાર એ માનવીએ સ્વબળે હાંસલ કરેલી સંસ્કારિતાની સાબિતી છે ........ કેશુભાઈ દેસાઈ ........ ૫૧
- સદ્ભાવના - આપણી સંસ્કૃતિ ........ ડૉ. ગુલાબ દેઢિયા ........ ૫૩
- અમૃતનો ઓડકાર ........ ડૉ. આઈ.કે. વીજળીવાલા ........ ૫૫
- જીવનને અજવાળવા મનને નિર્મળ કરીએ ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ........ ૫૮
- અહમ્ ........ કીર્તિચંદ્ર શાહ ........ ૫૯

### કચ્છ

- નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ સિંચાઈના પાણીના આયોજનો અને અમલીકરણ ........ અશોક મહેતા ........ ૬૧
- નર્મદાના પાણીથી કચ્છના કયા ગામમાં કેટલી જમીનને લાભ? ........ અશોક મહેતા ........ ૬૫
- કચ્છમાં ખારેકની ખેતી ........ નવીનચંદ્ર નારાણજી સોદાગર ........ ૬૭
- આવતી પેઢી માટેની મજબૂત ઔદ્યોગિક સંસ્કૃતિનું નદી પરિવાહ (રિવર બેઝિન) પર નિર્માણ રુકમાવતી રિવર બેઝિન કેસ સ્ટડી ........ કાંતિસેન શ્રોફ ........ ૭૩
- ઔદ્યોગિકીકરણના ખપ્પરમાં પરંપરાગત વ્યવસાયનો બલિ ........ અશ્વિન ઝિંઝુવાડિયા ........ ૭૭
- કાછેજો શણગાર : ભુજિયો ........ પુષ્પદાન શંભુદાન ગઢવી ........ ૭૯
- કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત : કચ્છમાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ ........ ડૉ. નીતા ઠાકર ........ ૮૧
- ઝારાનો ભીષણ સંગ્રામ : મહારાણીનો પ્રકોપ (પ્રકરણ-૧૭) ........ ઠાકરશી પુરુષોત્તમ કંસારા ........ ૮૫
- કચ્છના રાઓશ્રી દેશળજી પહેલા (દેશરા-પરમેશરા)ના રાજકવિશ્રી હમીરજી રત્નુ અને ભુજિયો ડુંગર ........ પુષ્પદાન શંભુદાન ગઢવી ........ ૮૯
- ચાલો કચ્છ જોવા ........ મુકુંદ કે. મહેતા 'અલ્પ' ........ ૯૩

### માહિતી

- તીર્થંકરો અને જ્ઞાનવૃક્ષો ........ રક્ષા મ. વ્યાસ ........ ૯૫
- જૈન ધર્મના ૨૪ તીર્થંકરોના જ્ઞાન પ્રાપ્તિ વૃક્ષો ........ પ્રેષક : પ્રફુલ્લચંદ વોરા ........ ૯૬
- ભારતીય સંસ્કૃતિની ભવ્યતા – પ્રતીકો ........ ડૉ. ઊર્મિલા શાહ ........ ૯૭
- બાળ અધિકાર ઘોષણાની અર્ધ-શતાબ્દી ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ........ ૯૯
- મીણના મહારથીઓનું મેડમ તુસેડ મ્યુઝિયમ ........ ગોવિંદ ખોખાણી ........ ૧૦૧
- ધોળું મીઠું - કાળી મજૂરી : પીવા કાજે પરસેવાનાં પાણી ........ પ્રેષક : શાંતિલાલ સંઘવી ........ ૧૦૩
- જળક્રાંતિ ટ્રસ્ટની પ્રશસ્ય કામગીરી ........ કમલ જોશી ........ ૧૦૪
- સોનું ખરીદતા પહેલાં શું ધ્યાન રાખશો? ........ સી.એ. પુષ્પા અશોક શાહ ........ ૧૦૫
- ગુજરાતના સાર્વત્રિક વિકાસનું સુદ્રઢ આયોજન – ગુજરાત વિઝન-૨૦૨૦ ........ પ્રા.સૂર્યકાંત ભટ્ટ ........ ૧૦૬

### સમાજ દર્પણ

- પિતાનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ ........ કેતન કે. શાહ ........ ૧૦૭
- શ્રવણનું પુનઃ જન્મ શક્ય ખરું? ........ શરદચંદ્ર હરિલાલ શાહ 'સહસા' ........ ૧૦૯
- ફટાકડાનું ફિતૂર ........ ડૉ. ગિરિશ વીછીવોરા ........ ૧૧૧
- સહિયારી યાત્રા ........ નીલમ દોશી ........ ૧૧૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*


- મૌનનો મહિમા ........ પદ્મા ફડિયા ..... ૧૧૭
- શક્ય હોય તો કાન આપો, સહુને ખભા આપો ........ દિનેશ દેસાઈ ..... ૧૧૮
- ભારતીય સંસ્કૃતિમાં આવું કેમ? આપણે ભગવાનને અન્ન કેમ અર્પણ કરીએ છીએ? ........ આદિત્ય વાસુ ..... ૧૧૯
- આપણે ઘર વ્યવસાયમાં દીપક કેમ પ્રગટાવીએ છીએ? ........ મોક્ષા નવીન લાલકા ..... ૧૨૦

**સાહિત્ય આચમન**
- ગ્રામ્ય વિકાસની સાથે સમાજનુંય ઘડતર ........ નરેશ અંતાણી ..... ૧૨૩
- કાવ્ય દર્પણમાં ગાંધીજી ........ ધીરેન્દ્ર મહેતા ..... ૧૨૭

**યાત્રા પ્રવાસ**
- મારો પગપાળા પ્રવાસ ........ અરુણા જાડેજા ..... ૧૨૯

**ધર્મ**
- સમગ્ર જૈન સમાજનું મહાન તીર્થધામ શ્રી શત્રુંજય મહાતીર્થ - પાલિતાણા ........ ભવાનજી શિવજી નાંગલપુરવાળા ...... ૧૩૩
- પરમાત્મા અને ધર્મ ........ શાંતિલાલ સંઘવી ..... ૧૩૫

**વ્યક્તિ વિશેષ**
- કચ્છી સન્નારી – ભારતીબહેન વ્યાસ ........ નરેશ અંતાણી ..... ૧૩૭

**જીવન ચરિત્ર**
- સ્વદેશી ચળવળના ધૂરંધર શૂરજી વલ્લભદાસ ........ પ્રા. જિતેન્દ્ર અંતાણી ..... ૧૩૯
- વાંચીને છાતી ફૂલી જાય તેવો મોહનસિંઘ ઓબેરોયના સંઘર્ષ ........ કાંતિ ભટ્ટ ..... ૧૪૨

**તંદુરસ્તી**
- શાળાએ જવાનો ડર ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ..... ૧૪૪
- એલર્જીને ઓળખીએ ........ ડૉ. હર્ષદ વી. કામદાર ..... ૧૪૮

**રમત ગમત**
- હારીને પણ જીતી ગયેલા રમતજગતના સિકંદરો ........ બેલા ઠાકર ..... ૧૪૯

**વાર્તા**
- મેઘજી પટેલ ........ પ્રા. પૃથ્વી શાહ ..... ૧૫૦
- બહાદુર ........ મોહમ્મદ માંકડ ..... ૧૫૪

**બોધ કથા**
- હવે નવા વરસમાં 'ના' નથી કહેવીને! ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૧૫૭

**હળવાશની ક્ષણોમાં**
- બાલુડેં જ્યું ગાલિયું ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૧૫૯
- મારા મતે 'માર ખાવા જેવું' જિંદગીમાં કોઈ ઉમદા કાર્ય નથી ........ ચંદ્રહાસ ત્રિવેદી ..... ૧૬૦
- પત્ની આસન ........ પૂનમ શાહ - નાગપુર ..... ૧૬૧
- હળવાશની ક્ષણોમાં! ગુજ્જુબહેને ગોવા ગજવ્યું! ........ ચિત્રસેન શાહ ..... ૧૬૨

**મહિલા વિશ્વ**
- રેસીપી – જૈન વાનગી માટે ........ સુરભિ નીરવ વસા ..... ૧૬૫

**નિયમિત વિભાગો**
- આંજો કાગર ........ ૧૬૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૧૭૦
- 'મંગલ મંદિર' – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ..... ૧૭૩
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૧૭૪
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર ........ ૧૭૫
- જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ..... ૧૭૬
- શબ્દ રમત – ૫૪ ........ સંકલન : સૂરજલાલ મહેતા ..... ૧૭૭
- સુડોકુ – ૧૦૧૧ ........ હરખચંદ સાવલા ..... ૧૭૯
- વલોવતન ........ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ..... ૧૮૨
- સમાજ દર્પણ ........ ૧૮૭
- સંસ્થા સમાચાર ........ ૧૮૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૨૦૫



Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Print Vision,** Nr. Parimal Garden, Ambawadi, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## વિક્રમ સંવત ૨૦૬૭ના આગમન સમયે એકહથ્થુ સત્તા ભોગવતા ગુજરાતના બેતાજ બાદશાહ ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના શપથ લઈ શકશે?

***– અશોક મહેતા***

*'મંગલ મંદિર'ના કચ્છી વાચક વર્ગને 'નયે વરેંજી વધાઈયું.'*
*ગુજરાતમાં વસવાટ કરતા વાચક વર્ગને 'નૂતન વર્ષાભિનંદન.'*
*ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, દિલ્હી વગેરે સ્થળે રહેતા વાચક વર્ગને 'સાલ મુબારક.'*
*મહારાષ્ટ્રમાં રહેતા વાચક વર્ગને 'મંગલદાયી નવે સંવત્સરમ્'.*
*બંગાળમાં રહેતા વાચક વર્ગને 'સુખ નૂતન વત્સરમ્'.*
*કર્ણાટકમાં રહેતા વાચક વર્ગને 'શુભ હોવા વરૂપ પાગલી.'*
*આંધ્ર પ્રદેશમાં રહેતા વાચક વર્ગને 'લાગા પાડા ધ દિનમ્.'*
*તામિલનાડુમાં વસવાટ કરતા વાચક વર્ગને 'પૂર્તા આંડ વાળતકલ.'*
*જે લોકો માત્ર અંગ્રેજી જ મુખ્યત્વે જાણે છે તથા અમેરિકા, બ્રિટન વગેરે સ્થળે વસવાટ કરતા વાચક વર્ગને 'હેપ્પી ન્યૂ યર.'*
*પારસી વાચક વર્ગને 'સાલ મુબારક.'*
*સીંધી વાચક વર્ગને 'ન્યુ સાલજ મુબારક'.*
*જર્મનીમાં રહેતા વાચક વર્ગને 'ગ્લુક લીચ ન્યુ જહર'.*
*ઈટાલીમાં રહેતા વાચક વર્ગને 'ફેલીસ ન્યુ વ્હાલીઓને.'*

***આપ સહુને 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ'ની તથા 'મંગલ મંદિર'ની નવા વર્ષની શુભેચ્છા. વિક્રમ સંવત ૨૦૬૭નું વર્ષ આપ સહુને શુભદાયી નીવડે – સુખરૂપ નીવડે તેવી અભ્યર્થના.***

નવા વર્ષની શુભેચ્છા સાથે આપણે સહુએ નવા વર્ષે કંઈક શુભ નિર્ણય કરવા જોઈએ – કંઈક દ્રઢ સંકલ્પ કરવા જોઈએ.

હાલે ભારતભરના વાતાવરણમાં લાંચ રુશવતની બદી અને ભ્રષ્ટાચાર ખૂબ જ વધી ગયેલ છે. ભારતને આઝાદી મળ્યા પછી આ પ્રકારની બદીઓનો વ્યાપ વધતો જ રહેલ છે. નૈતિકતાનું અધઃપતન થતું રહેલ છે. અનૈતિક વ્યવહારો ફૂલીફાલી રહ્યા છે. ખુરશી પર બેસનારે લાજશરમ છોડી દીધેલ છે. પોતાના જરૂરી કામો પાર પડાવવા જનતાએ નાછૂટકે આ બદીઓને તાબે થવું પડે છે. જનતા પાસે કોઈ વિકલ્પ જ રહેતો નથી.

પરંતુ પ્રશ્ન એ થાય છે કે આવું બન્યું શાથી? આઝાદી સમયના જાહેર વ્યવહારો અને આજના આ વ્યવહારોમાં આટલો તફાવત આવ્યો શાથી? કદાચ નીચે મુજબના કારણો હોઈ શકે.

૧. ભારતમાં કોંગ્રેસ, ભાજપ, સામ્યવાદ જેવા અનેક પક્ષો છે. આ પક્ષો પાસે આવકના તો કોઈ સાધનો હોય નહીં. અન્ય તરફ તેઓએ પક્ષ ચલાવવા અને પ્રજાની સમક્ષ સતતપણે રહેવા પોતાના કાર્યકરોને લડતા રાખવા લખલૂટ ખર્ચ તો કરવા જ પડે. આ ખર્ચને પહોંચી વળવા તેઓએ મોટા પાયા પર ડોનેશન્સ મેળવવા પડે. કરોડો રૂપિયાના ડોનેશન્સ આમ પ્રજા પાસેથી તો મેળવી શકાય નહીં. તેથી તેઓએ મૂડીપતિઓ અને ઉદ્યોગપતિઓ પાસેથી આશા રાખવી પડે. મૂડીપતિઓ તથા ઉદ્યોગપતિઓ તો વ્યાપારી માણસો છે. એક હાથે આપીને બીજા હાથે સવાગણું મેળવવાની વાત હોય કે જે સરવાળે અનેક પ્રકારના ભ્રષ્ટાચારને જન્મ આપે.

૨. અન્ય તરફ ભારત એ લોકશાહી દેશ હોવાથી દર ત્રણ વર્ષે કે પાંચ વર્ષે ચૂંટણી આવે છે. લોકસભા, વિધાનસભા,

મહાનગર પાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત વગેરેની ચૂંટણીમાં ઉમેદવારો લખલૂટ ખર્ચ કરી ચૂંટાઈ આવવા કોશિશ કરે છે. આ ઉમેદવારોમાંથી મોટા ભાગના ઉમેદવારો સેવાભાવથી નહીં પણ કાંઈક મેળવવા રાજકારણમાં આવેલ હોય છે. તે રાજકારણને એક જાતનો વ્યાપાર જ સમજે છે. જ્યારે તે આ ખર્ચ કરે છે ત્યારે તે એમ જ સમજે છે કે તેણે ધંધાકીય રીતે મૂડીરોકાણ કરેલ છે અને ચુંટાઈ આવ્યા બાદ કરેલ રોકાણનું વળતર મેળવવા ભ્રષ્ટ નીતિ-રીતિઓ અપનાવી તેણે કરેલ રોકાણ કરતા અનેકગણું કમાવવા કોશિશ કરે છે. મોટાભાગના રાજકારણીઓ આ વિભાગમાં આવતા હોય છે. તેનાથી સમગ્ર વાતાવરણમાં ભ્રષ્ટાચાર વ્યાપી જાય છે — ભ્રષ્ટાચારને ઉત્તેજન મળે છે.

આજના જમાનામાં આ રાજકારણીઓ જૂના રાજા - મહારાજાઓથી પણ અધિક સત્તાઓ ભોગવે છે. તેઓ જે ભ્રષ્ટ નીતિઓ અપનાવે છે તેનું નિરીક્ષણ કરીને તેમની હાથ નીચેના અધિકારીગણમાં અને ત્યારબાદ સરકારશ્રીના બધા વિભાગોમાં આ બદી ફેલાઈ ચૂકેલ છે. છેક તળિયાના પટ્ટાવાળાથી ટોચના અધિકારી સુધી બધા જ પોતાના ઘર ભરવામાં લાગી ગયા છે. તેનો પ્રસાર એટલી હદ સુધી થઈ ચૂકેલ છે કે ન્યાયતંત્ર કે ચોથી જાગીર ગણાતા મીડિયા ક્ષેત્ર પણ તેમાંથી બાકાત રહી શકેલ નથી.

આજથી ૪૦-૫૦ વર્ષ અગાઉની વાત કરીએ તો પક્ષ ચલાવવા અને ચૂંટણી લડવા એ સમયે પણ નાણા તો જોઈતા જ હતા પરંતુ એ સમયે નીતિમત્તા જેવું કંઈક હતું. પક્ષ દરેક રાજ્યમાં એક કે બે વ્યક્તિને જ આ પ્રકારના કાર્ય સોંપતું. એ સિવાય કોઈને પણ પક્ષ કે ચૂંટણી માટે નાણા એકત્રિત કરવાની સત્તા ન હતી. આજે તો એકેએક કાર્યકર - નીચેથી ઉપરની કક્ષાના બધા જ પ્રકારના કાર્યકરો ને આ કામમાં જોતરી દેવામાં આવેલ છે. તેઓ નાણા એકત્રિત કરવાના કામે લાગી ગયા છે, પછી તે કોમનવેલ્થ ગેઈમ્સ હોય કે રાજ્ય દ્વારા આયોજિત અન્ય મહાઉત્સવ હોય. એકત્રિત કરવામાં આવેલ નાણાનો કદાચ અમુક ભાગ જ પક્ષમાં જમા થતો હશે. બાકી નાણાનો ઉપયોગ સ્વઉદ્ધાર માટે કરવામાં આવતો હશે. કોણ કોની પાસેથી હિસાબ માંગે! અહીં તો 'આવ ભાઈ હરખા, આપણે બંને સરખા' જેવો તાલ જામી ગયેલ છે.

અગર કોઈ રાજકારણી આ પરિસ્થિતિ સુધારવા કોશિશ કરે તો બહુમતી સામા પક્ષે હોવાથી તેની પીપૂડી વાગી શકતી નથી. શંભુમેળાની સરકારનો એકાદ પક્ષ કદાચ સુધારા કરવા ઈચ્છે તો તેના સાથીદાર અન્ય પક્ષો તેમ કરવા દેતા નથી.

આ થઈ સમગ્ર ભારતની વાત. પરંતુ ગુજરાતમાં શું સ્થિતિ છે?

ગુજરાતમાં વિધાનસભા, મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત વગેરે દરેક ક્ષેત્રે હાલે એક જ પક્ષની બોલબાલા છે. તેઓની જબરદસ્ત બહુમતી છે. આ પક્ષમાં પણ રાજ્યના મુખ્યમંત્રી સર્વેસર્વા છે. તેઓને ડેમોક્રેટીક ડિક્ટેટર કહી શકાય. તેઓના પક્ષમાં તેઓ સિવાય કોઈનું કંઈ જ ઉપજતું નથી. આજની પરિસ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રી ધારે તે પરિણામ લાવી શકે છે. તેઓશ્રી ઈચ્છા ધરાવે તો ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર અને લાંચ રુશવતની બદીને જડમુળથી ઉખેડી શકે છે. આ કાર્યમાં તેઓને આગળ વધતા કોઈ પણ રોકી શકે તેમ નથી.

પરંતુ ગુજરાતમાં ભ્રષ્ટાચારની પરિસ્થિતિ શું છે?

ગુજરાતના શહેર કે ગ્રામ્ય રસ્તા પરથી પસાર થતા નાગરિકમાંથી એવો કયો નાગરિક હશે કે જેણે ટ્રાફિક પોલીસને ખુલ્લેઆમ લાંચ લેતા નિહાળ્યા નહીં હોય?

ગુજરાતનો દરેક નાગરિક એ વાત જાણતો હશે કે અમુક જ જગ્યાએ પોસ્ટીંગ કરવા માટે ઉપરી અધિકારીને લાખો રૂપિયા લાંચ આપવી પડે છે!

ગુજરાતના દરેક નાગરિકને અનુભવ હશે કે સરકારના કોઈ પણ ખાતામાં પોતાનું નાનું સરખું અને કાયદેસર કામ મંજૂર કરાવવા પેપર પર વજન મૂક્યા વગર એ કામ જલદીથી મંજૂર થઈ શકતું નથી.

ખુદ મુખ્યમંત્રીશ્રીના સચિવાલયમાં જઈએ તો ત્યાંના દરેક માળના દરેક વિભાગના ચપરાસી દિવાળી બોણીના નાતે મુલાકાતીઓને ત્રાસ આપતા હોય છે. આ પ્રથા તો હવે લગભગ બારે મહિના ચાલુ થઈ ગયેલ છે. પોતાનું કામ કરાવવા અધિકારીશ્રીઓને ખુશ રાખવા પડે તે તો અલગ વાત છે.

કચ્છમાં રણોત્સવના સમયે કે અન્ય ઉત્સવોના સમયે જિલ્લા કલેક્ટર કે સત્તાધારી પક્ષના કાર્યકર્તાઓ થનાર ખર્ચની સામે મૂડીપતિઓ - ઉદ્યોગપતિઓને ૫-૨૫-૫૦ લાખ જમા કરાવવા ઉઘરાણી કરતા હોય છે અને આ ફોન કોલ નાગરિકો માટે તો

*બાળકને તેની ઉંમર, ઋતુ અને પાચનશક્તિ અનુસાર પૌષ્ટિક આહાર જ આપો.*

ઓર્ડર સમાન જ હોય છે.

સરકારે આ રીતે મેળવેલ પૈસા અથવા તો સરકારને આ રીતે ચૂકવવા પડેલ નાણા અન્ય રીતે વસુલ કરવા વ્યાપારી વર્ગ કે ઉદ્યોગપતિઓ પણ ભ્રષ્ટ નીતિ આદરી તેનાથી સવાઈ વસુલાત કરી લે છે. આજે ગુજરાતમાં કે કચ્છમાં બૉરવેલ બનાવી ઉદ્યોગ માટે જોઈતા પાણી જમીનમાંથી ગેરકાયદેસર મેળવી લેવા તે આ નીતિનું જ પરિણામ છે. સરકારી તંત્ર તેથી તો આ ભ્રષ્ટ નીતિઓ સામે આંખ આડા કાન કરે છે!

વેલસ્પન પરના તાજેતરના દરોડામાં રૂા. ૬૦૦ કરોડના, વેરો ભર્યા વગરના વ્યવહારો પકડાયા હતા. વેલસ્પને તે સામે રૂા. ૨૦૦ કરોડ ભરવાની કબૂલાત પણ કરી લીધેલ, એ તાજેતરમાં જ અખબારોમાં પ્રસિદ્ધ થયેલ અહેવાલ જણાવે છે. શું અહીં સરકારી તંત્રે આજ દિન સુધી આંખ આડા કાન નહીં કરેલ હોય?

આવું તો ગુજરાતમાં જિલ્લે જિલ્લે અને દરરોજ બનતી આ પ્રકારની ઘટનાઓ છે. શું મુખ્યમંત્રીશ્રી આ બધી બાબતોથી અજાણ હશે? આ હકીકત શું તેમને દેખાતી નહીં હોય? અને જો દેખાતું હોય તો તેઓ ગુજરાતના બેતાજ બાદશાહ હોવા છતાં આ ભ્રષ્ટ બદીઓને દૂર કેમ કરતા નથી? તેમની મજબૂરી શું હોઈ શકે?

અગર આપણે ગુજરાતના સાચા નાગરિક હોઈએ – આપણે ગુજરાતનું અને સમગ્ર રાષ્ટ્રનું ભલું ઈચ્છતા હોઈએ તો આપણે વિક્રમ સંવત ૨૦૬૭ના નૂતન પ્રભાતે શપથ લઈએ અને કમ સે કમ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને એ વસ્તુનો અહેસાસ કરાવીએ કે તેઓ કમ સે કમ ગુજરાતને તો ભ્રષ્ટાચારમાંથી વિમુક્ત કરવા કોશિશ કરે.

આપણે મુખ્યમંત્રીશ્રીને પૂછીએ કે :

તેઓએ જાતે જાહેર કરેલ પોતાની મૂડી રૂા. ૪૪ લાખ કઈ રીતે એકત્રિત કરી?

પોતાના પક્ષના મોટાભાગના ધારાસભ્યો, પ્રદેશ પ્રમુખો, જિલ્લા પંચાયતના પ્રમુખો, તાલુકા પંચાયતના પ્રમુખો, અન્ય કાર્યકરો વગેરે રાજકારણમાં આવ્યા બાદ ખૂબ જ ટુંકા સમયમાં કરોડો રૂપિયા કઈ રીતે એકત્રિત કરી શક્યા?

ગુજરાતના મોટાભાગના આઈ.એ.એસ. અધિકારીશ્રીઓ, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા અન્ય કર્મચારીઓની આવક પોતાના પગાર કરતા આટલી બધી કઈ રીતે વધી ગઈ?

ગુજરાત સરકારની અમુક પોસ્ટ પર, એજ્યુકેશન વિભાગની અમુક પોસ્ટ પર, પોલીસ તંત્ર કે ટ્રાફિક પોલીસની અમુક પોસ્ટ પર જે-તે વિભાગના અમલદાતોને નિયુક્ત કરવા ઉપરી અધિકારીશ્રીને આટલી મોટી રકમની પાઘડી કઈ રીતે આપવી પડે છે?

ટ્રાફિક પોલીસ ખુલ્લેઆમ જાહેર રસ્તા પર જનતાને સતાવી લાંચ લે છે તે બંધ કરાવી શકશે?

જે તે પ્રદેશોમાં ઉજવાતા ઉત્સવોના સમયે મૂડીપતિઓ પાસેથી ઉઘરાવાતી રકમ બંધ કરાવી શકશે?

ચુંટાઈ આવેલ પ્રતિનિધિ, પ્રજાના હિતનું રક્ષણ ના કરતો હોય તો પ્રજા તેને પાછો બોલાવી શકે છે તેવો કાયદો કમ સે કમ ગુજરાત વિધાનસભામાં પાસ કરાવી શકશે?

પોતાના સચિવાલયમાં જ ખુલ્લેઆમ પટ્ટાવાળાઓથી ઉપરી અધિકારીશ્રી દ્વારા આચરાતો ભ્રષ્ટાચાર બંધ કરાવી શકશે?

કહેવાય છે કે મુંદ્રાના કોઈ શખ્સે અદાણી ઈન્ડસ્ટ્રીઝ પર આદરેલ પર્યાવરણ અંગેના સુપ્રીમ કોર્ટના કેસની સામે દિલ્હી ખાતેની અશોકા હોટલમાં અદાણી ગ્રૂપ, કોંગ્રેસી કાર્યકરો અને ભાજપના કાર્યકરો વગેરેની હાજરીમાં રૂા. ૧૦૦ કરોડ જેવી જંગી રકમની પતાવટ કરી કેસ પાછો ખેંચાઈ ગયો તે હકીકત સત્ય છે? જો સત્ય હોય તો પર્યાવરણને નુકસાન થાય તેવી પ્રવૃત્તિઓ અદાણી ગ્રૂપે આદરી? તે સમયે ગુજરાત સરકાર શું કરતી હતી?

આવી તો પાના ને પાના ભરાય તેટલી હકીકતો જાહેરમાં ચર્ચાય છે.

શું ગુજરાતના એકે એક નાગરિકે કમ સે કમ ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના નૂતન વર્ષે શપથ લેવા જરૂરી નથી લાગતું?

શું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તેમના સમસ્ત પ્રધાન મંડળ સહિત ખરા દિલપૂર્વક આ પ્રકારના શપથ લઈ શકશે?

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*દરેક બાળકને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. તેને માન આપો.*

ઇતિહાસ

# દંતકથા, ઇતિહાસ અને પુરાતત્ત્વ

• દિનકર મહેતા •

પરસ્પર સંબંધ ધરાવતા આ ત્રણ વિષયોને એકબીજા સાથે શું સંબંધ છે તે સમજવા માટેનો આ એક પ્રયાસ છે. સંબંધ સમજવા માટે તે દરેક વિષયને પ્રથમ સમજવો જરૂરી છે અને તેથી તેની વ્યાખ્યાનો અભ્યાસ કરીએ. સર્વ પ્રથમ દંતકથા એટલે શું? તે વિશે વિચારીએ.

દંતકથામાં બે બાબતોનો સમાવેશ થાય છે. (૧) પરંપરાગત ચાલી આવતી લોકકથા (Legend) અને (૨) પૌરાણિક કથાઓ (Myths). ઑક્સફર્ડ ડિક્ષનરી મુજબ લિજંડ એટલે, A traditional story from long ago which is not definitely true. આ 'વીચ ઇઝ નોટ ડેફિનેટલી ટ્રુ' શબ્દ મહત્ત્વનો છે. આ વાક્યને અન્ય રીતે જોઇએ તો, 'નિઃશંક રીતે સાચું નથી હોતું.' પણ ત્યાં સાચું હોવાની આશંકા તો છે જ. આપણા પ્રાચીન શાસ્ત્રોમાં કહ્યું છે તે મુજબ 'જ્યાં જ્યાં ધુમાડો છે ત્યાં ત્યાં અગ્નિની હાજરી છે.' અગ્નિ વિના ધુમાડો શક્ય નથી. અલબત્ત ધુમાડા વિના અગ્નિ હોવાની શક્યતા છે. મતલબ કે લોકકથાને 'બિનજરૂરી કચરો' કહી ફેંકી દેવાની જરૂરત નથી. સંભવ છે તેના મૂળમાં સત્ય છૂપાયું હોય. દંતકથાનું બીજું પાસું પૌરાણિક કથાઓ (Myths) છે. પૌરાણિક કથામાં ચમત્કારો વિશેષ હોય છે અને મોટેભાગે તેનો સંબંધ ધર્મ અને શ્રદ્ધા સાથે છે. સામાન્યતઃ પૌરાણિક કથા લોકકથાથી વધારે પ્રાચીન હોય છે તેથી તેનો વૈજ્ઞાનિક અભ્યાસ ખાસ શ્રમ માંગી લે છે. પૌરાણિક કથા અને લોકકથાનો સમન્વય એટલે 'દંતકથા' કહી શકાય.

હવે પ્રશ્ન એ છે કે દંતકથાને ઇતિહાસમાં સમાવી શકાય? દંતકથામાં ધર્મ, શ્રદ્ધા, ચમત્કાર, વ્યક્તિલક્ષી અસામાન્ય પ્રશંસા વગેરે બાબતો વણાયેલી હોય છે. આમાંથી નિર્ભેળ સત્ય અલગ ન તારવવામાં આવે અને અસત્ય તેમજ ભ્રામક બાબતો જયારે ઇતિહાસમાં પ્રવેશે ત્યારે ઇતિહાસ વિકૃત બને છે અને તેનું સત્ત્વ ગુમાવે છે. આવો ઇતિહાસ સમાજને ગુમરાહ કરે છે જેના પરિણામ પણ સમાજે જ ભોગવવા પડે છે. તેથી ઇતિહાસકારે વિવેક બુદ્ધિ વાપરી વૈજ્ઞાનિક રીતે દંતકથાને ચકાસી નીર-ક્ષીરનો ન્યાય કરી નિર્લેપ નિસ્પૃહી રહી ઇતિહાસનું સંકલન કરવું જરૂરી છે.

કચ્છની લોકકથામાં લાખો ફુલાણી ઐતિહાસિક પાત્ર છે. પ્રાચીન કપિલકોટ એટલે કે વર્તમાન કેરામાં રાજધાની રાખી તે શાસન કરતો. તે નીડર, શુરવીર અને મહાન યોદ્ધો હતો. એટલું જ નહીં તે ઉદાર દાતા પણ હતો.

લાખો ફુલાણી ઐતિહાસિ પાત્ર છે. તે મુલરાજ સોલંકી સાથેના યુદ્ધને કારણે સિદ્ધ થઇ ચૂક્યું છે. જો કે તેનું મૃત્યુ કોના હાથે થયું તે માટે ગુજરાત અને રાજસ્થાનના ઇતિહાસકારોમાં મતભેદ છે. તે જ રીતે તેનું મૃત્યુ ક્યાં થયું તે માટે ગુજરાતના પ્રાચીન ગ્રંથોમાં વિવાદ છે. 'પ્રબંધ ચિંતામણિ' પ્રમાણે લાખાનું મૃત્યુ કેરાકોટમાં જ મુલરાજના હાથે થયેલું જ્યારે 'ધ્વયાશ્રમ' મુજબ લાખાનું મૃત્યુ આટકોટ પાસે જાંબુમાલી નદીને કાંઠે મુલરાજ સાથેના દ્વંદ્વ યુદ્ધમાં થયું હતું. લાખાનું મૃત્યુ ગમે ત્યાં અને ગમે તે રીતે થયું હોય પણ એ વાત નિર્વિવાદ છે કે લાખો ફુલાણી મુલરાજ સોલંકીનો સમકાલીન હતો અને તેથી તે ઐતિહાસિક પુરુષ હતો.

રા'લાખાના જીવન વિશે 'કચ્છ દેશનો ઇતિહાસ' (૧૮૯૬) લખનાર આત્મારામ કેશવજી દ્વિવેદી લખે છે કે તે મોટો દાનવીર હતો. સવારના રોજ પૂજા કરી તે યાચકને સોનાનું દાન કરતો. તેની પાસે સુવર્ણનો એક પુરુષ હતો. લાખો તેમાંથી એક અંગ કાપી સવારે તેનું દાન કરતો. લાખાએ સુવર્ણ પુરુષનું જે અંગ કાપ્યું હોય તે બીજે દિવસે ફરી ઊગી નીકળતું. સૌરાષ્ટ્રમાં પણ આવી અનેક કથાઓ સમાજમાં પ્રચલિત છે. ઓસમના ડુંગરની બે ટોચને હિડિંબાનો હીંચકો બાંધવાની ટોચ કહેવામાં આવે છે. તો ઊના પાસે આવેલ ભીમચાસને ભીમે પાણીની તરસ લાગતા પાડેલો ચાસ છે તેવી લોકોક્તિ પ્રચલિત છે.

આવી કથાઓને ઇતિહાસમાં સ્થાન આપવું કે નહિ તે આજના ઇતિહાસકારે વિચારવાનું રહે છે.

દંતકથાનો બીજો ભાગ પૌરાણિક કથા (Myth)ની ઇતિહાસમાં શું ભૂમિકા છે તે તપાસીએ. Mythના ત્રણ અર્થ ઑક્સફર્ડ ઇંગ્લીશ ડિક્ષનરીમાં આપેલા છે.

1. A Traditional story that describes the early history of a people or explains a natural event.
2. A widely held but false belief.
3. An imaginary person or thing.

પરંતુ પૌરાણિક કથાની આપણી જે સમજ છે તેમાં ઇંગ્લીશ ડિક્ષનરીમાં આપેલ અર્થ સંપૂર્ણ રીતે બંધ બેસતો નથી. પૌરાણિક કથા એટલે પુરાણી કથા અથવા પ્રાચીન કથા. વિશ્વના તમામ દેશોમાં એક યા બીજા સ્વરૂપે પૌરાણિક કથા જોવામાં આવે છે. તે રીતે ભારત, ગુજરાત અને કચ્છમાં પણ વિવિધ પૌરાણિક કથાઓ કચ્છના સાહિત્યમાં આલેખાયેલી છે. પૌરાણિક કથા સામાન્યતઃ ધર્મ સાથે જોડાયેલ હોય છે. તેના મૂળમાં કદાચ સત્ય હોય તો પણ તેની આસપાસ કાલ્પનિક કથાનું એવું જાળું વણવામાં આવે છે કે તેના મૂળમાં સત્ય હોવાનો આભાસ પણ થવા પામતો નથી. પણ હવે વૈજ્ઞાનિક દૃષ્ટિના વિકાસ સાથે પૌરાણિક કથાઓને 'અર્થહીન પ્રલાપ' માનવા આજના તજજ્ઞો તૈયાર નથી. બાઇબલમાં આપેલી પૌરાણિક કથામાં રહેલા સત્યને શોધવા પશ્ચિમના વિદ્વાનો સતત પ્રયત્ન કરતા રહે છે. 'Noah's Ark'ની શોધના

*બાળક કુમળી કળી જેવું છે. એને જાતે જ ખીલવા દો.*

પુરુષાર્થની વાતો સર્વ વિદિત છે. કચ્છમાં પણ ધોળાવીરાની હરપ્પન સભ્યતાની નગર રચના વેદમાં વર્ણવેલ નગર રચના સાથે અદ્‌ભુત સામ્ય ધરાવે છે. ધોળાવીરા ટિંબાનું ઉત્ખનન કરનાર વિખ્યાત ક્ષેત્રિય પુરાત્તત્વવિદ્ ડૉ. બિસ્તે આ સિદ્ધ કરી આપ્યું છે. આથી એટલું સ્પષ્ટ થાય છે કે પૌરાણિક કથા અભ્યાસ અને સંશોધનથી કહેવાતો 'અર્થહીન પ્રલાપ' ઇતિહાસમાં પરિવર્તિત થઇ શકે છે. આમ પૌરાણિક કથા (Myth)ને અસ્પૃશ્ય ગણવાની જરૂર નથી. જરૂર છે તેના વૈજ્ઞાનિક અભ્યાસની. પૌરાણિક કથાનો બહુધા સંબંધ ધર્મ સાથે હોય છે. કે.કા.શાસ્ત્રીજીએ 'ધર્મ અને ઇતિહાસનો સંબંધ' લેખમાં આ અંગે વિશદ ચર્ચા કરી છે. (પથિક, ૧૯૬૯)

દંતકથાની મર્યાદા સ્પષ્ટ થાય તો ઇતિહાસ લેખન સરળ થઇ શકે છે. ઇતિહાસની રચના ઇતિહાસ લેખકની દૃષ્ટિને નજરમાં રાખીને નથી થતી. અને તેથી જ ઇતિહાસનું લેખન પૂર્વગૃહમુક્ત હોવું જોઇએ. પરંતુ બે કારણોસર હંમેશાં એમ નથી થતું. એક તો બનાવ ભૂતકાળ સંબંધી હોય છે તેથી સ્મૃતિ અથવા અન્ય સાધનો પર આધાર રાખવો પડતો હોય છે અને બીજું, તેમાં ભાવાનુભૂતિનું મિશ્રણ શક્ય છે.

ઇતિહાસ એટલે શું? ઇતિહાસ શબ્દ ખૂબ સંકીર્ણ છે. નિશાળોમાં શીખવવામાં આવે છે તેમ 'ઇતિ-હ-આસ' એટલે કે 'આમ હતું.' તે સમયે ઇતિહાસ માટે આટલી વ્યાખ્યા પૂરતી હતી. બીજો પ્રશ્ન એ છે કે ઇતિહાસનો અભ્યાસ જરૂરી છે? હવે એ સ્પષ્ટ થઇ ચૂક્યું છે કે **જે પ્રજા પોતાનો ઇતિહાસ નથી જાણતી તે પ્રજાનું અસ્તિત્વ પૂર્ણ થઇ જાય છે.** વિશેષમાં આ પ્રશ્નનો જવાબ આપણા પ્રાચીન ગ્રંથમાંથી પણ મળી રહે છે. છાંદોગ્ય ઉપનિષદમાં ઇતિહાસનું મહત્ત્વ સમજાવતા નારદજી કહે છે, 'ઋષિઓ ઇચ્છે છે કે, ઇતિહાસ એ રીતે લખાવો જોઇએ કે જેથી તટસ્થ ભાવથી મનુષ્ય જીવનના ચારે પુરુષાર્થ, ધર્મ અર્થ કામ અને મોક્ષનું યોગ્ય પાલન કરી શકે. (પ્રો. એસ.વી. જાની, સામિપ્ય, માર્ચ, ૦૩) હવે શિક્ષણના વ્યાપ સાથે ઇતિહાસની વ્યાખ્યા પણ બદલતી રહી છે. પ્રો.ડૉ. રશેસ જમીનદાર ઇતિહાસના અભ્યાસના વિવરણમાંથી ઉદ્‌ભૂત થતા લાક્ષણિક મુદ્દા આ પ્રકારે રજૂ કરે છે.

૧. ઇતિહાસના આલેખનમાં જ્ઞાપકો અનિવાર્ય આવશ્યક છે.
૨. સાધનોથી સંપ્રાપ્ત હકીકતોના અર્થઘટન કરવા ઇતિવિદ્યાનાં મહત્ત્વના લક્ષણ છે.
૩. ઇતિહાસની પ્રક્રિયા સતત પરિવર્તનશીલ છે. એને પુનરાવર્તન સાથે સંબંધ નથી.
૪. સમયાંતરે ઇતિગ્રંથ નવેસરથી લખાવો જોઇએ.
૫. ઇતિહાસ એક પ્રકારનું અન્વેષણ હોઇ તે ખસુસ વિજ્ઞાન છે.
૬. ઇતિહાસ એક આખા સમાજનું વૃત છે.
૭ ઇતિહાસ-નિરુપણ વ્યક્તિલક્ષી હોય છે, વસ્તુલક્ષી નહીં.
૮. ઇતિહાસ એ જ્ઞાનની એક શાખા છે.
૯. ઇતિહાસ માનવીના સ્વજ્ઞાન વાસ્તે છે.
૧૦. આપ્તવાક્યનું ઇતિહાસમાં એક સાધન તરીકે આગવું સ્થાન છે. (સામિપ્ય, એપ્રિલ-સપ્ટેમ્બર,૨૦૦૮).

આજથી લગભગ એક દાયકા પૂર્વે એમ સમજવામાં આવતું હતું કે ઇતિહાસ એટલે રાજા રજવાડાઓની પ્રવૃત્તિઓનું વિવરણ. રાજાઓના યુદ્ધો, તેમના પરાક્રમો, તેમની યશોગાથા વગેરે. પરંતુ હવે ઇતિહાસની વ્યાખ્યા બદલાઇ છે. ઇતિહાસના અનેક વિષયો છે. અમુક સમાજનો ઇતિહાસ, ધર્મનો ઇતિહાસ, વહાણવટાનો ઇતિહાસ વગેરે. સાંપ્રત સમયમાં ઇતિહાસકાર ખૂબ જ સતર્ક છે. તે 'નામુલં લિખ્યતે કિંચિત' તથા 'No evidence, no history'ને અનુસરે છે. ઇતિહાસલેખન માટે પસંદ કરવામાં આવતી સાધન સામગ્રી પણ આધારભૂત હોવાની સાવધાની રાખે છે. પસંદ કરેલી સાધનસામગ્રી પણ ચકાસણીને અધીન હોય છે, ત્યારે એ સાવધાની રાખવી અનિવાર્ય છે. ચકાસણી માટેનું સાધન કે માધ્યમ વૈજ્ઞાનિક ધોરણે કામ કરતું હોવું જરૂરી છે. તેના દ્વારા મળતી માહિતીનો પુરાવો તેનો પાયો હોવો જોઇએ તો જ તે સર્વમાન્ય બની શકે. આ પરિસ્થિતિમાં પુરાતત્ત્વ મદદરૂપ થઇ શકે.

'પુરાતત્ત્વ' અંગ્રેજી શબ્દ Archaeologyનું ગુજરાતી ભાષાંતર છે. આરક્યોલોજી શબ્દ ગ્રીક ભાષામાંથી ઉતરી આવ્યો છે. 'આરક્યોસ' એટલે પ્રાચીન અને 'લોગોસ' એટલે જ્ઞાન. પ્રાચીન વિષયનું જ્ઞાન એટલે આરક્યોલોજી અથવા પુરાતત્ત્વ. આ વિષયની શરૂઆત ભારતમાં અંગ્રેજોના સમયમાં ઓગણીસમી સદીના પ્રથમ ચરણમાં થઇ. ભારતમાં આ વિષય પ્રાચીન સમયથી અસ્તિત્વમાં હતો પણ તેનું નામાભિધાન 'પુરાતત્ત્વ' નહોતું. પુરાતત્ત્વ એટલે પુરાવસ્તુવિદ્યા.

પુરાતત્ત્વની વ્યાખ્યા શું? પુરાતત્ત્વ સમગ્ર જગતને સ્પર્શતો વિષય હોઇ દેશ વિદેશના વિદ્વાનોએ અલગ અલગ વ્યાખ્યા આપી છે. પણ તમામ વિચારોનો સમન્વયપણે વિચાર કરીએ તો સરળ ભાષામાં કહી શકાય કે, 'ભૂતકાળમાં માનવે કરેલી પ્રવૃત્તિઓનો વૈજ્ઞાનિક ધોરણે અભ્યાસ કરતો વિષય એટલે પુરાતત્ત્વ.' પુરાતત્ત્વનો અભ્યાસ, પરીક્ષણ અને અર્થઘટન તેની મુખ્ય બાબતો છે. પુરાતત્ત્વવિદ એટલે બીજા શબ્દોમાં કહીએ તો 'ડિટેક્ટીવ'.

પ્રાધ્યાપક અને પૂર્વકુલનાયક, ગુજરાત વિદ્યાપીઠ, રામલાલ પરીખ ઇતિહાસનો પુરાતત્ત્વ સાથેનો સંબંધ સમજાવતા કહે છે, 'પુરાવસ્તુવિદ્યાના ટેકા વિના સત્યપૂર્ણ ઇતિહાસ શોધવાનું અને આલેખવાનું મુશ્કેલ છે.' (આમુખ, પુરાવસ્તુવિદ્યાની વિભાવના, ૧૯૮૪). ઇતિહાસના આલેખન માટે પુરાતત્ત્વને શા માટે આટલું મહત્ત્વ આપવામાં આવે છે તે પણ જાણવું જરૂરી છે. સૌ પ્રથમ તો ૧. પુરાતત્ત્વ વૈજ્ઞાનિક પદ્ધતિને અનુસરે છે. ૨. તે ફક્ત યોગ્ય રીતે મેળવેલા પુરાવા પર જ આધાર રાખે છે અને ૩. તે નિષ્પક્ષ અને પૂર્વગૃહવિહીન હોય છે.

ઉપરોક્ત કારણોસર 'શુદ્ધ' ઇતિહાસ માટે પુરાતત્ત્વનો આધાર અનિવાર્ય છે. તાજેતરમાં અયોધ્યા માટે ઉચ્ચ ન્યાયાલયના મા. ન્યાયાધીશોએ પણ તેમના નિર્ણય માટે પુરાતત્ત્વના અહેવાલ પર જ આધાર રાખી નિર્ણય આપેલો છે જે પુરાતત્ત્વનું મહત્વ સિદ્ધ કરે છે.

અંતમાં, દંતકથા, ઇતિહાસ અને પુરાતત્ત્વ અન્યોન્ય સાથે સંલગ્ન વિષયો છે ફક્ત તે તમામ વિષયોનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય એજ મહત્વનું છે.

*૧૯/૨૩-ડી, શ્રીહરિ પાર્ક, પારસ બંગલો, ઓધવ શ્રુતિ પાસે, મુન્દ્રા રિલોકેશન સાઇટ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*બાળકની સ્વતંત્રતા છીનવી ન લો. એમ કરવાથી એ મોટું થઈને સ્વચ્છંદી બની જશે.*

# હાજી કાસમ તારી વીજળી....

• ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' •

'હાજી કાસમ તારી વીજળી, મધદરિયે વેરણ થઈ...' એ લોકગીત આપણાં ઘણાં શ્રોતાઓએ સાંભળ્યું હશે. આ લખનારે પણ તે નાનપણમાં અનેકવાર સાંભળ્યું છે અને તે સમયથી આ વિસ્મયકારી વીજળી સ્ટીમર અંગે જે જે જાણવા અને સાંભળવા મળ્યું, તેથી હૈયું પુલકિત થઈ ઊઠ્યું છે અને તેના થકી શરીરમાં થયેલ રોમાંચના તાર આજે પણ ઝણઝણે છે. ખરે જ, આ વીજળી નામ રોમાંચકારી હોય એમ લાગ્યા વગર રહી શકાતું નથી.

કચ્છની ત્રણ બાજુએ દરિયો હિલોળા લે છે. એટલે તો આજે કહીએ છીએ કે કચ્છ એટલે દરિયો, ડુંગર ને રણ. આજે જ્યાં રણ છે ત્યાં અગાઉ દરિયો હતો એ કહેવાની હવે જરૂરત નથી લાગતી. ધીંગી ધરાના ધીંગા કચ્છી માડુઓએ પેઢીઓથી દરિયો ખેડ્યો છે અને નામના કાઢી છે. **પોર્ટુગીઝનો જાંબાઝ સમુદ્રી સફર ખેડનાર વાસ્કો-ડી-ગામાને ભારતનો દરિયાઈ માર્ગ બતાવનાર હતો કચ્છ માંડવીનો રામસિંહ માલમ.** ભારતની શોધ કરવા કોલંબસ પણ માર્ગ ભૂલી જતાં તે અમેરિકાના વેસ્ટ ઇન્ડિઝ પહોંચી ગયો હતો, તેમ આ વાસ્કો-ડી-ગામા પણ માર્ગ ભૂલી ગયો હતો અને આફ્રિકાના 'કેપ ઑફ ગુડ હોપ' બંદરે પહોંચી ગયો હતો. ત્યાં આપણા રામસિંહ માલમનો (કેટલીક જગ્યાએ રામસિંગ પણ લખાયું છે) ભેટો તેને થયો. ભારતની દરિયાઈ વાટ રામસિંહે તેને બતાવી. પરિણામે સને ૧૪૯૮ના મે માસના છેલ્લા અઠવાડિયે તે કાલીકટ બંદરે ઉતર્યો હતો તે ઈતિહાસ છે. આ રીતે વાસ્કો-ડી-ગામા ભારતમાં ઉતરનારો (કે પગપેસારો કરનારો!) પહેલો યુરોપિયન ગણાયો છે. આમ, સદીઓથી કચ્છીઓ દરિયો ખેડતા આવ્યા છે. **બૌદ્ધ સાહિત્યમાં સર્પાકાર બંદરનો ખાસ ઉલ્લેખ છે. આ બંદર એટલે વસઈ નજીકનો બંદર.** સમુદ્ર ખેડનારા કચ્છીઓ અરબસ્તાનથી ખજૂર તેમજ અરબી ઘોડા, આફ્રિકાથી હાથીદાંત અને સોનું, ઈરાનથી મોતી અને સૂકો મેવો અને યુરોપના અનેક દેશોમાંથી કાચ અને કાચની વસ્તુઓ - ચીજો લઈ આવતા હતા તેમજ મલબારી મરીમસાલા અને સુખડ તેમજ મોરપીંછ, ઝીણું કાપડ વગેરે તે દેશોમાં લઈ જતા હતા. એટલે જ કદાચ કહેવાયું હશે કે **'જે જાય જાવે તે પાછો ન આવે, ને આવે તો પરિયાના પરિયા ખાવે....'** આ રીતે દરિયા સાથે કચ્છીઓને ગાઢ સંબંધ હોતાં 'વીજળી'નું વેરણ થવું કચ્છીઓને યાદ હોય એ સ્વાભાવિક છે.

## • વીજળીની જન્મ કુંડળી :

સને ૧૮૮૫માં ગ્લેસગોની ગ્રેજમાઉથ ડૉકયાર્ડ કંપનીએ તેને બનાવવાની શરૂઆત કરેલી. તેમાં 'ડન્સમુઈર એન્ડ જેક્સન કું.' એ બનાવેલ એન્જિન ફીટ કરવામાં આવેલ. તેની માલિકી મુંબઈની શેપહર્ડ કંપનીની હતી. કેટલીક જગ્યાએ તેની માલિકી બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપનીની હોવાનું પણ લખવામાં આવેલ છે, જે ખરું નથી. સને ૧૮૮૮માં તેનું બાંધકામ પૂરું થતાં તા. ૮-૧૧-૧૮૮૮ને ગુરુવાર એટલે કે સંવત ૧૯૪૫ના કારતક સુદ-૫ ના રોજ તેની પહેલી સફર કરાવવાનો નિર્ણય લેવાયો હતો અને તે મુજબ આ દિવસે તેની પહેલી સફર હતી. તેનું ખરું નામ તો 'એસ.એસ. વૈતરણા' હતું. પરંતુ હાજી કાસમ તેના પોરબંદર ખાતેના એજન્ટ હતા અને વીજળીની જળસમાધિ પછી અને તે સ્ટીમરમાં 'વીજળી'થી રોશની થતી હતી. એટલે તેનું નામ 'વીજળી' લોકોએ પાડ્યું અને તે આગળ જતાં રુઢ થઈ ગયું છે.

આ પેસેન્જર સ્ટીમ ૧૭૦.૧ ફૂટ લંબાઈની હતી અને તેની પહોળાઈ હતી ૨૬.૫ ફૂટ અને ઊંડાઈ ૯.૯ ફૂટની (ઊંચી) હતી. આખેઆખી આ સ્ટીમરની સ્ટીલ બોડી હતી. આ સ્ટીમરનું વજન હતું ૬૩ ટન અને તેનાં એન્જિનની તાકાત હતી ૭૩ હોર્સ પાવર. જ્યારે કેટલીક જગ્યાએ માલ વહન કરવાની તેની કેપેસિટી ૨૫૮ ટન અને પ્રોપલર પંખાવાળી આ સ્ટીમરની ઝડપ હતી એક કલાકના ૧૩ દરિયાઈ નોટિકલ માઈલની દર્શાવવામાં આવેલ છે. સને ૧૮૮૫માં તેને બનાવવાની શરૂઆત થઈ હતી અને સને ૧૮૮૮માં એટલે કે ત્રણ વર્ષે તેનું બાંધકામ પૂરું કરવામાં આવેલ હતું.

## • પહેલી સફરે જળસમાધિ :

પણ વિધિની વક્રતા તો જુઓ. ૮મી નવેમ્બર, ૧૮૮૮ને ગુરુવારના માંડવી બંદરેથી સવારના ૭ કલાકે ૯૦૦ મુસાફરો લઈ તે મુંબઈ તરફ જવા પહેલી સફરે ઉપડી હતી. તેનો મુંબઈ પહોંચવાનો સમય હતો તા. ૯-૧૧-૧૮૮૮ શુક્રવારે બપોરે ૩ વાગ્યાનો. આ તે સમયની અતિ આધુનિક સ્ટીમર હોતાં તેનું મુંબઈમાં સ્વાગત કરવા તે સમયના ગવર્નર આવવાના હતા.

માંડવીથી ચડનારા ૯૦૦ પ્રવાસીઓમાં, અનેક જગ્યાએ ઉલ્લેખ થયો છે તે મુજબ, ૧૪ જાનો (લગ્નની), ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ કે જે મુંબઈ મેટ્રિકની પરીક્ષા આપવા જતા હતા તે સહિત કુલ ૧૪૦૦ પ્રવાસીઓ હતા. પણ હાલે વિચાર કરતાં, થોડી સરતચૂક કે અતિશયોક્તિ હોય એમ જણાય છે. કેમકે તે સમયે મુંબઈ મેટ્રિકની પરીક્ષા આપવા જનાર એકલદોકલ વિદ્યાર્થીઓ હતા. એટલે ૪૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જતા હતા એ ન માની શકાય તેવી હકીકત છે. એજ રીતે, વીજળી ઉપડવાનો અને

*બાળક સાથે માનથી વર્તો.*

ડૂબવાનો દિવસ એટલે (તા. ૮-૧૧-૧૮૮૮) કારતક સુદ-૫ એટલે કે લાભપાંચમ છે. હિંદુ શાસ્ત્રોમાં લાભ પાંચમના દિવસે કે આગળપાછળ લગ્નો લેવાતા નથી. કારતક સુદ-૧૧ એટલે કે તુલસી વિવાહ – દેવદિવાળી પછી જ લગ્નો લેવાય છે. આમ, દેવ દિવાળી એટલે દેવઉઠી એકાદશી પછી લગ્નો લેવાય છે. **એટલે કે આ સ્ટીમરમાં પહેલી સફરમાં ૧૪ જાનો અને ૪૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જતા હોય એ સંભવિત નથી.**

પણ મુસાફરો તો ઓવરલોડ હતા જ. ક્યાંક ૯૦૦ પ્રવાસીઓનો ઉલ્લેખ છે તો ક્યાંક ૫૧૮ પ્રવાસીઓ હોવાના ઉલ્લેખ પણ વાંચવા મળે છે. જે હોય તે, પણ આ સ્ટીમર ડૂબી ત્યારે તેમાં ૧૩૯૦ જેટલા પ્રવાસીઓ હોવાનાં ઉલ્લેખ ઠેકઠેકાણે વાંચવા મળે છે. આ સ્ટીમર કે આગબોટમાં કેટલા પ્રવાસીઓ વહન કરી શકાય તે માટે પોર્ટ ટ્રસ્ટ તરફથી નિયમો બનાવવામાં આવેલ હતા અને તે મુજબ તેને જે લાઈસન્સ અપાયું હતું તેમાં ૧૦૪૭ પ્રવાસીઓ વહન કરી શકાય તેમ હતું પણ દરિયામાં તોફાની વાતાવરણ હોય કે અન્ય વાવડ હોય તો ૩૬૭ મુસાફરો તેમાં લઈ જઈ શકાય તેમ પણ જણાવવામાં આવેલ હતું.

આ આગબોટ કે સ્ટીમર માંડવી બંદરેથી તે દિવસે સવારના ૭ વાગે ઉપડી હતી. અલબત્ત કેટલીક જગ્યાએ તે સવારના ૮ વાગે ઉપડવાનાં ઉલ્લેખ પણ વાંચવા મળે છે. ટૂંકમાં, માંડવીથી તે સવારના ૭ કલાકે કે ૮ કલાકે ઉપડી હતી તેમ માની શકાય.

માંડવીથી દ્વારકા પહેલું સ્ટેશન આવે. એજ રીતે દ્વારકામાંથી કેટલાક પ્રવાસીઓ લીધા હતા. પણ એક પ્રવાસી, નામે ભગવાનજી અજરામર પુરોહિતને દ્વારકામાં મૂંઝારો થતાં અને તબિયત બગડતાં તે ત્યાં ઉતરી ગયા હતા. એટલે તરત જ સ્ટીમર દ્વારકાથી ઉપાડવામાં આવી હતી.

● **પોરબંદરમાં રકઝક :**

આ સ્ટીમર પોરબંદર નજીક પહોંચી ત્યારે દરિયો તોફાની બની રહ્યાનાં એંધાણ મળતાં અને અરબી સમુદ્રમાં તોફાની પવન ફૂંકાતા, પોરબંદરના મહારાજાએ નિમેલ એડમિનિસ્ટ્રેટર ઑફિસર મિ. લેલી (કે લીલી)ને અનુભવીઓએ આપેલ માર્ગદર્શન મુજબ તેણે સ્ટીમરના કપ્તાનને પોરબંદરથી આગળ ન જવા સૂચના આપી હતી. **પરંતુ પહેલી સફર હોઈ અને મુંબઈ બીજા દિવસે બપોરના ૩ વાગે પહોંચે ત્યારે ગવર્નર ખુદ તેનું સ્વાગત કરવા આવવાના હોવાથી તેની લાહ્યમાં કેપ્ટને મિ. લેલીની સૂચનાની અવગણના કરી. એટલું જ નહિ પણ પોરબંદરથી એક પણ પ્રવાસીને લીધા વગર તે વ્હીસલ વગાડતી આગળ નીકળી ગઈ. અલબત્ત, પોરબંદરથી ૧૦૦ પ્રવાસીઓ ચડનારા હતા. પણ તેઓ આ કારણથી સ્ટીમરમાં બેસી શક્યા ન હતા. પણ કાળની ગતિ ન્યારીની રીતે, મિ. લેલીની સૂચના ગણકાર્યા વગર સ્ટીમર હોલ્ટ કર્યા વગર આગળ નીકળી જતાં આ રહી ગયેલ પ્રવાસીઓ બચી ગયેલ હતા.**

આ અંગે વિશેષ એ નોંધવું રહ્યું કે કેટલીક જગ્યાએ પોરબંદરમાં સ્ટીમર થોભાવવા અને આગળ નહિં જવા માટે મિ. લેલી અને કેપ્ટન વચ્ચે રકઝક થઈ હતી. પરંતુ આવી રકઝક રૂબરૂમાં થયેલ હોય એમ જણાતું નથી. કેમકે, દરિયામાં પોણો માઈલ દૂર ઊભી રહેલા પોરબંદરમાં સ્ટીમર થોભ્યા વગર, કોઈ પેસેંજરને ત્યાંથી લીધા વગર પરબારે વ્હીસલ મારી પસાર થઈ ગઈ હતી. એટલે ત્યાર પછી કેટલીક વાતો જોડી દેવામાં આવી હોય એવું પણ બની શકે.

● **જળસમાધિ :**

પોરબંદરથી સ્ટીમર થોડીક જ આગળ વધી ત્યાં તો ૧૦૦ માઈલની ઝડપવાળો સમુદ્રી તોફાન આવવા લાગ્યો. **જોતજોતામાં આ સ્ટીમરે દરિયાઈ તોફાનમાં જળસમાધિ લઈ લીધી.** બધા પ્રવાસીઓ, તેના ચાલકો - સંચાલકો કે જે સ્ટીમરમાં હતા તે બધા પોરબંદરથી થોડાક જ આગળ પોરબંદરના દરિયામાં ડૂબી ગયા. કોઈ બચ્યું નહિં.

કોઈ બચ્યું નહિં એ તો સમજ્યા પણ તે ડૂબ્યા પછી ઈંગ્લેન્ડની કંપનીએ 'ઝુવારી' અને 'નીરા' નામના બે શીપ તેની શોધખોળ માટે મોકલ્યા હતા. ચાર-પાંચ કે સાત દિવસની શોધખોળ પછી પણ સ્ટીમરનો કોઈ કાટમાળ કે પ્રવાસીઓના મૃતદેહ કે તેમની કોઈ નિશાની આજ સુધી હાથ લાગી નથી એ કુદરતની બલિહારી નહિં તો બીજું શું? ત્યારબાદ પણ અનેક શોધખોળ કરવાના અનેક પ્રયાસો થયા છે પણ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. આ સ્ટીમર ડૂબી ગઈ તે સિવાયની કોઈ હકીકત કે વાવડ આજ સુધી મળ્યા નથી.

● **જીવિત પ્રવાસી :**

આગળ ઉલ્લેખ કરેલ છે તે એક પ્રવાસી ભગવાનજી અજરામર પુરોહિત આ સ્ટીમરમાં શરૂથી મુસાફરી કરતા હતા. દ્વારકામાં અચાનક એમની તબિયત બગડતાં તેઓ ત્યાં ઉતરી ગયા હતા. થોડા કલાકો પછી, આ સ્ટીમર ડૂબ્યાના સમાચાર તેમને મળ્યા ત્યારે એમણે કહ્યું હતું : 'કુદરતકા કામ કુદરત કરે છે... ભગવાને મને બચાવ્યા છે...' એમ કહ્યું હતું. **એમણે પાછળથી 'વીજળીની સફરના સંભારણા' નામે એક પુસ્તક લખ્યું હતું જે હાલમાં ક્યાંય પણ જોવા મળતું નથી.**

અત્રે ખાસ નોંધવું જોઈએ કે લોકભાષામાં અને સામાન્યજનમાં એવી છાપ છે કે હાજી કાસમ આ 'વીજળી'ના માલિક હતા. એના વંશજો આજે પણ મુંબઈમાં રહે છે અને આગબોટવાળા તરીકે ઓળખાય છે. જથી પેઢીના સલીમ આગબોટવાલા મુંબઈમાં છે. સ્ટીમરના આ ગમખ્વાર બનાવ પછી ડિસેમ્બર ૧૮૮૮ના મુંબઈના પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ મિ. કુપરના વડપણ હેઠળ આ અંગેની તપાસ સમિતિ એટલે કે મરીન ઈન્ક્વાયરી કોર્ટે આ અંગેની તપાસ કરેલી જેમાં જુબાની આપવા માટે હાજી કાસમને પણ બોલાવવામાં આવેલ હતા અને હાજી કાસમની જુબાની લેવામાં આવેલ હતી તે આજે પણ કોર્ટના દફતરમાં મોજૂદ છે.

આ કામે સામે આવેલ રેકર્ડ મુજબ હાજી કાસમ નૂરમોહમ્મદ મે. શેપહર્ડ કંપનીના પોરબંદર ખાતેના એજન્ટ હોવાના ઉલ્લેખ સાથે મિ. ફિયર નામના સરકારી વકીલે એમની ઊલટ તપાસ કરેલી. જેમાં હાજી કાસમે જણાવેલ કે – '૮મી નવેમ્બર, ૧૮૮૮નો દિવસ મને બરાબર યાદ છે. (સમુદ્રનું)

*બાળકની જિજ્ઞાસા અને કુતૂહલ વૃત્તિને સંતોષો.*

વાતાવરણ તોફાની બન્યું હતું. બપોરના ચાર વાગે વરસાદ શરૂ થયો હતો અને સખત પવન ફૂંકાવવો શરૂ થયો હતો.'

'પોરબંદર પાસે વૈતરણા આવી હતી તે તમને યાદ છે?' મિ. ફિયરના એવા બીજા સવાલનો હાજી કાસમે જવાબ આપેલો છે કે 'હા, સાંજના ૫.૩૦ વાગે તે આવી હતી. બંદરથી પોણો માઈલ દૂર ઊભી હતી. બંદરેથી ૧૦૦ જેટલા પેસેન્જરો વૈતરણા આવવાની રાહ જોઈ રહ્યા હતા. પણ વૈતરણા લંગર નાખી શકેલ ન હતી. ઉછળતા મોજાંઓ વચ્ચે તે વ્હીસલ મારી આગળ વધી ગઈ હતી...'

**આ રીતે કોર્ટના રેકર્ડ મુજબ હાજી કાસમ આ 'વૈતરણા' સ્ટીમરના પોરબંદર ખાતેના માત્ર એજન્ટ હતા... માલિક નહિ.** પોરબંદર પહોંચતા પહેલાં દરિયામાં તોફાન શરૂ થઈ ગયો હતો અને તે દરિયામાં પોણો માઈલ દૂર ઊભી હતી. તોફાનને કારણે તે લંગર નાખી શકી ન હતી અને વ્હીસલ મારી, ૧૦૦ જેટલા પ્રવાસીઓ જે પોરબંદરથી તેમાં ચડનારા હતા તેમને લીધા વિના આગળ વધી ગઈ હતી અને થોડાંક જ માઈલ આગળ વધી હતી અને જળસમાધિ લીધી હતી એ ફલિત થાય છે. 'વીજળી' નામ તો તેમાં વીજળીથી રોશની થતી હોવાથી અને લોકજીભે તે ચડી જતાં 'વીજળી' તરીકે પંકાઈ કે હાજી કાસમની વીજળી તરીકે લોકોના કોઠે બેસી ગઈ હતી.

*જલારામ કૃપા,*
*૧૦, એસ.ટી. સોસાયટી,*
*સંતોષી માતા મંદિર પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*ચાલુ વર્ષ (૨૦૧૦)માં બ્રિટિશ પાર્લામેન્ટની આમ સભાના ૬૫૦ સભ્યોની ચૂંટણી થઈ પણ ચૂંટણી પ્રચાર તથા ચૂંટણી પછીના સમયમાં ન સંભળાયા ઢોલ, ન ત્રાંસા, ન નગારા, ન પિપૂડા, ન ભૂંગળા, ન ઝુલૂસ, ન નારાબાજી, ન ઉડાડાઈ ધૂળ, ન સૂત્રોચ્ચાર, ન અસભ્ય પ્રચાર. આ ચૂંટણીમાં બે ગુજરાતી છે : એક શૈલેષ વોરા બીજા પ્રીતિબહેન પટેલ. શૈલેષ વોરાને પાર્લામેન્ટના ટોરી પક્ષના દંડક (whip)ની જવાબદારી સોંપવામાં આવી છે.*

## અતીતના આવરણ ખોલતું પ્રકાશન

# "વીજળી – હાજી કાસમની"

● નરેશ અંતાણી ●

દાયકાઓ પહેલાં સમુદ્રના પેટાળમાં ગરકાવ થયેલ ક્લિયોપેટ્રાના શાહી મહેલ અને નગર વિશ્વના દરિયાઈ પુરાતત્ત્વવિદોએ શોધી કાઢ્યા છે. આ ઘટનાને આખા વિશ્વની પ્રજા ટેલિવિઝનના પડદે નિહાળી, સાક્ષી બની છે. કૃષ્ણની અસલ દ્વારકાને દરિયાઈ પેટાળમાંથી શોધવાનું સંશોધન ચાલુ છે ત્યારે બહુ દૂર નહીં તેવા ભૂતકાળમાં આજથી ૧૧૦ વર્ષ પહેલાં બની ગયેલ કચ્છ અને સૌરાષ્ટ્રનાં ઇતિહાસમાં જાણીતી ઘટના હાજી કાસમની 'વીજળી'ની જળસમાધિ આપણા સૌના માનસપટ પર તાજી જ છે. **આ વીજળીને દરિયાના પેટાળમાંથી શોધી કાઢવાના પ્રયાસોને સફળતા તો મળવાની કોઈ સંભાવના નથી પરંતુ 'વીજળી'ની જળ સમાધિની સાચી અને દસ્તાવેજી હકીકતો શોધી કાઢવાના પ્રયાસોને સફળતા જરૂર મળી છે.** આ પછી જે હકીકતો પ્રકાશમાં લાવી શકાઈ છે તે અને આપણા ઇતિહાસમાં 'વીજળી'ની જળસમાધિને લગતી હકીકતો કહેવાઈ છે તે બંને વચ્ચે વિરોધાભાસ દેખાય છે. એમ છતાં એ હકીકત પણ પુરવાર થયેલ છે કે 'વીજળી' અંગે ઇતિહાસમાં કહેવાયેલી વાર્તામાં અત્યુક્તિ રહી છે. આ હકીકત સંશોધકો અને ઇતિહાસકારો માટે વિચારણીય છે. એ પુરવાર થયેલ હકીકતોના આધારે 'વીજળી' અંગે પુનઃ સંશોધન કરવાની જરૂર છે. આ દિશામાં ગુજરાતના જાણીતા પુરાતત્ત્વવિદ અને રાજ્યના પુરાતત્ત્વ વિભાગના પૂર્વ નિયામક વાય. એમ. ચિતલવાલાએ પ્રામાણિક પ્રયાસો કર્યા છે અને તેને અંતે એક અત્યંત આધારભૂત કહી શકાય એવું પુસ્તક 'વીજળી-હાજી કાસમની' તાજેતરમાં એમણે આપ્યું છે.

'વીજળીના સંશોધનની પુસ્તકમાં આપવામાં આવેલી વિગતો મેળવીએ એ પહેલાં ઇતિહાસમાં રજૂ થયેલ વાતનો ટૂંક સાર જાણીએ તો એ કંઈક આ મુજબ છે.

આજથી ૧૨૧ વર્ષ પહેલાં કાર્તિક સુદ પાંચમ, ગુરુવાર, વિ.સ. ૧૯૪૫ તા. ૮મી નવેમ્બર, ૧૮૮૮ના દિવસે કરાંચીથી મુંબઈ જતી સ્ટીમર 'એસ.એસ. વેટરના' કચ્છના માંડવી બંદરે લાંગરી હતી. વીજળીના ઝળહળાટના લીધે લોકો એને "વીજળી" નામથી જ ઓળખવા લાગ્યા હતા.

"વીજળી" આગબોટ નવી જ બંધાઈને વિલાયતના કડી બંદરેથી આવી હતી. કરાંચીથી મુંબઈની એની પહેલી જ સફર હતી. કચ્છના દરિયાકાંઠે આવી નવી બોટ લાંગરવાના ખબર મળતા ગામડે ગામડેથી લોકો એને નિહાળવા માંડવી આવ્યા હતા. માંડવીથી ૬૫૦ મુસાફરો આ આગબોટમાં ગોઠવાયા હતા. જેમાં લગ્નની તેર જાન હતી તથા મેટ્રિકની પરીક્ષા આપવા મુંબઈ જતા વિદ્યાર્થીઓ પણ હતા.

માંડવીથી ઉપડેલ 'વીજળી' સૌરાષ્ટ્રના રૂપેણ બંદર અને પોરબંદર થઈ મુંબઈ તરફ આગળ જવાની હતી. દરિયો ભયાનક તોફાને ચડ્યો હતો. **માંગરોળ બંદર સુધી તોફાનના સપાટા ઝીલતી 'વીજળી' વેરાવળ અને માંગરોળના દરિયા વચ્ચે અદૃશ્ય થઈ ગઈ. દરિયાના પેટાળમાં ગરકાવ થઈ ગઈ. તેરસો પ્રવાસીઓ કાળનો કોળિયો બની ગયા. આ સ્થાન માંગરોળથી પાંચેક માઈલ અગ્નિ ખૂણે ખોડાદાના બારા નજીક હતું.**

આ ઐતિહાસિક ઘટનાનો ટૂંક સાર છે. દુલેરાય કારાણી, ગુણવંતરાય આચાર્ય, શ્યામજી ભ્રુવ અને ભીખારામ જોશી સહિત અનેક લેખકો અને કવિઓએ તેનું વિસ્તૃત વર્ણન કર્યું છે. આ ઘટનાના કારા કેરની યાદમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં 'હાજી કાસમ

*બાળકને તેના બધાં જ પ્રશ્નોના જવાબ આપો. પ્રશ્નોને ટાળો નહિ.*

તારી વીજળી મધ દરિયે વેરણ થઈ' એ લોકગીત જાણીતું છે.

વીજળીની જેવી મહાકાય આગબોટ દરિયામાં ગરકાવ થઈ એની ઘણી વિગતો અસ્પષ્ટ રહી હતી. હોનારતગ્રસ્ત વીજળીનો કાટમાળ કે ૧૩૦૦ પૈકી એક પણ વ્યક્તિની લાશ ન મળતાં આ બીના વધારે ગોઝારી બની. **પણ જે હકીકત ઇતિહાસમાં કહેવાઈ છે તેમાં કલ્પના શક્તિનું પ્રમાણ વધારે દેખાતાં આ ઘટનાનું તટસ્થ સંશોધન જરૂરી લાગતાં ડો. ચિતલવાળાએ આ દિશામાં નમ્ર પ્રયાસો શરૂ કર્યા.** સૌ પ્રથમ વીજળી છેલ્લે પોરબંદર ખાતેથી ઉપડેલી. તેથી પોરબંદરના પોર્ટ સત્તાવાળા પાસેથી વીજળીની વિગતો, પેસેન્જરોની સંખ્યા, આગમન - પ્રસ્થાનનો સમય વગેરે વિગતો માંગતા એઓ પાસે આ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ ન હતી. આથી સંશોધનમાં અંતરાય સર્જાયો. છતાં એમણે 'વીજળી'ની કડી મેળવવા કઠોર પરિશ્રમ આદર્યો. હાજી કાસમના મુંબઈ સ્થિત વંશજો, 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'નું દફતરી કાર્યાલય, વીજળી જ્યાં તૈયાર થઈ હતી તે ઇંગ્લેન્ડના ગ્લાસગો ખાતેની શિપ બિલ્ડિંગ કું. વગેરે સ્થળે સંપર્ક સાધ્યો પણ ધારી સફળતા ન મળી.

છેલ્લે 'ટિટેનિક'ના સંશોધનની સફળતાની વિગતોથી પ્રેરાઈને ઇંગ્લેન્ડની ગ્લાસગો યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગનો સંપર્ક કરતાં ડૉ. ચિતલવાળાને એમાં સફળતા મળી અને **યુનિવર્સિટીના દફ્તર વિભાગે 'વીજળી' અંગેની તમામ વિગતો 'લોયડ્ઝ રજિસ્ટર ઓફ શિપિંગ'ના ઇ.સ. ૧૮૮૮-૮૯ ઝેરોક્ષ મારફત પૂરી પાડી છે.** આ ઉપરાંત બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીમાં સચવાયેલી વૈતરણાની જળ સમાધિ પછી બેસાડાયેલી કોર્ટ ઈન્કવાયરીના છપાયેલા પ્રેસ કટિંગ પણ તેઓએ જહેમત કરીને મેળવ્યા. આ તમામ વ્યાયામ પછી જે વિગતો સામે આવી છે તે ચોંકાવનારી છે અને ઇતિહાસ કથિત વિગતોથી જુદા જ પ્રકારની છે. શ્રી ચિતલવાલાને વીજળી વૈતરણાની ૧૮૮૫ની અસલ તસવીર પણ સાંપડી છે.

'વીજળી' અંગે ઇતિહાસમાં કહેવાયા મુજબ ક્લાઈડ નદીના વહાણવાડામાં બંધાયેલી નવી નકોર સ્ટીમરનું નામ 'એસ.એસ. વેટરના' હતું. લગભગ આઠ હજાર ટનના વજનવાળી વેટરના એ સમયની હિંદ મહાસાગરમાં ફરતી મોટી આગબોટોમાં સ્થાન ધરાવતી વીજળીના દીવા ધરાવતી પ્રથમ આગબોટ હતી.

**પણ, પ્રાપ્ત વિગતો મુજબ 'વીજળી'નું નામ 'એસ.એસ. વેટરના' હતું જ નહીં પરંતુ એનું ખરેખર નામ 'વૈતરણા' છે.** વૈતરણાનું વેટરના થઈ ગયું હોય એવો સંભવ છે. મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતા મોટા જળાશય 'વૈતરણા' ઉપરથી જ તેનું નામ 'વૈતરણા' રાખવામાં આવેલ હતું. **વળી વીજળી, એ નવી નકોર આગબોટ ન હતી.** એની કરાંચીથી મુંબઈની સૌપ્રથમ સફર હતી એ હકીકત સાચી પરંતુ એ વાત તો ત્રણ વર્ષ જૂની હતી. **એ ઇ.સ. ૧૮૮૫માં બની હતી.**

**'વીજળી'નું વજન આઠ હજાર ટન બતાવવામાં આવ્યું છે. પણ ખરેખર તેનું વજન માત્ર ૬૩ ટન જ હતું.** મતલબ કે કોઈ મોટી આગબોટ હતી જ નહીં ને વળી વીજળીના દીવાઓવાળી સ્ટીમરો પણ તે સમયે સામાન્ય હતી. કચ્છ માટે પણ એ નવી ન હોવી જોઈએ. કેમકે કચ્છીઓ તો એ સમયે પણ દેશ-દેશાવરમાં ફેલાયેલા હતા અને તમામ વ્યવહાર દરિયા માર્ગે થતો હતો.

'વૈતરણા' અંગે ૧૮૮૮-૮૯નાં 'લોયડ્ઝ રજિસ્ટર ઓફ શિપિંગ'માં આપવામાં આવેલી વિગતો પ્રમાણે એ ગ્લાસગોની ગ્રેજમાંઉથ ડોકયાર્ડમાં બંધાઈ હતી. એનું એન્જિન ડન્સમૂઈર એન્ડ જંકશન કંપનીએ બનાવેલ હતું. **વીજળીના એન્જિનની ક્ષમતા પચીસ હજાર હોર્સ પાવર બતાવવામાં આવી છે પરંતુ એ હકીકતમાં એના એન્જિનની ક્ષમતા ૭૩ હોર્સ પાવરની જ હતી.** એની લંબાઈ ફર્લાંગોમાં નહીં પણ ફૂટમાં હતી. **એ ૧૭૦ ફૂટ લાંબી હતી, ૨૬.૫ ફૂટ પહોળી અને ૯.૯ ફૂટ ઊંડી હતી.** એના એન્જિનમાં ઓછી ક્ષમતાવાળા બે સિલિન્ડર હતા. **'વૈતરણા' (વીજળી)ની માલિકી શેપહર્ડ કંપની મુંબઈની હતી. ઇતિહાસમાં એ બ્રિટિશ ઇન્ડિયા શિપિંગ એન્ડ નેવિગેશન (બીઝન)ની હોવાનું જણાવાયું છે.** શેપહર્ડ કું. એ સમયે ગ્રેહામ બિલ્ડિંગમાં આવેલી હતી અને વૈતરણા ઉપરાંત સીમા, ગોદાવરી, કાલોનદી, કૃષ્ણા, નીરા, રાજપુરી, ઝુઆરી વગેરે એની માલિકીની સ્ટીમરો હતી, જે મહારાષ્ટ્રની વિવિધ નદીઓના નામો પરથી ઓળખાતી હતી.

**હાજી કાસમ એ શેપહર્ડ કું.ના પોરબંદર સ્થિત એજન્ટ હતા અને પાછળથી એમણે ધી બોમ્બે સ્ટીમ નેવિગેશન કું.ની સ્થાપના કરેલી હતી.**

વીજળીના કેપ્ટનનું નામ કાસમ ઇબ્રાહીમ હતું જે સંપૂર્ણપણે ભારતીય હતા.

**વૈતરણા કે વીજળીમાં હોનારત સમયે જહાજના કર્મચારીઓ સહિત ૭૪૬ ઉતારુઓ હતા.** મુંબઈ એ સમયે બોમ્બે પ્રેસિડેન્સીનું મુખ્ય મથક હોવાથી મેટ્રિકની પરીક્ષા એ સમયે મુંબઈમાં લેવાતી. આથી પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ અને મુંબઈ પરણવા જતી ૧૩ જાનના જાનૈયા તેમાં સવાર હતા. જહાજના ક્રુએ વહેંચેલી ટિકિટોના આધારે આ સંખ્યા શ્રી ચિતલવાલાએ જણાવી છે તે મુજબ :

| | | |
|---|---|---|
| ૧. | માંડવીથી ચડેલા ઉતારુઓ | ૫૨૦ |
| ૨. | દ્વારકામાં ઉતરેલા ઉતારુઓ | ૫૧૮ |
| ૩. | દ્વારકાથી ચડેલા ઉતારુઓ | ૧૮૫ |
| | તેથી કુલ ઉતારુઓ | ૭૦૩ |
| | બોટના કર્મચારીઓ | ૦૪૩ |
| | *આમ, કુલ....* | *૭૪૬* |

શ્રી ચિતલવાળાને વીજળીના ક્રુ (કર્મચારીઓ)ના નામ પણ મળ્યા છે જે તેઓએ પોતાના આ પુસ્તકમાં દર્શાવ્યા છે.

આ બોટ માંડવીથી ૮-૧૧-૧૮૮૮ના સવારે ૭.૩૦ વાગે રવાના થઈ મુંબઈ બીજા દિવસે બપોરના ૧.૩૦ વાગે પહોંચવાની

*બાળકનો આત્મવિશ્વાસ વધારો. તેને તેની નાની-મોટી ક્રિયાઓ જાતે કરવા દો.*

હતી. જ્યારે તે પોરબંદર પહોંચી ત્યારે દરિયો તોફાની હતો. આથી રોકાયા વિના માત્ર પાંચ મિનિટમાં ત્યાંથી રવાના થઈ ગઈ. આથી પોરબંદરથી ચડનારા ૧૦૦ પ્રવાસીઓ પરત ફરી ગયા. હોનારત સમયે વીજળી ત્રણ વર્ષ જૂની હતી અને તેમાં લાઈટના દીવા લગાવેલા હતા. આથી લોકો તેને વીજળી કહેતા.

'વૈતરણા'ના પ્રવાસીઓ પૈકી દ્વારકાના ભગવાનજી અજરામર કરાંચીથી મુંબઈ જતા હતા. એ એમની નાદુરસ્ત તબિયતને કારણે દ્વારકા ઉતરી ગયા હતા. એમણે પોતે આ ઘટનાના અનુભવોને આધારે એક પુસ્તક લખ્યું હોવાનું ગુણવંતરાય આચાર્યે પોતાની નવલકથામાં જણાવ્યું છે. **પરંતુ હકીકતમાં ભગવાનજી રામજી કપટા ગાયકવાડ સરકારના કર્મચારી હતા અને તેમણે દ્વારકાના રૂપેણ બંદરે વીજળીને આવતી અને પરત રવાના થતી જોઈ હતી.** આ પછી દરિયામાં તોફાન વધી જતાં એમને વીજળીની ચિંતા થઈ હતી. આથી તેઓ દ્વારકાથી 'હિંદુ' સ્ટીમરમાં અને એ પછી મછવામાં બેસીને તેની ભાળ મેળવવા વેરાવળ ગયા હતા પણ ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. વૈતરણા ગૂમ થયાના સમાચારથી આઘાત પામેલા ભગવાનજીએ આ વાત જામનગરના દુર્લભજી ધ્રુવને કહી હતી જેના આધારે તેઓએ 'વીજળી વિલાપ' નામનું કાવ્ય રચ્યું હતું.

તેઓએ પોતાના આ પુસ્તકમાં વીજળીની રચના, તેની ટેક્નિકલ જાણકારી, તેની સફર (ખેપ)ની વિગતો પણ આપી છે. આ ઉપરાંત વીજળીની જળ સમાધિ પછી રચવામાં આવેલ વાર્તાઓ, નવલકથા અને કાવ્યો સહિતના સાહિત્યની પણ તેમણે આ પુસ્તકમાં ચર્ચા કરી પોતે મેળવેલી અધિકૃત વિગતો સાથે તે ક્યાં જુદી પડે છે તેની વાત પણ કહી છે. વૈતરણાએ કઈ રીતે અને કયા સંજોગોમાં જળસમાધિ લીધી હશે તેની પણ વિગતો તેઓએ રજૂ કરી છે.

વૈતરણાની જળ સમાધિ પછી એક મહિના પછી બોમ્બે પ્રેસિડેન્સીના ગવર્નર લોર્ડ રે એ મેજિસ્ટ્રેટ સી.પી. કુપરના અધ્યક્ષપદે એક તપાસ પંચની રચના પણ કરી હતી. આ તપાસ પંચનો અહેવાલ તેણે રજૂ કરેલા તથ્યો, તપાસેલા સાક્ષીઓની જુબાની, તપાસ અહેવાલથી બહાર આવેલી વૈતરણાની સુરક્ષા વ્યવસ્થાની કચાશો વગેરે વિગતોની પણ અહીં વિગતવાર ચર્ચા કરી છે.

આમ, કચ્છ અને સૌરાષ્ટ્રના ઇતિહાસમાં એક ગોઝારી ઘટના 'વીજળી'ની 'જળસમાધિ' ની નહીં મળેલ વિગતો આપણને શ્રી ચિતલવાળાના આ પુસ્તકમાં જાણવા મળે છે, જે આશ્ચર્ય પમાડે છે. તો આપણા ઇતિહાસના પુનર્લેખનની જરૂરિયાત તરફ અંગૂલી નિર્દેશ પણ કરે છે.

**'વીજળી હાજી કાસમની'**

લેખક : ડૉ. વાય.એમ. ચિતલવાલા
ફુલવાડી, ધોરાજી, જિ. રાજકોટ.
પ્રકાશક : હસમુખ શાહ,
દર્શક ઇતિહાસ નિધિ,
૧૫, ધનુષ સોસાયટી,
સમા રોડ, વડોદરા.
પ્રકાશન વર્ષ : ૨૦૧૦

વાંચનમાંથી વીણેલું

# કચ્છની અસ્મિતા

• બાબુલાલ ગોર •

કચ્છની ધરાના ધબકાર, અક્ષરના આરાધકો દ્વારા પ્રાપ્ત થાય છે. અહીં આ લેખ દ્વારા સંકલિત સામગ્રી પ્રસ્તુત કરી છે તે એ આશયથી કે, આજે કચ્છ વિશે લખાયેલાં જૂનાં પુસ્તકો અપ્રાપ્ય છે ત્યારે જ્યાંથી આવું જૂનું કચ્છ વિષયક ઐતિહાસિક સાહિત્ય મળે તો તે રજૂ કરવાની આજની નવી પેઢીને તથા ઇતિહાસના રસિક વાચકો, લેખકો, સંશોધકો તથા જિજ્ઞાસુજનોને પણ ઉપયોગી થઈ શકે. આ પૂર્ણ રીતે વાંચનમાંથી વીણેલી સંકલિત સામગ્રી છે. જ્યાંથી પણ ઉદ્ધૃત કરી છે તે લેખકો, પુસ્તકો, પ્રકાશકોના સૌજન્ય સહયોગ સાથે સાભાર રજૂ કરી છે.

**શ્રી કારાણીજીએ તેમના પુસ્તક 'કચ્છનો ક્રોમવેલ - જમાદાર ફતેહમામદ'ના પ્રવેશકમાં લખ્યું છે :**

"લોક હિતકારી સાહિત્યમાં ઐતિહાસિક સાહિત્યનું સ્થાન ઘણું ઊંચું છે. સમસ્ત જગત ચડતી પડતીના કાળચક્રમાં સપડાયેલું જ છે. આપણા દેશની અને આપણી પ્રજાની પૂર્વકાળમાં કેવી પરિસ્થિતિ હતી અને આજે કેવી છે તેનું જ્ઞાન ઐતિહાસિક સામગ્રી વડે જ પ્રાપ્ત થઈ શકે છે. પૂર્વકાળમાં આપણી પ્રજાએ પ્રાપ્ત કરેલી જાહોજલાલી, કેવાં સાધનો અને કારણો વડે પ્રાપ્ત કરી હતી, કેવી રીતે તેને ટકાવી રાખી હતી અને કેવા સંયોગોએ તેનો નાશ કર્યો હતો, એ તમામ હકીકત ઐતિહાસિક સાધનો દ્વારા જાણી શકાય છે. એટલું જ નહિ, પરંતુ એના ઉપરથી અતિ હિતકર બોધ પણ ગ્રહણ કરી શકાય છે.

જગતભરના ઐતિહાસિક સાહિત્યમાં સ્વદેશનું સાહિત્ય શ્રેયસકર ગણાય છે. સ્વદેશના સૌભાગ્ય તેમજ દુર્ભાગ્યનો ઇતિહાસ તેનાં વર્તમાન સંતાનો માટે ઘણો જ ઉપદેશપ્રદ તેમજ માર્ગ સૂચક નીવડે છે. ઉન્નતિ અને અવનતિનાં સાધક અને બાધક તત્ત્વો ઇતિહાસની આરસીમાં સ્પષ્ટપણે અવલોકી શકાય છે.

કચ્છ તો ઐતિહાસિક સાહિત્યનો અખૂટ ખજાનો છે. આ ખજાનામાંથી અનેક અમૂલ્ય રત્નો પ્રાપ્ત થઈ શકે તેમ છે. માત્ર સંશોધન અને ઉત્તેજનના અભાવે કચ્છી પ્રજાનું આ અણમોલું સાહિત્ય ધન દિવસે દિવસે કાળના પ્રગાઢ થરો નીચે દટાતું જાય છે. કચ્છનું આવું કેટલું સાહિત્ય તેના જાણકારોના અવસાન સાથે અવસાન પામ્યું હશે તેનો હિસાબ કોણ કાઢી શકે? આ ઐતિહાસિક અને લોક સાહિત્ય કાળાંતરે વિસ્મૃત થઈને લુપ્ત ન થઈ જાય તે માટે હવે નવી પેઢીએ કમર કસી લેવાની જરૂર છે.

આસમાની - સુલતાની અનેક આફતોનો સામનો કરી કરીને ખડતલ બનેલી કચ્છની ધરતી વીર પ્રસૂતા છે, રત્નગર્ભા છે. આ ધરતીમાં એક અજબ જેવો ગુણ છે. એની માટીમાંથી મર્દો પેદા થાય છે. એનું ધાવણ ધાવીને ખમીરવંતા - ખુમારીવંતા પુરુષો પાકે છે, વીરાંગના પાકે છે.

*દેશ-શણગાર દાતાર જગડુ અને રાવ ખેંગારીની કીર્તિ રાજે,*
*લક્ષ ફુલાણીને જામ અબડા તણા, નામની નોબતો નિત્ય ગાજે.*
*જંગ ઝારા તણા રંગ જામ્યા જહાં, વીરવર અંગ ઉછરંગ ભરણી,*
*ભારતી માતને ખોળલે ખેલતી ધન્ય હો! ધન્ય હો! કચ્છ ધરણી.*

ભૂકંપ પછી હવે ભદ્રેશ્વર - વસઈ પુનઃ દેદીપ્યમાન બની ઝળાંહળાં થઈ રહ્યા છે ત્યારે કારાણીજીએ પૂર્વે આલેખેલી ઐતિહાસિક કથાના શબ્દો છે :

ભદ્રાવતી નગરીના જગડુ દાતારનું નામ ભારતભરમાં સુપ્રસિદ્ધ છે. જૈન યતિશ્રી પરમદેવ સૂરિજી ભદ્રાવતીના જૈન સ્થાનકમાં વ્યાખ્યાન આપી રહ્યા છે. સ્થાનકમાં પ્રખદા ભરપૂર છે. મહારાજની સામે જગડુશા બેઠા છે. યતિ મહારાજનું પ્રવચન એકચિત્તે એકાગ્રતાથી શ્રવણ કરી રહ્યા છે. યતિ મહારાજની આર્ષ દૃષ્ટિ સંવત ૧૩૧૩-૧૪-૧૫ના લાગલગાટ આવી રહેલા ત્રણ દુકાળો પર આવી પડે છે. સામે બેઠેલા જગડુશાહ તરફ જોઈને યતિ મહારાજ કચ્છી ભાષામાં પોકારે છે :

*અચેંતે ત્રૅ ઓચંધા, કારાકાર દુકાર,*
*તેરોસો પનરોતરો, ઑખો આય અપાર,*
*જગડુ ઝટ સંભાર*
*દેશ કૈંક વેંધા દુલી.*
*દેશ કૈંક વેંધા દુલી, મૂર નવસંધા મીં,*
*મંડણ નિકરંધા મહીપતિ, ઈ અચીંધા ડીં.*
*જગડુ ઝટ પટ જાગ તું, સુતો ઐયેં કીં સીં,*
*સાથ ન હલંધી સિરમથે, કમાઈ હેડી કીં.*
*કમર કસે કરમી,*
*કાયમ કર તું કચ્છકે.*

*ભાવાર્થ :*

*આવે છે ત્રણ ઓચિંતા, કાળાકાળ દુકાળ*
*તેરસો પંદરની સાલનો, અતિ આકરો છે.*
*જગડુ ઝટ સંભાળ!*
*અનેક દેશ ડોલાયમાન થશે.*

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૩ ઉપર)

*બાળકને ઘરના કામમાં સહભાગી થવા દો.*

વિચાર વિમર્શ
વિચાર મંથન

# કાશ્મીરી પંડિતોના જખ્મ પણ રૂઝવવાની જરૂર છે

• પ્રા. પૃથ્વી શાહ •

જમ્મુ-કાશ્મીરમાં દેશ વિરુદ્ધ આંદોલનના સંદર્ભમાં કાશ્મીર ઘાટીમાં પથ્થરબાજી કરતા પકડાયેલાઓને વગર સજાએ મુક્ત કરવાની કેન્દ્ર સરકારે જાહેરાત કરી. **આ ઉપરાંત જે લોકો હાથમાં પથ્થર, ઇંટ કે ઘાતક હથિયાર લઇ દેશ વિરુદ્ધ રસ્તા ઉપર તોફાન કરવા નીકળ્યા હતા અને મૃત્યુ પામ્યા તેમને પાંચ લાખનું વળતર આપવા માટેની પણ જાહેરાત થઇ.** માનવતા અને સહાનુભૂતિના સંદર્ભમાં આ પગલું લેવાયું. **પરંતુ મૂળ કાશ્મીરના જ રહીશ કાશ્મીરી પંડિતોને તેમના સમાજ અને ઇજ્જત બચાવવા ભાગવું પડ્યું અને પોતાના દેશમાં જ અન્યત્ર શરણાર્થી બનવું પડ્યું તેમના પ્રત્યે માનવતા દાખવવા શું વળતર અપાયું?.** આજે પણ અસંખ્ય શરણાર્થી ૮ x ૧૦ની ઓરડીમાં રહે છે જ્યાં જુવાન દીકરી નહાતી હોય તો મા બહાર ઊભી રહે. ઘરમાં મહેમાનને આવકારવા કે દવા ખરીદવા પણ નાણાની તંગી હોય જુલમગારીના ભોગ પંડિતોના જીવનની કરુણાંતિકાની દર્દભરી દાસ્તાન સંદર્ભે તેમના કલ્યાણ માટે શા પગલાં લેવાયા? કાશ્મીરમાંથી વિસ્થાપિત થયેલ એક વિશાળ સમાજના પુનઃસ્થાપન, સલામતી અને ઉજ્જવળ ભવિષ્ય માટે કેવી જાહેરાત થઇ?

૧૯૮૮ બાદ કાશ્મીર ઘાટીમાં કાશ્મીરી પંડિતોને પરેશાન કરવાનું અને યાતના આપવાનું શરૂ થયું. આ ગાળામાં ટેલિકોમ્યુનિકેશન અધિકારીશ્રી બી.કે. ગંજુને તેમના ઘરમાં તેમના પત્નીની નજર સામે બંદુકની ગોળીથી ચારણી જેવા બનાવી ઠાર મરાયા. અનંતનાગ જિલ્લામાં રહેતા પ્રસિદ્ધ કવિ સદાનંદ કૌલ તથા તેમના ૨૭ વર્ષીય પુત્રને ઘરમાંથી લઇ જવાયા અને શરીરે ડામ દઇ ખીલ્લા ઠોકી મારી નખાયા. એચ.એમ.ટી.ના જનરલ મેનેજર ખેરાનું અપહરણ કરી પતાવી દેવાયા. કેટલાક નાના ગામોમાં પંડિતોની સામૂહિક હિંસાના બનાવો પણ નોંધાયા. પરંતુ પાછળથી માઇક ઉપરથી કાશ્મીરી પંડિતોને ધર્મ પરિવર્તન કરવા અથવા તેમની દીકરીઓ સોંપવા કે શહેર છોડી જવાની જાહેરાતો થઇ. એવા સમયે સ્ત્રીની આબરૂ બચાવવા-કૂળના રક્ષણ માટે એક સમાજને ભાગવું પડ્યું. **વણસેલી પરિસ્થિતિને લીધે એક અહેવાલ મુજબ એક વરસમાં જ આશરે બે લાખ જેટલા કાશ્મીરી પંડિતો કાશ્મીર ઘાટી છોડી જમ્મુ, દિલ્હી અને હરિયાણા તરફ હિજરત કરી ગયા.**

કાશ્મીરી પંડિતોની જિંદગી એ સમયે સંપૂર્ણ કાંટાળી બની હતી. કેટલાકના સહારા અને આશરા છૂટ્યા હતા. હજારો પંડિતો જેઓ સુખી જીવન વિતાવતા હતા તેઓ હિજરત બાદ આકાશ નીચે રસ્તા ઉપર તડકાના છાંયડામાં આવી ચૂક્યા હતા. ધરતીની માટી-કેટલાક આંગણા આંસુથી ભીના થયા હતા. પંડિતોએ નજર સમક્ષ સુહાની-સ્વર્ગસમી ભૂમિને નરકમાં પલટાતી જોઇ હતી. ગામની ગલીઓને અજાણી બનતી જોઇ હતી. પોતાના ગામમાં પોતાના અવાજને ગૂંગળાતો જોયો હતો. પોતાના વતનના ભાઇઓ જ મુસીબત બની ગયા હતા. આપસી વિશ્વાસ અને ભાઇચારાના સંબંધ પર કાળી સ્યાહી લાગી ચૂકી હતી. વતનની માટીને છેલ્લી વખત અડવાનું દર્દ-વતનને કાયમ માટે છોડવાનું દર્દ-વતન ખાતેના એ શ્વાસ કેવા દર્દનાક બન્યા હશે? મનુષ્યતાનું ખૂન થઇ રહ્યું હતું ત્યારે એક સમાજને બચાવવા પગલાં ન લેવાયા કે પગલાં ન લઇ શકનાર સામે કોઇ કાર્યવાહી ન થઇ. એક સમગ્ર સમાજને સુરક્ષિતતા બક્ષવા કે દેશની બિનસાંપ્રદાયિક છબીને સ્વચ્છ રાખવા બાબતે માત્ર મૌન! પળવારમાં એક સમાજ માટે પોતાનું વતન પારકું થઇ જાય અને ભરોસો રાખવા જેવો માણસ ન દેખાય એ કેવું કષ્ટદાયક વાતાવરણ!

**આ બનાવ વખતે ભવિષ્યમાં માત્ર ઇતિહાસ ઉપર અસર થશે કે દેશની ભૂગોળ ઉપર પણ અસર થઇ શકે છે એ બાબતે ગંભીરતાથી લક્ષ ન અપાયું.** એ સમયે કાશ્મીર ઘાટીમાંથી ઉષ્માહીન રીતે માત્ર હજારો કાશ્મીરી બ્રાહ્મણોને નહોતા હાંકી કઢાયા પણ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિને દેશવટો અપાઇ રહ્યો હતો. એ સમયે માણસાઇનું દેવાળુ કાઢનાર સામે લાલ આંખ પણ ન થઇ અને પંડિતોને રક્ષણ ન અપાયું. દેશ માટે લાંછનરૂપ બનાવ પ્રત્યે ગંભીર લક્ષ ન અપાયું.

ગુપ્તચર અહેવાલ મુજબ ૧૯૪૧માં કાશ્મીર ઘાટીમાં કાશ્મીરી પંડિતોની વસતિ પંદર ટકા હતી. ૧૯૮૮થી ૯૦ માં બે લાખ કાશ્મીરી પંડિતોએ હિજરત કરી. ત્યારબાદ ૨૦૦૩માં પુલવામા જિલ્લાના નાદીમાર્ગ ગામમાં કાશ્મીરી પંડિતોનો સંહાર થયો. આ નરસંહારમાં નિર્દોષ સ્ત્રી-પુરુષ ઉપરાંત બાળકોને રહેંસી નખાયા હતા. પરિણામે પંડિતોનો અન્ય એક મોટો જથ્થો હિજરત કરી ગયો. ગુપ્ત અહેવાલ અનુસાર આજે કાશ્મીરમાં પંડિતોની વસતિ માત્ર એક ટકા રહી છે. આવી ક્રૂર મજાક લગભગ ચારેક લાખ પંડિતો સાથે થઇ. એક સમગ્ર સમાજ ખત્મ થવાના આરે આવી ગયું પણ તેને રાહતના શ્વાસ માટે શું થયું? **પ્રાણીની પ્રાણવાન જાત ભૂંસાતી હોય તો તેના રક્ષણ માટે ચિંતન શિબિર થાય, વટહુકમ બહાર પડે પરંતુ દેશને ત્રણ-ત્રણ વડાપ્રધાન આપનાર કોમ ભૂંસાઇ રહી હોય છતાં ઉત્સવો અને તહેવારો આનંદથી ઉજવાતા હોય અને એક સમાજ જીવન ટકાવવા**

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૪ ઉપર)

*બાળકને લાલચુ ન બનાવો. (દા.ત. 'અમુક કર, ચોકલેટ આપીશ' એમ ન કહો.)*

# ગ્લોબલાઈઝેશન અને હિંદ સ્વરાજ્ય

• દામજી માણેક ગડા •

ગ્લોબલાઈઝેશન પછી આપણો દેશ બે વિભાગોમાં બદલાતો જાય છે. પૈસાદાર અને ગરીબ વચ્ચેની આર્થિક અને સામાજિક ખાઈ વધુ પહોળી થતી જાય છે. આજના વાતાવરણમાં સરકાર, મીડિયા અને પ્રેસ એ ઉદ્યોગપતિઓના દલાલનું કામ કરી રહી છે. મોટા ડેમો, મોટા ઉદ્યોગો, મોટા યંત્રો એને આપણે વિકાસના મોડલ તરીકે સ્વીકાર કરી લીધેલ છે. રાજકારણીઓ મીડિયા અને પ્રેસ સતત આવા વિકાસનો પ્રચાર કરી રહ્યા છે. આવા વ્યાપક પ્રચારના કારણે વિકાસની એક જ બાજુ આપણી નજર સમક્ષ આવે છે. આવા વિકાસના જે પરિણામો નિર્માણ થવાના છે તેની સાધારણ સમજ પણ પૈસાદાર વર્ગને નથી. ગરીબ વર્ગનું પ્રમાણ વધતું જાય છે. તેમની રોજની જરૂરિયાત માટે ફાંફાં મારવા પડે છે.

છેલ્લા ૨૦ વરસની વાતો કરીએ તો કોર્પોરેટ જગત મલ્ટીનેશનલ કંપનીઓ આદિવાસી પ્રદેશોમાં ખાણો અને જંગલો પર કબજો કરીને ત્યાંની સ્થાનિક પ્રજાને સ્થળાંતર કરવામાં મજબૂર કરી દીધી છે. આદિવાસી પ્રદેશોમાં વિકાસનાં નવા મોડલમાં લોકલ માણસોને સહભાગી કરવામાં આવતા નથી. બહારથી ઠેકેદારો મારફત મજૂરો મંગાવીને સ્થાનિક પ્રજા પાસે તેમની રોજીરોટી પણ ઝૂંટવી લેવામાં આવે છે. આના કારણે આ પ્રદેશોમાં નક્સલવાદનો જન્મ થયો છે. નક્સલવાદનું બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેના વિકરાળ સ્વરૂપના દર્શન થવા લાગ્યા છે.

મારી નજરે નક્સલવાદની સમસ્યા આપણા રાજકારણીઓ બ્યૂરોક્રેટ અને કોર્પોરેટ જગતની ખોટી નીતિઓએ એને વિકરાળ સ્વરૂપ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. મીડિયા અને પ્રેસ જગત નક્સલવાદની સાચી સમસ્યાની સમીક્ષા કરવા ઈચ્છતી નથી. મીડિયા એ પગારદાર માણસોની સંસ્થા બની ગઈ છે. આવા ડામાડોળ વાતાવરણની વચ્ચે ગાંધીના હિંદ સ્વરાજ્ય તરફ નજર જાય છે. ગાંધીએ લખેલ હિંદ સ્વરાજ્યમાં એનું નિરાકરણ શોધવા પ્રયત્ન કરવો જોઈએ. કદાચ એ સમસ્યાનું નિરાકરણ હિંદ સ્વરાજ્યમાં ન દેખાય તો પણ આજના વિકાસના મોડેલ સામે સાવધાન રહેવાના સંકેત તો એમાં સાંભળવા મળે છે. હિંદ સ્વરાજ્ય પર એક લેખ ઘણાં મહિના પહેલાં નિરીક્ષક અથવા ભૂમિપુત્રમાં વાંચવા મળેલ એનો અત્રે ઉલ્લેખ કરવો મને જરૂરી લાગે છે.

આઝાદી પહેલાં મહાત્મા ગાંધીએ ભારતનાં વિકાસની એક રૂપરેખાની ઝાંખી હિંદ સ્વરાજ્યમાં જણાવી હતી. **આજના વિકાસના મોડલ જોઈને ગાંધીના હિંદ સ્વરાજ્ય તરફ ચોક્કસ ચિંતન મનન કરવું જરૂરી બની જાય છે.** હિંદ સ્વરાજ્યમાં ગાંધીએ ત્રણ મુદ્દાઓ તરફ આપણું ધ્યાન દોર્યું છે :

(૧) ભારત એક ખેતીપ્રધાન દેશ છે. એની અર્થ વ્યવસ્થા ખેતી આધારિત હોવી જોઈએ. દેશનો દરેક ગામ સ્વાવલંબી, આર્થિક મજબૂત હોવો જોઈએ. ત્યારે જ આપણે સ્વરાજ્યનાં મુખ્ય લક્ષ્યને પામી શકીશું.

(૨) મોટા મશીનો ખેતી આધારિત મોટાયંત્રો અને મોટા ઉદ્યોગોનો વિરોધ. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે જ્યાં સરળતાથી માનવશ્રમ ઉપલબ્ધ છે ત્યાં મોટા મશીનો અને યંત્રોને દૂર રાખવા જોઈએ. માનવશ્રમ જ્યાં શક્ય ન હોય ત્યાં મોટા યંત્રો અને મશીનોનો ઉપયોગ કરવો જરૂરી છે. મોટા મશીનોને કારણે માનવ માનવ વચ્ચે હુંસાતુંસી અને લાલચ વધે છે. પ્રકૃતિ અને પર્યાવરણનો વિનાશ થાય છે. હાથથી કામ કરવાવાળાનો રોજગાર ઝૂંટવાઈ જાય છે. આર્થિક વિષમતા વધે છે. આના કારણે સામાજિક સદ્‌ભાવના પર ખતરો નિર્માણ થાય છે.

(૩) ત્રીજું કારણ પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણનો વિરોધ. પશ્ચિમની સંસ્કૃતિ વ્યક્તિવાદી તથા ભોગવાદી હોવાના કારણે પ્રથમ નજરે બધાને આકર્ષિત કરે છે. આ સભ્યતાને અપનાવતા પહેલાં એના ભવિષ્યમાં પડનારા પ્રભાવને સમજી લેવું જરૂરી છે. જો આ ન સમજી શકીશું તો એની માયાજાળમાં ફસાઈ જઈશું અને જ્યારે આ માયાજાળ સમજાશે ત્યારે બહુ જ મોડું થઈ ગયું હશે.

તે સમયે આ પુસ્તકને સમજનારાએ એની વાહવાહ બહુ જ કરી. એનો વિરોધ પણ થયો. ગોપાલકૃષ્ણ ગોખલે અને નહેરુ જેવી વ્યક્તિઓ ગાંધીને સમજનારા પણ આ પુસ્તકના વિરોધમાં પોતાનો સૂર પુરાવ્યો. મોટા મશીનો અને યંત્રોના વિરોધ કરવાવાળા ગાંધીની સાથે બીજા ઘણાં માણસો હતા. ૧૮મી સદીમાં યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિનો આરંભ થયો. આ ક્રાંતિના યુગ વખતે યુરોપના દેશોમાં વાડાબંધીની પ્રથાની શરૂઆત થઈ. નાના ખેડૂતોની જમીન ઝૂંટવીને એને વાડામાં ફેરવી નંખાતા હતા. [ભારતમાં આજે સેઝ (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન) માટે નાના ખેડૂતોની જમીન પાણીના ભાવે સરકાર લઈને મોટા ઉદ્યોગોના ચરણે ધરી દે છે.] યુરોપના દેશોમાં આ

*માતા-પિતાનાં વાણી-વર્તન-વિચાર દ્વારા જ બાળકમાં જીવનમૂલ્યોનું સિંચન થાય છે તે ધ્યાનમાં રાખો.*

જમીનનો માલિક જમીનદાર બની જતો હતો. જમીનદારના હાથમાં જમીન આવતાં ટ્રેક્ટર, કમ્બાઈન અને હાર્વેસ્ટર જેવા મોટા કૃષિયંત્રોનું પ્રચલન વધી ગયું. આ પ્રથાને કારણે નાના ખેડૂતોને જમીનમાંથી કાઢી મૂકવામાં આવ્યા. હળ, દાંતિયાથી કામ કરવાવાળા માણસોની રોજીરોટી ઝૂંટવી લેવામાં આવી.

યુરોપના આ મોટા જમીનદારો પાસે કેપ્ટન સ્વીંગના નામથી ધમકીભર્યા પત્રો આવવાં લાગ્યાં. ઘણાં જમીનદારોનાં કૃષિયંત્રો નાના ખેડૂતો રાતનાં આવીને તેમાં આગ લગાવી દેતાં હતાં. કેપ્ટન સ્વીંગની ધમકીને કારણે ઘણાં જમીનદારો પોતાના યંત્રો પોતે જ નષ્ટ કરી દેતા હતા. જમીનદારોના ખેતરોમાં આગ લગાડનારા નાના ખેડૂતો હતાં. પોલીસે અને સરકારે નાના ખેડૂતો ઉપર દમનચક્ર ચલાવ્યું. (નોંધ : **આજે ભારતમાં છત્તીસગઢ, બિહાર, આંધ્ર, મહારાષ્ટ્ર અને બંગાળમાં નક્સલવાદી આજ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.**) કુલ ૧૯૮૦ ખેડૂતો અને મજદૂરોને પકડવામાં આવ્યા. એમાંથી ૫૫૦ મજદૂરોને દેશ નિકાલની સજા કરવામાં આવી. ૪૫૦ મજદૂરોને બંધવા મજદૂરો બનાવીને ઑસ્ટ્રેલિયા મોકલાવી દીધાં. બાકીના મજદૂરો અને ખેડૂતોને અંધારી કોટડીમાં પૂરી દેવામાં આવ્યા. ત્યાં તેમના પર ખૂબ અત્યાચારો કરવામાં આવ્યા. ગરીબોની નજરોમાં આવી ખરાબ હાલત તે વખતની વિકાસ નીતિને કારણે થઈ હતી.

આ ઘટના પછી જ્યોર્જ આરવેલની "ઓગણીસો ચોરાસી" નામનું બહુજ ચર્ચાસ્પદ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે કે ભવિષ્યનાં ૧૦૦ વરસોમાં માનવતાનાં કેવા બેહાલ થવાના છે. આજના યંત્રયુગમાં માનવતાની બેહાલીનાં ચિત્રો જગતમાં ઠેર ઠેર જોવા મળે છે. આની પાછળનું મુખ્ય કારણ જગતભરમાં ઔદ્યોગિકીકરણનું આંધળું અનુકરણ છે. આજનો પૂંજીવાદ એક તરફ શોષણનું મોટું ષડયંત્ર ચલાવે છે. આ શોષણનાં નફામાંથી થોડું દાન કરીને પોતાની સત્ય ઈમેજ છૂપાવવાનો પ્રયત્ન કરે છે.

ઓરવેલના પુસ્તકની સાથે સાથે "આયરન હિલ" જેના લેખક જૈક લંડન છે, તે પ્રકાશિત કરવામાં આવેલ. આ પુસ્તક હિંદ સ્વરાજયથી ત્રણ વરસ પહેલાં ૧૯૦૬માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. જૈક લંડનનું આ પુસ્તક છાપવા કોઈ પણ પ્રકાશક તૈયાર ન હતો કારણકે આ પુસ્તક છાપીને પ્રકાશક સરકારની ખફગી વહોરી લેવા માંગતો ન હતો. ઘણી મથામણ પછી આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું ત્યારે ઘણો ખળભળાટ મચી ગયો હતો. **પુસ્તકનાં કેન્દ્રમાં સાધનહીન ગરીબ સમુદાય છે. જેનાં પરિશ્રમના કારણે સમાજની મોટાભાગની જરૂરિયાત પૂરી કરી શકાય છે.** આ ગરીબ સમુદાયની સાથે સાથે સંસારમાં બીજો પણ એક સમાજ છે, જે સંખ્યામાં ઓછો છે પરંતુ મોટાભાગની બધી તાકાત અને સંપત્તિનો માલિક છે. આ સમુદાય બહુ કષ્ટ ઉઠાવતો નથી છતાં એશ આરામની જિંદગી જીવી રહ્યો છે. બહુસંખ્ય સમાજ પર એનું પ્રભુત્વ છે. આ નાના સમાજ પાસે મોટા મશીનો અને આવકના મોટાભાગના સાધનો પર અધિકાર છે અને આ સમાજ વિશ્વનો ભાગ્યવિધાતા છે. આ સમાજ આર્થિક, સંરક્ષણ અને હથિયારોની નીતિ નક્કી કરે છે.

આ પુસ્તકનું એક પાત્ર બાલ્ટ એક સવાલ પોતાને પૂછે છે. મોટા યંત્રોવાળા, મૂડીવાદીઓ અને જગતનાં બાકીનાં માણસો વચ્ચેની હરીફાઈમાં મૂડીવાદીઓ જીતી જશે? તો કામદારો, ખેડૂતો અને સામાન્ય માણસોને આ મૂડીવાદીઓ પોતાના પોલાદી બૂટ હેઠળ છૂંદી મૂકશે ત્યારે આ મૂડીવાદીઓનું એક જ નામ હશે "આયરન હિલ" એટલે લોખંડી જોડો. ૧૮૮૪માં માનવતાના ચહેરાની આ કલ્પના જ્યોર્જ ઓરવેલે કરી હતી. આયરન હિલ પછી "ધ ગ્રેપ્સ ઑફ રૅથ" જોન સ્ટીનબેકે લખ્યું છે. આ પુસ્તક પર બહુ જ વિવેચન થયું હતું. આ પુસ્તક ૧૯૩૯માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

ગાંધીના પુસ્તક હિંદ સ્વરાજયનાં ૩૦ વરસ પછી ઔદ્યોગિકીકરણના કારણે બેરોજગાર બનેલા નાના ખેડૂતોની હૃદયસ્પર્શી ગાથા છે. મોટા ટ્રેક્ટરોનાં કાફલાઓ અને મોટા યંત્રો એ નાના ખેડૂતોને જમીન છોડવા મજબૂર કરી દે છે. મોટા ધનિક માણસો અને જમીનદારોને બેંકો પાસેથી સરળતાથી ધન ઉપલબ્ધ થાય છે અને બાકીની સગવડો સરળતાથી મળતી રહે છે. નાના ખેડૂત પરિવાર પાસે તેના બચાવ માટે કોઈ સાધન નથી. તેમની બધી યાચનાઓ, વિનંતીઓ, પ્રાર્થનાઓ વ્યર્થ નીવડી હતી. સરકારી તંત્ર અને તે વખતની બ્યૂરોક્રેસી એમની વ્યથા, એમની મુસીબતો સાંભળવા તૈયાર ન હતા. આજે આપણા દેશમાં પણ ખેડૂતોની મુસીબતો સાંભળવા સરકારી તંત્ર આંખ આડા કાન કરે છે.

લેખક જોન સ્ટીન બેકે તે વખતે થોડાં યુવાન ખેડૂતોની મુલાકાત લીધી હતી. એક ખેતરમાં એક યુવક ટ્રેક્ટર ચલાવતો હતો. એ યુવાન 'ખેડૂત સમાજ'નો હતો. થોડા ખેડૂતોએ એ યુવાનને પ્રશ્ન પૂછ્યો, 'તારા કાકા, મામા કે તારા કુટુંબીજનોને વિસ્થાપિત કરવા તું એમને શા માટે પરેશાન કરે છે?' યુવકે જવાબ આપ્યો, 'આવું કરવા માટે મને ડોલર મળવાના છે.' મૂડીવાદી સત્તાના બળે આ યુવક પોતાના કુટુંબીજનોને પાયમાલ કરવા તૈયાર થઈ જાય છે.

**[આવી નગ્ન રમત રિલાયન્સ કંપની મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ખેડૂતોની જમીન પાણીના ભાવે લઈને મોટી કિંમતે આ જમીન સર્વિસ સેક્ટરની કંપનીઓને વહેંચવા બહાર કાઢી હતી. પરંતુ જાગૃત પ્રજાજનો અને એન.પી.એમ. (નેશનલ અલાયન્સ ઓફ પીપલ્સ મુવમેન્ટ) નામની સંસ્થાના આંદોલન થકી રિલાયન્સ કંપનીને આ જમીન પાછી ખેડૂતોને સોંપી દેવી પડી છે.]**

લેખક જોન સ્ટીનબેક આગળ જણાવે છે કે તે વખતે વિસ્થાપિત થયેલા પરિવારો કેલિફોર્નિયાના બગીચામાં કામની શોધમાં આવે છે. પેટ ભરવા માટે સસ્તી મજદૂરી અને વધુ સમય સુધી કામ કરવા તૈયાર થઈ જાય છે.

*બાળકને સારી શાળામાં પ્રવેશ મેળવી આપવાથી માતા-પિતાની જવાબદારી પૂરી થઈ જતી નથી.*

આ વિસ્થાપિતોમાંની એક સારા નામની યુવતી ગર્ભવતી હોય છે. સારાનો ધણી હતાશ થઈને સારાને મૂકીને ભાગી છૂટે છે. સમસ્યાનો સામનો કરવા કરતાં ભાગી જઈને સમસ્યામાંથી પોતાને મુક્ત કરે છે. થોડા સમય પછી સારા મૃત બાળકને જન્મ આપે છે ત્યારે આ જિલ્લામાં મુશળધાર વરસાદ પડે છે. તેના કારણે નદીઓમાં પૂર આવે છે. સારા અને તેની સાસુ પોતાનો જીવ બચાવવા કોઈ ઊંચી જગ્યાએ આશરો શોધવા નીકળી પડે છે. થોડી ઊંચી જગ્યા પર એક ઝૂંપડી દેખાય છે. તેમાં પોતાનો જીવ બચાવવા પ્રવેશ કરે છે.

આ ઝૂંપડીમાં એક વૃદ્ધ માણસ ભૂખના કારણે પોતાનાં મરણની વાટ જોઈને બેઠો છે. વૃદ્ધ માણસનો છોકરો સારા અને તેની સાસુને વિનંતી કરે છે કે અમે ઘણાં દિવસથી કાંઈ ખાધું નથી. આપની પાસે જો થોડું ખાવાનું હોય તો અમને આપો. જો ખાવાનું ન હોય તો થોડાં પૈસા આપો, હું બજારમાંથી ખાવાનું લઈ આવીશ. સારા અને તેની સાસુ પાસે કાંઈ જ હોતું નથી. **ત્યારે સારાની સાસુના સંકેત પર શારીરિક કમજોર નબળી વહુ પોતાના સ્વર્ગવાસી બાળકનાં હિસ્સાનું છાતીમાં ભરેલું થોડું દૂધ તે ઉઘાડા સ્તન સાથે એ વૃદ્ધ માણસને ધવડાવે છે.** ત્યાં માણસ અને ભગવાન વચ્ચેનું અંતર સમાપ્ત થઈ જાય છે. **(આજે ભારતમાં આદિવાસી વિભાગમાં જ્યાં આંધળા વિકાસના પ્રોજેક્ટ ચાલે છે, ત્યાં વિસ્થાપિતોની હાલત ઘણી ખરાબ છે.)**

સ્ટીન બેકનું આ પુસ્તક જ્યારે પ્રકાશિત કરવામાં આવ્યું ત્યારે એની નોંધ અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટના વ્હાઈટ હાઉસ સુધી પહોંચી. પ્રમુખ રૂઝવેલ્ટ આના વિશેની માહિતી ભેગી કરવાની જવાબદારી એની પત્ની પર સોંપી. મિસીસ રૂઝવેલ્ટ પ્રત્યક્ષ આ વિભાગમાં જઈને તપાસ કરીને પોતાના અહેવાલમાં જણાવ્યું કે વાસ્તવિક પરિસ્થિતિ જે પુસ્તકમાં જણાવેલ છે તેના કરતાં વધુ ભયંકર છે. ત્યાર પછી સરકારે એ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. મજદૂરોનાં હિતો માટે કાયદા ઘડવામાં આવ્યા. સ્ટીન બેકને પુરસ્કાર અને પ્રશંસા બંને મળી પરંતુ એનાથી એ ખુશ ન હતો. એ ઈચ્છતો હતો કે મજદૂરો અને ખેડૂતોની આર્થિક હાલતમાં સુધારો થાય. આ પુરસ્કાર અને પ્રશંસા એના માટે અર્થહીન બની ગયા હતા. **એને પુલિટ્ઝર સન્માન મળ્યું પરંતુ એ લેવા માટે ગયો નહીં. સ્ટીન બેકે જણાવ્યું કે જો આ પુરસ્કાર લેવા માટે જાઉં તો મને મનમાં એમ થયા કરે કે મારી કથાનાં પાત્રોની પીડા તથા યાતના ધન અને પ્રશંસાના સાધન બન્યા છે.**

જે.એમ. નીસનનું એક પુસ્તક "કોમન રાઈટ એન ક્લોઝર્સ" એક ખેડૂતનું જમીનદારના નામનું એક પત્ર પ્રકાશિત કરવામાં આવે છે. એક ગરીબ માણસ સાર્વજનિક ધણમાંથી એક બકરી લઈ આવે છે. કાયદો એ ગરીબ માણસની વિરુદ્ધમાં જાય છે. ત્યારે અદાલતમાં ગરીબ માણસ જણાવે છે કે તમે સંપૂર્ણ ચરવાની જગ્યા અમારી પાસેથી છીનવી લો છો. અમારી સંપૂર્ણ આજીવિકા અમારી પાસેથી છીનવી લો છો. અમારી સંપૂર્ણ આજીવિકા પચાવી પાડો છો ત્યારે કાયદો કેમ મૌન બની જાય છે. ગરીબ માણસ કેમ સમજે કે કાનૂન એની પહોંચની બહારની વસ્તુ છે.

**આજે ગુજરાતમાં ગૌચર જમીન પર સરકારની અને મૂડીવાદીઓની નજર છે.** ગરીબ માણસના ઢોર ચરે કે મરે તેની એમને પરવા નથી. વિકાસ માટે જમીન જોઈએ, એ માનવ વિકાસ માટે નહીં થોડા ઉદ્યોગપતિઓના વિકાસ માટે. આ બધી ઘટનાઓ આપણી નજર સમક્ષ આપણે જોતાં રહીએ છીએ છતાં આપણે સૌ મૌન છીએ. આપણને ડર છે કે સરકાર આપણને કાયદાની માયાજાળમાં ફસાવી દેશે. પછી આપણને વકીલો અને અદાલતના વર્તુળમાં બાંધી દેશે. આપણે જીવીશું ત્યાં સુધી એમાંથી બહાર નીકળી શકીશું નહીં. સંગઠિત સામનો કરવાની આપણી શક્તિ વેરવિખેર થઈ ગઈ છે.

ઓગણીસો ચોરાસી, આયરન હિલ અને હિંદ સ્વરાજ્ય આ ત્રણે પુસ્તકો આપણે મોટા યંત્રો, મોટા ડેમો, મોટાં કારખાનાંઓ અને ગલત વિકાસ નીતિના ખતરાથી આપણને સાવચેત કરે છે. આજના ગ્લોબલાઈઝેશનના યુગમાં ગાંધીના હિંદ સ્વરાજ્ય પર ચર્ચા કરવા કરતાં નજર સમક્ષ દેશનું જે ચિત્ર ઉભરી આવ્યું છે તેમાંથી આપણે શું મેળવ્યું અને શું ગુમાવ્યું. **આજે દેશનો આર્થિક ગ્રોથ ૭ થી ૧૦ ટકાની વચ્ચે જણાવવામાં આવે છે. જેમાંથી ખેતીનું ગ્રોથ ૨ થી ૨.૫ ટકા છે. જેમાં દેશનાં ૬૦ ટકા માણસો રોકાયેલા છે.** ઔદ્યોગિક ગ્રોથ ૭ થી ૮ ટકા છે જ્યારે સર્વિસ ઈન્ડસ્ટ્રીઝનો ગ્રોથ ૨૧ ટકા છે. જેમાં લાખો માણસો રોકાયેલા છે. આ ગ્રોથ દેશનાં બહુજનસંખ્યા માટેનો તંદુરસ્ત ગ્રોથ ન ગણાય. ખેતીનો ગ્રોથ વધે તો સામાન્ય માણસની આવક વધે.

આજે કદાચ ગાંધી હોત તો હિંદ સ્વરાજ્યને નવા સ્વરૂપે લખત પરંતુ એના પાયાના સિદ્ધાંતો ઉપર બાંધછોડ ન કરત. આજે આપણે ગાંધીના વિચારોની સામે આંખ આડા કાન ધરીએ છીએ. ભવિષ્યમાં આપણને પસ્તાવું પડશે. આજે બિહાર, ઓરિસ્સા અને દેશના અંતરિયાળ ભાગની દારુણ ગરીબી જોઈને સ્ટીન બેકના પુસ્તક તરફ નજર જાય છે. ફરી આપણે ગાંધીના હિંદ સ્વરાજ્યને આજના નવા સ્વરૂપે જ્યાં જરૂર હોય ત્યાં સુધારા કરીને સ્વીકારીને દેશની નવી આર્થિક અને સામાજિક નીતિઓ બનાવી તેનો અમલ કરીએ એમાં દરેક ભારતવાસીઓનું હિત સમાયેલું છે.

વર્તમાન સમયમાં જગતનાં ૬૦ ટકા સંશાધનો પર ૫% આબાદીનો કબજો છે. ૨૫ ટકા સંશાધનો પર ૧૦% આબાદીનો કબજો છે. ૧૦ ટકા સંશાધનો પર ૨૫% આબાદીનો કબજો છે અને બાકીના ૫ ટકા સંશાધનો પર ૬૦% આબાદીનો કબજો છે. આ નરી વાસ્તવિક્તાને નજર સમક્ષ રાખીને આપણે હિંદ સ્વરાજ્યને સમજવા પ્રયાસ કરીશું ત્યારે ગાંધીના અંત્યોદયની વ્યાખ્યા સાચી ઠરશે. સમાજની સંપત્તિ અને વિકાસની કોઈ પણ નીતિમાં સમાજના છેવાડાના માણસને પ્રથમ સ્થાન આપવું જરૂરી છે અને એના હિતોનું ધ્યાન રાખવું જરૂરી છે.

*૧૬૦૫, શોભા સુમન,*
*માલવિયા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*
*મો. ૯૮૨૧૧ ૮૫૨૯૩*

*બાળકના અભ્યાસ પ્રત્યે યોગ્ય અભિગમ સાથે જાગૃત રહો.*

આપણે કેળવવા જેવા....

# ઇઝરાયેલીઓના ખંત અને ખમીરને સલામ!

• શાંતિલાલ વ. શાહ •

*વડીલ શ્રી શાંતિલાલ વ. શાહે આ લેખ લખવાનું કારણ 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ શ્રી શાંતિલાલ સંઘવીએ મોકલેલ એક ટૂંક દૃષ્ટાંત કથાનો આધાર. વાચક વર્ગને યાદ દેવડાવવા એ દૃષ્ટાંત અત્યારે ફરીથી રજૂ કરેલ છે. જે અક્ષરસઃ નીચે મુજબ છે.*

*– મુખ્યતંત્રી*

## ઇઝરાયેલ અને ભારતના કર્ણધારો

*વર્ષ ૧૯૬૭. મહિનો જૂન. ઈજિપ્ત તથા જોર્ડન અને બીજા આરબ દેશોએ ઈઝરાઈલ પર આક્રમણ કર્યું. ઈઝરાઈલે જોરદાર મુકાબલો કરીને ઈજિપ્તનો તથા જોર્ડન સહિત આરબ રાજ્યોનો કેટલોક પ્રદેશ કબજે કરી લીધો. આરબો હાર્યા.*

*હવે આરબો પોતાનો પ્રદેશ પાછો માંગવા લાગ્યા. ત્યારે ઈઝરાઈલના વડાપ્રધાન શ્રીમતી ગોલ્ડા માયરે જવાબ આપ્યો કે, 'તમે ઈઝરાઈલ પર યુદ્ધ લાદ્યું. અમે તમારો પ્રદેશ જીતી લીધો. હવે જો તમારામાં તાકાત હોય તો યુદ્ધ કરીને પ્રદેશ પાછો મેળવી લો.'*

*પાકિસ્તાની સૈન્યને મારી હટાવતું ભારતીય સૈન્ય લાહોરમાં પ્રવેશી ચૂક્યું હતું. વિજયનો આનંદ તમામ સૈનિકોના હૃદયમાં ભરેલો હતો. સૈન્યના વડાએ દિલ્હી સંદેશો મોકલ્યો, 'જો મંજૂરી આપો તો આવતીકાલે આપણું લશ્કર કરાંચીમાં આંટા મારતું હશે.'*

*જવાબ નકારમાં આવ્યો. કરાંચી ને લાહોર તો ઠીક પણ હાથમાં આવેલું આઝાદ કાશ્મીર પણ પાછું આપી દેવું પડ્યું. પ્રજા તૈયાર હતી, લશ્કર તૈયાર હતું પણ નેતાગીરી નિર્માલ્ય નીકળી.* ***ભાસ્કર પંડ્યા.***

***આટલા નિર્માલ્ય તો ત્રીજી જાતિના લોકો પણ નથી હોતા.***

***- શાંતિલાલ સંઘવી***

મુ. શાંતિભાઇ સંઘવીને 'ઇઝરાયેલના અને આપણા કર્ણધારો (નેતાઓ)'ના મથાળા નીચે ચોટદાર રજૂઆત માટે (ઓક્ટો.-૧૦, પૃ. ૯૪) ધન્યવાદ. યહૂદીઓના પરાક્રમોની વાતો તો સાચી છે જ, પણ એનાથી પણ વધુ સાચી છતાં શરમજનક અને કડવી વાત વાક્યનો ઉત્તરાર્ધ છે, આપણી પ્રજા અને નેતાઓના નિર્માલ્યની. પ્રજા તેવો રાજા, એ ન્યાયે જ ને?

આ સાહસી પ્રજાની વાત કરીને મુ. શાંતિભાઇએ મને રીતસર ઉશ્કેર્યો છે! ઘણા ઘણા વર્ષોથી આ પ્રજાની વાતો વાંચી સાંભળીને ખૂબ હરખાયો છું, ક્યારેક અચંબામાં પડ્યો છું. આવું થઇ શકે? વગર હથિયારે એક ઇઝરાયેલી ચાર-છ હથિયારધારીઓની સામે થાય? તેમને હંફાવે? ગજબ કહેવાયને? ૧૯૬૭ના ૬ દિવસીય યુદ્ધની રોમાંચક વાતો પહેલાં પણ દુષ્ટ-ક્રૂર જર્મન નાઝીઓના ડેથકેમ્પો વિશે, ૧૩ વર્ષની પેલી એની ફ્રેન્કે લખેલી ડાયરી વિશે અને પછી તો કેટકેટલી પરાક્રમ કથાઓ સર્જાયે જ ગઇ. તેમને વિશે ઘણું વાંચ્યું, કેટલુંક ભૂલી ગયો. પણ મનમાં આ પ્રજાની મર્દાનગીની કદી ન ભૂંસાય એવી છાપ કાયમ માટે રહી ગઇ છે.

એમના સાહસોની પરંપરા બેનમૂન છે, અદ્‌ભુત છે. યુદ્ધમાં કે તે સિવાયની પણ તેમની અનેક હેરતઅંગેઝ કામગીરીઓ રૂંવાડાં ઊભા કરી દે તેવી રોમાંચક અને દિલધડક છે. એ અંગેના પુસ્તકો લખાયાં છે. વિશ્વભરના લેખકોએ લખ્યાં છે! ઢૂડીબંધ.

ફક્ત ૭૦-૭૫ લાખની વસતિ (અમદાવાદથી દોઢી જ ) ધરાવતા આ ટચુકડા દેશની અજોડ પ્રજાના શિસ્ત, શૌર્ય, અને સાહસ વગેરે માટે લખવા હું બહુ નાનો પડું. બે રીતે, જગ્યાની મર્યાદા અને મારી જાણકારીની અધૂરપ. પણ તે છતાં જે લખું છું તેનો આશય એટલો જ છે કે આપણે તેમની જેવા થઇએ. **થોડા દિવસ પહેલાં SEWAવાળા ઇલાબહેને કહેલું 'અમે ગરીબ છીએ, પણ ઘણાબધા છીએ. જો બધા હાથો કૌવત બતાવતા થાય તો બધે આપણી જ જીત થાય.'** કેટલું સરસ અને સાચું છે? પણ વાત કૌવત, કાબેલિયત, કેળવણી-તાલીમની છે. લાવવું ક્યાંથી? આપે કોણ? જીવનભર ઉપયોગી થઇ પડે તેવી તાલીમ એકવાર લીધી હોય તો તમારો બચાવ તો તમે કરી જ શકો. અને જો જાત બચે તો શું ન થાય? આવી તાલીમ માટે જોઇએ : મક્કમ મનોબળ, મજબૂત છાતી અને સૌથી પહેલાં દેશદાઝ, દેશપ્રેમ. બસ આટલું હોય તો ભયો ભયો, બીજા કશાની જરૂર ન પડે.

**આતંકવાદ જેવા વિકરાળ પ્રશ્નનો ઉકેલ, સભા સરઘસો, નારાબાજી, દંભી**

**આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.**

**ભાષણો ન જ હોય. આવું કરતા જોઇને વિશ્વ આપણી ઠેકડી ઉડાડે છે. આપણે તેમની વિરુદ્ધ ઠરાવો કરીએ છીએ. માનવસાંકળો રચીને સમય અને શક્તિનો વેડફાટ કરીએ છીએ.** હું આતંકનો સામનો આતંકથી જ કરો એમ નથી કહેતો, પણ આગળ કહી તેવી સજ્જતા કેળવીએ. આપણી જડબેસલાક તૈયારીની દુશ્મનોમાં ધાક બેસાડીએ. કોઇવાર એવો ફટકો મારીએ કે આપણી તરફ જોવાનું ભૂલી જાય. આપણે ઇતિહાસ જોવો જોઇએ. એક જ દાખલો બસ થઇ પડશે. ૧૯૬૭ના યુદ્ધમાં બીજા ૭ આરબ મિત્ર રાજ્યો સાથે આગેવાની લઇને ઇજિપ્તના નાસરે ઇઝરાયેલ પર ઓચિંતો હુમલો કર્યો. (પર્યુષણ ચાલતા હતા, મોટા ભાગના પ્રધાનો (મંદિરો) સિનેગોગમાં હતા, પાંખીએ મોટરમાં બેસે નહિ એવા ચૂસ્ત વયસ્કોની વાત ફરી કોઇવાર.) એકાએક પાંચ-દસ ગણા લશ્કર અને યુદ્ધ સામગ્રી સાથે ત્રણેય બાજુથી આક્રમણ કર્યું નાસર-આરબોએ. આ ૧૦-૧૨ લાખનું લશ્કર ૭૫ હજાર ના ઇઝરાયેલી (દરેક નાગરિક)ના રેગ્યુલર લશ્કર સામે છ જ દિવસમાં એવું હાર્યું, એટલું નુકસાન વેઠ્યું, એટલા બધા સૈનિકો રણમાં (પોતાના જ સહારાના રણમાં) પાણી પાણી કરીને મરી ગયા! તે દિવસથી ઇજિપ્તે ઇઝરાયેલ તરફ જોયું સુદ્ધાં નથી. હા, શરણાગતિવાળા મૈત્રી કરારો માટે વારંવાર વિનંતીઓ કરી છે! એવા ભૂંડા હાલે હાર્યા!

યુદ્ધની વાત માંડી છે તો, એક 'NEVER AGAIN'ના એમના મુદ્રાલેખની વાત કરી લઇએ. "થઇ ગયું તે ભલે થઇ ગયું હવે ફરીવાર કદી નહીં, ક્યારેય નહિ, "NEVER AGAIN" આ વાત નાઝી-જર્મન (હિટલરે) ૬૦ લાખ યહૂદીઓને વિશ્વમાંથી વીણીવીણી કેદીઓના કેમ્પો ઊભા કરેલા, અને તેમને જીવતા દાટેલા, બાળેલા, કે ગેસ ચેમ્બર્સમાં ગૂંગળાવીને મારી નાંખેલા, તેની છે. બીજા વિશ્વયુદ્ધના ૬ વર્ષો ૧૯૩૯-૪૫ દરમ્યાન આ કારમી હત્યાઓ- દુનિયાની જાણ બહાર-થઇ. પણ ત્યારે ઇઝરાયેલ જન્મ્યું ન હતું! ઇઝરાયેલનું અસ્તિત્વ થયું ૧૯૪૮માં. અને **તેમનો મુદ્રાલેખ NEVER AGAIN. દુશ્મનને ઊગતાં જ ડામો, અથવા એવા સજ્જ થાવ કે દુશ્મન લડવાની હિંમત જ ન કરે!** NEVER AGAIN વાળી વાત આપણે માનતા નથી, સજ્જતા કેળવતા નથી અને પરિણામે અવાર-નવાર હુમલાના ભોગ બનીએ છીએ. હુમલા પછી અબજોના ખર્ચે નવા ઉપાયો-યોજનાઓ-અમલમાં મૂકવા તૈયાર થઇએ છીએ. પણ પછી બધું ભૂલી જઇએ છીએ. એટલે **દિલ્હી-પાલમિેન્ટ, મુંબઇ બ્લાસ્ટ (૧૯૯૩), જબલપુર, અક્ષરધામ, માલેગાંવ, ને છેલ્લે મુંબઇની તાજ હોટલો જેવા હુમલાઓના ભોગ બનતા રહીએ છીએ!** અને આપણી પ્રજા તૈયાર નહિ થાય ત્યાં સુધી કોઇપણ સરકાર- પૈસા ખાવા સિવાય કશું કરવાની નથી. આ વાત લખી રાખો, પ્રજા તૈયાર થશે ત્યારે જ આતંક બંધ થશે. ૬-૧૨ મહિનાની પેરામિલિટરી તાલીમ દરેક શહેરમાં મળી શકે. બહેનો ૬ મહિનાનો નર્સિંગ કોર્ષ મફત કરી શકે. આપણે કરશું? આપણે સરકારની ટીકા જ કરીએ છીએ. પોતે કશું કરતા નથી એ મોટામાં મોટી કમનસીબી છે.

૨૦ કરોડની વસતિથી ઊભરાતા અને ઇઝરાયેલ કરતાં અનેકગણી લશ્કરી તાકાત ધરાવતા હોવા છતાં આ ૮ દેશો ભૂંડાહાલે કેમ હાર્યા, તે સમજવા પૂરો લેખ વાંચો.

૧૯૪૮ના યુદ્ધોથી આજ સુધીની એમની પરાક્રમ કથાઓ અનેક છે. પણ આજે તો ફક્ત ૧૯૭૬માં એમણે પોતાના અપહરણ કરાયેલા નિર્દોષ ૧૦૩ બંધક બાંધવોને, વતનથી ૨૫૦૦ માઇલ (૩૭૦૦ કિ.મી.) દૂર દુશ્મનના દેશમાંથી કેવા આબાદ છોડાવ્યા, ને દુનિયાએ મોંમાં આંગળા નાખ્યા તે અંગે જ વાત કરવી છે. આ ઘટના હેરતઅંગેઝ તો છે જ, ન ભૂતો ન ભવિષ્યતિ પણ છે. કલ્પના ન કરો એવી સફળતાને વરેલી આ અભિયાનની વાતો વિસ્તારથી કરવા પુસ્તક જેટલાં પાના જોઇએ. પણ શક્ય તેવું કહેવાનો પ્રયત્ન કર્યો છે. આપણે સૌએ આખી ઘટનામાંથી ઘણું બધું શીખવા જેવું છે, તો ચાલો જ્યાં ભૂખ્યા-તરસ્યા-માંદા-ઇઝરાયેલીઓ ચાર દિવસથી બંધક છે તે એન્ટેબી (Entebee)ના ઍરપોર્ટ પર.

થોડોક સ્વસ્થ છે તેવો જુવાન બધાને વારાફરતી પાઉં ને ચા પીરસે છે. હસવા-હસાવવાનો પ્રયત્ન કરે છે. મોકો મળે તો હિબ્રૂ ભાષામાં સાંત્વના આપે છે. ૧૦૩માં દસ-બાર ૭૦-૭૫ થી ઉપરના છે, ૨૦ જેટલી સ્ત્રીઓ છે ને ૮-૧૦ બાળકો છે. સતત ચાર દિવસથી મોતની ધમકી હેઠળ જીવી રહ્યા છે. કેટલાકને ઝાડા થયા છે, કેટલાકને ઊલટીઓ થાય છે, બાળકો માતાના ખોળામાં હબક ખાઇને છુપાઇ જવાનો પ્રયત્ન કરે છે. છેલ્લા બે દિવસથી સંડાસ-બાથરૂમમાં પાણી નથી. વતનથી એથેન્સ જતા ફ્રેંચ વિમાનના આ દુર્ભાગી પ્રવાસીઓ છે. ઇઝરાયેલીઓ સિવાય બીજાઓને તરત મુક્ત કરી દીધાં છે. મોતની વાટ જોતાં આ બધા ઇઝરાયલીઓ છે. કૂંડાળામાં બેઠાં છે.

ફરતી રીંગ છે સાત રેડ આર્મીના આંતકીઓની - તાલીબાનોથી ભૂંડા આ રેડઆર્મીમાં બહુધા જર્મનો જોડાતા હતા, અહીં જે સાત હતા તેમાં બે સ્ત્રીઓ હતી! પછીનો મોટો ઘેરાવો હતો સ્થાનિક ઇદિ અમીનના કાળિયા લશ્કરનો. યુગાન્ડાના આ હરામખોર વડાના ટેકાથી જ વિમાન અહીં લવાયું છે. રેડ આર્મીને તેનો પૂરો ટેકો હતો.

દર ચાર-છ કલાકે અધિકારી આવીને ભાષણ કરે છે. હવે થોડા કલાકોમાં કતલ શરૂ થશે. તમારી સરકાર દાદ દેતી નથી, અમારા થોડાં મિત્રોને (પકડાયેલા

આતંકવાદીઓને) છોડી દે તો અમે તમને જવા દઈએ. તમારી સરકાર જુઠા વાયદા કરે છે. (આ જુઠ્ઠા વાયદા જ હતા, લાલચ જ હતી. છેતરામણ જ હતી. આજ સુધી આતંક સામે નહિ નમેલા યહૂદીઓ નમશે નહિ. આ બદમાશોને એકબાજુ વાયદાઓ-લાલચો-અને ચાલાક બહાનાઓ બતાવીને હત્યાઓ રોકવાનું સમજાવનાર યહૂદીઓ બીજી બાજુ લશ્કરી ઉપાયો યોજી રહ્યાં હતાં. આ ૪ દિવસમાં, બે વાર તો તેમણે વતનમાં બંધકો છોડાવવાનું રિહર્સલ પણ કરી લીધું છે!) આજની રાત છેલ્લી છે. આવતીકાલે સવારથી અમે એક પછી એક જણની હત્યા શરૂ કરીશું. સમય મળે ત્યારે ઇદી અમીન પોતે પણ ભાષણ કરી જતો. હું તો તમારો મિત્ર છું. તમારો જીવ બચાવવા મેં બહુ મહેનત કરી છે, તમારી સરકારનો વાંક છે, તેઓ નહિ માને તો તમારી હત્યા થશે વગેરે વગેરે. **ગાદીએથી ઉતરી ગયા પછી દેશ છોડીને નાસી ગયેલા આ દેશદ્રોહી ઇદી અમીનના કેવા હાલ થયા તે તો તાજો ઇતિહાસ છે.**

ચાર દિવસથી જાણે ટુકડે ટુકડે એમને મોત મળતું હતું. પણ ફસાયેલા ઇઝરાયેલીઓને ઊંડે ઊંડે આશા હતી બચી જવાની. પ્રજાને સરકારમાં પૂરો વિશ્વાસ હતો. નિરાંતે એક યુવાને વિગતવાર વાતો ખૂણે બેસીને, નોંધી છે. જે વિગતો બહાર આવી તેમાં એના લખાણે ઘણા હૂબહૂ વર્ણનો કર્યા છે. સરકાર નમી પડશે, માની જશે, મોટાભાગના લોકોની આવી ધારણા હતી. છેલ્લા થોડા કલાકો બાકી હશે ત્યારે ત્રાટકશે એવો તો કોઈને ખ્યાલ ન હતો. પણ રામ રાખે તેને કોણ મારે? અને છત્ર હોય ઇઝરાયેલ સરકારનું! પાછા ડાહીમાના દીકરા કહેવાય. AS WISE AS SOLOMON- અંગ્રેજી કહેવત નથી? શાણો હોય તો સોલોમન જેવો આ સોલોમન ઇઝરાયેલી હતો.

ઇઝરાયેલના એરપોર્ટ પર ચાર જમ્બો જેટ-હરક્યુલસ- તૈયાર છે. બધી સીટો કાઢી નાંખીને સરંજામ માટે અને હોસ્પિટલના થિયેટરો માટે જગા ફાળવાઈ છે. ૪૦૦થી વધુ સૈનિકો ઊડવા માટે થનગની રહ્યાં છે. પ્રધાન મંડળની મંજૂરીની રાહ જોવાય છે. પ્રધાનો ઉગ્ર ચર્ચા કરે છે. જવું કે નહિં? સફળ ન થઈએ તો નાલેશી થાય. વધુમાં પેલા ૧૦૦ સાથે બીજા ૪૦૦ ચુનંદા ઇઝરાયેલીઓ પણ માર્યા જાય. લાંબી વાટાઘાટોને અંતે મંજૂરી અપાઈ. ટાર્ગેટ કરતાં ઉડ્ડયન એક કલાક મોડું શરૂ થયું. સાંજે વહેલા નીકળવાનું હતું. સવાર પહેલાં પાછા ફરી જવાનું હતું. અંતર પૂરા ૩૭૦૦ કિલોમીટર!! ૪૦૦ યોદ્ધામાં ૨૫ ડૉક્ટરો, ૧૦ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો અને જરૂરી નર્સો હતી. તેમની ગણતરી ૩૦ મોત અને ૫૦ ઘાયલોની હતી.

બરોબર રાતના ૧૨.૦૦ વાગે, જરાપણ અવાજ વગર એરપોર્ટના દૂરના ખૂણે એક પછી એક, ચાર વિમાનો ઉતરે છે. જમીનથી એટલા નજીક ઊડ્યા છે કે દુશ્મન દેશોના રડાર પર પકડાયા નથી! ચારેયમાં લાંબી સફરનું ઇંધણ ભરવા પાંચમું વિમાન કામ પતાવીને પાછું ફર્યું છે! આ લોકોએ યોજના પ્રમાણે, હવાઈ મથકના નક્શા પ્રમાણે આયોજન કરેલું. ૧૦-૧૫ જણની એક એવી ૮-૧૦ ટુકડીઓ પાડેલી. પહેલી જ ટુકડીએ દૂરસંચારના સાધનો, રડાર ટાવર વગેરેનો ભૂક્કો બોલાવી દીધો. બીજીએ પેટ્રોલની ટાંકીઓને આગ લગાડી દીધી. ત્રીજી, મોટરમાં બેસીને આઘેના રસ્તેથી મુખ્ય દરવાજે પહેરા માટે, નવી કુમક આવે તો મશીનગનથી સ્વાગત કરવા પહોંચી. ૨૦૦ કાળિયા સૈનિકોને તો એકસાથે મશીનગનોથી ભૂંજી નાંખ્યાં. પેલા ૭ રેડ આર્મીમાંનાં પાંચ મરાયા, ૨ જીવતા પકડાયા. ૪ ટુકડી પેલા ૪ વિમાનોના રક્ષણ માટે ગોઠવાઈ. બે ટુકડીઓ, હિબ્રૂમાં બોલીને બંધકોને વિમાનો તરફ દોરી ગઈ. રાતના બાર, એટલે અડધા તો ઊંઘતા હતા. એટલે ક્રોસ ફાયરિંગમાં અડફેટે આવવાનું ટળ્યું. અને બધાને ખબર, આવા પ્રસંગે શું કરવું, જન્મ્યા તે દિવસથી શિક્ષણ એવું લીધેલું ને! જો કે ઊંઘમાંથી ઝબકીને ઉઠેલા એટલે બે ચાર જણને ગોળી વાગી. પણ ઘાતક નહિ.

બધું સમુંસૂતરું પાર પડ્યું. સૌ વિમાનમાં ગોઠવાઈ ગયા. ૪૦૦ વત્તા ૧૦૩! હવાઈ મથક સાવ સૂમસામ. પેટ્રોલની ટાંકીઓ બળે તેનું ઝળાંહળાં અજવાળું બધે પથરાય. ફિલ્ડ કમાંડર હા પાડે એટલે વળતી સફર શરૂ. પણ ફિલ્ડ કમાંડર Mr. YONNI NETANYAHUને થયું, કોઈ બંધક ઘાયલ થઈને, મૂર્છિત થઈને પડ્યું હશે તો? કોઈ ગભરાઈને બાથરૂમમાં લપાઈ ગયું હશે તો? એક ચક્કર મારીને બે-ત્રણ મિનિટે આવું, પછી ઉપડીએ. આપણો કમાંડર હોય તો આટલી ચિંતા કરે નહિ. કરે તો પોતે જાય નહિ, દિલાવરસિંહ કે રાજેનબાબુને મોકલે. પણ અહીં તો યહૂદી કમાંડર હતો, એને માથે જવાબદારી હતી. એક પણ ઇઝરાયેલી ભૂલથી રહી ન જાય. એ ગયો ચક્કર મારવા, એરપોર્ટ ખાસ્સું મોટું. બધેથી ફરીને પાછો ફર્યો ત્યાં અધવચ્ચે, ટર્મિનલના મકાનમાં છૂપાયેલા કોઈ સૈનિકે તેમને વીંધી નાખ્યા. આ એક મોત સિવાય એક માજી સાંજે હોસ્પિટલમાં રોકાયેલા તે બીજું મોત. બધું હેમખેમ પાર પડ્યું. સવારે ૮ વાગે સૌ પોતપોતાને ઘરે!

છેલ્લે એક ખાસ વાતઃ પ્રસિદ્ધિ અને વાહવાહની.

ઇઝરાયેલમાં તેને નામે મીંડું. ફરજ હતી તે કર્યું. બસ. આ સફળ મહા અભિયાનના સમાચારો છાપામાં છપાયાં, સાડી ત્રણ લીટીમાં! "આપણા બંધકો વતન હેમખેમ આવી ગયાં છે, એક જ મરણ થયું છે : ફિલ્ડ કમાંડરનું." આપણે ત્યાં પૂર્તિઓ નીકળે.

અંતમાં આ અત્યંત ખંતીલી, ખમીર અને ખુમારીવાળી ખડતલ, અને જિંદાદિલ પ્રજાને માથું નમાવીને કહીએ : સલામ.

(એક જાણકારી : આ ઇઝરાઈલીઓના નેજા હેઠળ ૫/૭ સ્કૂલો અમદાવાદમાં ચાલે છે.)

***એ/૫, મલ્હાર ફ્લેટ, વાસણા, અમદાવાદ.***

# કચ્છ અને અસમ : એક સંબંધ યાત્રા

• વિષ્ણુ પંડ્યા •

અથથી ઇતિ કે ઇતિથી અથ સુધીની આ કહાણી Love at first sightની-પહેલી નજરે પ્રેમની-જ છે. એ ક્ષણનું એવું ને એવું સ્મરણ છે જ્યારે કચ્છ અને અસમની સાથે મારી પ્રણયયાત્રા શરૂ થઇ હતી! **મિત્ર મકરંદ દેસાઇ તો ઘણીવાર કહેતા કે પૂર્વજન્મે કે હવે પછી તેં કચ્છમાં જ ક્યાંક જન્મ લીધો હશે!** આવો જ અહેસાસ અસમનો રહ્યો છે. આમેય આ બે છેડાના સીમાંત પ્રદેશો છે. એક પશ્ચિમે અને બીજો પૂર્વોત્તરમાં, પણ કચ્છથી કામરૂપઃ એક સરખી સંવેદનાઓ વિસ્તરેલી છે; પ્રજાગત સંવેદનાઓ-યુદ્ધની-શાંતિની, વિવાદ અને વિખવાદની, હિજરત અને ઘૂસપૈઠની. વિષાક્ત રાજનીતિની. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની. કચ્છમાં મહાભૂકંપ આવે છે તો અસમનાં ગામડાંઓને બ્રહ્મપુત્ર વિનાશકારી આશ્લેષમાં જકડી લે છે. **મૃત્યુ આ બે પ્રદેશોમાં ક્યાંય વિસ્મયની વાત નથી.** ભૂકંપના મૃત્યુ અને નેલ્લી-હત્યાકાંડના મૃત્યુ; બંને જગ્યાએ કતારબંધ લાશો જોઇને હા-હા-કાર ન થાય તો જ નવાઇ!

પણ, કચ્છ અને અસમની એક બીજી અદ્‌ભુત સામ્યરેખા છે! બંને પ્રજાનો પોતાનો ઇતિહાસ છે, પરંપરા છે, જીવનશૈલી છે. હાસ્ય અને રૂદન છે.

બીજા પ્રદેશો કરતાં તે સા-વ અલગ છે. એકલા મહાગુજરાતનો નકશો જુઓ તો તુરત ખ્યાલ આવશે. સુરતી લાલાઓ, ચરોતરી ખેડૂતો, ડાંગના અને પંચમહાલના આદિવાસીઓ, આ તરફ અમદાવાદ અને પછી ઝાલાવાડ, ગોહિલવાડ, હાલાર અને સોરઠનું લોકજીવન. આ સૌની પોતાની ખૂબી ખામી તો છે પણ **સામખિયારી પહોંચતાવેંત કોઇ પરદેશીનેય એક અલગ પ્રદેશમાં પ્રવેશ્યાનો અનુભવ થાય!**

મને તો આ અનુભવ દરેકવાર થયો છે. તેની શરૂઆત કદાચ, કચ્છ-સત્યાગ્રહનાં દિવસોમાં થઇ હતી. એ પહેલાં ‘કચ્છ જો ઇતિહાસ’ના પાનાં પર જાણ્યો હતો, કલ્પના કરી હતી. કનૈયાલાલ મુનશીના ‘જય સોમનાથ’ ને વાંચીને કે મુહમ્મદ ગઝનવી આ રણમાંથી પાર થઇને કઇ રીતે હેરાન પરેશાન થતો ગઝનવીના રાજમહેલમાં પહોંચ્યો હશે અને લૂંટફાટનો માલસામાન-જરઝવેરાત, હાથી-ઘોડા, દાસદાસીઓ ત્યાં ઠાલવ્યા હશે!

પણ, બાળ મનને કચ્છ-સિંધનો પહેલો અહેસાસ રાણકદેવીએ કરાવેલો. ઊંચા ગઢ ગિરનારને નિહાળતાંવેંત વીજકન્યા જેવી રાણકની સાંગોપાંગ કથાનું સ્મરણ થાય. **સિંધના રાજા સુમરાએ તેને જનમતાંવેત તરછોડી હતી. તેને સોરઠના કુંભાર પરિવારે જાળવી, રા'ખેંગારે તેને રાજમહેલની રાણી બનાવી.** પણ આ રાણકની ભાગ્યરેખા દ્રૌપદી જેવી હતી; અગ્નિશિખા સરખા દિવસ-રાત તેના નસીબ હતા. સિદ્ધરાજ તેના ખેંગારને દગાફટકાથી મારી નાખીને અપહરણ કરી લઇ જતો હતો ત્યારે તેના અભિશાપમાં બે વ્યક્તિ-ખેંગાર અને સિદ્ધરાજ-નો ભેદ તો અંકાયો જ, બે પ્રદેશ-સોરઠ અને ઉત્તર ગુજરાત-વચ્ચેના અંતરને ય કહી દીધું હતું :

*બાળું પાટણ દેશ*
*પાણી વિના પૂરા મરે*
*સરવો સોરઠ દેશ*
*સાવજડા સેંજળ પીએ!*

આ રાણક હતી તો કચ્છ-સિંધ મુલકની જ ને? ત્યાંથી કચ્છ-પ્રીતિની શરૂઆત થઇ અને માંડવીના ધૂળિયા મહોલ્લાના એક જર્જરિત મકાન આગળ જઇને અટકી. **ત્યાં, હિંદુસ્તાનના પહેલવહેલા સ્વાતંત્ર્યસમર ૧૮૫૭ના દિવસોમાં જનમ્યા હતા શ્યામજી કૃષ્ણવર્મા. ભૂલા ભણશાળીનો આ ગરીબ પુત્ર દીવાબત્તીના અજવાળે ભણીને, છેક લંડન જઇને સંસ્કૃત, પુરાતત્ત્વનો પ્રકાંડ પંડિત બન્યો.** તેની પંડિતાઇ એકદંડિયા માયામહેલમાં રહેવાને બદલે જગત આખાને ભારતની ઘનઘોર ગુલામી તરફ નજર રાખવા માટે ખરચાઇ. લંડનમાં ‘ભારતભવન’ અને લંડન-પેરિસ-વિયેનાથી લગાતાર ‘ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ’નું પ્રકાશન... આજે કદાચ આ ઘટનાઓનું મૂલ્ય ઘસાતું ચાલ્યું છે પણ એકસો વર્ષ પહેલાના ગૂંગળાવનારા પ્રતિબંધિત દેશમાં આ કામ કરવું તેની કલ્પના કરતાંયે થથરી જવાય છે. એમના જીવનના સંશોધન અને અભ્યાસ દરમ્યાન કચ્છ વિશેની એક આકૃતિ મારા મનમાં રચાઇ ગઇ હતી- અહીંના જીવંત અને જાજવલ્યમાન માણસોની-તે આજેય એવીને એવી જ છે.

**‘કચ્છી માડૂ’ની પોતાની ખાસિયતો છે.** દરેક ચહેરાની પાછળ તેની એક છબી છે, ભાષા છે, વ્યવહાર છે. તે કચ્છી બોલે કે ગુજરાતી-તેના રણકારમાં અને લિહાજમાં કોઇ ફરક પડતો નથી. તેનું જીવન રણ અને આકાશની વચ્ચે આશા અને મહત્ત્વાકાંક્ષાના કૂબા બનાવતું રહ્યું છે. તેના દિલોદિમાગમાં ક્યાંય ઊંડે ઊંડે પરંપરાનો આછોપાતળો અહેસાસ પડ્યો છે કે ખૂવારી અને ખુમારી જે રીતે વારસામાં મળ્યા છે તેનો એક છેડો ધોળાવીરાના સહસ્ર વર્ષ પૂર્વેની સંસ્કૃતિમાં પડ્યો છે-એ સંસ્કૃતિને તમે સિંધુની કહો કે તેથીયે પ્રાચીન ગણાવો, તેમાં સામૂહિક અસ્તિત્વની દીર્ઘકહાણી આલેખાયેલી છે. તેનો જ નાનકડો અવશેષ છે આજનો કચ્છી! તેનું નિત્યનૂતન રહેવું એ વિસ્મયયકારી, પણ વાસ્તવિક સ્થિતિ છે.

*બાળક અભ્યાસમાં નબળું હોય તો ટ્યૂશન રાખવાને બદલે જાતે ભણાવો.*

કચ્છ અને અસમના દૈનંદિન જીવને અ-પાર ઉતારચઢાવ અનુભવ્યા છે અને તેમાં મોખરે રહી છે પીડા અને મહત્વાકાંક્ષાને ઉજાગર કરતી લક્ષ્મીઓ! કચ્છ અને અસમની સ્ત્રીઓએ ઘરઆંગણે અને ખુલ્લાં મેદાનોમાં, સામાજિક બદલાવનું પ્રતિનિધિત્વ કર્યું છે તે એક આખો સામાજિક ઇતિહાસ છે. વ્યક્તિ, પરિવાર પડોશ, સમાજ અને વતન માટેની 'મૌન ક્રાંતિ' આ ભણેલી કે અભણ ગૃહલક્ષ્મીઓએ ના કરી હોત તો આ પ્રદેશોની ઓળખ અધૂરી જ રહી ગઇ હોત.

અંજારની તોળીરાણીને છેક બચપણમાં એક દેશી નાટક મંડળીના મંચ પર જોઇ હતી. પછીથી અંદાજ આવ્યો કે એ કંઇ એકલા લૂંટારા જેસલ જાડેજાને બદલાવવાની કહાણી નહોતી; સામંતી યુગમાં માણસના મનમાંથી ઘોર નિરાશા-હતાશાનો કાદવ ઉલેચવાનો એક મહાપ્રયાસ હતો. એકલી તોરલદે શા માટે, કચ્છની એવી ઘણી મહા-લક્ષ્મીઓનો દાયરો છે; કોઇને કોઇ ગામડે તે લોકગીત અને લોકકથામાં વિરાજિત છે.

અને અસમ? **કૃષ્ણની પ્રિય રૂકમણી આ અખંડ અસમની! ભીષ્મક પુત્રી રૂકમણીને કૃષ્ણ અહીંથી ઉપાડી ગયેલા.** અગ્નિગૃહ તેજપુરની નજીક આવેલું છે. ત્યાં અનિરુદ્ધ-પત્ની ઉષાનું બાળપણ વિત્યું હતું. ૧૯૮૦માં પહેલીવાર એ સ્થાને જવાનું થયું ત્યારે આશ્ચર્ય થયું કે અરે, ઇશાનના છેક બીજા છેડે સૌરાષ્ટ્રના સમુદ્ર કિનારે ઉષા-સ્થાપન કઇ રીતે થયું હશે! આજે તો તે 'ઓખા' શબ્દમાં ફેરવાઇ ગયું છે અને વાઘેર જનજીવને તેનું સ્ત્રીમાંથી પુરુષ ('ઓખો')માં રૂપાંતર કરી નાખ્યું છે. મહા-ભારતે અસમની પ્રિયતમાઓની એક પંક્તિ સરજી છે. ઋકમણી કંઇ એકલી નહોતી, તેની એક સખી ચિત્રંગદા. અર્જુનની આ પ્રેયસી હજુ મણિપુરની યુવતીઓમાં પ્રતિબિંબિત થાય છે. પણ અર્જુન ક્યાં છે? હજુ હમણાં મણિપુરી મહિલાઓને પોતાના સમાજની અસ્મિતા માટે રસ્તા પર ઉતરવું પડ્યું હતું. મોટું જનાંદોલન ચાલ્યું. રોજ મશાલ સરઘસો નીકળે તેમાં મણિપુરી સ્ત્રીઓ આગળ રહે. આ વિસ્તારના તમામ રાજકીય પક્ષોના નેતાઓએ મોં છૂપાવીને, નિષ્ક્રિયતાના દંડ રૂપે ભાગી જવું પડ્યું હતું. કચ્છની સ્ત્રીઓના એવા મિજાજનું મને યથાતથ સ્મરણ છે. ભારત-પાકિસ્તાન યુદ્ધમાં જવાનોએ તો લોહી રેડીને છેક સિંધ-થરપારકર સુધીનો વિસ્તાર મેળવ્યો હતો પણ યુનોના ઠરાવ મુજબ આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો કે ભારતે છાડબેટ પાકિસ્તાનને આપી દેવું પડશે. છાડબેટ તો કચ્છના ધબકતા હૃદયનો એક ટુકડો! કચ્છી માડુઓને લાગ્યું કે આવું હસ્તાંતર અન્યાયી છે. **તેને માટે સત્યાગ્રહનો બુંગિયો ફૂંકાયો- સ્વતંત્ર ભારત ના યાદગાર સત્યાગ્રહોમાંનો એક 'કચ્છ-સત્યાગ્રહ' હતો.** તમામ વિરોધ પક્ષો એક મંચ પર એકત્રિત થયા. સત્યાગ્રહ કરવા માટે બેરિસ્ટર નાથપાઇ, જયપુરના રાણી ગાયત્રીદેવી, એન.જી. રંગા, મધુ લિમયે, રાજનારાયણ, જગન્નાથરાવ જોશી, રાજમાતા વિજયારાજે સિંધિયા અને અટલબિહારી વાજપેયી.... આ તમામ નેતાઓ એક મહિના સુધી કચ્છને ખૂંદતા રહ્યા. કચ્છના મહારાવ પણ સત્યાગ્રહમાં જોડાયા. પાંત્રીસ વર્ષ પૂર્વેના દૃશ્યો તાજા થાય છે; ભુજના ચોકમાં રોજ રાતે જાહેરસભા થતી. રાષ્ટ્રીય સ્તરના ધૂરંધરોના ભાષણો થાય. મોડીરાત સુધી સભા ચાલે. છેલ્લા વક્તા અટલબિહારી વાજપેયી હોય. એવી એક સભામાં તેમણે ભારત-દર્શનનું ગદ્ય કાવ્ય પ્રસ્તુત કર્યું હતું, આ શબ્દોમાં- 'ભારત કોઇ જમીંકા ટુકડા નહીં હૈ, વહ એક જીતાજાગતા રાષ્ટ્રપ્રમુખ હૈ. ઉસકી હર નદી ગંગા-જમના હૈ, હરેક કંકર શંકર હૈ...' ત્યાંથી શરૂઆત કરીને અંતે- **'હમ જિયેંગે ઉનકે લિયે, મરેંગે ઉનકે લિયે, હમારી હડ્ડિયાં ભી ગંગામે બહતે હુએ બોલેગી-ભારત માતા કી જય!'**

વિપક્ષોના એકત્રીકરણની ભૂમિકા કચ્છ-સત્યાગ્રહે બાંધી આપેલી. અને કચ્છ પોતે કેવું ઉત્સાહી અને રોમાંચિત હતું એ સત્યાગ્રહ માટે? રેલવે સ્ટેશન પાસેની વાડીમાં સત્યાગ્રહીઓ માટેની વ્યવસ્થા હતી. કચ્છી મહિલાઓએ રસોઇ કરવાની, જમાડવાની જવાબદારી ઉપાડી હતી.

દેશભરના સત્યાગ્રહીઓ અહીં રોજની ટ્રેનમાં ઠલવાતા. પછી, ખાવડાથી આગળ ધર્મશાળા બ્રિજની પાસે સત્યાગ્રહીઓ ધસી જતા; સત્યાગ્રહ થતો. પોલીસ તેમને પકડી લેતી. જ્યોર્જ ફર્નાન્ડિઝ અને તેમના સાથીદારો પોલીસ નજરથી છટકી જઇને પાકિસ્તાની સરહદ સુધી પહોંચી ગયા હતા. સૌનો શ્વાસ અદ્ધર થઇ ગયેલો કેમકે રણ પ્રદેશમાં ભૂલા પડેલા નાગરિકો માટે તરસ્યાં મોત સ્વાભાવિક હતાં. પછીથી થયેલાં ભારત-પાક યુદ્ધમાં ભારત-વિજિત નગરપારકર પણ સોંપી દેવાનું નક્કી થયું. તેની સામે બનાસકાંઠાના સૂઇ ગામથી સત્યાગ્રહ થયો હતો. મધ્યપ્રદેશના વર્તમાન રાજયપાલ ડૉ. ભાઇ મહાવીર ટુકડીના નેતા હતા. એ સત્યાગ્રહનો અનુભવ એવો રહ્યો કે નિશ્ચિત દિશામાં જવાને બદલે સત્યાગ્રહીઓ આડાઅવળા ચાલવા લાગ્યા. નમકની સપાટીનો રસ્તો ભ્રમ પેદા કરે એવો! ધોમધખતા તાપમાં તેમાં પગ પડતા નમકની સપાટી તૂટે, પગમાં વાગે એટલે લોહી નીકળે અને સપાટી નીચેનું ગરમ થયેલું નમકીન પાણી દઝાડે. આ સંજોગોમાં તરસ્યા કાંઠે, બફારો અને લોહીલુહાણ પગલે રણમાં આગળ વધવાનું થયું હતું. હાથવેંત છેટા મોતનો એ અનુભવ યાદ કરું ત્યારે બન્નીના વિસ્તારમાં સત્યાગ્રહ પૂર્વે ઉથાપી પડેલી જીપની દુર્ઘટનાનુંયે સ્મરણ થાય છે :- સારું થયું કે જ્યોર્જ હેમખેમ પાછા વળ્યા હતા.

આ યાદગાર સત્યાગ્રહની પરમ છાંયડી કચ્છીજનોએ રચી હતી. જે મહિલાઓ પ્રેમપૂર્વક રસોઇ કરીને અન્નપૂર્ણાની ભૂમિકા કરતી હતી તેમાંથી એક દમયંતી રસોઇ કરતાં દાઝીને મૃત્યુ પામીઃ સત્યાગ્રહ દરમિયાનનો એ કરુણ બનાવ હતો. તે દિવસે જે સત્યાગ્રહીઓ પકડાયા તે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના હતા. ભુજની જેલમાં તેમને રાખવામાં આવેલા. જગન્નાથ રાવ જોશીએ તે બધાની સમક્ષ ગીતા-પ્રવચન કર્યું હતું! જેલની કોટડીની એક દીવાલ પર સત્યાગ્રહીઓએ લખ્યું હતું : શહીદ

*બાળકની અન્ય બાળકો સાથે તુલના ન કરો, તેને ઉતારી ન પાડો.*

દમયંતીને અમારાં પ્રણામ! આજે તો એ અક્ષરો ભૂંસાઇ ગયા છે અને જેલ પણ ભૂકંપમાં પડી ગઇ પણ તેમાં રહેલો હૃદયપૂર્વકનો રણકાર હજુ એવોને એવો સંભળાય છે.

કચ્છના એ સત્યાગ્રહનું એક અનુસંધાન અસમ સાથેનું પણ છે! સિત્તેરના દસકાથી જ ત્યાં 'બહિરાગત' અને 'બિદેશી'ની સામેના જનાંદોલનના બીજ હતા. કચ્છ-સત્યાગ્રહના પહેલા દિવસે ખાવડાની બહાર, સત્યાગ્રહ છાવણીની પાસે એક ટેકરી પર હું ઊભો હતો હેમ બરુઆની સાથે. આ ખ્યાત સમાજવાદી આગેવાન ઇશાન ભારતની રાજનીતિ અર્થનીતિ-સમાજનીતિના પ્રખર અભ્યાસી હતા. તેમના પત્ની અનુરાધા બરુઆ મોટા ગજાના અસમિયા સાહિત્યકાર હતાં. કચ્છ-સત્યાગ્રહની સભામાં હેમ બરુઆ હિંદી-અંગ્રેજી-અસમિયા મિશ્રિત ભાષામાં બોલ્યાં હતાં. **તે દિવસે તેમણે અસમમાં ઘૂસણખોરીની વાત કરી. 'કચ્છના રસ્તે ગુજરાતમાં આવું ન બને તેવી સાવધાની રાખવાનું કહેવા માટે હું ગુવાહાટીથી કચ્છ આવ્યો છું' એમ તેમણે મને કહ્યું તેનું હજું સ્મરણ છે.**

પછી તો, થોડાંક વર્ષોમાં જ અસમે પોતાના આંદોલનને ધારદાર બનાવી દીધું. ૧૯૮૦ અને ૧૯૮૩માં આ સામૂહિક સંઘર્ષને નજર સામે નિહાળવાનું બન્યું. એ વર્ષોમાં અખંડ અસમની યાત્રા કરી હતી. અખંડ એટલે સાત પ્રદેશોનું બનેલું ઇશાન ભારત-અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરા, અરુણાચલ, મિઝોરમઃ આ સપ્તભગિની (સેવન સિસ્ટર્સ) સ્વાધીન ભારતના વિકેન્દ્રિત રાજકરણની ભેટ છે, એ પહેલાં તો પુરું અસમ અખંડિત હતું અને ૧૯૪૭માં તેને પૂર્વ પાકિસ્તાનની સાથે ભેળવી દેવામાં આવે તેવા દાવપેચ શરૂ થઇ ગયેલાં!

આ અસમની ભાગ્યરેખા બરાબર કચ્છની જેમ, કૃત્રિમ વિભાજનની સરહદ સાથે જોડાયેલી છે. કચ્છ અને સિંધનો નેહનાતો પહેલાંયે હતો અને આજે પણ છે. ભારત-પાક યુદ્ધ વખતે સિંધથી સોઢા રાજપૂતો અને દલિત વસતિની વણઝારે સરહદ પાર કરીને કચ્છ-બનાસકાંઠામાં છાવણીઓ નાખી હતી. અસમને બાંગ્લાદેશની સાંસ્કૃતિક ધરોહરનું બંધન છૂટ્યું નથી. સ્વતંત્રતાની લડાઇમાં બાંગ્લાદેશના એક મોટા વિસ્તારને સ્વાધીન કરનાર માસ્ટરદા સૂર્યસેનનું નામ 'ચટ્ટગ્રામવિદ્રોહ'ની સાથે જોડાયેલું છે; જેવું કચ્છ માટે શ્યામજીનું નામ અવિસ્મરણીય તેવું જ આ ક્રાંતિસૂર્યનું નામ બાંગ્લાજન માટે-અસમમાં તેના અનેક તરુણ શિષ્યોએ જાનફેસાની કરેલી છે.

મને લાગે છે કે ૧૯૮૦માં ચરમસીમાએ પહોંચેલું અસમ-આંદોલન પણ આવી જ પરંપરાની દેન રહ્યું. સમસ્યા પોતાની સંસ્કૃતિનાં વિલોપનને રોકવાની હતી. બ્રહ્મપુત્રાના કિનારે છેક વીસમી સદીની શરૂઆતથી રાજકીય દૃષ્ટિપૂર્વક વસાવી દેવાયેલા પૂર્વ બાંગલાના (પછીથી પૂર્વ પાકિસ્તાન અને બાંગ્લાદેશ) મુસ્લિમોની વણઝારે આર્થિક-સામાજિક-ભાષાગત માળખું જ બદલાવી નાખ્યું હતું. તેવા ભયના ઓથાર હેઠળ આ જનાંદોલન ચાલ્યું. શરૂઆત અસમ સાહિત્ય સભાથી થઇ. **(કલ્પના યે થઇ શકે કે ગુજરાતી સાહિત્ય પરિષદ આવું સાહસ કરે?)** પછી તબીબી વિજ્ઞાનના વિદ્યાર્થીઓ ભળ્યા એટલે અન્ય કોલેજોના છોકરડાઓ રસ્તા પર આવી ગયા. ઘરમાંથી ગૃહિણીઓ નીકળી. સરકારી કર્મચારીઓએ પણ ઝૂકાવ્યું. કવિ, લેખક, ચિત્રકાર... કોઇ બાકી ના રહ્યું.

ગુવાહાટીની બજારમાં મેં તેનાં શાંત સરઘસો જોયાં છે. રાતે મશાલો લઇને નીકળેલી સ્ત્રીઓ નિહાળી છે-ઠંડીગાર રાતે 'ફૂકૂન ભુવન'માં મોડે સુધી આંદોલનના ગીતો લોકો માણતા હતા. જજીઝ ફિલ્ડમાં પ્રસેનજિત બરુઆનાં અસમ આંદોલનને લગતાં ચિત્રોની પ્રદર્શનીમાં ભીડ ઉમટતી હતી. કોટન કૉલેજના ઓરડામાં તબીબી આંદોલનકારી છાત્રોએ મને પૂછ્યું હતું; ગુજરાતના છાત્રોએ ૧૯૭૪નાં નવનિર્માણ આંદોલનમાં કેવી વ્યૂહરચના અપનાવી હતી?

મૂળભૂત રીતે આ એક સરહદી સમસ્યા હતી. પછી તેમાં આડ-સમસ્યાઓ ઉમેરાતી ગઇ. એ દિવસોમાં -૧૯૮૦ અને પછી ૧૯૮૩ માં- અસમના રળિયામણા પણ ક્ષુબ્ધ અને હતાશ વિસ્તારોમાં ફરતાં કચ્છનું સ્મરણ થઇ આવતું. કદાચ, કચ્છીને પોતાને ખબર ન હોય પણ કે-ટ-લી બધી સુષુપ્ત તાકાત તેનામાં પડી છે જેને સામાન્ય સમસ્યાઓ વિંટળાઇ વળી છે? કોઇ રીતે કચ્છ પછાત નથી, પાછળ નથી. તેની પાસે એક જીવંત અને મીઠ્ઠી બોલી છે. તેની પાસે સૂક્ષ્મતર ભક્તિભાવ અને જ્ઞાનમાર્ગ સુધી પહોંચેલા મહા-સંતો છે. ભજનના એકાદ સ્વરથી અહીં મનુષ્યોનાં જીવતર બદલાયા છે. મૃગજળ તો અહીં પણ છે પણ સમુદ્રની છાતી પર વિદેશ વિહાર કરીને જીવનના વૈભવનો નક્શો બનાવનારા સાહસિકોની કોઇ ખોટ નથી. **કચ્છી વ્યાપારી સાહસિકો વિનાનું મુંબઇ કેવુંક કલ્પી શકાય?** અને, દૂરદરાજના નાનકડા ઝૂંપડામાં કે ભૂંગામાં બેસીને આંગળીના ટેરવે કલાકસબ નિપજાવનારા સુંદર અને સુદૃઢ હાથની કહાણી કેવી સમૃદ્ધ?

અસમ અને કચ્છમાં આવું ઘણું સરખાપણું છે. તેના સાંપ્રતનું, તેના ઇતિહાસનું, તેની પરંપરાનું, તેના સુખ-દુઃખનુંયે. ઇતિહાસ અને ભૂગોળ અહીં એકબીજામાં ભળી ગયાં છે. મેં અસમના નગરો અને ગામડાંઓ નિહાળ્યા છે : પૂર્વોત્તરના ૨,૯૪,૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારથી આપણે હજુયે ઘણાંબધા અજાણ છીએ. ૧૯૮૦ ની ચળવળ દરમિયાન અસમી છાત્રોને આપણે અલગાવવાદી અને જોખમી માની બેઠાં હતાં! એ દિવસોમાં ગુવાહાટી જવા માટે કલકત્તાથી નીકળ્યો ત્યારે ગુજરાતી મિત્રોએ ચિંતા સેવી હતી કે આ પરિસ્થિતિમાં તમે બરાબર સાવધાન થઇને રહેજો. **બીજા જ દિવસે, કોટન કોલેજમાં મને એક વિદ્યાર્થી નેતાએ કહેલું : 'અમારી ચિંતા એટલી જ છે કે બાકીનું ભારત અમારા માટે કેવીક ચિંતા કરે છે!'**

વાત એમની, રાજકીય રીતે પણ સાચી છે, અને સામાજિક રીતે તો ખરી જ ખરી.

*પોતાના બાળપણ સાથે બાળકના બાળપણની તુલના ન કરો.*

કચ્છમાં કોઇની બદલી થાય તો તેને 'જનમટીપ' ની સજા માટેનું આંદામાન લાગે- ગાંધીનગરના સચિવાલયમાં હજુ સજા કરવા માટે કચ્છમાં બદલી કરવામાં આવે છે. ખરેખર તો કચ્છ વિરાન રણ ઉપરાંતનો વહાલો પ્રદેશ છે તેનો અંદાજ દૂરથી કઇ રીતે આવે? સરદાર વલ્લભભાઇ તો નવેમ્બર, ૧૯૪૮ માં જૂનાગઢ મુક્તિની જાહેરસભામાં જ ચેતવી ગયા હતા કે પાકિસ્તાનનો કોઇ ભરોસો રાખવા જેવો નથી. કચ્છની સરહદેથી આક્રમણ થઇ શકે તેમ છે. ૧૯૬૫માં ભારત-પાક યુદ્ધ થયું ત્યારે પણ, કચ્છમાં પાકા રસ્તા નહોતા. વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સુવિધા નહોતી. રાધનપુર થઇને ભુજની રેલ સફર કરવાની હતી. સરહદ પર સૈનિકોએ લડવાનું આવ્યું ત્યારે આવી દશા હોય પછી કચ્છનાં આર્થિક-સામાજિક વિકાસ તરફ કોણ નજર રાખે? આજે પણ કચ્છીજનનું મન આળું છે તેના કારણો ઘણાં છે.

બરાબર આવી જ ઉપેક્ષા સરહદી અસમની થઇ! અહી જિંદગીના અસ્તિત્વ માટે ઝૂઝતી ગિરિવાસી-વનવાસી આદિમ પ્રજા અને પ્રાકૃતિક સંપદા-બંને આપણી સંસ્કૃતિના પ્રતીકો-પણ આ પ્રજા અને પ્રદેશની આપણે કોઇ દરકાર રાખી જ નહીં. નહીંતર ઇસુ પૂર્વે ૨૫૦૦ થી ઇસુ વર્ષ ૧૬૦૦- એમ ત્રણ હજાર વર્ષ સુધી ઇશાન ભારત આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કેન્દ્ર હતું. **અહીં જે જનજાતિઓ છે કાચારી, જેન્તિયા, ખાસી, ગારો, ચુતિયા.. વિશ્વ સંસ્કૃતિની સૌથી જૂની જાતિઓ છે કાચારી, રામા, મેઘ, મિકીર, લાલુંગ, ગારો, નાગ, કૂકી, જનજાતિના સ્ત્રી-પુરુષોની દેહરચનામાં 'મોંગોલોઇડ' સામુદ્રિક શાસ્ત્રનું એકસરખાપણું નિહાળી શકાય છે.** આ બાંધવભગિનીઓને મહાભારત યુગે તો પોતાના બનાવ્યા હતા, પણ પછીથી તેઓ ઉપેક્ષિત થતા રહ્યા. ખુદ ગાંધીજીએ 'હિંદ સ્વરાજ' પુસ્તકમાં અસમને ઠગ અને પિંઢારાનો પ્રદેશ ગણાવ્યો હતો! પછીથી તેમણે એ ભૂલ સ્વીકારેલીયે ખરી. વનવાસી ગિરિવાસીઓની વચ્ચે હજાર વર્ષથી સુદૂર દેશોના ઇસાઇ મિશનરીઓ તો પહોંચી ગયા અને આરોગ્ય, શિક્ષણનું કામ કચ્છની સાથે ધર્માંતરણ પણ શરૂ કર્યું, તેમાં ચરમસીમા આવી ત્યાં સુધી આપણા મઠ-મંદિર-મહારાજોની ઊંઘ ઊડી જ નહીં!

કચ્છ અને અસમનું સરિતાસુખ અતીત અને વર્તમાનની વચ્ચે એક દીર્ઘ અંતરાલનો અહેસાસ કરાવે છે. કચ્છની પાસે કોઇ મોટી નદી આજે તો નથી, પૂર્વે સિંધુ અને સરસ્વતી હતી- અસમની બ્રહ્મપુત્ર સુર્વણ-સરિતાની જેમ વહે છે. મા કામાખ્યાની સાથે સત્સંગ કરતી બ્રહ્મપુત્ર મેઘાલય સુધી વિસ્તરેલી છે અને દક્ષિણમાં થઇને ગંગાનું સાખ્ય સાર્થક કરે છે. અરુણાચલની તંદુરસ્ત પ્રજાએ તેનું નામ આપ્યું છે- 'સિયાંગ'. ચીનાઓ તેને 'દિબાંગ' કહેશે. તિબેટીઓ માટે તે 'ત્સાંગ પો' છે. ઉત્તરી પર્વતપિતાઓના ખોળેથી નાચતી કૂદતી બીજી નદીઓ છે : સુબંસરી, માનસ, વિસાંગ, સાંઝી, ધનશ્રી, ચંપા, પગદાલિયા... આ નદીઓના કિનારે સભ્યતા-સંસ્કૃતિ રચાયાં છે.

અને, આ નદી, પર્વતો, અરણ્યો, મંદિરો, રાજનીતિ, અર્થકારણ... બધાંથી વચ્ચે બેઠો છે તે છે- મનુષ્ય. તેના પડછાયા સહિતનો મનુષ્ય. ગુવાહાટીની 'પુકુરી' (નાનાં તળાવો) ને પાર કરીને વસેલાં ગુવાહાટીના ઘાટીલાં મકાનોમાં, શિલોંગની ઠંડીગાર રાતે સાંભળેલી ખાસી લોકતરજોમાં કે નૌગાંવ, તીનસુખિયા, કોહિમા, શિવસાગર, બારપેટા, કામરૂપ, દરાંગ, તેજપુર, ગોહપુર, મણિપુર... આ રમ્ય પણ ઉત્પાતિ નગરોની ભીડમાં અને ગલીમાં આવેલાં ઘરોમાં પ્રિય 'અસમિયા' સ્વજનોને મળવાનું થયું છે. તેમનાં ગીતો સાંભળ્યાં છે, તેમના 'બિહુ' ઉત્સવોમાં ભાગ લીધો છે, આતિથ્યના પ્રતીક જેવા 'ગમછા' સ્વીકાર્યા છે... અને તેમની વેદનાનો અનુભવ કર્યો છે. આવી જ પીડા અને મહત્ત્વાકાંક્ષાની રંગીન પણ ઉદાસ રંગોળીઓ કચ્છમાં અનુભવાઇ છે. તેનાં નાનકડાં નગર, ઠંડીગાર રાતે સામાન્ય અવરજવરમાં રાચતાં બસ સ્ટેશન, બજાર પાર કરીને ગલીના વળાંકે બંધ મકાનનું આંગણું, સફેદ રણનો અસબાબ, ભૂમિમાં વિલોપિત થઇ ગયેલી અંતઃસ્રોતા નદીઓ, ઊઘાડા આકાશ તળે મોડી રાત સુધીની ચહલપહલ, દેવાલયોનો ઘંટારવ અને વિદેશવાસી પંખીડાઓનું આગમન... આવું કચ્છ-દર્પણ જાળવી રાખ્યું છે. બસ, ટ્રેન, હેલિકોપ્ટર, ઓટોરિક્ષા, જીપકાર-જે હાથ લાગ્યું તેમાં સફર કરી છે. માંડવી, ભુજ, નારાયણસર, ભદ્રેશ્વર, ભચાઉ, અંજાર, સામખિયાળી, રાપર, મુંદ્રા, અબડાસા, ગાંધીધામ, ખાવડા, નખત્રાણા અને તાળાબંધ મકાનોવાળું સૂનું લખપતઃ અહીં બારણે ટકોરા માર્યા છે. **ખાવડાના સૂકા પ્રદેશ સુધી જતાં કચ્છ-સત્યાગ્રહ પૂર્વેનો જીપ-અકસ્માત, સુમરાસર અને ભુજોડીમાં કાંતિસેનભાઇએ સજાવેલું શ્રૃજન, દયાપરમાં યુવકોએ યોજેલું સીમા સંમેલન, સરહદ પરના ગામડાંઓની હાલત જાણવાના પ્રયાસો, 'બન્ની'ના ભૂંગાઓ, ધોળાવીરાના ખંડિયેરો, આશાપુરાનું મંદિર અને જખૌના કતારબંધ યક્ષો, માંડવીના પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું જર્જરિત મકાન, ભુજનું ઉમેદભુવન, સામખિયાળી સ્ટેશન પાસેનું અતિથિભુવન..** ઘટનાઓનાં મોતી બનીને તે જળવાયાં છે.

કચ્છ અને અસમની વચ્ચે ઘણા સામ્ય-ભેદ છે તે આ યાત્રાઓ દરમિયાન હૃદયસ્થ થયા છે. સીમાંત પ્રજાની પોતાની વેદનાઓ છે અને નિજી શક્તિઓ છે તેનો સ્નેહ પણ ધસમસતી નદી જેવો હોય છે... રાજકારણ અને રાષ્ટ્રકારણમાં તેનો 'વિશેષ' જાળવવાનો ઇતિહાસ-બોધ ક્યારે સ્વીકારીશું? કોણ જાણે!

*૩૬, સાકેત રો હાઉસ, મેમનગર,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૨.*
*ફોન : (૦૭૯) ૨૭૪૮૯૩૭૨, મો. ૯૮૨૪૫ ४६४૩૮*

# જાગ્યા ત્યાંથી સવાર

(શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનના પરિપ્રેક્ષ્યમાં એક ચિંતન)

● પન્નાલાલ ખીમજી છેડા ●

## ● વતનથી મુંબઇની વાટે :

કચ્છની સૂકી ધરતીને છોડી ધંધા રોજગાર માટે આપણાં વડીલો ધીરે ધીરે મુંબઇ તરફ આવતા ગયા. આપણી જેમ બીજી અનેક જ્ઞાતિઓ પણ પોતાનું વતન છોડી મુંબઇ અને દેશાવર તરફ વસતિ ગઇ. મૂળથી જ આપણે શ્રમજીવી. જાડા સંસ્કારો વડે ઘડાયેલું આપણું જીવન. મુંબઈમાં અનાજ, કઠોળ અને રસકસનો ધંધો આપણને ફાવી ગયો. દાયકાઓ સુધી આપણું આધિપત્ય એ વ્યવસાયો પર રહ્યું.

## ● ધાનનો ધંધો :

મુંબઈનું આપણું જીવન અત્યંત કઠિન હતું. અનાજ કરિયાણાનાં વેપારમાં એ સમયે નફાનું પ્રમાણ ઓછું. આગળ દુકાન અને પાછળ કે નજીકમાં જ ક્યાંક રહેઠાણ. સાદું જીવન. લાંબી બચત નહિ એટલે મોજશોખને અવકાશ નહિ. બે ત્રણ ભાઇ-ભાંડુઓ ધંધામાં સાથે હોય એટલે બહોળો પરિવાર નભાવવાનો. વડીલો સહિત એકાદ બે પરિવાર કચ્છમાં, તો એકાદ બે અહીં મુંબઈમાં વસે. બાળકો કચ્છની ધૂળિયા નિશાળમાં ભણતા હોય. પેટે પાટા બાંધીને પણ, કચ્છમાં મનીઓર્ડર પર નભતાં પરિવાર માટે થાય તેટલું કરી છૂટવું એવી કુટુંબભાવના સંયુક્ત કુટુંબોને ટકાવી રહી. તેના મૂળમાં હતો આ પરિશ્રમભર્યો વ્યવસાય.

બે વિશ્વયુદ્ધ સમયે વિશ્વની પરિસ્થિતિ ડામાડોળ બની હતી. તેજી મંદીના વૈશ્વિક પ્રવાહો વચ્ચે આપણો ધંધો મહદ્ અંશે એજ રહ્યો. અનાજ પર રેશનિંગ આવ્યું. આવા સમયે શ્રી ભુજપુરિયા શેઠ જેવું નેતૃત્વ સમાજને અને ખાસ કરીને આ વ્યવસાયને મળ્યું. આઝાદી પછીની આ વાત. આ સમગ્ર સમય દરમ્યાન વધુ ને વધુ પરિવારો કચ્છમાંથી આવતા ગયા. આપણી દુકાનો વધતી ચાલી, કંઇક અંશે નફાનું ધોરણ પણ વધ્યું.

## ● શિક્ષણ ક્ષેત્રમાં પગરણ

**શિક્ષણ ક્ષેત્રે ૧૦૬ વર્ષ પહેલાં દહેરાવાસી મહાજને પાલાગલી સ્કૂલ સ્થાપી. ત્યાર પછીના બે-ત્રણ દાયકાઓમાં વેલજીબાપાની પ્રેરણાથી ચીંચપોકલી શાળા, શ્રી હીરજી ઘેલાભાઇ સાવલા દ્વારા માટુંગા બોર્ડિંગ અને ૧૯૨૩ આસપાસ સોનગઢમાં છાત્રાલયની સ્થાપના થઇ.** શિક્ષણનું પ્રમાણ વધવાનો આરંભ થયો. નવી પેઢીએ શાળાંત શિક્ષણ પછી ઉચ્ચ શિક્ષણ લેવા માંડ્યું. વિકાસની નવી તકો શોધતી આ પેઢીએ સહુ પ્રથમ ઇન્સ્યુરન્સ અને ત્યારપછી વ્યવસાયના નવા ક્ષેત્રોમાં પગરણ માંડ્યા.

## ● રહેઠાણની પરિસ્થિતિ

૧૯૪૪માં ગોદીનો ધડાકો અને ૧૯૪૫ના બીજા વિશ્વયુદ્ધ સમયે મુંબઇની વસતિ પાંખી થઇ ગઇ હતી. સલામતીને ખાતર આપણાં સમાજનો મોટો વર્ગ વતનની વાટે ચાલ્યો ગયો હતો. આવા સમયમાંય આપણો વ્યવસાય ટકી રહ્યો. મારા પિતાશ્રી ખીમજીભાઇ છેડા એ સમયની વાતો કરતા મને કહેતાં કે, ઠેકઠેકાણે મકાનોમાં 'TO BE LET'ના પાટિયાં લાગેલા હતા. એક રૂમનું ભાડું ત્રણ ચાર રૂપિયા હતું પણ રૂમ ભાડે લેવા કોઇ તૈયાર ન હતું. રૂપિયાની સાચી કિંમત ત્યારે હતી. પરિસ્થિતિ એટલી તરલ હતી કે, વેપારી માણસોને તો માંગો એ શરતે રૂમ ભાડે આપવા ઘરધણી તૈયાર હતા.

આ લેખના મૂળ વિષય ભણી આવું તે પહેલાં પાર્શ્વભૂમિકા બાંધી યુવાન વાચક વર્ગને ભૂતકાળના ઇતિહાસમાં ડોકિયું કરવાની તક મળે એ માટે એટલું કહેવા માંગુ છું કે, જે સમાજ બદલાતી પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તન કરવા તૈયાર ન હોય તેને જીવન સંઘર્ષમાં ટકી રહેવા માટે ભારે ભોગ આપવો પડે છે. જે આપણે આજે ભોગવી રહ્યાં છીએ.

મુંબઈમાં આવેલી આપણી જ સમકાલીન જ્ઞાતિઓ પારસી, ભાટિયા, કપોળ વગેરે જ્ઞાતિઓએ મંદીના સમયમાં ખાલી પડેલી જમીનો ખરીદી, વાડીઓ બનાવી તેમાં ચાલીઓનું નિર્માણ કરી ઓરડાઓ ભાડે આપવાનો વ્યવસાય શરૂ કર્યો. આવા સમયે આપણે મુંબઈમાં સર્વત્ર ફેલાયેલાં હોવા છતાં આપણી દૃષ્ટિ અનાજના ધંધા પૂરતી સીમિત રહી. સમગ્ર બચતને ખાસ કરીને ભાતબજારની મોટી પેઢીઓમાં વ્યાજે આપવાની તે વખતની ગણતરી પણ સમયના પરિમાણે ખોટી ઠરાવી. **૧૯૬૦ના દાયકાના પ્રારંભે સેલ્ફ કન્ટેઇન બ્લોક ધરાવતી બિલ્ડિંગ્સ બનવા માંડી ત્યારે દસ-વીસ હજારમાં બ્લોક મળતાં. પણ, આવી સુવિધાઓ ધરાવતાં નિવાસથી ખર્ચાઓ વધશે, કોસ્મોપોલિટન વસતિને કારણે આપણાં બાળકોના સંસ્કાર બગડશે, એવી વિવિધ પ્રકારની ગણતરીઓ માંડી આપણાં વડીલોએ સુવિધાજનક આવાસો ખરીદવાને બદલે કચ્છમાં મેડીવાળી જગ્યાઓ બાંધવા તરફ દૃષ્ટિ રાખી. 'ભજ પોંધી તેંર કડાં વેબો?' ફલાણા ભાઇએ મેડી બાંધી તો હું કેમ રહી જાઉં?** શંકાઓ અને દેખાદેખીના વલણથી મુંબઇમાં બે પાંદડે થયેલા આપણાં ભાઇઓએ, ખાસ કરીને ઉગમણી કંઠીના ભાઇઓએ માંગરોળી નળિયાંની ચાદર પાથરી દીધી. ૧૯૬૦ પછીની આ વાત. અબડાસામાં આ પ્રવાહ હજી પહોંચ્યો ન હતો.

મુંબઇ મોંઘુ બનતું ગયું. વ્યવસાય માટે કચ્છથી મુંબઇ આવતો પ્રવાહ અવિરત ચાલુ

*બાળકની શક્તિની મર્યાદા સમજીને જ તેની પાસે સફળતાની માત્રાની અપેક્ષા રાખો.*

હતો. અનાજ, રેડીમેડ કાપડ, સ્ટેનલેસ સ્ટીલ વગેરેના ધંધાઓમાં આપણા ભાઈઓને નોકરી મળી રહેતી. ઓટલાનું થઈ રહેતું પણ પોતાનો ઓટલો બનાવવાની જરૂરત પોષાય એવી ન રહી. નેતૃત્વ અને દીર્ઘદૃષ્ટિના અભાવે નાના માણસોની આવક સામે આવાસોની વિકટ બની રહેલી પરિસ્થિતિનો આપણે સામનો ન કરી શક્યાં. **ટૂંકી આવક અને શિક્ષણના અભાવને કારણે નોકરિયાત વર્ગ માટે રહેઠાણની મથામણ તેમના પરિવારને કચ્છની સીમા ઓળંગવામાં સતત અવરોધરૂપ બનતી રહી.**

- **દૃષ્ટિનો અભાવ**

**દહેરાવાસી મહાજનની લગભગ પોણોસો વર્ષ પહેલાંની એક મિનિટ્સના વાંચનમાં શ્રી ભુજપુરિયાએ કચ્છી સમાજના મધ્યમ વર્ગના પરિવારો માટે ચાલ બાંધવાની મૂકેલી દરખાસ્ત મેં વાંચી છે. યુગસર્જક શ્રી ભુજપુરિયાના વિચારોને સમજી શકે તેવા સક્ષમ કાર્યકરોના અભાવે આ વિચાર મૂર્ત સ્વરૂપને પામી શક્યો નહિ હોય.** જો આ વાતનો અમલ થઈ શક્યો હોત તો પારસીઓની જેમ આપણી પણ મોટી મોટી કોલોનીઓ હોત.

સયુંક્ત કુટુંબોમાંથી વિભક્ત બની રહેલાં પરિવારો તેમજ કચ્છમાંથી મુંબઈ આવી રહેલા પરિવારોએ થાણા અને બોરીવલીથી દૂર ડોંબીવલી અને અંબરનાથ સુધી, તો પશ્ચિમમાં નાલાસોપારા અને વિરાર સુધી વસવાટ કરવા માંડ્યો. આમ પાઘડી પને ફેલાયેલાં મુંબઈમાં આપણો વસવાટ વ્યાપક બની ગયો.

માનીએ કે, આવકના સ્તર પ્રમાણે આપણી વિશાળ વસતિને જોતાં આ પરિવારો તેમના નોકરી-ધંધાથી દૂર પણ પોતાના છાપરા નીચે સંતોષથી રહે તો છે જ. **સવાલ એ હતો કે, ગંદા-ગોબરા નાળાઓ પાસે, સૂરજનું કિરણ ન પડતું હોય તેવી નર્કાગાર સમી ઝૂંપડપટ્ટીઓમાં રહેતાં આપણાં નિરાધાર પરિવારોની વ્યથા અને વિષાદના ભાગીદાર થવા સમાજને કેટલાં બધા વર્ષો લાગ્યાં?** ક.વી.ઓ. જ્ઞાતિના ઈતિહાસનું એક પાછલું પાનું જોઈએ.

શ્રી ભુજપુરિયાના નેતૃત્વમાં શ્રી ક.વી.ઓ. શ્રેય સાધક સંઘની સ્થાપના કરીને મુંબઈમાં આપણી જ્ઞાતિના ૩૦૦૦ ઘરોમાં પેટી મૂકીને ૧૭-૬-૪૪ ના "સ્વહિત પૈસા ફંડ" (કુટુંબની વ્યક્તિ દીઠ એક પૈસો પેટીમાં નાખવો)ની યોજના શરૂ થઈ. મારા પિતાશ્રી, એ સંસ્થાના પ્રથમ મંત્રી હોવાના નાતે મને આ વાતોનું સ્મરણ છે. આ ફંડની ફળશ્રુતિ સ્વરૂપે ૧૯૪૭માં તળેગામની ટી.બી. હોસ્પિટલમાં આપણી જ્ઞાતિ માટે બિછાના મૂકાયાં. શ્રી વેલજીબાપાના વરદ્ હસ્તે આ પ્રવૃત્તિના મંડાણ થયા. માંદા માવજત માટે વજેશ્વરીમાં ૧૯૪૯માં આરોગ્ય ભવનનું નિર્માણ થયું. ૧૯૫૩માં સાયન-કોલીવાડા ખાતે લક્ષ્મીભુવનમાં ભાણબાઈ નેણશી કન્યા છાત્રાલય સ્થપાયું.

૧૯૬૨માં શ્રી ભુજપુરિયાની આર્ષદૃષ્ટિ દ્વારા મિત્રોની સહાય તેમજ દેનાબેંકનું દેવું માથે કરીને પાર્લા પશ્ચિમમાં ૧૮ રૂા. વારના ભાવે લીધેલી જમીનના એક ભાગમાં કન્યા કેળવણી માટે ૧૯૭૨માં ભાણબાઈ નેણશી કન્યા છાત્રાલયની સ્થાપના ત્યાં કરવામાં આવી અને જૂની જગ્યાએ કૉલેજ કન્યાઓ માટે હોસ્ટેલ બની.

શ્રી વેલજીબાપા, શ્રી હીરજી ઘેલાભાઈ, શ્રી ખીમજી શામજીની પ્રેરણાથી શરૂ થયેલ માટુંગા બોર્ડિંગમાં ૧૯૪૯થી ૧૯૭૫ સુધી અઢી દાયકાના સમયમાં ટ્રસ્ટના ચેરમેન તરીકેની સેવાઓમાં માટુંગાની મહાબર બિલ્ડિંગમાં Revertible ownershipથી શ્રી ભુજપુરિયાએ ૫૬ રહેઠાણો અને ૧૮ દુકાનોની યોજનાને સફળ બનાવી.

આવી જ એક શુભ ઘડીએ પૂર્વાશ્રમમાં પંજાબ કેસરી આ.શ્રી વલ્લભસૂરીજીના સંસ્કાર પામેલા મુનિશ્રી શુભવિજયજી દ્વારા સ્થાપિત સર્વોદય કેન્દ્ર, માંડવી આશ્રમ ઉપરાંત તેમના વિઝનને દાદ આપવી પડે તેવા ચેમ્બુરમાં સર્વોદય નગરવાળી જમીન લેવાઈ હતી.

- **નેતૃત્વની બદલતી પરંપરા**

સમય સરતો ગયો. એક પછી એક આગેવાનો ચિર વિદાય લેતા ગયા. ધાર્મિક, સામાજિક દરેક પ્રવૃત્તિઓમાં નેતૃત્વનો બીજો ફાલ તૈયાર થતો ગયો. અત્યાર સુધી તો ગ્રેન ડીલર્સ એસોસિએશનનું વડપણ સમાજને દોરતું હતું. ધીરે ધીરે એનું નેતૃત્વ પણ કદ પ્રમાણે વેતરાતું ગયું. સબળ નેતૃત્વ ધરાવતી ટીમ અને દૂરંદેશીનો અભાવ, સંસ્થાકીય હરીફાઈઓ, કચ્છમાં દેરાસરો, ઉપાશ્રયો, સ્થાનકો, દેવી દેવતાઓની જગ્યાઓ ઉપરાંત દેવલાલી, લોનાવલા, તીથલ, પંચગીની જેવા સ્થળો તરફ આપણી નજર પહોંચી. **સામાન્ય માણસોના હિત તરફ જોઈ શકે તેવી સંસ્થા કે અગ્રણીઓની દૃષ્ટિ ન રહી.**

ત્યાં એક દીવાએ ટમટમવા માંડ્યું. ૧૯૫૦ પછી ઉચ્ચ શિક્ષણ લઈ ચૂકેલા પૂ. વેલજીબાપાના આશીર્વાદથી સ્થાપિત, યુવાનો દ્વારા સંચાલિત **શ્રી ક.વી.ઓ. સેવા સમાજની શાંત ક્રાંતિએ ધીમા પગલે આવીને સમાજને ઢંઢોળવાનું કામ કર્યું.** એમની પાસે વિઝન હતું, મિશન હતું, સ્વપ્નાંઓ હતા, સાકાર કરવાની ત્રેવડ હતી. સંસ્થાની પ્રવૃત્તિઓ વ્યાપક બની. શિક્ષણ, આરોગ્ય, રમતગમત, બુકબેન્ક, આવાસ સહાય વગેરે અનેક અનેક પ્રવૃત્તિઓ માટે સમાજનો યુવાન વર્ગ તેમની સાથે જોડાયો. સમાજનો અમૂલ્ય સહકાર મળ્યો. માત્ર આવાસની જ વાત કરીએ તો અત્યાર સુધીમાં તેમના દ્વારા ૬૫૩ જેટલાં આવાસ માટે જરૂરિયાતવાળાઓને સંસ્થા દ્વારા લોન આપવામાં આવી છે. આ કામ નાનું ન હતું. સાથે સાથે 'સંજીવની' જેવી તેમની યોજનાએ ગામેગામના મહાજનો અને શ્રેષ્ઠિઓને દાનની એક દૃષ્ટિ આપી.

મેડિક્લેઈમથી અલિપ્ત રહેલા વર્ગને આ યોજના દ્વારા પ્રેરણા મળી, જબરજસ્ત આર્થિક સહાય મળી.

અહીં એક વાત યાદ આવે છે કે, સમાજે ઘણી વખત દેરાસરો, સ્થાનકો, હોસ્પિટલાદિ આરોગ્યની પ્રવૃત્તિઓ તેમજ નિવાસની પ્રવૃત્તિ માટે સારું એવું દાન આપ્યું છે. માત્ર દાન આપીને છૂટી ગયા પછી તે સંસ્થાના વ્યવસ્થાતંત્રમાં આપણે જોડાયેલા નથી રહેતાં. જ્યારે આપણને એ સંસ્થાની સેવાઓની જરૂર પડે છે ત્યારે લાચારી ભોગવવી પડે છે. આપણાં સમાજ માટે આવા

*બાળકની શાલેય અને ઈતર પ્રવૃત્તિમાં રસ લો, ક્યારેક શાળાની મુલાકાત લો. શિક્ષકોને મળો.*

અનેક દાખલાઓ બન્યાં છે જ્યાં આપણો કોઇ હક્ક હિસ્સો રહ્યો નથી.

૧૯૭૭માં નાલાસોપારા સ્ટેશનની સામે પૂર્વમાં આત્મવલ્લભ નગરની એક વિશાળ યોજના બની. એ સમયે આરંભમાં માત્ર આઠ હજાર રૂપિયામાં એક રૂમ કિચન લેવા માટે ઘણી સંસ્થાઓને વાકેફ કર્યા હતા. પણ પરિણામ શૂન્ય રહ્યું હતું. માત્ર આપણા સદાબહાર ઔદ્યોગિક સંસ્થાન ''નવનીત' દ્વારા એક મકાન ખરીદવામાં આવ્યું હતું.

જીર્ણ થઇ ગયેલા આ મકાનો તોડીને ટૂંક સમયમાં પૂ.આ. વિજય નિત્યાનંદસૂરીશ્વરજીની પ્રેરણાથી ફરી ત્યાં વિશાળનગર આકાર લેશે. અહીં થોડાંક કચ્છી પરિવારો છે, નવા પરિવારોને પણ તક મળવાની સંભાવના ખરી.

● **બદલતી કરવટ : કચ્છી જૈન ફાઉન્ડેશન**

બહુ મોડે મોડે ઇતિહાસે કરવટ બદલી છે. વર્ષો સુધી સૂતેલો કુંભકર્ણ જાગૃતિને પામે તેમ **જુલાઇ ૨૦૦૫માં અતિવૃષ્ટિ સમયે ગલીચ વિસ્તારોમાં રહેતાં, લીવ એન્ડ લાઇસન્સને કારણે વારંવાર સરનામું બદલતાં રહેતાં આપણાં બાંધવોની દુર્દશાનો ખ્યાલ સમાજને આવ્યો.** બન્ને મહાજનો અને સમગ્ર સમાજ તાત્કાલિક રાહતમાં જોડાઇ ગયો. આફતના સંજોગો માનવીને એકતા આપે છે. સહુને એક સહિયારું બળ મળ્યું. કેટલાંક દૂરદર્શી મિત્રોને ખ્યાલ આવ્યો કે, પૈસાના અભાવે સિદાતાં આપણાં સમાજ માટે જરૂર કંઇક કરવું જોઇએ. સમાજ પાસે આજે સમૃદ્ધિ છે, લોકોમાં કરુણાની ભાવના જાગૃત થઇ છે, ક્યાંક દાતાઓના મન ઘસાયાં છે પણ કટાયાં નથી. સૂતેલી માનવતાને જગાડીએ. ઇતિહાસનું પાનું બદલીએ. એ માટે એક સંસ્થાનું સર્જન કરીએ.

ઓગસ્ટ ૨૦૦૬માં પ્રવૃત્તિનું બીજ રોપાયું. અને સપ્ટેમ્બરમાં 'કચ્છી જૈન ફાઉન્ડેશન' ને મૂર્ત સ્વરૂપ અપાયું. **"આપણાં બંધુઓ જેઓ પાસે પોતીકી રહેઠાણની જગ્યા નથી અથવા તો જેઓ હાલ ગલીચ વસતિમાં મજબૂરીથી રહે છે તેમને સુઘડ અને સુયોગ્ય રહેઠાણ સંસ્થાએ રાહત દરે પૂરા પાડવા."** આ ઉદ્દેશ, આ ધ્યેય અને આ વિઝન સાથે મહોરેલી સંસ્થાને પહેલો સાથ અને સાદ મળ્યો સંસ્થાના સાંપ્રત પ્રમુખ શ્રી શામજીભાઇ ટોકરશી વોરાનો. શેક્સપિયરનું એક વાક્ય છે, ''પૈસા ચાલે ત્યારે બધાં બારણા આપોઆપ ખૂલી જતાં હોય છે.''

● **કાર્યની વિશિષ્ટતા**

એક ચિંતન છે કે 'Vision without action is day dreaming.' તો બીજે પક્ષે 'Action without vision is a night-mare.' અહીં એક વિશિષ્ટતા છે કે, સંસ્થામાં સમર્પિત પ્રત્યેક વ્યક્તિએ પોતાનું આર્થિક યોગદાન આપ્યું છે. સામાન્ય દાતાઓમાં વિશ્વાસ જન્માવવા માટે આ જરૂરિયાત ખૂબ પ્રબળ ગણાય.

સાયન જેવા મધ્યવર્તી વિસ્તારમાં ફાઉન્ડેશનને નિઃશુલ્ક કાર્યાલય મળ્યું. સંસ્થાનું વહીવટી માળખું ઊભું થયું. વ્યવસાયિકોનો ઉમદા સાથ અને સહકાર મળ્યો. કોઠાસૂઝ, ટીમવર્ક અને પ્રવૃત્તિ પ્રત્યેની સમર્પિતતાએ પ્રવૃત્તિને આગળ વધારવામાં ભાગ ભજવ્યો.

આવાસો માટે કાર્યવાહીની શરૂઆત થઇ, દાતાઓ દ્વારા દાન મળતાં ગયાં. વેચાતાં લેવાયેલા તૈયાર મકાનોમાં ફ્લેટસનો કબજો આપવાની શરૂઆત થઇ. નવી જમીનો લેવાઇ, એક સહિયારી તાકાત કામે લાગી ગઇ. પૂર્ણપણે સમર્પિત કાર્યકરોની ટીમે અનુભવના આધારે આવાસો ફાળવવાની રૂપરેખા બનાવી. અરજીઓ મંગાવવી, ગામના મહાજનો પાસેથી ભલામણપત્રો મંગાવવા, સંસ્થાની ટીમ દ્વારા વ્યક્તિગત પરીક્ષણ કરવું. લાભાર્થીની રૂબરૂ ચકાસણી કરવી વગેરે ક્રિયાઓને પારદર્શક બનાવી નક્કર સ્વરૂપ અપાતું ગયું.

પગની કિંમત નથી, કિંમત છે ગતિની. પદ્ધતિની કિંમત નથી, કિંમત છે અપનાવીને મેળવેલ પ્રગતિની. કર્મઠ કાર્યકરોની જહેમત સફળતાને પામતી ગઇ. **અત્યાર સુધીમાં પૂર્વ અને પશ્ચિમના પરાઓમાં ૩૩૩ ફ્લેટસ અપાઇ ગયા છે. ધારણા પ્રમાણે ૨૦૧૦ની આખર સુધીમાં કુલ મળીને ૭૫૦ જેટલા પરિવારોને પોતાનું ઘર મળી જશે એવી સંસ્થાની સંભાવના છે.** આવાસની કિંમતનો અંદાજે ૨/૩ ભાગ સંસ્થા તરફથી સહાય તરીકે આપવામાં આવે છે, જે એક મોટી સિદ્ધિ છે.

● **દાનનું ઊંચુ નિશાન**

ઉપરોક્ત વિગતને કદાચ માહિતી ગણીએ અને લાંબો વિચાર કરીએ કે આજની કારમી મોંઘવારીમાં નાલાસોપારા, અંબરનાથ કે ડોંબીવલી જેવા પરાઓમાં અપાયેલા કે અપાનાર ફ્લેટ્સની આજના ભાવે કેટલી બધી કિંમત થાય? ફાઉન્ડેશન માટે આ એક પડકાર છે. પવનનો પીછો કરવા જેવી, પડછાયાને મુઠ્ઠીમાં પકડવા જેવી આ વાત છે. આજના શિષ્ઠ સમાજને એક વાત સમજાઇ ગઇ છે કે, સંપત્તિના સર્જન બાદ સમાજનું ઋણ ચૂકવવાની આનાથી મોટી કોઇ ઘટના હવે નહિ સર્જાય. ફાઉન્ડેશનના અગ્રણીઓને થયું કે, હવે નું દાન લાખોને બદલે કરોડોમાં મળવું જોઇએ. માદામ દિફાંના શબ્દો છે; ''અશક્યની ખેવના કરો તો શક્ય ઉપસી આવશે.'' કેટલું અંતર છે તેની ચિંતા ન કરો, માત્ર પહેલું પગલું ઉપાડો અને જુઓ. ડેનિયલ વર્નહાન, આપણી જૂની કહેવત ''નિશાનચૂક માફ, નહિ નીચું નિશાન'' ને દોહરાવતાં જાણે કહેતો હોય, ''મોટી યોજનાઓ કલ્પો, શ્રદ્ધાપૂર્વક ઊંચુ નિશાન તાકો અને મંડી પડો.'' સંસ્થાના અગ્રણીઓની કલ્પના સાચી હતી. તેમની શુભ ભાવના અને સચોટતા નિરખી કલ્પના ન કરી શકાય તેવી વ્યક્તિઓએ અગિયાર-અગિયાર લાખ રૂપિયા આપવાની હિંમત કરી. સારો બાણાવળી તેના બાણથી નહિ, તેના નિશાનથી પરખાય છે એ ન્યાયે પંદર કરોડનું મબલખ દાન આપનારા પણ આ કાર્યમાં સહયોગી બની રહ્યાં. આ ઉદારદિલ દાતાઓ જાણતા હતાં કે, સંપત્તિ છાણિયા ખાતર જેવી છે, પથરાય નહિ ત્યાં સુધી સારી નહિ.

**દાનની ત્રણ ગતિનો મર્મ**

અહીં એકાદ બે ઘટનાઓ ટાંકીશ; સ્વિડનનો ઇન્ગવર કેમ્પ્રાડ- ફર્નિચરની જાયન્ટ કંપની ''આઇકિયા વોલ માર્ટ''નો માલિક. વિશ્વના ૩૭ દેશમાં પોતાની ૧૨૦૦૦ પ્રોડક્ટસનો આઉટલેટ દ્વારા ધંધો કરે. નવ અબજ ડોલરના ટર્ન ઓવર સાથે ફોરચ્યુન ૫૦૦ માં સ્થાન ધરાવે છે. કરોડો ડોલર હોવા છતાં તેના હાથમાંથી પૈસો છૂટતો નથી. ટ્યૂબ રેલવેમાં મુસાફરી કરે. સન્ડે માર્કેટમાં જ્યારે

*બાળકનો પક્ષ લઈ બાળકની સમક્ષ તેના શિક્ષક સાથે વિવાદ ન કરો.*

શાકભાજીના ભાવ ઓછા હોય ત્યારે પોતે ખરીદી કરવા જાય, ભાવની રકઝક પણ કરે. હદ તો ત્યારે થઇ કે જ્યારે તેને બિઝનેશમેન ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો ત્યારે તે ઍવૉર્ડ લેવા પબ્લિક બસમાં ગયો હતો.

અમદાવાદમાં જન્મેલા વાડીલાલ સારાભાઇ, જરૂરિયાત વિના એક પૈસો ક્યાંય ન ખર્ચે. જુવાનીમાં એક કાળો કોટ સીવડાવેલ, એ જીવનભર પહેરી રાખ્યો. શેરબજારનો વ્યવસાય, લાખો રૂપિયા કમાય. અત્યંત સુશીલ પત્ની લક્ષ્મીબહેન. સંપૂર્ણપણે ધાર્મિક. વિધિની વક્રતા જુઓ, આ દંપતીને કુલ પંદર સંતાનો થયાં, એકેય બાળક જીવ્યું નહિ. વાડીભાઇના બે જીગરજાન દોસ્તો. શેરબજારના સુપ્રસિદ્ધ વેપારી શેઠ જીવનલાલ પ્રતાપશી અને બીજા સરદાર પટેલ.

વિ.સં. ૧૯૮૨નો સમય. વાડીભાઇને સમજ પડી કે, પોતાને ગળાનું કેન્સર છે. તેમને જીવનની ક્ષણભંગૂરતા સમજાઇ. બીજી જ પળે મનથી સ્વસ્થ બન્યાં. જીવનને ધર્મ અને સેવાના પંથે મૂકવાનો દૃઢ સંકલ્પ કર્યો. બન્ને જીગરી મિત્રોને ઘરે બોલાવ્યા, બધી વાત કરી. કુટુંબ માટે જરૂરી ધન મૂકીને બાકીની તમામ મિલકત સારા માર્ગે વાપરવા બન્ને મિત્રોનું માર્ગદર્શન માંગ્યું.

સરદાર વલ્લભભાઇએ તેમને એક દેરાસર અને એક દવાખાનું બનાવવાની સલાહ આપી. જીવાભાઇએ મહાવીર જૈન વિદ્યાલયને એ સમયે રૂપિયા પાંચ લાખ આપવા કહ્યું. (આજના હિસાબે, એ સમયે શિક્ષણ માટે આપેલા પાંચ લાખ રૂપિયાની ગણતરી કરજો.) વાડીભાઇએ બન્નેની વાત કબૂલ કરી અને પોતે પંચગીનીમાં માંદા માણસો માટે એક સેનેટોરિયમ બનાવવાની ઇચ્છા પ્રગટ કરી. ધ્યેયનો આરંભ કર્યો, પણ બધું અધૂરું મૂકી, સં. ૧૯૮૫ માં દેહાંતને પામ્યા. સરદાર પટેલે અધૂરા કામની બાગડોર પોતાના હાથમાં લીધી.

**મિત્રો, ચર્નીરોડ પરનું સુપ્રસિદ્ધ ચંદ્રપ્રભસ્વામીનું જિન મંદિર, હજારો લોકોની સારવાર કરતી અમદાવાદની સુપ્રસિદ્ધ વી.એસ. હોસ્પિટલ આજે પણ શેઠ વાડીલાલ સારાભાઇના નામની છડી પોકારે છે.**

વાચક મિત્રો, શ્રેષ્ઠિવર્યો, બન્ને દૃષ્ટાંત તમારી આંખ સામે છે. શાસ્ત્રોની સુપ્રસિદ્ધ ઉક્તિ છે; ધનની ત્રણ ગતિ છે : દાન, ભોગ અને નાશ. જે નથી દેતો કે નથી ભોગવતો તેની ત્રીજી ગતિ થાય છે. દાન વિશેની વાત અહીં સમેટી લઉં છું. ધનવાન પણ શાણા માણસો નકામી વિગતમાં પડતાં નથી, એમને આંખ આડા કાન કરતાં આવડતાં હોય છે.

## ● એક વિનંતી

તબીબી સારવારની સુલભતા અને સચોટતાને કારણે આજના યુગમાં અપેક્ષિત બનેલું લાંબું આયુષ્ય જોતાં આપણાં સમાજમાં કદાચ ૪૦ ટકા જેટલાં ભાઇબહેનો સિનિયર સિટીઝન છે. આવનારા પાંચેક વર્ષમાં કદાચ ૫૦ ટકા જેટલાં થઇ જશે. ૬૦ વર્ષથી વધારે વયના આવા ભાઇબહેનોની જીવનસંધ્યા ઉજળી અને સલુણી બને તે માટે હવે સમાજે પહેલ કરવી જોઇએ. આ વિષય પર ઘણું ઘણું લખી શકાય તેમ છે એ પહેલા કચ્છી જૈન ફાઉન્ડેશનને એક નમ્ર વિનંતી કરું છું કે, હવે જ્યાં જ્યાં સમૂહમાં સંસ્થાના બિલ્ડિંગ્સ બનતા હોય ત્યાં પોતાના પરિવારના સભ્યોની આડે આવીને આવા વડીલો ઉપેક્ષિત ન બને તે માટે દિવસના ચાર-પાંચ કલાક સમવયસ્કો જોડે ગાળી શકે, વાંચન કરી શકે, ટીવી જોઇ શકે, સત્સંગ કરી શકે, આનંદ માણી શકે, દિલની બે વાતો કરી શકે તેવો, કુલ પરિવારોની સંખ્યામાં વસનારા વડીલોની સંખ્યાને અનુરૂપ એકાદ હોલ અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ કરવી જોઇએ. કોઇ નાનકડા ગૃહઉદ્યોગનું આયોજન કર્યું હોય તો દેખરેખ રાખી શકે, વ્યવસ્થા સંભાળી શકે. જે સમાજને મદદરૂપ થાય. આ આયોજન માટે મોટું દાન પણ મળી શકે જેના દ્વારા નામ આપી શકાય. આવું દાન ફાઉન્ડેશનની આર્થિક વ્યવસ્થામાં પૂરક બની શકે.

આ સત્કાર્યથી વડીલોના મૂંગા આશીર્વાદ તમારી સાથે રહેશે અને કદાચ ભવિષ્યે આવા "જીવન સાંધ્ય ઘર" મોટા પાયે ગમે ત્યાં બનશે ત્યારે આ પ્રયોગ સમાજ માટે અનુભવોનું ભાથું બની રહેશે. સુજાણોને ઝાઝું શું કહેવું?

## ● જાગ્યા ત્યાંથી સવાર :

'ધી ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'એ A Thought for todayમાં એક સરસ અવતરણ આપ્યું છે જે ફાઉન્ડેશનના અધિકારીઓ અને કાર્યકરોને અર્પણ કરું છું : **"એકમેકની પાસે આવવું એ શરૂઆત છે, સાથે રહેવું એ પ્રગતિ છે અને સાથે મળીને કામ કરવું એ સફળતા છે."** આપ સહુ સામા પૂરે તરી રહ્યાં છો. પૂરતી પ્રબળતાનો આપને જ ખ્યાલ હોય. એકમેકનો હાથ કદી ન છોડશો તો ક્યારેય લથડિયું નહિ આવે. જીવનના આ માર્ગમાં સાથીઓ મળશે, આત્મીયજનો મળશે, ક્યારેક દિલ પર ઘાનું કારણ પણ એજ બનશે. તેમ છતાં એ ભૂલી જજો. જ્યારે આપ આટલા મોટા કાર્યમાં સમર્પિત છો ત્યારે આ સંસ્થા દ્વારા જ સમાજની છેવાડાની વ્યક્તિને છાપરું મળે તેની ચિંતા રાખજો. તમારું ધ્યેય અનુયાયીઓ નહિ પણ સબળ નેતૃત્વ સર્જયાનું રાખજો.

પડતર રકમની ૧/૩ જેટલી લાભાર્થીઓને ભરવી પડતી રકમ માટે પણ ઘણા પરિવારો લાચારી અનુભવે છે એ વાતથી સંસ્થા ચિંતિત છે. ગામના મહાજનો શ્રેષ્ઠીઓ અને લાભાર્થીના સગાં સ્નેહીઓ આવી ભીડ અનુભવતાં ભાઇબહેનોને સહાયભૂત થાય. સમાજની પ્રત્યેક વ્યક્તિને છાપરું મળે એ સંકલ્પ પૂરો ન થાય ત્યાં સુધી આપણા સામાજિક-ધાર્મિક દરેક અવસરોએ આ કાર્ય માટે ફૂલ નહિ તો ફૂલની પાંખડી અર્પી સામાજિક ઋણ ચૂકવ્યાનો અહેસાસ અનુભવીએ અને જાગ્યા ત્યાંથી સવાર ગણીએ.

*મો. ૯૮૨૦૨ ૮૪૦૪૪*

# વાચનઃ નરી આંખે અને ખરી આંખે

● હરેશ ધોળકિયા ●

*દરેક પરિવારના વડીલ વર્ગને વિનંતી કે પ્રસ્તુત થયેલ શ્રી હરેશ ધોળકિયાનો આ લેખ તેઓશ્રી શાંત ચિત્તે તો વાંચે જ પરંતુ સાથે સાથે ઘરના ૪૦ની ઉંમરે પહોંચેલ વ્યક્તિને કે ૧૫-૨૦ વર્ષની ઉંમરે પહોંચેલ પોતાના બાળકોને આ લેખ આગ્રહપૂર્વક વંચાવે અને પ્રસ્તુત વિષયે ચર્ચા - મનન કરે....*

*– મુખ્ય તંત્રી*

માણસના જીવનમાં અનેક પ્રકારના આનંદ છે. શારીરિક આનંદ છે, જેમાં ઇન્દ્રિયોને ભોગવવાથી આનંદ મળે છે. વસ્તુઓના આનંદ છે. સ્થળના આનંદ છે. કલાઓના આનંદ છે. પણ આનંદનો નિયમ એ છે કે જેમ આનંદ સ્થૂળથી સૂક્ષ્મ તરફ જાય, તેમ તે વધતો જાય. સ્થૂળ આનંદની ખાસિયત એ છે કે તે ખૂબ જ ટૂંકા ગાળાનો હોય છે. તે શરૂ થયા પછી ઝડપથી પૂરો પણ થઇ જાય છે. પૂરો થયા પછી એક ઊંડી અતૃપ્તિ ઊભી કરે છે. તેને સંતોષવા તે ફરી પ્રયાસ કરે છે. દરેક પ્રયાસ પણ ફરી સંક્ષિપ્ત જ હોય છે અને તે પણ વારંવાર અતૃપ્તિ જ ઊભી કરે છે.

તેની બીજી ખાસિયત એ છે કે તે આનંદ મોહ ઉત્પન્ન કરે છે. મોહ રાગ જન્માવે છે. રાગ ન સંતોષાય, તો તે શોક જન્માવે છે. તેને પરિણામે વ્યક્તિને દુઃખનો અનુભવ થાય છે. એટલે સ્થૂળ આનંદ એક બાજુ અતૃપ્તિ આપે છે, તો બીજી બાજુ શોક અને દુઃખનો અનુભવ કરાવે છે. પરિણામે આનંદની માત્રા ઘટે છે અને એક હદે તો તે દુઃખમાં જ ફેરવાઇ જાય છે, જે ખ્યાલ ન રખાય તો- હતાશા વગેરેમાં ફેરવાઇ જાય છે.

સૂક્ષ્મ આનંદની મજા એ છે કે તે પણ અતૃપ્તિ તો આપે જ છે, પણ આ અતૃપ્તિ મોહ ન જન્માવતાં 'જિજ્ઞાસા' જન્માવે છે. જિજ્ઞાસા વધારે ગાઢ અને શાશ્વત આનંદની શોધ તરફ આગળ વધે છે. તે તેને વધારે સૂક્ષ્મ આનંદ તરફ લઇ જાય છે. જો આ શોધ ચાલુ રહે, તો શ્રેષ્ઠ આનંદની અનુભૂતિ પણ થાય છે. અહીં પણ અતૃપ્તિ અને મોહ તો છે જ, પણ તે દુઃખમાં નથી સરી પડતાં. પ્રજ્જવલિત જિજ્ઞાસા બન્નેને અતિક્રમે છે અને જ્ઞાન તરફ આગળ વધે છે. જ્ઞાન વ્યક્તિને સમજ અને ડહાપણ આપે છે. તેને પરિણામે તેને શાશ્વત આનંદની પ્રાપ્તિ થાય છે.

**એટલે, અન્ય આનંદો કરતાં જ્ઞાનનો આનંદ શ્રેષ્ઠ આનંદ છે.** ભગવદ્ ગીતામાં સ્પષ્ટ કહ્યું છે કે "આ વિશ્વમાં જ્ઞાન જેવું કશું જ પવિત્ર નથી." માત્ર શ્રેષ્ઠ જ નહીં, પવિત્ર શબ્દ વાપર્યો છે. માત્ર ઉચ્ચ પ્રકારનો આનંદ જ નથી મળતો, તે જીવનને પવિત્ર-એટલે કે સ્વસ્થ અને સાર્થક-બનાવે છે. પવિત્રતાનું પરિણામ ધન્યતાના ભાવમાં અનુભવાય છે.

**આ જ્ઞાન મેળવવાના આનંદમાં "વાચન" પણ એક મહત્ત્વનું માધ્યમ છે.**

અને વાચનનું શું મહત્ત્વ છે તે વિશે લોકોને ભાગ્યે જ કહેવામાં આવે છે. વાચન વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં શું પ્રભાવ પાડે છે તેનો બહુજ ઓછા લોકોને ખ્યાલ હોય છે. એક વિચારક કહે છે તેમ, **"એક પુસ્તક એક સારી બેન્કમાં હોય છે તેના કરતાં પણ વધારે સમૃદ્ધિ ધરાવે છે."** બીજા એક વિચારક કહે છે કે, **"વાચનથી આપણે આપણું વિશ્વ, આપણો ભૂતકાળ અને આપણી જાતને જાણી શકીએ છીએ."** ઇમર્સન તો ત્યાં સુધી કહે છે કે, **"ઘણીવાર એવું બને છે કે એક પુસ્તક માણસનાં ભાગ્યને પણ બદલાવી નાખે છે."** કાર્લાઇલ જરા જુદી રીતે કહે છે કે, **"આજ સુધી માનવ જાતે જે પણ કરેલ છે, વિચારેલ છે અને મેળવેલ છે, તે બધું જ પુસ્તકોના પાનાઓમાં સચવાયેલ પડ્યું છે."** વાચનનું મહત્ત્વ બતાવતાં ગદગદ થઇને અમેરિકાના પ્રમુખ થોમસ જેફરસન કહે છે કે, **"હું તો પુસ્તકો વિના જીવી જ ન શકું."** આપણા મહાન કવિ કલાપી પણ કહેતા કે **"જીવીશ તો માત્ર પુસ્તકોથી."** આજના તીવ્ર હરીફાઇના યુગમાં જીવવા અને સફળ થવાની ચાવી બતાવતાં મેનેજમેન્ટ ગુરુ પીટર ડ્રકર કહે છે કે, **"આ નૂતન જ્ઞાન આધારિત સમાજ અને અર્થકારણમાં જો તમે વાંચતાં અને નવું નવું શીખતાં નહીં શીખો, તો તમને ખૂબ જ તકલીફ પડવાની."**

વ્યક્તિગત જીવનમાં વાચન કેવાં અદ્‌ભુત પરિણામો લાવે છે તેનાં આપણી સામે અનેક રોમાંચક ઉદાહરણો છે. મહાત્મા ગાંધીના જીવનમાં પરિવર્તન લાવનાર પુસ્તકો હતાં "ભાગવદ ગીતા", બ્રિટિશ વિચારક રસ્કિનનું "અન ટુ ધ લાસ્ટ", રશિયન સાહિત્યકાર અને વિચારક ટોલ્સટોયનું પુસ્તક "ધ કીંગડમ ઓફ ગોડ ઇઝ વીધીન યુ" અને અમેરિકન વિચારક થોરોનું પુસ્તક "સિવિલ ડિસઓબિડિયન્સ". **ભગવદ્ ગીતાએ તેમને મહાત્મા થવા તરફ ધકેલ્યા, રસ્કિનનાં પુસ્તકે તેમના સાદાઇ તરફ ખેંચ્યા, તો બાકીનાં બે પુસ્તકોએ તેમને સત્યાગ્રહી બનવા પ્રેરણા આપી.**

અમેરિકા એટલે કે યુ.એસ.માં જે ભયાનક ગુલામીની પ્રથા હતી તે દૂર કરનાર

*બાળકને કેવા મિત્રોની સોબત છે તેના પર નજર રાખો.*

હતા તેના એક પ્રમુખ અબ્રાહમ લિંકન. પણ તેને આ કામ કરવાની પ્રેરણા આપનાર હતી અમેરિકન નવલકથાકાર હેરિયેટ બીચર સ્ટોની નવલકથા "અંકલ ટોમ્સ કેબીન." **તે વાંચીને અને તેનું નાટક જોઇને લિંકન ખૂબ જ હચમચી ગયા હતા અને ગુલામી દૂર કરવાની ભીષણ પ્રતિજ્ઞા લીધી હતી. પાછળથી ગુલામી દૂર કરીને જ જંપ્યા હતા.** અમેરિકામાં આજે પ્રમુખ તરીકે જે ઓબામા છે- જે નીગ્રો છે- તે એટલા માટે છે કે તેના એક પૂર્વજ માર્ટીન લ્યૂથર કીંગે નીગ્રોની સમાનતા માટે ચળવળ ચલાવી હતી. ત્યારે તે કદાચ નિષ્ફળ ગયા, પણ પાછળથી એ ચળવળ આગળ ચાલી અને સમાનતા આવી. આ કીંગને પ્રેરણા આપનાર પુસ્તક હતું મહાત્મા ગાંધીની આત્મકથા- "સત્યના પ્રયોગો." તો દક્ષિણ આફ્રિકાના પ્રથમ પ્રમુખ નેલ્સન મેન્ડેલાએ પણ વર્ષો સુધી જેલમાં પસાર કર્યા છતાં હિંમત ન હારતાં લડત ચાલુ રાખી અને છેવટે દેશ માટે સ્વતંત્રતા મેળવી જ. તેમને પણ તે માટેની પ્રેરણા ગાંધીજીની આત્મકથાએ જ આપી હતી. ભારતની એક અગત્યની સંસ્થા શ્રી રામકૃષ્ણ મિશનના અનેક વિદ્વાન સન્યાસીઓએ કબૂલ કરેલ છે કે તેમના હાથમાં અકસ્માતે વિવેકાનંદના ગ્રંથો અથવા તો 'રામકૃષ્ણ કથામૃત' પુસ્તક આવતાં અને સમય પસાર કરવા ખાતર તે વાંચવા છતાં આ પુસ્તકોએ તેમના પર એટલી ગાઢ અસર કરી અને તેમના મનમાં તે વિચારો એટલા ચોંટી ગયા કે તેમની ચેતના પાયાથી હલબલી ઊઠી કે સન્યાસી ન થયા ત્યાં સુધી તેઓ શાંત ન થઇ શક્યા. **ગાંધીજી, ટિળક, દયાનંદ સરસ્વતી વગેરેનાં પુસ્તકો વાંચીને હજારો-લાખો યુવાનો દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કૂદી પડ્યા હતા.**

આવાં તો અનેક ઉદાહરણો ભૂતકાળમાં બન્યાં હતાં અને આજે પણ બનતાં જોવા મળે છે. આજે પણ અનેક સેવાધારીઓ કોઇ પુસ્તકના પ્રભાવે જ સેવાવ્રતધારીઓ બન્યા છે અને આરામ કે સગવડો છોડીને અંતરિયાળ ગામડાંઓમાં કામ કરે છે આજે પણ.

તો એવાં પુસ્તકો છે જે વાંચ્યા પછી પ્રેરિત થઇને અનેક લોકોએ સમાજમાં પરિવર્તન આણ્યાં છે. કાર્લ માર્કસનાં પુસ્તક "દાસ કેપિટલ" ના વાચને રશિયાના લેનીન, સ્ટેલીન તથા ટ્રોટસ્કી જેવા ક્રાન્તિકારીઓને એવી પ્રેરણા આપી કે તેમણે રશિયામાં ક્રાન્તિ કરી અને તત્કાલીન રાજા ઝારને ઉથલાવી નાખ્યો અને ત્યાં મજૂરો અને ખેડૂતોનું સામ્યવાદી રાજ્ય ઊભું કર્યું. દુનિયાંને એક નવી જ રાજ્ય વ્યવસ્થા આપી. પહેલી વાર ગરીબોનું પણ રાજ્ય હોઇ શકે તેવું દર્શન આપ્યું.

તેમનામાંથી પ્રેરણા લઇને ચીનમાં પણ માઓત્સે તુંગ અને ચાઉ એન લાઇએ પણ ક્રાન્તિ કરી અને એવી જ રાજ્ય વ્યવસ્થા સર્જી.

એડમ સ્મિથનાં પુસ્તકે યુરોપમાં મૂડીવાદી વ્યવસ્થા પ્રબળ કરી. તો કેઇન્સ ના અર્થકારણના વિચારોએ અમેરિકામાં જે ભયાનક મંદી પ્રવર્તતી હતી તેને દૂર કરી ફરી અમેરિકાને સમૃદ્ધ બનાવ્યું.

ચાર્લ્સ ડાર્વિનનાં પુસ્તક "ઓરિજિન ઓફ સ્પેશીઝે" માનવ ઉત્ક્રાંન્તિના ખ્યાલને ધરમૂળથી બદલ્યો અને ત્યારથી વિજ્ઞાને નવો જ વળાંક લીધો અને વિજ્ઞાન ધર્મના સકંજામાંથી બહાર આવી શુદ્ધ વિજ્ઞાન બનવા તરફ આગળ વધ્યું.

ભારતમાં પણ શંકરાચાર્ય, બુદ્ધ, મહાવીરનાં લખાણોને વાંચીને લાખો અને કરોડો લોકોએ ત્યાગનો માર્ગ લઇ લીધો. ભોગવાદ સામે વૈરાગ્યનો નવો જ માર્ગ ચીંધ્યો. આવા અનેક દાખલાઓ જોવા મળે છે.

પુસ્તક દેખાય તો કદાચ નાનકડું, સાદું, પણ એક વાર તેનાં પાનાં ખુલ્લે અને આંખો તેનાં વાક્યો પર ફરવા માંડે, અને શરૂ થાય મગજમાં તીવ્ર વિસ્ફોટો! ડિડેરો નામનો એક ફ્રેંચ ક્રાન્તિકારી અને વિચારક કહે છે કે, "પુસ્તકમાંના વાક્યો જાણે તીક્ષ્ણ નખ બની જાય છે અને તે મગજ પર એવાં તો નખોરિયાં મારે છે અને મગજને છોલી નાંખે છે કે તેમાંથી સત્યને પ્રગટ થવાની ફરજ પડે છે." તો ચાર્લ્સ સ્ક્રીલ્નેર નામનો વિચારક આ જ વાત જુદી રીતે કહે છે કે, "વાચન એક એવું માધ્યમ છે જેના દ્વારા આપણે બીજી વ્યક્તિના મનની મદદથી વિચારીએ છીએ. અને આ વિચાર પ્રક્રિયા આપણને આપણાં મનની સરહદોને ખેંચવાની અને વિસ્તારવાની ફરજ પાડે છે." તો અમેરિકન વિચારક થોરો વાચનનો પ્રભાવ બતાવતાં કહે છે કે, **"માણસ કેવળ વાંચવું શરૂ કરે, તો તેને કર્મ કરવાની પ્રેરણા થાય છે જ."**

ઘણી વાર વ્યક્તિ વાંચવાની શરૂઆત કરે, ત્યારે તેનું વ્યક્તિત્વ સાદું અને નોર્મલ જ હોય છે. પણ પુસ્તકનું છેલ્લું પાનું પૂરું કરે, ત્યારે તેનાં વ્યક્તિત્વમાં આમૂલ પરિવર્તન આવી ગયું હોય છે. ગાંધીજી આફ્રિકામાં એક વાર કામે એકથી બીજા સ્થળે ટ્રેનમાં જતા હતા, ત્યારે તેમના એક મિત્ર કેલનબેકે તેમને રસ્કિનનું પુસ્તક "અન ટુ ધ લાસ્ટ" વાંચવા આપેલ. સમગ્ર પ્રવાસ દરમ્યાન ગાંધીજીએ તે પુસ્તક વાંચ્યું અને તેમના વિચારોમાં પાયાનું પરિવર્તન આવી ગયું. **ટ્રેનમાંથી નીચે ઉતર્યા ત્યારે ટ્રેનમાં જે ગાંધી બેઠા હતા, તે ન હતા. તદન અલગ ગાંધી બની ગયા હતા.** જીવનની વિચારસરણી તદન બદલાઈ ગઇ હતી. આ છે વાચનનો પ્રભાવ. એક નાનકડાં પુસ્તકે ગાંધીમાંના સુષુપ્ત વિરાટ તત્ત્વને પ્રગટાવ્યું જેણે સમગ્ર વિશ્વને માત્ર ત્યારે જ અસર ન કરી, આજે પણ કરે છે.

એટલે, વાંચવા જેવી નાનકડી લાગતી પ્રવૃત્તિ જીવનમાં કે સમાજમાં ઊથલપાથલ સર્જી શકે છે. વિચારસરણીઓ બદલાવી શકે છે. ક્રાન્તિઓ સર્જી શકે છે. સમાજ કે રાષ્ટ્રના પ્રવાહો બદલાવી નાખે છે. એટલે જ, સ્વાભાવિક છે કે, વાચન એક અદ્‌ભુત, રોમાંચક અને તીવ્ર પ્રભાવક પરિબળ છે એમ સ્વીકારવું જ પડે છે.

વાચન મહત્ત્વનું-તીવ્ર પરિણામદાયી બળ છે તેનો તો ખ્યાલ આવ્યો. પણ કેવળ પુસ્તક ખોલી, પાનાં ફેરવતાં જઇ અને આંખોથી વાંચતા રહેવું તે "સાચું" વાચન નથી. કેવળ આંખથી થતું વાચન ભલે માહિતી આપે છે, પણ તે, સમય જતાં, ઝડપથી ભૂલાઇ જાય છે. આ પ્રકારનું વાચન વાચન હોવા છતાં

*બાળક સાથે આત્મીયતા સ્થાપો. જેથી એ પોતાની બધી વાતો તમને કહે.*

તે સાચી રીતનું વાચન છે તેમ ન કહી શકાય. સાચા વાચનમાં તો આંખ સાથે મન અને બુદ્ધિ ભળે છે. શબ્દો-વાક્યો-વિચારો આંખમાં પ્રવેશી, ત્યાંથી મનમાં જઇ અને છેક બુદ્ધિમાં સ્થિર થાય છે. ત્યાં તે દળાય છે, પીસાય છે અને તેનો અર્ક નીકળે છે. આ થાય પછી જ વાચન સાચું છે એમ કહી શકાય. પણ, ટૂંકમાં, આ ત્રણેનો સંગમ થાય પછી જ 'વાચન' થાય છે એમ માની શકાય. બ્રિટિશ લેખ જી.કે ચેસ્ટરટન કહે છે તેમ, **"એક જિજ્ઞાસુ વ્યક્તિ વાંચે અને એક સામાન્ય વ્યક્તિ વાંચે, તે બે વચ્ચે પાયાનો તફાવત હોય છે."**

વાંચવું એક કળા છે. તે સાથે તે વિજ્ઞાન પણ છે. વાંચતાં તો શીખવું પડે છે. તેની તાલીમ લેવી પડે છે. તે આવડત આવ્યા પછી જ "સાચી" રીતે વાંચતાં આવડે છે. અને એક વાર સાચી રીતે વાંચતાં આવડે, તરત પુસ્તક વાચક સામે ખુલવા માંડે છે. તેના સામે નવા જ અર્થો, નવા જ સંદર્ભો આવવા લાગે છે. હવે વાચન વિજ્ઞાનમાંથી ફેરવાઇને એક કલાનું રૂપ ધારણ કરે છે. તેનું એક આગવું અને પોતીકું સૌંદર્ય પ્રગટવા લાગે છે. તે એક નવી જ સમજ આપે છે. ભગવદ ગીતા આ માટે એક સરસ વાક્ય આપે છે કે, "યઃ પશ્યતિ સઃ પશ્યતિ"- એટલે કે, જે જુએ છે, તે જ જુએ છે. એટલે કે જે આ સૌંદર્યગત વાચન કરે છે, તે જ સાચું વાચન કરે છે. અને તેને જ વાચનનો સાચો આનંદ મળે છે. તેનામાં એક દર્શન ઊભું થાય છે. તે જ જીવનને સાચી રીતે સમજી શકે છે. તેના વ્યક્તિત્વમાં શાંત છતાં ક્રાન્તિકારી પરિવર્તન આવવું શરૂ થાય છે. આમ, વાચનની યાત્રા પણ વિજ્ઞાનથી કલાથી સૌંદર્ય તરફની યાત્રા છે. માત્ર તે માગે છે- "કેમ વાંચવું" તેની જાણકારી અને અભ્યાસ.

★ ★ ★

તો કેમ વંચાય? અથવા વાંચવું કેમ જોઇએ? યોગ્ય રીતે વાંચીએ છીએ તેના પુરાવા શું? તેનું શું પરિણામ જોવા મળે? તેના અનેક પરિણામો જોવા મળે છે. તેને કારણે વિવિધ કૌશલ્યો ખીલે છે. વિકસે છે. પણ અહીં આપણે બે-ત્રણ બાબતોની જ ચર્ચા કરશું, જે કહેશે કે'નરી' આંખથી 'ખરી' આંખનું વાંચન કેમ જુદું પડે છે.

★ ★ ★

વાંચતા વાંચતા પ્રથમ અનુભૂતિ થાય છે "લય" ની. ખાસ કરીને કાવ્ય વાંચતાં આ અનુભૂતિ વિશેષ થાય છે. આ વાચનનો પ્રભાવ એવો હોય છે કે ઘણી વાર જે કાવ્ય વાંચતા હોઇએ છીએ, તે કદાચ સમજાતું પણ નથી અથવા તો ઉતાવળે વાંચતા હોઇએ અને કેવળ વાંચતા હોઇએ, સમજવાનો પ્રયાસ પણ ન કરીએ, તે પળે પણ તેના લયનો અનુભવ તો થાય જ. તેનું લખાણ જ એવું લયબદ્ધ હોય કે વાચન જ આપોઆપ લયબદ્ધ થાય અને વાચકનું સમગ્ર અસ્તિત્વ પણ લયબદ્ધતા અનુભવે.

ઉદાહરણરૂપે શંકરાચાર્યનો આ શ્લોક વાંચીએ....

*"અંગમ્ ગલિતમ્ પલિતમ્ મુંડમ્,*
*દશનમ્ વિહિતમ્ જાતમ્ તુંડમ્ ।*
*વૃદ્ધો યાતિ ગૃહિત્વા દંડમ્*
*તોય ન મુંચતિ આશાપિંડમ્ ॥"*

માની લ્યો કે સંસ્કૃત નથી સમજાતું અને છતાં આ શ્લોક વાંચીએ છીએ. તો પણ આ શ્લોકમાં જે લય છે, તે તો સ્પર્શવાનો જ.' **મુંડમ્', 'તુંડમ્', 'દંડમ્' અને 'પિંડમ્' ના ઉચ્ચાર જીભને એક સંગીતમય ગતિ આપે છે. ન સમજવા છતાં મન પણ લયબદ્ધ બને છે.**

★ ★ ★

વાંચવાની મજા એ છે કે તે વાચકની કલ્પનાશક્તિને જીવંત કરી દે છે. પુસ્તકમાંનું વર્ણન એટલું સચોટ હોય કે વાચક માત્ર તેમાં તણાઇ જઇ તલ્લીન જ નથી થતો, પણ તે વર્ણન તેની માનસિક આંખ સામે તાદશ્ય થવા લાગે. "વીઝ્યુઅલ" બને. જાણે વાચક પણ તે "જોતા" હોય તેવું અનુભવે.

શ્રી કનૈયાલાલ મુનશી ગુજરાતીના એક ખૂબ જ પ્રભાવક લેખક મનાય છે. તેની નવલકથાઓમાંના વર્ણનો વાંચીએ તો જાણે ફિલ્મ જોતા હોઇએ તેમ લાગે. શબ્દે શબ્દ જાણે જીવંત થઇને મનઃચક્ષુ સામે ભજવાય. પાત્રો જાણે સામાં જ ઊભાં હોય તેવું લાગે. ઘટનાઓ વાચક સામે જ ભજવાય અને વર્ણનમાં આવતા પ્રતિભાવો અને પ્રત્યાઘાતો જાણે, પાત્ર સાથે, વાચક પણ અનુભવે. હાસ્ય, કરુણ, રૌદ્ર, શૃંગાર, જે રસ હોય, તેમાં વાચક તરબોળ બની જાય.

તેમની એક સમર્થ નવલકથા એટલે "પૃથિવીવલ્લભ". છે તો નાનકડી નવલ, સાદી ઐતિહાસિક કથા, પણ તે પ્રગટે છે. મુનશીની કલમમાંથી, એટલે નાની ઘટના પણ એટલી ઓજસ્વી બની જાય છે કે વાચક પુસ્તક બાજુમાં મૂકી જ ન શકે. અરે, ક્યાંક તો તેનો શ્વાસ પણ થંભી જાય. સમગ્ર વર્ણન અદભુત ચિત્રાત્મકતા ખડી કરી દે તેના સામે. ગમે ત્યાં તે બેઠેલ હોય, પણ તેને તો એમ જ લાગે કે પોતે પણ તે નવલકથાની ઘટનામાં જ હાજર છે.

જુઓ, 'પૃથિવીવલ્લભ' નું આ વર્ણન. રાજા તૈલપ છેલ્લે એક બીજા રાજા મુંજને મારી નાખે છે. ઘટના નાની છે, પણ મુનશી તેને કેવી ચિત્રાત્મક રીતે રજૂ કરે છે...

'હાથી આગળ આવીને મુંજ ઊભો. તૈલપના હુકમથી સૈનિકોએ તેની બેડી કાઢી નાખી.

બેડીઓ છૂટી કે મુંજ ટટ્ટાર ઊભો રહ્યો. તેણે પોતાનાં કપાળ પર પડતા વાળ ઊંચા કર્યા અને વિશાળ ભાલથી ઓપતું મુખ લોકો તરફ ને મૃણાલ તરફ ફેરવ્યું. તેની આંખમાં નીડરતા હતી. પૃથિવીની વલ્લભતા સૂચક તેજ હતું. તેના હોઠ પર મીઠું, ગૌરવભર્યું હાસ્ય હતું..

અનિર્વાચ્ય તિરસ્કારથી તૈલપ તરફ પૂંઠ કરી તે હાથી તરફ ફર્યો. બોલ્યો, "ગજરાજ, રાજાઓમાં ગજ એવો પૃથિવીવલ્લભ તારી પાસે આવ્યો છે."

થોડીવાર વિચાર કરતાં, રમતો હોય તેમ હાથી સૂંઢ હલાવી રહ્યો. મુંજે તેને પંપાળ્યા કર્યો. આખરે શાંતિથી તેની સૂંઢને તે વળગ્યો અને ઉપરથી મહાવતે અંકુશ માર્યો. હાથીએ સૂંઢ વીંટી મુંજને ઊંચકી લીધો.

*બાળકે દિવસ દરમ્યાન શું શું કર્યું તેની બાળક સાથે દરરોજ વાતો કરો. સારી વાતની પ્રશંસા કરો, ભૂલ પ્રત્યે અંગુલીનિર્દેશ કરો.*

હાથીએ સૂંઢનું પૂંછડું ઊંચું કર્યું- નીચું કર્યું. અનેક વાર તેની વચ્ચે હસતો, પ્રભાવભરી આંખો વડે ગર્વ દર્શાવતો પૃથિવીવલ્લભ કાલીનાગને નાથતા શ્રીકૃષ્ણ સમો લોકોની નિશ્ચલ અને સજલ આંખો અગાડી રમી રહ્યો. ગજેન્દ્રે ઘોષ કર્યો ને સૂંઢને એક ઝોક વધારે આપ્યો.

મુંજ હાથીના પગ તળે અદૃષ્ટ થઇ ગયો હતો. હાથીએ પગ મૂક્યો-ભાર દીધો. કચરાવાનો અવાજ થયો. અને તેણે પગ ઊંચકી લીધો.

જમીન પર પૃથિવીવલ્લભનું શબ છૂંદાઇને રોટલો બની ગયું હતું."

જુઓ કેટકેટલાં દૃશ્યો આપણી સામે લેખક મૂકી દે છે.

કેદી તરીકે મુંજ. છતાં અત્યંત ગૌરવશાળી મુંજ. તેનો ચહેરો, કપાળ, આંખમાંની નીડરતા..હાથીને પંપાળતો મુંજ, હાથીની હરકતો, તેને કચડવો...

અને "કચરવા વખતે અવાજ થયો" આ વાંચીએ છીએ ત્યારે જાણે આપણને તે અવાજ સંભળાય છે. આપણને પણ કમકમાટી છૂટી જાય છે. લોકો જ ચીસ નથી પાડતા, વાચકના હૈયામાં પણ ચીસ ઊઠે છે. અને "શબ રોટલો બની ગયું"- આ વર્ણન વાચક સામે શબની સ્થિતિને એવી તો રીત રજૂ કરે છે કે વાચક પણ જાણે અજાણે આંખ બંધ કરી દે છે અને ધ્રુજવા લાગે છે. એક એક વર્ણન સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે.

અને વાંચતા વાંચતા કેવા કેવા ભાવ વાચક તરીકે આપણે અનુભવીએ છીએ. મુંજ પ્રત્યે આદર, તૈલપ પ્રત્યે તિરસ્કાર, હાથીને ન કચડવાની માનસિક વિનંતિ, સૂંઢના ઝોક વખતે આંખ બંધ થવી, ત્રાસ અનુભવવો, ચીસ પાડી ઊઠવી, રડી પડવું. **અનેક અનેક ભાવો વાચકના મનમાં ચમક્યા કરે છે- વાંચવા વખતે.** બસ, આ જ વાચનની ખૂબી છે. તે નિર્જીવ ઘટનાને જીવંત કરી દે છે.

આ હતું વ્યક્તિ ચિત્ર. તો કાકા કાલેલકર જેવા સૌંદર્યપ્રેમી લેખક જ્યારે પ્રકૃતિ વર્ણન કરે, ત્યારે વાચક પણ તે સૌંદર્ય-દર્શન કરે છે. સૌંદર્ય-પાન કરે છે અને તેના સાથે તાદાત્મ્ય અનુભવે છે. વર્ણનનો શબ્દે શબ્દ તેની 'ખરી આંખ' સામે 'વીઝ્યુલાઇઝ' થાય છે.

"વાદળું" - કેવી સાદી-નાની ઘટના છે. આપણે રોજ આકાશમાં નાનાં મોટાં વાદળાં જોતા હોઇએ છીએ. જોવાં ગમે પણ છે. પણ પછી તરત ભૂલી જઇએ છીએ. તેનું સૌંદર્ય આપણી 'નરી આંખ'ને ભાગ્યે જ સ્પર્શે છે, કોઇ અપવાદ બાદ કરતાં!... પણ કાકા સાહેબની 'ખરી આંખ' એ જ વાદળોને જુએ છે અને તેમની આંખરૂપી પીંછીથી વાદળ-ચિત્રો દોરાવા લાગે છે.. અહાહા, કેવાં અદભુત વર્ણન છે. વાદળનાં...

'વાદળાં બીચારાં આકાશમાં ફેલાય છે. ધોળાં ધોળાં હોય તો જાણે હસી પડે છે. અને પાણીથી લબાલબ ભરેલાં હોવાથી શ્યામરંગ ધારણ કરે છે ત્યારે તો જરા સરખું કારણ મળતાં વેંત રડી પડે છે. અને ખૂબી એ છે કે જ્યારે વાદળાં રડે છે, ત્યારે આપણું મન સહાનુભૂતિથી ગમગીન નથી થતું. વાદળાં રડીને પણ આપણને તો પ્રસન્ન જ કરે છે...

"કોક વાર આકાશમાં સફેદ ગોળમટોળ વાદળાંના એવા તો ઊંચા ઊંચા ઢગલા થાય છે કે જાણે પહાડોનું અનુકરણ કરવાનું તેમને સૂઝ્યું છે. નીચેથી સીધાં સપાટ અને ઉપર જાણે ઢગલાનાં શિખરો જામતાં જાય છે...

"વાદળાં જેમ ફાટીને ચીંથરેહાલ થઇ જાય છે, તેમ તેની શોભા વધે છે. ફાટેલાં વાદળાં આકાશમાં ફેલાય છે ત્યારે આકાશની શોભા અબરી જેવી- મારબલ પેપર જેવી ખીલે છે. સંગેમરમરના સફેદ પથરામાં જે જાતજાતની રંગીન ભાત દેખાય છે તેનું જ અનુકરણ કરી લોકો મારબલ પેપર કરવા માંડ્યા છે.

"સિંહગઢ પર હવાનો ભેજ થીજીને એનાં કાચાં વાદળ બનતાં હતાં અને પવન જાણે મો...ટી સાવરણી લઇને વાદળાઓનું વાસીદું કાઢી નાખતો હતો. એ વાદળના ગોટેગોટા સિંહગઢ પરથી ખીણમાં ધડધડ કૂદી પડતા હતા.

"કોક વખતે આકાશમાં ખૂબ ઊંચેથી પવન વાય છે. બહુ જોરથી નહીં પણ સ્થિર વાયુની સેરો છૂટે છે. પરિણામે આકાશમાં વાદળાંની સીધી લીટીઓ એકબાજુથી બીજી બાજુ ફેલાય છે."

તો, આ છે વાચનની ખાસિયત, વાચક વાંચતાં વાંચતા તાદૃશ્ય ચિત્રો એ છે અને તેમાં તલ્લીન થઇ જાય છે. તેને પરિણામે હાસ્ય, કરુણતા, દુ:ખ વગેરે અનુભવે છે. આ ભાવોએ જ લિંકનને કે ગાંધીને હચમચાવી નાખ્યા. ગુલામોને બજારમાં ઊભાડીને વસ્તુ જેમ વેંચાતા હોય તે દૃશ્ય જોઇ લિંકન રડી પડ્યા હતા. તો રસ્કિનાં પુસ્તકમાં સર્વોદયની વાત સાંભળીને ગાંધીએ પોતાની ધીકતી પ્રેક્ટિસ છોડી દીધી અને તપસ્વી જીવન ધારણ કરી લીધું. **એક પુસ્તક લિંકનને ઉધ્ધારક બનાવે છે કે વકીલ ગાંધીને મહાત્મામાં ફેરવી શકે છે.**

★ ★ ★

જો "ખરી આંખે" વાચન કરાય, તો ત્રીજું અને મહત્ત્વનું પરિણામ અનુભવવા મળે છે. તે છે પુસ્તકના વિચારો વાચક સામે ઉઘડવા લાગે છે. હમણાં જ જોયું કે વાચનથી જેમ કલ્પનાશક્તિ વિકસે છે, તે જ રીતે વાચનથી, અભ્યાસપૂર્ણ વાચનથી, જેને અધ્યયન કહી શકાય, વિચાર શક્તિ, મનન શક્તિ કે ચિંતન શક્તિ વિકસવી શરૂ થાય છે. અને આ ચિંતન શક્તિ જેમ જેમ ઊંડી અને ગાઢ બનતી જાય છે, તેમ તેમ નરી આંખે જે શબ્દો, વાક્યો, વિચારો સાદાં કે સાદા અર્થવાળાં દેખાય છે, તે હવે નવા જ સંદર્ભમાં દેખાવાં શરૂ થાય છે. તેનાં નવાં જ અર્થઘટન થવા શરૂ થાય છે. અત્યાર સુધી જે અર્થમાં સમજાતાં હતાં, તે અર્થ હવે કેલિડોસ્કોપિક સ્વરૂપ ધારણ કરે છે અને નવા નવા અર્થો તેમાંથી ફૂટવા લાગે છે. સમગ્ર સંદર્ભો જ બદલાઇ જાય છે. વિચારનું એક નવું, અદભુત જગત વાચક સામે પ્રગટવું શરૂ થાય છે. પરિણામે તેનામાં દર્શન શક્તિ (Perception) વિકસવા લાગે છે.

થોડાં ઉદાહરણો તપાસીએ.

સંત કવયિત્રી મીરાંબાઇનું એક જાણીતું ભજન છે...

*બાળકના રચનાત્મક શોખને પૂરા કરવાની તક આપો, અનુકૂળતા આપો.*

**"પાયો જી મૈને રામ રતન ધન પાયો."**

મીરાંને વાત કરવી છે અધ્યાત્મની. ભક્તિની. તેના પરમ આનંદની. પણ તેને બરાબર ખ્યાલ છે કે આ અધ્યાત્મની, ભક્તિની વાત સામાન્ય લોકો પાસે કરવી હશે, તો તેઓ સમજે તે પરિભાષામાં, શબ્દોમાં, ભૌતિક જગતના સંદર્ભમાં કરવી પડશે.

અને લોકોને રસ છે "ધન" માં. ધન.. પૈસા.. સમૃદ્ધિ. જેવા શબ્દોનો ઉપયોગ કરાય કે તરત તેમના કાન ઊંચા થવાના. તેમનું ધ્યાન ખેંચાવાનું અને પછી રસપૂર્વક સાંભળવાના! એટલે તેમને ધન અને તેના ફાયદા બતાવે તેવી રીતે કહેવું. માટે કહે છે - "પાયો જી મૈંને રામ રતન ધન પાયો."

બે શબ્દો વાપર્યા છે- 'ધન' અને 'રતન'. પૈસા અને ઝવેરાત. પાછું બે વાર ભાર દઇને કહે છે કે "પાયોજી" અને "પાયો". અને ખુદ "મૈંને". પોતાના અનુભવની વાત કરે છે. એટલે હવે તે સાંભળનારનું ધ્યાન ખેંચવામાં સફળ થાય છે.

પછી તે આ ધન કેવું છે તેની વાત કરે છે. તેના ફાયદા વર્ણવે છે.

કહે છે તે- "વસ્તુ અમોલિક દી મેરે સદગુરુ."

લોકોને સદગુરુમાં રસ નથી. પણ 'અમોલિક'- અમૂલ્ય-કિંમતી-વસ્તુમાં રસ છે. તેના પર ભાર મૂકતાં કહે છે કે "જનમ જનમ કી પૂંજી પાઇ." એટલે કે આ ધન કેવું છે? તો કહે છે કે માત્ર આ જન્મ પૂરતું જ નથી, પણ જનમો જનમ ચાલે તેવું છે અને તે પણ પાછું કેવું?

"ખરચૈ ન ખૂટે વાકો ચોર ન લૂટૈ, દિન દિન બઢત સવાયો."

ધન ગમે તેટલું હોય, પણ વપરાય તો ખૂટવા જ લાગે. અને તે માણસને ગમતું નથી. વળી તે ચોરાઇ જવાનો પણ ભય રહેતો હોય છે. આ બન્ને ભયને દૂર કરવાની ખાતરી આપતાં મીરાં કહે છે કે આ ધન તો ગમે તેટલું ખર્ચાય, તો પણ ખૂટતું જ નથી. ઊલટું, રોજ વધતું જ જાય છે. અને મોટી વાત એ કે તેને ચોર લૂટી પણ નથી શકતા.

આટલા ફાયદા સાંભળીને પછી કોઇ પૂછે કે એ ધન કયું? તો મીરાં હળવે થી કહે છે કે- "રામ રતન ધન." રામરુપી ધન! ઉપરછલ્લી રીતે વાંચવામાં આવે, તો આ ભજન સાદા અર્થો ધરાવે છે. પણ વિશ્લેષણ કરી, ખરી આંખે જોઇ, વંચાય, તો અધ્યાત્મ કેવું ધન છે તેનો ખ્યાલ આવે છે. અને આ ધન મેળવવાથી શું શું લાભ થાય છે તેપણ ખબર પડે છે. **ભાષા સંસારીની છે, પણ અર્થઘટન આધ્યાત્મિક છે. આ ખ્યાલ આવ્યો કે દર્શન બદલવાનું.**

નરસિંહ મહેતા પણ આવા જ મતલબનું એક વાક્ય કહે છે કે **"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જુજવે રુપે અનંત ભાસે."** સાદો અર્થ છે કે સમગ્ર વિશ્વમાં એક ઇશ્વર જ છે. તે અનંત સ્વરૂપે દેખાય છે. પણ હવે 'ખરી આંખે' વાંચવામાં આવે, તો 'દેખાય' છે કે નરસિંહ મહેતા કહેવા માંગે છે કે સમગ્ર બ્રહ્માંડમાં એક જ ઇશ્વર છે. સમગ્રતાના સંદર્ભમાં તો તે અનંત જ છે. એટલે અનંત દેખાય જ, પણ અહીં તે વધારામાં એ કહે છે કે તેનાં અનંત સ્વરૂપો પણ છે. "જુજવાં" એટલે વિવિધ-અનંત. અને આ દરેક સ્વરૂપ પણ પાછું અનંતતાનો ગુણ ધરાવે છે. છે એક જ ઇશ્વર! બ્રહ્માંડમાં પણ ઇશ્વર છે. બ્રહ્માંડ પોતે પણ ઇશ્વર છે. આ ઇશ્વર 'એક' સ્વરૂપે અનંત છે. અને તે જે અનંત સ્વરૂપો ધારણ કરે છે, તે દરેક સ્વરૂપ પાછું પોતે પણ વ્યક્તિગત રીતે પણ અનંત છે. એટલે અનંત સાથે અનંતનો ગુણાકાર થાય છે!

હવે કલ્પના કરો આ અનંતતાની ! આભા થઇ જવાશે. જગત તરફ જોવાની દૃષ્ટિ જ બદલી જશે.' ઇશ્વર દરેકમાં છે' એ વાક્યથી યાત્રા શરૂ થશે જે 'ઇશ્વર જ દરેક સ્વરૂપ છે'- માં વિરામ લેશે. સમગ્ર દર્શન જ બદલી જશે.

જગદીશ જોશીના એક કાવ્યની પ્રથમ બે લીટી આમ છે..

"ખોબો ભરીને અમે એટલું હસ્યાં
કે કૂવો ભરીને અમે રોઇ પડ્યાં."

વાત આનંદ અને પીડાની છે. વ્યક્તિ આનંદ અને પીડા વચ્ચે ઝૂલે છે. પણ જે વ્યક્તિ સંવેદનશીલ છે, તેના આનંદ અને પીડાની વ્યાપકતાનાં દર્શન કવિ અહીં કરાવે છે. સંવેદનશીલ વ્યક્તિની સંવેદનશીલતા એટલી તીવ્ર હોય છે કે તેનો આનંદ જગતની પીડા જોતાં ખૂબ જ ઘટી જાય છે. "ખોબા" જેટલો થઇ જાય છે. તેનું હાસ્ય ખોબામાં સમાઇ જાય છે. પણ પીડાની તીવ્રતા, તેનો વિસ્તાર "કૂવા" જેટલો છે. ઊંડો, અતલ, અંધકારથી ભરેલ. તેની પીડાની અભિવ્યક્તિ- "રડવું"- કૂવા જેટલી હોય છે. **બે નાનાં પ્રતીકો દ્વારા વ્યક્તિની ચેતનાની સંવેદનશીલતા બતાવી દે છે.**

ઉમાશંકર જોશી માનવીનાં મનનું- હૈયાનું-વર્ણન કેવું કરે છે...

"માનવીનાં હૈયાને નંદવામાં વાર શું?
પોચાશા હૈયાંને પીંજવામાં વાર શું?
એનાં એ હૈયાંને રંજવામાં વાર શું?
એવાં એ હૈયાંને નંદવામાં વાર શું?

માણસનું મન એટલું બિનતાલીમી છે કે પળભરમાં નંદવાઇ જાય છે. તે ખૂબ જ 'પોચું'- આળું- છે, તેથી જ તેને પીંજી શકાય છે. એટલે જ છેલ્લે કહે છે કે "આવા" તે હૈયાંને નંદવામાં વાર શું! આ "આવાં" શબ્દ તલવારના ઘા જેવો છે. માનવનું પળવારમાં ગૌરવ ઘટાડી નાખે છે... આ વાંચીને તરત વાચક પોતાનાં હૈયાંને તપાસવા પ્રેરાશે અને..થથરી જશે. તેને પોતાનું સાચું ભાન થશે.

ક્યારેક સાહિત્યકાર કે વિચારક એક નાના લખાણમાં એટલું વ્યાપક દર્શન કરાવી દે છે કે વાંચતાં વાચક સ્તબ્ધ જ થઇ જાય. હાઇકુ સૌથી નાનો કાવ્ય પ્રકાર છે. તેનો કેવો સચોટ ઉપયોગ કરી શકાય તેનો દાખલો સ્નેહરશ્મિનું આ હાઇકુ છે.

**"છાપરું ચૂવે,**
**ભીંજે ખોળામાં બાળ,**
**માના આંસુથી.."**

તદન સાદું દૃશ્ય છે. તૂટેલ છાપરાં નીચે એક મા બેઠી છે જેના ખોળામાં રહેલ બાળક ભીંજાય છે.

પણ અહીં જ કવિની ખૂબી છે. તેણે ભીંજાવાનાં બે કારણ રજૂ કર્યાં છે. એક છે

*આગંતુકને 'નમસ્તે' વગેરે કહેવા માટે દબાણ ન કરો.*

છાપરું ચૂવે છે તેથી. અને બીજું છે કે મા રડે છે તેનાં આંસુથી. પણ બન્ને પ્રતીકો જોરદાર છે. અનેક ગર્ભિત સૂચનો કરી જાય છે.

છાપરું ક્યારે ચૂવે? તે સ્પષ્ટ ગરીબીનું દર્શન છે. અહીં બહેન ગરીબ છે. માટે તે રડે છે અને બાળક ભીંજાય છે. ઘરની જર્જરિત સ્થિતિ પાંચ અક્ષરોમાં બતાવે છે.

બીજું કહે છે "માનાં આંસુથી"

અહીંથી શરૂ થાય છે વિરાટ દર્શન.

માતા શા માટે રડે છે? કવિ કશું જ સ્પષ્ટ નથી સૂચવતા. કદાચ ગરીબ છે માટે? પણ શું તે એક જ કારણ હોઇ શકે? તો?

અને શરૂ થાય છે કલ્પનાશક્તિ...ખરી આંખનું કામ!

કદાચ પતિ ભાગી ગયો છે. કદાચ મરી ગયો છે. કદાચ મારીને બહાર ગયો છે. કદાચ બીજી સ્ત્રી સાથે રહી તેને છોડી દીધી છે. કદાચ બાળક માંદુ છે અને ગરીબીને કારણે તેની સારવાર નથી કરી શકતી. અને.. કદાચ... બાળક મૃત્યુ પામ્યું છે! સાદાં ગરીબીનાં કારણથી મૃત્યુ સુધીની સંભાવના કવિ બતાવે છે- કશું પણ કહ્યા વિના! પણ જેમ જેમ ચિંતન શક્તિનો ઉપયોગ કરાતો જાય, તેમ તેમ આ હાઇકુ આપણા સામે ઊઘડતું જાય છે. અનેક અર્થચ્છાયાઓ પ્રગટતી જાય છે. વાચક આભો જ બનતો જાય છે. સ્તબ્ધ થતો જાય છે. તેના સામે માત્ર એક મા જ નથી પ્રગટ થતી. સમગ્ર સમાજનું બિહામણું ચિત્ર રજૂ થાય છે. દારુણ ગરીબીના ભયાનક પરિણામો પ્રગટે છે. ગરીબની હાલતનાં દર્શન થાય છે. પુરુષ જગતની ક્રૂરતા પ્રકાશિત થાય છે. સમાજની ઉદાસીનતા, ક્રૂરતા, નિર્મમતા જોવા મળે છે. સ્ત્રીની સ્થિતિનાં દર્શન થાય છે..અને, વ્યાપક રીતે વિચારે તો, શા માટે સામ્યવાદ કે સમાજવાદ ઊભા થયા, કેમ ક્રાન્તિઓ સર્જાતી હોય છે...તેનો અણસાર પણ તેને આ નાનકડાં હાઇકુમાંથી સમજવા મળે છે. **અણુ જેવું દેખાતું આ હાઇકુ આકાશ જેવી સમજ ઊભી કરવામાં સફળ થાય છે.**

પણ ખરી આંખથી વંચાય તો.

★ ★ ★

તો, આ 'ખરી આંખ' કેળવવી કેમ?

તે માગે છે તાલીમ અને જાગૃતિ.

આજે સર્વત્ર શા માટે વાંચવું તેની વાત તો બધા કરે છે, પણ "કેમ" વાંચવું તેની તાલીમ ભાગ્યે જ અપાય છે. તેના સાદા ઉપાય કે તાલીમ છે...

- પહેલાં ઝડપથી વાંચી જવું.
- પછી ઊંડાણથી અને અર્થઘટન કરતાં વાંચવું.
- વાચન વખતે આવતા વિચારોની નોંધ કરવી.
- આ નોંધ પર પણ વિચાર કરવો.
- આ બાબતે કોઇએ વિચાર કર્યા છે કે નહીં તે તપાસવું. તુલનાત્મક અભ્યાસ કરવો.

આ બધાંની પ્રેક્ટિસ કરવાથી ધીમે ધીમે તેની ટેવ પડતી જશે અને દરેક પુસ્તક, વાક્ય, શબ્દ, અરે ફિલ્મ વગેરે પણ, આ રીતે જ વાંચવા-જોવાની આદત પડતી જશે અને 'ખરી આંખ' કેળવાતી જશે.

પણ એક વાર ટેવ ગાઢ થતી જશે, આહાહા! તેનું અમાપ, અનંત, અદ્ભૂત સૌંદર્ય વાચક સામે પ્રગટ થવા લાગશે. માત્ર પુસ્તકનું જ સૌંદર્ય નહીં પ્રગટે, તેને પરિણામે જગતનું સૌંદર્ય પણ પ્રગટ થવા લાગશે. અરે, સમય જતાં પોતાનું સૌંદર્ય પણ પ્રગટ થવા લાગશે. એક પળ એવી આવશે કે તેને સર્વત્ર સૌંદર્ય સિવાય કશું જ નહીં દેખાય. તે પણ ગાઇ ઊઠશે કે "અખિલમ મધુરં". સમગ્ર જીવન મધુર બની જશે.

માટે ધન્ય અને સાર્થક બની જશે.

અને એટલા માટે તો જીવન મળ્યું છે.

માટે, પ્લીઝ-વાંચો. ■

## કાશ્મીરી પંડિતોના જખ્મ પણ...

(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)

**ટળવળતો હોય એ કેવી કમનસીબી!**

જ્યારે કાશ્મીરી પંડિતોને ઘાટીમાંથી ભયભીત બની ભાગવું પડ્યું ત્યારે અજાણ્યા પ્રદેશમાં ઊંઘવા માટે તેમના નસીબમાં ઊંઘવાની ગોળી પણ ન હતી. તેઓ આંખ ખુલ્લી રાખી પોતાની ઇચ્છાઓ, આશાઓ, અરમાનોને નજર સામે વગર ચિત્તાએ ભસ્મીભૂત થતી જોતા હતા. તેમના સંબંધ વિચ્છેદ માત્ર એક સ્થળથી નહિ પણ સંસ્કૃતિથી-સંસ્કારોથી કરાયો હતો. એ દિલથી રડતા સરહદ પાર નીકળ્યા પણ એમની આંખમાં મુસ્કાન લાવવા શું થયું? **શરણાર્થી બનેલ કાશ્મીરી પંડિતોને સરકારી નોકરીમાં પાંચ વરસ ઉંમર બાધ આપવાનો ઠરાવ થયો પણ ૧૯૯૦ બાદ કેટલા પંડિતોને નોકરીમાં લેવાયા છે તે જાહેર થાય તો વરવું ચિત્ર બહાર આવી શકે.** હાલમાં નોકરી વગરના બેકાર પંડિતોને મહિને આશરે સવા બે હજાર સાથે રાહત દરે રેશન આપવાની જોગવાઇ થઇ છે. પરંતુ હિજરત કરી ગયેલ પંડિતો આવી દયાની ભીખથી કદી ગૌરવભેર જીવી નહીં શકે. પંડિતો પોતાનું કાયમી સરનામું દર્શાવી શકે અને જીવનમાં પગભર થઇ દેશના વિકાસમાં પ્રદાન આપી શકે એવું પેકેજ દરેક વિસ્થાપિત પંડિત કુટુંબને આપવાની જરૂર છે. આપણે માર્ગ ભૂલેલાઓના પરિવારને મદદરૂપ-સહાયરૂપ થતા હોઇએ ત્યારે પોતાના વાંક-ગુના વિના દોઝખમાં સબડતા પંડિતોને પણ તેઓ પોતાના ભાગ્યવિધાતા બની શકે. લલાટે સુખ જોઇ શકે એવું વળતર જાહેર કરવાની જરૂર છે. આપણે પંડિતોને પરાયા બની સ્મૃતિશેષ થતા નથી જોવા. પંડિતોનો સમાજ લોકશાહી દેશની હવા તેમના શરીરમાં પ્રવેશતી મહેસૂસે એ જરૂરી છે, એ સાથે દેશમાં લોકશાહી-માનવતા-બિનસાંપ્રદાયિક્તાને સાચા અર્થમાં ધબકતી જોવી છે.

*પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦,*
*ગાંધીનગર-૩૮૨ ૦૩૦.*
*ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

# આજના માણસની મૈત્રી કોની સાથે? સત્ય કે અસત્ય સાથે?

● ડો. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી ●

સ્કૂલનાં બાળકો તન્મયતાપૂર્વક પ્રાર્થના કરી રહ્યાં છે, 'હે પ્રભુ! અમારી પર કૃપા કરજે. અમે સદાય સાચું બોલીશું!' શિક્ષકો પ્રાર્થનાનો 'નિત્યક્રમ' સત્વરે પૂરો થવાની વાટ જોઇ રહ્યાં છે.. બાળકો આવે છે, જાય છે.. પ્રાર્થનાઓ થાય છે, પ્રતિજ્ઞાઓ લેવાય છે.. બાળકોનું જીવન મૂલ્યનિષ્ઠ હોવું જ જોઇએ... એમણે મહાન પ્રતિજ્ઞાઓ લેવી જ જોઇએ... કારણ કે એ 'બાળકો' છે. 'બાળકો' છે એટલે તો કસોટી થાય તેવી કપરી પ્રતિજ્ઞાઓ લેવા તૈયાર છે.. પ્રતિજ્ઞા પાળવા માટે છે, કેવળ મોઢેથી બોલવા માટે નહીં, એવી પળોજણમાં પડવાને બદલે 'પ્રતિજ્ઞા' એટલે 'પ્રતિજ્ઞા' એવું સીધું ગણિત શિક્ષકો માંડે છે..

પણ શું ઉત્તમ પ્રતિજ્ઞાઓ કેવળ 'બાળકો'એ જ લેવાની છે કે પછી 'પ્રતિજ્ઞા' લેતી વખતે દરેક વ્યક્તિએ 'બાળક' જેવા નિર્દોષ બનવાનું છે?

**એવી કોઇ શાળા કે કોલેજ છે ખરી, જેમાં આચાર્ય અને અધ્યાપકો, શિક્ષકો અને કર્મચારીઓ પ્રતિજ્ઞા લેતાં હોય કે અમે સાચું બોલીશું, અમે મૂલ્યનિષ્ઠ બનીશું, ન્યાયયુક્ત વ્યવહાર રાખીશું?** જેમણે જ્યાં-જ્યાં કશું 'સોગંદ' પર કહેવું પડે છે, 'પ્રતિજ્ઞાઓ' લેવી પડે છે તેઓ પણ માત્ર વિધિ ખાતર શબ્દો બોલી જાય છે. તેમાં નથી હોતી બાળકની નિર્દોષતા કે નથી હોતી પ્રતિજ્ઞા પ્રત્યેની ગંભીરતા!

આપણે એમ માનીને ચાલીએ છીએ કે 'બાળકો'એજ સત્યનિષ્ઠા, સંસ્કારનિષ્ઠા, અનુશાસન અને ખેલદિલી શીખવાની અને આચરવાની છે! શું મોટા થવું એટલે 'ખોટા' થવું? મોટા થવા માટે જ સરળતા, નિર્દોષતા, નિરાડંબરતા, નિખાલસતાનું બલિદાન આપવું આવશ્યક છે? શું મોટાઇ છળકપટનો અને પ્રવંચક ચતુરાઇનો પર્યાય છે?

એક પિતા પોતાના બે પુત્રોની સરખામણી કરતાં કહે છેઃ આ 'અમારો નાનકો! તમે એને દસ વરસ પહેલાં જોયો હતો તે! તમે કહેશો.. 'ઓ.. હો! આ નાનકો આટલો મોટો થઇ ગયો?' "મને યાદ છે ત્યારે હું ઘરમાં જેવો પગ મૂકતો કે તરત જ 'નમસ્તે અંકલ' કહીને મને આવકારતો!" તમારી વાત પૂરી થાય એ પહેલાં 'નાનકા'માંથી 'મોટકો' થયેલો એ તરુણ તમારા તરફ નજર કર્યા સિવાય અદશ્ય થઇ ગયો હશે... એના અવિનયનો બચાવ કરતાં એનો પિતા કહેશે : 'ત્યારે તો નાનો હતો ને! હવે એ મોટો થયો. 'સમજણો' થયો, એટલે જવાન છોકરાની રીતભાત આપણે ઇચ્છીએ એના કરતાં જુદી રહેવાની! કદાચ પિતા શરમથી નીચું પણ જોશે. 'મોટકો' તમને આદર આપ્યા વગર ચાલ્યો ગયો એનાથી દુભાઇને! ક્યાં ગઇ એ 'નાનકા'ની 'વિનયશીલતા?' ક્યાં ગઇ પેલાં બાળકોની 'સત્યનિષ્ઠા?' સમાજમાં રહ્યા છતાં માનવી કેમ 'સામાજિક પ્રાણી' બનવાને બદલે કેવળ 'પ્રાણી' શબ્દ જ યાદ રાખે છે? કે પછી આપણને મૂલ્યનિષ્ઠ સમાજ ખપતો જ નથી? બાળકોને દરરોજ સાચું બોલવાની પ્રતિજ્ઞા કરાવનાર શિક્ષકના જીવનમાં સત્યપ્રિયતાનો સરવાળો થાય છે કે બાદબાકી? નિયમિતતાનો પાઠ શીખવનાર ખુદ નિયમિત છે ખરા? **અદાલતમાં 'સત્યમેવ જયતે' રક્ષિત રહે તે ન્યાય માગનારા, તોળનારા અને કાયદાનાં પુસ્તકો લઇ ઘૂમનારાને મંજૂર છે ખરું?** 'જે મુક્તિ આપે તે વિદ્યા' એવાં વિશ્વવિદ્યાલયો સંકુચિતતાથી 'મુક્ત' છે ખરાં ? ધર્મસ્થાનો 'સત્ય'નો મહિમા પિછાણે છે ખરાં? સત્ય માટે શું સોક્રેટિસે મરવાનું? ઇસુ ખ્રિસ્તે જ શૂળીએ ચઢવાનું? ગાંધીએ જ ગોળીઓ ખાવાની?

જે સત્યનાં આપણે ઢોલ વગાડી-વગાડીને ગાણાં ગાઇએ છીએ, સૂત્રરૂપે એને ટાંકીએ છીએ, કોઇ જૂઠું બોલે છે એવો આપણને ખ્યાલ આવે તો એને ટોકવાનો આપણો જન્મસિદ્ધ અધિકાર માનીએ છીએ, પણ સત્યની રક્ષા માટે આપણે કશું મૂલ્ય ચૂકવીએ છીએ ખરા? ધાર્મિક ઝનૂનથી પ્રેરાઇને બલિદાન આપનારા કદાચ જડી આવશે, પણ સત્ય ખાતર ઠંડે કલેજે ઝઝૂમી મૃત્યુના ભયમુક્તથી રહેનારા માનવીઓ આધુનિક યુગમાં જવલ્લે જ જોવા મળે છે. આમ કેમ? **સત્ય આવું મહાન છે, ઉપકારક છે, આદર્શ છે, તો એના ઝંડાધારીઓ કેમ ઘટી રહ્યા છે?** શા માટે માણસ સત્ય બોલતાં અચકાય છે? ખચકાય છે? ભૌતિક સત્યો આપણે બેધડક ઉચ્ચારીએ છીએ, કારણ કે એ ખોટું પડે તો બોલનારે કશું ગુમાવવાનું હોતું નથી, પણ વ્યકિત કે સમાજને સ્પર્શતી બાબતો વિશે સત્ય બોલનાર પુરવાર થશે, તો અનેક પ્રકારની કટુતાઓ અને સમસ્યાઓનો તેણે સામનો કરવો પડશે..

એટલે માથામાં વાગે એવું સત્ય માથામાં વાગે એવી રીતે બોલવાને બદલે 'પ્રિયકર' રીતે બોલાની વાત આદર્શ તરીકે રજૂ કરવામાં આવી. સાચું બોલવું પણ અપ્રિય લાગે તે રીતે બોલીને માણસને દુભવવાના યત્નથી દૂર રહેવું! પણ એનો અર્થ કેવળ 'પ્રિય'ની રક્ષા અને 'સત્ય'ની અસાલમતી હરગીજ નહીં!

આપણે 'પ્રિય'ની વાત યાદ રાખી અને 'સત્ય' ને ભૂલ્યા, એટલે જ માણસો ખુશામતનો ડોળ કરતા થઇ ગયા! જાહેર સમારંભો અને કાર્યક્રમો તથા શ્રદ્ધાંજલિનાં લખાણો જુઓ! જેમના હૈયે કર્મચારી કે કારીગર હિતનો છાંટોયે ન હોય એવા માણસનું

આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.

મરણ થતાં એમના 'સ્વર્ગવાસ' વિશે, એમની દયા-કરુણા અને પરોપકારની ઉદ્દાત ભાવના વિશે એમના સ્ટાફના માણસો લખાણ-વખાણ કરે છે- તેમના પછી અધિકારસ્થાને વિરાજેલા એ 'શેઠપુત્ર'ને ખુશ રાખવા માટે! જેમની શ્રદ્ધાંજલિઓ આપણે વાંચીએ છીએ, એ તમામ માણસો પ્રત્યે પૂજ્યભાવ ધરાવવો- પ્રદર્શિત કરવો એ એક વાત થઇ! એમના મહાન ગુણોનું સ્મરણ કરવું એ માનવીય કર્તવ્ય છે, એ પણ કબૂલ! પણ એમાં વપરાતા શબ્દો પ્રામાણિકતાની મહેક લઇ ચાલે એ પણ એટલું જ અપેક્ષિત! શ્રદ્ધાંજલિઓના જાહેર કાર્યક્રમોમાં પણ આવું જ બને છે. વક્તા અવસાન પામેલી 'મહત્ત્વ'ની વ્યક્તિ પ્રત્યેની પોતાની નિકટતા, આત્મીયતા અને સંબંધની ઘનિષ્ઠતા પ્રદર્શિત કરતાં-કરતાં બહેકવા માંડે છે! કેટલાક તો શબ્દે-શબ્દનો પ્રયોગ એવી રીતે કરે છે કે મરનાર કરતાં પોતે જ્ઞાન કે વિદ્વત્તામાં વધુ મોટો છે, મહત્ત્વનો છે એવો ભાવ પ્રતિબિંબિત થાય! કાર્યક્રમોમાં 'વરદ' હસ્ત, 'ચરણકમળ', 'કિમતી સમય' વગેરે શબ્દોમાં બિચારું 'સત્ય' કેટલે-કેટલે ઠેકાણે ગૂંગળાય છે!

સત્ય એ સાધના છે, સત્ય એ યોગ છે, સત્ય એ તપ છે, 'સત્ય' એ ઇશ્વર છે, એમ કહીને આપણે 'સત્ય'ને ઉચ્ચસ્થાને પ્રસ્થાપિત કરીએ છીએ, ત્યારે આપણી એ પણ ફરજ બની જાય છે કે, સત્ય ખાતર ગમે તેવી વસ્તુ કે વ્યક્તિનું બલિદાન આપીએ, પણ સ્વાર્થ ખાતર સત્યને શૂળીએ ચઢાવવા તો તૈયાર ન જ થઇએ!

**કેવી વિચિત્રતા છે સત્ય અને અસત્યની! 'સત્ય'ના પાઠ ભણાવવામાં આવે છે છતાં 'સત્ય' બોલનારા શોધ્યાય જડતા નથી! અને 'અસત્ય'ને ભણાવવા માટે કોઇ પાઠશાળા નથી... છતાંય અસત્ય બોલવામાં માણસો આપોઆપ પાવરધા કે નિષ્ણાત બની જતા હોય છે! લોકશાહી માટે 'પ્રૌઢ શિક્ષણ'ની જેટલી જરૂર છે તેથી વધુ ભણેલાઓ માટે જ 'સત્યશિક્ષણ'ની જરૂર છે! અભણ માણસ કરતાં જૂઠ્ઠો માણસ વધુ ખતરનાક!**

ખરેખર તો સાચું બોલવું સહેલું છે, કારણ કે એ બોલ્યા પછી તમે જુદા-જુદા માણસ આગળ જુદી-જુદી વાત કરવાની પળોજણમાંથી મુક્ત રહી શકો છો. એક 'અસત્ય' ઉચ્ચાર્યા પછી એની રક્ષા માટે માણસ કેટકેટલા પ્રયત્નો કરતો હોય છે! એનાથી અડધી મહેનતે તો એ 'સત્ય' બોલી શકે!

પણ સાચું બોલનાર સમજે છે કે, વાત સાચું બોલવાથી પતી જતી નથી, પણ એ વાત જેને લાગુ પડતી હશે, તે માણસ સત્યનું સ્વાગત કરવાની ઉદારતા દેખાડવાનો નથી! પરિણામે તમે કહેલી સાચી વાતથી એ નારાજ થશે, આક્રમક પણ બની શકે, વેરનાં બીજ પણ વવાય, વર્ષોથી સિંચી-સિંચીને ઊછરેલો સ્નેહસંબંધ છિન્ન-ભિન્ન પણ થઇ જાય, મૈત્રી શત્રુતાનું રૂપ ધારણ કરી લે, સત્ય સાબિત કરવા સાક્ષી રજૂ કરવો પડે, અને સાક્ષી પણ અણીના સમયે સત્યનો સંત્રી બનશે, એની કોઇ ગેરંટી ખરી? સત્ય બોલનારે ને આચરનારે જાત-જાતની મુસીબતો અને સમસ્યાનો સામનો કરવા તૈયાર રહેવું પડે છે! આમ, સત્ય બોલનારા અને સાંભળનારા બંનેએ 'સત્ય'નું આકરું પરિણામ સહેવું પડે છે! સાંભળનારને એ 'કડવું' લાગે છે અને બોલનારને 'બાહ્ય' રીતે એ 'ભારે' પડે છે...

હા, એની સરખામણીમાં 'અસત્ય' બોલનાર અને સાંભળનારને તાત્કાલિક તો 'લીલાલહેર'નો જ અનુભવ થાય છે! અસત્ય બોલનાર મીઠું-મીઠું બોલે છે, એટલે અસત્ય સાંભળનાર હરખાય છે! એનું મન 'ઉદ્વેગ' પામવાને બદલે 'ઉમંગ' પામે છે. જોખમ કોઇના પક્ષે નહીં! તુમ ભી સલામત! હમ ભી સલામત! તો પછી 'પૂજા' સત્યનારાયણની અને સથવારો અસત્યનારાયણનો, શા માટે? 'સત્ય'ને આપણે 'કથા'નો વિષય બનાવી દીધો છે, એને બદલે સત્ય નહીં આચરી શકવાની આપણી 'લાચારી'ને આત્મદર્શનની વ્યથાનો વિષય બનાવ્યો હોત તો જીવન અને જગતનું ચિત્ર જુદું હોત! આજનો માણસ અસત્યનો પ્રયોગ કરવામાં પોતાની ચતુરાઇ માને છે! સત્યને ઠેબે ચઢાવનાર પ્રજા કે વ્યક્તિ આખરે તો પતનને જ પામે છે!

અસત્યનાં રૂપ જૂજવાં, સત્યનું કેવળ એક! કારણ કે 'અસત્ય' બહુરૂપી છે. છળકપટ આચરનારે 'બહુરૂપિયા'નો વેશ ધારણ કરવો પડે છે! એટલે અસત્યને રાજકારણમાં મોકળું મેદાન મળી જાય છે! જેઓ આપણો વિશ્વાસ રાખે, આપણી તરફ શ્રદ્ધાભાવ સેવે, તેને અસત્યનો સહારો લઇ દગો કરવો એ અસત્યનારાયણનું અધમતમ રૂપ છે! **'મનુસ્મૃતિ'માં એટલે જ એવી ચેતવણી આપવામાં આવી છે કે સત્ય બોલો, પ્રિય બોલો, પણ પ્રિય 'અસત્ય' તો ન જ બોલશો!** રાજકારણને આજકાલના નેતાઓએ લોકપ્રિય અસત્યો ઉચ્ચારવાનું પ્રસારણ કેન્દ્ર બનાવી દીધું છે! જેનું મન સત્યના તેજથી ઝળહળતું હોય, એવો માણસ ભલે ઉચ્ચ પદવીધારી ન હોય કે ઉચ્ચ પદારુઢ ન હોય, પણ એ જ સૌથી મોટો દેશસેવક છે!

ઘણીવાર માણસ એવી દલીલો કરતો નજરે પડે છે કે જુદા-જુદા ધર્માત્માઓ, ધર્મોપદેશકો કે સત્ય પ્રવર્તકોના અમુક કથનમાં ભેદ પ્રવર્તે છે, તેથી સત્યની બાબતમાં ગૂંચવાઇ જવાય છે! પણ આની ચોખવટ પણ ઉપનિષદોએ સરસ રીતે કરી આપી છે. જેમ ગાયો અનેક રંગની હોય છે, પણ દૂધ તો સફેદ જ હોય છે એમ સત્ય પ્રવર્તકોના કથનમાં ભાષાભેદ હોય છે, ભાવભેદ નહીં.'

અસત્યના સામ્રાજ્યના શહેનશાહ બનવું એના કરતાં સત્યની પર્ણકુટીના પરિપાલક બનવું વધુ શ્રેયસ્કર છે! અસત્યના ઉદ્યાનના પ્રવંચક સંત્રી બનવા કરતાં સત્યની માવજત કરનારા માળી બનવામાં જીવનની વધુ સાર્થકતા છે. જૂઠાણાંના વસંતવિહાર કરતાં સત્યના એકાકી વૃક્ષ હેઠળ ધૂણી ધખાવવામાં જીવનનું સાચું જ્ઞાન રહેલું છે!

આપણે સત્યના ઉપાસક બનીએ, એટલા માટે નહીં કે ઇશ્વર ખુશ થાય, પરંતુ એટલા માટે કે આપણને નિષ્કલંક જીવન પ્રત્યે આદર છે, અને સેવા જ કરવી હોય તોય સત્યથી મોટું સેવ્ય તમને ક્યાંથી મળવાનું છે?

*૧૬, હેવનપાર્ક, રામદેવનગર રોડ,*
*સેટેલાઇટ વિસ્તાર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૦૭૯-૨૬૯૨૯૨૯૧, ૨૬૯૨૮૨૮૬*
*મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

*બાળકને કટાક્ષમાં કે ગુસ્સામાં કડવું વેણ ન કહો.*

# વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચેતનાની સમજ

• મુરજી ગડા •

કોઇપણ ક્ષેત્રમાં જ્યાં સુધી સમસ્ત માનવ સમાજ કોઇ એક ચોક્કસ વિચારધારા અપનાવે નહીં ત્યાં સુધી એમાં નવા વિચારોનો અવકાશ રહે છે. રાજકારણ, અર્થકારણ, સમાજ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા વગેરે બધા જ ક્ષેત્રોમાં નવા અખતરા થયા છે અને હજી થાય છે.

ધાર્મિક ક્ષેત્ર પણ આમાં અપવાદ નથી. એટલે જ તો દુનિયામાં આટલા ધર્મ છે અને દરેક ધર્મના આટલા ફાંટા છે. બધા ધર્મ સરખા હોવાનું કહેવાય છે પણ તે એક સમાધાન શોધક વલણ છે. જો એ સાચું હોત તો ધર્મના નામે આટલાં યુદ્ધો ન થયાં હોત.

**વિજ્ઞાન એક એવું ક્ષેત્ર છે જ્યાં પ્રયોગોથી, તર્કથી કે સિદ્ધાંતોથી જે સાબિત થઇ ચૂક્યું છે એમાં કોઇ મતભેદ નથી. જે હજી સાબિત નથી થયું ત્યાં વિજ્ઞાન પોતે નવા વિચારોને આવકારે છે.**

આટલી પ્રસ્તાવના છતાંયે, માત્ર નવા વિચાર જાણવાથી જેમની ધાર્મિક લાગણી દુભાતી હોય એમના માટે આ લેખ ન વાંચવો હિતકારી રહેશે.

સપ્ટેમ્બર અને ઓક્ટોબરના અંકમાં આત્માના સ્વરૂપ વિશે કેટલાક પ્રશ્નો ચર્ચ્યા હતા. અલગ વિચારધારાઓમાં આત્મા વિશે અલગ સમજ હોવાનું જણાવ્યું હતું. આપણી જાણમાં છે એવા કોઇ પણ સ્વરૂપે આત્માનું હોવું તેમ જ શરીર છોડ્યા પછી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખવું શક્ય નથી એવું એ લેખમાં ફલિત થતું હતું. એ સ્વરૂપ કયું હોઇ શકે તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ અહીં રજૂ કર્યું છે.

આઠ દસ હજાર વરસ પહેલાં, માનવ સંસ્કૃતિના વિકાસના શરૂઆતના વર્ષોમાં ઘણાના મનમાં સવાલ ઊઠ્યો કે **જડ અને ચેતન, સજીવ અને નિર્જીવ વચ્ચે જે ફરક દેખાય છે તે શું છે અને શાને લીધે છે?** થોડા વિચારકોને એનો જવાબ મળ્યો જેને એમણે નામ આપ્યું કોન્શન્સ, અંતઃકરણ, સ્પિરિટ, સૉલ, આત્મા, ચેતના વગેરે, વગેરે. સમયાંતરે અન્ય વિચારકો, તત્ત્વજ્ઞાનીઓ અને મહાપુરુષોએ એને ઊંડાણમાં અને વિગતવાર સમજાવવાની કોશિશ કરી. કોઇએ એને ગૂઢ અને રહસ્યમય બનાવ્યું. એમાંથી અલગ સ્થળ અને બદલાતા સમય પ્રમાણે જુદી જુદી સમજ ઊપસી. જે આજે પણ યથાવત્ છે.

આત્મા વિશેની હાલની, સાચી, ખોટી, પૂર્ણ કે અધૂરી જે પણ સમજ પ્રચલિત છે તે કુદરતી નહીં પણ દરેકનો પોતાનો સાંસ્કૃતિક વારસો છે. જે કુદરતી છે તે બધા માણસો માટે સરખું હોય છે. કુદરતે બધાને સરખા અવયવો આપ્યા છે. એમના સ્વરૂપ અને ઉપયોગ વિશેની બધાની સમજ સરખી છે. એમાં દેશ, ધર્મ કે સંસ્કૃતિ પ્રમાણે મતભેદ નથી. આત્માની સમજમાં ધર્મ પ્રમાણે જે ફરક છે તે મનુષ્યોએ બનાવેલા છે.

જડ અને ચેતનમાં જે ભેદ છે એને આ લેખમાં વિજ્ઞાન અને તર્કના આધાર પર રજૂ કરવામાં આવ્યો છે. એમાં કોઇ ગૂઢ રહસ્ય ન હોતાં એના માટે ચેતના શબ્દ વાપર્યો છે. એ કુદરતી છે, બધા માટે સમાન છે અને વાસ્તવિક છે.

**કમ્પ્યુટરની જેમ સજીવો પણ હાર્ડવેર અને સોફ્ટવેરનું સંયોજન છે. દેખીતી રીતે આપણું શરીર હાર્ડવેર છે. જ્યારે સજીવોને નિર્જીવોથી જુદું પાડતું જે તત્ત્વ છે તે આપણું સોફ્ટવેર છે.**

જીવન ટકાવી રાખવા અને એની વૃદ્ધિ કરવામાં જરૂરી ક્રિયાઓ આપણું હાર્ડવેર (અવયવો) કરે છે જ્યારે એમનું સંચાલન આ સોફ્ટવેર દ્વારા થાય છે. આ ક્રિયાઓ બે પ્રકારની છે, આંતરિક અને બાહ્ય. આંતરિક ક્રિયાઓમાં હૃદયનું ધબકવું, શ્વાસોશ્વાસ, નવા કોશોનું સર્જન, ખોરાકનું પાચન, રક્તશુદ્ધીકરણ, યોગ્ય સમયે પ્રજનન તંત્રનો વિકાસ વગેરે ઘણું બધું સમાયેલું છે. બધી આંતરિક ક્રિયાઓ સ્વયંસંચાલિત છે, પોતાની મેળે થયા કરે છે. સજીવને એની સમજ પણ નથી હોતી. ભણીએ ત્યારે જ ખબર પડે છે અને સમજાય છે.

બાહ્ય ક્રિયાઓ છે ખાવું, પીવું, ઊંઘવું, બહારના ભય સામે જાતનું રક્ષણ કરવું વગેરે. આ ક્રિયાઓ આપણને સમજાય છે. એના માટે પ્રવૃત્તિ પણ કરવી પડે છે. જોકે એ પ્રવૃત્તિ કોઇને શીખવાની જરૂર પડતી નથી, જન્મથી જ દરેક જીવને એ માટેની સમજ વારસામાં મળેલી હોય છે. એ માટેની જરૂરી બધી માહિતી શરીરના કોશોમાં, આપણા જીન્સમાં (genes) અંકિત થયેલી છે. જરૂર પ્રમાણે એ માટેના સંકેત (સિગ્નલ) અંદરથી મળે છે. બાહ્ય ક્રિયાઓનું સંચાલન આ જીન્સ અને મગજ બન્નેના સહયોગથી થાય છે.

જીવન ટકાવવા માટે આ બધી જ ક્રિયાઓ જરૂરી છે. એ ક્રિયા જેટલી પાયાની હોય એટલી તે આપણા આદિપૂર્વજ પાસેથી મળેલી છે. આના થોડા દાખલા જોઇએ. નવા જીવની શરૂઆત માતાના ગર્ભમાં માત્ર એક કોશના વિભાજનથી શરૂ થાય છે. આ કોશ વિભાજનની માહિતી આપણા જીન્સમાં ૩૦૦ કરોડ વરસ પૂર્વ વિકસેલા અમીબા જેવા એક કોશીય જીવ પાસેથી મળેલી છે. શ્વાસોશ્વાસની ક્રિયા આશરે ૧૫૦ કરોડ વરસ પહેલાંના જમીન પર વિચરતા શરૂઆતના જીવો પાસેથી મળી છે. બે પગે ટટ્ટાર ચાલવાનું માત્ર ૧૭-૧૮ લાખ વરસ પહેલાંના આપણા પૂર્વજ

*બાળક પર ક્યારેય હાથ ન ઉપાડો, મારો નહિ, ડરાવો નહિ, ધમકાવો નહિ.*

હોમો-ઈરેક્ટસ્ પાસેથી મળ્યું છે વગેરે વગેરે. આપણને ગમે કે ન ગમે, હકીકત એ છે કે આપણે પ્રિમિટિવ, પ્રારંભિક જીવોમાંથી વિકસિત થયેલા છીએ અને એમના કેટલાક ગુણધર્મ હજી પણ ધરાવીએ છીએ.

દેખીતું છે કે સૌથી વધુ વારસો આપણને આપણા સાવ નજીકના પૂર્વજો પાસેથી મળે છે. માતા-પિતા અને એમના માતા-પિતા પાસેથી મળતો આ વારસો જૈવિક (જેનેટિક) ઉપરાંત ઉછેરનો હોય છે.

**કમ્પ્યુટરના વ્યવસ્થિત સંચાલન માટેની જરૂરી માહિતી જે સોફ્ટવેર કહેવાય છે તે જ્યાં સંઘરાયેલ હોય છે એને પ્રોગ્રામ ફાઇલ કહે છે. જીવન ટકાવી રાખવા જરૂરી માહિતી આપણા જીન્સમાં તેમ જ મગજમાં સંઘરાયેલી છે તે આપણી "કાયમી" ફાઇલ છે.** આ માહિતી માતાના ગર્ભમાં જ આપણા કોશોમાં, જીન્સમાં અંકિત થાય છે. એ આપણા અસ્તિત્વનું હાર્દ છે. એને આપણે જીવનસત્ત્વ કહીશું. બધા માનવોનું જીવનસત્ત્વ લગભગ સરખું હોય છે.

(એક રીતે જોઇએ તો ગર્ભાધાન સમયના એક કોશથી શરૂ કરી પ્રથમ ત્રણેક વરસ સુધીનું આપણું જીવન ઉત્ક્રાંતિની પ્રક્રિયાનું ઝડપી પુનરાવર્તન (Replay) જેવું છે. ગર્ભમાં જ આપણે ઉત્ક્રાંતિના ઘણા તબક્કામાંથી પસાર થઇએ છીએ. આપણા જન્મની ઘટના તે ફેફસાં વિકસાવેલા જીવોનું પાણીમાંથી બહાર નીકળી જમીન પરના વસવાટને મળતું છે. પછી સરીસૃપો, ચોપગા અને છેલ્લે બે પગે ચાલવાની તેમ જ બોલવાની આવડત ઉત્ક્રાંતિની પ્રક્રિયાને આપણામાં આધુનિક માનવ સુધી લઇ આવે છે.)

અન્ય પ્રાણીઓ કરતાં માનવ ઘણો વધુ વિકસિત છે. માટે માનવ મગજમાં ઘણી વધારે માહિતી છે. આપણે જે પણ જોઇએ છીએ, સાંભળીએ છીએ, અનુભવીએ છીએ તે બધી માહિતી આપણા મગજમાં સંઘરાય છે. તે ઉપરાંત આપણી કલ્પનાઓ, માન્યતાઓ, આકાંક્ષાઓ, પ્રેમ, ઈર્ષા, મદ જેવી લાગણીઓ બધું મગજમાં સંઘરાતું રહે છે.

આ ફાઇલની માહિતી આપણું વ્યક્તિત્વ ઘડે છે. તે આપણે જાતે બનાવેલી છે માટે એને કામચલાઉ કે "હંગામી" ફાઇલ કહીશું. દરેક વ્યક્તિ માટે તે અલગ હોય છે. આ ફાઇલની માહિતી બે કે વધુ વ્યક્તિઓ વચ્ચે આપવા અને સ્વીકારવાથી જ ટ્રાન્સફર થઇ શકે છે. આપોઆપ કોઇને મળતી નથી. વિશેષમાં જીવન દરમિયાન ઘણું ભૂલાઇ પણ જાય છે. એટલે એને હંગામી ફાઇલ કહી છે. માતા-પિતા પાસેથી મળતો વારસો બન્ને પ્રકારનો હોવાથી આ ફાઇલમાં પણ ઊતરી આવે છે.

**જીવસત્ત્વની ફાઇલ અને વ્યક્તિત્વની ફાઇલનો સરવાળો એ જ આપણી ચેતના.**

આ ચેતના માહિતીના રૂપમાં છે, સોફ્ટવેર છે. તે અદશ્ય છે. એને કોઇ કદ કે આકાર નથી. એને તલવારથી કાપી શકાતી નથી કે અગ્નિથી બાળી શકાતી નથી. (જે બળે કે કપાય છે તે હાર્ડવેર છે, કોશ છે, શરીર છે.) એક શરીરમાંથી ઉત્પન્ન થતાં બીજા શરીરમાં શિશુજન્મ એનો ઘણોખરો ભાગ આપોઆપ પહોંચી જાય છે. આ રીતે તે ખોળિયું બદલે છે. એ જીવસૃષ્ટિની શરૂઆતથી છે અને અંત સુધી રહેવાની છે, એટલે કે અમર છે.

નાનપણમાં એક ધાર્મિક પ્રવચનમાં આને મળતી જ આત્માની વ્યાખ્યા સાંભળી હતી. ત્યારે એ ઘણી રહસ્યમય લાગી હતી. અહીં ચેતનાને રહસ્યમય નથી રાખી.

એક માહિતી તરીકે આ બધી રજૂઆતને વાંચવામાં કે સાંભળવામાં કોઇને વાંધો નહીં હોય પણ એને આત્મા સાથે સરખાવવામાં કોઇને ખોટું કે અપમાનજનક લાગી શકે છે. કારણકે એમાં રહસ્યમય, ગૂઢ કે આધ્યાત્મિક જેવું કશું દેખાતું નથી. વાત સાચી છે એટલે જ અહીં ચેતના શબ્દ વાપર્યો છે. કોઇ પણ માન્યતાનું સીધું ખંડન કરવાનો આશય નથી. પણ બુદ્ધિગમ્ય એવા વિકલ્પની રજૂઆત કરી છે. આમેય આત્મા વિશેની કેટલીક ભિન્ન માન્યતાઓ પ્રવર્તે છે એ સર્વસ્વીકૃત નથી.

કોઇપણ ઘટના જ્યાં સુધી આપણને સમજાતી નથી ત્યાં સુધી જ તે રહસ્યમય લાગે છે. સમજાઇ જાય પછી એમાં રહસ્ય રહેતું નથી. વિજ્ઞાનની આ જ તો ખૂબી છે. દરેક વાતને તે સ્પષ્ટ રીતે સમજાવે છે.

આત્માની પ્રચલિત વ્યાખ્યા અને અહીં રજૂ કરેલ ચેતનામાં રહેલ સરખામણીની વાત આગળ કરી, એની સાથે એમની વચ્ચેના તફાવતની વાત કરવી પણ જરૂરી છે.

આ માહિતીરૂપ ચેતનાનું સ્વતંત્ર અસ્તિત્વ શક્ય નથી. એને હંમેશાં હાર્ડવેરરૂપ કોષોની જરૂર પડે છે. હાર્ડવેર એકલું નકામું છે. બન્ને એકબીજાના પૂરક છે. અહીં ચેતનાની ઉન્નતિ માટે કોશોનો, શરીરનો ભોગ નથી અપાતો, આપવો જરૂરી નથી.

સજીવો બધામાં ચેતના છે પણ બધા સજીવોની ચેતના સરખી નથી. કોઇ એક ચોક્કસ પ્રજાતિના (species) બધા જીવોનું જીવનસત્વ સરખું હોય છે પણ અન્ય પ્રજાતિઓ કરતાં તે જુદું હોય છે. ભિન્ન પ્રજાતિઓ વચ્ચે આ માહિતી ટ્રાન્સફર ન થઇ શકે. ભવોભવના ફેરા શક્ય નથી.

મોટા ભાગની પ્રજાતિઓમાં આ જીવસત્વ નર-નારીના સંયોજનથી જ આગળ વધી શકે છે. પરિણામે દરેક પેઢીએ એમાં નવીનતા અને વિવિધતા આવે છે. આ જ નવીનતા ઉત્ક્રાંતિના અને પ્રગતિના પાયામાં છે. અહીં નવા જીવના જન્મનો નિર્ણય જન્મ આપનારના હાથમાં છે. જન્મ લેનાર જીવ પોતાના માતા-પિતા નક્કી કરતો નથી.

(અવારનવાર એમ પ્રશ્નનો સામનો કરવાનો થાય છે. એ પ્રશ્ન છે, "કોઇ શ્રીમંત ને ત્યાં જન્મે છે તો કોઇ ગરીબને ત્યાં જન્મે છે, આમ કેમ?" આ પ્રશ્નનો ઉત્તર, આગલા પેરેગ્રાફનો સંદર્ભ લઇ, પ્રશ્નના રૂપમાં જ આપ્યો છે. "શ્રીમંત કે ગરીબના સંતાનો એમના ઘરે ન જન્મે તો બીજા કોના ઘરે જન્મે?" જો પ્રશ્ન પૂર્વગ્રહયુક્ત હોય તો ઉત્તરમાં થોડી રમૂજ અસ્થાને નથી.)

એક વિચારસરણી પ્રમાણે આ બધી રજૂઆત સત્યની વધુ નજીક છે. આને સ્વીકારાય તો આત્માની પ્રચલિત સમજ વિષે આગળ અંકોમાં ઉઠાવેલ પ્રશ્નો અર્થહિન બની જાય છે. એટલું જ નહીં, સ્વર્ગ, નરક, પુનર્જન્મ વગેરે વિશેના અણઉકલ્યા પ્રશ્નો પણ રહેતા નથી. આપણા માટે બધું અહીં, આ પૃથ્વી પર જ છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૨ ઉપર)**

*બાળકની સહજ ઊર્મિઓને અને તોફાનમસ્તી દ્વારા થતાં ઉન્મેષને દબાવી ન દો.*

# બાળકને સ્વાભાવિક રીતે વિકસવા દો

• અવંતિકા ગુણવંત •

પ્રાંજલને ધાર્યા માર્કસ આવ્યા નહિ, હવે એને બીજી લાઇન લેવી પડશે. એના પપ્પા અનિરુદ્ધના બળાપાનો કોઇ પાર નથી. સવાર, સાંજ, વેળા કવેળાએ પ્રાંજલને તિરસ્કારભર્યા સૂરે સંભળાવતા જ હોય, "હું કેટલું કહેતો હતો કે દીકરા, વહેલા ઊઠો, વાંચો. પણ મારું સાંભળે છે જ કોણ? ભાઇને તો રીક્રિએશન માટે રોજ ટી.વી. જોવા જોઇએ, બહાર ભટકવા જોઇએ, અને પછી ઘોરવા જોઇએ. બીજા છોકરાઓ તો માંડ ચાર કલાક ઊંઘે છે. રોજના અઢાર અઢાર કલાક વાંચે છે. પણ અમારા આ કુંવરને તો માર્કસ લાવવાની ચિંતા જ ક્યાં હતી?

આ બાપ વૈતરું કરનારો છે ને, ગધેડાની જેમ છોને ખેંચતો. અમારા કુંવરસાહેબને તો લાઇફ એન્જોય કરવાની છે." અનિરુદ્ધ ઉગ્રતાથી કટાક્ષભરી વાણીમાં પોતાની હતાશા અને ઉકળાટ બહાર કાઢતા જ રહે છે.

પ્રાંજલ અપરાધભાવ અનુભવતો ઊભો રહે છે. પ્રાંજલને પોતાની સામે ચૂપચાપ ઊભો રહેલો જોઇને અનિરુદ્ધને જાણે બોલવાનું શૂરાતન ચડે છે એમ બોલે છે, 'તેં કીધું એમ મેં મોંઘી મોંઘી ટ્યૂશન ફી ભરી પણ શું વળ્યું? બધુ એળે ગયું. પૈસા કંઇ ઝાડ પર ઊગતાં નથી કે મુઠા ભરી ભરીને તોડી લાવી તેં કહ્યું એમ ફી ભરી હતી. ઓ હો હો મેં તારા માટે કેવા કેવા સપનાં જોયા હતા પણ તને શું? તને બાપ માટે ક્યાં લાગણી છે? તને મારા અરમાનની ક્યાં કઇ પડી હતી?"

અનિરુદ્ધના પિતા વિનુભાઇ રોજે રોજ આ બધું સાંભળે. રોજેરોજના આ કકળાટ, કલેશ વિનુભાઇને ન ગમે. એમણે જોયું હતું કે પ્રાંજલ એના ગજા પ્રમાણે એકધારી મહેનત કરતો હતો. એ જરાય આળસુ ન હતો કે ઊંઘણશી ન હતો કે બેજવાબદાર રીતે મોજશોખ કરનાર ન હતો.

પણ ધાર્યા માર્કસ ન આવ્યા એ હકીકત સ્વીકારીને પ્રાંજલને આશ્વાસન આપવાના બદલે શું રોજેરોજ એને તિરસ્કારથી વઢ્યા જ કરવાનો!

રોજેરોજની કટકટથી વિનુભાઇ અકળાઇ ગયા ને તેઓ આશ્વાસનભર્યા સૌમ્ય સૂરે બોલ્યા, "બેટા અનિરુદ્ધ તું શાંત થા. બળાપો ના કર. તેં બાપ તરીકેનું દીકરા પ્રત્યેનું કર્તવ્ય બજાવ્યું છે. દીકરો એની રીતે મન દઇને મહેનત કરતો હતો પણ બાયચાન્સ ધાર્યા પ્રમાણે માર્કસ ન આવ્યા એનો ખરખરો ક્યાં સુધી કરવાનો? જે થયું તે સ્વીકારી લેવાનું. અને ભગવદ્ ગીતામાં કહ્યું છે કે તું તારું કર્તવ્ય બજાવ, ફળની આશા ન રાખીશ. દીકરા, આપણો ધર્મ આપણને નિષ્કામ કર્મ કરવાનું પ્રબોધે છે. અરે, દરેક ધર્મ આસક્તિ, મોહ, આગ્રહ, જીદ છોડવાનું કહે છે. તું નિષ્કામપણે તારી સાંસારિક ફરજ બજાવ પણ મનની પ્રસન્નતા સાચવીને, પરિણામની આકાંક્ષા રાખવાની નહિ."

અનુભવી અને વયોવૃદ્ધ વિનુભાઇ દીકરા તરફના વાત્સલ્યના લીધે વ્યવહારુ અને ઉચિત સલાહ આપતા હતા. પણ અનિરુદ્ધ ધર્મનું નામ સાંભળીને ઉશ્કેરાઇ ગયો અને બરાડ્યો, "આ ઉંમરે મારે તમારો ધર્મોપદેશ નથી સાંભળવો. મારે તમારી જેમ ઘરના ખૂણામાં નચિંતપણે પડી નથી રહેવાનું. મારે તો ઘર ચલાવવાનું છે, આ છોકરાને ઠેકાણે પાડવાની મને ચિંતા છે.'

વિનુભાઇ સહેજ છોભીલા પડી ગયા. પણ લાગણી નીતરતા સૂરે કહ્યું, "દીકરા, હું તને સંકુચિત અર્થમાં ધર્મની વાત નથી કરતો પરંતુ તત્ત્વજ્ઞાન...' બાપની વાત અધવચ્ચે કાપતા અનિરુદ્ધ બોલ્યો, 'મારે તમારી જેમ ક્યાંય લેક્ચર આપવાના નથી પણ વાસ્તવવાદી બની પૈસા કમાવાના છે. પપ્પા, નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ એ તો તમને ખબર છે ને?'

'હા, દીકરા હા, મને બધી ખબર છે. મને મારા બાપ પાસેથી દલ્લો નહોતો મળ્યો, હુંય સંઘર્ષ કરીને જીવ્યો છું, તને ભણાવ્યો છે અને હું જોઈ રહ્યો છું કે અમારા જમાના કરતાં તમારા જમાનામાં બાહ્ય ઝંઝટ, દેખાદેખી, રાગ, દ્વેષ, હરીફાઇ, છેતરપિંડી, અપ્રામાણિકતા વધી પડ્યાં છે. તનાવભરી જિંદગીમાં સ્વસ્થ રહેવા ફિલોસોફર બનવું જ પડશે. તત્ત્વજ્ઞાન સમજી જાણીને આચરણમાં મૂકશો તો જ ટકી રહેશો. ધર્મ આચરણ એટલે તું કર્મકાંડ કર કે દેવદર્શને જા એવું હું તને નથી કહેતો. પણ તું તત્ત્વજ્ઞાન મેળવીશ તો આ જિંદગી અને જગતને સમજી શકીશ.

ભૌતિકવાદના આ ઝંઝાવાતમાં ગાડરિયા પ્રવાહમાં તું તણાય નહિ અને જિંદગીને સાચા અર્થમાં સમજે – તારા મનને સાચા અર્થમાં સમજે એવું હું ઇચ્છું છું. માટે હું તને આ બધું કહી રહ્યો છું.

બેટા, પ્રાંજલને ઓછા માર્કસ આવ્યા છે તો એના રસ રુચિ પ્રમાણે તે બીજી લાઇનમાં જશે. દુનિયામાં બધા પ્રકારના વ્યવસાયીઓની જરૂર છે. અને યાદ રાખ કે આપણા દીકરામાં દૈવત હશે અને જો એ મહેનત કરશે તો ગમે તે લાઇનમાં એ ઝળકી ઊઠશે.'

'પણ પપ્પા, એ જો ઊંચા ગુણવત્તાવાળી લાઇનમાં ગયો હોત તો વટ પડી જાત ને!' હું માથું ઊંચુ લઇને ફરત.

'બેટા, વટ કોની આગળ પાડવાનો? બીજાના ગજથી આપણે મપાવાનું ન હોય. આપણે સામાન્ય વિચારસરણીમાંથી ઊંચે ઊઠવાનું છે. જિંદગીને અખિલાઇપૂર્વક જોવાની

*બાળકે ટી.વી. જોવાના સમયની મર્યાદા નક્કી કરો.*

છે.'

'પણ પપ્પા, હવે આપણે શું કરવાનું એ મને કહોને! અત્યારે તો કેટકેટલી લાઇનો ભણવાની છે અને કેટકેટલી ડિગ્રીઓ હોય છે, મને તો કંઇ સમજાતું જ નથી. ચિંતા કરી કરીને હું જ પાગલ થઇ જાઉં છું. બાકી હું ય સમજું છું કે બોલ બોલ કરવાથી હું મારું મગજ બગાડું છું અને એનું પણ. મારા બોલવાથી એ કેવો હતાશામાં ઘસડાતો હશે, પણ મારી જીભ પર મારો કાબૂ નથી. હું બહાવરો બની ગયો છું.'

'બેટા, તારી મનોસ્થિતિ હું સમજું છું. પણ તું જો સંયમથી નહિ વર્તે તો દીકરાની શું દશા થશે? એનું મન મરી જશે તો કોઇપણ ક્ષેત્રમાં એ નહિ ઝળકે. એનો આત્મવિશ્વાસ ચાલ્યો જશે. એ લઘુતાગ્રંથિ અનુભવશે.

દીકરાની પ્રગતિ અને વૈભવપ્રતિષ્ઠાના તેં સ્વપ્નાં જોયા હોય એ વાત સાચી, પણ પ્રથમ પગલે દીકરો નિષ્ફળ ગયો અને તું દીકરાને પ્રોત્સાહન આપવાના બદલે મરશિયા ગાવા બેસી ગયો! તારે તો મનનું સમતુલન સાચવવું જ જોઇએ, તું બાપ છે એ ન ભૂલીશ.

દીકરો એક લાઇનમાં ન જઇ શક્યો એટલે એના માટે બધા ક્ષેત્રના દરવાજા બંધ થઇ ગયા? તું દીકરાને તારા એક સ્વપ્નામાં જકડી ન રાખ. એને નીડર બનાવ અને સમજાવ કે વિકાસ સાધવાના અનેક માર્ગો છે. પ્રાંજલ શું નહિ બની શકે એનો વલોપાત તું છોડી દે અને એ શું બની શકશે એનો જ વિચાર કર. એ જે લાઇનમાં જાય એમાં દિલ રેડીને કામ કરે એવી પ્રેરણા એને આપવાની.

માણસે કદી એનું મન ડહોળી ન નાખવું જોઇએ. જે મળે એને ઉત્તમ રીતે વિકસાવવાની કલા એને શીખવવાની છે.

અનિરુદ્ધ, જીવનમાં સંઘર્ષ તો આવ્યા જ કરે છે, ક્યારેક કટોકટી સર્જાય. ચારેબાજુ અંધકાર જ અંધકાર દેખાય પણ ત્યારે અડગ રહેવું, પડી ન ભાંગવું એ અત્યંત આવશ્યક છે.

દીકરા, જીવનમાં પૈસા, સગવડો, ભૌતિક સંપત્તિની એક મર્યાદા બાંધવી જોઇએ. ભૌતિકવાદમાં ઢસડાઇએ તો બેહાલ થઇ જઇએ નષ્ટ થઇ જઇએ. માટે જે મળ્યું એનાથી સંતોષ માનવાનું શિક્ષણ દીકરાને આપવું જોઇએ. એના ઘડતરમાં આ પાયાની વાત છે, એ લક્ષમાં લેવી જ જોઇએ.

અનિરુદ્ધ બોલ્યો, 'પપ્પા, આજે તમારા જેવી સંતોષવૃત્તિને સમાજ પછાતપણું ગણે છે. આજે તો મનાય છે કે બધી શક્તિ કામે લગાડીને જેટલો પૈસો કમાવાય એટલો કમાઓ.

તમારી કમાણી પર જ તમારી પ્રગતિ અને સમૃદ્ધિનો આંક મૂકાય છે. તમે સફળ થયા ગણાઓ. સમાજ તમને માન આપે.

વિનુભાઇ બોલ્યા, 'બેટા, ભૌતિક સંપત્તિ મળે એટલે સુખ મળે એની કોઇ ગેરન્ટી નથી. માટે વિવેક રાખવો જોઇએ. વર્તમાન દિવસોમાં માણસ પ્રાચીન ભારતીય જીવનમૂલ્યો ભૂલી ગયો છે. તેથી નિર્ભેળ આનંદ અને નિરાંત પણ એ ગુમાવી બેઠો છે.'

અનિરુદ્ધ બોલ્યો, 'પણ પપ્પા, તમારી ફિલોસોફી આજે નકામી ઠરી છે. માણસે આગળને આગળ વધવાનું છે એટલે તો હું એવું બોલું છું. પ્રાંજલમાં મહત્વાકાંક્ષાની આગ લાગે અને એ પોતાની બધી શક્તિ એકાગ્ર કરીને ભણે. પપ્પા, હું પ્રાંજલનો દુશ્મન નથી પણ એ આગળ આવે એમ હું ઇચ્છું છું. અત્યારે એ નાદાન છે. દુનિયા કઇ વસ્તુને માન આપે છે તે જાણતો નથી, અને એ તમારી વાતોમાં આવી જશે તો ઉપાધિ થશે. એ જીવનની દોડમાં પાછળ પડી જશે. તમારી વાત, તમારી માન્યતા તમારા જમાનામાં સાચી હતી, આજે નહિ. આજે જીવનશૈલી બદલાઇ છે, જીવનમૂલ્યો બદલાયાં છે, કેળવણીના ખ્યાલ બદલાયા છે. પ્રાંજલને હું આ જમાના પ્રમાણે કેળવવા માગું છું.'

'બેટા, તું કહે છે એ વાત ખોટી નથી પણ એક વાત સનાતન સત્ય છે કે દરેક વાતમાં સમતુલન જાળવવું જ જોઇએ. આપણને ચારેબાજુ જે વૈભવ દેખાય છે એ બધો આપણને મળે એ વાત શક્ય નથી. બીજી વાત, ઇશ્વરે દરેકને જુદી જુદી ટેલેન્ટ આપીને પૃથ્વી પર મોકલ્યા છે. દીકરામાં જે ટેલેન્ટ હશે એ પ્રમાણે એ બનશે. તું કુદરતમાં જો, ગુલાબ છે, કમળ છે અને મોગરો છે. ત્રણે શોભે છે, ત્રણેનું ચોક્કસ મહત્ત્વ છે. આપણે ઇચ્છીએ કે ગુલાબને મોગરો બનાવીએ પણ ગુલાબ ગુલાબ જ રહે છે, મોગરો મોગરો રહે છે. એ રીતે પ્રાંજલના સંપૂર્ણ વ્યક્તિત્વ વિશે તું વિચાર. સ્વાભાવિકપણે એને ખીલવા દે. તું બહુ ખેંચાખેંચ ન કર. આગ્રહ ન કર.

અનિરુદ્ધ એના પપ્પાની શિખામણ સંપૂર્ણપણે સ્વીકારી નથી શકતો પણ ચૂપ રહે છે. મનમાં તો એ દઢપણે માને છે માટીના લોંદાને કુંભાર ટીપીટીપીને માટલું બનાવે છે અને એ જ માટીને ટીપી ટીપીને કૂંડું પણ બનાવે છે. કુંભારે માટીને રગડવી અને ખૂંદવી તો પડે છે પણ માટી જડ છે તેથી કુંભાર ધાર્યો આકાર એને આપી શકે છે, માટી એનો વિરોધ નથી કરતી.

આવું વિચારતો હોય છે ત્યાં અનિરુદ્ધના મનમાં ચમકારો થયો, પ્રાંજલ જડ નથી, ચૈતન્યમય છે. એને એની માન્યતાઓ હોય, વિચાર હોય, સ્વપ્નાં હોય. એને એની રીતે વિકસવા દેવો જોઇએ. બાપ તરીકે મારે તો એને સહયોગ આપવાનો હોય. મારા વિચાર એની પર લાદવાના ન હોય.

હવે અનિરુદ્ધને પોતાનો કર્તવ્યપંથ સ્પષ્ટ દેખાવા માંડ્યો. એના પિતા વિનુભાઇ સાથે હવે એને કોઇ મતભેદ નથી. એના મનનો આક્રોશ શમી ગયો. પ્રાંજલને વઢવાનું આપોઆપ છૂટી ગયું. ઘરમાં ફરી એકવાર સ્નેહનું વાતાવરણ સર્જાયું.

*શાશ્વત, કે.એમ. જૈન ઉપાશ્રય સામે,*
*ઓપેરા સોસાયટી પાસે,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*

# શાકાહાર એ માનવીએ સ્વબળે હાંસલ કરેલી સંસ્કારિતાની સાબિતી છે

• કેશુભાઈ દેસાઈ •

**જૈનાચાર્યની નિશ્રામાં મહાવીર જયંતીના દિવસે પચાસ છીપા ભાઈ-બહેનોએ શાકાહારનું વ્રત લીધું એ મારે મન મહત્ત્વની ઘટના છે.** ગુજરાતમાં જ અને અમદાવાદ મહાનગરમાં બનેલા આ પ્રસંગની 'મુંબઈ સમાચારે' નોંધ લીધી છે એટલી સ્થાનિક અખબારોએ નથી લીધી! સ્થાનિક અખબારોને જૈન વાંચકો ખુશ થાય એવા ભવ્ય દેવ - શણગાર અને જન્મ કલ્યાણકના સમાચારોમાં રસ પડે છે જ્યારે એકસો નેવ્યાસી વરસનું એશિયા ખંડનું પ્રશિષ્ટ વર્તમાનપત્ર જ્યાં ખરેખર આંગળી મૂકવા જેવી છે ત્યાં મૂકી બતાવી એની આગવી ઇયત્તા જાળવવા પ્રયાસ કરે છે.

માંસાહાર અને શાકાહાર ઉત્ક્રાંતિ સાથે સંકળાયેલા સંસ્કારો છે. હિંદી સાહિત્યના દિગ્ગજ સર્જક આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીનો એક નિબંધ છે : 'नाखून क्यों बढ़ते हैं?' લેખકને એમની લાડકી દીકરીએ કુતૂહલવશ પૂછેલો સવાલ હચમચાવી મૂકે છે. ઉપરછલ્લો જવાબ આપી એ અટકી જતા નથી. આખા પ્રશ્નને એ ઊંડાણથી તપાસે છે. માણસ પણ ક્યારેક જંગલી પશુઓ જેવો 'આદિમ' હતો. એ નાગોપૂગો, મેલોઘેલો, ખોરાકની શોધમાં ભટકતો રહેતો. એ વખતે એને પણ હિંસક પ્રાણીઓની જેમ શિકાર કરીને પેટની આગ ઠારવી પડતી. એથી એને નખની જરૂર હતી, દાંતની જરૂર હતી. આજની માફક એ કપડાં નહોતો પહેરતો, એથી રૂંછાં જેવા વાળની જરૂર હતી. જેમ જેમ એ સંસ્કારી બનતો ગયો તેમ એના નખ અને દાંત નાના, ઓછા હિંસક બનતા ગયા. શરીરના અમુક જ ભાગો પર વાળ બચ્યા, બાકીની કાયા સુંવાળી બની ગઈ. **દાંત, નખ, વાળ એ માનવીને એના પશુપણાની યાદ અપાવતાં ઓળખચિહ્નો છે.** એ ઉત્ક્રાંતિની સાથે અળપાતાં ગયાં છે છતાં સદંતર નાબૂદ નથી થયા. માંસાહાર એ આદિમતાની ઓળખ છે, **શાકાહાર માનવીએ સ્વબળે હાંસલ કરેલી સંસ્કારિતાની સાબિતી છે.**

એટલે જ્યારે એક મુસ્લિમ કે ખ્રિસ્તી પરિવાર શાકાહાર તરફ વળે છે ત્યારે મારે મન એ ઉત્ક્રાંતિના મહાકાવ્યમાં નવા શ્લોકનું ઉમેરણ બની રહે છે. એવું નથી કે બધા હિંદુઓ શાકાહારી છે. બધા જૈનો જરૂર શાકાહારી હશે પણ હિંદુઓ તો બીજા કોઈ પણ ધર્માવલંબીઓ જેટલો જ માંસાહારને પુરસ્કાર કરતા રહ્યા છે. ભગવાન રામચંદ્રજી સીતાજીની હઠ પૂરી કરવા મૃગનો શિકાર કરવા દોડી જતા હોય ત્યારે આ મુદ્દે બહુ ચર્ચાને અવકાશ ન જ રહે. સીતા ધરતીમાં સમાઈ ગયાં તે પછી જનકે માંસાહારનો ત્યાગ કરેલો. માંસાહાર એ વૈભવ ગણાતો રહ્યો છે. 'આપણે ઢોર થોડા છીએ કે ઘાસ-પાંદડાં ખાઈએ?' — એવો પ્રતિભાવ સંભ્રાંત પરિવારોમાં, સવિશેષ ક્ષત્રિયો અને વૈશ્યોમાં એકમેકની મજાક તરીકે આજે પણ સાંભળવા મળે છે. **કાશ્મીરી પંડિતો માંસાહારી છે, બંગાળી બ્રાહ્મણો મત્સ્યાહારી છે, નેપાળી હિંદુઓ માંસાહારી છે એટલે એકલા મુસલમાનો કે ખ્રિસ્તીઓ જ માંસ ખાય છે - એવી ભ્રામક માન્યતામાંથી આપણે વેળાસર બહાર આવી જવું જોઈએ.** દુનિયા આખી માંસાહારી છે અને વિલાયતમાં ભણવા ગયેલા ત્યારે માંસાહાર નહીં કરવાની પ્રતિજ્ઞા પાળતાં ગાંધીજીને કેટલી મુશ્કેલી પડી હતી તે આપણે જાણીએ છીએ. એ તો ભવિષ્યના 'મહાત્મા' હતા, એટલે વિપરીત સંજોગોમાં, અનેક પડકારો અને પ્રતિકૂળતાઓ વચ્ચે પણ ટકી શક્યા હતા. સામાન્ય માણસ માટે તો આ મુદ્દે દેશ તેવો વેશ સમજી અનુકૂળ થઈ જવામાં જ ઔચિત્ય લેખાય તે સ્વાભાવિક છે.

જૈન ધર્મમાં હિંસાના મુદ્દે ઘણો સૂક્ષ્મ આચાર પળાતો રહ્યો છે. જીવ તો વનસ્પતિમાં પણ છે. આપણે શ્વાસ લઈએ છીએ ત્યારે લાખો સૂક્ષ્મ જીવો - બેક્ટેરિયા આપણા દેહમાં ઠલવાતાં રહે છે અને આપણા મોંમાં, પેઢાંમાં કે આંતરડાંમાં પણ અસંખ્ય જીવો આશ્રય લેતા હોય છે. કંદમૂળ નહીં ખાવાં, મારેલું પાણી વાપરવું, ઘસી - મસળીને સ્નાન પણ ન કરવું કે મોં આડું કપડાંનું આવરણ રાખવું, એ બધા આચાર પાછળ જૈન ધર્મના પાયાના સિદ્ધાંત તરીકે સ્વીકારાયેલ 'અહિંસા'નો જ બોધ પ્રવર્તે છે. શ્રીમદ્ રાજચંદ્રને ટી.બી. થયો છતાં એમણે એની દવા ન લીધી — જંતુઓને ફેફસાં ખવડાવી દીધાં! આવી અહિંસા પાળવી એ વહેવારુ દૃષ્ટિએ ગાંડપણ ગણાય. એથી જૈનાચાર્યો પણ બીમાર થાય ત્યારે એન્ટિબાયોટિક્સ સહિતની અદ્યતન સારવાર લેતા હોય છે. પેટ છે એટલે ખોરાક તો માંગશે. આપણે માંસ, લોહી અને હાડચામને ટાળી શકીએ તોય ઘણું. હીરવિજય સૂરિએ અકબરને અડધો પડધો શાકાહારી બનાવ્યો હતો. પર્યુષણ, મહાવીર જયંતી અને જન્માષ્ટમી જેવાં પર્વ નિમિત્તે કતલખાનાં બંધ રાખવાની પ્રથા છે. આ એક શુભચેષ્ટા થઈ. માણસથી મોટું હિંસક પ્રાણી સમસ્ત બ્રહ્માંડમાં શોધ્યું નહીં જડે. એ બધું જ ઓહિયાં કરવા ટેવાયેલું છે. સુધરેલો માણસ ફક્ત માણસને છોડીને બાકીનું બધું જ આરોગતો રહે છે. આ હિંસક વૃત્તિમાંથી મનુષ્યજાતને છોડાવવા તો કેટકેટલા મહાવીરોને અવતરવું પડે! શુદ્ધ **શાકાહારી વાણિયો ગરીબ આદિવાસીને નોકર રાખી એને પૂરતો પગાર ન આપે એ પણ હિંસા જ ગણાય.** આવી હિંસામાંથી મુક્ત થતાં તો યુગોના યુગો લાગે. ત્યારે ઈસ્લામના અનુયાયી એવા છીપા યુવા-યુવતીઓ મહાવીર જયંતી નિમિત્તે આજીવન શાકાહારનું વ્રત લે, એ ખરે જ એક શકવર્તી સંસ્કાર ઘટના છે. કુરાનમાં પણ જીવદયાનો ઉપદેશ તો છે જ. જે પ્રદેશમાં કુરાન રચાયું ત્યાંની જરૂરિયાત અનુસાર એમાં જરૂર પડ્યે જાનવરના ભોગે પણ માનવી જીવે, એવી વ્યવહારુ વાત કરાઈ હોય એનો અર્થ એવો તો નહીં જ કે કુરાન માંસાહારનું સમર્થન કરે છે. કોઈ પણ ધર્મ જીવહિંસાનો સમર્થક હોઈ જ ન શકે.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧. મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

*બાળકને ખિસ્સાખર્ચી વધુ પડતી ન આપો અને જે આપો તેનો હિસાબ લો.*

# સદ્ભાવના – આપણી સંસ્કૃતિ

• ડૉ. ગુલાબ દેઢિયા •

ભારતીય સંસ્કૃતિ સમન્વયવાદી છે. બીજાનો ખ્યાલ રાખે તેને સુસંસ્કૃત માનવી કહીએ છીએ. આપણી સંસ્કૃતિનો પાયો ત્યાગનો છે. ત્યાગીને ભોગવવાનું કહેવામાં આવે છે. ત્યાગવું એટલે અન્ય માટે રાખવું. અન્યનો વિચાર કરવો. અન્યની કાળજી લેવી.

બચપણના એક-બે પ્રસંગો યાદ આવે છે. કાગડાનો અવાજ તો કર્કશ હોય છે. પણ ઘરઆંગણે કાગડો બોલે તો વડીલો કહેતા, 'સારી વધાઈ આપી ઊડી જા.' કાગડાના બોલવાને મહેમાનોના આગમન સાથે જોડીને ખુશ થતા. બપોરે ચૂલા પર તાવડી ચડાવી હોય, તાવડીને લાગેલો મૅશ સળગે એટલે તાવડીની કોરે અગ્નિની પાતળી લાલ કિનાર દેખાય. અમે કહેતા, 'તાવડી હસે છે.' આજે જરૂર મહેમાન આવશે. અતિથિ સત્કારની ભાવના આપણને સંસ્કારોમાં વારસારૂપે મળે છે. **ભોજન ટાણે અતિથિ આવે તો ગૃહસ્થ ખુશખુશાલ થઈ જાય એ પાવન દૃશ્યો ભારતના ગામડાંમાં તો હજી જોવા મળે છે.**

અતિથિ શબ્દનો અર્થ જ એ સૂચવે છે કે જે તિથિ જણાવ્યા વગર આવે, તો પણ આવકારને પાત્ર છે. જાણીતા સ્વજન સ્નેહી મિત્રોને તો આવકાર મળે જ, અજાણ્યાને પણ આવકાર આપવો, એની સમુચિત સરભરા કરવી એ ભારતીય સંસ્કાર છે.

અન્ય માનવી પ્રત્યે સદ્ભાવ રાખવો, એને ચાહવો, એના પ્રત્યે લાગણી દર્શાવવી આપણી સંસ્કૃતિમાં વેદકાળથી પ્રચલિત પરંપરા છે.

અમે નાના હતા ત્યારે ગલીપચી કરી હસાવવા હાથ લાંબો કરવાનું કહેતા. પછી દરેક આંગળીના વેઢા પર હાથ મૂકી ત્યાં બતાવતા, અહીં કાકા-કાકી, મામા-મામી, બા-બાપુજી, ગાય - વાછરડું અને છેલ્લે ગલીપચી કરતા. આજે સમજાય છે કે બાળકને સ્વજનોના પરિવારમાં ઘરના ગાય-વાછરડાંને પણ રમતગમતમાં સમાવી લેવાનું સમજાવી દેતા. આપણે ત્યાં વિશાળતાની ભાવના ત્યાં સુધી વિસ્તરી કે સમસ્ત વિશ્વ એક કુટુંબ છે, એમ માનવું. સૌ જીવોને આત્મવત્ ભાવે નિરખવામાં અને તેને માટે મંગલ કામના કરવાની વાત આપણે ત્યાં વેદકાળથી છે. તેથી તો કહ્યું છે, 'આ સંસારમાં સૌ સુખી થાઓ, સૌ નીરોગી રહો, સૌ કલ્યાણદર્શી બનો, કોઈ પણ દુઃખી ન રહો.'

**યજુર્વેદમાં પ્રાર્થના છે : 'માત્ર માનવીઓ જ નહિ પણ સૃષ્ટિનાં સમગ્ર પ્રાણીઓ મને મિત્રદૃષ્ટિથી જુએ અને હું સૌને મિત્રભાવે જ જોઉં. અમે બધાં એકમેકને મિત્રદૃષ્ટિથી જ જોતાં રહીએ.'**

બંધુત્વ, ક્ષમા, ઉદારતા, કરુણા, વિનય, વિવેક વગેરે સદ્ગુણો સદ્ભાવનાના જીવંત અંગ છે. આપણે ત્યાં માનવીના રૂપ, પદ, પ્રતિષ્ઠા, ધન કે જ્ઞાનને પ્રથમ સ્થાન નથી મળતું. એના સંસ્કારને, પ્રથમ સ્થાન મળે છે.

સારી ભાવના - સદ્ભાવના મનમાં હોય તો જ સદવાણી અને સદ્વર્તન આવે. ભાવના મહત્ત્વની વસ્તુ છે.

આજે માનવી પર્યાવરણનો ઘાતક બન્યો છે. કારણકે તે લોભી અને સ્વાર્થી, સ્વકેન્દ્રી બન્યો છે. સર્વજનના વિચારને એ વિસરી બેઠો છે.

ભારતીય સંસ્કૃતિએ તો ધરતીને માતા કહી છે. પર્યાવરણ રક્ષાની આટલી ઉત્તમ વ્યાખ્યા અન્યત્ર ક્યાં મળે! કાકાસાહેબ કાલેલકર જેવા સંસ્કાર પુરુષે નદીને લોકમાતા કહીને નદી સાથેનો માનવીનો સાચો સંબંધ શો હોઈ શકે તે દર્શાવ્યો છે.

અન્નને પરંબ્રહ્મ કહેવામાં અન્નની સાચી પ્રતિષ્ઠા કરવામાં આવી છે. અન્ન એ માત્ર ખાવાનું નથી. માત્ર પેટ ભરવાનો પદાર્થ નથી. અનાજ ઉગાડનાર, ભૂમિપુત્ર ખેડૂત પ્રત્યે આદર, કુદરતના તત્ત્વો ધરતી, આકાશ, સૂર્ય, વર્ષા પ્રત્યે પણ આદર દર્શાવ્યો છે.

આપણી પ્રાર્થનાઓ સદ્ભાવનાની સુગંધથી મહેકે છે. પ્રત્યેક ધર્મે ક્રિયાકાંડ, પૂજાપાઠ કે વિધિ નિષેધમાં વેરોઆંતરો કર્યો હશે પણ અન્ય પ્રત્યે પ્રેમમય વર્તનની વાત તો ભારપૂર્વક કરી જ છે.

આપણા તહેવારો ઉત્સવો સામૂહિક સદ્ભાવનાનો મહિમા કરે છે. અનેક લોકોના હૃદયમાં શુભ ભાવ પ્રગટે અને પ્રસરે ત્યારે આખાય સમાજને તે ભીંજવી દે છે.

મનુષ્યના મનમાં બે વૃત્તિઓ હારોહાર કામ કરતી હોય છે. અશુભ વૃત્તિથી કામ, ક્રોધ, રાગ-દ્વેષ, મોહ માયા વગેરે જન્મે છે. જ્યારે શુભ વૃત્તિથી પેલા દુર્ભાવોને જીતનાર સંયમ, ત્યાગ, ઉદારતા, ક્ષમા, કરુણા, મૈત્રી, ગુણપ્રમોદ વગેરે ભાવ પ્રગટે છે.

ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે, 'અણુ જેટલું સૂક્ષ્મ અને નાનું કોઈ તત્ત્વ નથી અને આકાશ જેવું અમેય (અમાપ) કોઈ તત્ત્વ નથી. આ જ રીતે આત્માનો અહિંસા કરતાં વધારે સૂક્ષ્મ કોઈ ગુણ નથી અને જીવમાત્ર પ્રત્યેની સદ્ભાવના કરતાં ચૈતન્યનો કોઈ મોટો ધર્મ નથી.'

**યુદ્ધ લડાઈના મેદાનમાં નથી જન્મતું. યુદ્ધ તલવારની ધારે કે બંદૂકને નાળચે નથી જન્મતું, યુદ્ધ તો જન્મે છે માનવીના મનમાં. યુદ્ધનો વિચાર જ આખરે યુદ્ધભૂમિ સુધી દોરી જાય છે, ખેંચી જાય છે.** સદ્ભાવના એ વૈચારિક અહિંસા છે. શરીરથી કોઈની હિંસા ન કરવી, વચનથી કોઈને

*બાળકની દરેક માંગણી પૂરી ન કરો.*

આઘાત ન પહોંચાડવો, પણ એ બંનેથી પહેલાં આવે છે વિચારથી પણ કોઈનું અહિત ન કરવું. કોઈને સંતાપ થાય એવું ન ચિંતવવું.

**મહાવીર સ્વામીએ પરહિતનો વિચાર કરતાં કહ્યું છે, 'તને સુખ જોઈએ છે, તેમ બીજાને પણ સુખ જોઈએ છે. કોઈને દુઃખ ગમતું નથી. માટે કોઈને દુઃખ ન દો.'** અન્ય સાથેના વ્યવહારમાં માનવી જો એ સ્થાને પોતાને કલ્પી લઈને વિચાર કરે તો જરૂર ફેર પડે.

એમણે આગળ એમ પણ કહ્યું, જ્યાં સુધી શરીર છે, જીવન છે ત્યાં સુધી ગુણોની અભિલાષા કરતા રહો.' ગુણગ્રાહકતા સદ્ભાવનામાંથી પ્રગટે છે. અન્ય પ્રત્યે મંગળ ભાવ રાખું, એનું શુભ ઈચ્છું. અન્ય મનુષ્યના ગુણ નીરખી પ્રસન્ન થાઉં, એની પ્રશંસા કરું. એવા ગુણ મારે અંતરે પણ પ્રગટે એવી આકાંક્ષા કરું.

માણસ માણસ વચ્ચેનો ઘણોખરો વ્યવહાર વાણીથી ચાલે છે. ભાષા અતિ ઉપયોગી, સશક્ત માધ્યમ છે. ઘણીવાર ભાષાના વપરાશમાં અર્થઘટનનો પ્રશ્ન મહત્ત્વનો હોય છે. બોલનાર એક અર્થ સમજીને બોલે છે, જ્યારે સાંભળનાર એ જ વાતનો જુદો અર્થ કાઢે છે. માટે જ કહેવાયું છે કે ભાષાના દોષ અને ગુણને સમજી દોષપૂર્ણ ભાષા છોડી દેવી જોઈએ.

અન્યને પીડા ઊપજે એવાં વચનનો ત્યાગ કરી, પરને હિતકારી એવાં વચન બોલવાં જોઈએ.

એટલે તો શબ્દનો ઉપયોગ કરતાં પહેલાં વિચાર કરવાની જરૂર છે કે આ શબ્દથી સદ્ભાવ જન્મશે કે દુર્ભાવ જન્મશે?

*'શબ્દ સંભાલી બોલીયે, શબ્દ કે હાથ ન પાંવ,*
*એક શબ્દ હૈ ઔષધિ, એક શબ્દ હૈ ઘાવ.'*

સમાજમાં રહેતા માનવીનું જીવન પરસ્પરના અવલંબન પર આધારિત છે. જીવસૃષ્ટિમાં માનવ-માનવ વચ્ચે અને અન્ય જીવો સાથે પણ પ્રત્યક્ષ પરોક્ષ સહાય કરવાનો વ્યવહાર છે. બધા જીવો સહઅસ્તિત્વને આધારે જીવન પસાર કરે છે. સૌ સાથે જેટલો સુમેળ વધારે એટલી વધુ અનુકૂળતા, વધુ સરળતા, વધુ સુખ.

આજથી બે હજાર વર્ષ પહેલાં થઈ ગયેલ સંત તિરુવલ્લુવરે 'કુરળ' નામના એમના ગ્રંથમાં લખ્યું છે, 'જે મનુષ્ય હૃદયનો પવિત્ર છે તે રાજાનું રાજ્ય મળતું હશે તો પણ અન્યને હાનિ પહોંચાડશે નહિ.' માણસના હૈયામાં જે મંગળ ભાવો જન્મે છે એ દ્રઢ થતા રહે તો તે તેના સંસ્કાર બને છે. સંસ્કારી માનવી પરહિતનો ચિંતક હોય છે. તે સદ્ભાવ રાખે છે, સદવાણી બોલે છે અને સદાચાર કરે છે. સંત તિરુવલ્લુવરે પરપીડન વિશે લખ્યું છે કે, 'મનુષ્યને જ્યારે એકાદ પીડાનો અનુભવ થાય ત્યારે એવી પીડા બીજાને ન પહોંચાડવાનો સંકલ્પ કરવો જોઈએ.'

સમાજ વ્યક્તિઓથી બને છે. સમાજમાં મનુષ્ય એકમેકના આધારે પોતાનો વિકાસ સાધે છે. વ્યક્તિનો વિકાસ આખરે સમાજને એક પગલું આગળ લઈ જનાર બની રહે છે. ભારતીય સમાજે મનુષ્ય પ્રત્યે જ નહિ, સર્વ જીવો પ્રત્યે સદ્ભાવ રાખવા પ્રેરણા આપી છે. ઘરઆંગણે આપણને એ જ સંસ્કાર મળે છે. સાંજે વૃક્ષનું એક લીલું પાન પણ ન તોડવું એ વૃક્ષ પ્રત્યેની સદ્ભાવના છે. વડ કે પીપળાની પૂજા એ સૌ વૃક્ષો તરફના આપણા આદરનું પ્રતીક છે.

સદ્ભાવના માનવીને વિધાયક વલણ તરફ દોરી જાય છે. શુભમાં શ્રદ્ધા પ્રગટે છે. આપણે જીવનને હકારાત્મક દૃષ્ટિએ 'પોઝિટિવ એટિટ્યુડ'થી જોતા થઈએ છીએ. સૌ પ્રત્યેની સારી લાગણી એ હકારાત્મક દૃષ્ટિનો પાયો છે.

ભારતના કોઈપણ સંતપુરુષનું જીવન લો, સદ્ભાવનાનું જીવંત ઉદાહરણ જ લાગશે. ગુરુ નાનક દેવની વાણી છે, 'પ્રાણ આપીને પણ બીજાઓના દુઃખ દૂર કરો.'

આપણા આદિકવિ નરસિંહ મહેતાએ 'વૈષ્ણવજન' કાવ્યનો આરંભ જ આ વાતથી કર્યો છે.

'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...., પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.'

અન્યની પીડા સમજ્યા જેટલી સહાનુભૂતિ આપણા હૈયામાં હોવી જોઈએ. પારકાના દુઃખે ઉપકાર કરી ભૂલી જવાની શીખ પણ સાથે જ આપે છે. સદ્ભાવનામાં અહંકારને સ્થાન નથી.

આજે આપણે શુભ ભાવનાની ઓટ આવેલી અનુભવીએ છીએ. તેથી મંગલવાણી અને સદ્વર્તન પણ અલ્પમાત્રામાં જોઈએ છીએ. આપણી વિચારધારાને સંકુચિતતાનું ગ્રહણ લાગ્યું છે. આપણે વધુને વધુ સ્વકેન્દ્રી બન્યા છીએ. 'મને બધું મળજો, અન્યનું ભલે પછી ગમે તે થજો' એ ભાવ સદ્ભાવને દાબી દે છે. આપણી અંદર ભોગ ભોગવવાની જબરી ભૂખ ઊઘડી છે. સરખામણી અને સ્પર્ધાનો ભાવ અન્યથી આગળ નીકળવા ગમે તે કરવું પડે તો કરવું એમ વિચારવાની છૂટ આપે છે. પછી તો જે વિચારમાં આવ્યું તે આચારમાં આવ્યા વગર કેમ રહે!

ઉપભોક્તાવાદે આપણા પર ખરી ગર્દભસવારી કરી છે. ગધેડો લાકડીને છેડે બાંધેલું ગાજર લેવા આગળ ચાલ્યા જ કરે પણ ગાજર અને એના મોં વચ્ચે છેટું રહી જાય. ચીજવસ્તુઓના ઉપયોગ અને ઉપભોગમાં આપણી પાસે કોઈ આંતરિક માપદંડ નથી, દેખાદેખી છે. **બીજા પાસે છે માટે મને જોઈએ. બીજા પાસે નથી માટે જ જોઈએ. નવું છે માટે મને જોઈએ. મોંઘું છે માટે મને જોઈએ. આ વિચાર આપણને સતત વસ્તુઓના પરિગ્રહમાં રોકી રાખે છે.**

**કોઈકે યોગ્ય જ કહ્યું છે, વસ્તુઓને વાપરવી જોઈએ અને માણસોને ચાહવાં જોઈએ. આપણે ઊલટું કરીએ છીએ. વસ્તુઓને ચાહીએ છીએ અને માણસોને વાપરીએ છીએ.**

આપણા અભાવ એટલા બોલકા થઈ ગયા છે કે આપણી પ્રાર્થનાઓ મૂક થઈ ગઈ છે.ઈશાવાસ્યમ્ ઇદમ્ સર્વમ્ – સમગ્ર વિશ્વ ઈશ્વરમય છે એમ માનનાર ભારતીય સંસ્કૃતિની ઉદારતા, વિશાળતા, વ્યાપકતા અને શ્રદ્ધેયતાને આપણે વિસારી બેઠા છીએ.

જે ઋષિ મુનિઓએ ઋગ્વેદમાં કહ્યું હોય, 'અમને દશે દિશાએથી શુભ વિચાર પ્રાપ્ત થાઓ.' એ સદ્ભાવનાનું ફરી સ્મરણ કરીએ. એ પ્રાર્થના ગાંઠે બાંધીએ. ગ્રંથિમુક્ત બની, ખુલ્લા મનથી શુભનો સ્વીકાર કરીએ, મંગળ ભાવના ભાવીએ. સૌનું હિત ચિંતવીએ. પરના સુખે સુખી થવાનું સમસંવેદન કેળવીએ.

*બાળક તમારી 'ના' પછી પણ જીદ કરે તો જીદને પોષો નહિ.*

આપણે અમૃતના સંતાન છીએ. આપણા ભવ્ય વારસાનું જતન કરીએ, એની વૃદ્ધિ કરીએ.

ગામ બહાર આવેલી ટેકરીઓ પર ચડીને આપણે બૂમ પાડીએ છીએ, 'તું સારો છે' તો આપણા જ અવાજનો પડઘો પડે છે 'તું સારો છે.' એનાથી વિપરીત બોલીએ, 'તું ખરાબ છે' તો એ જ પડઘો પડશે.

આપણે સૌ પ્રત્યે સારી લાગણી રાખીશું તો સામેથી પણ એ જ પડઘો પડશે. મૈત્રી માટે હાથ લંબાવનારને મૈત્રી મળે છે. મારવા માટે હાથ ઉગામનારને સામેથી પ્રહાર મળે છે. સદ્‌ભાવના રાખવાથી ગુમાવવાનું તો કંઈ જ નથી, મેળવવાનું ઘણું છે. દુર્ભાવ રાખવાથી મેળવવામાં ચિંતા, ક્રોધ, વેર, અશાંતિ અને અભાવ છે.

**ઘરને બારણે શુભ અને લાભ એ નર્યા શબ્દો નથી. એ ઘરમાં રહેનારની ભાવના છે. અહીં રહેનારનું તો શુભ થાઓ અને લાભ મળો પણ આવનારનું પણ શુભ થાઓ. અંતરને બારણે એ પવિત્ર મંગળ શબ્દો લખીએ 'શુભ અને લાભ.'**

ઘરને આંગણે રંગોળી એ શું માત્ર ભૌમિતિક ભાત છે? ના, ના, એ તો આનંદની નિશાની છે. સુંદરતાનું પ્રતીક છે. સ્વચ્છતાનું પ્રતિબિંબ છે. સર્જનનો નાજુક અંશ છે.

સદ્‌ભાવનાનું હજી એક પ્રતીક છે તે આપણો જૂનો - જાણીતો સાથી સાથિયો - સ્વસ્તિક. આકૃતિ તો સરળ છે પણ અર્થ ખરો ગહન છે. 'સ્વસ્તિ'નો અર્થ છે કલ્યાણ. સ્વસ્તિકની ઊભી લીટી તે ઈશ્વર એક છે એમ સૂચવે છે અને આડી લીટી તે બ્રહ્માંડ. તેનાથી બનતી ચાર લીટી ચાર દિશાઓનું સૂચન કરે છે. સર્વવ્યાપકતા અને સામીપ્ય બધું એક જ આકૃતિમાં સૂચવી દેવાયું છે. સ્વસ્તિકમાં સૌના કલ્યાણની ભાવના વ્યક્ત થાય છે.

ફરીથી સર્વ મંગલની કામના કરીએ.

આ સંસારમાં સૌ સુખી થાઓ, સૌ નીરોગી રહો, સૌ કલ્યાણદર્શી બનો, કોઈને પણ દુઃખ ન હો.

*દીપોત્સવીની શુભ કામના.*

*૪૧/એ, મહંતકૃપા, ૧૬, મનીષ નગર, ચાર બંગલા, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩*
*મો. ૯૮૨૦૬ ૧૧૮૫૨*

# અમૃતનો ઓડકાર

● ડૉ. આઈ.કે. વીજળીવાળા ●

૧૯૮૭ની ૩૧ મી ડિસેમ્બરે વડોદરાની મેડિકલ કૉલેજને રામરામ કર્યા. પછી M.D. સિનિયર રજિસ્ટ્રાર તરીકેની એક વરસની કારકિર્દી પણ પૂર્ણ થઈ. ટૂંકમાં ભણતર પૂરું થયું હતું. હવે ઠોસ જિંદગીની કઠણ કેડીઓ પર કદમ માંડવાનાં હતાં. ભાવનગરની એક ટ્રસ્ટ હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાત તરીકેની નિમણૂક મને મળી ગઈ હતી. હું ભાવનગર ત્રીજી જાન્યુઆરી, ૧૯૮૮ના રોજ પહોંચ્યો. ટ્રસ્ટ હોસ્પિટલમાં પૂર્ણ સમયના બાળરોગ નિષ્ણાત તરીકે જોડાયો. પગાર અંગે મુખ્ય ટ્રસ્ટી સાથે બેચાર દિવસ પછી વાતચીત કરવાનું નક્કી થયું હતું.

સાત દિવસ પછી મુખ્ય ટ્રસ્ટી સાથે મિટિંગ થઈ. મને રૂપિયા, ૨,૫૦૦/- રૂપિયા (બે હજાર પાંચસો) અને ઈન્ડોર ફીસમાંથી અમુક ટકા ઈન્સેન્ટિવ આપવાનું નક્કી કરાયું. મારો આગ્રહ મને પાંચ હજાર રૂપિયા વત્તા ઈન્સેન્ટિવ મળે તેવો હતો. મેં ટ્રસ્ટીશ્રીને મારો પગાર વધારવા માટે આગ્રહ કરી જોયો. પણ ટ્રસ્ટનો જ લાભ વિચારતા ટ્રસ્ટીશ્રી, ટ્રસ્ટને જેનાથી લાભ થઈ શકે તેવા ડોક્ટર્સને વધારે પૈસા આપવા તૈયાર ન લાગ્યા. અને એ વખતે મારા હાથમાં ક્લાસ વન ઓફિસરની બીજી ૩-૪ નોકરીના નિમણૂક પત્રો હતા. એટલે મને પણ આ નોકરી છોડવી પડે તો જરાય ચિંતા નહોતી. એ જ સમયગાળામાં મને મહુવાની એક હૉસ્પિટલમાં નોકરીનો પત્ર પણ મળ્યો હતો. એટલે હું છેલ્લા કેટલાક દિવસથી મહુવા જવાનો વિચાર કરતો હતો.

મન વારંવાર આ હૉસ્પિટલની નોકરી છોડી વધારે પૈસા મેળવવા માટે મહુવા જતા રહેવાની યોજના કરતું હતું. પણ નોકરી બદલવાની જફાઓનો વિચાર આવતાં જ પાછું પડતું હતું. અને નોકરી બદલવી એટલે?- બધા લબાચા ફેરવવા, ઘરની ઘણી સામગ્રી બાંધવી, નવા સંબંધો વિકસાવવા, નવેસરથી તમારા કામનું પ્રમાણપત્ર આપવાનું વગેરે વગેરે અનેક માથાકૂટો ઊભી થઈ જાય. આ બધી ઉપાધિઓ મને અકળાવતી હતી. પરંતુ સામે ડબલ પગાર પણ દેખાતો હતો. આટલું ભણ્યા પછી વધારે પૈસા મળતા હોય તો એ શા માટે છોડવા જોઈએ? આ બધા વિચારોના જાળામાં ગૂંચવાતો હું લોઢાવાળા હૉસ્પિટલની અગાસીની રેલીંગ પકડીને ઊભો હતો. સાંજના પાંચ વાગી ગયા હતા.

'અરે વીજળીવાળા સાહેબ! ચાલો બહાર આંટો મારતા આવીએ.' હોસ્પિટલમાં મારી બાજુના ક્વાર્ટરમાં રહેતા ડૉ. મહાવીરસિંહ જાડેજાના અવાજે મને ચમકાવી દીધો, 'કહું છું, કંઈ કામ તો બાકી નથી ને? જો કોઈ દર્દી વેઈટિંગમાં ન હોય તો ચાલો ગામમાં આંટો મારતા આવીએ. અને શું ઊંડા વિચારમાં ખોવાયા છો? કંઈ સિરિયસ મેટર તો નથી ને?' કાન, નાક, ગળાના નિષ્ણાત સર્જન ડૉ. મહાવીરસિંહ દિલના પણ એક ઉમદા વ્યક્તિ છે. મળતાવડા પણ ખૂબ જ. એમની સાથે વાત કરતા હોઈએ તો એવું જ લાગે કે જાણે દાયકાઓની આપણી કોઈ અતિપરિચિત વ્યક્તિને મળી રહ્યા છીએ. એમણે અમદાવાદથી એમ.એસ. કર્યું હતું અને મેં વડોદરાથી એમ.ડી. બાકી અમારી બેચ એક જ. આ હોસ્પિટલમાં પણ લગભગ એકસાથે જ અમે જોડાયા હતા. અમને હોસ્પિટલમાં ઉપરના માળે રૂમ્સ ફાળવવામાં આવી હતી. ડૉ. જાડેજા સાહેબના અવાજથી હું તંદ્રામાંથી બહાર આવી ગયો.

'ના! ના! કંઈ કામ બાકી નથી. આ તો વધારે પગારની નોકરી કરવા મહુવા જતા રહેવું કે પછી અહીંયાં રહીને આ જ શહેરમાં

*બાળકની 'ભૂલ' પ્રત્યે ઘરની એક વ્યક્તિ અંગુલીનિર્દેશ કરે ત્યારે એ ભૂલ ન હોય તો પણ તમે બાળકનો પક્ષ ન લો.*

કામ કરવું એ બે વિચારોની વચ્ચે અટવાતો હતો. ચાલો, હું પણ કંટાળ્યો છું. ક્યાં જવું છે?' મેં બહાર નીકળવાની તૈયારી બતાવતાં કહ્યું.

'રૂપમ ટોકીઝ (જે હાલ નથી) સુધી જતા આવીએ. મારે થોડીક ખરીદી પણ કરવી છે. બાકી તો નવું શહેર છે તે જોવાઇ પણ જશે.'

'ચાલો ત્યારે! હું તો તૈયાર જ ઊભો છું. મારે મારા બૂટને પૉલિશ કરાવવા છે.' મેં એમની સાથે દાદરો ઊતરવાનું શરૂ કર્યું.

ભાવનગર શહેરમાં રાજાશાહી વખતનું ગંગાદેરી નામનું આરસનું એક સુંદર નાનકડું સ્થાપત્ય રૂપમ ટૉકીઝની પાછળના ભાગે આવેલું છે. અત્યારે તો રૂપમ ટૉકીઝની જગ્યાએ એક મોટું બહુમાળી મકાન બની રહ્યું છે. આ ગંગાદેરી સ્થાપત્યની આજુબાજુનો વિસ્તાર ગંગાજળિયા મહાદેવના નામ પરથી ગંગાજળિયા તળાવ તરીકે ઓળખાય છે. તળાવની બરાબર વચ્ચેથી મુખ્ય રસ્તો પસાર થાય છે. એ રસ્તાની બંને તરફ સરસ મજાની લાદીજડિત ફૂટપાથ છે. આ ફૂટપાથ પર મેં એક મોચીદાદાને બેઠેલા જોયા. હું બૂટપૉલિશ કરાવવા માટે જ નીકળ્યો હતો. આ દાદાને જોતાં જ હું તેમના તરફ વળ્યો. ડૉ. જાડેજાસાહેબ એમની થોડીક ખરીદી પતાવવા મુખ્ય માર્ગ તરફ ગયા.

મોચીદાદાની પાસે પહોંચીને હું બે મિનિટ એમની તરફ જોઇને ઊભો રહ્યો. એમને જોતાં જ એમનામાં રસ પડે તેવું અદ્‌ભુત વ્યક્તિત્વ લાગે. ખખડધજ શરીર, ક્યારે ઓળ્યા હશે તેનો અંદાજ ન લગાવી શકાય તેવા એકબીજા સાથે ચોંટી ગયેલા સફેદ વાળ, સેંકડો કરચલીઓથી લીંપાયેલો ચહેરો, ફૂટપાથની પાળીનો ટેકો લઇને બેઠેલું સાતેક દાયકા જૂનું એ શરીર વીતેલા સમયને હોકલી દ્વારા વારંવાર ધુમાડો બનાવીને બહાર ફેંકી રહ્યું હતું.

'દાદા! બૂટને પૉલિશ કરવાનું શું લેશો?' મેં પૂછ્યું.

એમણે મારી સામે જોયું. હોકલીને એક ઊંડો કસ લઇને આંખો ઝીણી કરી. મોઢેથી ખેંચેલા ઊંડા શ્વાસની સાથે જાણે કે મને પણ આખેઆખો જ આંખો દ્વારા અંદર ઉતારી દીધો! પછી કહ્યું, 'આઠ આના! આમ તો રૂપિયો લઉં છું. પણ આજે આઠ આના! નવા લાગો છો આ શેરમાં?'

'હા દાદા! આ શહેરમાં નવો જ છું' એમની માણસ પારખી જવાની શક્તિને મનોમન દાદ દેતાં મેં જવાબ વાળ્યો, પણ જો રોજનો ભાવ એક રૂપિયો હોય તો આ અચાનક આઠ આનાનો મતલબ શો? અહીંના ન હોય એ બધા પાસેથી ઓછા લો છો?'

'અરે ના સાહેબ! એવું કાંઇ નથી. મોટા ભાગનું કમાવવાનું તો બહારના લોકો પાસેથી જ હોય છે. પણ આતો આજે મોજમાં છું ને એટલે!'

ઓત્તારી! મોજમાં હોય એટલે ભાવઘટાડો! એવી તો કેવી મોજ હશે આ દાદાની? અરે! કરોડપતિ વેપારીઓ પણ ભાવ પહેલાં ડબલ કરીને પછી ખોટો ભાવઘટાડો કરવાનું નાટક કરતા હોય છે. જ્યારે અહીંયાં તો તળિયાનાં ભાવમાં પણ અડધોઅડધ ઘટાડો કરવાની વાત હતી. મને આ દાદામાં ખૂબ જ રસ પડ્યો. વધારે તો એમની મોજ અંગે જાણવાની તાલાવેલી જાગી.

'પણ દાદા! એવી તો કેવી મોજમાં છો કે આ અડધોઅડધ ભાવઘટાડો કરી નાખ્યો છે?' મેં બૂટ કાઢી એમને આપ્યા અને બાજુની પાળી પર બેસતાં પૂછ્યું.

'અરે બાપા! એની તો વાત નો કરો!' એમની આંખોમાં મોજ અને સુખની વાદળીઓ જાણે દોડાદોડી કરી રહી હતી! જાણે કોઇ અદ્‌ભુત તાનમાં હોય તેમ એણે આગળ કહ્યું, 'આજે તો સવારથી ૨૫ રૂપિયાનો ધંધો થઇ ગયો છે. રોજ માંડ દસ રૂપિયા જ મળે છે. આજ તો બસ મારા નાથે રેલમછેલ કરી દીધી છે. આ તો તમે આવ્યા, નકર હું તો ઘરે જાવા ઊભો જ થતો હતો!'

લ્યો કરો વાત! ૨૫ રૂપિયા એટલે રેલમછેલ કહેવાય?! ક્યાં હજારો રૂપિયા મળતા હોવા છતાં ઓછા પડતા હોવાનો અહેસાસ કરતો હું અને ક્યાં ૨૫ રૂપિયાને રેલમછેલ ગણતા મોચીદાદા! જિંદગીનું ગણિત કંઇ જુદી રીતથી પણ ગણી શકાય એવું મને હવે સમજાઇ રહ્યું હતું.

'દાદા! તમે ભાવનગર જ રહો છો? મારો પૂછવાનો મતલબ છે કે ભાવનગરના જ રહેવાસી છો?' મેં પૂછ્યું.

'ના બાપુ! રહું છું તો બાજુના ગામડે. હું અને મારો દીકરો સવારે ઘરેથી બાપુગાડીમાં આવીએ (ત્યારે ભાવનગર અને મહુવા વચ્ચે નેરોગેજ રેલવે ચાલતી. લોકો એને બાપુગાડી તરીકે ઓળખતાં). ઇવડો ઇ દરબારગઢ બેંક પાસે બેસીને ધંધો કરે અને રેલવે સ્ટેશનથી હું અહીંયાં સુધી સાઇકલ લઇને આવું અને આહીં ફૂટપાથ પર બેસું. ભાતું લાવીએ એટલે પોતપોતાની મેળે નવરાશે ખાઇ લઇએ. સાંજે સાતની ગાડીમાં બાપ-દીકરો પાછા જાઇં.' આટલું બોલીને એણે ચલમમાંથી ઊંડો દમ ખેંચવાની કોશિશ કરી. હોકલી ઠરી ગઇ હતી. દાદાએ જમીન પર ઠપકારીને હોકલી ખાલી કરી. નખથી બળેલી તમાકું ખોતરીને કાઢી ફરીથી ભરવાનું શરૂ કર્યું.

'દાદા! તમે સ્ટેશન સુધી રોજ ચાલતા જાવ?' મેં પૂછ્યું.

'ના બાપા! હું આ સાઇકલ પર દરબારગઢ સુધી જાંવ. પછી દરબારગઢ બેંકના દરવાજા પાંહે આ સાઇકલ મૂકી દઉં. ન્યાંથી અમે બાપદીકરો હાલતા ટેશન વયા જાઇં.'

મારી નજર દાદાની સાઇકલ પર પડી. ભરચક ચોકમાં તાળું માર્યા વગર મહિનાઓ રાખી મૂકીએ તોપણ કોઇ ન લઇ જાય તેવી! સાવ ખખડધજ! દાદાના પર્યાય જેવી. બંને પૈડાના પંખા તેમજ ચેનકવર ગાયબ હતાં. બ્રેક એક પણ નહોતી. સીટની જગ્યાએ સીટના આકારનું લાકડાનું પાટિયું લગાડેલું. અને કાટ તો એના અંગેઅંગનો જાણે શણગાર હતો.

'તમારો દીકરો કેટલા રૂપિયા કમાય?' અટકી પડેલ વાતનો દોર મેં ફરીથી સાંધ્યો.

'રોજ મારો દીકરોય દસ રૂપિયા કમાય. દસ હું કમાવ!' એટલું કહી એમણે હોકલી ફરીથી પેટાવી. એક ઊંડો દમ ખેંચીને એણે મારી સામે ઝીણી આંખે જોઇને પૂછ્યું, 'તમે તો આ શેરમાં નવા છો. તમે શું કરો છો?'

*'અરેરે! કોણે માર્યું? મમ્મીએ? હત્ત મમ્મીને' એમ ન કહો.*

'નોકરી બદલવાનો વિચાર!' એવા શબ્દો મારા હોઠ સુધી આવી ગયા. છતાં કહ્યું કે બાળકોનો ડોક્ટર છું.

'હું..ઉં...ઉં..! એવો અવાજ મોઢેથી કાઢીને એમણે મારી સામે જોયું. મારી વાત કહ્યા વિના જ જાણી ગયા હોય તેમ ધીમે ધીમે ધુમાડો છોડીને એમણે મારા બૂટને પૉલિશ કરવાનું શરૂ રાખ્યું. પણ મારે તેમની સાથે વાતચીત શરૂ જ રાખવી હતી. એટલે મેં જ પૂછ્યું, 'તો દાદા! તમે દસ કમાવ, તમારો દીકરો દસ રૂપિયા કમાય. આ જમાનામાં વીસ રૂપિયામાં પૂરું થાય ખરું?'

'અરે વધી પડે!' બૂટ પર બ્રશ ફેરવતાં એમણે કહ્યું. મને ખરેખર નવાઇ લાગતી હતી. મારાથી પૂછાઇ ગયું, 'શું વાત કરો છો દાદા? તાણ ન પડે? વીસ રૂપિયામાં તે કંઇ પૂરું થતું હશે? પછી તકલીફ ન પડે? કંઇક નવી ચીજવસ્તુ વસાવવી હોય તો?'

'કઇ?' દાદાનો આ જવાબી પ્રશ્ન ખૂબ વેધક લાગ્યો. 'અરે મારા સાહેબ! આ મારો દીકરો છે ને? એના ઘરે પણ એક દીકરો છે. અમે ડોહો-ડોહી બે અને ઇ ત્રણ્ય એમ પાંચ જણાનું કુટુંબ છે. પરભુની દયાથી આવી સરસ લીલી વાડી છે. અને ખાધેપીધે સુખી છું. પછી કઇ ચીજની જરૂર પડે ? અને માણહને બીજું જોયેય શું?' પોતાના હર્યા-ભર્યા કુટુંબના અતિસુખના સાગરને મનની આંખથી એ માણસ માણી રહ્યો હોય તેવું લાગતું હતું.

દાદાના 'માણહને બીજું જોયેય શું?' એ શબ્દો મને બૂટમાં ભરાયેલી કાંકરીની માફક ખૂંચતા લાગ્યા. મારે શું જોઇતું હતું એ પ્રશ્ન મારું મન મને પૂછવા લાગ્યું હતું. વાત કરતી વખતે એની ખોવાઇ જવાની આદત મને કોઇ યોગીની યાદ અપાવતી હતી.

'લ્યો સાહેબ! આજે તમારી હાર્યે વાતું કરવાનીય બઉ મજા આવી. મેં નોતું કીધું કે આજ તો મોજ પડી ગઇ છે? સાચે જ મારા નાથે આજે મોજ કરાવી દીધી.' બૂટ અરીસાની માફક ચકચકિત કરી દીધા પછી એણે મારા હાથમાં મૂક્યા.

'દાદા! અત્યારે જઇને પછી શું કરશો?' મારાથી પુછાઇ ગયું.

'એયને અટાણે ઘરે જઇને બાપદીકરો ચા-પાણી પીશું. એની બાએ ચા તૈયાર જ રાખી હશે. પછી હું ખાટલે બેઠો બેઠો હોકલી પીશ અને મારા દીકરાના દીકરાને રમાડીશ. અમે એક ગા(ગાય) રાખી છે. મારી ઘરવાળી એને દોઇ રેશે ન્યાં મારો દીકરો ગા સાટુ ચારો લઇ આવશે. દીકરાની વહુ રોટલા ઘડી નાખશે. પછી બધાં વાળુ-પાણી કરીને ઘડીક બેહશું. વાતું કરશું. અને એય મજાના સૂઇ જાહું! **હું તો ભગવાનને રોજ બે હાથ જોડીને કહું છું કે બહુ સુખ આપ્યું મારા નાથ. હવે મારે કાંઇ નથી જોતું. બસ આવી લીલી વાડી સાથે જ લઇ લેજે પરભુ!'** અમીનો ઓડકાર ખાઇ રહ્યો હોય તેમ આકાશ સામે જોઇ એણે છેલ્લું વાક્ય કહ્યું. પછી ઊભા થતાં કહ્યું કે, 'લ્યો હાલો! મારો દીકરો વાટ જોતો હશે.' આટલું કહી એમણે પોતાનો સામાન ભરવા માંડ્યો.

હું અવાક થઇ ગયો હતો. બેચાર મિનિટ શું બોલવું એની સમજણ નહોતી પડતી. **હમણાં થોડા વખત પહેલાં જ વાંચેલ એક જૈન મહારાજસાહેબની ચોપડી, જેનું શીર્ષક હતું.- ફિનિશ લાઇન- યાદ આવી ગઇ. એમાં અમીરોને એમણે ખૂબ સુંદર સલાહ આપેલી છે કે ધંધામાં, પૈસાપ્રાપ્તિમાં કે ઇચ્છાઓમાં એક ફિનિશ લાઇન- અંતિમ રેખા જરૂરથી રાખવી. નહીંતર જિંદગી પૂરી થઇ જશે પણ એ માટેની દોડ પૂરી નહીં થાય.** આવી ઊંચી વાત સમજવા માટે પણ ખૂબ તૈયારી કરવી પડતી હોય છે. જ્યારે અહીં તો મોચીદાદા જેવો આ અભણ, અંગૂઠાછાપ માણસ એ ચોપડીને વગર વાંચ્યે જ જાણે આખેઆખી પચાવી ગયો હતો!

મોચીદાદાએ સામાન સાઇકલ પર ખડકેલો જોઇ હું તરત વિચારોમાંથી બહાર આવી ગયો. મેં ખિસ્સામાંથી રૂપિયો કાઢીને એમના હાથમાં મૂકી દીધો.

'દાદા! આજે મને પણ તમારી સાથે વાતો કરવાની ખૂબ જ મજા આવી છે. તમે એક કામ કરો. આખો રૂપિયો રાખી જ લો!'

ફટ દઇને આઠ આના કાઢી મારા હાથમાં મૂકતાં એણે કહ્યું, 'ના મારાસાહેબ! ના! વધારે લઉં તો અણહકનું કહેવાય. આઠ આના કીધા એટલે આઠ આના જ લેવાના. હવે રૂપિયો લઇ લઉં તો મારો રામ દુભાય!' મને રામરામ કરી સાઇકલ દોરીને એમણે ચાલવા માંડ્યું. અમારા છેલ્લા સંવાદો ચાલતા હતા તે વખતે ડૉ. જાડેજાસાહેબ પણ આવી ગયા હતા.

મોચીદાદા જતા રહ્યા. એમનું નામ પૂછવાનું પણ રહી ગયું. મારા મગજમાં તો એનું નામ હંમેશાં એક સુખી મોચી તરીકે કંડારાઇ ગયું હતું. એ તો ગયા પણ મારા મનમાં વિચારોનું વાવાઝોડું ઊભું કરતા ગયા હતા. રોજના ફક્ત ૨૦ રૂપિયા કમાતો એ માણસ આખો દિવસ કાળા તડકામાં બેસીને કામ કરતો એ માણસ એમ કહેતો હતો કે...બસ ભગવાન! ખૂબ સુખ આપ્યું તેં, હવે બીજું કંઇ નથી જોતું મારા નાથ! આનાથી વધારે એક માણહને જોઇએ પણ શું?... અને એની સામે એક હું હતો જે ઉનાળાનો તડકો જરાય ન સ્પર્શે એવી ઠંડી ચેમ્બરમાં બેસીને હજારો રૂપિયા કમાવા છતાં થોડાક વધારે રૂપિયાની લાલચમાં ભાવનગર શહેર છોડીને મહુવા જવાની ભાંજગડમાં પડ્યો હતો. મારું મન મને પૂછતું હતું કે કદાચ થોડાક વધારે હજારો કે એ પછી લાખો પણ મળશે તોય આવી, આ મોચીદાદા જેવી ખુમારીથી હું કહી શકીશ ખરો કે... બસ ભગવાન! બહુ આપ્યું તેં! હવે નહીં ખમાય મારા નાથ!.. મને એ અંગે મારા માટે પૂરી શંકા હતી. મારે તો હજુ બંગલો બનાવવો હતો, મોટર લેવી હતી, દુનિયા જોવી હતી, ટીવી, ફ્રીઝ, વૉશિંગમશીન વગેરે વિધવિધ સુવિધાઓના માલિક બનવું હતું. અરે! એમ જ કહોને દુનિયાએ જેને સુખસાહ્યબી નામ આપ્યું છે તેવી દરેક વસ્તુ જોઇતી હતી. પણ આજે મારી જ અંદરથી ઊંડેથી કોઇ સવાલ કરતું હતું કે... ધારો કે કાલે આ બધું જ મળી જાય તો પણ તું આવો, આ દાદા જેવો સુખનો અને અમૃતનો ઓડકાર ખાઇ શકીશ ખરો...?

હું અને ડૉ. જાડેજાસાહેબ ચૂપચાપ સાંજની ભીડને વીંધતા અમારી હોસ્પિટલ તરફ પાછા જઇ રહ્યા હતા. મારું મન રેગિંગ કરતા કૉલેજના છોકરાઓની માફક વારંવાર મને સવાલ કરતું હતું કે બોલ! આવો અમૃતનો ઓડકાર તું ખાઇ શકીશ ખરો?

**અને વારંવાર અંદરથી કોઇ જવાબ આપતું હતું કે, 'નહીં! કદાચ ક્યારેય નહીં!'**

***લેખકના પુસ્તક 'સાઇલન્સ પ્લીઝ!'માંથી સાભાર***

*બાળકની સમક્ષ કોઇ પણ વિષય પર અરસ-પરસ ઝઘડો કે ઉગ્ર ચર્ચા પણ ન કરો.*

# જીવનને અજવાળવા મનને નિર્મળ કરીએ

● ગુલાબચંદ ધારશી રાંભિયા ●

મનની વાત વિશ્વમાં સૌથી મોટી વાત છે. મનની શક્તિ અને મનના સામ્રાજ્યની તોલે બીજી કોઈ શક્તિ કે બીજું કોઈ સામ્રાજ્ય આવી શકતા નથી. મનનો માલિક વિશ્વના માલિક કરતાંય વધારે મસ્ત રહે છે અને મનનો રંક વિશ્વભરના રંકમાં રંક જીવ કરતાય વધારે પામર બની જાય છે. માનવીને દેવ બનાવવો કે અસુર, એ કરામત પણ મનની છે. જે મનને દૈવી ભાવનાઓનો ઉત્તમ આહાર મળે છે તે મન પોતાના માલિકને દૈવી સંપત્તિનો - સદ્‌ગુણોનો અધિનાયક બનાવે છે. અસુરી વૃત્તિનું અનાજ ખાનાર મન, માનવીને અસુર બનાવીને જ જંપે છે.

વિશ્વભરમાં થતાં સત્કાર્યો અને કુકર્મોના પાયામાં શુદ્ધ અને અશુદ્ધ મનોવૃત્તિ રહેલી છે. પ્રત્યેક સત્કર્મ અને અસત્કર્મનો પ્રાદુર્ભાવ માનવીના મનમાં જ થાય છે. એટલે જો મન સરખું અને શુદ્ધ બની ગયું તો માનવીનું જીવન સરખું અને શુદ્ધ બની જવાનું અને જો મનમાં જ મેલ રહી ગયો કે પેસી ગયો તો એને માટે જીવન અને વિશ્વ પણ દુઃખ, કલેશ અને કંકાસનો માળો બની બેસવાનું. અર્થાત્ મનને સંભાળી લો, બધું જ પોતાની મેળે સંભાળાઈ જવાનું. મનને રેઢું મૂકી દો તો પછી કોટી ઉપાય કર્યા છતાંય અવગુણો ઉપર કાબૂ નહીં મળી શકવાનો.

એટલા માટે જ વિશ્વભરના જીવન સાધકોએ મનની સાધના ઉપર, મનની કેળવણી ઉપર સૌથી વધારે ભાર આપ્યો છે અને મનની સુધારણાને જ જીવન સુધારણાનો એકમાત્ર ઉપાય કહેલ છે.

જે સાધનાને પરિણામે મનની અશુદ્ધિ, ચંચળતા અને નિરંકુશતા દૂર ન થાય એ સાધના કાં તો મેલી સાધના બની રહે છે અથવા તો એનું પરિણામ સ્વાર્થાંધતાને કારણે અધોગતિ રૂપે જ આવે છે. અર્થાત્ જીવન સાધનાનો એકડો મનના શુદ્ધીકરણના ધ્યેયથી મંડાય છે અને જીવન સાધનાનું અંતિમ ધ્યેય પણ મનની સંપૂર્ણ શુદ્ધિથી જ પ્રાપ્ત થાય છે. આ રીતે મનની સાધના એ જીવન સાધનાનું સાધ્ય અને સાધન બંને બની રહે છે. જીવન સાધના અને મનની સાધના વચ્ચે અભેદ સધાય છે ત્યારે પૂર્ણ આત્મશુદ્ધિના અમૃતનો આસ્વાદ મળી રહે છે.

જીવન સાધક વીરોની આવી વ્યક્તિગત સાધનાને અંતે પ્રગટેલ અમૃતનો લાભ વિશ્વભરના જનસમૂહને મળી શકે એટલા માટે એક રાજમાર્ગની રચના કરવામાં આવી. આ રાજમાર્ગ પર ચાલવું કે ન ચાલવું એ સૌની મરજીની વાત છે અને જે, એ માર્ગ ઉપર ચાલવા માંગે તે કોઈપણ જાતની રોકટોક વગર આનંદપૂર્વક ચાલી શકે છે. આ રાજમાર્ગ એટલે ધર્મ. ધર્મને માર્ગે ચાલીને જ માનવી જીવનના અમૃતને પામી શકે છે.

ભૂલકણા સ્વભાવના માનવીને અવારનવાર ધર્મના માર્ગની યાદ અપાવવા માટે માનવ સ્વભાવના અનુભવી સંતોએ તીર્થો અને પર્વની મંગલ યોજના કરી છે. આ તીર્થ અને પર્વને નિમિત્તે પણ માનવી આત્મનિરીક્ષણ કરી આત્મસુધારણા કરવા પ્રેરાય છે.

આવું જ એક આત્મશુદ્ધિનું મહાપર્વ એટલે પર્યુષણ પર્વ. સમતા, ક્ષમાશીલતા અને નમ્રતા દ્વારા મનના મળને અને ભારને દૂર કરીને એને સ્ફટિક જેવું નિર્મળ અને ફૂલ જેવું હળવું બનાવવાનો આ પર્વનો ધર્મસંદેશ છે.

નમ્ર બનીને થયેલી ભૂલની સાચા દિલથી ક્ષમા માંગ્યા વગર અને ઉદારદિલ બનીને સામાની ભૂલની ક્ષમા આપ્યા વગર આ પર્વની આરાધના સફળ થઈ શકતી નથી.

એ જ રીતે દિપોત્સવી પર્વે, દીવડાઓના ઝળહળાટ વચ્ચે મનની આત્મશુદ્ધિનો ભાવ જાગી ઊઠે છે અને એ શુદ્ધ મનથી આવતું વર્ષ સહુના માટે કલ્યાણકારી - સુખકારી નીવડે તેવી ભાવના ભાવીને ધન્યતા અનુભવી શકાય છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

આપણા દેશના સાત રાજ્યોની સરકારોએ સરકારી યોજના પ્રમાણે ન્યાયીકરણ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર હોવાના રિપોર્ટ મોકલ્યા હતા. દરમ્યાન સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એસ.એચ. કાપડિયા ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં રાજસ્થાન અને આસામની મુલાકાતે ગયેલા. બંને રાજ્યોના જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના અહેવાલમાં જણાવેલું કે સ્થાનિક અદાલતો માટેના મકાન તૈયાર થઈ ગયા છે.

જસ્ટિસ કાપડિયાએ એ મકાન પ્રત્યક્ષ જોવાનો આગ્રહ રાખ્યો. તેમની ગણતરી તો એવી હતી કે ત્યાં જરૂરી સગવડો ઉપલબ્ધ છે કે કેમ તે પર ઉડતી નજર નાખવી.

પણ ગજબ થઈ. સરકારી બાબુઓએ ઘણા ઘણા બહાનાં કાઢીને તેમની મુલાકાત ટાળવાનો પ્રયત્ન કર્યો. પણ ન્યાયમૂર્તિશ્રીનો આગ્રહ હતો કે આટલે સુધી આવ્યો છું તો જરા જોઈ લઉં.

છેવટે લાજશરમ છોડીને નીચી મૂંડી કરીને બાબુ લોકોએ કાપડિયા સાહેબને જણાવ્યું કે "સાહેબ, આપને અપાયેલો રિપોર્ટ ખોટો છે. ત્યાં મકાન છે જ નહીં!"

***હરિ ઠાકુરના લેખ પરથી***

***પેલા ખેડૂતનો કૂવો ચોરાઈ ગયો વાળી વાર્તા તો સૌએ સાંભળી જ હશે.***

***– શાંતિલાલ સંઘવી***

*બાળકની સમક્ષ એકબીજાને ઉતારી ન પાડો.*

# અહમ્

કીર્તિચંદ્ર શાહ ●

વિદુષી વિમલાતાઇ ઠકાર અહમ્‌ને જીવન-સમસ્યાઓનું મૂળ ગણાવે છે. વિમલાતાઇ કહે છે કે પોતાને જાળવવાની જન્મજાત વૃત્તિ પશુઓમાં હોય છે. આ વૃત્તિને મનોવૈજ્ઞાનિક માળખા સુધી લઇ જવામાં આવે ત્યારે અહમ્ બને છે. અહમ્‌ની ગાંઠડીમાં શું શું આવે છે તે તેમના જ શબ્દોમાં. સંસ્કાર, વિચારો, જ્ઞાન, શિક્ષણ, ઉછેર, લાગણીઓ, ગમા-અણગમા, વારસો, અનુભવો, વલણો, સામૂહિક મન, પ્રતિબદ્ધ પ્રતિક્રિયાઓ અને એની તરેહ અને વ્યક્તિ અને સમાજે રચેલ બચાવતંત્રો.

અહમ્‌ના મહોરાં તો મેં જોયા છે. મારા પિતાજી ચુસ્ત જૈનશ્રાવક હતા. કેટલીક વખત તેઓ ઉગ્ર તપસ્યા આદરતા. એમની ઉગ્ર તપસ્યા મને મંજૂર ન હતી. તોપણ સ્વજનો વચ્ચે વાતવાતમાં આ તપની વાત લાવતો અને ગર્વ અનુભવતો. બીજા એક દાખલામાં અમારા સગાનાં કુટુંબમાં આંતરિક વિખવાદને કારણે વિષમ સંજોગો નિર્માણ થતા. જે અમને અસુખકારક હતા. પરંતુ એમના કલહમાં મને ભાગ ભજવવાનો આવ્યો એનો મને સંતોષ પણ થયો. આપણાં મહોરાં આપણને છેતરી શકે છે.

આ અહમ્‌નો આવિર્ભાવ માનવમન - આદિ માનવ મન—માં ક્યારે થયો હશે? વિમલાતાઈએ કહ્યું તે પ્રમાણે એના મૂળ જિજીવિષામાં છે. મનુષ્ય જેમ જેમ સામાજિક થતો ગયો તેમ તેમ એ પોતાની ઓળખ પણ બનાવતો ગયો. અને હવે તો મનુષ્યની સઘળી લાગણીઓમાં સૌથી વધુ બળકટ અને સજ્જડ બની ચૂકેલ છે. ચાહે વ્યક્તિ, સમાજ કે કોમ, ધર્મ, સંપ્રદાયો, રાષ્ટ્ર અને વિશ્વ; સઘળે જ એના પંજા ફેલાયેલ છે. અહમ્ નિરપેક્ષ કે અહમ્‌શૂન્યતા અતિ અતિ દુર્લભ છે.

મેં એ જોયું છે કે આપણા ચિત્તની અવસ્થાઓ, જે જે surface પર આવે છે તેને આપણા આંતરતમમનમાંથી યા તો સ્વીકાર (inner sanction) મળે છે, યા અસ્વીકાર મળે છે. ક્યાંક વળી દ્વિધા પણ અનુભવાય છે. દા.ત. ક્રોધ. ઘણાં જાગરૂક લોકોને ક્રોધનો અસ્વીકાર હોય છે. ક્રોધ આવે તો તેને પોતાની નબળાઈ ગણે છે. કામ વાસનામાં બેવડું વલણ દેખાશે. સંપૂર્ણ સ્વીકાર કે સંપૂર્ણ અસ્વીકાર નહીં. કોઈ સમાજની લગામને સલામ કરે, તો કોઈ ઠેબે ચડાવે, એ જુદી વાત છે.

અહમ્‌નું સ્વરૂપ સમજાઈ ચૂક્યું હોય તેવી વ્યક્તિ પણ એનાથી સંપૂર્ણ છુટકારો નથી ચાહતી. અલબત્ત, આ મનોજગતની વાતો બધી વ્યક્તિનિષ્ઠ છે. સૌને એનું મુબારક.

અહમ્ સ્વયં પોકળ છે, માનસિકતા છે. સમાજની દેણગી છે, કુદરતની નહીં. પરંતુ એને જે સાહિત્ય સામગ્રી મળે છે તે નક્કર અને વાસ્તવિક છે. દેહ અને એની સઘળી જ્ઞાનેન્દ્રિઓ / કરમેન્દ્રિઓ સમેત. મન કે ચિત્ત એના અનેક લિબાશમાં. મમત્વ, મમતા, પરિગ્રહવૃત્તિ, સર્જનશીલતા, અનુકંપા, ભાષા ક્ષમતા વગેરે. વધુમાં મનુષ્યના હાથના પંજાની રચના. આંગળીઓ સામે અંગુઠો જેનાથી પક્કડ આવે. પ્રાણીજગત પાસે આવી કોઈ ઉપલબ્ધિ નથી. (પંજાની પક્કડનું સંવેદન નાના બાળકને ઘણું વહેલું થાય છે.) આ શારીરિક - માનસિક ઉપકરણોથી અહમ્ સર્જે છે બહારનું વિશ્વ. ભલું કે બૂરું. વ્યક્તિ જેમ જેમ બહારના વિશ્વનું નિર્માણ કરે તેમ તેમ એના અંતરના વિશ્વનું નિર્માણ પણ થાય છે અને સમાજને મળે છે, સભ્યતા - Civilisation ભલી કે બૂરી.

દિપોત્સવી પર્વે અંતરના વિશ્વનું નિર્માણ શુદ્ધ અને સમૃદ્ધ બને, માનવ વધુને વધુ સભ્યતા પ્રાપ્ત કરે તેવી શુભ ભાવના ભાવીએ. નૂતન વર્ષ મંગળકારી બની રહે તેવી અભ્યર્થના.

*૧૩, ઋષભ મહાલ, ઑફ હાજી બાપુ રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭.*

## ૧૧ કરોડ બાળકો

દુનિયાભરમાં મળીને ૫થી ૧૫ વર્ષના લગભગ અગિયાર કરોડ જેટલા બાળકો છે કે જેમને વાંચતા - લખતાં શીખવાની કે નિશાળે જવાની તક મળતી નથી. ગુલામી, ગરીબી, છોકરીઓ પ્રત્યે ભેદભાવ, ધર્મગુરુ તથા ભ્રષ્ટ સરકારને કારણે એ ભણવા જઈ શકતા નથી. કેટલાક બાળકોને સડક પર જઈને ભીખ માંગવા ધકેલવામાં આવે છે. આખા દિવસને અંતે જો એ પૂરતા પૈસાની ભીખ લાવે નહીં તો એમને માર ખાવો પડે છે. કેટલાકને ખેતીની મજૂરી કરવી પડે છે. હજારો બાળકોને ફટાકડાના કારખાનામાં કામ કરવું પડે છે. આફ્રિકામાં, દક્ષિણ અમેરિકા અને એશિયામાં એવા લાખો બાળકો છે જેમણે નિશાળ કદી જોઈ નથી. તેમને ક્યારેક બળજબરીથી લડાયક તાલીમમાં ભરતી કરીને કુમળી વયે હત્યા કરતાં શીખવવામાં આવે છે અને છતાં બીજા હજારો બાળકો પણ કેટલાક દેશોમાં છે તે પોતાને નિશાળે જવાનું સુખ સાંપડે તે માટે ગમે તેટલી મુસીબત વેઠવા તૈયાર હોય છે. કેટલાક તો ભણવા માટે રોજના ૫-૧૦ કિ.મી. ચાલી નાખતા હોય છે. જગતભરના આવા બાળકોને ભણાવવા એ આપણી સામેનો બહુ મોટો પડકાર છે.

*ગ્રેગ મોરટેનસન*
*'નયા માર્ગ', તા.૧૬-૯-૧૦માંથી.*
*ગુજ.અનુવાદ : મહેન્દ્ર મેઘાણી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*બાળક સાથે શક્ય તેટલો વધુમાં વધુ સમય ગાળો.*

કચ્છ

# નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ સિંચાઇના પાણીના આયોજનો અને અમલીકરણ

• અશોક મહેતા •

'સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ'ની રચના, ગુજરાતમાં નર્મદા નદીને નાથવા માટે (૧) નવાગામ પાસે સરદાર સરોવર ડેમના બાંધકામ માટે તથા (૨) નર્મદા નદીના સિંચાઈના પાણી નહેરો દ્વારા ગુજરાત રાજયના ૧૫ જિલ્લાઓમાં પહોંચાડવા માટે કરવામાં આવેલ હતી. ગુજરાતને ફાળવવામાં આવેલ ૯.૦૦ એમ.એ.એફ. પાણી ગુજરાતના ૧૫ જિલ્લાઓમાં ટેક્નિકલ ગ્રાઉન્ડ પર ફાળવવાનું એ સમયે ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ હતું. વર્ષ ૧૯૭૯માં કેન્દ્રીય જળપંચ દ્વારા ચુકાદો આવી ગયા બાદ, આજ દિવસ સુધી ૧૫ જિલ્લામાંથી ૧૪ જિલ્લામાં ઓછેવત્તે અંશે નહેરોના બાંધકામના કામો થયેલ છે પરંતુ ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત વિધાનસભામાં જણાવ્યા અનુસાર, એ દિવસે અને ત્યાર પછી આજે પણ એકમાત્ર કચ્છ જિલ્લો એવો છે કે જ્યાં એક પણ કિ.મી.ના કામ પરિપૂર્ણ થયેલ નથી.

ગુજરાતનો સહુથી અછતગ્રસ્ત અને દુષ્કાળગ્રસ્ત જિલ્લો કચ્છ હોવા છતાં આમ કેમ બન્યું?

એ સમયે કચ્છના લોકોએ ગ્રેવિટી દ્વારા કચ્છને સિંચાઈના પાણી આપવા આંદોલન શરૂ કરેલ હતું. આ આંદોલને એ સમયે સારું એવું જોર પકડેલ. લગભગ સમગ્ર કચ્છની આ વાત હતી. પાછળથી કેટલાક લોકો આ પ્રશ્ને હાઈકોર્ટ અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં પણ ગયેલ હતા.

અન્ય તરફ નર્મદા નિગમના ટેક્નિકલ નિષ્ણાતો, અલગ અલગ પરિબળોને નજર સમક્ષ રાખીને કચ્છને ગ્રેવિટીના બદલે 'લિફ્ટ અને ફોલ' પદ્ધતિથી પાણી આપવામાં આવે એજ યોગ્ય અને સારો રસ્તો છે એવું મક્કમપણે માનતા હતા અને તેથી કચ્છને ગ્રેવિટીથી પાણી આપવાની વાતો માન્ય રાખતા ન હતા.

રાજકીય નેતાગીરી અવઢવમાં હતી. એક તરફ પોતાની લોકપ્રિયતા ચાલી ન જાય તે માટે તેઓ કચ્છની જનતાની વાત ઉવેખી શકતા ન હતા, જ્યારે અન્ય તરફ નિગમના અધિકારીશ્રીઓ તેઓને ટેક્નિકલ કારણોની વિગત સમજાવી ગ્રેવિટી પદ્ધતિના ગેરફાયદા જણાવતા હતા. આ પરિસ્થિતિમાં ગુજરાત રાજયની રાજકીય નેતાગીરી કોઈ પણ પ્રકારનો નિર્ણય લેવામાં પ્રવાહી પરિસ્થિતિમાં હતી. પરંતુ તેઓ ગ્રેવિટીની તરફેણનો નિર્ણય લઈ શકેલ ન હતા.

આ પરિસ્થિતિમાં નિગમના અધિકારીશ્રીઓ દ્વિધામાં હતા અને તેથી કચ્છના કામોને કોરાણે મૂકેલ હતા. પરિણામ સ્વરૂપે બાકીના ૧૪ જિલ્લાઓમાં ઓછાવત્તા અંશે કામો શરૂ થઈ શક્યા પરંતુ કચ્છના કામો સમગ્રતયા સ્થગિત રહ્યા. અન્ય બ્રાંચ કેનાલોના કામો હાથ પર લેવામાં આવ્યા પરંતુ કચ્છ બ્રાંચ કેનાલના કામો હાથ પર લેવાની નિગમનો કોઈ પણ અધિકારી હિંમત ના કરી શક્યો.

એ સમયે કેટલાક કચ્છી રાજકીય આગેવાનોને આ પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. તેઓએ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" પર એક સામાજિક સંસ્થા તરીકે વિશ્વાસ મૂક્યો અને વર્ષ ૨૦૦૩માં આ બાબતે ઊંડાણમાં ઊતરી પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાની વિનંતી કરી. આ બાબતે અભ્યાસ કરી કચ્છ માટે યોગ્ય હકીકત શું છે તે શોધી કાઢવા જણાવ્યું. આ માટે તેઓએ જરૂરી સાહિત્ય પૂરું પાડ્યું. તેટલું જ નહીં, પરંતુ નિગમના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને ટેક્નિકલ નિષ્ણાતો સાથે વારંવારની મુલાકાતો પણ ગોઠવી આપી.

ત્યારબાદ સમાજના આગેવાનોએ નિગમના અધિકારીશ્રીઓ સાથે અનેક મિટિંગો કરી. અલગ અલગ દૃષ્ટિકોણથી હકીકતો સમજવા કોશિશ કરી. અનેક અહેવાલો અને રિપોર્ટો ચકાસ્યા. અલગ અલગ મત ધરાવતા કચ્છી નિષ્ણાતો તથા કચ્છી આગેવાનોની પણ મુલાકાત લઈ આ પ્રશ્ને ચર્ચા કરી. **તારવણ એ આવ્યું કે કચ્છને કઈ પદ્ધતિથી પાણી આપવામાં આવે એ અગત્યનું નથી પરંતુ કચ્છમાં શક્ય જલદી સિંચાઈના પાણી પહોંચાડવામાં આવે એ જરૂરી છે.** અને તોજ અછતગ્રસ્ત કચ્છના અમુક વિસ્તારોના ખેડૂતો (જ્યાં સિંચાઈના પાણી પહોંચવાના છે એ વિસ્તારના ખેડૂતો)ની પરિસ્થિતિ સુધરી શકશે. સિંચાઈના પાકથી પેદા થયેલ સંપત્તિ ગામડાંના ખેડૂતોના હાથમાં પહોંચશે. (ઔદ્યોગિકીકરણમાં આ શક્ય નથી). ત્યારબાદ કચ્છી જૈન સમાજના આગેવાનોએ પોતાના તારવણો એ સમયની કચ્છી નેતાગીરી સમક્ષ રજૂ કર્યા. સમગ્ર કચ્છી સમાજના અન્ય આગેવાનોને પણ હકીકતો સમજાવવા પ્રયાસ કર્યા અને ત્યારબાદ નિગમના અધિકારીશ્રીઓ પર કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરવા દબાણ કર્યું. આ પ્રક્રિયામાં લગભગ બે વર્ષ જેટલો સમય પસાર થયો.

પરિણામ એ આવ્યું કે વર્ષ ૨૦૦૫માં ૩૬૦ કિ.મી. લાંબી અને અંદાજિત રૂ. ૨૮૦૦ કરોડના પ્રોજેક્ટવાળી કચ્છ બ્રાંચ કેનાલના ૭૫ કિ.મી. (૫૫ કિ.મી. બનાસકાંઠામાં અને ૨૦ કિ.મી. કચ્છમાં) લંબાઈના અને અંદાજિત રૂ. ૨૫૦ કરોડ (રૂ. ૧૭૫ કરોડના બનાસકાંઠામાં અને રૂ. ૭૫ કરોડની કિંમતના કચ્છમાં)ની કિંમતના ૬ ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા કે જેના કામો અલગ અલગ કોન્ટ્રાક્ટરોને સુપરત કરવામાં આવ્યા. એ સમયે એવો વિશ્વાસ પ્રવર્તી રહ્યો કે આવતા પાંચેક વર્ષમાં કચ્છના ખેતરોમાં નર્મદા નદીના પાણીથી સિંચાઈ કરી શકવાનું શક્ય બનશે.

*બાળકને કુદરતના સાન્નિધ્યમાં લઈ જાઓ.*

**નર્મદા નદીના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીથી કયા તાલુકામાં કેટલા ગામમાં અને કેટલા હેક્ટરમાં સિંચાઈ થઈ શકશે તેના આયોજનો – નર્મદા નિગમની દૃષ્ટિએ**

| ક્રમ | તાલુકો | લાભિત ગામો | સિંચાઈ વિસ્તાર (હેક્ટરમાં) | રિમાર્ક |
|---|---|---|---|---|
| ૧. | રાપર | ૪૭ | ૩૮,૫૬૧ | વાગડ વિસ્તારના ૮૦ ગામમાં ૬૪,૪૯૬ હેક્ટરમાં સિંચાઈ થઈ શકશે. |
| ૨. | ભચાઉ | ૩૩ | ૨૫,૯૩૫ | |
| ૩. | ગાંધીધામ | ૮ | ૪,૧૩૪ | અન્ય ૫ તાલુકાના ૧૦૨ ગામમાં ૪૮,૨૮૨ હેક્ટરમાં સિંચાઈ થઈ શકશે. |
| ૪. | અંજાર | ૨૪ | ૧૩,૩૬૭ | |
| ૫. | મુંદ્રા | ૩૪ | ૧૮,૨૪૦ | |
| ૬. | માંડવી | ૩૦ | ૧૧,૧૯૮ | |
| ૭. | ભુજ | ૬ | ૧,૩૪૩ | |
| | | *૧૮૨ ગામ* | *૧,૧૨,૭૭૮ હેક્ટર* | |
| | | | *= ૨,૮૫,૦૦૦ એકર* | |

પરંતુ આગળ જતાં કામમાં ઢીલાશ આવવા લાગી. આ ઢીલાશના કારણોમાં ક્યાંક કોન્ટ્રાક્ટરોની ઢીલાશ હશે તો ક્યાંક નર્મદા નિગમનો અપૂરતો સ્ટાફ હશે. ક્યાંક વચ્ચે આવતા સ્ટ્રક્ચરોની ડિઝાઈન તૈયાર નહીં હોય તો ક્યાંક જરૂરી નિર્ણયો સમયસર આપવામાં આવતા નહીં હોય. ક્યાંક પૈસાની તંગદિલી (મોડું પેમેન્ટ) હશે તો ક્યાંક નેગેટિવ ફેક્ટર કામ કરતા હશે. બે વર્ષમાં પૂરા કરવાની જવાબદારીથી સુપરત કરવામાં આવેલ કામો ૪-૫ વર્ષ સુધી લંબાયા અને તેમ છતાં પણ પૂરા ના થઈ શક્યા. વર્ષ ૨૦૦૯ સુધીમાં રૂા. ૨૫૦ કરોડની કિંમતના કામો સામે અંદાજિત માત્ર રૂા.૧૫૦ કરોડની કિંમતના (અને તેમાં કચ્છમાં તો માત્ર રૂા. ૧૫ કરોડની કિંમતના) કામો થઈ શક્યા.

આ સમય દરમ્યાન 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ' અસ્તિત્વમાં આવી ગયેલ હતી અને તેણે એકધારી રીતે નિગમના અધિકારીશ્રીઓ, ગુજરાત સરકારના જવાબદાર વિભાગના મંત્રીશ્રીઓ તથા મુખ્યમંત્રીશ્રી સમક્ષ પત્ર વ્યવહાર જારી રાખી, આ પ્રશ્ને દબાણ કરવાનું ચાલુ રાખ્યું.

અન્ય તરફ વર્ષ ૨૦૧૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવનાર હોવાથી તેના અનુસંધાને હોય કે 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના દબાણને કારણે હોય પરંતુ નવેમ્બર-૨૦૦૯થી નર્મદા નિગમના ઉચ્ચ હોદ્દા પર આઈ.એ.એસ.કક્ષાના કાર્યક્ષમ અધિકારીશ્રીઓની નિમણૂક કરવાની ગુજરાત સરકારશ્રી દ્વારા શરૂઆત થઈ ગઈ. ચેરમેનશ્રીના પદે શ્રી ડી. રાજગોપાલન, મેનેજિંગ ડાયરેક્ટરશ્રીના પદે શ્રી એસ. જગદીશન, જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટરશ્રીના પદે શ્રી કે. શ્રીનિવાસ, ઇન્ચાર્જ ડાયરેક્ટર - સિવિલ તરીકે શ્રી કે.એસ. શ્રીનિવાસ વગેરેની નિમણૂક મુખ્યત્વે ગણી શકાય. નવનિયુક્ત મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જગદીશને હકારાત્મક અભિગમ દાખવી સમગ્ર ગુજરાતની કેનાલોના કામ પર સવિશેષ ધ્યાન આપ્યું અને કેનાલોના કામો સમગ્રતયા હાથ પર લેવાના પગલાં શરૂ કર્યા કે જેમાં કચ્છ બ્રાંચ કેનાલોના કામોનો પણ સમાવેશ થયેલ હતો. એ દરમ્યાન વર્ષ ૨૦૧૦-૧૧ના બજેટમાં કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યની નર્મદાની કેનાલોના કામો માટે રૂા. ૧૧,૦૦૦ કરોડ જેવી રકમ ફાળવી. સમગ્ર કામોમાં ગરમાટો આવી ગયો.

તા. ૩૦-૩-૨૦૧૦ના 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના પ્રતિનિધિ મંડળે નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રી એસ. જગદીશન તથા અન્ય ઉચ્ચ હોદ્દેદારોની રૂબરૂ મુલાકાત લીધેલ અને કચ્છ બ્રાંચ કેનાલોના કામો માટે પોતાની ચિંતા વ્યક્ત કરેલ હતી. આવતા ૪-૬ મહિનામાં સમગ્ર કચ્છ બ્રાંચ કેનાલના બાકી રહેતા ટેન્ડરો બહાર પાડી દેવાનું જે સમયે શ્રી જગદીશને સ્વીકાર્યું.

ઉપરોક્ત આયોજનના અનુસંધાને બનાસકાંઠાના હમીરપર ગામ એટલે કે ચેનલ ૦.૦થી કચ્છના ગુંદારા ગામ એટલે કે ચેનલ ૨૭૩.૦ કિ.મી. સુધીના અંદાજિત રૂા. ૨૨૦૦ કરોડની કિંમતના ટેન્ડરો બહાર પાડી દેવામાં આવેલ છે કે જેના ટેક્નિકલ બીડની સ્ક્રૂટીની હાલે ચાલુ છે. આવતા દિવસોમાં આ બધાં કામો જે તે કોન્ટ્રાક્ટરને સુપરત કરી, એ કામો શરૂ કરાવવામાં આવશે. હજુ અંદાજિત રૂા. ૮૦૦ કરોડની કિંમતના કામો (૨૭૩.૦ કિ.મી.થી ૩૬૦ કિ.મી., દૂધઈ બ્રાંચ કેનાલ, ગાગોદર બ્રાંચ કેનાલ, વાંઢિયા બ્રાંચ કેનાલ, પાવર સ્ટેશન વગેરે)ની ટેન્ડર પ્રક્રિયા બાકી રહે છે કે જે આવતા દિવસોમાં પૂરી થાય તેવી ગણના રાખવામાં આવેલ છે. અન્ય તરફ નિગમના નવનિયુક્ત ડાયરેક્ટર શ્રી મુકેશભાઈ ઝવેરી તથા અન્ય અધિકારીશ્રીઓના પ્રયાસોના કારણે રાપર તથા ભચાઉ તાલુકાના વિસ્તારમાં મોટા ભાગની જરૂરી જમીન સંપાદિત કરી લેવામાં આવેલ છે. હાલે તો એવું ચિત્ર ઉપસી રહેલ છે કે અગર કોઈ અણધારી અડચણ ન આવે તો આવતા ૨-૩ વર્ષોમાં નિગમના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીની કેનાલો માટેના કાર્યો પૂરા થઈ શકશે

*બાળક સાથે દેશભક્તિ ગીતો, શૌર્યગીતો, કુટુંબપ્રેમનાં ગીતો ગાઓ, સાથે બેસીને પ્રાર્થના કરો.*

અને આ પાણીથી કચ્છના ૨,૮૫,૦૦૦ એકર જેટલી જમીનના વિસ્તારમાં ખેતી થઈ શકશે.

**ઉપરોક્ત રજૂઆત હતી કચ્છને ફાળવવામાં આવેલ ૦.૫ એમ.એ.એફ. નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણીની.**

અન્ય તરફ કચ્છને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦ એમ.એ.એફ. પાણીથી કચ્છમાં કઈ રીતે સિંચાઈ થવાની છે તેની વિગતો પર પણ ધ્યાન રાખવું તેટલું જ જરૂરી છે. વધારાના પાણીના આયોજનો અને અમલીકરણ ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગને હસ્તક રાખવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાતની 'સુજલામ્ સુફલામ્' યોજનાના એસ્ટિમેટમાં (શરૂઆતમાં સાઈટ પર સર્વે કરાવ્યા વગર નિર્ધારિત કરવામાં આવેલ ખર્ચ અને ત્યારબાદ તેના અમલીકરણના સમયે સાઈટ પોઝિશનનો જે અનુભવ થયો તેના આધારે નક્કી કરેલ આયોજનો મુજબના કામો પૂરા કરવા માટે કરવામાં આવેલ ખર્ચ) કડવો અનુભવ થયા પછી જળસિંચાઈ વિભાગ કચ્છને ફાળવવામાં આવેલ ૧.૦૦ એમ.એ.એફ. જેટલા વધારાના પાણીના આયોજનો ફાઈનલ કરવા અગાઉ સાઈટ પર ફીલ્ડ સર્વે કરાવવા માંગતું હતું કે જે સરકાર બહારની કોઈ સ્વતંત્ર અને ભરોસાપાત્ર કન્સલ્ટન્સી કંપની કરે તેવી વિચારણા કરવામાં આવેલ હતી. આ ફીલ્ડ સર્વે કરાવવાનો અંદાજિત ખર્ચ રૂા. ૩.૦૦ કરોડ જેટલો થવા જશે તેવી ગણના કરવામાં આવેલ હતી. રૂા. ૩.૦૦ કરોડના ખર્ચની મંજૂરી માટે જળસિંચાઈ વિભાગે વર્ષ ૨૦૦૬માં જળસિંચાઈ વિભાગના સચિવશ્રી (અથવા તો તે વિભાગના મંત્રીશ્રી)ની મંજૂરી માંગેલ હતી કે જે મંજૂરી સતત ત્રણ વર્ષ સુધી જળસિંચાઈ સચિવશ્રીએ કોઈ અગમ્ય કારણસર (જળસિંચાઈ મંત્રીશ્રીના કદાચ રાજકીય કારણસર અથવા તો નિમ્ન સ્તરની સ્વાર્થવૃત્તિની શક્યતા પણ નકારી ન શકાય) આપેલ ન હતી. આ બાબતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદે અને અન્ય લોકોએ ઉહાપોહ સર્જતા આ મંજૂરી વર્ષ ૨૦૦૯ના અંત ભાગે આપવામાં આવેલ હતી. ત્યારબાદ એકાદ બે મહિનામાં જ એટલે કે વર્ષ ૨૦૦૯માં જ વિવિધ કન્સલ્ટન્સી કંપનીના ટેન્ડરો મંગાવી તેની મંજૂરી અર્થે ફરી જળસિંચાઈ સચિવશ્રીને જળસિંચાઈ વિભાગ તરફથી મોકલી આપવામાં આવ્યા કે જે છેલ્લા દસ મહિનાથી કોઈપણ જાતની કાર્યવાહી કર્યા વગર જળસિંચાઈ મંત્રાલયમાં પડી રહેલ હતા. ફરી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે આ પ્રશ્ન હાથ પર લીધો. ભુજથી પ્રસારિત થતા દૈનિક પત્ર 'કચ્છ મિત્રે' પણ આ પ્રશ્નને યોગ્ય પ્રસિદ્ધિ આપી. આ બાબતે કચ્છમાં જબ્બર ઉહાપોહ જાગ્યો. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ પણ માહિતી માંગવામાં આવી. ત્યારબાદ તરતમાં આ ટેન્ડરોની વિગત મંજૂર થઈને જળસિંચાઈ મંત્રાલયમાંથી જળસિંચાઈ વિભાગમાં આવી ગઈ કે જેના પરિણામે સપ્ટેમ્બર-૨૦૧૦ની શરૂઆતમાં અમદાવાદ સ્થિત 'મલ્ટી મેનટેક ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ'ને કચ્છમાં યોગ્ય ફીલ્ડ સર્વે કરી વધારાના પાણીના વપરાશના આયોજનો રજૂ કરવાની કામગીરી અંદાજિત રૂા.૨.૪૪ કરોડના ખર્ચ સાથે સુપરત કરવામાં આવેલ છે કે જેનો રિપોર્ટ આ કન્સલ્ટન્સી કંપનીએ આવતા બાર મહિનામાં એટલે કે સપ્ટેમ્બર-૨૦૧૧ સુધીમાં આપવાનો રહેશે.

ત્યારબાદ આ રિપોર્ટ મંજૂર કરવાની જે-તે વિભાગમાં પ્રક્રિયા ચાલશે. રિપોર્ટ મંજૂર થયે તેના ટેન્ડરો બહાર પાડવામાં આવશે અને ત્યારબાદ જે તે કોન્ટ્રાક્ટરોને વિવિધ કામો સુપરત કરવામાં આવશે કે જે માટે બીજા એકાદ વર્ષનો સમયગાળો સહેજે ગણી શકાય. એ મુજબ વર્ષ ૨૦૧૨ના અંત ભાગમાં કદાચ આ પ્રક્રિયા પૂરી થઈ શકે – જો તેમાં અન્ય કોઈ આડખીલીઓ ન આવે તો.

ત્યારબાદ ટેન્ડર પ્રક્રિયાના કાર્યોના અમલીકરણની શરૂઆત થાય અને કોઈ અણધારી રૂકાવટ ન આવે તો આ કાર્યો પૂરા કરતા ત્રણેક વર્ષનો સમયગાળો તો સહેજે પસાર થઈ જાય. વર્ષ ૨૦૧૫ના અંત ભાગમાં આ કાર્યો પૂરા થઈ શકવાની શક્યતા રહે છે.

આ રીતે ઉપરોક્ત ગણનાએ કચ્છમાં નર્મદા નદીના વધારાના પાણીથી સિંચાઈની ખેતી થતા સહેજે પાંચ વર્ષનો સમયગાળો પસાર થઈ જશે તેવી ધારણા હાલની પરિસ્થિતિમાં રાખી શકાય. આ પરિસ્થિતિ કચ્છ માટે ખૂબજ અક્ષમ્ય ગણાય. યોગ્ય હકીકત તો એ કહેવાય કે નર્મદા નિગમના કાર્યોની સાથે સાથે જળસંપત્તિ વિભાગના કાર્યો પણ પૂરા થઈ જવા જોઈતા હતા. આ માટે કોઈને દોષી ઠરાવવામાં આવે તો તે કચ્છની અત્યારની રાજકીય અને સામાજિક નેતાગીરીને જ દોષપાત્ર ગણી શકાય. રાજકીય નેતાગીરી પોતાની નોકરીની સલામતીમાં કચ્છના હિતોને કોરાણે મૂકતી આવેલ છે, જ્યારે સામાજિક નેતાગીરી આ પ્રશ્ને અક્ષમ્ય ઉદાસી દાખવી રહેલ છે. કચ્છનો બુદ્ધિજીવી વર્ગ પણ કચ્છના આ પ્રાણપ્રશ્ને બિલકુલ નિઃસ્પૃહી બની મૌન જાળવી રહેલ છે. અન્ય તરફ ઉત્તર ગુજરાત આ બાબતે ખૂબ જ સજાગ છે. તેઓએ માત્ર તેમના કામો પૂરા નથી કરાવ્યા પરંતુ વધારાના પાણીનો વપરાશ પણ શરૂ કરી દીધેલ છે! કચ્છના રાજકીય આગેવાનો કે જેઓ સરકારશ્રી સાથે એક યા બીજી રીતે જોડાયેલા છે, જેઓ સરકારશ્રીનું કોઈને કોઈ સ્થળે પ્રતિનિધિત્વ કરે છે, તેઓ આ બાબતે સજાગ નહીં રહે, પોતે જે વિસ્તારમાંથી આવે છે તે વિસ્તારની જનતાની અડચણો પર દૃષ્ટિ નહીં રાખે તો કચ્છ હજુ પણ વધુ ખરાબ પરિસ્થિતિમાં મૂકાય તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે.

એક વધુ બાબતની આપણે નોંધ લઈએ. જળસંપત્તિ વિભાગની હાલની ગણના પ્રમાણે કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીથી કચ્છમાં ચોમાસુ (ખરીફ) પાક ૩,૧૦,૧૩૦ હેક્ટરમાં અને શિયાળુ (રવિ) પાક ૫૮,૧૧૦ હેક્ટરમાં લઈ શકાશે. એટલે કે આ વધારાના પાણીથી કચ્છના હયાત નાના કે મધ્યમ કક્ષાના ડેમો ભરીને ટોટલ ૩,૬૮,૨૪૦ હેક્ટર (૯,૨૦,૬૦૦ એકર) જમીનમાં પાકો લઈ શકાશે. આ ગણના વધુ પડતી લાગે છે પરંતુ જ્યારે સરકારશ્રીના કોઈ વિભાગે આ પ્રકારના આયોજન કરેલ હોય તો એમ માનવાનું રહે છે કે વધારાના પાણીના ઉપયોગથી થતી ખેતીની ગણનામાં એ વિસ્તારના વરસાદના પાણીના સંગ્રહની પણ ગણના કરવામાં આવેલ હોય. કોઈ એક પાકને વ્યવસ્થિત રીતે પાકવા માટે ધૂરિયા પદ્ધતિથી ૨૦"થી ૨૧" ડેલ્ટાથી પાણીની જરૂરિયાત રહેતી હોય છે. હા, ડ્રીપ ઈરિગેશન અથવા સ્પ્રિંક્લર પદ્ધતિથી ખેતી કરવામાં આવે તો જરૂરી પરિણામો ૧/૩ જેટલા પાણીથી જ મેળવી શકાય છે.

જળસિંચાઈ વિભાગ વધારાના પાણીનો ઉપયોગ કચ્છમાં કઈ

*સવારે ઊઠીને અને રાત્રે સૂતાં પહેલાં 'જય શ્રી કૃષ્ણ અથવા જય જિનેન્દ્ર' જેવા શબ્દો દ્વારા સર્વ કુટુંબીજનોનું અભિવાદન કરો.*

રીતે અને કયા વિસ્તારમાં કરવા માંગે છે અને તેઓ કચ્છ બ્રાંચ કેનાલમાંથી ક્યાંથી કેટલા પાણી મેળવવા માંગે છે તેની વિગત તેઓએ તેમના તા. ૧૫-૭-૨૦૧૦ના પત્રથી નર્મદા નિગમને જણાવેલ છે અને તે મુજબ નર્મદા નિગમે પોતાની કેનાલની ડિઝાઈન ફાઈનલ કરેલ છે. વધારાના પાણીના આયોજન અંગે જે કન્સલ્ટન્ટ કંપની નિમવામાં આવેલ છે તેઓને પણ આ વિગત આપવામાં આવેલ છે કે જેથી કન્સલ્ટન્ટ કંપની આ ધોરણે આગળના સર્વે કરી શકે.

આ વિગત નીચે મુજબ છે.

| કચ્છ બ્રાંચ કેનાલમાંથી ઑફ ટેઈક પોઈન્ટ | લોકેશન | વિસ્તાર | ડિસ્ચાર્જ ક્યુસેક્સમાં | જથ્થો એમ.એ.એફ.માં (૧૦૦ દિવસ) | રિમાર્ક |
|---|---|---|---|---|---|
| • સારણ પોન્ડ | ૧૦૦.૮ કિ.મી. કચ્છ બ્રાંચ કેનાલ | ફતેહગઢ | ૧૦.૦૦ | ૦.૧૦ | • રાપર તાલુકાના ઉત્તર વિસ્તારમાં આ પાણીનો ઉપયોગ થઈ શકે. |
| • બન્ની રિઝર્વોયેર માટે | ૧૦૦.૦ કિ.મી. દુધઈ બ્રાંચના છેડેથી | બીબર | ૧૦.૦૦ | ૦.૧૦ | • બન્ની વિસ્તારના ઘાસિયા પ્રદેશમાં આ પાણીનો ઉપયોગ થઈ શકે. |
| • ટપ્પર રિઝર્વોયેરમાંથી | ટપ્પર રિઝર્વોયેર | ટપ્પર | ૩૭.૦૦ | ૦.૩૭ | • લીંક કેનાલ દ્વારા ટપ્પર રિઝર્વોયેર, સત્તાપર (રાતા ડેમ), ધાણેટી, રુદ્રમાતા, કૈલા, નીરોણા, ભૂકરી, મથલ, ગજનસર, નારા ડેમ. • લીંક કેનાલ દ્વારા ટપ્પર રિઝર્વોયેર, સત્તાપર (રાતા ડેમ), સુરખાણ, ગજોડ, વિજયસાગર, ખરોડ, કંકાવટી, જાંગડિયા, સાનન્ધ્રો ડેમ. • હાઈ કન્ટુર સ્ટોરેજ કેનાલ દ્વારા ધાણેટી, લેર, રોહા-મોટા, ભારાપર, એડમાડ લેઈક સુધી. |
| • કચ્છ બ્રાંચ કેનાલના મોડકૂવા ગામના છેડેથી | કચ્છ બ્રાંચ કેનાલનો છેડો (૩૫૨.૦ કિ.મી.) | મોડકૂવા | ૩૩.૦૦ | ૦.૩૩ | • કચ્છ બ્રાંચ કેનાલના એક્સ્ટેન્શન દ્વારા મોડકૂવાથી કોટાય, ભનાડા, મીઠી ડેમ, બુટા, બેર, ગોલાય, પીપર થઈ નારાયણ સરોવર. • સેન્ટ્રલ કચ્છ માટે લીંક કેનાલ. મીઠી ડેમથી કુઆપધ્ધર, ઉસ્તીઆ, ભદ્રા, ગોરવાળી વાંઢ, ડડેરાણી, ગુગારિયન (એક ફાંટો મેઘપર તરફ), દયાપર, ધારેસી, ફુલરા, કોરીઆની, કનોજ સુધી. |
| • હાઈ કન્ટુર કેનાલ | ૨૫૪.૦૦ | કુંભારિયા | ૧૦.૦૦ | ૦.૧૦ | • કુંભારિયા, ભુવડ, બગડા, કાંડાગરા, ફરાદી, ગોધરા. |
| | | | ૧૦૦.૦૦ | ૧.૦૦ | |

અત્યારે તો એવું લાગે છે કે અગર ઉપરોક્ત આયોજનો અમલમાં મૂકી શકાય તો કચ્છના સારા એવા વિસ્તારમાં નર્મદા નદીના સિંચાઈના પાણી પહોંચી શકશે અને તેનાથી કચ્છના ખેડૂતો અનિયમિત વરસાદની ચિંતા કર્યા વગર વર્ષમાં એક કે બે પાક સારા એવા પ્રમાણમાં લઈ શકશે. પરંતુ આ બધી હકીકતોનો આધાર કચ્છની સામાજિક અને રાજકીય નેતાગીરી આ પ્રશ્ને કેવો અભિગમ દાખવે છે તેના પર રહેવા પામેલ છે. જો હજી પણ આપણે આ બાબતે નિષ્ક્રિય રહીશું તો કચ્છના વિકાસની હાથમાં આવેલ ઉત્તમ તક આપણે ગુમાવી બેસશું અને ભવિષ્યના કચ્છના ઇતિહાસની દૃષ્ટિએ આપણું નામ કચ્છના હિતચિંતકોની યાદીમાં નોંધાયેલું નહીં રહેવા પામેલ હોય.

*૨૦૩, સવિતા ઍન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*બાળકને વ્યાયામ અને રમત-ગમત તરફ વાળો.*

# નર્મદાના પાણીથી કચ્છના કયા ગામમાં કેટલી જમીનને લાભ?

*– અશોક મહેતા*

નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીથી કચ્છના ૭ તાલુકાના ૧૮૨ ગામની ૧,૧૨,૭૭૮ હેક્ટર જમીનમાં એટલે કે ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈનો લાભ થવાનો છે કે જેની વિગત અમે 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૦૫ના અંકમાં આપી ચૂકેલ છીએ.

કયા તાલુકાના કયા ગામની કેટલી જમીનને આ સિંચાઈના પાણીનો લાભ મળશે તેની વિગત અત્રે ફરીથી પ્રસ્તુત કરવામાં આવેલ છે.

શક્ય છે કે અત્યારની પરિસ્થિતિમાં આ ગામોની કેટલીયે જમીન એન.એ. થયેલ હોવાથી આ આંકડાઓમાં ફેરફાર થવાની પૂરેપૂરી શક્યતા રહેવા પામે છે પરંતુ એકંદરે કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં આ પાણીથી ખેતી થઈ શકશે તે નિર્વિવાદ હકીકત રહેવા પામશે.

*વિગતવાર માહિતી નીચે મુજબ છે.*

## તાલુકો : રાપર

| *ગામ* | *લાભિત વિસ્તાર (હેક્ટરમાં)* |
|---|---|
| હમીરપર નાની | ૨૦૧.૮૫ |
| ફતેહગઢ | ૩૦૦૩.૫૬ |
| સાનગઢ | ૧૭૯.૦૮ |
| ગેડી | ૬૮૫૬.૪૯ |
| સેલારી | ૨૩૫.૫૫ |
| દેશલપર / નાગલપર | ૧૭૭૧.૬૯ |
| ધાનપર / કલ્યાણપર | ૭૪૧.૭૩ |
| કાવરી / શાનપર | ૧૯૬૬.૨૬ |
| નંદાસર | ૫૩૦.૧૪ |
| રવ મોટી | ૨૯૬૦.૪૮ |
| જેસડા | ૫૫૪.૧૦ |
| ત્રંબૌ | ૧૮૭.૮૧ |
| સૂવઈ / ખેંગારપર | ૧૦૪૯.૦૦ |
| સમવાવ | ૪૩.૭૯ |
| લાકડીવાંઢ | ૧૬.૬૨ |
| સુદાણાવાંઢ | ૫૭૯.૯૮ |
| નારણપર | ૧૫૦.૦૮ |
| ગવરીપર | ૨૧૫.૦૭ |
| વણોઈવાંઢ | ૭૫૭.૧૭ |
| ખાંડેક | ૧૨૩.૯૮ |
| મંજુવાસ | ૩૨૭.૮૩ |
| મોમાય મોટા | ૯૪૮.૦૦ |
| સણવા | ૧૩૮૪.૦૭ |
| લખપત - બામણસર | ૩૦૧.૩૫ |
| આડેસર | ૧૧૭૫.૪૩ |
| ટગા | ૨૬૪.૬૯ |
| વરણું | ૫૨૪.૮૪ |
| સુખપર | ૫૬૨.૧૯ |
| વિજાપર | ૬૪૧.૫૮ |
| માખેલ | ૩૭૭.૩૩ |
| પલાસવા | ૩૭૬૦.૯૭ |
| ધાણીયલ | ૩૪૨.૩૨ |
| કાનમેર | ૧૭૬૫.૮૬ |
| ગાગોદર | ૯૫૫.૦૩ |
| ભીમદેવડા | ૬૨૪.૦૩ |
| થોરીયાળી | ૩૭૧.૦૩ |
| પેથાપર | ૩૮૧.૭૯ |
| કુંભારીયા | ૧૪૪.૪૧ |
| માણાબા | ૬૧૦.૧૬ |
| પંડ્યાનો ગઢ | ૩૪૬.૨૩ |
| સાંય | ૩૨.૯૪ |
| વકેરા | ૨૯૮.૪૫ |
| કુલપરા | ૨૯૫.૦૮ |
| | ૩૮,૫૬૧.૦૦ હેક્ટર |

## તાલુકો : ભચાઉ

| *ગામ* | *લાભિત વિસ્તાર (હેક્ટરમાં)* |
|---|---|
| ભરૂડિયા | ૮૩૩.૬૦ |
| ખણખોઈ | ૩૮૫.૭૫ |
| ચૌબારી | ૧૮૬૨.૬૮ |
| મનફરા | ૧૪૫.૫૨ |
| ખારોઈ | ૪૮૨.૪૬ |
| કડોલ | ૫૯૨.૬૧ |
| નેર | ૬૩૩.૨૯ |
| બંધડી | ૧૬૩૦.૬૪ |
| માય | ૩૮.૪૦ |
| મેઘપર/કુંજીસર | ૩૬૦.૦૩ |
| કરમરીયા | ૩૧૫.૭૩ |
| શિકાર | ૩૪૨.૦૦ |
| લુણવા | ૧૧૬.૧૫ |
| ચોપડવા | ૩૪૮.૬૩ |
| ભચાઉ | ૧૫૩૩.૦૦ |
| વોંધ | ૧૫૬૧.૫૪ |
| છાડવાડા | ૧૨૫૫.૮૫ |
| આંબલીયારા | ૧૫૬૩.૪૩ |
| જંગી | ૨૧૯૦.૨૨ |
| સામખિયાળી | ૫૦.૦૦ |
| લલિયાણા | ૨૪.૬૦ |
| વાંટિયા | ૨૦૪૬.૯૦ |
| શિકારપુર | ૧૮૮૫.૮૮ |
| નારણસરી | ૩૫૩.૦૨ |
| ચાંદરોડી | ૧૧૦.૩૮ |
| રાજસ્થલી | ૫૩૬.૭૨ |
| મોટી ચીરઈ | ૨૫૨૩.૭૧ |
| નાની ચીરઈ | ૧૨૧૭.૭૧ |
| સુખપર | ૧૦૯.૦૫ |
| કુંભારડી | ૫૫.૫૮ |
| પોરગર | ૪૮૦.૩૩ |
| બાનીઆરી | ૩૪૯.૫૬ |
| | *૨૫૯૩૪.૯૭* |
| | *= ૨૫૯૩૫.૦૦ હેક્ટર* |

## તાલુકો : ગાંધીધામ

| | |
|---|---|
| ચુડવા | ૫૪૪.૫૬ |
| પડાણા | ૬૮૧.૬૯ |

**આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.**

| | |
|---|---|
| મીઠી રોહર | ૧૪૦૩.૦૨ |
| ગળપાદર | ૧૮૭.૪૪ |
| કિડાણા | ૩૧૩.૦૨ |
| ભારાપર | ૪૭૮.૪૨ |
| અંતરજાળ | ૨૪.૩૯ |
| શીણાય | ૫૦૨.૧૮ |
| | *૪૧૩૪.૭૨* |
| | *= ૪૧૩૪.૦૦ હેક્ટર* |

## તાલુકો : અંજાર

| | |
|---|---|
| બુઢારમોરા | ૩૩.૮૪ |
| ધમડકા | ૭૨.૭૭ |
| અમરાપર | ૫૯.૦૩ |
| દેવીસર | ૪૫.૭૦ |
| ખીરસરા | ૭૮.૮૫ |
| ચંદ્રાપર | ૭૨.૮૧ |
| બીટા વલાડિયા | ૭૪૩.૩૭ |
| નાગા વલાડિયા | ૯૫૦.૭૯ |
| માડેવદર | ૩૭૩.૩૯ |
| વરસાણા | ૫૯૪.૧૬ |
| તુણા | ૫૨૭.૮૧ |
| રામપર | ૪૫૮.૨૬ |
| સંઘડ | ૧૦૭૭.૧૩ |
| વીરા | ૯૭૩.૧૫ |
| ભીમાસર | ૨૨૨૩.૪૫ |
| ટપર | ૩૯૬.૧૪ |
| અજાપર | ૬૭૯.૯૯ |
| લાખાપર | ૫૧.૪૬ |
| વરસામેડી | ૧૬૦૨.૦૪ |
| મેઘપર | ૨૫૭.૩૪ |
| અંજાર | ૧૮૬.૦૦ |
| મથક | ૮૪૦.૯૪ |
| પશુડા | ૯૪૫.૭૨ |
| ખારી પસવાડિયા | ૧૨૩.૦૨ |
| | *૧૩૩૬૭.૧૬* |
| | *= ૧૩૩૬૭.૦૦ હેક્ટર* |

## તાલુકો : મુંદ્રા

| | |
|---|---|
| કુકડસર | ૮૩૦.૩૨ |
| ગોએરસમા | ૧૩૭.૦૭ |
| ઝરપરા | ૧૬૫૨.૫૮ |
| ધ્રબ | ૪૫૩.૬૯ |
| નવી નાળ | ૪૪૫.૯૧ |
| નાના કપાયા | ૪૫૪.૯૬ |
| પાવડીયારા | ૨૧૪.૪૨ |
| બારોઈ | ૫૫૫.૨૯ |
| ભોરાણા | ૩૮.૭૨ |
| ભદ્રેશ્વર | ૧૬૦૮.૧૨ |
| રાગા | ૨૧૧.૫૧ |
| મુંદ્રા | ૫૫૯.૦૭ |
| કાંડાગરા મોટા | ૭૩૫.૮૧ |
| ગુંધલા | ૭૩૫.૮૧ |
| ટુંડા | ૩૯૧.૯૫ |
| નાની ભુજપર | ૨૬૪.૧૫ |
| ભરૂડિયા | ૨૫૮.૩૪ |
| મોખા | ૩૨૦.૭૦ |
| મોટા કપાયા | ૪૫૭.૩૫ |
| મંગરા | ૧૯૩.૫૮ |
| લુણી | ૧૧૨૭.૨૧ |
| વડાલા | ૧૯૫૭.૬૩ |
| સીરાચા | ૬૪૨.૪૨ |
| સેખડિયા | ૨૭૮.૦૭ |
| સમાગોગા | ૬૨૯.૩૨ |
| સાડાઉ | ૪૦૭.૫૯ |
| હટડી | ૫૮૪.૨૮ |
| મોટી ભુજપર | ૧૧૪૮.૪૯ |
| પ્રતાપપર | ૧૪૭.૬૬ |
| ભોસરા | ૩૫૭.૫૯ |
| ખાખર મોટી | ૧૯૧.૯૫ |
| વોવાર | ૫૫.૬૯ |
| છસરા | ૬૬.૫૩ |
| દેશલપર | ૧૨૫.૯૨ |
| | *૧૮૨૩૯.૭૦* |
| | *= ૧૮૨૪૦.૦૦ હેક્ટર* |

## તાલુકો : માંડવી

| | |
|---|---|
| નાની ખાખર | ૮૬.૯૨ |
| નાના ભાડિયા | ૮૧૩.૩૨ |
| મોટા ભાડિયા | ૧૯૪.૨૨ |
| પીંપરી | ૮૯.૩૯ |
| ગુંદિયાળી | ૧૨૪૮.૩૨ |
| ત્રગડી | ૪૫૮.૧૦ |
| કોડાય | ૧૬૩.૩૫ |
| મોટી રાયણ | ૧૮૮.૭૦ |
| નાની રાયણ | ૧૦૧.૪૯ |
| નવાવાસ (દુર્ગાપુર) | ૪૮૧.૪૫ |
| નાગલપર | ૨૯.૩૫ |
| ભારાપર | ૧૧૬.૦૬ |
| મેરાઉ | ૬૦૩.૫૧ |
| શીરવા | ૧૨૦.૦૯ |
| કાઠરા | ૭૪.૧૮ |
| વાડા | ૩૬૬.૪૨ |
| નાના લાયજા | ૨૭૭.૫૦ |
| મોટા લાયજા | ૧૦૦૦.૮૨ |
| ભાડા | ૧૧૬.૬૯ |
| પોંચટીયા | ૪૫૦.૬૩ |
| ભીંસરી | ૬૨૬.૭૬ |
| વાંઢ | ૩૬૮.૭૩ |
| ચાંગડાઈ | ૬૨૩.૩૦ |
| બાંભરાઈ | ૯૪૯.૬૯ |
| માપર | ૧૩૭.૮૪ |
| મોડકૂવા | ૬૮૫.૬૦ |
| મસ્કા | ૩૫૮.૪૩ |
| કોકલીયા | ૬૯.૩૬ |
| બીદડા | ૨૭૪.૩૯ |
| માંડવી | ૧૨૩.૩૦ |
| | *૧૧૧૯૭.૯૧* |
| | *= ૧૧૧૯૮.૦૦ હેક્ટર* |

## તાલુકો : ભુજ

| | |
|---|---|
| જવાહરનગર | ૨૯૫.૯૮ |
| વાત્રા | ૧૦૮.૯૬ |
| લોડાઈ | ૨૫૯.૩૨ |
| ધ્રંગ | ૫૪.૩૧ |
| ધોરી | ૩૮૮.૩૫ |
| સુમરાસર | ૨૩૬.૪૧ |
| | *૧૩૪૩.૩૩* |
| | *= ૧૩૪૩.૦૦ હેક્ટર* |

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*બાળકની એકાગ્રતા કેળવવા, યાદશક્તિ વધારવા તેને યોગ તરફ વાળો.*

# કચ્છમાં ખારેકની ખેતી

• નવીનચંદ્ર નારાણજી સોદાગર •

દુનિયાભરમાં ક્યાંય વિજ્ઞાનના 'વ'ની કોઈને જાણ ન હતી ત્યારે આરબ પ્રજાને ખબર હતી કે મનુષ્યની જેમ વૃક્ષોમાં પણ નર-માદા વૃક્ષો જુદા જુદા થાય છે અને તેના ફૂલોમાં પણ નર-માદા હોય. માદા ખારેકડીના ફૂલોને પરાગનયન (નરવી પોલીનેશન) કરવું પડે. **આમ આરબ પ્રજાએ આ શોધ** (Discovery) **કરી હતી કારણકે તેમનો આ વૃક્ષ પર જ જીવનનો આધાર હતો.** વર્ષો પહેલાં તેઓએ ખારેકડીના કુદરતી ઝુંડો હતા, તેમાંથી તેમની પસંદગીની ખારેકડીમાંથી પીલા કાઢીને વાવેતર કર્યું અને તેની વૃદ્ધિ કરી. તેથી આજે દુનિયામાં આશરે ૩૦૦૦ જેટલી ખજૂરની જાતો છે, જેના નામો પણ અપાયેલા છે.

આપણે જેને ખારેક (તાજી લાલ પીળી) કહીએ છીએ, તે, ખજૂર અને સૂકી ખારેક (મેવાની) એક જ ખજૂરી - ખારેકડીની પેદાશ છે. ખજૂર માટે કોઈ જુદા વૃક્ષો નથી. જે સ્થળે ખારેકના ફળ લાલ-પીળા થઈ ગરીને ખજૂરમાં રૂપાંતર થાય છે, ત્યાં ખારેકના ફાલ પરના સમયે વરસાદની ઋતુ નથી હોતી, સખત તાપ (૪૫° થી ૫૦° સેલ્સિયસ) દિવાળી સુધી સૂકું હવામાન હોઈ, આ ફળો ગરીને (નરમ થઈને) ખજૂરમાં રૂપાંતર વૃક્ષ પર જ થઈ જાય. **આપણે ત્યાં ખારેકનો ફાલ અને વરસાદની મોસમ એક જ હોઈ તેમજ બીજથી ઉગાડેલ જુદી જુદી જાતની ખારેકડીના ફળો ખજૂરમાં રૂપાંતર થઈ શકતા નથી.** જેથી લાલ-પીળી તાજી ખારેક ઉતારીને તેનો ઉપયોગ કરાય છે.તેમ ન કરવામાં આવે તો વરસાદના લીધે ભેજ વધે તેથી ખારેક બગડી જાય. મેવાની ખારેક બનાવવી પડે છે, ભરાવદાર ફળોને ૧૦ મિનિટ ઉકળતા પાણીમાં પકવીને સૂકવો એટલે સૂકી ખારેક બને.

ખારેકડીમાં ફળ પાકવાની સ્થિતિ અને તેના નામો અન્ય દેશોમાં

## ખારેકના ફળ પાકવાની તબક્કાવાર સ્થિતિ

| | *ફળની સ્થિતિ* | *ઈરાકી નામ* | *પાકિસ્તાની-પંજાબી નામ* | *કચ્છી નામ* |
|---|---|---|---|---|
| ૧. | ફળનો ક્રીમ રંગથી લીલો રંગ<br>(ફલિનીકરણ પછી લગભગ ૫ અઠવાડિયામાં) | હબ્બક<br>(HABABAUK) | — | — |
| ૨. | ફળનો લીલો રંગ, ઝડપી વિકાસ, ખાવામાં તુરાશ રહે છે કારણકે ફળમાં ટેનીનનું પ્રમાણ વધુ છે.<br>(ફલિનીકરણ પછી લગભગ ૬ થી ૧૮ અઠવાડિયા) | કીમરી<br>(CHIMRI) | ગન્ડોરા<br>(GANDORA) | લીલા રંગના ફળ |
| ૩. | ફળનો રંગ લાલ, પીળો કે અન્ય રંગ, આકારનું પ્રમાણ વધે છે. સ્વાદમાં તુરા કે મીઠાં,<br>પાણીનું પ્રમાણ ૫૦થી ૮૫ ટકા<br>(ફલિનીકરણ પછી લગભગ ૧૯થી ૨૩ અઠવાડિયા)<br>(તાજી ખારેક - FRESH DATES) | ખલાલ<br>(KHALAL) | ડોકા<br>(DOKA) | લીલા પીળા રંગની ખારેક |
| ૪. | ફળ નરમ, રંગ બદલાઈને કાળો કે ભૂરો થાય છે. ટેનીન નથી, જેથી ખાવામાં મીઠાં.<br>પાણીનું પ્રમાણ ૩૦થી ૪૫ ટકા<br>(ફલિનીકરણ પછી લગભગ ૨૪થી ૨૭ અઠવાડિયા) | રુતબ<br>(RUTAB) | ડેગ<br>(DANG) | 'ગળેલું ફળ' (ગરેલી ખારેક - પિશુડા) |
| ૫. | ફળ પાકું, ખજૂર, ફળ કાળા સળવાળા મીઠાં,<br>પાણીનું પ્રમાણ ૨૦થી ૨૫ ટકા.<br>આ ખજૂર સંગ્રહી શકાય છે.<br>(ફલિનીકરણ પછી લગભગ ૨૯ અઠવાડિયા) | તમર<br>(TAMAR) | પિંડ<br>(PIND) | 'ખજૂર' |

*બાળકના સર્વાંગીણ વિકાસ માટે શક્ય તેટલો ભોગ આપી બધું જ કરી છૂટો.*

આપેલા છે, તેની વિગત આ પ્રમાણે છે.

દુનિયાના ખજૂર - ખારેક ઉગાડતા મોટાભાગના દેશો પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં કર્કવૃત્ત પર ૨૦°થી ૩૫° અક્ષાંસની આસપાસ આવેલા છે. આપણું કચ્છ પણ આ જ વિસ્તારમાં આવેલું છે. ખારેકડી એ ગરમ પ્રદેશનું વૃક્ષ છે. તેની મોટાપાયે ખેતી આરબ દેશો, આફ્રિકાના દેશો, ઈઝરાયેલ, પાકિસ્તાન, કેલિફોર્નિયા (યુ.એસ.એ.) વગેરેમાં થાય છે. કચ્છમાં ખારેકની ખેતી દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં તદ્દન નજીવી ગણાય. આ વૃક્ષને પાણીની વર્ષભર જરૂરત પડે છે. આરબ દેશોમાં તેના માટે કહેવત છે કે **"ખારેકડીના પગ પાણીમાં (મૂળિયા પાસે ભેજ) અને માથું તાપમાં (ફાલ - ફળો) હોય તો જ સારી ખજૂર થાય."** આરબ કે અન્ય દેશોમાં રણમાં કે જ્યાં પાણી નથી ત્યાં ખારેકડીની ખેતી નથી થતી. પણ રણમાં પાણીના ઝરા (OASIS) છે કે પાણીના તળ ઊંચા છે કે પિયત આપીને ખેતી થાય છે.

અંગ્રેજી ભાષામાં ખારેકડીને ડેટ પામ (DATE PALM) અને તેના ફળોને ડેટ્સ (DATES) કહેવાય છે.આ એકદંડી વનસ્પતિ છે. તેનું બોટનીકલ નામ ફિનિક્સ ડેક્ટાયેલીફેરા એલ છે. આ વૃક્ષ તાડ વંશનું છે. આ વૃક્ષની ગણતરી પ્રાચીન વૃક્ષોમાં થાય છે. **ખારેકડીનું ઉત્પત્તિ સ્થાન ઈરાક દેશ છે. ત્યાંથી તે દુનિયાભરમાં ફેલાયેલ છે.** ખારેકડીની ખેતીઆશરે ૪ થી ૫ હજાર વર્ષો પૂર્વેથી થતી હોવાના પુરાવા ઈરાક દેશના 'ઉર' પાસેના સૂર્ય મંદિરના બાંધકામમાં ખારેકડીના વૃક્ષનો ઉપયોગ દર્શાવે છે. ધર્મગ્રંથ 'કુરાન'માં આ વૃક્ષ અને ખજૂરનો મહિમા વર્ણવેલો છે. આરબો તથા મુસ્લિમ પ્રજા ખારેકના વૃક્ષને પવિત્ર ગણે છે અને માન આપે છે. કચ્છીઓ પણ આ વૃક્ષ પ્રત્યે માનભરી લાગણી ધરાવે છે.

ખારેકડી એ ગરમ પ્રદેશનો ફળ પાક છે પરંતુ તેની તાસીર (ગુણ) ઠંડક આપનારો છે. આરબ પ્રજા વર્ષભર ખજૂરનો ઉપયોગ કરી સખત ગરમીમાં પણ તંદુરસ્ત રહી શકે છે. વૈદરાજ બપાલાલના મત મુજબ ખજૂર ગુણમાં ઠંડી છે અને શીતપ્રદ અને ઉષ્ણતાહર છે. ઉનાળામાં ખજૂરનું શરબત ઠંડક આપે છે. આર્યભિષક ગ્રંથ મુજબ ખજૂર બળ આપનારી, મધુર, શ્વાસ, કફ, તૃષાને હરનારી છે. તેનો એક ગુણ છે 'વાજીકરણ' (Sex stimulating). તેથી જે આપણે ત્યાં જૂના સમયમાં ખજૂર - સૂકી ખારેક સસ્તી હતી ત્યારે નવોઢાના ખોળામાં સૂકી ખારેક (મેવાની ખારેક) અપાતી. ખજૂર એ અલૌકિક ફળ છે. તેનો ઉપયોગ વ્યક્તિએ પોતાની પ્રકૃતિ પ્રમાણે કરવો હિતાવહ છે. તાજી લાલ-પીળી ખારેક પણ આવા જ ગુણો ધરાવે છે. વધારામાં 'રેચક' છે. જેની નોંધ લેવી રહી.

કચ્છમાં (ભારતમાં) ખારેકડીની ખેતીની શરૂઆત ક્યારે અને કેમ થઈ તેના પુરાવા, અંદાજો, લોક માન્યતાઓ, દંત કથાઓ છે. હાલનો ભારત દેશ સ્વતંત્રતા પહેલા હિંદુસ્તાન (ભારત + પાકિસ્તાન + બાંગ્લાદેશ) તરીકે ઓળખાતું હતું. **હિંદુસ્તાનમાં ખજૂરી - ખારેકડીના વૃક્ષો પુરાણા સમયથી હતા તેવા પુરાવા 'મોહેન-જો-દરો'માંના (સિંધ - પાકિસ્તાન) હજારો વર્ષ પુરાણા અવશેષોમાં ખજૂરના બીજ (ઠળિયા) મળી આવ્યા છે.** જૂના સમયમાં હિંદુસ્તાન દેશ પર દુનિયાના અન્ય દેશોની નજર હતી. વારંવાર પરદેશી લશ્કરના હુમલા થતા હતા. મહાન ગ્રીક સેનાપતિ એલેકઝાન્ડરે (સિકંદરે) ઇ.સ. પૂર્વે ૩૨૬માં બાબીલોન (ઈરાક) દેશ જીતીને પર્સિયા (ઈરાન) થઈને હિંદુસ્તાન પર ચડાઈ કરી ત્યારે તેમના લશ્કરમાં આરબ સૈનિકો પણ હતા. તેમનો મુખ્ય ખોરાક 'ખજૂર' હોઈ સાથે લાવેલ. ખજૂર, એ જલદીથી બગડે નહિં તેવો ખોરાક છે. તેથી લશ્કરમાં, પ્રવાસમાં તેમજ રોજબરોજના વપરાશ માટે ઉપયોગ થતો અને થાય છે. ખજૂરનો ઉપયોગ થયા પછી સૈનિકો મારફતે તેના ઠળિયા સિંધુ નદીની ફળદ્રુપ જમીન અને નદીના પાણીમાં ભેજને લીધે ઊગીને યોગ્ય વાતાવરણ મળતાં ખારેકડીના ઝુંડો થયા. તેમાંથી પસંદગીની ખારેકડીમાંથી પીલા કાઢીને તેના વાવેતરો તે વિસ્તારમાં થયા, જેના પરિણામે આજે સિંધ, પંજાબ (પાકિસ્તાન) વગેરે વિસ્તારમાં ખારેકડીની મોટા પાયે ખેતી થઈ છે. આપણા (ધ્રબ - ઝરપરા ગામોની બધી ખારેકડીની સંખ્યા જેટલી ખારેકડી પાકિસ્તાનમાં એક જ ખારેકડીના બાગાયતદાર પાસે છે. હાલમાં પાકિસ્તાનનો ખજૂર ઉત્પાદનમાં ચોથો ક્રમ છે. પ્રથમ ઈજિપ્ત, બીજું ઈરાન, ત્રીજા ક્રમાંકે સાઉદી અરેબિયા છે.) સાતમી સદીમાં મોહમદ-બિન-કાસમના લશ્કરે પણ હિંદુસ્તાન પર ચડાઈ કરી હતી. સિંધના રાજવીરોએ પણ કચ્છ પર અનેક વખત લશ્કરી હુમલા કરેલ તેવો ઇતિહાસ પણ છે. સ્વતંત્રતા પહેલા કચ્છથી કરાંચી તરફ દરિયા માર્ગે તેમજ પગપાળા પણ જવાતું. વસ્તુઓની આયાત-નિકાસ પણ થતી હતી. આમ તે વિસ્તાર સાથે કચ્છની પ્રજાને વર્ષોથી નાતો (સંબંધ) હતો.

ભદ્રેશ્વરમાં આવેલ કબ્રસ્તાનમાંની પીર લાલશો બાજની કબરના પ્રાંગણની કબરો પર અરબી ભાષાના લખાણો - શિલાલેખો મુજબ **ઇ.સ. ૧૧૫૦થી ૧૨૨૯ દરમ્યાન ભદ્રેશ્વરી બંદર પર આરબોના વહાણોની અવરજવર હતી. જખૌ બંદર પર પણ આરબોના વહાણો આવતા તેવા પુરાવા છે.** આ લખનાર વર્ષો પહેલાં ખારેકના અભ્યાસાર્થે ઇરાક ગયેલ ત્યારે ત્યાંના બુઝુર્ગ આરબો સાથે ચર્ચા થતાં તેઓએ જણાવેલ કે અમો કચ્છના મુંદ્રા - માંડવી બંદરે વહાણ લઈને આવી ગયા છીએ.

ઇ.સ. ૧૬૦૦ના અરસામાં હિંદુસ્તાનના સર્વે મુસ્લિમોને હજ પઢવા (હજની યાત્રાએ) સાઉદી અરેબિયા જવા માટે મુંદ્રાને માંડવી બંદર પરથી વહાણમાં જવું પડતું અને પરત આવવું પડતું. પરત આવતી વખતે યાત્રાની પ્રસાદીરૂપે 'ખજૂર' લવાતી. આમ ખજૂરના બીજ આખા દેશમાં ફેલાયા હોય, પણ જ્યાં અનુકૂળતા હોય ત્યાંજ ઊગી નીકળ્યા. લોકવાયકા અને મુંદ્રાના શાહ બુખારી પીરની દરગાહના ખલીફા શ્રી નૌશાદમિયાંની સાથે ચર્ચા થયા પ્રમાણે 'બુખારા (તુર્કસ્તાન)થી શ્રી દરિયાઈ દુઆગીર હજરત શાહ મુરાદ પીર, કે જેઓ ત્યાંના અમીર હતા પણ તેમને રશિયાના ઝાર (રાજવી) સાથે વાંધો પડતાં, હજની યાત્રાએ ગયા. ત્યાંથી પોતાના વતનમાં જવાને

*મન જૂઠું બોલે, હૃદય કદી જૂઠું ન બોલે.*

બદલે તેઓ વહાણમાં મુંદ્રા બંદરે આવીને દરિયા કિનારે ઝૂંપડી બાંધીને વસવાટ કર્યો. તેઓ ચમત્કાર કરીને લોકોના દુઃખો દૂર કરતા. તેથી તેઓ ચમત્કારિક સંત તરીકે પ્રખ્યાત થયા. મુંદ્રાના વણિક શ્રી વર્ધમાન શેઠનું કિંમતી માલસામાન સાથેનું વહાણ દરિયામાં તોફાનમાં સપડાયાના સમાચારથી વ્યથિત થઈ, તેઓ આ સંત પાસે આવીને પોતાનું વહાણ બચાવી આપવા વિનંતી કરી. શ્રી સંતે પોતાના ચમત્કારથી વહાણ બચાવ્યું, તે થોડા દિવસો પછી મુંદ્રા પહોંચ્યું. તેમાં આવેલ ખજૂર લઈને શ્રી શેઠે શ્રી સંતને ચરણે ધરી. સંતની સાથેના તુર્કોએ પણ ખજૂર ખાધી ત્યારે તેમને તેમના વતનની અને ખજૂરની યાદ આવી. શ્રી સંતે ખજૂરના થોડા ઠળિયા આ તુર્કોને આપી આશીર્વાદ આપ્યા કે આ વાવશો તો આવી જ મીઠી ખજૂર ખારેક થશે. **આ તુર્કોએ મુંદ્રાની બાજુમાં ધ્રબ ગામમાં આ ઠળિયા વાવ્યા અને ત્યાં ખજૂર તો નહીં પણ તાજી ખારેક મીઠી મધુરી થઈ.** આ ગામમાંથી આજુબાજુના ગામોમાં ખારેકડી ફેલાઈ છે. આમ કચ્છમાં ખારેકડી કોઈક રીતે પ્રવેશી છે અને હવે અહીંની જ હોય તેમ બની રહી છે.

ધ્રબ ગામના સ્વ. શ્રી અબ્દુલકાદર ખાનાણી, સ્વ. શ્રી અલીમામદ જમાદાર, સ્વ. શ્રી યાકુબ ઈશાક તુર્ક, સ્વ.શ્રી લતીફ તુર્ક તેમજ શ્રી હુસેનભાઈ તુર્કનો પણ ધ્રબ (કચ્છ)ની ખારેક પ્રખ્યાત કરવામાં મોટો ફાળો છે. અગાઉ તેઓની સાથે આ લખનારની ચર્ચા થયેલ ત્યારે તેઓના જણાવ્યા પ્રમાણે જૂના સમયમાં ધ્રબમાં છૂટાછવાયા ખારેકડીના વૃક્ષો હતા પણ ધીમે ધીમે વાડીઓમાં વાવેતર થયું અને ગુણવત્તા સુધારવામાં આવી. તે સમયે ધ્રબમાં જમીનમાં પાણી તદ્દન ઉપર હતા. તેથી ઓછી પિયતે સારામાં સારી ખારેક થતી, તે આ લખનારે જાતે નિહાળેલ છે.

**ખારેકડીનું વર્ધન ત્રણ રીતે થાય છે : (૧) બીજ (ઠળિયા) વાવીને, (૨) ખારેકડીના પીલા વાવીને વાનસ્પતિક સંવર્ધન, (૩) ટીસ્યુ કલ્ચર્ડ રોપાથી.**

બીજ (ઠળિયા) વાવીને વાવેતર કરવાથી તેમાંથી થતા અડધાથી વધુ સંખ્યામાં નર વૃક્ષો અને બાકીના માદા વૃક્ષો થાય. પણ તે દરેકની ખાસિયતો, ગુણવત્તા અલગ હોય. (મનુષ્યની જેમ) આ પ્રથા દુનિયાભરમાં માત્ર કચ્છ જિલ્લામાં જ છે. જેના પરિણામે સારામાં સારી, અપ્રાપ્ય, રંગબેરંગી, સ્વાદિષ્ટ અને મીઠી ખારેક અને તદ્દન નબળી પણ થઈ છે, જેનું પ્રમાણ વધારે છે. આવી વિવિધતા અન્ય કોઈ દેશોમાં નથી, તેવું ખારેકના પરદેશી નિષ્ણાતોએ કબૂલ્યું. **તેમ છતાં ખારેકના ફળમાં બધા જ ૩૬ લક્ષણો ઉત્તમોત્તમ ખારેકડી હજી સુધી કચ્છમાં કે દુનિયાભરમાં પેદા થઈ નથી, આ કામ કુદરતનું છે.**

પીલા વાવેતરની પ્રથા પુરાણ સમયથી દુનિયાભરમાં છે. આ પદ્ધતિથી વાવેતર કરવાથી જેવા ગુણો જે વૃક્ષના હોય તેવી જ સો ટકા ગુણવત્તા પીલાથી ઉછરતા વૃક્ષમાં ઉતરી આવે છે. (TRUE TO TYPE) આ રીતે વાવેતર થવાથી દુનિયાભરમાં આજે ત્રણ હજારથી વધુ ખારેકની જાતો છે. દરેક દેશની જાતો ત્યાં પ્રખ્યાત છે, પણ દુનિયાભરમાં તાજી ખારેક માટે બરહિ (BARHEE), ખજૂર માટે મેજૂલ (MEDJOOL), ડેગલેટ નૂર (DEGLETNOOR) વગેરે જાતો પ્રખ્યાત છે.

આ લખનારે ખેડોઈના સ્વ.શ્રી મોબતસિંહ જાડેજા (દાદા) તથા શ્રી પોપટભા જાડેજા (કાકા) સાથે ચર્ચા કરેલ ત્યારે જાણવા મળેલ કે નાની ખેડોઈની પશ્ચિમે નદીમાં માલિકી ધરાવતા ખારેકના ઝુંડો હતા, તેમાં ભરાવદાર અને મીઠી મધુરી ખારેક થતી. પણ આવી મહામૂલી ખારેકને ખરીદનાર કોઈ ન હતું. આ ઝુંડમાંથી સારી જાતના ખારેકડીના પીલા કાઢીને મેમણોએ તેમની વાડીઓમાં વાવેલ. જેમાંના થોડાં વૃક્ષો આજે પણ હયાત છે.

તેરા (અબડાસા)ના પ્રગતિશીલ બાગાયતદાર શ્રી મહારાજે 'કોકો' નામની ખારેકડીનું વાવેતર પીલાથી કરીને પ્રખ્યાતિ મેળવી છે. કચ્છમાં આ એકમાત્ર આ ગામમાં વર્ષોથી પીલા પદ્ધતિથી ખારેકડીનું વર્ધન કરાય છે. બાકીના બધા વિસ્તારોમાં બીજ (ઠળિયા) વાવીને થયું છે.

ધ્રબના શ્રી હુસેનભાઈ તૂર્ક, ખારેકના બાગાયતદારના જણાવ્યા પ્રમાણે સ્વતંત્રતા પહેલાં પણ મુંદ્રાથી જામનગર વહાણમાં ખારેક બાગાયતદારો લઈ જતા. તેમને ત્યાં વધુ કિંમત ઉપજતી અને વધારામાં વટાવનો ફાયદો પણ થતો કારણકે જામનગરમાં રૂપિયાનું ચલણ અને કચ્છમાં કોરીનું (ચાંદીની) ચલણ હતું. (૧ રૂપિયો = ૩-૪ ચાંદીની કોરી ભાવ પ્રમાણે મળ્યા) મુંદ્રા તાલુકાના ગામોની ખારેક માંડવીની બજારમાં બળદ ગાડામાં, ઊંટ પર કે ગધેડા પર વેચવા લઈ જવાતી. સ્વતંત્રતા પહેલાં માંડવી શહેરની બજાર આખા કચ્છમાં મોટી હતી. ત્યાં અનાજ, રસકસ, સિમેન્ટ, ખજૂર, કાપડ વગેરેની આયાત અને નિકાસ થતી. **તે સમયે ભુજપુર ગામમાં (મુંદ્રા તાલુકો) પણ ખારેક, ફળફળાદિ, શાકભાજીના વેચાણ માટે બજાર પ્રખ્યાત હતું.**

સ્વતંત્રતા પહેલાં માંડવી એક ફળફળાદિના વેપાર માટે મોટું સ્થળ હતું. પણ હવે ફળફળાદિ, શાકભાજી અને ખાસ ખારેકની મોટી જથ્થાબંધ બજાર અંજારમાં છે. ત્યાં ગુજરાત, સૌરાષ્ટ્રના વેપારીઓ - દલાલો ખારેક ખરીદવા આવે છે અને અહીં પણ લાલ રંગની ખારેકના વધુ ભાવ ઉપજે છે, તેવું આ લખનારે તેમજ બાગાયતદારોએ અનુભવ્યું છે.

**કચ્છમાં ખારેકની સુધારણા માટેની પ્રથમ યોજના "ખારેક વિકાસ યોજના" ૧૯૫૮માં કચ્છ 'સી' સ્ટેટ હતું ત્યારે થઈ.** આ યોજનામાં પરદેશથી ખારેકના પીલા આવેલ, તેનું વાવેતર ખેડોઈનાં સરકારી ફાર્મમાં થતું. ગુજરાત રાજ્યના બાગાયત ખાતાએ કચ્છમાં 'ખારેક વિકાસ યોજના' ૧૯૮૦ના દાયકામાં શરૂ કરી. જેમાં ખારેકની સારી જાતના ઠળિયામાંથી ઉગાડેલ રોપા બાગાયતદારોને તદ્દન ઓછા ભાવે અપાયા. **ખારેક સંશોધન કેન્દ્ર - મુંદ્રામાં ૧૯૭૮ દરમ્યાન શરૂ થયું.** જેમાં પરદેશથી આવેલ ખારેકની વિવિધ જાતોના પીલાનું વાવેતર કરવામાં આવ્યું. જેમાં 'બરહિ' (BARHEE) જાત કચ્છના

*પરિવર્તન એ જીવનનો નિયમ છે. ભૂતકાળમાં રાચનારા અને વર્તમાનને સાચવનારાઓનું ભવિષ્ય ઉજ્જવળ હોતું નથી. – જ્હોન એફ કેનેડી*

હવામાનને વધુ અનુકૂળ જણાઈ. 'જીફ્રિડ' (GIFRID) જર્મન, ઈઝરાયેલ ફંડ ફોર રિસર્ચ ઇન ડેવલોપિંગ કન્ટ્રીઝ યોજના જખણિયા, તા. માંડવીની કિનુવાડીમાં શરૂ થઈ જેમાં પરદેશથી ખારેકના વિવિધ જાતોના પીલા તથા ટીસ્યુકલ્ચર રોપા ૧૯૯૬માં વવાયા. ઈઝરાયેલના ખારેકના વિશેષજ્ઞ પ્રોફેસર આમનોન ગ્રીનબર્ગ આ યોજનામાં ઘણી વખત કચ્છની મુલાકાતે આવેલ હતા. કચ્છની ખારેક જોઈને, ખાઈને ખુશ થયા અને નવાઈ પણ પામ્યા.

યુનાઈટેડ નેશન્સ ડેવલોપીંગ પ્રોગ્રામ (UNDP) ખારેકના નિષ્ણાતો ૧૯૭૮થી ૧૯૮૬ દરમ્યાન કચ્છની મુલાકાતે આવી ગયા. તેમાં ડૉ. શ્રોડર, બોટેનિસ્ટ, કેલિફોર્નિયા, પ્રોફેસર હમદ, પેલેસ્ટેનિયન, ડૉ. બેન્જામીન, પ્રોસેસીંગ નિષ્ણાત, ઈરાકથી ડૉ. યરલી, પ્લાન્ટ પેથોલોજિસ્ટ, મોરોક્કોથી વગેરે કચ્છની ખારેકની ખેતી જોઈને પ્રભાવિત થયા. આ યોજનામાં આ લખનાર સાઉદી અરેબિયા અને ઈરાકમાં ખારેકની ખેતીના અભ્યાસ માટે જઈ આવેલ હતા.

ખારેક સંશોધન કેન્દ્ર, મુંદ્રાનો પ્રથમ ખારેકના પીલાથી વાવેતરનો નિદર્શન પ્લોટ ૧૯૮૪માં ધ્રબના શ્રી જાબલ ઈશાક તુર્કની વાડીમાં તેમનીજ પસંદગીનાં ખારેકડીના પીલા ૮ x ૮ મીટરના અંતરે વાવેતર કરીને બાગાયતદારોને પીલા વાવેતર માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ જોઈને બાગાયતદારોએ ખારેકનું પીલાથી વાવેતર કરવાની શરૂઆત કરી. જેના પરિણામે આજે જાતવાર ખારેકડી કચ્છમાં જોવા મળે છે. ઈ.સ. ૧૯૬૦ના અરસામાં ધ્રબના સ્વ. શ્રી હાજી દાઉદ ઈશાક તથા સ્વ. શ્રી જાકબ ઈશાક તુર્ક ભાઈઓએ ખારેકના પીલાનું વાવેતર સફળતાપૂર્વક કરેલું પણ તે પછી આ પદ્ધતિથી વાવેતર કરવું વિસરાઈ ગયેલ, તે ૧૯૯૦ પછી ફરી શરૂ થયું.

આ લખનારે તેમજ ઇઝરાયેલના પ્રોફેસર આમનોન, ખારેકના નિષ્ણાતે કચ્છના બાગાયતદારોને તેમના બગીચામાં હલકી કક્ષાના તેમજ બિનઉપયોગી નર વૃક્ષોને કાઢી નાખવા સમજાવેલ. પણ તેનો અમલ વર્ષો સુધી ન થયો, પણ આ કામ ૯મી જૂન, ૧૯૯૮ના દિવસે વાવાઝોડાંએ થોડા કલાકોમાં જ કરી આપ્યું. તેમાં બિનઉપયોગીની સાથે સારી જાતના અને અપ્રાપ્ય ખારેકડીનો પણ નાશ થયો. આમ વિનાશ થયો પણ નવસર્જનનો માર્ગ બતાવ્યો. દુનિયાનો ઇતિહાસ જોઈએ તો કુદરતે અનેક હોનારતો સર્જી છે અને સર્જાઈ રહી છે, તેનાથી અત્યંત નુકસાની, જાનહાનિ વગેરે થાય પણ સાથોસાથ નવીનીકરણના માર્ગો પણ ખુલ્લા મુકાય છે. આ વાવાઝોડું ધરતીકંપથી કચ્છમાં નુકસાની થઈ પણ તે પછી નવસર્જન થયું. જો આ મુશ્કેલીઓ ન આવી હોત તો કચ્છનો ઝડપથી વિકાસ ન થયો હોત, તે હકીકત છે.

અંજાર તાલુકાના રતનાલ ગામે શ્રી પ્રવીણ ફાર્મમાં 'બરહિ' જાતની ખારેકના ટીસ્યુ કલ્ચર્ડ રોપા - ૫૦૦ તેમજ અન્ય જાતના ૧૦૦ જેટલા ઇ.સ. ૨૦૦૨ દરમિયાન સફળતાપૂર્વક ઉછર્યા અને ફાલ આપતા થયા. આ લખનારના ખારેકના બગીચામાં 'બરહિ' જાતના ખારેકડીની પૂરેપૂરી માવજત કરી, જેથી પરદેશી નિષ્ણાતો પણ આશ્ચર્ય પામ્યા. કચ્છમાં ઘણા ખારેકના પ્રદર્શનો પણ થયા, જેથી કચ્છમાં ખારેકની ખેતીનો સવિસ્તર પ્રચાર થયો.



*બરહિ ખારેકનો ફાલ*
*ફાલને વરસાદથી બચાવવા પ્લાસ્ટિકનું આવરણ.*

વાવાઝોડા પછી ખારેકડીના વૃક્ષોને જે નુકસાન થયું તે અસહ્ય હતું પણ બાગાયતદારોની હિંમત, કોઠાસૂઝ કામ આવી. તેઓએ સારી જાતની ખારેકના પીલા વાવીને વાવેતર વધાર્યા. ખારેકની 'બરહિ' જાત જે વિશ્વભરમાં તાજી ખારેક તરીકે જાણીતી છે, તેનાં વાવેતરો કચ્છમાં કરવા વડીલ શ્રી કાંતિસેન શ્રોફે બીડું ઝડપ્યું. તેઓએ ઇઝરાયેલના ખારેક નિષ્ણાતોની સલાહ લઈ આ જાતનું વ્યવસ્થિત નવસર્જન માટે આયોજન વિચાર્યા, જેના પરિણામે કચ્છમાં ખારેક વાવેતર, વેચાણ વગેરે માટેની કંપનીઓ અસ્તિત્વમાં આવી. કચ્છ ક્રોપ સર્વિસીસ લિમિટેડ (K.C.S.L.) - ગજોડ, તા. ભુજ અને કચ્છ ડેટ્સ ડેવલોપમેન્ટ કન્સોર્ટિયમ (K.D.D.C.) - ભુજ સ્થપાઈ. જેના પરિણામે આજે કચ્છમાં ૨૫૦ એકરમાં ૩૫,૦૦૦ જેટલી 'બરહિ' જાતની ખારેકડી છે અને ૧-૨ હેક્ટરથી કરીને ૪૦ હેક્ટર સુધીના બગીચા કચ્છમાં અસ્તિત્વમાં આવ્યા છે.



*કચ્છની દેશી ખારેક*

**મુંદ્રામાં ખારેકની ટીશ્યુ કલ્ચર લેબોરેટરી સ્વ. શ્રી સુમતિચંદ્ર મહેતા (સફારી બેગવાળા)એ 'જન્મભૂમિ ગ્રૂપ'ના**

*કામથી ભાગશો તો કામનો ઢગલો થશે, કામને આનંદ ઉત્સાહથી સ્વીકારવું એજ લાભમાં છે.*

**સહકારથી શરૂ કરી, જેના પરિણામે કચ્છની પ્રખ્યાત અને અપ્રાપ્ય ખારેકડીના રોપા તૈયાર થયા છે.**

કચ્છના ખારેક ઉગાડતા બાગાયતદારોનું કોઈ સંગઠન ન હતું, જે વાવાઝોડા પછી 'ડેટ ગ્રોઅર્સ એસોસિએશન' મુંદ્રામાં સ્થપાયું, પણ હજી કોઈ નક્કર કામગીરી થઈ શકી નથી.

ઝરપરા કચ્છના નાના બાગાયતદાર શ્રી નારાણ લધા ગઢવી કે જેમના દિલમાં ખારેકડીની લગની અને જે કોઠાસૂઝ હતી તેનાથી પ્રભાવિત થઈને ઈઝરાયેલના ખારેક નિષ્ણાત પ્રોફેસર ખુશ થઈને તેમને ખારેકની પ્રત્યક્ષ ખેતીના અભ્યાસ માટે આમંત્ર્યા. જેથી ગઢવી ત્યાં અભ્યાસ કરી કચ્છ પરત આવ્યા.



*કચ્છની દેશી લાલચટક ખારેક*

કચ્છમાં ખારેકડીની ખેતીના ભવિષ્યના લાભો જોઈએ તો — અગાઉ એમ મનાતું કે કચ્છનો સૂકો રણ વિસ્તાર, વરસાદ અનિયમિત અને પ્રમાણમાં ઓછો પડે, તેવો દુકાળિયો પ્રદેશ ગણાતો. અહીં જ ખારેકની ખેતી થઈ શકે, ભારતભરમાં બીજા કોઈ પ્રદેશમાં ખારેકની ખેતી વ્યાપારિક ધોરણે થતી ન હતી. તેથી કચ્છની ખારેકની ખેતીમાં એકહથ્થુતા (મોનોપોલી) ગણાતી. **પણ હવે રાજસ્થાન રાજ્યમાં મોટેપાયે ખારેકડીની ખેતી ટીશ્યુકલ્ચર્ડ રોપા વાવીને શરૂ થઈ છે. તામિલનાડુ રાજ્યમાં પણ ખારેકડીના વાવેતરો સફળતાપૂર્વક થયા છે, તેનો આ લખનારને જાત અનુભવ છે.** ત્યાં કચ્છ કરતાં પણ વધુ અનુકૂળતા જણાઈ છે. ત્યાં વરસાદ ભાદરવા માસ (ઓક્ટોબર) પછી થાય છે. આમ ખારેકનો ફાલ ઉતરી જાય પછી વરસાદ પડે તેવી હાલની પરિસ્થિતિ છે. જ્યારે કચ્છમાં ખારેકના વાવેતરોની વચ્ચે કારખાનાઓની વણઝાર, હવા અને જમીનના પ્રદૂષણના લીધે હવામાન બદલાઈ જાય તો તેમજ અતિ વરસાદથી ખારેકનું ભવિષ્ય ધૂંધળું દેખાય છે. હાલમાં પણ વરસાદના નુકસાનથી બચવા કાચી - પાકી ખારેકના ફળો ઉતારી વેચાયા છે. જેથી ગુણવત્તા બરાબર રહેતી નથી.

કચ્છમાં ધરતીકંપ પછી વરસાદનું પ્રમાણ વધ્યું છે અને આ વર્ષે (૨૦૧૦) સરેરાશ કરતાં બે-ત્રણ ગણો વરસાદ થયો છે. હવામાન ખાતાના વરતારા મુજબ પશ્ચિમ ભારતના વિસ્તારોમાં (કચ્છ, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરિયાણા વગેરે) ૫૦થી ૧૦૦ વર્ષ દરમ્યાન ૧૨૫૦-૨૫૦૦ એમ.એમ. (૫૦થી ૧૦૦ ઈંચ) વરસાદ થઈ શકે છે તેવી સંભાવના છે. આ વર્ષે જે અનુભવ થયો તેવું દર વર્ષે થાય તો કચ્છમાં ખારેકડી ઉછેરીને ફાલ ઉતારવો મુશ્કેલ પડે કારણકે ભારે અને સતત વરસાદથી ખારેકના ફાલની ગુણવત્તા બગડે અને બગડીને ફળો ફાટી જાય તો ઉપયોગ લાયક રહે નહિં. આ વર્ષે ભારે વરસાદ પડ્યો. તેથી બાગાયતી પાકોમાં આવતા વર્ષે ફાલમાં પણ અસર બતાવશે, જેની નોંધ લેવી રહી. **ભવિષ્યમાં કચ્છમાં ખેતીના અને બાગાયતી પાકો બદલવા પણ પડે.**

કચ્છમાંનો મુંદ્રા તાલુકો તેમાં પણ ધ્રબ - ઝરપરા તેમજ અંજાર પાસેનો ખેડોઈ વિસ્તાર ખારેકડીની ખેતી માટે પ્રખ્યાત હતો. આ ગામો ઉદ્યોગોથી ઘેરાઈ ગયા છે. તેથી જમીનના ભાવ આસમાને પહોંચ્યા છે. ખેતમજૂરો ઉદ્યોગ મજૂરો થયા છે, તેથી ખારેકડીમાં કામ કરવા કોઈ તૈયાર નથી. જમીનમાં પાણી ઊંડા ગયા અને ખારા પણ થયા. તેથી ખારેકડીની ખેતી મુશ્કેલ બની રહી છે. **બાગાયત ખાતાના અહેવાલ મુજબ હાલમાં કચ્છમાં ૧૬,૫૦૦ હેક્ટર વિસ્તારમાં ખારેકના બગીચાઓ છે.** જેમાં 'બરહિ' જાતની ખારેકનો ૨૫૦ હેક્ટરનો વિસ્તારનો સમાવેશ થઈ જાય છે. એકસો એકર (૪૦ હેક્ટર) જેવડા મોટા 'બરહિ' જાતના ખારેકડીના બગીચાઓ કચ્છમાં અસ્તિત્વમાં આવ્યા છે, પણ ભવિષ્યમાં શું થશે તે જોવું રહ્યું. ■

*સ્વાર્થની ટૂંકી માનસિકતા છોડી પરોપકાર કરો.*

# આવતી પેઢી માટેની મજબૂત ઔદ્યોગિક સંસ્કૃતિનું નદી પરિવાહ (રિવર બેઝિન) પર નિર્માણ
# રુકમાવતી રિવર બેઝિન કેસ સ્ટડી

• કાંતિસેન શ્રોફ •

*કચ્છને નર્મદા નદીના સિંચાઇના નિયમિત પાણી ૦.૫ એમ.એ.એફ અને વધારાના પાણી ૧.૦ એમ.એ.એફ ફાળવવામાં આવેલ છે. ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીના પ્રોજેક્ટની કિંમત અંદાજિત રૂા. ૩૦૦૦ કરોડ થવા જાય છે. જ્યારે ૧.૦ એમ.એ.એફ વધારાના પાણીના પ્રોજેક્ટની કિંમત અંદાજિત રૂા. ૩૫૦૦ કરોડ જેટલી થવા જાય છે. ટોટલ ૧.૫ એમ.એ.એફ. પાણી કચ્છના ખેતરે ખેતરે પહોંચાડવાના હોય તો તે માત્ર ૧૨ લાખ એકર જેટલી જમીનમાં પહોંચી શકે અને તે પ્રોજેક્ટની ટોટલ કિંમત રૂા. ૬૫૦૦/- કરોડ જેટલી થવા જાય.*

*તેની સામે મુરબ્બી શ્રી કાંતિસેનભાઇ શ્રોફની વાત એવી છે કે કચ્છમાં જે સરેરાશ ૧૪" વરસાદ પડે છે તે પાણીનું ટીપેટીપું ભેગું કરી જમીનની ઉપર સંગ્રહવામાં આવે અથવા તો જમીનની અંદર ઉતારી દેવામાં આવે તો તે પાણીનો જથ્થો ૫.૫ એમ.એ.એફ જેટલો થઇ શકે.*

*આ પાણી સંગ્રહવાનો કે જમીનમાં ઉતારી દેવાનો ખર્ચ રૂા. ૬૫૦૦/- કરોડ કરતાં ઘણો જ ઓછો થાય અને તે કચ્છની મોટાભાગની જમીનને આવરી લે. તો પછી આપણે નર્મદાના ૧.૫ એમ.એ.એફ. પાણી પર આધાર રાખવાના બદલે આપણા પોતાના ૫.૫ એમ.એ.એફ. પાણી પર આધાર કેમ ન રાખીએ?*

*તેઓશ્રી એટલું કહીને બેસી નથી રહ્યા. આ માટે જાતે આયોજન શરૂ કરી દીધેલ છે. "તારી જો હાક સુણી કોઇ ના આવે તો એકલો જાને રે" વાળી કાવ્ય પંક્તિનો અમલ માત્ર અને માત્ર પોતાના ગ્રૂપને સાથે રાખીને શરૂ કરેલ છે.*

*કચ્છમાં હાલે ૯૨ નદીઓ અસ્તિત્વ ધરાવે છે. તેમાંની એક રુકમાવતી નદીનો પ્રોજેક્ટ તેઓશ્રીએ હાથ પર લીધેલ છે અને રુકમાવતી વોટર બેસિનમાં પોતાની કાર્યવાહી શરૂ કરીને ૧,૫૦,૦૦૦ એકર જેટલી જમીનના વિસ્તારને આવરી લેવામાં આવેલ છે કે જેની પાછળ ટોટલ અંદાજિત રૂા. ૨૦ કરોડના ખર્ચની ધારણા છે. આ પાણીથી આ જમીનમાં પાક લઇ શકાય છે.*

*'મંગલ મંદિર' તેના તમામ વાચક વર્ગને અપીલ કરે છે કે આપણે સહુ તન, મન અને ધનથી મુરબ્બી શ્રી કાંતિસેનભાઇ શ્રોફને તેમના કાર્યોમાં પૂરેપૂરો સહયોગ આપીએ કે જેથી આપણે આપણી માતૃભૂમિ કચ્છને શક્ય જલદી નવપલ્લવિત થતી જોઇ શકીએ. કચ્છને નંદનવન બનાવી શકીએ. કચ્છની મોટાભાગની પ્રજા ગરીબીમાંથી બહાર આવી શકે.*

*અગર કચ્છની પ્રજા આ કાર્યમાં સફળતા હાંસલ કરી શકશે તો તે સમગ્ર ગુજરાત, ભારત અને સમગ્ર દુનિયા સમક્ષ એક દૃષ્ટાંત બની શકશે.*

*– મુખ્ય તંત્રી*

આ દાયકાની સળગતી સમસ્યાઓની વાત કરીએ તો આજે વરસાદ અનિયમિત અને અનિશ્ચિત બનતો જાય છે. પરિણામે ક્યાંક દુષ્કાળ તો ક્યાંક પૂર જેવી સ્થિતિ સર્જાઇ છે. ખેતી ઉપરના જોખમો વધતાં જાય છે. નાના ખેડૂતો વધુને વધુ ગરીબ બનતા જાય છે, જમીનની ગુણવત્તા બગડતી જાય છે, જૈવિક વિવિધતા જોખમાઇ રહી છે. ભૂગર્ભ જળની સપાટી સતત નીચે જતી રહે છે. દરિયાની સપાટી વધી રહી છે.

મનુષ્યના જીવન ધોરણને લઇને સમસ્યાઓ જોવા મળી રહી છે. ખાવા પીવાની વસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે અને જેના પરિણામે ફુગાવો સતત વધતો જાય છે. કુપોષણ અને સ્વાસ્થ્યની સમસ્યા ગંભીર બની છે. આજના વિકાસનો અંદાજ માત્ર જી.ડી.પી.નો આધાર લેવાય છે જેમાં કેટલીક પાયાની બાબતો છૂટી જાય છે. સામાજિક અને પરિસ્થિતિકીય મૂલ્યોને વિકાસની બાબત ધ્યાને લેવાતી નથી. ચારિત્ર્ય અને સંસ્કારિકતાના મૂલ્યોની અવગણના થઇ રહી છે.

આ બધી સમસ્યાઓનું સમાધાન ક્યાં મળશે? સમાધાન આપણને માત્ર અને માત્ર ગ્રામીણ વિસ્તાર, વરસાદ આધારિત વિશાળ ખેત વિસ્તાર, નાના ખેડૂતો, જમીન અને પાણીનો વ્યવસ્થાપન તથા પાક, ઘાસ અને વૃક્ષો જેની બારેમાસની પેદાશોમાંથી મળશે.

*હે મારી પૃથ્વી માતા :*

*"મનુષ્યની ઉત્પત્તિ તારી ઉપર થઈ છે. મનુષ્ય અને પ્રાણીઓને તેં સહયોગ આપ્યો છે. વૃક્ષો અને નાના છોડ તારી ઉપર મજબૂત*

*જે આકર્ષક અને સુંદર છે તે હંમેશાં શ્રેષ્ઠ નથી હોતું, પરંતુ જે શ્રેષ્ઠ છે તે હંમેશાં સુંદર હશે.*

*રીતે ઊભા છે. સમુદ્ર, નદીઓ અને અન્ય પાણીનો સંગ્રહ તારી સપાટી ઉપર મળે છે. જંગલી પશુ તારી ઉપર વિચરણ કરી રહ્યા છે. પક્ષીઓ તારી ઉપર મુક્ત રીતે ઊડી રહ્યા છે. ડુંગરો, ટેકરીઓ અને ઘનઘોર જંગલો તારી ઉપર ઊભા છે. ઘઉં અને જવ તારી ઉપર મળી આવે છે. સોના જેવી મૂલ્યવાન ધાતુઓ અને કિંમતી ખનીજ તારી પાસેથી મળે છે. શિયાળા, ઉનાળા અને ચોમાસા જેવી ઋતુઓ તારી ઉપર થઈ જાય છે. પરાગરજનો છંટકાવ કરતા પતંગિયાઓ એક વૃક્ષથી અન્ય વૃક્ષ પર ભળી રહ્યા છે. હે પૃથ્વી, તું મારી માતા છો હું તારો બાળક છું."* **- અથર્વવેદ**


આ રીતે પૃથ્વી આપણી માતા છે અને આ માતાની ગોદમાં વિચરતી આ જીવસૃષ્ટિ માટે દરેક જીવને પોતાની જરૂરિયાતનું બધું જ મળી રહે છે પરંતુ વિકાસની દોડમાં માનવી દિવસે દિવસે કુદરતી સંશાધનોને વાપરતો જાય છે. પરિણામે કેટલીક ગંભીર સમસ્યાઓ સર્જાઇ છે. અનિયમિત વરસાદ, દુષ્કાળોની પરંપરા, ખેતી ઉપર વધતાં જોખમો, જમીનનો બગાડ, પર્યાવરણનો નાશ, આવી અનેક માનવસર્જિત આપત્તિઓ વધી રહી છે અને આની વિપરીત અસરથી તંદુરસ્ત અને ટકાઉ સમાજ વ્યવસ્થા ખોરવાઇ રહી છે.

પૃથ્વીનું વાતાવરણ સતત પ્રદૂષિત થતું જાય છે. આજે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ ૨૮૦ P.P.M.થી વધીને ૩૮૦ P.P.M. ઉપર પહોંચ્યું છે. આપણી માતા પૃથ્વીને બચાવવા અને સમગ્ર જીવસૃષ્ટિની સુખાકારી માટે પ્રકાશ સંશ્લેષણ (ફોટો સિન્થેસીસ)ની પ્રક્રિયાથી આ વધતા જતા $CO_2$ના પ્રમાણને મૂળ સ્થિતિમાં લાવવું પડશે. જેમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયાને ઉદ્યોગના સ્વરૂપે લેવું પડશે. પરંતુ આ બધી બાબતોના પાયામાં શુદ્ધ જળની ઉપલબ્ધિ અનિવાર્ય છે જે માટે હાથવગો અને સક્ષમ ઉપાય છે નદીઓ તરફ પાછા વળવાનો પ્રકલ્પ.

કુદરત વરસાદ દ્વારા જે પાણી આપે છે તે પાણીનું ટીપે ટીપું સંગ્રહીને તેના મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ દ્વારા જળક્રાંતિ રેલાવીને નદીઓ અને તેની આસપાસના વિસ્તારોને નવપલ્લવિત કરવાની આ એક વિશાળ અને લાંબાગાળાની ક્રાંતિકારી કામગીરી છે. **આ ખૂબ જ આશાસ્પદ અને મહત્વાકાંક્ષી કાર્યક્રમને વ્યાપક બનાવતા પહેલાં પ્રારંભિક ધોરણે કચ્છની રુકમાવતી નદીને પુનઃજીવિત કરવાનું આયોજન હાથ ધરાયું છે, જેમાં કચ્છના નનામા ડુંગરથી નીકળીને માંડવીના સાગરમાં મળતી આ નદીના બન્ને કાંઠાના વિસ્તારમાં ૪૬ જેટલાં ગામો આવરી લેવાયા છે.**

અહીં આપણે વાત કરીએ છીએ નદી પરિવાહ (રિવર બેઝિન)ની જે પૃથ્વી સપાટી ઉપરનો એક વિસ્તાર છે કે જ્યાં વરસાદ સ્વરૂપે આવતા પાણી નાના વોકળાઓ રચીને એ નદીનું સ્વરૂપ લે છે અને છેલ્લે એક મોટી નદી બનીને સમુદ્રમાં મળી જાય છે. ટૂંકમાં એક નદી ઉપર આવતા નાના નાના વોટરશેડના સરવાળાને નદી જળ પરિવાહ (રિવર બેઝિન) કહી શકાય. ઇન્ટિગ્રેટેડ રિવર બેઝિન મેનેજમેન્ટ (IRBM)ના નામે કાર્યરત આ પ્રકલ્પના જળ પરિવાહ વિસ્તારનાં લોકો સ્વાવલંબી બનીને વિકાસ સાધી શકે તે પ્રકારની જળ, જમીન, જાનવર, જન અને જંગલોના વિકાસ માટે સંકલન, સંરક્ષણ અને વ્યવસ્થાપનની પ્રક્રિયા હાથ ધરવાની પ્રક્રિયા તેના પાયામાં છે.

**આ કાર્ય માટે વી.આર.ટી.આઇ. માંડવી છેલ્લા એક વર્ષથી ભુજ અને માંડવી તાલુકાના ૪૬ ગામોનો વિસ્તાર ધરાવતા રુકમાવતી નદીનાં જળ પરિવાહને મોડેલ તરીકે લઇને છેલ્લા એક વર્ષથી વૈજ્ઞાનિક ઢબે પદ્ધતિસરના આયોજનની પ્રક્રિયા શરૂ કરેલ છે.** સમગ્ર યોજનાની વિગતે માહિતી જોઇએ તો આ પ્રમાણે છે :




*અસફળતાનું વાતાવરણ સફળતાનું બીજ રોપવા માટેનો સર્વશ્રેષ્ઠ સમય છે.*

## રુકમાવતી નદી જળ પરિવાહની સામાન્ય માહિતી :

| | | |
|---|---|---|
| ★ | કુલ ગામ | : ૪૬ |
| ★ | વિસ્તાર | : ૫૯૦૭૫ હેક્ટર |
| ★ | વસતિ | : ૧,૦૮,૦૩૩ |
| ★ | કૃષિ વિસ્તાર | : ૩૩,૪૭૩ હેક્ટર |
| ★ | પિયત વિસ્તાર | : ૧૦,૨૬૮ હેક્ટર |
| ★ | ખેતીલાયક પડતર વિસ્તાર | : ૫,૬૪૯ હેક્ટર |
| ★ | જંગલ ખાતાની જમીન | : ૪,૨૮૨ હેક્ટર |
| ★ | અન્ય પડતર, રોડ અને ગામતળ જમીન | : ૧૫,૬૭૧ હેક્ટર |

● **યોજનાનો ઉદ્દેશ્ય અને હેતુઓ :**

ભૌગોલિક અને ભૂગર્ભની દૃષ્ટિએ વૈવિધ્ય ધરાવતા કચ્છ જેવા સૂકા અને અર્ધસૂકા વિસ્તારમાં રિવર બેઝિન મેનેજમેન્ટનું નીચેની બાબતોને લક્ષમાં રાખીને નમૂનારૂપ કાર્ય કરી રહ્યા છીએ.

❑ બેઝિન વિસ્તારના જળ, જમીન અને ઝાડ જેવા કુદરતી સંશાધનની ક્ષમતા અંગે સમજ મેળવીને એ વિસ્તારના લોકોને તેની સમજણ આપી રહ્યા છીએ.

❑ બેઝિન વ્યવસ્થાપનની સમસ્યાઓ અને પડકારોને સમજી રહ્યા છીએ.

❑ બેઝિનની સમસ્યાઓને ધ્યાનમાં લઈને હાલની સામાજિક-આર્થિક પરિસ્થિતિની સમજણ કેળવી રહ્યા છીએ.

❑ સંશાધનોના વ્યવસ્થાપન માટે લોકો દ્વારા ચાલતી એક વિકેન્દ્રિત વ્યવસ્થાતંત્ર ઊભું થઈ રહ્યું છે.

● **બેઝિનની લાક્ષણિક્તાઓ અને સમસ્યાઓ :**


❑ બેઝિન વિસ્તારમાં વચ્ચેના (મધ્યમ) ભાગમાં મધ્યમ સિંચાઈ યોજના હેઠળ વિજયસાગર સિંચાઈ ડેમ અને અન્ય નાના નાના તળાવો આવેલા છે જેમાંથી લિફ્ટ ઈરિગેશન થાય છે. પરંતુ મોટા ભાગનો વિસ્તાર ભૂગર્ભ જળ આધારિત છે અને મોટાભાગના પિયત વિસ્તારમાં ખેડૂતો પોતાના બોરવેલ ધરાવે છે.

❑ આ વિસ્તારમાં વધુ પડતા ભૂગર્ભ જળના ખેંચાણથી પાણીના સ્તરો સતત નીચે જાય છે જેના પરિણામે સિંચાઈના કાંઠાળ વિસ્તારમાં ખારાશ વધતી જાય છે. પીવાના પાણીની ગુણવત્તા સતત બગડતી જાય છે, જમીનની ગુણવત્તા બગડી રહી છે તથા પાકની ઉત્પાદકતા સતત ઘટતી જાય છે.

❑ આ ઉપરાંત માનવીય રીતે પણ કેટલીક સમસ્યાઓ છે. તેમાં ભૂગર્ભ જળની ક્ષમતા અંગે સમજણનો અભાવ, વધુને વધુ પાણી ખેંચવાનો અભિગમ, અસમાન જમીન વહેંચણી તથા સંગઠનનો અભાવ જોવા મળે છે.

❑ આ સમસ્યાઓના સમાધાન માટે રુકમાવતીના બેઝિન વિસ્તારમાં એટલે કે ૧.૫ લાખ એકર વિસ્તારમાં ૧૨ ઈંચ વરસાદ (૧ ફૂટ) ગણીએ તો પણ ૧.૫ લાખ એકર ફૂટ પાણી આ બેઝિન વિસ્તારમાં ચોમાસામાં મળે છે. તેને વ્યવસ્થિત રીતે સાચવીએ તો કુદરત તરફથી મળતી આ મૂલ્યવાન ભેટ (વરસાદી પાણી)ને સાચવીને વિસ્તારના લોકોની સુખાકારી વધારી શકાય તે હેતુસર વી.આર.ટી.આઈ દ્વારા આ કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

**રુકમાવતી નદી જળ પરિવાહ**




● **અભિગમ અને પદ્ધતિ :**

❑ આ કાર્યક્રમના મુખ્ય ત્રણ તબક્કા છે : (૧) આયોજન, (૨) અમલીકરણ અને (૩) વ્યવસ્થાપન.

❑ સંકલન અને સહભાગિતા, એ આ કાર્યક્રમનો મુખ્ય અભિગમ છે.

❑ આ વિસ્તારના લોકોને તાલીમ આપીને તેની ક્ષમતામાં વધારો કરીને વ્યવસ્થાપન માટે ગ્રામ્ય સ્તરે સંગઠનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જે ભવિષ્યના વિકાસનાં કાર્યો અને વ્યવસ્થાપન માટે સજ્જ થશે.

● **આયોજન તબક્કો :**

❑ વિસ્તારના વિકાસ માટેના આયોજન માટે ૧૬ જેટલા સ્થાનિક યુવાનો પસંદ કરીને તેમને સઘન તાલીમ આપવામાં આવી.

*જે લોકો બીજાની ભલાઈ કરવાનું કાર્ય શરૂ કરે છે ત્યારે તેના ભલા માટે વિશ્વની સર્વ વસ્તુઓ કામ કરે છે. – જલારામ.*

- સમગ્ર વિસ્તારના નકશા તૈયાર કર્યા (બેઝમેપ, લેન્ડયુઝ મેપ, વોટર રિસોર્સ મેપ, જિયોલોજિકલ મેપ વગેરે)
- જુદા જુદા ગ્રૂપો તૈયાર કર્યા. જેમાં સ્વસહાય જૂથો, વોટર યુઝર ગ્રૂપ, ઉત્પાદક અને વપરાશ કર્તાના જૂથો, કિચન ગાર્ડન જૂથો, યુવાનોના જૂથો, પશુપાલકોના ગ્રૂપો, ખેડૂત ગ્રૂપો વગેરેનો સમાવેશ થાય છે.
- આ વિસ્તારમાં જમીન, પાણી, ખેતી, પશુપાલન, ફૂડ અને ફોડર વિશે સર્વે કરવામાં આવ્યો. જેનું પૃથક્કરણ કરીને ગામ પ્રમાણે માંગ અને પુરવઠાનો અભ્યાસ હાથ ધરેલ છે.
- સમગ્ર બેઝિનમાં આવેલ સપાટી જળસ્રોતોનો અભ્યાસ કરીને દરેક સ્ટ્રક્ચરની હાલની સ્થિતિ જાણીને તેના વ્યવસ્થાપન અને વિકાસ માટેનું આયોજન થઇ રહ્યું છે. જેના પરિણામે ૨૮,૦૦૦ મિલિયન ઘનફૂટ જેટલા સપાટી જળસ્રોતોનું પદ્ધતિસરનું વ્યવસ્થાપન લોકો દ્વારા થાય તેવા પ્રયત્નો થઇ રહ્યા છે.

**● અમલીકરણ તબક્કોઃ**

- આયોજનની સાથે સાથે જ્યાં શક્ય બન્યું ત્યાં અમલીકરણની પ્રક્રિયા પણ શરૂ કરેલ છે, જેમાં સરકારશ્રીની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ અન્ય સ્થાનિક સંસ્થાઓનો સહકાર લઇને બેઝિન વિસ્તારમાં કુલ ૫૧ ચેકડેમ તૈયાર કરવાનું આયોજન થયું. જે માટે સર્વે અને એસ્ટિમેટનું કામ પૂર્ણ કરીને સરકારશ્રીની મંજૂરી પણ મેળવી લેવામાં આવી. જેનાથી આ વર્ષના ચોમાસા પહેલાં ૧૮ ચેકડેમનું કાર્ય પૂર્ણ થયું. સદનસીબે સારા વરસાદના પરિણામે ૨૫ ઘનફૂટ જેટલું પાણી સંગ્રહ થયું. અન્ય ચેકડેમોનું કામ પણ શરૂ થઇ ગયેલ છે જે ટૂંક સમયમાં પૂર્ણ થશે.

**● પ્રકલ્પની લાંબાગાળાની સંભવિત અસરો અને દેખાઇ રહેલાં પરિણામો :**

- બેઝિન વિસ્તારમાં પાણી સંગ્રહ માટેના ચેકડેમ બનવાથી આજુબાજુના વિસ્તારમાં ૧ મીટર થી ૮ મીટર સુધી પાણીના સ્તરો ઉપર આવ્યા છે તથા ૧૯૦ થી લઇને ૬૦૦૦ જેટલા ટી.ડી.એસ.માં ઘટાડો થયો છે જેનાથી સારું પાણી મળતાં ખેત ઉત્પાદનમાં વધારો થશે. આ ઉપરાંત જમીનમાં ભેજ વધતાં બેઝિન વિસ્તાર લીલોછમ બન્યો છે અને આવતા વર્ષ સુધી લીલોતર જળવાઇ રહેશે.
- **બેઝિન વિસ્તારમાં દુષ્કાળ નિવારણ કાર્યક્રમ હેઠળ કેટલાક ગામોમાં પશુપાલકોના જૂથો બનાવીને તેને નેશનલ ડેવલપમેન્ટ બોર્ડની ડેરી સાથે જોડવામાં આવેલ છે જેનાથી તેમને દૂધના ભાવ ૧૨ થી ૧૩ રૂા. ને બદલે રૂા. ૨૦ થી ૨૨ મળતો થયો છે.** હાલે ૧૫,૦૦૦ લીટર જેટલું દૂધ લોકો ભરાવે છે અને તેની આવકમાં વધારો થયો છે. સાથોસાથ લોકોની ભાગીદારીથી ખાણદાણ કેન્દ્રો પણ શરૂ થયા છે અને પશુ સારવારની સગવડ પણ મળતી થઇ છે પરિણામે પશુપાલનનો વ્યવસાય દિવસે દિવસે સમૃદ્ધ થતો જોવા મળે છે.
- એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ (આત્મા) અંતર્ગત દરેક ગામમાં ખેડૂત જૂથ રચવાની કામગીરી શરૂ થયેલ છે જેમાં ખેડૂતોને તાલીમ, ડેમોન્સ્ટ્રેશન પ્લોટ, પ્રેરણા પ્રવાસો વગેરે હાથ ધરીને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ ખેતીને વધુ ઉત્પાદક બનાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે.
- યુનિસેફના કાર્યક્રમ હેઠળ આ વિસ્તારના બાળકો ભણતા થાય, બાળ મજૂરી અટકે અને શિક્ષણનો વ્યાપ વધે તે માટે આ વિસ્તારના યુવાનોમાંથી સ્વયંસેવકો તૈયાર થઇ રહ્યા છે તથા કિશોરી જૂથો બનાવીને તેની તાલીમો પણ શરૂ કરેલ છે જેનાથી ભવિષ્યમાં દરેક કામમાં મહિલાઓની ભાગીદારી મળી રહે.
- વી.આર.ટી.આઇ. અને એગ્રોસેલ દ્વારા આ વિસ્તારના ખેડૂતોને પોતાની ખેત પેદાશોનું વધુ ઉત્પાદન મળે, ખેતીના ઇનપુટ સસ્તા ભાવે મળી રહે અને ઉત્પાદનના વેચાણની વ્યવસ્થા મળી રહે જેથી ખેડૂતને સારા ભાવ મળે તે માટે આ વિસ્તારના ૫૦૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો સાથે મળીને આયોજન થઇ રહ્યું છે.

**● વ્યવસ્થાપન તબક્કો :**

રુકમાવતી રિવર બેઝિન વિસ્તારમાં ગામ પ્રમાણે લોકોની જરૂરિયાત સમજીને પદ્ધતિસરનું સૂક્ષ્મસ્તરે આયોજન કરીને તેનું અસરકારક રીતે અમલીકરણ કરવાની સાથોસાથ આ વિસ્તારના લોકોમાંથી એવી સમિતિઓ તૈયાર થશે જે ભવિષ્યના આયોજન અને વિકાસ માટે વ્યવસ્થાપકની ભૂમિકા ભજવશે તથા સંયુક્ત રીતે ઊભી થયેલી મિલકતો (દા.ત. ચેકડેમ, તળાવ)ની જાળવણી અને મરામતની જવાબદારી પોતે લેશે.

**● સારાંશ :**

આમ, રુકમાવતી રિવર બેઝિનના ૪૬ ગામોનો વિસ્તાર પીવાનું પાણી, ખેતી માટેનું પાણી, ખોરાક માટે પૂરતું અનાજ, પશુપાલન માટે સારવાર, ખાણદાણ, ઘાસચારો, પાણી વગેરે બાબતે સંપૂર્ણ સ્વાવલંબી બને. બાળકોનો શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુખાકારીની સગવડો સ્થાનિકે ઊભી થાય અને લોકો ગામડામાં સમૃદ્ધ જીવન જીવતા થાય જેથી શહેરો તરફની દોડ ઘટે અને ઝૂંપડપટ્ટીથી ઊભરાતા શહેરોમાં ધસારો ઓછો થાય અને સાથે સાથે પર્યાવરણને સ્વચ્છ બનાવતું હરિયાળું વાતાવરણ બને તે માટે માંડવીની રુકમાવતી નદી ઉપર ઇન્ટિગ્રેટેડ રિવર બેઝિન મેનેજમેન્ટ (સંકલિત નદી જળ પરિવાહ વ્યવસ્થાપન) કાર્યક્રમ વી.આર.ટી.આઇ. દ્વારા 'સહવિર્યમ કરવા વહે'ની ભાવનાથી શરૂ થયેલ છે.

સંકલિત અને ટકાઉ વિકાસ માટેના આ પાયાનું કાર્ય માત્ર માનવ જ નહીં, પરંતુ સમગ્ર જીવસૃષ્ટિના પર્યાવરણના અસ્તિત્વની સાથોસાથ ટકાઉ સમાજ વ્યવસ્થાની દિશામાં ભવિષ્યમાં અન્યત્ર પ્રેરણારૂપ બની રહેશે તેવી શ્રદ્ધા છે. જે આવતી પેઢી માટેની મજબૂત ઔદ્યોગિક સંસ્કૃતિનું નદી પરિવાહ (રિવર બેઝિન) પરનું વૈશ્વિક મોડેલ બની રહેશે. જે માટે આપણે બધાએ સાથે મળીને મિશન ઉપાડવું પડશે.

*સૃજન, ભુજોડી (કચ્છ)*

*નવી ટેક્નિકનો સદુપયોગ કરી ફાયદો મેળવો.*

# ઔદ્યોગિકીકરણના ખપ્પરમાં પરંપરાગત વ્યવસાયનો બલિ

• અશ્વિન ઝિંઝુવાડિયા •

પરંપરાગત વ્યવસાયોની જાળવણી સાથે પર્યાવરણની રક્ષા, સ્થાનિક લોકોને રોજગારી- જનસમૂહના સમૂહ જીવન અને સાંસ્કૃતિક વારસાની હિફાજત- રાષ્ટ્રીય આવકમાં માથાદીઠ વધારો- વિકાસની પ્રક્રિયામાં લોક ભાગીદારી- વિશ્વના સ્પર્ધાત્મક અને મંદીના યુગમાં પણ રાષ્ટ્રીય અર્થતંત્રને ટકાવી રાખવું સહિતના ઉમદા ઉદ્દેશ્યો ઔદ્યોગિકીકરણની નવી ઉદારીકરણની નીતિના પાયામાં રહેલા છે. છેલ્લા દોઢ દાયકાથી જે રાષ્ટ્રીય સ્તરે પરિવર્તન જોવા મળે છે એની મૂળભૂત વિભાવનાઓને ચરિતાર્થ કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કરરાહત સહિતની સંખ્યાબંધ મદદ કે સહયોગની લાલ જાજમ બિછાવી છે. માસ્ટર પ્લાનના માસ્ટર માઈન્ડો પાસે ઔદ્યોગિકીકરણથી થનારી નુકસાની ઓછી કેમ કરી શકાય અને મહત્તમ લાભ લેવાની ચોક્કસ ગાઈડ લાઈન - આયોજન - નીતિ-નિયમો અને તેમણે દોરેલી લક્ષ્મણ રેખાઓ મુજબ અને વફાદારીપૂર્વક વર્તવામાં આવે તો- "ગરીબો છીએ... પણ છીએ કેટલા?" એટલે કે વસતિ વધારો એક સમસ્યા નહીં પણ એક તાકાત તરીકે કામે લગાડવામાં આવે તો ઉપરોક્ત વિભાવનાઓના લક્ષને ચોક્કસ આંબી શકાય તે નિર્વિવાદ છે. ટકી રહેવુ હોય તો ઉદ્યોગો આવવા જ જોઇએ. 'મદારીઓનો દેશ' તરીકેની છાપને છેક જ દૂર કરવી હશે તો ઔદ્યોગિકીકરણ સિવાય છૂટકો નથી.

**પણ રાષ્ટ્રીય કમનસીબીની યાદીમાં એક વધુ મુદ્દો પોતાનું નામ નોંધાવવા જઇ રહ્યો છે અને એ છે- આંધળું- આયોજન વગરનું ઔદ્યોગિકીકરણ-..** હકારાત્મક અભિગમ સાથે અને જાત સાથે સંપૂર્ણ વફાદાર તટસ્થ રહીને અત્યારના ઔદ્યોગિકીકરણની વકીલાત કરવા નીકળીએ તો પણ કેસ હારી જવાય.. નફા નુકસાનીના અંતિમ સરવૈયામાં ગુમાવનારો વર્ગ વિશાળ છે, મેળવનારો વર્ગ સિમિત છે.. સરવાળે નુકસાની.. અને માત્ર નુકસાની શેષમાં બચે છે. **આંકડાઓનો વ્યાયામ ઢોલ પીટીને કહે છે, અત્યારે જે રીતે ઔદ્યોગિકીકરણ થઇ રહ્યું છે એ ધંધો બંધ કરો.**

અભ્યાસનો એક સેમ્પલ સર્વે મુંદરાના સંદર્ભે અત્રે રજૂ કર્યો છે. કોલસા આધારિત વીજમથકો અહીં શરૂ થઇ ચૂક્યા છે અને નજીકના ભવિષ્યમાં શરૂ થનારા છે. તેની વિગત સંક્ષિપ્તમાં અત્રે રજૂ કરી છે. ટુંડા ગામ સ્થિત ટાટા કંપનીનો ૪ હજાર મેગા વોટનો આયાતી કોલસા આધારિત પાવરપ્લાન્ટનું કામ અંતિમ તબક્કે પહોંચ્યું છે. સિરાચા ગામ સ્થિત આવા જ ૪૬૨૦ મેગાવોટમાંના ૨ યુનિટ વીજ ઉત્પાદન કરી રહ્યા છે. બાકીના ૩ યુનિટનું કામ ચાલુ છે. ભદ્રેશ્વર પાસે ૩૦૦ + ૨૩૦૦ મળી ૨૬૦૦ મેગાવોટના કોલસા આધારિત વીજમથકની મંજૂરી કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (CRZ)ની કચેરીમાં મતુ મારવા પહોંચી ગઇ છે. ભદ્રેશ્વર-વડાલા મધ્યે અદાણી કંપનીનો અન્ય કોલસા આધારિત વીજ પ્લાન્ટ ૩૩૦૦ મેગાવોટનો આવી રહ્યો છે. વીરા ગામ પાસે સરકારી સાહસ સી.પી.એલ. કંપનીનો ૨૦૦૦ મેગા વોટનો પ્લાન્ટ તૈયાર થઇ રહ્યો છે. મોઢવા ગામ પાસે ગેસ આધારિત ૪૦૦૦ મેગા વોટનો એલ.એન.જી. અદાણી વીજમથક પણ ક્યૂમાં ખડું છે. ઉપરાંત જીંદાલ કંપનીનો પ્રાગપર ગામ સ્થિત ૨૦ મેગાવોટનો, મોખાથી વડાલા જતાં ફિલીપ્સ કાર્બનનો ૨૦ મેગાવોટનો, નીલકંઠ સ્ટીલનો ૧૧ મેગાવોટનો કેપ્ટિવ વીજ પ્લાન્ટ અત્યારે કાર્યરત છે. **સીધી લીટીમાં ૫૦ કિ.મી.માં કુલ ૧૮૫૭૧ મેગા વોટના વીજ ઉત્પાદન પ્લાન્ટો કંઠીપટ્ટ તરીકે ઓળખાતા લીલા છમ વિસ્તારની નાની સટી નાખશે. (સત્યાનાશ વાળી નાખશે.)**

કોલસા બાળીને વીજળી બનાવવાના આ પ્લાન્ટમાં દેશી અને વિદેશી મળીને કુલ વાર્ષિક ૮૨૯ લાખ મેટ્રિક ટનના કોલસાને બાળવામાં આવશે જેમાં સીરાચા- ટાટા-૪૦૦૦ મેગાવોટ - કોલસો ૧૬૮ લાખ મેટ્રિક ટન બળશે. એ રીતે સીરાચા અદાણી-૪૬૨૦ મેગાવોટ- કોલસો ૧૯૬ લાખ મેટ્રિક ટન, ભદ્રેશ્વર ઓ.પી.જી. ૩૦૦૦ + ૨૩૦૦ મેગાવોટ- કોલસો ૨૭ લાખ અને ૨૧૨ લાખ મેટ્રિક ટન અદાણી વડાલા ૩૩૦૦ મેગાવોટ - કોલસો ૧૩૯ લાખ મેટ્રિક ટન, વીરા સી.પી.એલ. કંપની ૨૦૦૦ મેગાવોટ- કોલસો ૮૪ લાખ મેટ્રિક ટન અને ૩ કેપ્ટિવ પ્લાન્ટ મળીને સવા ત્રણ લાખ સહિત **કુલ ૭ વીજ મથકમાં વાર્ષિક ૮૨૯ લાખ મેટ્રિક ટન કોલસાને બાળવામાં આવશે.** આ કોલસા આધારિત વીજમથકો પ્રતિકલાકે અંદાજે ૧ લાખ મે. ટન થી વધુ કોલસો બાળશે. **૧ મેગા વોટ વીજ ઉત્પાદન પાછળ દોઢ ટન કાર્બન હવામાં જાય છે.** અત્યંત નોંધપાત્ર વિગત એ છે કે કોલસા આધારિત આ વીજમથકો પ્રતિ કલાકે કરોડોના કરોડો લીટર સમુદ્રનું પાણી ઉપયોગમાં લેશે અને ૧૧ ફેરનહીટ ગરમ થયેલું એ પાણી દરિયામાં છોડશે. આંકડાઓ અને આનુષંગિક માહિતી જે તે કંપનીની વેબસાઈટ- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી લીધા છે. તેમ પોઈન્ટ પછીના આંકડા ગણતરીમાં લીધા નથી.

**માત્ર ૫૦ કિ.મી.ના વિસ્તારમાં દરરોજ ૨૩ લાખ મે.ટન કોલસો બળશે ને પ્રતિ કલાકે કરોડો લીટર દરિયાનું પાણી ગરમ કરીને પુનઃ દરિયામાં છોડશે**

*આવતીકાલના ભવિષ્ય વિશે પોતે જ્ઞાત છે એવું કદી માનવું નહિ.*

**ત્યારે સ્થાનિકના મહત્ત્વના ત્રણ પરંપરાગત વ્યવસાય ખેતી-પશુપાલન અને મત્સ્યોદ્યોગનો મૃત્યુઘંટ વગાડી નાખશે.** હવાનું પ્રદૂષણ-ભૂતળના જળ ઉલેચવા લોકોનું આરોગ્ય-સહિતના સંખ્યાબંધ મુદ્દાની ચર્ચા કરી શકાય પણ તેને ટૂંકાવીને સ્થાનિકના પરંપરાગત વ્યવસાયની વર્તમાન સ્થિતિની ચર્ચા કરીએ.

ઉપર કહ્યું તેમ સમગ્ર ચર્ચા પ્રતીકાત્મક રીતે મુંદરાના સંદર્ભમાં કરવામાં આવી છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર- મુંદરાના વૈજ્ઞાનિક ડૉ. યુ.એન.ટાંકે ચાલુ વર્ષે ૨૦૧૦-૨૦૧૧ ના કૃષિ વાવેતર અને ઊપજના જે આંકડા આપ્યા એ અત્રે પ્રસ્તુત કર્યા છે. કુલ ૭૮૮૦૦ એકરમાં કપાસ-મગફળી-તલ-એરંડા-મગ-ગુવાર-બાજરી-ઘાસચારો અને શાકભાજીનું ચાલુ વર્ષે ચોમાસુ વાવેતર કરવામાં આવ્યું. કુલ ઉત્પાદન ૨૦,૯૦,૨૭૫ મણ (૧ મણ = ૪૦ કિગ્રા) નું થશે અને આવક ૧ વર્ષની કુલ મળીને ૧૧૭ કરોડ રૂા. ની થશે. એ જ રીતે શિયાળુ ઉનાળુ પાકના વાવેતરમાં ઘઉં-જીરું-રજકો અને ઉનાળુ મગફળી ૧૫૦૦૦ એકરમાં વાવેતર થશે. જેનું કુલ મળીને ઉત્પાદન ૨,૮૯,૬૦૦ મણ અને આવક રૂા. ૨૨ કરોડ.. બાગાયતી પાકોમાં ખારેકના ઉત્પાદન આપતા ઝાડોની સંખ્યા ૮ લાખ.. પ્રતિ વૃક્ષે ઉત્પાદન ૮૦ કિલો, કુલ ઉત્પાદન ૬ કરોડ ૪૦ લાખ કિલો અને પ્રતિ કિલોના ૧૦/- રૂા. ભાવ પકડીએ તો કુલ આવક ૬૪ કરોડ રૂા... બાગાયતી અન્ય મુખ્ય પાક આંબા (કેરી) ના અંદાજે ૧ લાખ ઝાડ પ્રતિ વૃક્ષે ૫૦ કિલોના ઉત્પાદને કુલ ઉત્પાદન ૫૦ લાખ કિલો અને ૧ કિલોના ૨૦/- રૂા.ના હિસાબે રૂા. ૧૦ કરોડનું... જ્યારે મચ્છીનું ઉત્પાદન પ્રતિવર્ષે ૧૨ હજાર મેટ્રિક ટન પ્રતિ કિલોના રૂા. ૫૦/- મુજબ કુલ આવક રૂા. ૬૦ કરોડ. મીઠાનું ઉત્પાદન (માત્ર ભદ્રેશ્વર પૂરતું) પ્રતિવર્ષે ૫,૪૯,૦૦૦ મે. ટન અને પ્રતિ ટનના રૂા. ૨૦૦/- ના હિસાબે કુલ આવક રૂા. ૧૦ કરોડ ૯૮ લાખનો કુલ સરવાળો કરીએ તો **સમગ્ર કુલ આવક રૂા. ૨૮૪ કરોડની પ્રતિવર્ષે થાય.**

અન્ય બાગાયતી પાકો અને અન્ય ખેત ઉત્પાદન અલગથી. અહીં મહત્ત્વનો મુદ્દો એ છે કે ઉક્ત આંકડાઓમાં ખેતી સાથે સંલગ્ન એવા પશુપાલન ઉદ્યોગના દૂધ ઉત્પાદનની આવક-વહન વ્યવહાર-મશીનરી ભાડે સહિતના સંખ્યાબંધ જે નાના નાના આર્થિક ચક્રો ફરી રહ્યા છે એની આવક ગણતરીમાં લીધી નથી. મીઠા અને મત્સ્યોદ્યોગ એ વરસાદના મોહતાજ ઉદ્યોગો નથી.

ટૂંકમાં ખેતી-બાગાયત-મત્સ્યોદ્યોગ અને મીઠા ઉદ્યોગની કુલ મળીને વાર્ષિક આવક રૂા. ૨૮૪ કરોડની આવકના અંદાજ અત્યંત લઘુતમ ધોરણે મુક્યા છે. જાણકાર સૂત્રો આ આવક આથી ઘણી મોટી હોવાનું કબૂલે છે.

**એમ કહેવાનો સહેજ પણ ઇરાદો નથી કે વીજ મથકો વર્તમાન વાર્ષિક રૂા. ૨૮૪ કરોડની વિવિધ પરંપરાગત વ્યવસાયની આવકને શૂન્ય કરી નાખશે પણ ભયંકર જફા જરૂર પહોંચાડશે.** મહત્ત્વનો મુદ્દો એ પણ છે કે નફા-નુકસાનીનું માપદંડ દરેક દૃષ્ટિકોણથી રૂપિયા પૈસામાં મૂલવવું ન જોઇએ.

પરંપરાગત ઉદ્યોગો પર્યાવરણની જાળવણી- પેઢી દર પેઢી દ્વારા મળેલી વ્યવસાયિક કુશળતા-ઉત્પાદન થતા માલનો માલિક-સ્વમાન અને સ્વતંત્રતા સહિતના વિવિધ મુદ્દા સંસ્કૃતિના સિંચન-જતન અને પ્રાદેશિક ઓળખમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય છે. લૂણીની તાજેતરની પ્રદૂષણ લોક સુનાવણીમાં ભદ્રેશ્વરના મીઠા ઉત્પાદક ભીખાભાઇ નથુભાઇ આહિરે રોષ સાથે વીજમથકનો વિરોધ કરીને મહત્ત્વપૂર્ણ વાત કરી હતી કે, - "સાહેબો...મહેરબાની કરીને અમને અમારી કચ્છીયત સાથે જીવવા દો..."

જેઓ પ્રસંગોપાત કચ્છમાં આવે છે અથવા આવતા નથી તેમને આ વાંચ્યા બાદ એમ સ્પષ્ટ જણાતું હશે કે આટલી દીવા જેવી સ્પષ્ટ બાબત હોવા છતાં લોકો કેમ કાંઇ બોલતા નથી? પણ એવું નથી... નેતૃત્વવિહીન-અસંગઠિત અને જાણકારી દોષના અભાવવાળા સ્થાનિક લોકોએ દરેક મુદ્દે-તદન લોકશાહી ઢબે શાંત અને કાયદાની આમન્યા રાખીને વિરોધ પણ કર્યો છે અને સ્વૈચ્છિક સંસ્થાની મદદથી મુદ્દાસર રજૂઆત પણ કરી છે. માત્ર સેઝ અને વીજમથકની છેલ્લી પર્યાવરણ લોક સુનાવણીમાં ૧૨૦૦ લોકોની સહીઓ સાથેનું ૩૦૦ પાનાનું એક આવેદન - ૬૫૦થી વધુ સહીઓ સાથેનું, ૧૫૦ પાનાનું અન્ય આવેદનપત્ર - ૧૧૫૦ થી વધુ સહીઓ સાથેનું, ૨૦૦ પાનાનું ત્રીજું આવેદનપત્ર - ગ્રા.પં. ના ઠરાવ- સ્વૈચ્છિક સંસ્થાઓના પત્રો-વ્યક્તિગત રજૂઆતોનો સિલસિલો બન્ને દિવસ મળીને કુલ ૧૧ કલાક ચાલ્યો હતો. ગૌચર જમીનને લગતી ઝરપરા ગામે મળેલી મિટિંગ હોય કે લોકસુનાવણી, ત્રણેક હજાર લોકો ઉપસ્થિત રહે છે વિરોધ કરે છે લેખિતમાં રજૂઆત કરે છે. પણ "લાખ તારી રામ દુહાઇને એક મારું ઊંહું" નું વલણ સરકાર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી લેવામાં આવે છે.

અત્યંત મહત્ત્વનો મુદ્દો એ બની રહે છે કે અન્યાય-અસંતોષ અને ઉપેક્ષાના છેલ્લા દોઢ દાયકાથી ચાલ્યા આવતા એક જ પ્રકારના કંપની - ઉદ્યોગ તરફી માનસના સિલસિલાના કારણે હવે લોકોની ધીરજ ખૂટી છે. **તમામ રાજકીય પક્ષોના સ્થાનિકના પ્રતિનિધિનું કાન ફાડી નાખતું મૌન, જવાબદાર તંત્રની આયોજનપૂર્વકની ગેરમસજ અને સ્થાનિકોની સતત અવગણનાના ગર્ભમાં કચ્છની શાંતિને હણી નાખવા માટે શેતાન જન્મી ચૂક્યો છે.**

"હિંસા, એ લાચાર માનવીની ભાષા છે" સંખ્યાબંધ ઘર્ષણના સમયે સરકારી રાઇફલોમાં કારતૂસો ચડી ચૂકી હતી. સદનસીબે હજુ ગોળા દબાયા નથી. **બીજી બાજુ ન્યુસન્સ વેલ્યુ ઊભી કરીને સ્થાનિકના હરામખોર લોકોને બખ્ખા થઇ પડ્યા છે. કંપનીએ પોતાના સ્વાર્થ ખાતર દૂધ પાઇને પોસેલા લાંઠરિયા સરપોલિયા અત્યારે અજગર બની ચૂક્યા છે એ પણ વરવી વાસ્તવિક્તા છે.**

ફરી મૂળ મુદ્દા ઉપર આવીએ તો ઉપરોક્ત ઉદ્યોગો તો માત્ર કોલસા આધારિત ઉદ્યોગોની જ વાત કરી.. અન્ય ઉદ્યોગો દા.ત.

*મનનો થાક દૂર કરવા એક નાની ટેવ પાડો. ભજન-ગીત-સંગીત કે વાંચવાની ટેવ પાડો.*

કોક પ્લાન્ટ, સ્ટીલ પ્લાન્ટ સહિતના ઉદ્યોગો પણ કચ્છને ધમરોળી રહ્યા છે. કુલ ૧૮૫૦૦ મેગા વોટ વીજ ઉત્પાદનને ઉત્તર-પશ્ચિમના રાજ્યોમાં લઇ જવામાં આવશે. મુંદરાના ૭ પ્લાન્ટનું વીજ ઉત્પાદન ખેતરોમાં ટાવર ઊભા કરીને જ લઇ જવાશે ને? એક સરહદી જિલ્લાની દૃષ્ટિએ વીજ પ્લાન્ટ રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ પણ જોખમી હોવાનું મંતવ્ય સાંભળવા મળ્યું છે.

કચ્છના આડેધડ ઔદ્યોગિકીકરણે ન્યાયાલયો ઉપર પણ ભાર વધાર્યો છે. આડ અસરનો હજુ અણસાર જ આવતો થયો છે. પેઢીઓની પેઢીઓ નીકળી ગઇ પણ હવે વર્ષો કાઢવા મુશ્કેલ બન્યા છે. પોતાની બોટી માટે આખા બકરાને રહેંસી નાખતા સ્વાર્થી નેતા અને અધિકારીઓની મિલિભગત કંપનીના મંજીરા વગાડે છે. સ્થિતિ માત્ર મુંદરા કે કચ્છની આવી નથી.. સમગ્ર રાજ્યમાં ઠેરઠેર અન્યાયનો એરુ ફૂંફાડા મારી રહ્યો છે. એને શાસકો તંદુરસ્તીની નિશાની માને છે પણ વાસ્તવમાં મહારોગના સ્પષ્ટ દેખાતા ચિહ્નો છે. **અત્યારે થઇ રહેલા અણઘડ ઔદ્યોગિકીકરણને કોઇપણ દૃષ્ટિકોણથી સમર્થન આપી શકાય તેમ નથી.**

અને છેલ્લે, સભ્યતા અને ભાતીગળ સંસ્કૃતિનું પતન એક રાતમાં થતું નથી.. ઉજરડાના ઘાવ રૂઝાય નહીં તો તે છેવટે આખા શરીરનો નાશ કરી નાખે છે.

*૪, અમૃત કૃપા, જવાહરચોક,*
*મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.*

### પાણીની સામે અવરોધ

પાણીના સ્વભાવને આપણે અનુસરવું જોઈએ. પાણીના માર્ગમાં અવરોધ ઊભો થાય ત્યારે તે થંભી જાય છે. શક્તિ એકત્ર કરી પછી તે અવરોધ ઉપર પગ મૂકી તેને ઓળંગી જાય છે. અવરોધ બહુ મોટો હોય તો તે વધુ શક્તિ એકત્ર કરી તેની બાજુમાંથી ટાળી દઈ તેને ઓળંગી જાય છે. પણ પાણી ત્યાંથી કદી પાછા ફરતા નથી.

*પ્રેષક : પ્રભુલાલ સંઘવી*

# કાછેજો શણગાર : ભુજિયો

● પુષ્પદાન શંભુદાન ગઢવી ●

કચ્છના પાટનગર ભુજ શહેરનું નામ લેતા જ ભુજંગ – નાગદેવ અને ભુજિયો ડુંગર સમગ્ર કચ્છવાસીઓનાં સ્મરણમાં આવી જાય.

કચ્છના રાષ્ટ્રીય શાયર વંદનીય કારાણીજીએ ભુજિયા ડુંગર માટે કહેતા કે, –

*"ભુજ ગામમેં ભુજિયો ડુંગર ભુજંગ જો અવતાર*
*જેંજી શોભા જો નાય પાર,*
*કચ્છડો વલો અસાંજો યાર જેંજી શોભાજો નાય પાર."*

**કચ્છવાસીઓ માટે ભુજિયા ડુંગરનું મહત્ત્વ ઐતિહાસિક અને સંરક્ષણ દૃષ્ટિએ અને સાંપ્રત સમયમાં પણ અતિ ઘણું છે** કારણકે આ ડુંગર પર જે નાગદેવતા ભુજંગ દેવનું સ્થાન છે, તેના પરથી જ આ ડુંગરને ભુજિયા ડુંગર તરીકે અને તેની બાજુમાં જ વસાવવામાં આવેલા કચ્છના પાટનગર શહેરને ભુજ તરીકે ઓળખવામાં આવે છે.

ભુજ શહેરની સ્થાપના સંવત ૧૬૦૫ના માગશર સુદ-૫, શુક્રવારે (પુષ્ય) નક્ષત્રે ૧૫, ઈન્દ્રયોગે, ઘટી ૨૮, પળ ૧૪, વૃશ્ચિક, સંક્રાંતનો સૂર્યોદયાતુ, ઘટિકા ૭, પળ ૧૭ સમયે કરવામાં આવી હતી અને આ શહેરની કુંડળી વગેરેની વિગતો સ્વ. શંભુદાનજી ગઢવી કૃત કચ્છ દર્શનમાં વિગતથી અપાઈ છે.

- **ભુજિયા ડુંગરનું સંરક્ષણાત્મક અને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ:**

ભુજ શહેરને ફરતો આલમપનાહ દરબારગઢ તથા ભુજિયા ડુંગર પરના કિલ્લાનું બાંધકામ કચ્છના રાજવી રાઓશ્રી ભારમલજી (સંવત ૧૬૮૮થી ૧૭૦૨, ઈ.સ. ૧૬૨૩થી ૧૬૪૫)ના સમયમાં શરૂ થયું. જે કામ રાઓશ્રી દેશળજી પહેલાના (સંવત ૧૭૭૫-૧૮૦૮, ઈ.સ. ૧૭૧૯-૧૭૫૨) શાસનકાળ દરમ્યાન આ બંને કિલ્લાઓના બાંધકામો પૂરા થઈ ગયા હતા. રાઓશ્રી દેશળજીના શાસનકાળ દરમ્યાન દિલ્હીનાં બાદશાહ મહમદશાહે કચ્છ પર ચડાઈ કરી કચ્છને કબજે કરવા માટેની તૈયારી કરી અને લડાઈ માટેનું બીડું શેર બુલંદખાને ઉઠાવતાં, દિલ્હીના બાદશાહે કચ્છ પર ચડાઈ કરવા માટેની આગેવાની લેવાની જવાબદારી તેઓને સોંપી અને શેરબુલંદખાનને અમદાવાદના સુબાનું પદ એનાયત કરવામાં આવ્યું.

**તે સમયની લડાઈ જમીન પર જ પાયદળ, અશ્વદળ, હસ્તદળ, તલવાર, ભાલા, બંદુકો જેવા શાસ્ત્રોથી લડાતી હતી** અને તે રીતે કચ્છને જીતવા માટે શેર બુલંદખાને સંવત ૧૭૮૫ના અરસામાં અંદાજે ૫૦,૦૦૦ના લશ્કર સાથે કચ્છ પર ચડાઈ કરી, જેની જાણ કચ્છમાં થતાં કચ્છના રાજવી રાઓશ્રી દેશળજી તથા કચ્છના સમગ્ર ભાયાતો અને પ્રજાજનોએ આ આક્રમણનો સામનો કરવા તૈયારી કરી. આ લડાઈમાં કચ્છ રાજ્યનાં ભાયાતો ઉપરાંત કચ્છનાં લોકો સોઢા, મોડ, ગજણ, હાલા, હોથી, વાઘેલા, હાજાણી, ભીમાણી, મોકળશી, સાડ, બલોચ, વેહણ, રેલડિયા, થુડિયા, નાંગિયા, ઉસ્તિયા, દેદા, કનડદે, અબડા, વીરભદ્ર, જેસર, બુટા વરમશી, જાડા, કાહિયા, સુમરા, નોડેજા, કોરેજા, લાંગા, સમેજા, પઠાણ, ખુરેશી, સોરા, સીદી, ભોરિયા, મેહા વગેરે અને અન્ય જાતિના લોકોએ કચ્છ તરફથી ભાગ લીધો હતો અને જેમાંના ઘણા લોકોએ કચ્છને બચાવવા માટે પોતાનાં બલિદાનો આપ્યા હતા અને વિશેષમાં તે વખતે નાગા બાવાઓની જમાત કચ્છની જાત્રાએ આવી હતી તે જમાતે પણ કચ્છ તરફથી શેર બુલંદખાનના લશ્કર સામે લડી, કચ્છના વિજયમાં પોતાનું યોગદાન આપ્યું હતું. જેની યાદમાં આ નાગા બાવાઓની જમાતના કેટલાક પ્રતિનિધિઓને

*જેણે પોતાની જાતને વશ કરી લીધી છે તેને વિશ્વની કોઈ શક્તિ પરાજ્ય આપી શકે નહિ.*

દર વર્ષે આ લડાઈના વિજયની યાદમાં કાઢવામાં આવતી અસવારીમાં ભાગ લેવા આવતા અને તેઓને આ માટે કચ્છ રાજ્ય તરફથી ખાસ નિમંત્રણ પાઠવવામાં આવતું હતું.

આગળ વર્ણન કર્યા મુજબ શેર બુલંદખાનનું લશ્કર આગળ કૂચ કરી ભુજ શહેર નજદીક આવી પહોંચતા **કચ્છના લશ્કરે વ્યૂહાત્મક દૃષ્ટિએ અતિ મહત્ત્વ અને અતિ ઉપયોગી ભુજિયા કિલ્લા પર પોતાનું સ્થાન જમાવી ત્યાંથી શેર બુલંદખાનના લશ્કર પર તોપગોળાથી સામનો કરતાં શેર બુલંદખાનને વિલા મોઢે પરત ફરવાની ફરજ પડી** અને આ લડાઈમાં સંવત ૧૭૮૫ના શ્રાવણ સુદ-૫ નાગ પંચમીના દિવસે કચ્છનો વિજય થતાં તે વખતે ખૂબ ઉત્સાહ અને ઉમંગથી વિજયોત્સવ મનાવવામાં આવ્યો અને આ વિજયની યાદમાં કચ્છના રાજવીઓ દ્વારા નાગ પંચમીના દિવસે દરબારગઢથી કરીને ઊભી બજાર થઈને ભુજિયા ડુંગર પર આવેલ ભુજંગ નાગ દેવતાની પૂજા માટે એક ભવ્ય અસવારીનું આયોજન કરવામાં આવતું હતું જે ૧૯૪૭ના અરસા સુધી ચાલુ હતું. જેમાં સમગ્ર ભુજવાસીઓ ઉત્સાહભેર ભાગ લેતા. નાગ પંચમીના દિવસે ભુજિયા પર એક ભવ્ય મેળો યોજાતો. તેમાં પણ સમગ્ર ભુજવાસીઓ ઉત્સાહભેર ભાગ લેતા. જે મેળો ભરાવાની પ્રથા હજુ પણ ચાલુ છે.

**વિશેષમાં ઇ.સ. ૧૮૧૯, ૧૯૫૬ના ભૂકંપમાં આ ડુંગર પરના કિલ્લાને ક્ષતિ થવા પામી હતી. પરંતુ વધુ પડતું નુકસાન અને ક્ષતિ સને ૨૦૦૧ના ભૂકંપમાં થઇ. પરિણામે આ કિલ્લાની જે આન, બાન અને શાન હતી તે ભવ્યતા આજે જોવા મળતી નથી.** તેનું સર્વે કચ્છવાસીઓને બહુ મોટું દુઃખ છે. આપણી આ ભવ્ય વિરાસતને પુનઃ તેની આન, બાન અને શાન મળે તે માટે સૌ કચ્છવાસીઓએ યથાશક્તિ પોતાનો ફાળો આપવો જોઈએ.

### ● સાંપ્રત સમયમાં આ કિલ્લાનું મહત્વ :

સાંપ્રત સમયમાં પણ આપણી આ ઐતિહાસિક ધરોહર અને વિરાસતનું મહત્ત્વ અતિ ઘણું છે. કારણકે વિક્સિત ભુજ શહેરની ખૂબ જ નજદીક આવેલ આ ડુંગરને એક મહત્ત્વના પર્યટનધામ તરીકે વિકસાવી શકાય તેમ છે અને વિશેષમાં પર્યાવરણ પ્રેમીઓ માટે આ ડુંગર, એ અતિ મહત્ત્વનું આકર્ષણનું કેન્દ્ર છે.

આ કિલ્લાના અંદરના ભાગે કચ્છની ઘણી બધી નષ્ટ થયેલ વનસ્પતિઓમાંથી કેટલીક વનસ્પતિઓ બચવા પામી છે. અહીં જો પીવાના પાણીનું આયોજન કરવામાં આવે તો આ સ્થળ પક્ષીઓ માટેનું એક બહુ જ સરસ અને સુંદર અભયારણ્ય થઈ શકે. નાના નાના વન્ય પ્રાણીઓ માટે પણ આ જગ્યા ખૂબ જ સુરક્ષિત થઈ શકે તથા યુવાનો અને બાળકો માટે ટ્રેકિંગ અને સાહસિક પ્રવૃત્તિઓ માટેનું પણ આદર્શ સ્થળ બની શકે તેમ છે.

સને ૨૦૦૧ના ભૂકંપ બાદ આ કિલ્લાનો ઉપયોગ શસ્ત્ર સરંજામ અને દારૂગોળાને સુરક્ષિત રાખવાની જગ્યા તરીકે આર્મિ દ્વારા કરવામાં આવતો હતો. તે કારણે સામાન્ય પ્રજાજનોને આ કિલ્લામાં આવવા જવાની તથા તેમાં આવેલા ભુજંગનાથ દેવના તથા ક્ષેત્રપાળ વગેરેનાં ધાર્મિક સ્થાનોએ દર્શન માટે આવવા જવાની પરવાનગી આપવામાં આવતી ન હતી. સામાન્ય લોકોને આ સ્થળમાં બિન રોકટોક આવનજાવન કરવાની સુવિધા મળી શકે તે માટે આર્મી તથા સિવિલ અધિકારીઓ સાથે ઘણા લાંબા સમયથી પત્ર વ્યવહાર કરવાના કારણે આર્મી સત્તાવાળાઓએ આ સ્થળનો કબજો રાજ્ય સરકારને પરત સોંપી આપતાં ફરીથી આપણી આ ઐતિહાસિક વિરાસત ભુજિયા કિલ્લાનો અને તેમાં આવેલ ધાર્મિક સ્થાનોનો પુનઃ વિકાસ થાય ત્યાં રાજાશાહીના વખતમાં જે સુરક્ષિત જંગલ હતું તેવા જંગલનું પુનઃનિર્માણ થાય તથા ભુજિયા ડુંગરને ફરતે ૫૦૦થી ૭૦૦ મીટર સુધીની જમીનમાં પણ લોકોની સુખાકારી અને હિત માટે વિકાસ થાય તે માટેની જન જાગૃતિનું અભિયાન કચ્છના લોકો તરફથી શરૂ કરવામાં આવ્યું છે અને આ જગ્યાનું જે ઐતિહાસિક સંરક્ષણ અને વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વ હતું તે મહત્ત્વનું પુનઃ સ્થાપન થાય તેમાં સૌ કચ્છીઓ પોતાનું યથાશક્તિ યોગદાન આપે તેવી અભિલાષા સાથે આ સ્થાનને લગતી થોડી વિગતો સંક્ષિપ્તમાં જણાવી છે.

રાજ્ય સરકાર પણ આ સ્થળના વિકાસ માટે ખૂબ ચિંતિત છે. ભૂકંપમાં ઘણાં ભુજવાસીઓએ પોતાની જાન ગુમાવી છે. તેવા આપણા સદ્‌ગત ભુજવાસીઓની યાદમાં આ સ્થળે એક સ્મૃતિ વનનું નિર્માણ થાય તેવી પણ એક કલ્પના હતી જે કલ્પના સાકાર બને તેમાં પણ સૌ કચ્છવાસીઓ પોતાની યથાશક્તિ સાથ સહકાર આપે તેવી મારી સર્વેને નમ્ર અપીલ છે.

*એમએફ/૮, ઓધવધામ એપાર્ટમેન્ટ,*
*આકાશવાણી સ્ટેશન સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## બાળકનો ઉછેર

એક આફ્રિકન કહેવત છે કે એક બાળકને ઉછેરવા માટે આખું ગામ જોઇએ.

એનો અર્થ એ થયો કે આજે જેને હુતાહુતીનું ન્યુક્લિયર ફેમિલી કહીએ છીએ તેનું તથા દાદા-દાદી, કાકા-કાકી વાળા મોટા કુટુંબનું પણ એકલા હાથે આ કામ નથી.

બાળકના ઉછેર માટે જોઇએ :-

ચકલી, મોર, લીમડો, પીપળો, તાપણું, વરસાદ, શેરીની ડોસીઓ, ચિત્ર વિચિત્ર મહેમાનો, ભિખારી, બાવા, નટ, ભરથરી, ભવૈયા, મંદિરની આરતી, નદી, અંધારું, ડાકલાં, ભૂવા, ઢગલો રમકડાં, ભમરડો, લખોટી, અડધો ડઝન ભાઇબંધ/બહેનપણીઓ ઉંદર અને સિંહ, કાગડોને શિયાળ, કાચબોને સસલો, દલો તરવાડી, ભીમ, હનુમાન, કાનુડો અને અને અને બાક્સનાં ખાલી ખોખાં, બાટલીના ઢાંકણાં રંગબેરંગી પથ્થરના ટુકડા

શું શું ન જોઇએ એ વિસ્મયથી ઊઘડતી આંખોને? બાળકના ઉછેર માટે માત્ર એકાદ ગામ નહિ પણ આખું જગત જોઇએ.

*– પ્રવીણસિંહ ચાવડા*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*નશાનું સુખ ફક્ત નકારાત્મક છે, દુઃખની ક્ષણિક વિસ્મૃતિ.*

(પ્રકરણ-૧૮) કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત

# કચ્છમાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ

• ડૉ. નીતા ઠાકર •

કચ્છમાં પહેલાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ કેવી હતી તે અંગે વિશેષ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ ધાર્મિક પરિસ્થિતિની જેમ છુટી છવાઇ નોંધના આધારે થોડી ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે. જેમાં ખાસ કરીને મુનિ શ્રી વિદ્યાવિજયજીની કચ્છયાત્રાના સમય દરમ્યાન જે સામાજિક પરિસ્થિતિ તેમની નજર સમક્ષ આવી તેનું તેમણે યથાર્થ વર્ણન કર્યું છે. જે નીચે મુજબનું છે.

**"કચ્છનો 'કન્યાવિક્રય' જગપ્રસિદ્ધ છે.** વીસા, દસા, પાંચા, અઢિયા બધાયે કન્યાવિક્રયના એકજ આરે પાણી પીને ભ્રષ્ટ થઇ રહ્યા છે, બદનામ થઇ રહ્યા છે. કચ્છમાં વિધવાઓની ખાસ કરીને બાળવિધવાઓની સંખ્યા વધુ છે. પરણેલી સ્ત્રીઓના પતિઓ મોટેભાગે પરદેશ રહે છે. તેથી ખેતરોમાં સ્ત્રીઓને કામે જવું પડે છે. વળી, કન્યાવિક્રયના લોભથી કે ગમે તે કારણે છોકરીઓ ખૂબ મોટી થઇ ગયેલી છે. આવા અનેક કારણો છે કે જેના લીધે કચ્છમાં અનિચ્છનીય પરિણામો વધુ જોવા મળે છે. એ શરમજનક કિસ્સાઓ ન કેવળ સમાજમાં દબાયેલા રહે છે, બલકે રાજદરબાર સુધી આવા કેસો જાય છે. જેમાં સાચી કે ખોટી રીતે અનેક ભાઇઓ બહેનો સંડોવાય છે."

મુનિશ્રી વિદ્યાવિજયજીએ જણાવ્યું હતું કે આ બધું કોનું પરિણામ છે? એની શોધ કરી કચ્છના સમસ્ત જૈનોએ પોતાની જાતિના કલંક સમાન આ 'કન્યાવિક્રય'ની પ્રથાને નાબૂદ કરવી જોઇએ. સમય શું શીખવે છે, એ જાણવાની જરૂર છે. સ્થાનિક કચ્છીઓમાં કેળવણીનો ખૂબ જ અભાવ છે. જ્યાં સમગ્ર પ્રદેશમાં જ કેળવણીનું પ્રમાણ નજીવું હોય ત્યાં જૈનો માટે તો કહેવું જ શું? એવા અનેક લોકો છે જે અક્ષરજ્ઞાનથી પણ શૂન્ય છે. નોંધનીય છે કે હાલની પરિસ્થિતિમાં ઘણા સામાજિક સુધારાઓ જણાય છે અને શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે.

ધાર્મિક બાબતમાં મુનિશ્રી વિદ્યાવિજયજીએ સ્ત્રીઓની પ્રશંસા કરી છે. તેમણે નોંધ્યું છે કે કચ્છની બહેનોમાં જેમ ધાર્મિક શ્રદ્ધા છે, તેમ ધાર્મિક જ્ઞાન પણ પુરુષોની અપેક્ષાએ અધિક જોવા મળે છે. **ભુજ, માંડવી, સુથરી, નલિયા, જખૌ, કોડાય, ભુજપુર, દેવપુર વગેરે ગામોમાં જૈન તત્વજ્ઞાન જાણનાર કેટલીય બહેનો છે.** જ્યારે પુરુષોમાં તો ઘણાં એવા પણ જોવાયા કે જેમને શુદ્ધ નવકારમંત્ર પણ નથી આવડતો. ગામમાં ભવ્યમંદિર હોય છતાં પુરુષોમાં દર્શન કરનારા પણ ભાગ્યે જ બે ચાર નીકળે. કચ્છમાં સાધ્વીઓની સંખ્યા જરૂર કાંઇક ઠીક ઠીક પ્રમાણમાં જોઇ શકાય છે, પણ ઘણે ભાગે તે અચલગચ્છની છે અને તે પણ લગભગ કચ્છની જ. થોડીક પાયચંદગચ્છની સાધ્વીઓ સારી વિદુષી અને ખટપટથી દૂર રહેનારી છે, કે જેઓ થોડાંક ક્ષેત્રોને સંભાળી સારો ધર્મોપદેશ કરે છે.

**સ્વતંત્ર સંસ્થાઓ તરીકે જૈનોની બે સંસ્થાઓ તો સ્ત્રીઓ દ્વારા સંચાલિત હોવાથી તેમની પ્રશંસા પણ શ્રી વિદ્યાવિજયજીએ કરી છે. જેમાં ડુમરાનું કબુબાઇનું આશ્રમ અને કોડાયમાં પાનબાઇ ઠાકરશી સંચાલિત આશ્રમનો ઉલ્લેખ છે.**

## સદાગમ સંસ્થા (કોડાય)ની ત્યાગી અને આત્મકલ્યાણી સ્ત્રીઓ

### ૧. સેવામૂર્તિ કુમારી પાનબાઇ :

કચ્છ હાલાપુરના વતની પાનબાઇ વીસા ઓસવાળ જ્ઞાતિનાં હતાં. તેઓ શ્રી ઠાકરશી લાધાની સૌથી નાની પુત્રી હતાં. શ્રી લાધાભાઇનો સદાગમ પ્રવૃત્તિ સંસ્થા (શ્રી હેમરાજ ભીમશી સ્થાપિત) તરફ તથા તેના સર્જકો તરફ સદ્‌ભાવ હતો. સંસ્થાના સ્થાપકો અને વ્યવસ્થાપકો પ્રસંગોપાત હાલાપુર અને નારાયણપુર આવતાં. તેનાથી પ્રભાવિત થઇને તેમણે પોતાના પૌત્ર મેઘજી ભાણજીને સંસ્કૃતના અભ્યાસ માટે કોડાયમાં મૂક્યા હતા. પાછળથી પાનબાઇના મોટાબહેન કંકુબાઇ વિધવા થતાં તે પણ સદાગમ સંસ્થામાં જોડાયાં.

પાનબાઇએ તો હાલાપુરમાં માત્ર અક્ષરજ્ઞાન જ મેળવ્યું હતું પણ જ્યારે શ્રી પાંચીબાઇ તેમને ૧૪ વર્ષની ઉંમરે કોડાય સદાગમ સંસ્થામાં તેડી લાવ્યાં ત્યારે તેમનામાં જે સુષુપ્ત શક્તિઓ હતી તેના વિકાસને અહીં અવકાશ મળ્યો અને આજીવન બ્રહ્મચર્યવ્રત પાળી સેવા પ્રવૃત્તિમાં જોડાયા.

તેમનો રાષ્ટ્રપ્રેમ એવોજ ઉજ્જવળ અને પ્રદીપ્ત હતો. બે વખત તો તે જેલમાં ગયાં હતાં. **કચ્છીપ્રજા તેમને 'કચ્છની સરોજીની' તરીકે ઓળખે છે.** તેમની વાણીમાં વિદ્વતા, મીઠાશ, બુદ્ધિક્ષમતા અને આકર્ષણ શક્તિ હતાં. તેમની વક્તૃત્વ શક્તિ અજબની હતી. તેઓ વિચારક અને પ્રેરક સાબિત થયાં હતાં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં ભણ્યાં અને ત્યાંના પવિત્ર વાતાવરણથી ઘડાયાં, ગ્રંથવાંચનથી વિદુષી બન્યાં. સત્સંગથી આત્માને જગાડ્યો. જ્ઞાનપ્રભાના ચમકારથી લગ્નજીવનને બદલે આજીવન કૌમાર્યવ્રત ધારણ કર્યું. રાષ્ટ્રપ્રેમથી આઝાદી માટેની લડતમાં ઝુકાવ્યું અને સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના પ્રાણ બની રહ્યાં. ત્યાં જ તેઓ સંસ્થાના ટ્રસ્ટી થયાં અને લોકલ બોર્ડના ઉપપ્રમુખના ઉચ્ચ સ્થાને ચૂંટાયા. તેઓ જ્યારે બીજીવાર જેલમાં ગયા ત્યારે 'કચ્છની સરોજીની' નામનું નવગાથાનું એક કાવ્ય 'વિવેક વાટિકા' કાવ્યસંગ્રહમાં

*માતા, એ સૌથી પહેલું તીર્થ છે.*

પ્રકાશિત થયું હતું. અને શ્રી વિદ્યાવિજયજીએ પણ કચ્છયાત્રા સમયે પાનબાઈની પ્રશંસા કરી હતી.

**૨. કબુબાઇ**

બાળ બ્રહ્મચારિણી કબુબાઈ (કુંવરબાઈ) કચ્છ ડુમરાના વતની અને વીસા ઓસવાળ જ્ઞાતિના હતા. તેમના માતુશ્રી બાળપણમાં જ સ્વર્ગવાસી થતાં તેઓ પોતાની ફઈબા માનબાઈ પાસે વીઢ રહેતાં હતાં. ત્યારે સમગ્ર કચ્છમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું તેથી કબુબાઈ એક ચોપડી ભણ્યાં હતાં. નાની ઉંમરે કબુબાઈનું સગપણ થયું. પરંતુ કમનસીબે છોકરો મૃત્યુ પામ્યો તેથી બીજીવાર કબુબાઈનું સગપણ નારણપુર કરવામાં આવ્યું. આ બાબતે તે ઉંમરલાયક અને સમજુ હતાં. કબુબાઈને લાગ્યું કે ભાગ્યમાં સંસારસુખ હોત તો પહેલીજ વાર સગપણ થયાં ત્યારે લગ્ન થયાં હોત. આ વિચારે તેમણે લગ્ન ન કરવાનો નિર્ણય લીધો. પણ એકતરફ વરપક્ષ કન્યા છોડવા તૈયાર નહોતો. જ્યારે બીજીતરફ સગપણ થયેલી કન્યાને ખાનદાની ખાતર પણ પરણાવી દેવી પડે તેવી સ્થિતિ હતી. આ સંઘર્ષ મહાજન સુધી પહોંચ્યો. **અંતે કબુબાઇની મક્કમતા આગળ મહાજને સગપણ રદ કરવાની મંજૂરી આપી.**

સં. ૧૯૬૫ (ઇ.સ. ૧૯૦૯) માં તેઓ કોડાય આવ્યા અને સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં રહેવા લાગ્યાં. અહીં તેમણે ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અને પ્રકરણાદિનો અભ્યાસ કર્યો. શાસ્ત્રનું વાંચન કર્યું. તેમના ભાઈશ્રી ખીમજીભાઈએ સં. ૧૯૭૫ (ઇ.સ. ૧૯૧૯) માં કચ્છ ડુમરામાં કબુબાઈ હંમેશને માટે રહી શકે અને શાળાની સેવા કરી શકે તે દષ્ટિએ એક શાળા બંધાવી આપી. આ ઉપરાંત ભણનારી બહેનો માટે રહેવાની સગવડ પણ કરી આપી. તેમાંથી શિક્ષણ મેળવી કેટલીય બહેનો શિક્ષિકા તરીકે ફરજ બજાવવા લાગી હતી. આમ ડુમરામાં કબુબાઈએ સ્ત્રીઓના પ્રશ્નોને ઊંડાણપૂર્વક તપાસીને 'શિક્ષણસેવા' ને પ્રાધાન્ય આપ્યું અને એમ કરી તેમણે સ્ત્રી સમાજની એક ઉમદા સેવા કરી છે. શ્રી વિદ્યાવિજયજીએ કચ્છયાત્રા સમયે કબુબાઈની શાળાની પણ પ્રશંસા કરી હતી.

**૩. આશઇબાઇ**

શ્રી આશઈબાઈ પુંજાભાઈએ કચ્છ કોડાયના વતની અને કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિના હતા અને બાળવિધવા હતા. સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં રહી તેમણે નવાવાસ, બિદડા અને કોડાયની ઘણી બહેનોને અક્ષરજ્ઞાન આપી વાંચતી કરી હતી. સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના એક મકાનમાં એક રૂમ ૫૦૦ કોરી આપી પોતે લીધી અને જીવ્યાં ત્યાં સુધી તેમાં રહીને આજીવન સંસ્થાની સેવા કરી હતી. બાળવિધવા બહેનો માટે બહાદુરી અને સેવાકાર્યનો ઉમદા આદર્શ તેઓ મૂકતા ગયા. ૯૦ વર્ષનું આયુષ્ય ભોગવી સં. ૧૯૮૮ (ઇ.સ. ૧૯૩૨) ના ફાગણ માસમાં તેમનું અવસાન થયું.

**૪. શ્રી ભ્રમલમા**

તેઓ કચ્છ નલિયાના વતની અને દસા ઓસવાળ જ્ઞાતિના હતા. શ્રી આશઈબાઈની જેમ ભ્રમલમાએ પણ બે રૂમવાળું બે માળનું નાનકડું મકાન તૈયાર કરાવી સંસ્થાને અર્પણ કર્યું છે. તેઓ સંસ્થાની બહેનોનો સાચો વિસામો હતાં અને અનેક બહેનોના તે પ્રેરણામૂર્તિ હતાં. સં. ૧૯૮૯ (ઇ.સ. ૧૯૩૩) ના માગશર માસમાં તેઓ કાળધર્મ પામ્યા.

**૫. પાંચીબાઇ**

શ્રી હેમરાજના ભાઈ હંસરાજની તે પુત્રી હતાં. નાની ઉંમરમાં તે વિધવા થયાં હતાં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં સેવા કરવા માટે રહેવા લાગ્યાં. કોડાય ગામનાં એક એક ફળિયામાં ઘેર ઘેર જતાં અને જે જે બહેનો અભણ, વિધવા કે દુઃખી જણાય તેઓને પ્રેમભાવથી સમજાવીને અભ્યાસ માટે સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં લઈ આવતાં અને નિરાધાર, વૃદ્ધ, દુઃખી, બીમાર કુટુંબોને અનાજ, કપડાં અને દવા આદિ પોતે પહોંચાડીને સેવાનો આનંદ લેતાં. અભ્યાસ કરનારને સાધનો મેળવી આપતાં. સંત, સત્સંગી હોય તેનો આદર સત્કાર કરતાં.

**૬. રાણબાઇ હીરજી**

કચ્છ નલિયાના વતની દસા ઓસવાળ જ્ઞાતિના તે બાળવિધવા હતાં. તેને એક પુત્રી હતી. ભ્રમલમા આ બંને માતા-પુત્રીને સં. ૧૯૭૧ (ઇ.સ. ૧૯૧૫) માં કોડાય સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં લઈ આવ્યાં હતાં. અહીં તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને શાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો. સં. ૧૯૮૨ (ઇ.સ. ૧૯૨૬) સુધી તે કચ્છ કોડાયમાં રહ્યાં પણ પોતાની પુત્રી મૂળબાઈના લગ્ન સં. ૧૯૮૨ (ઇ.સ. ૧૯૨૬) માં કચ્છ કોઠારાના ખીમજી ઘેલાભાઈ સાથે મુંબઈમાં કર્યા. તબિયત નરમ રહેતી હોવાથી જમાઈના આગ્રહવશ તે મુંબઈ રહેવા લાગ્યા અને ત્યાં પણ સેવામૂર્તિ બની જ્ઞાનની પ્રભાવના કરતા રહ્યા.

**૭. જીવીબાઇ**

તેઓ કચ્છ કોડાયના વતની હતા. માત્ર ૧૬ વર્ષની નાની ઉંમરે વિધવા થયાં. આત્મકલ્યાણ અર્થે તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જોડાયાં. આઝાદીની લડત વખતે મહાત્માજીની યશોગાથા સાંભળી જીવીબહેન, માંકબાઈ અને પાનબાઈના સ્વદેશપ્રેમમાં રંગાઈ ગયા. કેટલીક બહેનો 'નવજીવન' વાંચતી થઈ અને કેટલીક બહેનો રેંટિયો કાંતવા લાગી ગઈ. કેટલીક બહેનોએ ખાદીનું વ્રત લીધું. સં. ૧૯૭૮ (ઇ.સ. ૧૯૨૨) માં આ ત્રણે બહેનો અમદાવાદ કોંગ્રેસમાં સામેલ પણ થયાં હતાં. સં. ૧૯૭૯ (ઇ.સ. ૧૯૨૩) થી તેઓ શ્રી વેલજીભાઈ ઠાકરશીના સેવાકાર્યમાં મદદ કરવા બિદડા 'સાધનાશ્રમ' માં રહ્યાં હતાં.

**૮. મમ્મીબાઇ**

મમ્મીબાઈનો જન્મ કચ્છ દેવપુરમાં શ્રી

કલ્યાણજી ખેરાજને ત્યાં થયો હતો. બાળપણમાં તેમનું સગપણ થયેલું અને લગ્ન બાદ તેઓ સાસરે ગયાં જ નહીં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જોડાયાં. અહીં પોતાનો અભ્યાસ વધાર્યો તથા વૈરાગ્યભાવ વિકસાવ્યો અને વાંચન વિશાળ બનાવ્યું. શ્રીમદ્ રાજચંદ્રની વાણીએ તેમને ખૂબ પ્રભાવિત કર્યા. તેમના જીવનમાં અનેરો રંગ પૂરાયો અને નાનપણથી તેમને ધ્યાનની ધૂન લાગી. સવારના ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી કોઇ સાથે કશો જ વ્યવહાર રાખ્યા વિના માત્ર નિવૃત્તિમાં જ રહેતાં અને બપોરના ૨ થી ૪ એકાસને ધ્યાનમાં બેસતાં. જીવનનું સાચુ દર્શન મેળવવા ધ્યાન અને પ્રભુમાં મગ્નતા એજ એકમાત્ર અમોઘ ઉપાય છે તેમ તેઓ માનતાં હતાં તેથી તે ધ્યાની તરીકે સુપ્રસિદ્ધ હતાં.

તેઓ કેટલીકવાર તો એટલા બધા ધ્યાનમાં લીન રહેતા કે જમવાનું ભાન જ ન રહેતું. કોઇ કોઇવાર લોટ ફાકી લેતા અને તેમાં પણ આનંદ અનુભવતાં. મમ્મીબાઇ જ્યારે જ્યારે શ્રીમદ્ રાજચંદ્રનું રચેલું ‘અપૂર્વ અવસર ક્યારે આવશે’ ગાતાં ત્યારે સાંભળનારા સૌ ભાન ભૂલી જતાં અને સૌ શ્રોતાઓને તે રડાવી દેતા. કચ્છીના નારીરત્નમાં મમ્મીબાઇ ત્યાગમાર્ગની દેવી સમાન હતા.

### ૯. માંકબાઇ

માંકબાઇ વીસા ઓસવાળ જ્ઞાતિનાં હતાં. તેમના લગ્ન કચ્છી કોડાયમાં થયાં પણ કમનસીબે તેમના પતિ નાનપણમાં ગુજરી ગયાં અને માંકબાઇ બાળપણમાં વિધવા થયાં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં અભ્યાસ કરવાની ભાવનાથી જોડાયા અને સંસ્થામાં જ રહેવા લાગ્યા. તેમના હૃદયમાં મહાત્મા ગાંધીજી પ્રત્યે ભક્તિભાવ હતો. તેઓ સ્વદેશીના આગ્રહી હોવાથી પોતે રેંટિયો કાંતતા અને ખાદી પહેરતા. શ્રમનો મહિમા તેઓ બરાબર સમજતા હોવાથી હંમેશ તે સ્વાશ્રયી રહ્યાં.

### ૧૦. મીઠાબાઇ

કચ્છ ગોધરાના વતની મીઠાબાઇ શ્રદ્ધા અને ભક્તિભાવને કારણે સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જોડાયા. અહીં રહીને તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ ખાનદેશમાં જઇને શ્રી માણેકજીભાઇ કલ્યાણજીભાઇને ત્યાં ચાર છ મહિના રહ્યાં અને સંગીતનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ પોંડિચેરી શ્રી અરવિંદ અને મીરાંદેવીના દર્શન કરવા ગયાં. જ્યાં તેઓ આશ્રમમાં બે મહિના રહ્યાં હતાં. પાછળથી મીઠાબાઇ કચ્છ કોડાયની શ્રી ગંગાબાઇ કન્યાશાળામાં હેડમિસ્ટ્રેસ (આચાર્ય) તરીકે ફરજ બજાવતાં હતાં.

### ૧૧. જેવુબાઇ :

મોટી ખાખર ગામમાં સં. ૧૯૨૪ (ઇ.સ. ૧૮૬૮) માં તાલા નથુને ત્યાં જેવુબાઇનો જન્મ થયો. તેમની માતાનું નામ ઉમઇ બાઇ હતું. જેવુબાઇના લગ્ન નાની ઉંમરમાં કચ્છી કોડાયમાં શ્રી જેવત નાગશીના પુત્ર મોણશી સાથે થયાં હતાં. પરંતુ કમનસીબે નાની ઉંમરમાં તે વિધવા થયાં. જેવુબાઇના વૈધવ્ય માટે આખા કુટુંબમાં અરેરાટી ફેલાઇ ગઇ. પણ જેવુબાઇને સદાગમ પ્રવૃત્તિ સંસ્થાની કલ્પલતા મળી ગઇ અને સત્સંગ તથા જ્ઞાનથી તેમનું જીવન ઉજ્જવળ બન્યું. જેવુબાઇએ સંસ્કૃત, પ્રાકૃત અને શાસ્ત્રોનો અભ્યાસ કોડાયમાં કર્યો પણ પછી ભુજ અને અમદાવાદમાં જઇને અભ્યાસ કર્યો. તેઓને આપ્તજનો તો સાધ્વી માનતા હતા અને તેઓ હતાં પણ ત્યાગમૂર્તિ સાધ્વીસમા ગુણોનો ભંડાર. સંવત ૧૯૯૦ (ઇ.સ. ૧૯૩૪) ના મહાવદ-૧ ની રાત્રે સાડા આઠ વાગે જેવુબાઇનું ૬૬ વર્ષની ઉંમરે અવસાન થયું.

શ્રી હેમરાજભાઇ સ્થાપિત સદાગમ પ્રવૃત્તિ સંસ્થાએ જ્યારે જૈન સમાજમાં વિધવા સ્ત્રીઓની પરિસ્થિતિ નાજુક હતી ત્યારે તેમને સાંત્વન માટે ઘણી જ ઉપયોગી સાબિત થઇ છે. આમ તો સમગ્ર ભારતમાં તે સમયે સ્ત્રીસમાજના દૂષણો પ્રસરેલાં હતાં. જેની સામે સમાજ સુધારકોએ જેહાદ જગાવી સ્ત્રીઉદ્ધારક કાર્યો કર્યા છે. પણ કચ્છનાં એક નાના ગામમાં સદાગમ પ્રવૃત્તિ સંસ્થાએ જે કામગીરી કરી છે તે ખરેખર વંદનીય છે. તે સમયે અબડાસા અને કંઠી વિસ્તારમાં જે જે ભાઇબહેનો સંસ્કૃત ભણેલા જણાય છે તે બધા કચ્છ કોડાયની સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જ ભણેલા હતાં જે નોંધનીય છે. ઉલ્લેખનીય છે કે વીતેલા યુગની કેટલીક જાજરમાન જૈન સ્ત્રીઓમાં કોડાયના ચાંપઇ પટલાણી અને માંડવીના મીઠીબાઇનું સ્થાન વિશિષ્ટ રહ્યું છે. મીઠીબાઇએ સં. ૧૯૩૯ (ઇ.સ. ૧૮૮૩) માં ભદ્રેશ્વરના જીર્ણોદ્ધારમાં મુખ્ય ફાળો આપ્યો હતો.

*(ક્રમશઃ)*

*આ સંસારમાં મનુષ્યોને કોઈ બીજું સુખ કે દુઃખ આપતું જ નથી. આ તેના ચિત્તનો ભ્રમ માત્ર છે. — ઉદ્ધવગીતા*

(પ્રકરણ-૧૭)

ઝારાનો ભીષણ સંગ્રામ

# મહારાણીનો પ્રકોપ

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

મહારાવશ્રી લખપતજી સાથે અણબનાવ થવાથી પૂંજા શેઠની સલાહથી યુવરાજ ગોડજી સોળ વરસની કાચી વયે સન ૧૭૫૨માં પોતાના માતુશ્રીની સાથે લઇને મુંદ્રા રહેવા ગયા હતા ને પૂંજો શેઠ પોતે થોડા વખત સુધી ત્યાં મુંદ્રામાં રહેતો હતો, પણ પાછળથી મિરઝા અમીરબેગની સોબત થતાં યુવરાજ ગોડજીએ પૂંજા શેઠનો ત્યાગ કર્યો હતો. **સ્વર્ગસ્થ મહારાવ લખપતજી ભોગવિલાસ તથા રંગરાગ-ભરેલું જીવન ગાળતા.** તેવું જીવન જોકે મહારાવ ગોડજી ગાળતા ન હતા, પણ એમનામાં સ્થિર બુદ્ધિનો અભાવ હોવાથી ચંચળ મનનાં, ક્રોધી તથા વિચારી પ્રકૃતિના બન્યા હતા અને એને લઇને એઓ વહેમી સ્વભાવના પણ બન્યા હતા. હૃદયની ઉદારતા તથા લાગણીનો એમનામાં અભાવ હતો તથા કંજૂસ વૃત્તિના હતા તેથી અમીરબેગના હાથનું રમકડું બની ગયા હતા. જરૂર પડતાં એમને માટે એ નાણાંનો બંદોબસ્ત કરી લાવતો તેથી એમના પર અમીરબેગનું વર્ચસ રહેતું.

ગોડજીના રાણા રાજકુંવરબા ઝાલી એમનાથી એકાદ બે વરસ મોટી ઉંમરના હતાં તથા શરીરે ઠીંગણા હતા. મહારાવ પદપ્રાપ્ત થયા બાદ મહારાણીનું એમના પર જરા વર્ચસ રહેતું; જો કે અમીરબેગનું વર્ચસ ઓછું થયું ન હતું.

સોનાં ત્યારે ભુજમાં જ પોતાના ઘરમાં એકલી રહેતી હતી. એને દીવાન દેવચંદ શેઠનો આશ્રય હતો તથા એની પાસે સુખેથી રહી શકે તેટલું ધન પણ બચ્યું હતું. એના શરીરનું લાવણ્ય હજી પ્રથમ જેવું જ હતું ને શરીર નીરોગી હોવાથી સુંદર આકર્ષક લાગતી; જો કે હવે એ પવિત્ર ને ભક્તિમય જીવન ગાળતી હતી. એ કોઇ કોઇ વાર દેવચંદ શેઠને ઘેર જતી ને કાકા નોંઘણજીની હવેલી એના ઘરની નજીકમાં જ હોવાથી એમને ઘેર પણ અવારનવાર જતી. અમીરબેગ મહાવિષયી હતો અને એ હજી સોનાને ભૂલ્યો ન હતો. એ કોઇપણ રીતે સોનાંને ફસાવવાનો તથા એનું અપહરણ કરવાનો લાગ શોધતો હતો.

નવરાત્રના દિવસ હતા. સોનાં એ દિવસોમાં દરરોજ સાંજે માતા આશાપુરાજીના મંદિરે દર્શને જતી હતી, કાકા નોંઘણજીની પુત્રી ધનકુંવર ઉર્ફે રઇબા પણ એની સાથે દર્શને જતી. એક દિવસ અમીરબેગ સોનાને આશાપુરાજીના મંદિરે દર્શને જતી હતી ત્યારે દૂરથી જોઇ ગયો. ધનકુંવર એની સાથે હતી, પણ એ બાળા કોણ હતી એ અમીરબેગ જાણતો ન હતો. પુષ્પની ખીલતી કડી સમાન ધનકુંવર તથા સુંદરી સોનાંને ઉઠાવીને ગામ બહાર નાસી જવા માટે એણે બે સીદીઓને સૂચના આપી તૈયાર કર્યા. સોનાં તથા ધનકુંવર મંદિરમાં માતાજીની આરતી પૂરી થયા બાદ દર્શન કરીને જ્યારે બહાર રસ્તા પર આવ્યાં ત્યારે વળાંક પાસે જ બંને સીદી આગળ આવ્યા. એક જણે ધનકુંવરને ખેંચીને ખભે ઉઠાવી ને નાસી જવા તજવીજ કરી ત્યાં સોનાં વચ્ચે કૂદી પડી બૂમો પાડવા લાગી. પણ બીજા સીદીએ એ વખતે એકદમ એની કૂખમાં જમૈયો ઘોંચી દીધો. સોનાં ભોંયે પડી. બીજો સીદી ધનકુંવરને લઇને નાઠો, પણ કુદરત-સંયોગે સામેથી મહાવીરસિંહ ગોહેલ માતાજીના દર્શને આવતો હતો. તેણે સીદીને નાકા તરફ નાસતો જોયો. એ સીદીની પાછળ દોડ્યો. જ્યારે એ પેલા સીદીની નજીક પહોંચ્યો ત્યારે એ સીદીએ ધનકુંવરને ભોંયે મૂકી દઇને મહાવીર પર છરી વડે હુમલો કર્યો. ઓચિંતો હુમલો થતાં ને ઉપરાઉપરી બે જખમ થતાં મહાવીરસિંહ ગંભીરપણે ઘવાયો. પરંતુ એણે પણ જમૈયા વડે એક પ્રહાર પેલા સીદી પર કર્યો. જેનાથી એ પણ સારી રીતે ઘવાયો. સોનાંને પ્રહાર થતાં એ પડી ગઇ તે સ્થળે એની બૂમો પરથી માણસો તરત જ ભેગા થઇ ગયા એટલે પેલો સીદી સોનાંને ઉઠાવી ગયા વિના ત્યાંથી એકદમ નાસી ગયો. ધનકુંવરની બૂમો સાંભળીને ઘણા માણસ નાકાની બહાર જ્યાં મહાવીરસિંહ ઘવાયેલ સ્થિતિમાં પડ્યો હતો ત્યાં આવી પહોંચ્યા. ઇજા પામેલ સીદી, માણસોને આવતા દેખીને તરત ત્યાંથી નાસી ગયો. ઘવાયેલ મહાવીર સિંહ તથા સોનાંને તરત એમને ઘેર પહોંચાડવામાં આવ્યાં. ધનકુંવરે એઓને ઘેર પહોંચાડવામાં મદદ કરી.

રાત્રે જ કાકા નોંઘણજી તથા દીવાન દેવચંદ શેઠને આ બાબતના સમાચાર મળતાં દેવચંદ શેઠે સોનાંની તથા મહાવીરસિંહની સારવાર થવા માટે રાત્રે જ સર્વ વ્યવસ્થા કરી. રાજમહેલમાં પણ ખબર પહોંચાડવામાં આવ્યા. હુમલો કરનાર સીદીઓ હતા એટલું જાણી શકાયું, પણ અમીરબેગની પ્રેરણાથી એઓ અપહરણ કરવા માટે ગયા હતા એવી કોઇને ખબર ન પડી. સીદીઓ નાસી ગયા હતા તેથી એઓ કોણ હતા એ જાણી શકાયું નહિ, પણ શહેરમાં તેમજ રાજમહેલમાં સીદીઓ વિરુદ્ધ પુણ્યપ્રકોપ જાગી ઊઠ્યો. એ રાતે જ દીવાન દેવચંદશેઠ તથા કાકા નોંઘણજી રાજમહેલ પર ગયા. એઓએ રાજમાતા તથા મહારાણી સાથે થોડીક મસલત કરી. મહારાવ ગોડજી સીદીઓ વિરુદ્ધ કંઇ પણ સાંભળવા તૈયાર ન હતા.

બીજે દિવસે સવારે મહારાવ ગોડજી જાગ્યા ત્યારે એમની તહેનાતમાં રહેનાર ખીમા ખવાસે સવારની શૌચક્રિયા પૂરી થયા બાદ મહારાવના સવારના શિરામણ માટેની વસ્તુઓ લાવી રજૂ કરી ત્યાં સુધીમાં એમનાં અંગરક્ષકો તરીકે ફરજ બજાવતાં બે સીદીઓ પૈકી કોઇપણ હાજર થયો નહિ ત્યારે એમને આશ્ચર્ય થયું. એઓ દરરોજ સૂર્ય ઊગ્યાં પહેલાં જ હાજર થઇ જતા હતા. રાજવડારણ આવી ગઇ અને મહારાણી પણ આવ્યાં. અંગરક્ષક સીદીઓ કેમ ન આવ્યા એ વિશે મહારાવે પૂછપરછ કરતાં કોઇપણ સીદી પ્રહરીને મહેલમાં જોયો નહિ. મહેલમાંથી બહાર નીકળવાના મુખ્ય દરવાજા

આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.

પાસે બે રાજપૂત સશસ્ત્ર સૈનિક ચોકી કરતા ઊભા હતા અને એક સશસ્ત્ર સૈનિક એમના શયનખંડની બહાર ચોકી કરતો હતો.

થોડી વારે કાકા નોંઘણજી તથા દીવાન દેવચંદ શેઠ મહારાવ પાસે આવ્યા અને એમણે મહારાવને બધી હકીકત જાહેર કરીને સીદીઓને રાજ્યમાંથી હાંકી કાઢવાનો હુકમ કરવા માટે વિનંતી કરી.

“આ સીદીઓ હવે બહુ બહેકી ગયા છે તેથી એમને તગડી મૂકવા જોઇએ” નોંઘણજીએ કહ્યું. “પણ કોઇ એકાદ બે જણે કંઇ ખરાબ કામ કર્યું હોય તેથી મારા અંગરક્ષકોને તથા આ મહેલમાં રાખેલ સીદી રક્ષકોને કેમ કાઢી મૂકાય? ગુનેગારોને સજા થશે” મહારાવે જણાવ્યું.

“એ બધા જોખમી માણસો છે. વળી અમારા પર ચોકી પહેરા રાખવાની આપને શી જરૂર પડી?” મહારાણીએ ત્યાં આવીને એક તરફ મર્યાદામાં ઊભાં રહીને પ્રશ્ન કર્યો.

“એ મારી ઇચ્છાની વાત છે, તમને કોઇને ખુલાસા કરવા હું બંધાયો નથી. તમે શિબંદીના નાયકને તરત બોલાવો.” મહારાવે દેવચંદ શેઠને હુકમ કર્યો.

“મેં એમને અહીં કોઇને પણ લાવવાની મનાઇ ફરમાવી છે.” મહારાણીએ વચ્ચે દરમ્યાનગીરી કરી મક્કમતાપૂર્વક જણાવ્યું.

“એટલે શું?” મહારાવે આકળા બની પૂછ્યું.

“અહીં આપની સેવામાં બધાં હાજર છે, બીજી વ્યવસ્થા કરવાની જરૂર નથી.” મહારાણીએ જણાવ્યું.

“પણ મારા અંગત માણસો ક્યાં?” મહારાવે પૂછ્યું.

“મહાવીરસિંહ ગૌહેલ ગંભીર રીતે ઘવાયા છે. એમને સીદીએ છરી વડે પ્રહારો કરી જખમી કર્યા છે અને અત્યારે બેભાન છે. હવે આપ શું ચાહો છો?” નોંઘણજીએ પૂછ્યું.

“અમીરબેગને બોલાવો.” મહારાવે કહ્યું.

“હમણાં એની અહીં શી જરૂર છે?” મહારાણીએ પ્રશ્ન કર્યો.

“તો શું તમે મને બહાર નહીં નીકળવા દો? મને કેદ કરવા માગો છો?” મહારાવે પૂછ્યું.

“આપને કોઇએ કેદ કર્યા નથી, પણ સીદીઓને તો દેશમાંથી બહાર તગડી મૂકવા પડશે અને એવું કરવાની વ્યવસ્થા કરવા મેં દીવાનજીને સૂચના કરેલ છે; કાકાજી તથા બીજા ભાયાતો જે કોઇ અહીં આવી ગયા છે તેઓ સહમત છે.” મહારાણીએ જણાવ્યું.

“તો શું તમે બીજા ભાયાતોને પણ બોલાવ્યા છે?”

“જી હાં, રાજમાતા પણ સહમત છે.” નોંઘણજીએ ખુલાસો કર્યો.

“એટલે કે તમે મને અહીં કેદ કર્યો છે?” મહારાવે આશ્ચર્ય પામી પૂછ્યું.

“એમ તો નથી, પણ અત્યારે આપશ્રીના રક્ષણ માટે મહેલમાં રાજપૂત વગેરે જુવાનોને રાખ્યા છે. આપની તબિયત પણ બરાબર નથી તેથી આપની તહેનાતમાં સીદીઓ સિવાય બીજા જુવાનોને રાખ્યા છે અને રાજમહેલમાંથી સીદીઓને રવાના પણ કરી દીધા છે.” મહારાણીએ, કહ્યું.

“એમ ? હું જોઇ લઇશ!” મહારાવે ગુસ્સે થઇને ઉદ્‌ગાર કાઢ્યા. મહારાણી, દેવચંદ શેઠ તથા નોંઘણજી ખંડ છોડી ગયા.

મહારાવ ખંડમાં એકલા જ રહ્યા. બહાર સશસ્ત્ર સૈનિકો ખડી ચોકી કરી રહ્યા હતા.

સોનાંને કૂખમાં થયેલ જખમ ઘણો ઊંડો હતો. વળી એ વિષ પાયેલ જમૈયા વડે કરવામાં આવેલ હતો. મહાવીરસિંહને થયેલ ઝખમો પણ ગંભીર હતા. અને વિષ પાયેલ છરી વડે કરવામાં આવેલ હતા તેથી જોખમી બનેલ હતા. સોનાંને ત્યાં તેમજ મહાવીરસિંહને ત્યાં દેવચંદ શેઠ, નોંઘણજી તથા ધનકુંવર વગેરે આખા દિવસ દરમ્યાન આવજા કરતાં રહ્યાં. ધનકુંવર પોતાને બચાવનાર કુમાર મહાવીરસિંહ ગોહેલ બચી જાય એ માટે ઇશ્વરને પ્રાર્થના કરવા લાગી તથા એની સેવા શુશ્રૂષા માટે એની પથારી પાસે આખો દિવસ બેસી રહી. વૈદ્યરાજે બધા ઉપચાર કર્યા, પણ લોહીમાં ઝેર પ્રસરી ગયેલ હોવાથી બધા ઉપાય નિષ્ફળ બન્યા અને બીજા દિવસે બપોર પછી બંને જણના કરુણ અવસાન નીપજ્યાં. સૌએ શોકપીડિત હૃદયે એમના દેહોનો અગ્નિસંસ્કાર કર્યો.

મહારાવ હજી પણ પીગળ્યા નહિ અને સીદીઓને તગડી મૂકવા એમણે હુકમ કર્યો નહિ. **ત્રીજે દિવસે મહારાણીના ખાસ હુકમથી ભુજમાંના આશરે ચારસો સીદીઓને કચ્છમાંથી બહાર હાંકી કાઢવામાં આવ્યા.** ત્યારબાદ મહારાવને નજરકેદમાંથી મુક્ત કરવામાં આવ્યા. એમણે ગુસ્સે થઇને, ભુજ છોડીને માંડવી રહેવા જવાનો નિશ્ચય કર્યો અને દીવાન દેવચંદ શેઠને તમામ કારભાર સંભાળવાનો હુકમ કરીને બીજે દિવસે જ એઓ રાણી અમાબાઇ તથા પોતાના અંગત રસાલા સાથે માંડવી ચાલ્યા ગયા.

માંડવીમાં અત્યારે વેપાર-ઉદ્યોગ સારા વિકસ્યા હતા. વરસાદ ઠીક થયેલ હોવાથી સારા પાકની આશા હતી. અહીંના જહાજવાડામાં ઘણાં વહાણ બંધાયાં હતાં અને બીજાં બંધાતા હતા. એક જંગી વહાણ તો દૂર વિલાયતની સફરે ગયું હતું અને દૂર દેશોની સફર કરીને થોડા વખતમાં પાછું આવનાર હતું.

મહારાવ માંડવી રહેવા ગયા તેથી દીવાન દેવચંદ શેઠ ચિંતાતુર બન્યા હતા. દેશમાં અરાજકતા ફેલાવાનો તથા વિદેશી આક્રમણનો પણ ભય રહેતો હતો. થોડાક દિવસ વ્યતીત થયા બાદ એઓ પોતે માંડવી ગયા અને મહારાવને સમજાવીને ભુજ પાછા લાવ્યા.

પણ ભુજ પાછા આવ્યા બાદ મહારાવની નાણાંની ભૂખ ચાલુ રહી. એમના મનની અસ્થિરતા તથા વધુ નાણું મેળવવાની પોતાની અશક્તિ ધ્યાનમાં લઇને, રાજા કંઇ ઊંધુ પગલું અમીરબેગ અથવા બીજાની બદ સલાહથી ભરે એ પહેલાં ચેતી જઇને દીવાન દેવચંદ શેઠે પોતાના દીવાનપદનું રાજીનામું આપ્યું અને માત્ર મહારાણીના કામદાર તરીકે જ નોકરીમાં ચાલુ રહ્યા. રાજાએ અમીરબેગની સલાહ પ્રમાણે બીજા દીવાન નીમ્યા. બે વરસ વ્યતીત થયા. સન ૧૭૭૦ ની સાલ આવી પહોંચી.

*(ક્રમશઃ)*

*અનાસક્તિથી નિઃસ્વાર્થભાવે કર્મ કરતા રહો.*

# કચ્છના રાઓશ્રી દેશળજી પહેલા (દેશરા-પરમેશરા)ના રાજકવિશ્રી હમીરજી રત્નુ અને ભુજિયો ડુંગર

● પુષ્પદાન શંભુદાન ગઢવી ●

કચ્છ રાજ્યમાં દેશરા પરમેસરાનું બિરુદ પ્રાપ્ત કરનાર રાઓશ્રી દેશળજી પહેલા (સંવત ૧૭૭૫-૧૮૦૮, ઈ.સ. ૧૭૧૯થી ૧૭૫૨)ના રાજકવિ શ્રી હમીરજી રત્નુએ રાઓશ્રી દેશળજી બાવાના રાજકવિ તો હતા પરંતુ તેઓ રાઓશ્રીનાં ખૂબ જ પ્રીતિપાત્ર અને વિશ્વાસુ સાથીઓમાંના એક હતા.

**હમીરજી રત્નુના દાદાશ્રી ભારમલજીને રાઓશ્રી તમાચીજીએ રાજસ્થાનથી ખાસ બોલાવીને પોતાનાં રાજકવિ પદે સ્થાપ્યા હતા.** આ ભારમલજીના ત્રણ પુત્રો થયેલા : (૧) ગિરધર, (૨) ગોકળ અને (૩) હરિરામ. આ ત્રણે ભાઈઓનાં નામે રાઓશ્રી પ્રાગમલજી પહેલાએ આસો સુદ-૧૪, વિ.સં. ૧૭૫૭નાં લેખથી રાયધણજર (તા. ભુજ) ગામ આપેલ. આ ત્રણ ભાઈઓ પૈકીનાં ગિરધરના પાછળ તેમનાં એક જ દીકરા હમીરજી થયા. જેઓ સંસ્કૃત ભાષા-સાહિત્યમાં પીંગળશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, રાજનીતિ શાસ્ત્ર વગેરેમાં અતિ વિદ્વતા પ્રાપ્ત કરી હતી અને તેઓ એ વખતનાં કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત રાજસ્થાન વગેરેનાં કવિઓમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા. તેની ખાતરી માટે તે વખતે નીચે જણાવ્યા પ્રમાણેનાં દોહરામાં એમના માટે કહેવાયું છે કે :

*બેઆ કવેસર બપડા, નદીયા હંદા નીર,*
*(પુનઃ) ગુણસાગર ગિરધર તણો, હય દરિયાવ હમીર.*

રાઓશ્રી દેશળજી પહેલાના અમાત્ય મંડળમાં શ્રી દેવકરણ શેઠનું નામ ખાસ મોખરે છે અને તેઓના વખતમાં ભુજ શહેરનો આલમપનાહ ગઢ તથા ભુજિયા કિલ્લાનું બાંધકામ પૂરું થઈ ગયું હતું. અને તેથી તે વખતનાં સંયોગાનુસાર ભુજની પ્રજા નિર્ભય બની હતી.

**શ્રી હમીરજી રત્નુને રાઓશ્રી દેશળજી તો ઘણું માન-સન્માન આપતા હતા. પરંતુ તે વખતના સમગ્ર ભાયાતો પણ શ્રી હમીરજી રત્નુને ઘણો આદર અને માન આપતા હતા** અને રાજ્ય તથા ભાયાતો વચ્ચે ક્યારેક ક્યારેક નાની મોટી વાતમાં કડવાશ કે અંતરાય વધે તેવા સંયોગોમાં આવી કડવાશ અને અંતરાયો દૂર કરવામાં શ્રી હમીરજી રત્નુનું ઘણું મોટું યોગદાન હતું. ભાયાતો માટે જે કાવ્યોની રચના કરી છે તે પરથી જાણી શકાય છે કે આ કાવ્ય કચ્છ દર્શનમાં શ્રી શંભુદાનજીએ જણાવ્યા છે.

## ● શ્રી હમીરજી રત્નુની કાર્યદક્ષતા અને કાબેલિયતનો એક પ્રસંગ :

*રાવશ્રી દેશળજી બાવાના કુંવરીબાને પડેલ દુઃખમાંથી છોડાવવાનો પ્રસંગ :*

કુંવરી સાહેબાને તે વખતના મેવાડના રાણા શ્રી પચાણસિંહજી જગતસિંહજી વેરે પરણાવેલા હતા. પરંતુ લગ્ન પછી રાવશ્રી દેશળજી બાવાને થયું કે તેમના કુંવરીબા ત્યાં દુઃખી અવસ્થામાં ત્યક્તા જેવી સ્થિતિમાં દિવસો વિતાવે છે. આના કારણમાં એવું જાણવા મળ્યું હતું કે આ લગ્ન બાદ પાછળથી શ્રી રાણા સાહેબનાં મનમાં કોઈકે એવું ઠસાવી દીધું હતું કે, કચ્છના જાડેજા રાજવીઓ તો મુસલમાન ધર્મ પાળે છે અને સુવરનું માંસ પણ ખાતા નથી. તેમના વંશજોની વંશાવલીનું પણ કોઈ ઠેકાણું નથી. આવા રાજ્યની દીકરીઓ સાથે હિન્દુવા છત્ર, ઉદયપુરનાં રાણાઓ કેમ સંબંધ નિભાવી શકે?

આવી કેટલી ખોટી ભંભેરણીમાં રાણા આવી ગયા અને ત્યારથી જાડેજા રાણીના મહેલ સાથેનો વ્યવહાર બંધ કરી દીધો. આના માટે રાણાને કોણ સમજાવી શકે? કારણકે, આમાં બળજબરી તો ક્યાંય કામ ન આવે અને બહુ દૂરના સંબંધો રહ્યા તેની ચિંતામાં રાવશ્રી દેશળજી બાવા ડૂબી ગયા અને પોતાની આ ચિંતાની વાત તેઓએ રાજકવિ શ્રી હમીરજીને કરતા હમીરજીએ આ બાબતમાં પોતાનાથી બનતા પ્રયાસો કરવાનાં અને ઉદયપુર જઈ રાણા સાહેબને સમજાવવાના અને સાચી પરિસ્થિતિથી વાકેફ કરવા માટેનું જો રાવશ્રી તેમને મેવાડના રાણા સાહેબ પાસે જવાની રજા આપે તો મેવાડ જઈ આ વિકટ સમસ્યાનો ઉકેલ લાવવા જરૂર પ્રયાસ કરશે તેવું જણાવ્યું.

મેવાડ જતા પહેલાં હમીરજીએ આવા પ્રસંગે થતા વાર્તાલાપમાં પોતાને ઉપયોગી થાય તે માટે જાડેજા વંશની (યદુવંશની) વંશાવલી માટેનું એક બૃહદ્ કાવ્ય પોતે તૈયાર કર્યું. જે કાવ્ય પણ શ્રી શંભુદાનજી ગઢવીએ પોતાના કચ્છદર્શન પુસ્તકમાં વિસ્તૃત રીતે જણાવ્યું છે.

શ્રી હમીરજી રત્નુએ ઘણા દિવસોના પ્રવાસ કરતા કરતા મેવાડના રાણા સાહેબને રૂબરૂ મળવા માટે ઉદયપુર પહોંચ્યા. જ્યાં મેવાડનાં રાણાએ શ્રી હમીરજી રત્નુની વિદ્વતા પારખી ખૂબ માન સન્માન આપ્યું અને **શ્રી હમીરજી રત્નુએ કચ્છના જાડેજા વંશનો - યદુવંશના ઇતિહાસની સચોટ વાતો છંદો, કાવ્યો બોલી, પુરાણો, ઇતિહાસોના આધાર આપી રાણા સાહેબને ચોક્કસ કરાવ્યું કે જેમ આપ આજ સુધી રઘુવંશમાં નિષ્કંલક છો, એમ યદુવંશમાં આ જાડેજા કુળ પણ નિષ્કલંક છે.**

શ્રી હમીરજી રત્નુએ આ રીતે તેઓના ઉદયપુરમાં ઘણા દિવસોના રોકાણના કારણે મેવાડના મહારાણાજીને નક્કી કરાવી આપ્યું કે આ જાડેજા કુળ પણ મેવાડના રાણાના કુળની જેમ જ નિષ્કલંક છે અને તેઓએ ખોટી

*અસફળતા પોતાના આંચલમાં સફળતાના ફૂલ લઈને જ આવે છે.*

સમજથી જાડેજી રાણીને અન્યાય કર્યો છે અને તેમની આ બધી શંકાઓ દૂર થતાં મહારાણા સાહેબ, જાડેજી રાણીનાં મહેલે પધાર્યા અને પોતાની ભૂલ બદલ પશ્ચાતાપ વ્યક્ત કર્યો.

રાણા સાહેબ તથા જાડેજી રાણીના આગ્રહથી હમીરજી રત્નુને ઘણા માન-સન્માન સાથે ઘણા દિવસો ઉદયપુરમાં રોકવામાં આવ્યા અને વિદાય લેવાનો પ્રસંગ આવ્યો ત્યારે મેવાડના મહારાણાએ શ્રી હમીરજીને વિદ્વાન ચારણ કવિ જાણી અને પોતાના ખાસ માનીતા જાણી તેઓનાં માટે એક લાખ પશાવ જેવા પોશાક તૈયાર કરાવ્યો અને ઉપરાંતમાં સોનાના ઝવેરાતવાળા દાગીનાં, રોકડ રકમ અને સોના-ચાંદીનાં સાજ સાથેનો ઘોડો તૈયાર કરાવી બીજા દિવસે દરબાર ભરી આ વિદ્વાન ચારણને આપવા હાથ સામે કર્યો પરંતુ હમીરજી માટે મોટી મૂંઝવણ ઊભી થઈ કે કચ્છના તમાચી પેટ સિવાય કોઈની પાસેથી કંઈક પણ યાચક તરીકે કંઈ સ્વીકારી શકે નહિં તેવી તેમના વડીલોની ટેક હોવાના કારણે રાણાશ્રીનો હાથ પાછો ઠેલવાની સ્થિતિમાં મૂકાઈ ગયા. તે વખતે બે હાથ જોડી હમીરજી રત્નુએ રાણા સાહેબને વિનંતી કરવા લાગ્યા કે પોતે કચ્છનાં રાઓશ્રીનાં અયાચી ચારણ હોઈ, પોતે આ પોશાક ભેટ સોગાદ સ્વીકારી શકે તેમ નથી. અને તે પ્રસંગે તેઓએ રાણાશ્રીને નીચે જણાવ્યા મુજબનો દોહો કહ્યો.

*પાંચા જગા ઉતરા, તું સહ વાતા સમરાય*
*(પણ) અમે અયાચી રાવરા, (એ) દુજે ન માંડા હાથ.*

રાણા સાહેબ પોતાનો હાથ પાછો ઠેલાતો જોઈ થોડા રોષમાં આવી હમીરજીને જણાવવા લાગ્યા કે કવિરાજ, તમે તો શું પણ તમારા રાવશ્રી પણ અમારો હાથ પાછો ઠેલી શકે નહિં અને હું જોઉં છું કે જ્યાં સુધી તમો આ પોશાક ભેટ સોગાદો નહીં સ્વીકારો ત્યાં સુધી તમને અહીંથી જવા દેવામાં નહીં આવે. પછી ભલે તમારા રાઓ અમારા પર ચડાઈ કરીને આવે અને અમને હરાવ્યા બાદ તમોને છોડાવી લઈ જાય.

આવી પરિસ્થિતિનું નિર્માણ થતાં શ્રી હમીરજી રત્નુને ઉદયપુરમાં માન સન્માનથી પણ નજરકેદમાં રોકી રાખવામાં આવ્યા તેવા વખતે શ્રી હમીરજીએ મા કરણીજીને અરજ કરતી ઘણી બધી કાવ્ય સ્તુતિઓ કરી અને મા કરણીજીએ પોતાની દયા કરી અને ચમત્કારિક રીતેથી શ્રી હમીરજી રત્નુને રાણાના બંધનમાંથી મુક્તિ અપાવી અને હેમખેમ રીતે કચ્છ પરત પહોંચાડી આપ્યા. જેની યાદમાં હમીરજી રત્નુએ આઈશ્રી કરણીમાંની દેરીની સ્થાપનાં પોતાનાં ગામ રાયધણપર મધ્યે કરી હતી જે આજે પણ ત્યાં મોજૂદ છે.

અમદાવાદનાં દિલ્હી સલ્તનતના સૂબા શેરબુલંદ સંવત ૧૭૮૫ના અરસામાં જ્યારે કચ્છ પર આક્રમણ કર્યું તે વખતે કચ્છનાં રાઓશ્રીનાં પડખે ઊભા રહેવામાં અને આ આક્રમણનો સામનો કરવા માટે કચ્છનાં ભાયાતો અને પ્રજાજનોને તૈયાર કરવામાં શ્રી હમીરજી રત્નુનું યોગદાન બહુ ઘણું છે. જેની કેટલીક વિગતો સંક્ષિપ્તમાં નીચે જણાવ્યા પ્રમાણે છે. આ આક્રમણ વખતે ભુજિયાનાં કિલ્લાનાં કારણે કચ્છનો બચાવ થઈ શક્યો અને કચ્છ એ મુસ્લિમ શાસિત પ્રદેશ બનતા બચી ગયો.

- **શેરબુલંદ ખાને કચ્છ પર કરેલ ચડાઈ વખતે શ્રી હમીરજીની કાર્યદક્ષતા અને કાબેલિયતનો બીજો પ્રસંગ**

સંવત ૧૭૮૫નાં અરસામાં દિલ્હીના તખ્ત પર મહંમદશાહ નામનો બાદશાહ હતો. એ વખતે આ બાદશાહ સમક્ષ એવી રજૂઆત થઈ હતી કે કચ્છની બાજુનો સિંધપ્રદેશ, કચ્છનાં જાડેજા રાજવીઓ પોતાનાં હસ્તક કરવાની કોશિશ કરે છે જે પરથી બાદશાહે કચ્છ પર ચડાઈ લઈ જવા અને સિંધને બચાવવા માટે લશ્કરી તૈયારી કરી. તે વખતે શેર બુલંદખાનને અમદાવાદનાં સૂબા તરીકે નિમણૂક કરી તેની સરદારી હેઠળ કચ્છ પર ચડાઈ કરી કચ્છ રાજ્યને જીતી લેવા બાદશાહે હુકમ કર્યો.

દિલ્હી સલ્તનતનાં હુકમની કચ્છમાં જાણ થતાં રાઓશ્રી હમીરજી પહેલાએ કચ્છના ભાયાતો તથા પ્રજાનાં લડાયક વર્ગનાં સર્વે આગેવાનોને બોલાવી કચ્છ પર આવતા આક્રમણનો સામનો કરવા માટેની તૈયારી આદરી, કચ્છ પરનાં આક્રમણને રોકવા માટેની કચ્છમાં રાજ્ય તરફથી તથા સર્વે પ્રજાજનો તરફથી પુરજોશમાં તૈયારીઓ થવા લાગી, પરંતુ તે વખતે આ તૈયારીઓ માટેના કચ્છનાં રાજવીનું માર્ગદર્શન સતત લશ્કરને તથા પ્રજાજનોને મળે તે અતિ જરૂરી હતું. **પરંતુ રાઓશ્રી દેશળજી પહેલા પોતે બહુ જ ધાર્મિક વૃત્તિનાં હોઈ અને તેઓનાં ધાર્મિક નિત્યક્રમ અને પૂજાપાઠમાં રોજ સવાર-સાંજ ચાર-ચાર કલાકથી વધારે સમય વ્યસ્ત રહેતા હતા.** અને તેઓના આ કાર્યક્રમમાં કોઈપણ વ્યક્તિ ક્યારે તેમને મળી શકે નહિ અને તેમની પૂજા વિધિમાં દખલ કરી શકે નહિ એવી રાઓશ્રીની કડક સૂચનાના કારણે લશ્કરી તૈયારીમાં ગમે ત્યારે રાઓશ્રીનાં સૂચનો - હુકમો અને માર્ગદર્શનની જરૂરત ઊભી થાય ત્યારે રાઓશ્રીને તેમનાં પૂજન-વિધિના કાર્યક્રમનાં સમય દરમ્યાન રાજ્યનાં લશ્કરી વડા તથા અન્ય અધિકારીઓને મળવામાં ખૂબ મોટી મુશ્કેલી અને અડચણ ઊભી થવા પામી. તો આ મૂંઝવણનો રસ્તો કોણ કાઢે? અને રાઓ સાહેબ સમક્ષ આ મુશ્કેલી અંગેની રજૂઆત કોણ કરે તે માટે રાજ્યના ઉચ્ચ અધિકારી અને અમાત્ય વર્ગે આ જવાબદારી શ્રી હમીરજી રત્નુને સોંપવી અને તેઓ આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી કાંઈક માર્ગ જરૂર શોધી શકશે તેવો આ અધિકારી વર્ગ અને કચ્છનાં ભાયાતોને વિશ્વાસ હતો. જેથી આ બધી વિગતથી શ્રી હમીરજી રત્નુને વાકેફ કરવામાં આવ્યા અને તેઓને આ બાબતમાં રાઓ સાહેબને સમજાવશે તેવું સૌને આશ્વાસન આપ્યું.

શ્રી હમીરજીએ રાઓ સાહેબને રૂબરૂ મળી ભાયાતો તથા અધિકારીઓ જે મૂંઝવણ અનુભવી રહ્યા હતા તેની વિગતવાર વાત કરી જે પરથી રાઓ સાહેબે પોતાના ધાર્મિક નિયમોનાં બંધનની મૂંઝવણ પણ તેઓશ્રીએ હમીરજી સમક્ષ જણાવી જે પરથી **શ્રી હમીરજીએ રાઓ સાહેબને સુઝાવ આપ્યો કે હું આપને એક એવું કાવ્ય બનાવી આપું કે જે એક જ કાવ્યમાં આપની બધી પૂજાવિધિ આવી જાય અને સમયનો પણ બચાવ થઈ જાય.**

આ રીતે હમીરજીએ રાઓ સાહેબને એક એવું કાવ્ય બનાવી આપ્યું કે જેના પઠનમાં બધા જ પ્રકારની સ્તુતિ આવી જતી હતી.

રાઓશ્રી દેશળજી બાવાને હમીરજી રત્નુ પર ખૂબ જ વિશ્વાસ હતો અને તેઓની વિદ્વતા અને સચ્ચાઈનાં કારણે શ્રી હમીરજીએ આપેલ સૂચન અને સલાહ મુજબ ધાર્મિક વિધિ કરવા માટે સંમતિ આપતા. રાઓશ્રીનું નેતૃત્વ ભાયાતોને અને અધિકારી વર્ગને મળતા. કચ્છે આ આક્રમણ ખાળવાની સંપૂર્ણ તૈયારી કરી અને કચ્છનાં લશ્કરને વ્યૂહાત્મક રીતે ભુજિયાના કિલ્લાની અંદર ગોઠવી - શેર બુલંદખાનના આક્રમણનો સામનો કરવાનું આયોજન ગોઠવવામાં આવ્યું. શ્રી હમીરજી રત્નુએ શેર બુલંદખાનના આક્રમણ સમયનો ચિતાર આપતી કાવ્ય રચનાઓ કરી છે. જે તેઓની કાવ્ય રચનાઓને શ્રી શંભુદાનજી ગઢવીએ પોતાનાં પુસ્તક કચ્છ દર્શનમાં પાના નં.-૭૫થી ૯૦ સુધીમાં વિગતવાર જણાવી છે.

**ભુજિયા ડુંગર પરનાં કિલ્લાના કારણે દિલ્હીના બાદશાહ પ્રેરિત અમદાવાદના સુબા શેર બુલંદખાનના કચ્છ પરના સંવત ૧૭૮૫માં થયેલા આક્રમણમાં કચ્છનો બચાવ થઈ શક્યો અને કચ્છ મુસ્લિમ શાસિત પ્રદેશ બનતા બચી ગયો. તે રીતે સમગ્ર કચ્છવાસીઓ માટે ભુજિયો ડુંગર અને તેના પરનો કિલ્લો એ કચ્છની આન, બાન અને શાન છે. એટલે જ કચ્છના લોકપ્રિય લોકકવિ આદરણીય શ્રી કારાણીજીએ ભુજિયા ડુંગરને 'કાચ્છે જો શણગાર' 'કચ્છનું સિંહાસન' વગેરે વિશેષણોથી નવાજેલ છે.**

આ ભુજિયા ડુંગર પરનાં ઐતિહાસિક યુદ્ધમાં શ્રી હમીરજી રત્નુએ અતિ અગત્યનો ભાગ ભજવેલ અને તે વખતની સમગ્ર પરિસ્થિતિનો ચિતાર તેઓશ્રીએ રચેલાં કાવ્યો દ્વારા જીવંત રાખ્યો છે. તે માટે કચ્છવાસીઓ આપણે શ્રી હમીરજી રત્નુના ઋણી છીએ.

વિશેષમાં ભુજિયા ડુંગર પરના કિલ્લાનું બાંધકામ એ પણ જે તે સમયનાં બાંધકામ ક્ષેત્રનાં કચ્છનાં કારીગરોની કલા કૌશલ્યની આપણને યાદ અપાવે છે. વિશેષમાં ભુજિયા ડુંગર પરના કિલ્લાનાં કારણે આ ડુંગર પર ઘણી અલભ્ય વનસ્પતિઓ આજદિન સુધી જળવાઈ રહી છે અને આ સ્થાન નાના નાના વનચરો અને પક્ષીઓ માટેનું એક આદર્શ અભયારણ્ય વિરામ સ્થાન બની રહેવા પામ્યું છે.

તેમજ ધાર્મિક દૃષ્ટિએ જોતાં કચ્છના પ્રજાજનો માટે ભુજંગ દેવનું સ્થાન તથા ખેતરપાળ જેવા દેવતાઓનાં સ્થાનના કારણે હજારો પ્રજાજનો માટે આ એક શ્રદ્ધાનું સ્થાન હોઈ તે રીતે પણ આ સ્થાનની મહત્તા બહુ ઘણી છે.

*એમએફ/૪, ઓધવધામ એપાર્ટમેન્ટ,*
*આકાશવાણી સ્ટેશન સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

# ચાલો કચ્છ જોવા

• મુકુંદ કે. મહેતા 'અલ્પ' •

ઈતિહાસથી ઉપેક્ષિત અને વર્ષો લગી, કચ્છ એટલે માત્ર રણ પ્રદેશ એવી ભારત અને જગતનાં લોક માનસમાં છબી ધરાવતું કચ્છ, આઝાદી બાદ અને ખાસ કરીને ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧નાં મહા વિનાશકારી ધરતીકંપ બાદ, જગતનાં ભારતના અને ગુજરાતના નકશા પર, ફિનીક્સ પક્ષી જેમ રાખમાંથી બેઠું થાય તે રીતે જનમાનસ અને આમ જનતાની દૃષ્ટિ પર ઉપસી રહેલ છે.

આમ તો કચ્છ પ્રદેશ અત્યંત પુરાણો પ્રદેશ છે. અનેક ચડતી પડતીનો સાક્ષી છે અને રાજાશાહીની જોહુકમી અને ક્યારેક રાજાઓની સારાઈનો કચ્છ સાક્ષી છે.

કચ્છ વિશે, કચ્છના ઈતિહાસ વિશે, રાજાશાહી વિશે તો કચ્છનાં ઘણા વિદ્વાન કચ્છી લેખકોએ ઘણું બધું લખેલ છે. એટલે એ વિશે અત્રે કોઈ પુનરાવર્તન કરવાનો આ લેખકનો ઈરાદો નથી પરંતુ કચ્છમાં કેટલું કેટલું જોવાલાયક માણવાલાયક અને કચ્છની કુદરતી પ્રાકૃતિક અને ધાર્મિક સંસ્કૃતિમાં ધરબાયેલું પડ્યું છે તેની આછેરી ઝલક દર્શાવવાનો આ મારો નમ્ર પ્રયાસ માત્ર છે.

શરૂઆત કરું તો કચ્છી કવિ સ્વ. શ્રી નિરંજનના નીચેના શબ્દોને યાદ કરીએ.

*"હેમારે વટ પુગો નિરંજન, ધીણોધર સંભરન*
*અસીં બાલુડા બુલ બુલ ઈનજા, માડી અસાંજો ચમન."*

કવિ નિરંજને આ ચાર લીટીમાં ઘણું બધું કહી દીધું છે. કચ્છી તરીકેની કચ્છીયત ભાવનાની બેનમૂન છબી શ્રી નિરંજનની આ ચાર લીટીઓમાં શબ્દે શબ્દે ઝરે છે.

આવો આપણો આ કચ્છ મુલક વર્ષો લગી, વણપિછાણ્યો વણ ઓળખાયેલો અને ઉપેક્ષિત રહ્યો. એને હવે આપણે ભૂલી જઈ, ચાલો કચ્છનાં સાચા દર્શન કરીએ.

સૌથી પ્રથમ તો કચ્છમાં શિલ્પની દૃષ્ટિએ, સ્થાપત્યની દૃષ્ટિએ, ધાર્મિક સ્થળો, માણવાલાયક સમુદ્ર કિનારો, પર્યટનધામો, જેવા વિવિધ જોવાલાયક સ્થળો વિશે થોડુંક નિહાળીએ તો.

ભુજમાં રાજાઓની સમાધિ સમાન છતરડી શિલ્પકળાનો બેનમૂન નમૂનો છે. આવું ઝીણું સુંદર આબેહૂબ શિલ્પ એ ખરેખર કચ્છની શિલ્પ કળા શિરમોર શિલ્પ કળા સમાન છે.

શિલ્પ સ્થાપત્યના અન્ય જોવાલાયક સ્થળોમાં ભુજથી વીસેક કિલોમીટરને અંતરે આવેલ કેરા ગામ કોટાય. આ ઉપરાંત પુંઅરો ગઢ, લખપત, કંથકોટ, તેરા (અબડાસા)નો ઐતિહાસિક કિલ્લો, મણિયારો ગઢ, અંધૌ, ધોળાવીરા, કોટેશ્વર, ભુજનો આઈના મહેલ, પ્રાગમહેલ, વિજય વિલાસ — આ બધા શિલ્પ કળાની સાક્ષી પુરતા પૌરાણિક પુરાતત્ત્વ સ્થળો જોતાં કચ્છની શિલ્પ અને પુરાતત્ત્વની સમૃદ્ધિની છબીને છતી કરે છે.

આ ઉપરાંત ધાર્મિક સ્થળોમાં આશાપુરા દેવી, માતાનો મઢ, કોટેશ્વર, નારાયણ સરોવર, વાંઢાય, જેસલ તોરલ, પ્રબ, રાપર-રવનું રવેચી માતાનું મંદિર, માધાપર અને દેવપરનાં યક્ષમંદિરો, બિલેશ્વર મહાદેવ (માંડવી), ધોંસા, હાજીપીર જેવાં અનેક ધાર્મિક સ્થળો હિંદુ મુસ્લિમ સંસ્કૃતિ અને ભાઈચારાની મિશાલ સમાન છે.

કાળો ડુંગર, ધીણોધર, ઝારા ડુંગર જ્યાં ઐતિહાસિક ઝારાનું યુદ્ધ થયેલ હતું. આવા ઐતિહાસિક મનોરમ્ય ડુંગરો કચ્છની પૌરાણિક સમૃદ્ધિ સમાન છે. કચ્છનાં રણની શી વાત કરવી!

**કચ્છ જેવું સફેદ રણ તો ભાગ્યે જ ક્યાંય જોવા મળે.** આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છીઓને જ નહીં જગતની પર્યટક પ્રિય જનતાને કચ્છનાં રણની, રણની શોભાની અને રણ પણ માણવા જેવી જગ્યા છે તેની સારી પહેચાન કરાવેલ છે. દર વર્ષે નિયમિત યોજાતા રણોત્સવમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી હજારો પર્યટકો રણની કુદરતી નજાકતનો આનંદ લૂંટવા કચ્છની મુલાકાત લે છે.

આ રીતે કચ્છમાં શું નથી? અરે એક દૃષ્ટિએ જોઈએ તો કચ્છમાં જે શિલ્પકળા, પુરાતત્ત્વ - સ્થાપત્યો, ધાર્મિક સ્થળો, રળિયામણું રણ અને ડુંગરો અને સૌથી વિશેષ તો અદકેરો આવકાર ભર્યો ભાઈચારો, જગતનાં અન્ય પ્રદેશમાં શોધવા નીકળો તો પણ જોવા મળે કે નહીં એ વિચારવાલાયક બની જાય.

આ રીતે શિલ્પ, સ્થાપત્ય, ધાર્મિક સ્થળો વગેરેની દૃષ્ટિએ અત્યંત રોચક અને જોવાલાયક પ્રદેશ છે. મેં શરૂઆતમાં વર્ણવ્યા તે સ્થળો પૈકી તમામ સ્થળોની વિગતવાર માહિતી આપવી હોય તો દરેક સ્થળ, સ્થાપત્ય માટે અલાયદો લેખ લખવો પડે તેમ છે. પરંતુ આ સ્થળો પૈકી નીચેના કેટલાક ખાસ સ્થળોની આછેરી ઝલક આપવી અનિવાર્ય છે એમ મને લાગે છે અને તે માહિતી નહીં આપું તો મારો આ પ્રયાસ અધૂરો લાગશે. જેથી નીચેના કેટલાક ખાસ સ્થળો વિશેની થોડીક ઝલક આપી મારો લેખ પૂર્ણ કરીશ.

### ★ રાજાઓની છતરડી

ભુજ શહેર જે કચ્છનું પાટનગર છે ત્યાં કચ્છમાં થઈ ગયેલ સ્થળોની છતરડી શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ બેનમૂન છે. અત્યારે જ્યાં ગાયત્રીનું મંદિર આવેલ છે, તેની પછવાડે સમાંતરે આ છતરડીઓ આવેલી છે. ઘુમ્મટ આકારની રાજવીઓનાં સ્મારકોની ઝાંખી કરાવતી કલાત્મક આ છતરડીઓ જોવા જેવી છે,

*દુષ્ટ, મૂર્ખ અને માર્ગથી ભટકી ગયેલાને સમજાવવું ઘણું કપરું છે.*

જેમાં ખાસ કરીને રાવશ્રી લખપતજીની છેલ છતરડી, કલાત્મક્તાના બેનમૂન નમૂનારૂપ છે.

### ★ આઈના મહેલ

રાવશ્રી લખપતજીએ ૧૭૫૨થી ૧૭૬૧ દરમ્યાન જેનું સર્જન કરાવેલ છે તે ભુજનો આઈના મહેલ સમગ્રતયા નામ પ્રમાણે વિવિધ અરીસાઓ મઢી તૈયાર કરેલ, વાસ્તવમાં અરીસા મહેલ છે. આઈનાઓથી આચ્છાદિત દીવાલો, વિવિધ ફુવારા, કાચનાં ઝુમ્મરો, હાથીદાંતના નકશીકામથી જડેલ દરવાજાઓ, અનેક પુરાણી વસ્તુઓના સંગ્રહ સ્થાનરૂપ કચ્છ સ્થાપત્યની અને શિલ્પ, કળા-કારીગરીની બેનમૂન છબી પ્રત્યક્ષ કરે છે.

આ ઉપરાંત ઐતિહાસિક પ્રાગમહેલ, શરદબાગ, એ રાજાશાહી સ્થાપત્યનાં જોવાલાયક સ્થળો છે. પ્રાગમહેલ ઇટાલિયન કલા કારીગરીના નમૂનારૂપ, ઇટાલિયન ઈજનેરોએ બાંધેલ અત્યંત વિશાળ પટાંગણમાં આવેલ બેનમૂન શિલ્પ કારીગરીની સાક્ષીરૂપ જોવાલાયક મહોલાત છે અને આ પ્રાગમહેલને શોભાવતું અને કદાચ ભારતમાં કદાચ ક્યાંય નહીં હોય એવો ટાવર ઘડિયાળ, દર પંદર પંદર મિનિટે સમયની યાદ અપાવતું અને સંગીતમય ટકોરા સંભળાવતું કદાચ સમગ્ર ગુજરાતનાં કોઈપણ શહેરમાં નહીં હોય એવો આ ટાવર ભુજની ઓળખનું એક અનેરું પાસું છે એમ કહી શકાય. છેલ્લા કેટલાક વર્ષોથી આ ટાવરના ટકોરા ભુજની પ્રજાથી રીસાઈ ગયા હતા પરંતુ હવે એવું જાણવા મળેલ છે કે કચ્છનાં જ એક કારીગરે અત્યંત જહેમત બાદ આ ટાવરને ફરીથી રણકતું કરેલ છે.

શરદબાગ, મ્યુઝિયમ, કચ્છ સંસ્કૃતિ દર્શન, આ બધા સ્થળો ભુજમાં અત્યંત દર્શનીય અને કચ્છની આગવી ઓળખને ઉજાગર કરાવતા પ્રતીકો છે. કલા, ઇતિહાસ, સંસ્કૃતિ, લોકજીવન, ઉદ્યોગ, હસ્તકલા વગેરે વિવિધ પાસાંઓનું સચોટ રીતે દર્શન કરાવતું ભુજનું આ મ્યુઝિયમ કદાચ ભારતનાં અન્ય મ્યુઝિયમોની સરખામણીમાં નંબર વનનું સ્થાન લઈ શકે તેવું છે. કચ્છના ગામડાંઓની ભાતીગળ સંસ્કૃતિનાં પ્રતીક સમું કચ્છ સંસ્કૃતિ દર્શન કચ્છ અને પર્યટકોને જોયા વિના ન ચાલે એ હકીકતનો ઈનકાર કોઈ પણ વ્યક્તિ કરી શકે તેમ નથી.

રાજવીઓના શોખ, જાહોજલાલીનાં પ્રતીક સમું શરદબાગ પેલેસ પણ અત્યંત દર્શનીય અને જોવાલાયક છે.

ધરતીકંપ બાદ ભુજને જો કોઈ ઉત્તમ નજરાણારૂપ વસ્તુ પ્રાપ્ત થયેલ હોય તો તે રૂપિયા ૮૦ કરોડને ખર્ચે ઊભું થયેલ સંગેમરમરનું વિશાળ અને બેનમૂન ભગવાનશ્રી સ્વામિનારાયણનું નવું મંદિર છે. કૉલેજ રોડ પર વિશાળ પટાંગણમાં તન, મન અને ધનની સાથે શ્રમ સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, હરિ ભક્તો અને એન.આર.આઈ. હરિભક્તોની ધાર્મિક ભાવનાને ઉજાગર કરાવતું આ ભવ્યાતિભવ્ય મંદિરનું ઉદ્‌ઘાટન હાલમાં જ ૨૦-૫-૧૦થી ૨૬-૫-૧૦ લગી દેશ વિદેશથી પધારેલ હરિ ભક્તોના સાંનિધ્યમાં રંગેચંગે પાર પાડવામાં આવેલ અને તે સમયે સમગ્ર કચ્છ ભક્તિનાં રંગે રંગાઈ ગયેલ.

### ● વિજય વિલાસ પેલેસ :

કચ્છના હાલના રાજવી મહારાવશ્રી ખેંગારજી ત્રીજા (પૃથ્વીરાજજી)નાં દાદા મહારાવશ્રી વિજયરાજજી કલારસિક હતા. તેઓને મોટી ઉંમરે રાજયગાદી મળેલ હોઈ, શારીરિક રીતે થાકેલ હતા. છતાં શોખીન જીવડાં હોવાથી માંડવીથી ૮-૧૦ કિલોમીટરનાં અંતરે આવેલ વિજય વિલાસ ગામમાં (કાઠડા) લગભગ ૬૫૦થી ૭૦૦ એકર જમીનના વિસ્તારમાં ભવ્ય વિજય વિલાસ પેલેસ, હિંદ સ્થાપત્યની કલાકારીગરીની ઝાંખી કરાવતું આ પેલેસ અત્યંત દર્શનીય છે. સમગ્ર પટાંગણમાં વાવેલ વિવિધ પ્રકારનાં વૃક્ષો, મહેલને અડીને આવેલ સુંદર દરિયા કિનારો - આ બધું જોવા આવનારને જકડી રાખે છે.

માંડવીના કિનારાની તો શી વાત કરવી! **આજથી છ દાયકા પહેલાં માંડવીના બંદરની જાહોજલાલી કંઈ ઓર જ હતી.** તે સમય માંડવી બંદર માત્ર ભારત પૂરતો મર્યાદિત ન હતો પરંતુ વિદેશોમાં પણ માંડવી બંદરનો ડંકો વાગતો હતો. મામઈદેવની વાણી પ્રમાણે "જડે માથા થીંધો રા, તડેં મડઈ થીંધી મસાણ" એ ઉક્તિ અનુસાર માધુભા (વિજયરાજજી) ગાદીએ બેસતાં માંડવી બંદરની જાહોજલાલીમાં સદંતર ઓટ આવી ગઈ.

### ● હોડિયો કોઠો (દીવાદાંડી) અને વિન્ડ ફાર્મ

દરિયા કિનારાને અડીને મધ્યમાં ઊભી કરેલ દીવાદાંડી માંડવીના દરિયાની ભવ્યતાની નિશાનીરૂપ છે. દરિયાખેડુ નાખવાઓને દિશા સૂચન કરતી આ દીવાદાંડી કદાચ જૂજ દરિયા મધ્યે જોવા મળે તે પ્રકારની છે.

દરિયા કિનારે સતત ફુંકાતા પવનનો સદુપયોગ ઊર્જા ઉત્પન્ન કરવા માટે માંડવીમાં વિશાળ વિન્ડ ફાર્મ ઊભું કરવામાં આવેલ છે.

લગભગ ૧॥ - ૧॥। મીટરની ત્રિજ્યામાં ફેલાયેલી ૨૨થી ૨૫ પવનચક્કી લગભગ રૂપિયા બે લાખનાં ખર્ચે ઊભી કરેલ આ પવનચક્કીઓ ૨૦-૨૧ ફૂટ ઊંચી છે અને લાખો રૂપિયાની વીજળી, ગ્રીડ વિદ્યુત, વિદ્યુત બોર્ડને પૂરી પાડે છે. આ વિન્ડ ફાર્મની વીજળી ડેન્માર્કનાં એન.ઈ.પી.સી. માઈકોન કંપનીને સોંપાયેલ છે.

***આ ઉપરાંત નીચે લખ્યા ખાસ જોવા માણવા - જાણવા જેવા સ્થાપત્યોમાં :***

કેરા કોટાયના શિવમંદિરો, રૂદ્રમાતા ડેમ, વાગડમાં કંથકોટ, પ્રખ્યાત રવેચી માતાનું મંદિર, ધોરમનાથ ધીણોધર જાગીર, કાળો ડુંગર, મેકણ દાદાનું મંદિર જેનો ધરતીકંપ બાદ જીર્ણોદ્ધાર થયેલ છે, કચ્છ રાજવી કુળની કુળદેવી આઈ આશાપુરાનું ભવ્ય સ્થાનક, કે જ્યાં ઠેઠ મુંબઈથી મા નાં ભક્તો પગપાળા અથવા સાઈકલથી નોરતામાં દર્શને પધારે છે તે કચ્છની સતત રક્ષા કરતી આઈ આશાપુરાનાં પરચા અને દયાદૃષ્ટિ કચ્છીયતને સ્નેહ, સમર્પણ, શાંતિ અને ભાઈચારાનાં દર્શન કરાવે છે.

લખપત પાસે હાજીપીરની દરગાહ હિંદુ મુસ્લિમનાં ભાઈચારાની મિશાલ સમાન છે. હાજીપીરની માનતા, દર્શન, શ્રદ્ધા જેટલા મુસ્લિમો રાખે છે તેટલી જ બલકે કદાચ એથી પણ વિશેષ હિંદુ ભાઈઓ રાખે છે. દર વર્ષે હાજીપીરનો મોટો મેળો ભરાય છે અને હજારો હિંદુ મુસ્લિમ ખુદાનાં આ ઓલિયાની કબર પર દર્શનાર્થે આવે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૨ ઉપર)**

*લાલચ નહિ, મહેનતથી મળે તેમાં ખુશ રહો.*

માહિતી

# તીર્થંકરો અને જ્ઞાનવૃક્ષો

● રક્ષા મ. વ્યાસ ●

એકદમ તાજી માહિતી મુજબ ગુજરાત સરકારના વન વિભાગે ૨૦૧૦ના સપ્ટેમ્બર માસના આરંભે રાજ્યના વિવિધ વૃક્ષો અંગેની નોંધણીનો રસપ્રદ અહેવાલ પ્રકાશિત કર્યો છે. જેમાં **ગુજરાતમાં અંદાજે ૪૦૫ જાતના વૃક્ષોની નોંધ કરી છે. બિનજંગલ વિસ્તારોમાં ૧૬૦ જાતના વૃક્ષો ઉછેરવામાં આવે છે,** જેમાં લીમડો, આંબા, સાગ, આમળા, ગાંડો બાવળ વગેરે થઈને ૨૫ જાતના વૃક્ષો એંસી ટકા પ્રમાણમાં રોપવામાં આવે છે. આ ૨૫ જાતના વૃક્ષોમાં પણ સૌથી મોટું પ્રમાણ ગાંડા બાવળના વૃક્ષોના વાવેતરનું અને તે પછી લીમડો, દેશી બાવળ, નીલગીરી, આંબા અને સાગનું આવે છે. **ગુજરાત રાજ્યમાં ૨૬ કરોડ ૮૭ લાખ વૃક્ષો છે. ગુજરાતના ૨૬ જિલ્લા પૈકી સૌથી વધુ ૨૨૮ લાખ વૃક્ષો ભાવનગર જિલ્લામાં નોંધાયા હતા.**

આ સંદર્ભે ઉપલબ્ધ થતી રસપ્રદ માહિતીની પણ નોંધ લઈએ. વૃક્ષોની વાવણી - જાળવણી સંદર્ભે આનંદકર સમાચાર એ છે કે પાલિતાણામાં વન મહોત્સવ નિમિત્તે તીર્થંકરવન યા તીર્થંકર વાટિકાનું નિર્માણ કરવાનો નિર્ણય ગુજરાત સરકારે લીધો છે. તદનુસાર જૈન ધર્મના ૨૪ તીર્થંકરોએ વિવિધ વૃક્ષો નીચે તપશ્ચર્યા કરીને જે તે વૃક્ષ નીચે કેવળજ્ઞાન મેળવ્યું હતું. ચાલો જોઈએ, કયા તીર્થંકરે કયા વૃક્ષ નીચે તપશ્ચર્યા કરી હતી તે. ઋષભદેવ સ્વામીએ વડ નીચે, અજિતનાથ સ્વામીએ સપ્તપર્ણી વૃક્ષ નીચે, સંભવનાથ સ્વામીએ સાલવૃક્ષ નીચે, અભિનંદન સ્વામીએ ચારોળી વૃક્ષ નીચે અને સુમતિનાથ સ્વામીએ ઘઉંલા વૃક્ષ નીચે તપશ્ચર્યા કરી હતી. પદ્મપ્રભ સ્વામીએ વડ હેઠળ, સુપાર્શ્વનાથ સ્વામીએ શિરીષ વૃક્ષ હેઠળ, ચંદ્રપ્રભ સ્વામીએ સુલતાન ચંપા હેઠળ, સુવિધિનાથ સ્વામીએ બિલિ વૃક્ષ હેઠળ, શીતલનાથ સ્વામીએ પીપળા વૃક્ષ હેઠળ, શ્રેયાંસનાથ સ્વામીએ અશોકવૃક્ષ હેઠળ, વાસુપૂજ્ય સ્વામીએ લોદ્ર વૃક્ષ હેઠળ, વિમલનાથ સ્વામીએ જાંબુ વૃક્ષ હેઠળ, અનંતનાથ સ્વામીએ અશોક વૃક્ષ હેઠળ, ધર્મનાથ સ્વામીએ ખાખરા-પલાશ વૃક્ષ હેઠળ તપશ્ચર્યા કરી હતી. શાંતિનાથ સ્વામીએ દેવદાર વૃક્ષ હેઠળ, કુંથુનાથ સ્વામીએ લોદ્ર વૃક્ષ હેઠળ, અરનાથ સ્વામીએ આંબા વૃક્ષ હેઠળ, મલ્લીનાથ સ્વામીએ અશોક વૃક્ષ હેઠળ, મુનિસુવ્રત સ્વામીએ સોનચંપા વૃક્ષ નીચે, નમિનાથ સ્વામીએ બોરસલ્લી વૃક્ષ નીચે, નેમિનાથ સ્વામીએ નેતર વૃક્ષ નીચે, પાર્શ્વનાથ સ્વામીએ ફૂલધાવડી વૃક્ષ નીચે અને મહાવીર સ્વામીએ સાલ વૃક્ષ નીચે તપશ્ચર્યા કરી હતી. આ સંદર્ભમાં **પાલિતાણા ખાતે યોજાયેલ વન મહોત્સવ થકી તીર્થંકર વનનું નિર્માણ થશે. જ્યાં ઉપર્યુક્ત વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.**

તીર્થંકરોને આ વૃક્ષો હેઠળ તપશ્ચર્યા કરતા કરતા 'કેવળ જ્ઞાન' એટલે કે વિશુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. આથી આ વિવિધ વૃક્ષોને 'કેવલી વૃક્ષો' તરીકે ઓળખવામાં આવે છે. જૈન ધર્માચાર્યો અને અભ્યાસીઓનું માનવું છે કે આ વૃક્ષો સદા હરિત રહે, ફળે, ફૂલે તે માટે તે વૃક્ષોની જાળવણી, ઉછેર, દર્શન, અર્ચના અને પૂજા કરીને સામાન્યજનો તેની માવજત કરતા. વૃક્ષ પૂજનની માવજતનો આ ધર્મ ભારતની પ્રજાએ ભૂતકાળમાં નિભાવ્યો છે. આજની પ્રજા તેમાં કંઈક ચૂક કરતી હોય તો આપણે આપણી આ પ્રાચીન પરંપરાને પુનર્જિવિત કરીને ધર્મની સેવા તો કરીએ જ સાથે પર્યાવરણની જાળવણીમાં પણ મદદરૂપ બનીએ. ધર્માચાર્યો માને છે કે તીર્થંકરોની કૃપાની પ્રાપ્તિ અર્થે પણ વૃક્ષ ઉછેર - માવજતને પ્રોત્સાહિત કરવામાં આવે. એથી પ્રત્યેક વૃક્ષના ગુણધર્મનો લાભ પણ પ્રજાને પ્રાપ્ત થાય. તેમના મતે 'કેવલી વૃક્ષો'ની 'તીર્થંકર વાટિકા' ધર્મ સ્થળની આધ્યાત્મિક શક્તિ અને પવિત્રતા — બંને વધારે છે. આ માટેનો સઘન પ્રયાસ પાલિતાણા ખાતેની 'તીર્થંકર વાટિકા'માં થશે. જ્યાં એક વર્તુળાકાર બનાવીને તેના પરિઘ પર ૧થી ૨૪ના ક્રમમાં આ વૃક્ષોના રોપા ઉછેરાશે. આ નવોદિત પ્રયાસ બદલ ગુજરાત સરકારને હાર્દિક શુભેચ્છા.

મહાવીર સ્વામીનું એક વિધાન અહીં જરૂર યાદ કરી લઈએ. 'બહુ લોકો વૃક્ષો કાપીને બીમાર પડે છે તેમને ખબર જ નથી પડતી કે બીમારી કેમ આવી!' પરંતુ વૃક્ષ કાપણી તો પ્રકૃતિમાં કરેલી લૂંટ છે, પ્રકૃતિ આવી લૂંટ ચલાવી જ ન લે ને!

આમ વૃક્ષ ઉછેર, વૃક્ષ જતન અને વૃક્ષ માવજતને આપણે આપણો આધુનિક ધર્મ બનાવીએ તો તીર્થંકરોના કર્મકાંડી પૂજાપાઠ વિના પણ વૃક્ષ સેવા થકી તેમના આશીર્વાદ આપણી પર ઉતરતા રહેશે. આમ ધર્મના ઔપચારિક ક્રિયાકાંડ કરતા વૃક્ષ માવજતના સાત્ત્વિક ક્રિયાકાંડ પરમ શાંતિ અને સમૃદ્ધિ દાતા નીવડવાની તાકાત ધરાવે છે. આવો, સૌના સહિયારા પ્રયાસો થકી આવી તીર્થંકર વાટિકાઓ દ્વારા નૂતન વર્ષે શ્રી અને સમૃદ્ધિની આરાધનાનો સંકલ્પ કરીએ. ખુદની અને દેશની શ્રી સમૃદ્ધિ વિકસાવી ઉન્નતિ તરફ પ્રયાણ કરીએ.

*'સંકેત'*
*સી-૧, પ્રયાગરાજ ફ્લેટ્સ,*
*૨૧, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,*
*એલિસબ્રિજ, અમદાવાદ-૬.*
*ફોન : ૨૬૪૬૨૪૪૨*

*આપણે કરેલી સેવાની કોઈને વારંવાર યાદ અપાવવી એ પણ સેવાનો બદલો જ છે.*

# જૈન ધર્મના ૨૪ તીર્થંકરોના જ્ઞાન પ્રાપ્તિ વૃક્ષો

હિંદુ ધર્મ ઉપરાંત ભારતમાં ઉદ્‌ભવ પામેલ વિવિધ ધર્મો જેવા કે જૈન, બૌદ્ધ, શીખ, બિશ્નોઈ વગેરેમાં પણ ધર્મગુરુઓ દ્વારા વૃક્ષો કે વનસ્પતિઓને ધાર્મિક વિધિઓમાં ઉપયોગમાં લેવા માટે સૂચવવામાં આવ્યું છે. આપણે સર્વ સુવિદિત છીએ તે મુજબ બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધને પણ બોધિવૃક્ષ (પીપળા) હેઠળ જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

અત્રે જૈન ધર્મના ૨૪ વિવિધ તીર્થંકરશ્રીઓને તેમના નામ સામે દર્શાવેલ વૃક્ષો નીચે ઉપાસના કરતાં જ્ઞાન પ્રાપ્તિ થયેલ હતી. શાસ્ત્રોમાં આ પ્રમાણે સ્પષ્ટ ઉલ્લેખ કરેલ હોય ત્યારે ધર્મમાં માનતી દરેક વ્યક્તિએ દર્શાવેલ વૃક્ષોની જાળવણી કરી તેને ઉછેરવાં જોઈએ. પ્રભુ પ્રાપ્તિ માટેના વિવિધ વિધિ-વિધાનો જેવા કે પૂજા, અર્ચના, આરતી, મંત્રજાપ, યજ્ઞની જેમ તેવા વૃક્ષોને ઉછેરવાની વિધિને આપણે મહત્ત્વ આપવાનું કેમ ભૂલી ગયા છીએ તે સમજી શકાતું નથી. અન્ય વિધિઓમાં સામાન્યપણે નાણાંકીય ખર્ચ થાય છે અને ઘણીવાર ઉપયોગમાં લીધેલ સામગ્રીનો ઉપયોગ થયા પછી તે ફરીથી ઉપયોગમાં લઈ શકાતી નથી. ત્યારે આવા આરાધ્ય વૃક્ષો તો તેમના જીવન પર્યંત આપણને સેવા આપી શકે છે અને તેના પ્રત્યક્ષ અને પરોક્ષ ફાયદા પણ બહોળા વર્ગને ઉપયોગી બની શકે છે. તો આવો, આપણે આપણા આરાધ્ય વૃક્ષોની વાવણી કરી પૂજાની એક નવી પદ્ધતિ અમલમાં મૂકીએ અને ચોક્કસ લાંબા સમયનો લાભ મેળવીએ.

## चोवीस तीर्थंकरो के ज्ञान वृक्ष

**संकलन : भद्रबाहुविजय (सहयोग : प्रो. के.सी. नागदा (सोलापुर), प्रो. के.एस. हिरन (उदयपुर))**

| ક્રમ | તીર્થંકરના નામ | વૃક્ષનું સંસ્કૃત નામ | વૃક્ષનું વૈજ્ઞાનિક નામ (અંગ્રેજી નામ) | હિંદી નામ | ગુજરાતી નામ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી ઋષભદેવ | न्यग्रोध | Ficus benghalensis (banyan tree) | वट (बड, बरगद) | વડ |
| ૨. | શ્રી અજિતનાથ સ્વામી | सप्तपर्व | Alstonia scholaris (Devils' tree) | सत्यन, सप्तछद, छितवन | સપ્તપર્ણી |
| ૩. | શ્રી સંભવનાથ સ્વામી | साल, सर्ब | Shorea robusta (Sal tree) | शाल, रोली / सक्खु | સાલ |
| ૪. | શ્રી અભિનંદન સ્વામી | प्रियाल | Buchanania lanzan (Charoli) | राजदनी, चारोली | ચારોલી |
| ૫. | શ્રી સુમતિનાથ સ્વામી | प्रियंगु | Callicarpa macrophylla | श्यामा, डइया, अंगनप्रिया, प्रियंगु | ઘઉંલા |
| ૬. | શ્રી પદ્મપ્રભ સ્વામી | न्यग्रोध | Ficus benghalensis (Banyan Tree) | वट (बड, बरगद) | વડ |
| ૭. | શ્રી સુપાર્શ્વનાથ સ્વામી | शिरीष | Albizzia lebbeck | चिंचोला, वाका (सिरस) | શીરષ |
| ૮. | શ્રી ચંદ્રપ્રભ સ્વામી | पुन्नाग | Calophyllum / innohyllum (Alexandrian Laurel) | तुंग (सुलतान चंपा) | સુલતાન ચંપો |
| ૯. | શ્રી સુવિધિનાથ સ્વામી | मालुर | Aegle marelos (Wood Apple or Bel) | बिल्व, बेल, श्रीफल | બીલી |
| ૧૦. | શ્રી શીતલનાથ સ્વામી | प्लक्ष | Ficus lacor | पर्कटी (पाकर, पेकडी) | પીપર |
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથ સ્વામી | अशोक | Saraca indica | हेमपुष्प, ताम्रपल्लव (अशोक) | અશોક (સીતા અશોક) |
| ૧૨. | શ્રી વાસુપૂજ્ય સ્વામી | लोध्र | Symplocos racemosa Roxb. | पाटल्य, तिलक शावरक | લોદ્ર |
| ૧૩. | શ્રી વિમલનાથ સ્વામી | जंबु | Syzygrum cumini (Balck Berry) | मेहाफला (जामुन) | જાંબુ |
| ૧૪. | શ્રી અનંતનાથ સ્વામી | अशोक | Saraca indica | हेमपुष्प, ताम्रपल्लव (अशोक) | અશોક |
| ૧૫. | શ્રી ધર્મનાથ સ્વામી | पलाश | Butea monosperma | किशुक (टसू, ढाक) | ખાખરો |
| ૧૬. | શ્રી શાંતિનાથ સ્વામી | देवदार | Celdrus deodara | दवदार | દેવદાર |
| ૧૭. | શ્રી કુંથુનાથ સ્વામી | लोध्र | Symplocos racemosa | पाटल्य, तिलक, शावरक, लोध्र | લોદ્ર |
| ૧૮. | શ્રી અરનાથ સ્વામી | आम्र | Mangifera indica | रसाल सहकार (आम) | આંબો |
| ૧૯. | શ્રી મલ્લીનાથ સ્વામી | अशोक | Saraca indica | हेमपुष्प, ताम्रपल्लव (अशोक) | અશોક |
| ૨૦. | શ્રી સુવ્રત સ્વામી | चंपक | Michelia champca | सोन चंपा | સોનચંપો |
| ૨૧. | શ્રી નમિનાથ સ્વામી | बकुल | Mimusops elengil | मालश्री, खिरनी | બોરસલ્લી |
| ૨૨. | શ્રી નેમિનાથ સ્વામી | वेतस | Salix capera (Goat Willow) | बानीर, विदुल (वेद मुश्क) | નેતર |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથ સ્વામી | घीतकी | Woodfordia fruiticosa (Fire Flame Bush) | धीतुपुष्पी (धीये) | — |
| ૨૪. | શ્રી મહાવીર સ્વામી | साल | Shorea robusta (Sal tree) | शाल (साल, सारखु) | સાલ |

*પ્રેષક : પ્રફુલ્લચંદ્ર વોરા*

*સારા માણસની મૈત્રી ઉત્તમ ગ્રંથ જેવી છે, જેમ તેનો ઊંડો અભ્યાસ કરીએ તેમ તેમાંથી વધુને વધુ આનંદ આવે છે.*

# ભારતીય સંસ્કૃતિની ભવ્યતા – પ્રતીકો

● ડૉ. ઊર્મિલા શાહ ●

આપણી ભારતીય સંસ્કૃતિ ભવ્ય છે. અને તેમાંય તેના પ્રતીકો, એ તો આપણી સંસ્કૃતિનાં સૂત્રો છે. જેની અંદર ઘણો અર્થ સમાયેલો હોય છે. ભાવના છુપાયેલી હોય છે. અને એને લીધે જ એ પ્રતીક જીવંત બને છે. જેમ કે રાષ્ટ્રધ્વજ આમ તો કાપડનો એક ટુકડો છે પણ સાંસ્કૃતિક ભાવનાની દૃષ્ટિએ તેનું મૂલ્ય ખૂબ ઊંચું છે. અને લોકો તેને માટે, તેના ગૌરવ માટે પોતાના જાનની પણ કુરબાની આપવા તૈયાર થઈ જાય છે. પથ્થરમાંથી જ કંડારેલી મૂર્તિ પથ્થર મટી દેવ બની શકે છે ને આપણું મસ્તક ભાવનાથી તેની આગળ નમી પડે છે. બિંદુમાં સિંધુ જોવાની દૃષ્ટિ એટલે પ્રતીક દર્શન. ભૌતિક સુવિધાઓ પાછળ આંધળી દોટ મૂકી રહેલા આજના માનવને આજે ભારતીય સંસ્કૃતિ વિશે વિચારવાનો સમય જ ક્યાં છે? માનવ સાચા અર્થમાં માનવ રહ્યો નથી. આપણા હાસ્યમાં નથી રહી પ્રસન્નતા કે રૂદનમાં નથી રહી વ્યથા. જીવનનો વિસ્તાર વધ્યો છે પણ એનું ઊંડાણ ઘટી ગયું છે અને એટલે જ આવા પ્રતીકો પાછળ રહેલી ભાવના સમજીને હૃદયને સંસ્કૃતિથી હર્યુંભર્યું રાખવાની બહુ મોટી જરૂર છે. **પ્રતીકો એટલે ગાગરમાં સાગર. પ્રતીક જોઈને માણસનાં હૃદયમાં એક પ્રકારના સંસ્કારની ભાવના જાગે છે અને એટલે જ પ્રતીકો આપણા જીવનમાં પ્રેરક, પોષક, પ્રોત્સાહક અને કાર્યસાધક બની રહે છે.**

● **કમળ :** કમળ એ સૌંદર્યનું પ્રતીક છે. કાદવમાં કમળનું સર્જન કરીને પ્રભુએ આપણને પરિસ્થિતિથી નિરપેક્ષ જીવન 'જળકમળવત્' જીવન જીવવાની પ્રેરણા આપી છે. ગમે તેવા કલુષિત વાતાવરણમાં પણ માનવ વિરક્ત રહી જીવી શકે તો મહાન બની શકે તેવો સંદેશો કમળ આપે છે.

● **કળશ :** કળશ એ વરુણ પૂજાનું પ્રતીક છે. વરસાદ એ જ જીવન. એ ન હોય તો જીવન સાવ જ સૂકાઈ જાય. એટલે આપણે એનું પૂજન કરવું જોઈએ. પણ ચોમાસું ન હોય ત્યારે શું? અને એટલે લોટામાં કે કળશમાં ભરી તેનું પૂજન કરવાની પાછળ વરુણદેવની પૂજાની ભાવના રહેલી છે. કાર્યના શુભ આરંભમાં ગણપતિની જેમ કળશની પૂજા થાય છે. દા.ત. કુંભ સ્થાપના, ગણેશ માટલી. નવા ઘરમાં પ્રવેશ કરતાં મૂકાતો ઘડો. જેની પાછળ ઘર હર્યુંભર્યું ને સુખી બનાવવાની ભાવના રહેલી હોય છે. તેની ઉપર શ્રીફળ મૂકી આતિથ્ય સત્કાર પણ કુમારિકાઓ કરે છે. **ભારતીય સંસ્કૃતિમાં આતિથ્ય સત્કારનું ખૂબ જ માહાત્મ્ય છે.** કળશ એ પૂર્ણતાનું પણ પ્રતીક છે. ભગવાનના દર્શન કરીને કળશનાં દર્શન ન કરીએ તો દર્શન અપૂર્ણ રહી જાય.

● **સ્વસ્તિક :** ભારતીય સંસ્કૃતિનું એ અજોડ પ્રતીક છે. કોઈ પણ મંગળ કાર્યના પ્રારંભમાં સ્વસ્તિક તો હોય જ. સ્વસ્તિક એટલે કલ્યાણની સંજ્ઞા. જ્યાં શ્રી છે, શોભા છે, સુસંવાદ છે, પ્રેમ છે, ઉલ્લાસ છે ત્યાં સ્વસ્તિ ભાવના રહેલી જ છે. એક ઊભી લીટીને બીજી આડી લીટી કાપે એ એની મૂળ આકૃતિ. સ્વસ્તિકની ચાર ભુજાઓ એટલે વિષ્ણુ ભગવાનના ચાર હાથ. જે માનવનું રક્ષણ કરે છે. સ્વસ્તિક એટલે બધી બાજુથી બધી રીતે કલ્યાણ. સ્વસ્તિક એ કલ્યાણનું કાવ્ય છે.

● **શ્રીફળ :** આજનો કાળ વ્યક્તિત્વ પૂજાનો છે, ચારિત્ર્ય પૂજાનો નથી. **નારિયેળ ચારિત્ર્ય પૂજાની પ્રેરણા આપે છે. બહારથી કઠોર પણ અંદરથી અતિ મૃદુ એવું શ્રીફળ મહાપુરુષોની મહાનતા સમજાવતું પ્રતીક છે.** નારિયેળ ઉત્કૃષ્ટ મનોવૈભવનું દર્શન કરાવે છે. વૈભવ એટલે શ્રી, એટલે નારિયેળને 'શ્રીફળ' એવું નામ આપવામાં આવ્યું છે. જેમાં કુરૂપતા, સુંદરતા, કઠોરતા અને મૃદુતા જેવા દ્વંદ્વોનો સમન્વય સધાયો છે. તેવો સમન્વય જીવનમાં સાધવાનો તે માણસને સંદેશો આપે છે અને એના દરેકે દરેક ભાગ ઉપયોગી છે. તે સૂચવે છે કે માણસે પણ તેના જીવનની પળે પળ બીજાને ઉપયોગી નીવડવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. મંદિરમાં દેવ કે દેવી સમક્ષ નારિયેળ વધેરવા પાછળ બલિદાનનો ભાવ સમાયેલો છે. કારણ તેને માથું, ચોટલી, નાક, બે આંખ હોય છે. કઠોર જીવનમાંથી મૃદુતા પ્રગટાવવાનો સંદેશો શ્રીફળ આપે છે. કારણ દરિયાની ખારાશ ઉરમાં સમાવી તે લોકોને મીઠું પાણી આપે છે.

● **ઉંબરો :** પ્રાચીનકાળથી ઘરના બાંધકામમાં ઉંબરાનું ખૂબ મહત્ત્વ છે. ઉંબરો ઘરની આબરૂનો રક્ષણહાર છે. માણસ ઘરની બહાર પગ મૂકે ત્યારે ઉંબરો તેને શીખ આપે છે કે ક્યાંય મર્યાદાનું ઉલ્લંઘન ન થાય તેનું ધ્યાન રાખજે. એ એક મૂક વડીલની ગરજ સારે છે. બહારની અનીતિ ઘરમાં ન પ્રવેશે તે જોજે. ઉંબરો એટલે લક્ષ્મણરેખા. બહારથી આવનાર આગંતુકની તે નોંધ લે છે. બુદ્ધિ,

એ માનવી જીવનનો ઉંબરો છે. આપણા જીવનના વિચાર, વિકાર, વાણી, વૃત્તિ અને વર્તનની મર્યાદાઓનો સ્વીકાર હોવો જોઈએ. ઉંબરાનું સ્વસ્તિકથી પૂજન કરી આર્ય સ્ત્રી રોજઉંબરા પાસે શીખ માંગે છે અને દસે દિશાએથી પ્રભુ તેનું રક્ષણ કરે તેવી ભાવના વ્યક્ત કરે છે.

• **દોણી :** દોણી માણસને અગમપંથની મુસાફરી માટે સજાગ કરે છે ને સાથે દેહની ક્ષણભંગુરતાનો સંદેશો આપે છે. માણસ જન્મે ત્યારથી જ જે અગ્નિએ તેને પાળ્યો, પોષ્યો ને મોટો કર્યો એ અગ્નિ મૃત્યુ સમયે પણ માનવની અંતિમ યાત્રા સુધી તેને સાથ આપે છે. એનો દેહ પંચમહાભૂતમાં ભળે ત્યાં સુધી તે સાથે રહે છે.

• **પૂજા સામગ્રી :** ભાવનાથી અર્પણ કરેલી અલ્પ વસ્તુને પણ ભગવાન સહર્ષ સ્વીકારે છે. પૂજામાં વસ્તુનું નહીં પણ ભાવનું મહત્ત્વ છે. પ્રભુ પર કેવળ પત્ર, પુષ્પ, ફળ કે જળ ચડાવવા એ કાંઈ સાચું પૂજન નથી. એ બધા તો માત્ર પ્રતીકો છે. પત્ર એટલે પાંદડું. **ભગવાન ભોગના નહીં પણ ભાવના ભૂખ્યા છે.** શિવ ભગવાન બિલીપત્રથી પ્રસન્ન થાય છે. ગણપતિને દુર્વા ચઢે છે. નારાયણને તુલસી ચઢે છે. આ પાંદડાં જેવું મારું જીવન ઍવરગ્રીન હોવું જોઈએ. પુષ્પ તો ઈશ્વરે જ આપણને આપેલી ભેટ છે. એ જ આપણે પાછા ઈશ્વરને ચડાવીએ છીએ! ખરેખર તો વાણીપુષ્પ, કર્મપુષ્પ અને જીવન પુષ્પથી ભગવાનનું પૂજન કરવાનું છે. પુષ્પ જેવા બનવા માટે આપણે જીવનને સત્કર્મોથી મહેકાવવું જોઈએ.

• **રક્ષાબંધન :** રક્ષાબંધને બહેન ભાઈના લલાટે તિલક કરે છે. તેનું જુદું જ મહત્ત્વ છે. એની પાછળ ભાઈને ત્રિલોચન કરવાની ભાવના છે. ત્રીજી આંખમાં કામ દહનની શક્તિ છે. **જગતની સ્ત્રી જાતિ તરફ કામદૃષ્ટિથી ન જોતાં ભાવદૃષ્ટિથી ભગિની ભાવથી જોવાનો તેમાં સંદેશો છે.**

• **ચાંદલો :** ચાંદલો એ તો સ્ત્રીના સૌભાગ્યનું પ્રતીક છે. એની પાછળની એ ભાવના, એનું મૂલ્ય અનેકગણું વધારી મૂકે છે. અને એટલે જ પતિના મૃત્યુ બાદ સ્ત્રી ચાંદલો કરતી નથી. ચાંદલો કરતી વખતે કંકુ ઢોળાઈ જાય તો તેમ કહેવાને બદલે કંકુ વધી ગયું તેમ કહેવાય છે.

• **ગણેશ પૂજન :** કોઈપણ શુભ કાર્યમાં સૌપ્રથમ ગણેશનું પૂજન અને સ્તુતિ થાય છે. જેથી સઘળાં વિઘ્નો દૂર થાય. **ગણેશ એ વિઘ્નહર્તા દેવ છે.** તેમાંય લગ્ન જેવો પ્રસંગ લઈને બેઠા હોઈએ ત્યારે તો કોઈ કંઈ કહે તે બધું જ ગણપતિની જેમ મોટા કાન રાખી સાંભળવાનું. મોટા પેટના થઈ બધું જ તેમાં સમાવી દેવાનું. દરિયા જેવું પેટ, ગણપતિ જેવી ઝીણી આંખ, પ્રસંગ માટે ઝીણવટભરી નજર જોઈએ અને પ્રસંગ પતે એટલે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ઈચ્છા તો હોય જ. તો ગણપતિની લાંબી સૂંઢ, લાંબું નાક એ પ્રતિષ્ઠાની ભાવનાને વ્યક્ત કરે છે અને એટલે જ એ વિઘ્નહર્તા દેવનું પૂજન સૌપ્રથમ કરવામાં આવે છે.

• **લગ્ન વિધિ :** આપણી આખી લગ્નવિધિ પણ આવા પ્રતીકોથી જ હરીભરી અને ભાવનાથી ભરેલી છે.

*પ્રથમ ફેરે ધર્મ સમર્પણ*
*બીજે ફેરે દેહ સમર્પણ*
*ત્રીજે ફેરે જીવન જોડ્યાં*
*ચોથે ફેરે આત્મન્ સોંપ્યા.*

લગ્ન એટલે બે આત્માનાં અદ્વૈત માટેનું મંગલ પ્રયાણ. કવિશ્રી ન્હાનાલાલે યથાર્થ જ કહ્યું છે, 'આત્મા ઓળખે તે વર ને બીજા બધા પર.'

લગ્ન વખતે ઉકરડી નોંતરવા પાછળ એવી ભાવના છે કે લગ્ન પ્રસંગે આજુબાજુ રહેલા કોઈપણ અશુભ તત્ત્વો હેરાન ન કરે. તેથી તેમને પહેલા જમાડી સંતૃપ્ત કરવા.

પ્રભુતામાં પગલા પાડતી નવવધૂના પાનેતરનાં ચાર છેડે ભાવપૂર્વક પ્રતીકો બાંધવામાં આવે છે. પગને છેડે પૈસો એ લક્ષ્મીનું પ્રતીક. એને પગલે લક્ષ્મી આવે. ખોસવાના છેડે જીરૂ — એ આરોગ્યનું પ્રતીક. પાલવના ખોસવાના છેડે કંકુ - જે સૌભાગ્યનું પ્રતીક અને ખોળાના છેડે સોપારી જે પુત્ર પ્રાપ્તિનું પ્રતીક છે. એવી જ રીતે પોંખણામાં ત્રાક જીવનમાં સુખદુઃખમાં કંતાઈને સુંદર સંસાર જીવવાનો સંદેશો આપે છે. હળ જીવનમાં જોતરાઈને હરિયાળી, એવરગ્રીન થવાનો સંદેશો આપે છે. વલોણું સુખદુઃખમાં વલોવાઈને પ્રેમ અને સ્નિગ્ધતાભર્યા મીઠાશભરી આત્મીયતા પ્રસરાવવાનો તથા સાંબેલુ ઘા સહન કરી બરછટમાંથી સુંવાળા બનવાનો સંદેશો આપે છે.

• **આરતી :** આરતી જો સમજપૂર્વક ઉતારવામાં આવે તો તેની જયોતિથી માનવજીવન પ્રકાશિત બની જાય અને તેની જોડે ચાલતો ઘંટારવ માનવ જીવનમાં સંગીતનું નિર્માણ કરે. આરતીમાં આર્તતા હોવી જોઈએ. પ્રભુ માટે હૃદયમાં ભાવના હોવી જોઈએ અને એટલે એમની આજ્ઞા માથે ચડાવીએ છીએ. આરતી વિના ભક્તિ અધૂરી રહે.

• **માળા :** માળાનાં ૧૦૮ મણકા જ કેમ? માણસે શ્વાસે શ્વાસે પ્રભુનું નામ લેવું જોઈએ. **માણસે એક દિવસમાં લગભગ ૨૧૬૦૦ શ્વાસ લે છે. તેમાંથી રાત્રિના અડધા બાદ કરતાં ૧૦૮૦૦ શ્વાસ રહે. એટલીવાર ભગવાનનું નામ લેવું જોઈએ. પરંતુ હૃદયપૂર્વક લીધેલું એક નામ ૧૦૦ વખત બરાબર છે એવું શાસ્ત્રવચન છે. એટલે ખરા હૃદયથી ૧૦૮ મણકાની માળા ફેરવવાનું કહ્યું છે.**

*૨૫, પાર્થ બંગલોઝ, કર્ણાવતી ક્લબ સામે,*
*એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૯૨૯૭૦૦*

# બાળ અધિકાર ઘોષણાની અર્ધ-શતાબ્દી

● ભરત'કુમાર' પ્રા. ઠાકર ●

## નવેમ્બર માસ – બાલ દિવસ – બાળ હક્ક દિન

*ભારતના પ્રથમ વડાપ્રધાન અને બાળકોના પ્યારા 'ચાચા નહેરુ' એવા પંડિત જવાહરલાલ નહેરુ (૧૮૮૯-૧૯૬૪)ની જન્મ જયંતી ૧૪મી નવેમ્બર દેશભરમાં 'બાલ દિન' તરીકે ઉજવાય છે. તો, યુનોએ બાળ અધિકારોની ઘોષણા તા. ૨૦મી નવેમ્બર, ૧૯૫૯ના કરી તે ઐતિહાસિક ઘટનાની ૫૧મી જયંતી પણ આ મહિને છે. પ્રસ્તુત લેખમાં વિષયાનુરૂપ રોચક સામગ્રી લેખક દ્વારા રજૂ કરાઈ છે.*

**– મુખ્યતંત્રી**

એક ચીની કવિએ કહ્યું છે કે 'એક બાળકના સ્મિતમાં હું ઈશ્વરને જોઉં છું!' એક રાષ્ટ્ર ત્યારે જ ગાજતું અને ગૂંજતું જીવી શકે છે જ્યારે તેના બાળકો આનંદી અને સુખી હોય. કેમકે 'બાળકોની તંદુરસ્તી પર જ દેશના ભાવિ ઇતિહાસનો આધાર રહેલો છે' એવી એક જૂની અરબી કહેવત છે.

આ બધું કલાસૌંદર્ય સંબંધી અતિશયોક્તિઓ કે નૈતિક સદાચારી અલંકારો માત્ર નથી. વિશાળ પરિપ્રેક્ષ્યથી વિચારતાં રાજ્ય ત્યારે જ મિશ્રિત ભૌતિક અસ્તિત્વ, સાંસ્કૃતિક અસ્મિતા અને સામયિક સુધારા પ્રાપ્ત કરી શકે છે જ્યારે તેનાં બાળકો સામાજિક - આર્થિક પ્રગતિનાં કેન્દ્રબિંદુ બને.

### ● સલામતી અને સ્નેહ :

બાળક એ તારુણ્યમાં ધીમી પણ સુંદર રીતે ખીલતી નાજુક કળા સમાન છે. મા-બાપ સ્તરે પ્રેમ, સંભાળ, સ્નેહ તથા વિશાળ રાષ્ટ્રીય સ્તરે આરોગ્ય, શિક્ષણ, મનોરંજન એ તેની સલામતીની જરૂરિયાતો બને છે. ઊગતા બાળક માટે આ બધું તેના વ્યક્તિત્વ - ઘડતર અને માનસિક - આધ્યાત્મિક વિકાસમાં મનોવૈજ્ઞાનિક પરિબળો બની રહે છે.

આ બધી બાબતો બાળકોની તેજસ્વિતા, ઉત્સાહ, રમૂજ, રમતપ્રેમ જેવા ગુણો વિક્સાવી શકે. મા-બાપના પ્રેમ-સ્નેહની ગેરહાજરી બાળકના વિકાસ પર અવળી અસર કરે છે. તો, ભાવ-અતિરેક પણ વાર્તનિક અને વ્યક્તિત્વલક્ષી સમસ્યાઓ સર્જી શકે છે. રાષ્ટ્રીય કક્ષાએ પણ બાળકોના સર્વાંગીણ વિકાસ માટે માનવતાવાદી સામાજિક - આર્થિક કાર્યક્રમ ઘડી કાઢવાની દરેક રાષ્ટ્રની નૈતિક જવાબદારી છે, જેથી કરીને તેઓ પૂર્ણ નાગરિકો તરીકે પાંગરી શકે.

### ● વિપુલતા અને શૂન્યતા :

વિકસિત દેશોમાં જ્યાં માત્ર કેટલાક લોકો પાસે જોઈએ તે કરતાં વધુ ખાવાનું, પુષ્કળ પહેરવાનું અને શિક્ષણ માટેની વિપુલ તકો છે, ત્યારે જે લોકો પાસે આ બધું નથી તેઓ અને તેમના સંતાનોની સ્થિતિ કંગાળ છે. અલ્પવિકસિત રાજ્યોમાં ગરીબી અને જીવનની આનુષંગિક તીવ્ર સ્થિતિઓ બાળકોના મનો-શારીરિક વિકાસને દાબી દે છે.

ઔદ્યોગિકીકરણવાળા રાષ્ટ્રોમાં પણ સુખદાયી સગવડો વિલાસી રહેણીકરણી, ભૌતિક સમૃદ્ધિ જેવી બાબતો બાળકોના માનસ બંધારણ અને ઘડતરને બગાડે છે. પરિણામે તેઓ બેચેનીની ઊંચી દશા, જ્ઞાનતંતુઓના રોગ અને અસલામતીની ભાવનાથી પીડાય છે. તો આની વિરુદ્ધ ત્રીજા વિશ્વના લગભગ ૪૦ કરોડ બાળકો આરોગ્ય, શિક્ષણ, પોષણ જેવી પ્રાથમિક જરૂરિયાતો પણ મેળવી શકતા નથી.

### ● અધિકારો અને ફરજો :

બાળકો માટેનું એક વૈશ્વિક સંગઠન 'યુનિસેફ' ઉપરાંત ૨૦મી નવેમ્બર, ૧૯૫૯ના યુનોની સામાન્ય સભામાં બાળકોના અધિકારોની સ્વીકૃતિ અને ઘોષણા કરવામાં આવેલી. તે અનુસાર દરેક બાળકને આટલા જન્મસિદ્ધ અધિકારો મળવા જોઈએ :

★ પ્રેમ, લાગણી, હેત, સ્નેહ અને હૂંફ મળે.

★ તેમને યોગ્ય રીતે સમજવામાં માતા-પિતાની સહાનુભૂતિ.

★ પૂરતું પોષણ અને યોગ્ય તબીબી સંભાળ.

★ વિનામૂલ્યે શિક્ષણ / રમતગમતની સમાન તકો.

★ પોતાની અસ્મિતા અને રાષ્ટ્રીયતાની ઓળખ

★ શારીરિક ખોડખાંપણવાળા બાળકની ખાસ કાળજી અને કેળવણી.

★ આપત્તિ સમયે પ્રથમ તેને રાહત અને અગ્રતા.

★ દેશના ઉત્તમ નાગરિક બનવાની તક.

★ પોતાનાં શક્તિ સામર્થ્ય વિક્સાવવાની તક.

★ શાંત વાતાવરણમાં ઉછેર અને વિશ્વ બંધુત્વની ભાવનાનું આરોપણ.

★ જાતિ, રંગ, લિંગ, ધર્મ, દેશ કે સમાજના ભેદભાવ વિના અધિકારો ભોગવવાની છૂટ.

બાળકોના અધિકારો વિશે ઉપર જોયું, હક્કો સાથે કર્તવ્યો પણ સંકળાયેલા હોય છે. બાળ ફરજો કઈ છે તે બાળકો સમજે તે માટે શિક્ષકોએ શાળેય કાર્યક્રમો હાથ ધરવા જોઈએ. શાળાઓના દૈનિક પ્રાર્થના સંમેલનમાં થતું સામૂહિક પ્રતિજ્ઞા વાચન પણ બાળ ફરજોનું

*આનંદ એજ બ્રહ્મ છે. બ્રહ્મ એ જ આનંદ છે. – ઉપનિષદ*

જ આપણને ભાન કરાવે છે.

★ એકબીજાને પ્રેમ, મમતા, વહાલથી સમજે.

★ દેશની સ્વતંત્રતાનું રક્ષણ કરે.

★ 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના અપનાવે.

★ દેશના નિયમો અને કાયદાઓનું પાલન કરે.

★ પ્રાપ્ત શિક્ષણનો સદુપયોગ કરે.

★ શ્રમનું ગૌરવ સમજી ઉત્પાદન વધારે.

★ જીવનના દરેક ક્ષેત્રે ખેલદિલી અપનાવે.

★ દેશની સંસ્કૃતિનું રક્ષણ કરી વિકસાવે.

આ બધી જવાબદારીઓનું પાલન તેઓ કોઈ પણ જાતના ભેદભાવ વિના કરે.

● **બાળ હક્કો અને ભારત :**

ભારત દુનિયામાં સૌથી વધુ બાળવસતિ ધરાવતું બીજા ક્રમનું રાષ્ટ્ર છે. ભારતની કુલ વસતિમાં ૪૨% બાળકોનો સમાવેશ થાય છે. આપણા બંધારણની ૨૪, ૩૬ અને ૪૫મી કલમો બાળ કલ્યાણને સમર્પિત થયેલી છે. ૧૯૭૪માં સ્વીકૃત 'બાળકો માટેની રાષ્ટ્રીય નીતિ' દુનિયાના બહુ ઓછા દેશોએ અપનાવી છે. તેમાં એક સ્થાન ભારતનું છે.

આ નીતિ જાહેર કરે છે કે રાષ્ટ્રનાં બાળકો કેળવણી અને વિકાસ પામવા માટે એક 'મુખ્ય અગત્યની મિલકત' છે. આપણી આ રાષ્ટ્રીય નીતિ યુનોના બાળ અધિકાર ઘોષણાપત્રને વળગી રહેવાનો પુનરોચ્ચાર કરે છે. બાળકોના સર્વાંગી મનો-શારીરિક વિકાસ સારું બધાં બાળકો માટે સર્વગ્રાહી આરોગ્ય કાર્યક્રમ, પોષણ સેવાઓ અને ચૌદ વર્ષની ઉંમર સુધી મફત શિક્ષણનું તે ધ્યેય રાખે છે.

● **'બાળ વર્ષ'ની ઉજવણી :**

૧૯૭૯માં બાળકના અધિકારોની ઘોષણાને ૨૦ વર્ષ પૂરા થતાં યુનો દ્વારા તે 'આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ' (ઈન્ટરનેશનલ યર ઑફ ધ ચાઈલ્ડ) તરીકે ઉજવાયું હતું. વૈશ્વિક ધોરણે બાળકોની અગત્યતાને પુરસ્કારવા, બાળકોને સ્પર્શતી સમસ્યાઓ ઉકેલવા અને બાળ કલ્યાણની દિશામાં અનેક કાર્યક્રમો હાથ ધરાયા હતા. વિશ્વ બાળ વર્ષની ઉજવણીમાં ભારતે પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ભારત સરકાર દ્વારા ત્યારે ઉચ્ચ કક્ષાના 'નેશનલ ચિલ્ડ્રન્સ બોર્ડ'ની રચના કરાઈ હતી અને 'નેશનલ એક્શન પ્લાન' અમલમાં મૂકાયો હતો. જેનો ઉદ્દેશ 'વંચિત બાળક સુધી પહોંચવું' (રીચિંગ ડીપ્રાઈવ્ડ ચાઈલ્ડ) હતો. ખાસ તો સમાજના પછાત વર્ગોનાં તથા શહેરી ગંદી વસતિ અને ગ્રામીણ ક્ષેત્રોમાં વસતા નિર્ધન સમુદાયોનાં બાળકોની સુધારણા પર વિશેષ ભાર મૂકાયો હતો.

વિશ્વ શિશુ વર્ષ માટે ભારતે વિશેષ સૂત્ર અને પ્રતીક પણ પ્રચલિત કર્યા હતા. 'બચ્ચે કી મુસકાન - રાષ્ટ્ર કી શાન' (હેપ્પી ચાઈલ્ડ - નેશન્સ પ્રાઈડ) એ પ્રચાર વાક્ય બન્યું હતું. જ્યારે પ્રતીકમાં એક સ્લેટ પર ઉપર સૂર્ય અને નીચે છોકરા-છોકરીનું ચિત્ર દર્શાવાયું હતું. આ વિશેષ વર્ગની સ્મૃતિમાં ૫મી માર્ચ, ૧૯૭૯ના ટપાલ વિભાગે ૨૫ પૈસા અને ૧ રૂપિયા મૂલ્યની બે ખાસ ટપાલ ટિકિટો બહાર પાડી હતી. તો આ દિવસે ૫૦ રૂપિયા, ૧૦ રૂપિયા, ૧૦ પૈસા અને ૫ પૈસાની કિંમતવાળા ચાર ખાસ સિક્કાઓ પણ ચલણમાં મૂકાયા હતા.

● **યુનિસેફ અને આરોગ્ય સંસ્થા :**

સંયુક્ત રાષ્ટ્રસંઘના નેજા હેઠળ વિવિધ ક્ષેત્રોની જે ચૌદ મહત્ત્વની પેટાસંસ્થાઓ કાર્યરત છે તેમાં એક બાળકો માટેની સંસ્થા 'યુનિસેફ' પણ છે. વિશ્વમાં બાળકોનો યોગ્ય શારીરિક, માનસિક, શૈક્ષણિક વિકાસ થાય તે માટે ૧૯૪૬માં તેની સ્થાપના કરાઈ છે. ન્યુયોર્ક (અમેરિકા)માં મુખ્યમથક ધરાવતી આ સંસ્થાનું પૂરું નામ 'યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ' (બાળકોની તાકીદની જરૂરિયાતો માટે સંયુક્ત રાષ્ટ્રોનું આંતરરાષ્ટ્રીય ભંડોળ) છે. ભારતમાં તેની પ્રવૃત્તિઓનો પ્રારંભ ૧૯૪૯થી થયો છે. બાલ વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓને આંતરપરિમાણમાં સાંકળવા માટે યુનિસેફે 'લીડ એજન્સી' (અગ્ર માધ્યમ) તરીકે ભૂમિકા ભજવી હતી.

યુનોનું આવું જ એક અન્ય અંગ 'વિશ્વ આરોગ્ય સંઘ' (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) પણ છે, જે મિતાક્ષરે 'WHO' (હૂ)ના નામે ઓળખાય છે. દુનિયામાં સ્વાસ્થ્ય ક્ષેત્રે અમૂલ્ય સેવાઓ માટે જાણીતા આ સંગઠનની સ્થાપના ૧૯૪૮માં થયેલી અને તેનું મુખ્યમથક જિનિવા (સ્વિટ્ઝર્લેન્ડ)માં આવેલું છે. આ સંસ્થા દ્વારા દર વર્ષે ૭મી એપ્રિલના 'વિશ્વ આરોગ્ય દિન' મનાવવામાં આવે છે. તે પ્રસંગે ચોક્કસ વિષય પસંદ કરી તે પર એક વિચાર કે સૂત્ર વહેતું કરાય છે. તેમાં 'બાળક'ને કેન્દ્રમાં રાખીને અત્યાર સુધી આ પ્રમાણસૂત્રો આપવામાં આવ્યા છે....

આપણા વિશ્વમાં બાળકોનું આરોગ્ય (૧૯૫૧), રસીઓ મૂકાવી બાળકને રક્ષણ આપો (૧૯૭૭), સ્વસ્થ બાળક – ચોક્કસ ભાવિ (૧૯૭૯), બાળકની તંદુરસ્તી – આવતીકાલની સંપત્તિ (૧૯૮૪), રોગ પ્રતિકારક રસીઓ – બાળકો માટે અમૂલ્ય તક (૧૯૮૭), બાળકોના રક્ષણ માટે સ્વચ્છ પર્યાવરણ (૨૦૦૩).

● **બાળ કેન્દ્રિત સમયખંડો :**

યુનો દ્વારા ૧૯૭૯માં વિશ્વ બાળ વર્ષની ઉજવણી પછી 'સાર્ક' દેશો (સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજિયોનલ કો-ઓપરેશન / દક્ષિણ એશિયાઈ પ્રાદેશિક સહકાર સંગઠન) દ્વારા ૧૯૯૦નું વર્ષ અને ૧૯૯૧-૨૦૦૦નો દાયકો અનુક્રમે 'સાર્ક બાલિકા વર્ષ અને દશક' (સાર્ક યર / સાર્ક ડિકેડ ઑફ ગર્લ ચાઈલ્ડ) તરીકે મનાવાયા હતા.

સપ્ટેમ્બર ૧૯૯૯માં યુનિસેફ અને ઈન્ટરમીડિયા પબ્લિસિટી કો-ઓર્ડિનેશન કમિટીના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં 'મીના બાલિકા સપ્તાહ'ની ઉજવણી થઈ હતી. 'મીના' નામક પાત્ર દ્વારા દક્ષિણ એશિયાઈ દેશોની નાની છોકરીઓના પ્રશ્નોને વાચા આપવામાં આવી હતી. ત્યારે ગુજરાતમાં કન્યા કેળવણીનું પ્રમાણ ઊંચું લાવવા વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. તો, ૨૦૦૮નું વર્ષ આપણા રાજ્યમાં 'નીરોગી બાળ વર્ષ' તરીકે મનાવાયું હતું એ સર્વવિદિત છે.

૧૪મી નવેમ્બર 'બાલ દિન' તરીકે ઉજવાય છે તેમ દેશમાં ૮મી ડિસેમ્બર 'મંદબુદ્ધિ બાળ દિન' તરીકે મનાવાય છે. જ્યારે વિશ્વસ્તરે ૧૦મી ડિસેમ્બરનો દિવસ 'આંતરરાષ્ટ્રીય બાળ પ્રસારણ દિન' તરીકે ઉજવવામાં આવે છે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯*

*આળસુ માણસ જીવતો મરેલા જેવો છે એ સો વર્ષ જીવે તોયે નકામું. - બુદ્ધ*

# મીણના મહારથીઓનું મેડમ તુસેડ મ્યુઝિયમ

• ગોવિંદ ખોખાણી •

દિપાવલીની ઉજવણી ભારતભરમાં તો થાય છે જ પરંતુ ભારતીયો વિદેશોમાં જ્યાં જ્યાં પહોંચ્યા છે ત્યાં આ તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરે છે. વિદેશના ઘણા દેશોની સરકારે ભારતીયોના આ તહેવારને માન્યતા આપી, તે દિવસે સત્તાવાર રજા પણ જાહેર કરે છે.

બ્રિટનમાં આશરે ૧૫ લાખ જેટલા બ્રિટિશ એશિયનો વસવાટ કરે છે જેમાં હિંદુ, શીખ, જૈન, મુસ્લિમોનો સમાવેશ થાય છે. એક સમયે ભારત પર સામ્રાજ્ય ભોગવનાર **બ્રિટનમાં ૮ લાખ ૫૦ હજાર જેટલા કચ્છી ગુજરાતીઓ વસવાટ કરે છે.** એટલું જ નહીં, બ્રિટનના વેપાર, ઉદ્યોગ, રાજકારણમાં આ ગુજરાતીઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સ્થાનિક કાઉન્સિલમાં તો ગુજરાતીઓ મોખરે છે પરંતુ બ્રિટિશ પાર્લામેન્ટમાં પણ ગુજરાતીઓ બિરાજે છે, જે ગુજરાતનું ગૌરવ છે.

આ વર્ષે દીપાવલીના મહોત્સવ પ્રસંગે લંડનનું જાણીતું મ્યુઝિયમ મેડમ તુસાદ પ્રથમ વખત દિવાળીની ધમાકેદાર ઉજવણી કરશે. એક અઠવાડિયા સુધી ચાલનાર આ ઉજવણી દરમ્યાન લંડનના આ મ્યુઝિયમના મુલાકાતીઓને ભારતના પારંપરિક સંગીત અને સંગીતના સાધનોમાંથી રેલાતા સૂર સાંભળવા મળશે. એટલું જ નહીં, અહીં ભારતીય શાસ્ત્રીય નૃત્ય પણ માણવા મળશે. આ પ્રસંગે ભારતીય મીઠાઈઓનું ખાસ હટ પણ ઊભું કરવામાં આવશે.

મેડમ તુસાદ મ્યુઝિયમના મેનેજર વિઝ એડવર્ડના જણાવ્યા મુજબ બ્રિટનમાં હિંદુઓ, એશિયનોની વધતી વસતિને આકર્ષવા માટે આ ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

લંડનની મુલાકાતે જતા કચ્છી ગુજરાતીઓને ત્યાં વસવાટ કરતા સંબંધીઓ, મિત્ર, લંડન પાર્લામેન્ટ હાઉસ, થેમ્સ રિવર બ્રિજ, ટ્રાન્સલ્ગર સ્કેયર, રાણી એલિઝાબેથનો બંકિંગહામ રાજમહેલ, બ્રિટનના વડાપ્રધાનનું સત્તાવાર નિવાસ સ્થાન ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટની મુલાકાતે લઈ જાય છે. પરંતુ વિશ્વની અજાયબી એવું મેડમ તુસેડ મ્યુઝિયમ બતાવવાનું પણ ભૂલતાં નથી. મેડમ તુસેડની મુલાકાત પછી એ કચ્છી ગુજરાતી વતનમાં આવ્યા પછી આ મ્યુઝિયમના વખાણ કરતાં થાકતા નથી.

લંડનની અન્ડરગ્રાઉન્ડ ટ્રેનમાં બેસી બેકર સ્ટ્રીટ સ્ટેશને ઉતર્યા પછી સ્ટેશનથી બહાર નીકળતાં જ ડાબી બાજુએ વિશાળ ગુંબજ સાથેનું ભવ્ય મકાન જોવા મળે છે. એજ મેડમ તુસેડ મ્યુઝિયમ. કોઈ સિનેમા ગૃહનું નવું પિક્ચર લાગે અને એક જમાનામાં લોકોની જે લાંબી લાઈન અને ભીડ જોવા મળતી તેથી વધુ ભીડ આ સ્થળે જોવા મળે છે.

વિશ્વના દરેક દેશોમાં એ દેશની મહાન વિભૂતિઓ, રાજકીય નેતાઓ, આઝાદી જંગમાં પ્રાણની આહૂતિ આપનાર મહાન દેશ ભક્તો, સમાજક્ષેત્રે સેવા આપનાર સમાજસેવી આગેવાનોના આરસના પુતળા, કાંસ્ય પ્રતિમાઓ જોવા મળે પરંતુ ૨૧૮ વર્ષથી આ મ્યુઝિયમમાં વિશ્વના વિભિન્ન મહારથીઓના મીણના પૂતળાં પ્રદર્શિત કરવામાં આવેલ છે. વિવિધક્ષેત્રે જેમણે જગતવ્યાપી લોકપ્રિયતા મેળવી છે તેવા રાજકારણીઓ, કલાકારો, ખેલાડીઓ અને પ્રજા પર જુલમો ગુજારનાર રાજાઓ અહીં બાવલારૂપે મૂકવામાં આવ્યા છે. અબ્રાહમ લિંકનથી જહોન એફ. કેનેડી, ચર્ચિલથી માર્ગારેટ થેચર, મહાત્મા ગાંધીથી રાજીવ ગાંધી, ભારતના ફિલ્મ કલાકાર અમિતાભ બચ્ચન, સલમાન ખાન, ઐશ્વર્યા રાય, શાહરૂખ ખાનનાં મીણનાં પૂતળાં, ગોર્બાચેવ, મારલીન મનરો, બ્રિટલ્સ, ક્રિકેટરોનાં ૩૫૦ જેટલાં આબેહૂબ પૂતળાં આ મ્યુઝિયમમાં છે. આ પૂતળાંઓની ખૂબી એ છે કે એ એટલી ચીવટતાથી અને કુશળતાથી તૈયાર કરાયા છે કે આપણને એમ જ લાગે કે હમણાં જ આપણી સાથે વાત કરશે.

**આ વિરાટ અને વિશ્વભરમાં અનોખું મ્યુઝિયમ સ્થાપવા અને મીણનાં પૂતળાં પાછળ જીવન વ્યતીત કરનાર વિભૂતિનું નામ છે મેડમ તુસેડ.**

મેડમ તુસેડનો જન્મ ૧૭૬૧માં ફ્રાન્સના સ્ટેસબર્ગમાં થયો હતો. માતાએ મેરી નામ રાખ્યું. પિતા મેરીના જન્મ પહેલાં જ મૃત્યુ પામ્યા. વિધવા માતા મેરીને લઈ સ્વિટ્ઝરલેન્ડના બર્ન શહેરમાં ગઈ. અહીં મેરીની બાને ડોક્ટર કર્ટિસને ત્યાં ઘરકામની નોકરી મળી. ડોક્ટર કર્ટિસ મીણના પૂતળાં બનાવવાના અચ્છા કસબી હતા.

બાલ્યાવસ્થામાં મેરી ડોક્ટર કર્ટિસ પાસે પૂતળાં તૈયાર કરવાનું શીખતી થઈ અને ૧૭ વર્ષની ઉંમરે ૧૭૮૯માં મેરીએ ફ્રાન્સના વિશ્વપ્રસિદ્ધ ફિલસુફ વોલ્તેરનું પૂતળું બનાવ્યું. ૧૭૮૯માં ફ્રાંસમાં બળવો ફાટી નીકળતાં મેરી મધ્ય પેરીસમાં આવી ગઈ. લશ્કરી હેતુસર શાસને મેરીને કબજામાં લઈ ગિલોટીનનો ભોગ બનેલાઓના મીણના ડાકાં બનાવવાની સખત મહેનત માંગી લેતી કામગીરી લાદી. ૧૭૯૪માં ડો. કર્ટિસનું મૃત્યુ થયું. ડો. કર્ટિસ મેરીને પોતાના એકમાત્ર વારસદાર નીમી તેમના તૈયાર કરેલ પૂતળાઓનાં પ્રદર્શન યોજવાની સત્તા મેરીને આપી.

ડો. કર્ટિસના મૃત્યુ બાદ મેરી ફ્રાન્કોઈસ તુસેડ નામના સિવિલ એન્જિનિયર સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગઈ. લગ્ન બાદ તેણીએ બે પુત્રો જોસેફ અને ફ્રાન્સીસને જન્મ આપ્યો. ૧૮૦૦ના અંતે ફ્રાન્સમાં શાંતિ હતી. પરંતુ પૂતળાનાં પ્રદર્શનમાં આવતા મુલાકાતીઓની સંખ્યા ઘટતાં મેરી ઉર્ફે મેડમ તુસેડ ચિંતિત રહેતા હતા. ૧૮૦૨માં પતિ ફ્રાન્કોઈસને

*જેમ નદીઓ ગમે તે રસ્તે પણ સમુદ્રમાં પ્રવેશે છે તેવી રીતે બધા પ્રકારની ઉપાસના છેવટે પ્રભુને જ પહોંચે છે. – ભાગવત*

ફ્રાંસમાં જ છોડી મેડમ તુસેડ ઇંગ્લેન્ડ આવી વસ્યા.

ઇંગ્લેન્ડ આવ્યા પછી ૩૦ વર્ષ સુધી મેડમ તુસેડ બ્રિટનનાં તમામ મુખ્ય શહેરોમાં પૂતળાંઓનાં પ્રદર્શન યોજતાં રહ્યા એ સાથે જ તેઓ વિવિધ પૂતળાં પણ કંડારતા રહ્યા. **જુદા જુદા શહેરોમાં ફરતા રહી મેડમ તુસેડ કંટાળ્યા અને લંડનમાં સ્થાયી પ્રદર્શન ખંડ ઊભું કરવાનો નિર્ણય લીધો.** મેડમ તુસેડની છેલ્લી મીણ પ્રતિમા તેમની પોતાની હતી જે તેમણે તેના મૃત્યુથી ૮ વર્ષ અગાઉ કંડારી હતી. ૧૮૫૮માં મેડમ તુસેડે આ જગતમાંથી વિદાય લીધી.

મેડમ તુસેડની વિદાય પછી ૧૯૨૫માં આગની એક દુર્ઘટનાએ આ મ્યુઝિયમમાં વિનાશ વેર્યો. પરિણામે ત્રણ વર્ષ સુધી આ મ્યુઝિયમ બંધ રહી, ૧૯૨૮માં અનેક નવાં પૂતળાં સાથે ફરી ખુલ્યું.

**આ મ્યુઝિયમમાં ભારતીય નેતાઓ પૈકી મહાત્મા ગાંધી, શ્રીમતી ઈંદીરા ગાંધી તેમજ રાજીવ ગાંધીના પૂતળાંને સ્થાન અપાયું છે.** અમેરિકાના અબ્રાહન લિંકન, જોન. એફ. કેનેડી, આફ્રિકાના રાષ્ટ્રવાદી નેતા મઝે જોમો કેન્ટાટા, બ્રિટનનું શાહી પરિવાર, ચર્ચિલ, માર્ગારેટ થેચર, યુગોસ્લાવિયાના પ્રમુખ ટીટો, અભિનેત્રી સોફિયા લૉરેન, તેલિયા રાજા પોલ ગેટ્ટી, પોલેન્ડના મજૂર નેતા વાલેસાનાં પૂતળાં આ મ્યુઝિયમમાં છે.

વિશ્વભરમાં મહાનુભાવોને મીણમાં કંડારવાનું અને આ મ્યુઝિયમમાં મૂકવાનું લિસ્ટ રોજબરોજ લંબાતું જ જાય છે. પરિણામે મ્યુઝિયમના હાલના સંચાલકો પણ મૂંઝાયા છે કે કોનું પૂતળું તૈયાર કરવું અને જગ્યાના અભાવે કયા પૂતળાંને ખસેડી લેવું. લોકપ્રિયતાને આધારે પૂતળાં મૂકવા અને ખસેડવા માટે નિર્ણય લેવા મ્યુઝિયમના સંચાલકોએ વિવિધ ક્ષેત્રની આઠ વ્યક્તિઓની એક સમિતિ રચી છે. દર વર્ષે મ્યુઝિયમમાં ૨૦ નવાં પૂતળાં ઉમેરાતાં હોવાથી કયા મહાનુભાવોની લોકપ્રિયતા કેટલી વધી-ઘટી તે ચકાસીને મ્યુઝિયમમાં તેનું પૂતળું રાખવું, કામચલાઉ ખસેડવું કે પછી હંમેશાં માટે રદબાતલ કરવું તેનો નિર્ણય આ સમિતિ લે છે.

આ વેક્સ મ્યુઝિયમમાં એક વિભાગ 'ચેમ્બર ઑફ હૉરર'ના નામે છે. આ વિભાગમાં ૧૬મા લુઈ, મેરી, ક્રાંતિકારી રોપાસ્પાયરના ડેપ માસ્ક - ડોકું રખાયાં છે. એ જમાનામાં ફાંસીની સજા કઈ રીતે અપાતી, જુલમી રાજાઓ નિર્દોષ પ્રજા પર કઈ રીતે જુલમો ગુજારતા તે સમગ્ર પ્રક્રિયા પૂતળાંઓ દ્વારા આબેહૂબ દર્શાવી છે, જે નબળા મનના લોકો જોઈ પણ ન શકે.

**જીવનના અવિસ્મરણીય સંભારણા સમા આ મ્યુઝિયમની જન્મદાત્રી મેડમ તુસેડનું વિશાળ પૂતળું આ મ્યુઝિયમના ગ્રેટ હોલમાં રાખવામાં આવેલ છે.**

લંડન જતા પ્રવાસીઓ માટે આજે પણ આ મ્યુઝિયમ એક મધુર સંભારણું બની રહ્યું છે. ભારતની ગૌરવજનક બાબત એ છે કે જ્યાં ભારતના લોકપ્રિય ફિલ્મી સીતારાઓના સ્ટેચ્યુ મૂકવામાં આવેલ છે એ વિભાગમાં જ આ ફેસ્ટીવલ રાખવામાં આવેલ છે.

*પ્રજ્ઞા જ્યોતિ, નવા વાસ,*
*માધાપર, તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૪૨૬૯ ૬૭૮૧૮*

## ચાલો કચ્છ જોવા

**(અનુસંધાન : પાના નં.-૯૪ ઉપરથી ચાલુ)**

કચ્છનાં અભયારણ્યોની વાત કરીએ તો ખાવડા પાસે ભુજથી સો સવાસો કિલોમીટરને અંતરે આવેલ સુરખાબ નગર પક્ષી તીર્થ છે. અલભ્ય એવા સુરખાબ પક્ષીઓ વર્ષાઋતુ દરમ્યાન સુરખાબ નગરનાં મહેમાન બને છે. **કચ્છના મોટા રણમાં દસ-બાર કિલોમીટરનાં વિસ્તારમાં સુરખાબ નગર વિસ્તરેલું છે.** કચ્છના આ રણમાં અતિ સુંદર દેખાતા સુરખાબોને નિહાળવા, એ પણ જિંદગીનો એક મહામૂલો લહાવો છે.

આ ઉપરાંત ભદ્રેશ્વરનાં મંદિરો, બહુંતેર જિનાલય, માંડવીનો મઝારેનૂર હજીરો, અંજારની જેસલ તોરલની સમાધિ, પ્રખ્યાત કોટેશ્વર નારાયણ સરોવર – આવા તો અનેક દર્શનીય શિલ્પ સ્થાપત્ય ધાર્મિકતાના, બેનમૂન દરિયા કિનારો, વગેરે કલા કારીગરી, પુરાતત્ત્વ, વગેરેનો ખજાનો જે ભૂમિમાં ભંડારેલ પડ્યો છે એવી પુરાણ પ્રસિદ્ધ કચ્છ નગરીનાં દર્શન એ જિંદગી જીવ્યા-માણ્યાનો લહાવો છે, જેનો લાભ લેવા, કચ્છ પધારવાનું ઇજન જરૂર સ્વીકારશો.

***એસ.બી.એક્સ. ૮૨-૮૩, આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.***
***ફોન : (૦૨૮૩૬) ૨૬૧૮૮૮ મો. ૯૯૦૯૭ ૨૩૯૮૩***

## વૈજ્ઞાનિક દષ્ટિએ ચેતનાની સમજ

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

ચેતના પુનર્જન્મથી નહીં, પણ સંતાનના જન્મથી નવો દેહ ધારણ કરે છે. એ રીતે તે અમર રહે છે. આપણે પ્રકૃતિનું એક નાનું અંગમાત્ર છીએ. જીવ ઉત્ક્રાંતિની નિસરણીનું એક પગથિયું છીએ. મૃત્યુ પછી આપણું જે પણ જળવાય છે તે જીવસત્ત્વ દ્વારા સંતાનોને આપેલ વારસો તેમ જ આપણા વ્યક્તિત્વ અને કાર્યો દ્વારા સમાજને આપેલ વારસો છે.

માનવ સિવાયની બધી પ્રજાતિઓના જીવનમાં માત્ર બે જ મુખ્ય હેતુ હોય છે. પોતાની જાતનું રક્ષણ કરવાનું અને વંશવેલો વધારવાનો. માનવ જીવનના બીજા પણ કેટલાક લક્ષ્ય છે. જોકે એનાથી પાયાના બે ઉદ્દેશોનું મહત્ત્વ જરા પણ ઓછું થયું નથી.

માનવ સમાજે સંયુક્ત રીતે ભેગી કરેલી માહિતી જ્ઞાન કહેવાય છે. આવું કહેવાતું જ્ઞાન સાચું હોય અથવા ખોટું પણ હોઇ શકે છે. કેટલુંક લાંબા સમયનું સામૂહિક જ્ઞાન વર્તમાનમાં ખોટું સાબિત થઇ ચૂક્યું છે, કારણ કે તે હંગામી ફાઇલની માહિતી હતી.

જીવનસત્ત્વમાં સંગ્રહાયેલ માહિતી માટે સાચા ખોટાનો સવાલ જ પેદા થતો નથી. એ માહિતી પ્રકૃતિએ આપણામાં મૂકી છે. એ આપણી કાયમી ફાઇલ છે. એનો બીજો વિકલ્પ નથી.

અહીં રજૂ કરેલ મુદ્દાઓ પર ખુલ્લા મને વિચાર કરનારને એમાં કંઇ અજુગતું નહીં લાગે. ઊલટાની આ તાર્કિક રજૂઆત વધુ સ્વીકાર્ય લાગશે. અજ્ઞાત વિશ્વ વિશેની માન્યતાઓના બીજા અંતિમે બેઠેલા કેટલાક રેશનાલિસ્ટ મિત્રોને પણ આ રજૂઆતમાં તથ્ય દેખાય તો થોડા મધ્યમમાર્ગી બનશે.

સાચો અનેકાંતવાદ એટલે ભિન્ન વિચારધારા હોવાનું સ્વીકારીને પછી ભૂલી જવામાં નહીં પણ એના પર વિચાર કરી વાજબી લાગે તો અપનાવવામાં છે. જે દેખાય છે, અનુભવાય છે, સાબિત થઇ ચૂક્યું છે એના પાયા પર આપણી કલ્પનાને મર્યાદિતપણે આગળ વધારીએ એ વધુ યોગ્ય છે.

***૧, શ્યામવાટિકા સોસાયટી,***
***વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.***

*તમે ભગવાનની નજીક છો કે દૂર એ તમારી કરણી વડે જ નક્કી થાય છે. – નાનક*

# ધોળું મીઠું : કાળી મજૂરી
# પીવા કાજે પરસેવાનાં પાણી

**• પ્રેષક : શાંતિલાલ સંઘવી •**

માર્ચ મહિનાની એક બપોરે અગરિયા આગેવાન ધરમશીભાઈ કહેતા હતા કે કેટલીક અગરિયા બહેનો રણમાંથી પચ્ચીસ કિલોમીટરનું અંતર કાપીને પાણી ભરવા ખારાઘોડા સુધી આવે છે.

જનતા મીઠા મંડળીના અગરિયા કિશનભાઈ વડેચા ખારાઘોડા આવીને કહેતા હતા કે અમારા અગરમાં પંદર દિવસથી પાણીનું ટેન્કર આવ્યું નથી. પંદર દિ પહેલાં પાણીનું ટેન્કર ઠલવ્યું હતું. પણ, એ રાતે જ પડખેના અગરવાળા પાણી ઉપાડી ગયા ને પાણી ખૂટી ગયું.

એક અગરિયા મહિલા કહેતી હતી કે બે ગાઉ છેટે જંગલમાં ઘૂડખર ને પીવાની કુંડી ભરેલી છે. તેમાંથી છાનામાના પાણીનું બેડું ભરી લાવી.

**પાંચ હજાર ચોરસ કિ.મી.નો અતિ નિર્જન વિસ્તાર એટલે કચ્છનું નાનું રણ.** મીઠાની ખેતી કરવા માટે અગરિયા પરિવારોએ આયખાનો પોણો ભાગ એ રણમાં વિતાવવાનો. અગરિયાઓની આપદાઓ વિશે બહુ લખાયું છે. પણ, અગરિયાઓને એક સાંધે ત્યાં તેર તૂટેની પરિસ્થિતિ છે. આ વરસે પાણી માટેના રઝળપાટે આંખમાં પાણી લાવી દીધાં છે. ખારાઘોડાના રણમાં અંદાજે દસ હજાર જેટલા અગરિયાઓ વસવાટ કરે છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા રણ માટે નવ હજાર લીટરની ક્ષમતાવાળી ત્રણ ટેન્કરની વ્યવસ્થા કરવામાં આવી છે. **ત્રણ ટેન્કર દ્વારા દરરોજ બે ફેરા મુજબ પચાસ હજાર લીટર પાણી પહોંચતું થાય ત્યારે, માથાદીઠ પાંચ લીટર પાણી માંડ પહોંચે.**

અધૂરામાં પૂરું ઝીંઝુવાડાથી હિજરત કરી ગયેલા માલધારી સમાજને રણમાંથી ઓછું કરીને એક ટેન્કર ફાળવવામાં આવ્યું છે. એટલે પાણીની કાયમી અછત ભોગવતા અગરિયાઓને દુકાળમાં અધિક માસ થયો. આ વરસે વાસ્મો દ્વારા અગરિયાઓને એક હજાર લીટરની પાણીની ટાંકીનું વિતરણ કરવામાં આવ્યું છે. પરંતુ આ ટાંકીઓ ખાલી રહી જવા પામી છે!!! એ ટાંકીના ભંડોળમાંથી નવા ટેન્કર વસાવીને વિતરણ ગોઠવ્યું હોત તો સમસ્યા હળવી થઈ શકત.

બીજી તરફ અભયારણ્યનો કાયદો મંજૂર થયેથી પાઈપ લાઈન અગર સુધી પહોંચવા દેતો નથી. અગરિયાઓને રણમાં શુદ્ધ, નિયમિત અને પૂરતું પાણી મળી રહે અને તેમની તરસ કાયમને માટે ભાંગે તો જ તેમના લૂણનું ઋણ ચૂકવ્યું ગણાય.

તાજેતરમાં આખા જગતે વર્લ્ડ વોટર ડે ઊજવ્યો પણ પાણીની જરૂરિયાત, તંગી કે એના નિરાકરણ વિશે કોઈએ ક્યારેય વિચાર્યું હોવાનું યાદ નથી. શહેરોમાં વસતા નાગરિકો એક ટાઈમ મ્યુનિસિપાલિટીનું પાણી ન મળે તો બેબાકળા બનીને બૂમરાણ મચાવી દે છે. પણ, પાટડી તાલુકાના ખારાઘોડાના રણમાં વસતા અગરિયાઓને દૂર જઈને પાણીનો પત્તો મેળવવો પડે છે. આ ખારાઘોડાના રણપ્રદેશમાં ઓક્ટોબરથી મે મહિના સુધી ઝૂંપડાં બાંધીને રહેતા હજારો અગરિયાઓ ધોમધખતા તાપમાં શરીર શેકીને દસેક લાખ મેટ્રિક ટન જેટલા મીઠાનું ઉત્પાદન કરે છે. **લીલાં શાકભાજી, દૂધ, ડોક્ટર, એસ.ટી. કે ભણતર તો એમના નસીબમાં નથી જ પરંતુ પાણીનીયે અછત છે કે ઉનાળામાં તો પરસેવાથી નહાવું પડે છે!** પાણી પુરવઠા વિભાગે આખા વરસ દરમિયાન અઠવાડિયે માત્ર ત્રણ ટેન્કરોની વ્યવસ્થા કરી હતી. હવે પંદર દિવસેય પાણીનો ઘૂંટ મળતો નથી. **નિસાસા નાખતી ગરીબ અગરિયા મહિલાઓ ફરિયાદ કરે છે કે, ભર ઉનાળે પાણી ગોતવા માઈલો સુધી રઝળપાટ કરવો પડે છે ને મીઠાના અગરોથી દસ કિલોમીટર દૂર આવેલા ઘૂડખર અભયારણ્યમાં જઈ ઘૂડખરોને પીવા માટે બનાવેલી પાણીની કુંડીઓમાંથી વાસી પાણી ભરી લાવવું પડે છે.** પંખીને માળો બાંધવો હોય તો ઝાડ શોધવા આઠ દસ માઈલ ઊડવું પડે એવી ઉજ્જડ અને નપાણિયા ભૂમિ પર ભર તડકે ધોળું મીઠું પકવવા કાળી મજૂરી કરતા અને રોજ પાણી માટે પદયાત્રા કરતા આ ગરીબોના આંસુ અને પરસેવો ક્યારેય સૂકાતાં નથી!

*('જલસેવા'માંથી સાભાર)*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

## વાંચનમાંથી વીણેલું : કચ્છની અસ્મિતા

**(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)**

*અનેક દેશ ડોલશે, વરસાદ મૂળે વરસશે નહિ*
*મહીપતિઓ માંગવા નીકળશે એવા દિવસો આવશે*
*જગડુ ઝટપટ જાગી જા! ઓ સિંહ! તું સૂતો કેમ છે?*
*આટલી બધી કમાઈ, માથા પર ચાલવાની નથી.*
*અરે કરમી! તું કમર કસી લે!*
*કચ્છનું નામ કાયમ કરી દે!*

યતિ દેવના શબ્દો તીરની પેઠે જગડુશાહના અંતરમાં ઊંડા ઉતરી ગયા. ભારત પર ઝઝુમી રહેલા આ ભયંકર દુકાળોને પહોંચી વળવા જગડુશાહ તૈયાર થઈ જાય છે. ઠેર ઠેર અનાજના કોઠાર ભરી દે છે. વિશાળ એવા અન્ન ભંડાર મોકળા મૂકીને જગડુશાહ પોતાનું નામ અમર કરે છે.

સાહિત્ય અને કાવ્યકળાના ક્ષેત્રમાં કચ્છી સર્જકોનું અદ્વિતીય પ્રદાન છે તે અંગે હવે પછી. ■

*ગુલાબની સુગંધ માણવી છે તમારે? તો ગુલાબની સાથે કાંટા પણ તમારે સ્વીકારવા પડશે. - સુભાષચંદ્ર*

# જળક્રાંતિ ટ્રસ્ટની પ્રશસ્ય કામગીરી

• કમલ જોશી •

સૌરાષ્ટ્રમાં જામકા (જિ. જૂનાગઢ) ગામને મોડેલ તરીકે પસંદ કરીને જળક્રાંતિ ટ્રસ્ટે પ્રશસ્ય કામગીરી કરી છે. આ ટ્રસ્ટના પ્રમુખ મનસુખભાઈ સુવાગિયા છે અને એમણે જળક્રાંતિ અર્થે યોજના બનાવી છે, ૨૫૦૦ ચેકડેમ તળાવનું નિર્માણ કર્યું છે. એમની આ યોજનામાં નીચેના સાત મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે :

૧. સૌથી ઓછા ખર્ચે જળસમસ્યાનું નિવારણ.
૨. પ્રતિ એકર સૌથી ઓછા ખર્ચે સિંચાઈનું પાણી.
૩. પ્રથમ વર્ષે જ પરિણામ.
૪. ખેતર, ગામ, જંગલ ડૂબતાં નથી, પણ આબાદ કરનાર પર્યાવરણ મિત્ર યોજના.
૫. દેશમાં સૌથી વધુ રોજગાર ઉત્પાદન કરવા સક્ષમ યોજના.
૬. ગૌવંશ, જીવસૃષ્ટિની કાયમી સુરક્ષા યોજના.
૭. દરેક ગામ માટે કાયમી સ્વાવલંબી જળયોજના.

આ મુદ્દાઓમાં ગૌવંશ સંદર્ભે ગીર ગાય આપણા આંગણે રાષ્ટ્રીય યોજના શરૂ કરી હતી, એ વિશે વિશેષ માહિતી મેળવીએ.

સૌરાષ્ટ્રની ગીરની ગાય દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે. **એક સમય હતો જ્યારે ત્યાં ૧૦થી ૧૨ લાખ ગીર ગાય હતી.** ગીરના જંગલોમાં સિંહની વસતિ ઓછી હતી ત્યારે ત્યાંના તમામ નેસડામાં ગૌપાલન મોટા પ્રમાણમાં થતું, પણ સિંહની સંખ્યા વધતા ગાયના શિકારની સમસ્યાથી ધીમે ધીમે ગાયની સંખ્યા ઓછી થતી ગઈ. જાતવાન ગાયોનેય પાંજરાપોળ કે ગૌશાળાઓમાં ધકેલી દેવામાં આવતી અને નબળી ગાયોને રસ્તે રઝળતી મૂકી દેવાતી. પરિણામે દેશી વંશની ગાયો લુપ્ત થવા માંડી. **૨૦૦૩માં તો આંકડો ઘટીને છેક ૫૦૦૦ સુધી નીચો આવી ગયો.** ગાયોને પાંજરાપોળો - ગૌશાળાઓમાં પૂરી આડેધડ વંશ વધારવાથી તેમનો ઉદ્ધાર આખા દેશમાં ક્યાંય થયો નથી અને થશે પણ નહીં. આ સ્થિતિમાં દેશ દુનિયાની શ્રેષ્ઠ જાતિમાંની એક ગીર ગાયને ઉગારવી ખૂબ જ જરૂરી બની ગયું હતું. ચારેબાજુ ભૌતિકવાદની બોલબાલા વચ્ચે અને માત્ર કમાણીના જ આશયથી થતાં કાર્યોમાં આવું સેવાનું કામ કરવા કોણ આગળ આવે! **પરંતુ રાજકોટ સ્થિત જળક્રાંતિ ટ્રસ્ટના પ્રમુખ મનસુખ સુવાગિયાએ સૃષ્ટિનું રતન ગણાતી સૌરાષ્ટ્રની ગીર ગાયોની વંશવૃદ્ધિ કરવાનું બીડું ઝડપ્યું.** ભાવનગરના મહારાજા પાસે ગીર ગાયની શ્રેષ્ઠ ઓલાદ હતી. પરંતુ આપણે એ વારસો સાચવી ન શક્યા. બ્રાઝિલવાળા તેમની પાસેથી ગાય અને ખૂંટ લઈ ગયા અને બ્રાઝિલ ગીર ગાયનો દેશ બની ગયો. એ જ રીતે ગામડે ગામડે પાલતુ ગાયો ઘટીને અનાથ ગાયો વધવા માંડી. ગૌ-ઉછેરની સમજણના અભાવે લોકો પાંજરાપોળો કે ગૌશાળામાં ગાયને મોકલી દેવા લાગ્યા.

ગીર ગાયની શરીરની રચના, રંગોનું વૈવિધ્ય અને પ્રાકૃતિક સ્વભાવથી દેશ, એશિયા ખંડ અને વિશ્વના તમામ ગૌવંશથી અલગ છે. ખુંધવાળા એકમાત્ર ગૌવંશ પ્રાણીઓમાં ગીરગાય સૌથી વધુ દૂધાળ છે. જન્મ સમયે ગીર ગાયની વાછરડીનું વજન ૨૫થી ૩૦ કિલો હોય છે. અઢી-ત્રણ વર્ષની ઉંમરે પ્રથમ વખત ગાભણી થાય ત્યારે તેનું વજન ૩૦૦-૩૫૦ કિલો હોવું જરૂરી છે. જો પહેલેથી જ યોગ્ય કાળજી રખાય તો ગીર ગાયનું વજન ૬૦૦ કિલો સુધી પણ જઈ શકે છે. સામાન્ય રીતે ગીર ગાય ૧૦થી ૧૨ અને અમુક સંજોગોમાં ૧૫થી ૧૮ વેતર વિયાણ આપે છે. ગાભણ થયા પછી તે દૂધ પણ પુષ્કળ પ્રમાણમાં આપે છે. વિયાણ પછીના ૩૦ દિવસથી ગાય મહત્તમ દૂધ આપવાનું શરૂ કરે છે. **ગીર ગાય પ્રથમ વેતરે દૈનિક ૧૨થી ૧૮ લિટર અને અમુક ગાય રોજનું ૨૦થી ૨૨ લિટર દૂધ આપે છે.** બીજા વેતર પછી દૂધનું ઉત્પાદન દૈનિક ૧૫થી ૨૫ લિટર જેટલું થઈ જાય છે. **ગીર ગાયનું સરાસર આયુષ્ય ૧૮થી ૨૦ વર્ષ છે.** આ બધું સમજાવવાની ખેડૂતો તેમજ ગોવાળોને તાતી જરૂરિયાત ઊભી થઈ હતી.

મનસુખ સુવાગિયા સૌરાષ્ટ્રનાં તમામ ગામના દરેક ઘરના આંગણે એક ગીર ગાય ઊછેરવાનો, વર્ણસંકર જાતિની નહીં પણ મૂળ ઓલાદની ગાયની વંશવૃદ્ધિ કરવાનો, ગાય-આધારિત કૃષિ-ઉદ્યોગો અને માનવસમાજ નિર્માણ કરવાનો, ગામોમાં ગાયનાં દૂધ ઘી ની નદીઓ વહાવવાનો, દરેક ગામમાં ગૌરક્ષા સંસ્થા ઊભી કરવાનો અને લોકોને ગાયનું તેમજ પ્રકૃતિનું રક્ષણ કરવાની સમજણ આપવાનો છે.

'ગીર ગાય આપણા આંગણે' યોજનાનો હેતુ ૨૦૦૩માં દેશમાં ગાયદીઠ વાર્ષિક ૫૦૦ લિટર દૂધ મળતું હતું તે વધારીને ૨૫૦૦થી ૬૦૦૦ લિટર દૂધ આપતી શુદ્ધ ઓલાદની ગીર ગાય નિર્માણ કરવાનો છે. અત્યારે લોકોને દૈનિક ૧૦૦ ગ્રામ ગાયનું દૂધ પણ મળતું નથી તે વધી માથાદીઠ દૈનિક ૫૦૦ ગ્રામથી એક લિટર દૂધ મળે એવો તેનો આશય છે. અત્યાર સુધીમાં એક હજાર ગામમાં આ યોજના અમલમાં મુકાઈ છે. **એને કારણે આજે ગાયની સંખ્યા ૫૦૦૦થી વધીને ૨૫૦૦૦ કરતાં વધુ થઈ ગઈ છે.**

જો કે જેમ દરેક સારી યોજનામાં બને છે એમ આ યોજનાને પણ સરકાર કે અન્ય વર્ગો તરફથી જોઈએ એટલો ટેકો નથી મળ્યો. કોઈ જાતના સ્વાર્થ વગર ગાંધીની પદ્ધતિથી

*ઘા રુઝાઈ જશે તોય નિશાની તો રહેવાની. – કવિ બાયરન*

કામ કરનાર મનસુખ સુવાગિયા છેલ્લાં દસ વર્ષથી ગીર અને કાંકરેજ ગાયની વંશવૃદ્ધિ માટે કામધંધો છોડી રાતદિવસ જોયા વગર કામ કરી રહ્યા છે. ત્યારે નથી લાગતું કે આપણાં બાળકોને જંક ફૂડ, ફાસ્ટ ફૂડ, ઠંડાં પીણાં, તમાકુના વ્યસની બનતાં અટકાવી ગીર ગાયના દૂધ, ઘી, દહીં, છાશ, માખણના વ્યસની બનાવીએ. જો અન્ય વ્યસન અને ફેશન છૂટી જાય તો કોઈને પણ ગાયનાં દૂધ, ઘી ખાવા મોંઘાં ન પડે. આવું કરીને આપણે પણ મનસુખ સુવાગિયાના આદર્શરૂપ કામમાં ટેકારૂપ બની શકીએ. અનંતકાળથી ગાય દૂધ પાઈને આપણને પોષી રહી છે ત્યારે આજે આપણી જવાબદારી અને ફરજ છે કે ગાયને પોષીએ.

*'કુમાર'માંથી સાભાર*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

## નામનું શું....???

જમશેદજી મહેતા કરાંચી શહેરના એક મહાન નાગરિક તરીકે જાણીતા હતા. એમનું સાધુ ચરિત જીવન સૌને પ્રેરણા આપતું હતું. કરાંચીમાં લેડી ડફરીન સાર્વજનિક હોસ્પિટલ છે. એકવાર એ હોસ્પિટલ માટે ફંડ ભેગું કરવાનું સૌએ વિચાર્યું. જમશેદજી મહેતાને પણ એ માટેની કમિટીમાં લેવામાં આવ્યા. કમિટીએ ઠરાવ્યું કે જે દાતા દસ હજાર રૂપિયા આપે એના નામની આરસની તક્તિ હોસ્પિટલની દીવાલ ઉપર મૂકવી. ઘણા સુખી ગૃહસ્થોએ મોટી મોટી રકમો નોંધાવી. જમશેદજીએ પણ દાનમાં રકમ આપી. પણ દસ હજારથી થોડાક રૂપિયા તેમણે ઓછા આપ્યા. તેમણે દસ હજાર પૂરા શા માટે નહીં આપ્યા હોય...?

તે જણાવવાની જરૂર ખરી?

(આજથી આશરે ૧૦૦ વર્ષ પહેલાના ૧૦,૦૦૦/- રૂા. આજના એક કરોડ રૂપિયા થાય.)

આવા પણ માણસો હતા.

*પ્રેષક : પ્રભુલાલ સંઘવી*

# સોનું ખરીદતા પહેલાં શું ધ્યાન રાખશો?

• સી.એ. પુષ્પા અશોક શાહ •

સોનાના ભાવ વધતા જ જાય છે ત્યારે એ ખરીદતા પહેલાં શું સાવચેતી રાખવી તે જાણવા મેં દાગીના બનાવતા એક સોની ભાઈનો ઈન્ટરવ્યૂ લીધો હતો અને એમની પાસેથી મળેલ માહિતી અહીં રજૂ કરી છે.

૧. સોનાના દાગીનાનો ટચ કઢાવવો. જેથી ખ્યાલ આવે કે સોનું ૨૨ કેરેટ છે કે ૧૬ કેરેટ. હવે હોલમાર્ક વાળું સોનું લેવું વધારે સારું.

૨. ઘણા દાગીના જેવા કે કંગન વગેરેમાં ઉપરના પડ અને નીચેના પડના કેરેટ અલગ હોય છે અને કલર પરથી કે ઉપરના ટચ પરથી ખબર પડતી નથી. એટલે ખાસ સાવચેતી રાખવી.

૩. મોટા શો-રૂમો દાગીના બનાવનાર કારખાનેદારને મજૂરી નથી આપતાં અને તેમને કહે છે સોનામાં એડજસ્ટ કરી લેજો. એટલે ફ્રી મજૂરીની લાલચમાં ન આવવું.

૪. પોકળ ડિઝાઈનના દાગીનામાં અંદર શું ભર્યું છે તે ખ્યાલ નથી આવતો.

૫. દાગીના પોલીશ કરવા આપો તો ઘણીવાર ૧% જેટલી ઘટ આવી જાય છે.

૬. નાની નાની ચાંદીની વસ્તુ જર્મન સીલ્વરની જ પધરાવી દે છે.

૭. દાગીના ખરીદો ત્યારે એ દુકાનદાર પાસેથી લેખિત ગેરંટી લઈ લો કે એ દાગીના પાછા આપતી વખતે ફક્ત મજૂરી કાપશે અને બીજી કોઈ રેણકસર કાપ્યા વગર એ દિવસના બજાર ભાવે વજન પ્રમાણે પૂરા પૈસા પાછા આપશે. આ ગેરંટી બહુ સ્પષ્ટ શબ્દોમાં લખાવી લો.

૮. જૂનું સોનું વેચતા પહેલાં ધરમના કાંટા પર વજન કરાવી લો. જેથી લેનાર દુકાનદાર વજનમાં એડજસ્ટ ન કરે. બિલ હોય તો ખરીદેલું હોય એજ દુકાનમાં પાછું આપો અને એ દિવસના બજારભાવ પ્રમાણે તમે કરાવેલા વજન મુજબ પૈસા માંગો.

બિલ ન હોય તો મુમ્બાદેવીના નાકા પર જૂનું સોનું ખરીદનારી દુકાનો છે ત્યાં વજનનું સર્ટિફિકેટ બતાવી, ભાવ કઢાવી લો અને પછી નક્કી કરો કે ક્યાં વેચવું.

૯. હંમેશાં એક જ દુકાનેથી ભરોસા પર દાગીના ખરીદતા હો તો એ ભરોસો ખોટો નથીને? તે જાણવા એકાદ મોટા દાગીનાનું વજન અને ટચ કઢાવી લો. તનિષ્ક, બીગ બજાર વગેરેમાં મશીન પર ફ્રીમાં કે વાજબી ભાવમાં દાગીના ચેક કરી આપે છે.

૧૦. સોનું ખરીદો ત્યારે બિલ જરૂરથી લેશો. મામુલી સેલ્સ ટેક્ષ લાગશે પણ દાગીના પાછા આપતી વખતે કે બીજા કોઈ પ્રોબ્લેમ વખતે આ બિલ ઘણું ઉપયોગી થશે.

૧૧. દાગીના ખરીદવાના, ઓલ્ટરેશનની મજૂરીના દરેક બિલ સાચવો.

ક્યારેક કોઈ જ્વેલર તમે સાચા હોવા છતાં દાદ ન આપતો હોય તો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરશું એ ધમકી ફક્ત આપવાથી મોટેભાગે કામ થઈ જાય છે.

*મો. ૯૮૬૯૦ ૧૦૯૭૨*

## ગુજરાતના સાર્વત્રિક વિકાસનું સુદ્રઢ આયોજન

# ગુજરાત વિઝન - ૨૦૨૦

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

ગુજરાત રાજ્યે તેના અસ્તિત્વના ૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે. ૧લી મે, ૨૦૧૦થી સમગ્ર ગુજરાત રાજ્યમાં વર્ષ દરમ્યાન સુવર્ણ જયંતી વર્ષની વૈવિધ્યસભર ઉજવણીના અસંખ્યાત કાર્યક્રમોના સુચારુ આયોજન હાથ ધરવામાં આવ્યા છે. આજે તો આટલા ટૂંકા ગાળામાં ગુજરાતે ઔદ્યોગિકીકરણ, ટેકનોલોજી, કૃષિ, ઊર્જા, આરોગ્ય, શિક્ષણ અને વાહન વ્યવહાર અને સંશોધન ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. પરિણામે વિશ્વમાં વિકાસના નકશામાં ગુજરાત સ્થાન પામ્યું છે.

ગુજરાત શબ્દ મૂળ પ્રાકૃત ગુર્જરત્રા પરથી ઉતરી આવ્યો છે. ગુર્જર રાષ્ટ્ર એટલે ગુજરાત. ગુર્જર એ એક જાતિનું નામ છે. આમ, આ ગુર્જરો જ્યાં વસ્યા તે વિસ્તાર ગુજરાત તરીકે ઓળખાયો. આજે તો ગુજરાતની વસતિ સાડા પાંચ કરોડના આંકને આંબી ગયેલી છે. આમ ભારતની કુલ વસતિમાં ગુજરાતનો હિસ્સો પાંચ ટકા છે. ભૌગોલિક વિસ્તારમાં હિસ્સો છ ટકા છે. મૂડી રોકાણમાં ત્રીસ ટકા હિસ્સો ધરાવતા ગુજરાતમાં આજે તો ૨૬ જિલ્લાઓ કાર્યરત છે. કૃષિ ઊર્જામાં બાગાયત ખેતી અને રોકડિયા પાકોમાં ગુજરાતની અગ્રતા છે. જેમાં અનેક ફળફળાદિ અને એરંડા, મગફળી, કપાસ, તલ આદિના ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં પ્રાકૃતિક ગેસ, તેલ અને અનેક પ્રકારના ખનીજોએ નિયોજકોને ઔદ્યોગિક ઉત્પાદનો હાથ ધરવા આકર્ષ્યા છે. બીજી તરફ રસ્તા, રેલવે, દરિયાઈ અને હવાઈ માર્ગોના ક્ષેત્રે થયેલ વિકાસે વ્યાપાર ઉદ્યોગોને વિકસાવવામાં મદદ કરી છે. પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, સિમેન્ટ, ટેક્ષટાઈલ, સીરામિક, ડેરી તથા ઝવેરાત ઉદ્યોગોનો વ્યાપ વિસ્તરતો ગયો છે. સૌર ઊર્જા, પવન ઊર્જા ક્ષેત્રે પ્રગતિ હાંસલ થઈ રહી છે. બીજી તરફ ઉત્કૃષ્ટ શૈક્ષણિક વિકાસ વિશ્વસ્તરીય શિક્ષણ વિકાસ આરંભાયો છે. નર્મદા યોજના પીવાના પાણી તથા સિંચાઈ ક્ષેત્રને લાભદાયી બનાવવા પ્રયત્નશીલ છે અને પ્રવાસન ક્ષેત્રે કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટો' (પરિષદો) યોજીને ગુજરાતના આર્થિક વિકાસને વેગ આપ્યો છે. રાજ્યભરમાં ગેસ ગ્રીડ, પાણી તેમજ વિસ્તારોનું નેટવર્ક, ગામડાંઓમાં બ્રોડબેન્ડ કનેક્ટીવિટી, સેઝ, બી.ઓ.ટી. રોડ, વિશ્વ બેંક સાથે કાર્બન ક્રેડિટનું ટ્રેડિંગ, ઓઈલ હેલ્થ કાર્ડ અને ગુજરાત સરકારે ૫૦ હજાર હેક્ટર જમીનની ઓનલાઈન લેન્ડ બેંક સ્થાપી. જેથી સર્વત્ર વિકાસને વેગ મળતો રહ્યો છે.

વિશ્વના આર્થિક વિકાસના નકશામાં ગુજરાત અગ્રસ્થાન પ્રાપ્ત કરી અનેકાનેક ક્ષેત્રનું હબ બને તે માટે ગુજરાત સરકારે વિઝન-૨૦૨૦ નામનો બહુમૂલ્યવાન દળદાર દસ્તાવેજ તૈયાર કર્યો છે. જેમાં આગામી દસ વર્ષમાં પ્રત્યેક ક્ષેત્રનું વિકાસનું ઉમદા મૂડી રોકાણનું બહુહેતુક આયોજન રચવામાં આવ્યું છે. **અંદાજે ૧૧,૨૫,૫૯૧ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થશે.** ગુજરાતે ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૧૦.૬ ટકાનો વિકાસદર હાંસલ કર્યો છે.

ગુજરાત રાજ્યમાં ૨૦૨૦ સુધીમાં સેવા ક્ષેત્રનો ફાળો ૪૨.૦૫ ટકા, ઉદ્યોગ ક્ષેત્રનો ફાળો ૪૧.૨૦ ટકા તથા કૃષિ ક્ષેત્રનો ફાળો ૭.૮ ટકા થશે. વિદ્યુત સેવાર્થે ઇ.સ. ૨૦૨૦ સુધીમાં રૂા. ૯૫,૬૨૦ કરોડના રોકાણનો અંદાજ છે. રૂા. ૫૪,૭૫૭.૯૫ કરોડ પીવાના પાણી તથા ઔદ્યોગિક પાણી વપરાશ માટે રૂા. ૩૬,૩૬૯.૪૩ કરોડ; સિંચાઈ ક્ષેત્ર માટે રૂા. ૨૦,૭૬૮ કરોડ બંદર વિકાસ; રૂા. ૧૮,૯૩૭ કરોડ રસ્તા વિકાસ માટે, રૂા. ૨૩,૧૩૦ કરોડ ઔદ્યોગિક પાર્કસ માટે, શિક્ષણ સંશોધન ક્ષેત્રમાં રૂા. ૫,૨૫૧ કરોડ, પ્રવાસનક્ષેત્ર રૂા. ૧,૬૯૭.૯૯ કરોડ, એરપોર્ટ વિકાસ માટે રૂા. ૧૫૩૦.૮૭ કરોડ અને કારગો પરિવહનમાં રૂા. ૨૨૭૩.૯૩ કરોડના ખર્ચનો લક્ષ્યાંક છે.

ઇ.સ. ૨૦૨૦માં પ્રજાના અને સરકારના સહિયારા પ્રયાસથી ગુજરાત રાજ્ય તો વિકાસની ચરમ સીમાએ પહોંચી જશે. ગુજરાતમાં કન્યા કેળવણીનો દર સો ટકા કરવાનો લક્ષ્યાંક છે જ્યારે આયુષ્ય દર પુરુષોમાં ૭૩.૪ અને સ્ત્રીઓમાં ૭૭.૪ કરવાનો છે. ડૉક્ટરોની સંખ્યા એક લાખની જન સંખ્યાએ ૧૭૦ની કરવામાં આવશે. ગરીબી રેખા નીચેની વસતિનું પ્રમાણ એક ટકાથી નીચું કરવા લક્ષ્યાંક છે. આગામી એક દાયકામાં ગુજરાતની અનેકવિધ ક્ષેત્રે અનન્ય આર્થિક વિકાસના ફળ ગુજરાતની જનતાને ચાખવા મળશે.

*૬ એ લીમડા લાઇન,*
*સંસ્કારનગર, ભુજ (કચ્છ)*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

સમાજ દર્પણ

# પિતાનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ

• કેતન કે. શાહ •

માતા ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. પણ ઘરના આ અસ્તિત્વને આપણે ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો? **પિતાનું મહત્વ હોવા છતાં પણ તેના વિશે વધુ લખવામાં નથી આવતું કે નથી બોલવામાં આવતું.**

કોઈપણ વ્યાખ્યાનકાર માતા વિશે બોલ્યા કરે છે, સંત મહાત્માઓ પણ માતાના મહત્ત્વ વિશેજ વધારે કહે છે. દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓએ પણ માતાના ખૂબ વખાણ કર્યા છે. સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે પણ ક્યાંય પિતા વિશે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે. આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશે જ. પણ સારા પિતાઓ વિશે શું લખાયું છે?

**માતા પાસે આંસુનો દરિયો હોય છે પણ પિતા પાસે સંયમની દીવાલ હોય છે. માતા રડીને છૂટી થઇ જાય છે પણ સાંત્વન આપવાનું કામ તો પિતાએજ કરવું પડે છે.** અને રડવા કરતા સાંત્વન આપવામાં વધુ મહેનત કરવી પડે છે કારણે કે દીવા કરતાં દીવી વધારે ગરમ હોય છે ને! પણ શ્રેય તો હંમેશાં દીવાને જ મળે છે.

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે. પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઇએ છીએ?

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકિયામાં મોઢું છુપાવીને ડૂસકાં ભરે છે તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાથી તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી, કારણકે નાના ભાઇ બહેનોને સાચવવાના હોય છે. પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી કારણકે બહેનને આધાર આપવાનો હોય છે. પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતાએજ કરવાનું હોય છે.

જીજાબાઇએ શિવાજીને ઘડ્યા એમ ચોક્કસપણે કહેવું જોઇએ પણ તે સમયે શાહજી રાજાએ કરેલી મહેનતને પણ ધ્યાનમાં લેવી જોઇએ.

**દેવકી-યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ પણ નદીના પુરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિતપણે લઇ જનારા વાસુદેવને પણ મહત્વ આપીએ. રામ, એ કૌશલ્યાના પુત્ર અવશ્ય છે પણ પુત્ર વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા...**

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઇએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઇએ તો સમજાય કે 'આપણાં નસીબના કાણા તેના ગંજીમાં પડ્યા છે.' તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા દીકરીને નવા જીન્સ લઇ આપશે પણ પોતે તો જૂનો લેંઘોજ વાપરશે. સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલૂનમાં જઇને બિલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાસ થઇ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણીવાર તો ખાલી પાણી લગાડીને દાઢી કરી લેતાં હોય છે.

પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી પણ જો ડોક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે. કારણ કે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈપણ સાધન હોતું નથી.

પહોંચ હોય કે નહોય પણ દીકરાને એન્જિનિયરિંગ કે મેડિકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે, પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે તેજ તારીખે પરમિટ રૂમમાં પાર્ટીઓ આપે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેની જ મજાક ઉડાડે છે.

પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. જે ઘરમાં પિતા હોય છે, તે ઘર તરફ કોઈપણ ઊંચી આંખ કરીને જોઇ શકતું નથી. કારણકે ઘરના કર્તાહર્તા જીવંત છે. જો તેઓ કંઈપણ કરતા ન હોય તોપણ મહત્વના કર્તાહર્તા તરીકેના પદ ઉપર હોય છે અને ઘરના કામ જુએ છે, સંભાળે છે.

માતા હોવી અથવા તો માતા હોવાના સત્યને પિતાને લીધે જ અર્થ મળે છે એટલે કે પિતા હોય તો જ માતાનું અસ્તિત્વ શક્ય હોય છે. કોઈપણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતાજ સહુથી નજીકની લાગે કારણકે બાજુમાં લે છે, વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગુપચુપ જઇને પેંડા પડીકા લાવનારા પિતા કોઇના ધ્યાનમાં રહેતા નથી.

બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખૂબ મહત્વ હોય છે પણ હોસ્પિટલની લોબીમાં અસ્વસ્થ થઇને આમથી તેમ આંટા મારનારા, એ આવનારા બાળકના પિતાની કોઇ નોંધ લેતું નથી.

દાઝી ગયા, ઠેસ લાગી કે માર વાગ્યો કે તરત જ 'ઓં માં' આ શબ્દો મોઢા માંથી બહાર પડે છે પણ રસ્તો ઓળંગતા એકાદ ટ્રક નજીક આવીને જોરથી બ્રેક મારે તો 'બાપ રે...' આજ શબ્દ બહાર પડે છે. **નાના સંકટો માટે મા ચાલે પણ મોટી**

આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.

**સમસ્યાઓના વાદળો ઘેરાય ત્યારે પિતા જ યાદ આવે.**

કોઇપણ સારા પ્રસંગે ઘરની દરેક વ્યક્તિ જતી હોય છે, પણ મરણના પ્રસંગે પિતાએ જ જવું પડે છે.

પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઊભા ઊભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે.

યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતાજ તેની રાહ જોઇને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે.

દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેક ઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરું ને?

પિતાનું મહત્વ કોને સમજાય છે?

બાળપણમાં જ જો પિતા ગુજરી જાય તો અનેક જવાબદારીઓ ખૂબ નાની ઉંમરમાં સંભાળવી પડે છે. તેને એકએક વસ્તુ માટે તરસવું પડે છે. પિતાને ખરા અર્થમાં સમજી શકે તો તે છે ઘરની દીકરી! **સાસરે ગયેલી કે ઘરથી દૂર રહેતી દીકરી, પિતા સાથે ફોનમાં વાત કરે ત્યારે પિતાનો બદલાયેલો અવાજ એક ક્ષણમાં ઓળખી જાય છે.**

કોઇપણ દીકરી પોતાની ઇચ્છા બાજુમાં મૂકીને પિતા કહે તે જગ્યાએ લગ્નની વેદી ઉપર ચઢી જતી હોય તેવા પ્રસંગો શું આજે પણ સમાજમાં નથી બનતાં? દીકરી પિતાને ઓળખે છે, સાચવે છે. બીજાઓ પણ પોતાને આ રીતે જાણે, ઓછામાં ઓછી એટલી તો અપેક્ષા બીજાઓ પાસે પિતા રાખે કે નહી?

આપણી પાસે તો થોડા ઉત્સવો છે, જેને ઉજવતી વખતે માતા-પિતાને યાદ કરી લઇએ. તેમના પ્રત્યેનું ઋણ ચૂકવવા આપણે તેમને પગે લાગીએ અને એમના આશીર્વાદ મેળવીએ અને આપણા જ સંસ્કાર, ધર્મ, નાત-જાતના ભેદભાવ વગર આપણી પછીની પેઢીને પણ આપીને યથાશક્તિ પિતૃ તર્પણ કરીએ. ■

## નૂતન વર્ષના પ્રભાતે સંકલ્પ કરીએ

આપણે ત્યાં એક સરસ પ્રણાલી છે, આવકારદાયક પ્રણાલી છે. નૂતનવર્ષની આરંભની ક્ષણોમાં કાંઇને કાંઇ શુભ સંકલ્પ કરવો અને પછી તે સંકલ્પને પૂર્ણ કરવા, અનુસરવા યથાશક્તિ અને યથામતિ પ્રયાસ પણ કરવા.

જુદાજુદા સંકલ્પો જોયા પછી દૂષણને દૂર કરવાનો અને ભૂષણને ભેટવાનો સંકલ્પ મને વધુ સારો જણાયો છે. આપણામાંથી કાઢવા જેવો દુર્ગુણ છે તે નિંદા અને આદરવા-આવકારવા, પોષવા જેવો ગુણ છે ગુણાનુરાગ. દુર્ગુણને અંકુશમાં લાવવાનો છે અને સદ્‌ગુણને વધુને વધુ વિકસાવવા જેવો છે. આપણા જીવનમાં જો સૌથી વધુ નુકસાન કરનાર દુર્ગુણ હોય તો તે છે નિંદા. નિંદાની પ્રવૃત્તિથી આપણને પારાવાર નુકસાન થાય છે. નિંદાથી આપણી અંદર કશું ઉત્તમ પાંગરતું નથી. નિંદાની માવજત પાછળ આપણામાં રહેલા ગુણોને યોગ્ય પોષણ મળતું નથી. ગુણોને પોષણ મળે તે માટે તો નિંદારૂપ દુર્ગુણનું નિંદામણ કરવું જોઇએ. ઉપદેશમાળા નામના આગમતૂલા ગ્રંથમાં તો ત્યાં સુધી કહ્યું છે કે નિંદા કરનાર માણસ જે-જે દોષોની પોતાના વચનો દ્વારા બીજાની નિંદા કરે છે તે-તે દોષોને પોતે જ પામે છે.

નિંદા કરનાર પ્રથમ તો આંખ કાન દ્વારા અન્યના દોષોને પોતાના મનમાં ઉતારે છે. પછી પોતાની જીભને દૂષિત કરી તે બીજાઓને સંભળાવે છે અને એમ કરીને તે દોષો પોતાના જીવનમાં જ ઉતારે છે અને આમ થવાથી સારા ગુણને દાખલ થવા માટે જગ્યા નથી રહેતી. કહેવતમાં પણ કહ્યું છે કે એક ખેતરમાં થોર એકવાર ઊગી નીકળ્યા હોય ત્યાં આંબા ઊગવાની શક્યતા સમાપ્ત થઇ જાય છે. આપણો સ્વભાવ નિંદક બને એટલે તે ગામ આખાના દુર્ગુણોની ડાયરી-વખાર બની જાય છે. અર્થાત સરવાળે એમ કહી શકાય કે દોષ બીજાના, પાપ બીજાના પણ એનો ભાર નિંદા કરનાર પાસે.

જો દોષ જ નિંદાપાત્ર લાગતા હોય તો એ તો આપણામાં પણ ભરપૂર ભર્યા પડ્યા હોય છે. એને યાદ કેમ ન કરવા? એની જ નિંદા કેમ ન કરવી! સાચું ને સારું તો એજ કે કોઇની પણ નિંદા શા માટે કરવી. ભાઇ ચપટી ધૂળનો પણ ખપ પડશે. શી ખબર ક્યારે કોનું કામ પડશે! સંબંધ તો સાચવ્યા સારા. ભલે મામૂલી દેખાતું તણખલું કેમ ન હોય! એ તણખલું આંખમાં પડે તો શું હાલ થાય!

આવું બધું જાણવા સમજવા છતાં આ દૂષણથી મુક્ત માણસ મળવો મુશ્કેલ છે.

આવી, વિરલ ગણાય એવી વ્યક્તિની યાદીમાં આપણું નામ દાખલ કરવાનો સંકલ્પ કરીએ.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

## આજનું શિક્ષણ

"જો એમ જાહેર કરવામાં આવે કે રદ્દીમાં રદ્દી શિક્ષણનો નમૂનો જે રજૂ કરશે તેને મહાવીર ચક્ર આપવામાં આવશે, તો મને લાગે છે કે આજના શિક્ષણને મહાવીર ચક્ર મળે. આનાથી બદતર શિક્ષણની યોજના કોઈ બીજી હોઈ ન શકે. આજની આપણી શિક્ષણ પદ્ધતિ અત્યંત અસ્વાભાવિક, વિપરીત અને હાસ્યાસ્પદ બની ગઈ છે. આજની તેની હાલત જોઈને મને તો એમ કહેવાની હિંમત જ નથી થતી કે બધાને ભણાવીને સાક્ષર બનાવો, તો સમાજનું કલ્યાણ થશે. હું તો વિદ્યાર્થીઓને એમ કહીશ કે આજના આ શિક્ષણ સામે વિદ્રોહ કરો અને શાળા કૉલેજ છોડીને નીકળી પડો. એ રીતે આજની શાળા કૉલેજો જો એકવાર ખાલી થઈ જશે, તો જ સરકાર અને સમાજ ઉપર આજના આ શિક્ષણમાં તત્કાળ ધરમૂળથી ફેરફાર કરવાનું દબાણ આવશે.

સ્કૂલ - કૉલેજોને વિદ્યાલય કહેવામાં આવે છે. એટલે કે વિદ્યાનું સ્થાન. પરંતુ આજે એનો અર્થ છે જ્યાં વિદ્યાનો લય થાય છે - જ્યાં વિદ્યા લુપ્ત થાય છે. આજે આપણા દેશમાં હજારો વિદ્યાલયોમાં લાખો વિદ્યાર્થીઓ ભણે છે. પણ તેઓ એકવાર પરીક્ષા આપે છે પછી જાણે જુલાબ લીધો હોય એમ એમના જ્ઞાનનું રેચન થઈ જાય છે. કારણકે આજના શિક્ષણને જીવન સાથે કોઈ સંબંધ રહ્યો નથી."

*– વિનોબા ભાવે*

*તારો દુશ્મન ભૂખ્યો હોય તો એને ખાવાનું આપજે અને તરસ્યો હોય તો એને પાણી આપજે. – બાઈબલ*

# શ્રવણનું પુનઃ જન્મ શક્ય ખરું?

● શરદચંદ્ર હરિલાલ શાહ 'સહસા' ●

મા-બાપ પ્રત્યેની પોતાની ફરજનું ભાન, લાગણી વગેરેની વાત આવે તો શ્રવણનું નામ યાદ આવ્યા વગર ન રહે. ઈતિહાસમાં શ્રવણ એક દૃષ્ટાંત છે. મા-બાપ પ્રત્યેની ફરજમાં શ્રવણને કોઈપણ મહાત ન કરી શકે. આજે ક્રિકેટમાં જેમ સચીન તેંડુલકરે કાઠું કાઢ્યું છે, પોતાનું નામ કાઢ્યું છે, જે રેકોર્ડસ સર્જયા છે તેને હાલમાં તો શું પણ નજીકના ભવિષ્યમાં પણ કોઈ તોડી શકે તેમ નથી. હાલમાં તેવો કોઈ વિરલો નજરે પડતો નથી. તેવું જ શ્રવણનું છે.

મા-બાપ પ્રત્યેની શ્રવણની લાગણી અજર-અમર હતી. તે ખૂબ તીવ્ર હતી. આર્થિક રીતે તે સાધનસંપન્ન ન હતો. તે જમાનામાં આજ જેવી ટ્રેન, બસ, પ્લેન જેવી અદ્યતન સગવડો ન હતી. **છતાં પણ ઉત્કટ લાગણી તથા ફરજ પ્રત્યેની સભાનતાને કારણે શ્રવણે પોતાના અંધ મા-બાપને કાવડમાં બેસાડીને યાત્રા કરાવવાનું મહાન વિકટ કાર્ય હાથમાં લીધેલ.**

દરેક મા-બાપે પોતપોતાના બાળકોને યથાશક્તિ (મોટેભાગે યથાશક્તિથી ઉપર) આનંદ કરાવ્યો હોય. પેટે પાટા બાંધીને પણ લોનાવલા, માથેરાન, ખંડાલા, મહાબળેશ્વર, કોડાઈકેનલ, ઊટી, કન્યાકુમારીની ટ્રીપો કરાવેલ હોય. હવે તે બાળક મોટું થાય, કોમ્પ્યુટર એન્જિનિયર બને, અઢળક કમાણી કરતું થાય ત્યારે તેની ફરજ બને છે કે પોતાના વિકાસ પાછળનો મા-બાપનો ભોગ સમજી તેમને પણ ક્યારેક ટ્રીપ જેવું કરાવવું જોઈએ કે જેથી તેમના મા-બાપ એકના એક વાતાવરણમાંથી બહાર નીકળી શકે, પ્રકૃતિને માણી શકે.

વિષાદની વાત તો એ છે કે જે મા-બાપે ખૂબ તેડી તેડી બાળકોને ફેરવ્યા હોય, સારા સારા મોંઘાદાટ રમકડાંઓથી રમાડ્યા હોય, સારું સારું ખવડાવ્યું હોય, સારા સારા કપડાં પહેરાવ્યા હોય, મોંઘાદાટ પુસ્તકો ઘડિયાળો ખરીદી દીધા હોય તે મા-બાપને દૈનિક ગૂંગળામણથી ક્યારેક બહાર જવાનો વિચાર આવે તો તે જ બાળકો તેમને કહેશે કે **તમે તો હવે ઘરડા થયા. તમે શું પિકનિક મનાવશો? અમારા ફ્રેન્ડ સર્કલમાં તમારો મેળ ન ખાય. હવે તમને જરૂર પણ શું છે? ઘરમાં બેસી શાંતિથી ઊંઘ કરો, ધરમ ધ્યાન કરો, થોડી વાર પાર્કમાં ફરી આવો.**

આમ મા-બાપની ઈચ્છાને ગૂંગળાવવામાં આવે છે. મા-બાપોએ તેમને કેવી રીતે ઊછેર્યા, ક્યાં ક્યાં ફેરવ્યા તે બધું જ ભૂલાઈ જાય છે. મા-બાપ પણ આખરે માનવી છે, Human being છે. તેમને પણ મન છે, હૈયું છે. તેમને બહાર જવાની ઈચ્છા શું ન થાય? તો તેઓને પિકનિકમાં ન લઈ જતાં ઘેર ફક્ત ધરમ ધ્યાન જ કરાવાય?

હા, તે જ બાળકો, પોતાના બાળકોને પિકનિકમાં લઈ જાય, ખૂબ ખૂબ મજા કરાવે અને પાછા આવી બાળકો પાસેથી જ તે બધાનું સવિસ્તાર વર્ણન કરાવે. હવે તો શ્રવણકુમારની જેમ કાવડની પણ જરૂર નથી. ટ્રેન, બસ, એર બધી જ સગવડો છે. મા-બાપ ના પણ પાડે કે આનાકાની કરે તો પણ તેમના ફરજંદની આગવી ફરજ છે કે મા-બાપને ફરજિયાત ફરાવવા લઈ જાય.

મા-બાપ તેમની છેલ્લી અવસ્થામાં ખૂબ જ સંતોષપૂર્વક વિદાય લે તે જોવાની ફરજ પ્રત્યેક બાળકની છે જ. જો તેઓ આ ફરજમાંથી ચૂકશે તો તેમના બાળકો પણ તેવું જ કરશે.

માટે, હે બાળકો, જાગો! જે મા-બાપોએ તમને આટઆટલા ભણાવ્યા, આટઆટલા મોટા કર્યા, ઠેકઠેકાણે ફેરવ્યા તેનો બદલો વાળવાનો આ સમય છે. તેમાં જરાપણ પાછી-પાની ન કરશો. તેમને સારું સારું ખવડાવી, હરાવી - ફરાવી, આનંદ કરાવીને આશીર્વાદ લો.

હે શ્રવણકુમારો! તમે દરેક યુગમાં ઉદ્‌ભવો. આજના બાળકોને પ્રેરણા આપો. બાળકો પોતાની ફરજ ન ચૂકે તે જોતા રહો.

*'હંસલા હાલોને હવે દેવળ જૂનું રે થયું.'*

નજર સામે આકાશમાં કોઈ ઓળો ઊતરી આવતો હોય તેવો ભાસ થાય છે અને

'સંભવામિ યુગે યુગે'

એવું કહેતા હોય તેવો આભાસ થાય છે. આ શું સાચું હશે કે દિવાસ્વપ્ન? તે તો વાચકની વિવેકશક્તિ પર છોડું છું.

*૨૯, શારદા કોલોની,*
*થર્ડ સ્ટેજ, ફોર્થ બ્લોક, ૭મો બી મેઈન રોડ,*
*બસવેશ્વર નગર, બેંગ્લોર-૫૬૦ ૦૭૯.*
*ફોન : ૨૩૪૮૫૦૨૮*
*મો. ૯૩૪૨૪ ૨૪૦૬૩*

# ફટાકડાનું ફિતૂર

• ડૉ. ગિરિશ વીછીવોરા •

વટહુકમ જાહેર થઈ ગયો. દિવાળીમાં વિદ્યાર્થીઓએ કોઈ પણ જાતનાં ફટાકડાં ફોડવા નહિ. ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધનું ફરમાન જાહેર થઈ ગયું. દિવાળીમાં ફટાકડા ફોડવા એ એટલું સહજ હતું કે કોઈના મગજમાં વાત ન બેઠી. દિવાળી ને ફટાકડા એકબીજાનાં પર્યાય. બાળ માનસને દિવાળી એટલે સારા કપડાં પહેરવા, સારું ખાવું, ફટાકડાં ફોડવાં ને બેસતે વર્ષે વડીલોને વંદન કરવા.

વટહુકામ કોઈ રેંજીપેંજીએ નો'તો ફટકાર્યો. શાળાના આચાર્ય મહોદયે સ્વમુખે સૌ વિદ્યાર્થીઓને સ્પષ્ટ શબ્દોમાં ને કડક સ્વરમાં કહી દીધું હતું. સાઠેક વર્ષ પહેલાંની વાત. શિક્ષક જે કહે તે કાયદો થઈ જતો. એને પડકારાય નહીં. ચૂપચાપ સ્વીકારી લેવું પડે. જરાક કોઈ આડો ફાટ્યો તો ગયો. માસ્તર સાહેબને મનમાં જે સૂઝે તે સજા કરી શકે. સોટી વાગે સમ સમ ને વિદ્યા આવે રમ ઝમનો જમાનો. મારથી કોઈ ડરે નહિ. શિક્ષક શાળામાંથી હાંકી પણ કાઢે. સરમુખત્યારશાહીનું મૂર્તિમંત ઉદાહરણ ગામડાંની શાળાનો શિક્ષક. શિક્ષકથી બધા ગભરાય તો ખરા, ચડ્ડી પણ ભીની કરે.

અમારા શિક્ષક આમ તો બહુ જ સારા હતા. સારું ભણાવતા. વિદ્યાર્થી સાથે સારી રીતે વાત કરતા. ન આવડે તો મહેનત લઈ સમજાવતા. કોઈ છાત્રની ગમે તેવી ભૂલ થાય કે વાંક ગુનો થાય, સજામાં શબ્દો જ વાપરતા. હિંસા એમને વર્જ્ય હતી. નખશીખ અહિંસક. છએક મહિના માંડ થયા હશે એમને આવ્યાને. એમણે દાંત વગરના દીપડાની છાપ ઉપસાવી હતી. કોઈના મગજમાં વાત બેસે નહિ કે મારે નહિ એ વળી કેવો માસ્તર! **થોડાક હિંસક છોકરાઓમાં ચણભણ થતી કે માર ખાધા વગર મજા નો'તી આવતી. માર ખાવો એ એમને મન મરદાનગીની નિશાની હતી.**

ગાંધીજીનું નામ સાંભળેલું. ખાદીની ને આઝાદીની વાત જાણતા હતા. મહાત્મા ગાંધીના એક ખાસ સૈનિક જીવરામભાઈ કોઠારી અમારા ગામાઈ. ગાંધીજીની જેમ જ પોતડીભર રહેતા ને રેંટિયો કાંતતા તે જોતા. ગાંધીજી પોતાની કચ્છયાત્રા દરમિયાન જીવરામભાઈને મળવા અમારા ગામે ખાસ પધારેલા. અમારા શિક્ષક સંપૂર્ણ ખાદીધારી. બેઠી દડીનું શરીર, એકવડિયો બાંધો, બાસ્તા જેવા શુભ્ર ખાદીના વસ્ત્રો, ગાંધી ટોપી, કુરતો, ધોતિયું ને પગમાં ચંપલ. ઉંમર હશે ચાળીસેક. ગાંધીજીના સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરે. બીજું બધું તો ઠીક, એમને કોઈ વાર તહેવારે જરા આનંદપ્રમોદ કરી લે તે બિલકુલ પસંદ નો'તું. જ્યાં સુધી આઝાદી નથી આવી ત્યાં સુધી બધાએ સાદું ને સરળ જીવન જીવવું એવો એમનો આગ્રહ, હઠાગ્રહની પણ ક્યારેક હદ વટાવી જતા. એ જમાનામાં આમેય ગામડાંના શુષ્ક જીવનમાં આનંદના પ્રસંગો ઓછા જ હતા. ઘરમાં લગ્ન જેવા કોઈ પ્રસંગ કે વારપરબ વખતે લોકો સહેજ ઉલ્લાસ માણતા. માસ્તરને એ બિલકુલ પસંદ નો'તું. ફળસ્વરૂપ ફટાકડાના પ્રતિબંધનો વટહુકમ.

ફટાકડાના પ્રતિબંધની વાતની ગડ મનમાં ન બેઠી. દિવાળીમાં ફટાકડા ન ફોડીએ તો શું માથું ફોડીએ? સાંજે હંમેશ મુજબ બધા ભાગોળે ભેગા થયા ત્યારે ચર્ચાનો મુદ્દો એક જ હતો - ફટાકડા પરનો પ્રતિબંધ. અમારી ટોળકી તડીપાર કરવા જેટલી ખતરનાક નો'તી. છતાં તોફાન ન કરીએ તો કંઈક ખૂટતું લાગે. જે ઓટલા પરથી મહાત્મા ગાંધીજીએ ગ્રામવાસીઓને સંબોધેલા એ જ ઓટલા પર બેસી અંદરોઅંદર ચર્ચા કરતા રહ્યા. ગામના એક વડીલ જરાક છેટે બેઠેલા. એમણે વાત સાંભળી પૂછ્યું. અમારો જવાબ સાંભળી સહજ રીતે વધ્યા, માસ્તર ગેલો અય! છોકરાઓ ફટાકડા ન ફોડે તો કોઈકનું માથું ફોડશે. એમના આ એક વાક્યે શૂરાતન ચડ્યું. ગાંધીજીની કરેંગે યા મરેંગે હાકલ બહુ મોડી થઈ, અમે તો ત્યાંજ, ગાંધીજીને સંભાર્યા વગર ફેંસલો જાહેર કરી દીધો. ફટાકડા ફોડશું, ધરાર ફોડશું. દાંત વગરના માસ્તર સાહેબની ઐસી તૈસી.

ફટાકડામાં ત્યારે પણ વિવિધતા હતી. નાની લાલ ટીકલીથી મોટા ફટાકડા. કોઈ એકવાર ફૂટે, કોઈ બે વાર — ડબલ ભડાકા, તડતડ કરતી લૂમ, ભંભૂ, ફૂલઝરી, મીરચી ને એવા ઘણા બધા ફટાકડા દુકાનમાં મળે. એવા ફટાકડા અમે ન ફોડીએ. એ તો બાળકો યા છોકરીઓ ફોડે. અમારી પાસે અમારા પોતાના ફટાકડાંના હથિયાર હાથવગાં જ હતાં. ગુડધિયો, કોંજો, નાર ને પૈડાવાળી નાની તોપ. એ બધાં હથિયાર દિવાળીમાં વપરાય. પછી પેટીમાં પૂરાઈ જાય. નવરાત્રિ ને વિજયાદશમી ઉજવાઈ ગયાં કે એ હથિયાર મેડા પરથી ઉતરે. સાફસૂફી થાય. એને માટેનું દારૂખાનું - ગંધક ને પોટાશ દુકાનેથી આવી

જાય. ગંધક ને પોટાશનો ચૂરો અલગ અલગ જ કરવો પડે. ભેગા મળે તો ભડકે. એ સમજ તો ઠણક બાળકને પણ હોય. ચૂરો કરી બંનેનું મિશ્રણ યોગ્ય માત્રામાં થાય. એને એક નાના ખલીતામાં મૂકાય. ગુડિયો સૌથી વધુ વપરાય. ગામનો લુહાર બનાવે. જાડા લોખંડના સળિયાને યુ ટર્ન આપી વાળે. બે છેડા સરખા હોય. એકમાં નાનો ખાડો હોય જેમાં ઉપરના છેડાનો ભાગ ફિટોફીટ બેસે. ખાડામાં ગંધક - પોટાશનું મિશ્રણ ભરાય. ઉપર કાગળનો ટુકડો મૂકાય. એની ઉપર આસ્તેથી ઉપરનો છેડો ચડી બેસે. બંદૂક ભરાઈ ગઈ. કોઈ પણ કઠણ જગ્યા — પથ્થર, બારણું, જમીન યા ઓટલા — પર જોરથી પછાડો એટલે ધડામ્ અવાજ. ધૂમાડો ને એક નવીનકોર તીવ્ર ગંધ વાતાવરણને ભરી દે. જેનો અવાજ મોટો એ સિકંદર. અકસ્માત થવાની શક્યતા ખરી જ. હાથે દાઝી જવું સામાન્ય. ક્યારેક પોટાશમાં ભરેલી રેતી કરચની જેમ ઊડે ને કોઈકના અંગમાં ભરાઈ જાય. એ બધા સામાન્ય અકસ્માતો. કોઈ પરવા ન કરે. તોપને દાગવા લાકડીના છેડે કાકડો બાંધે, સળગાવી ભાગે, ને જરાવારમાં ધડામ થાય. એક પ્રસંગ થયેલો જ્યારે આવી રીતે દાગેલી તોપ ન ફૂટી. બાજુમાં જ ઊભેલા બીડી પીતા એક ભાઈને શૂરાતન ચડ્યું ને નીચા નમી, બીડીથી પ્રગટાવવા ગયા ત્યારે જ ધડામ કરતી તોપ ફૂટી ને ભાઈ ફંગોળાયા. બે મહિનાનો ખાટલો ને હંમેશ માટે બદસુરત થયા.

હથિયારની સાફસુફી થતી રહી. જોઈતો દારૂગોળો પણ બધાએ ખરીદી લીધો. હથિયારની અજમાયશ કરવા ગામ બહાર જંગલમાં જઈ ટ્રાયલ લઈ આવ્યા. ટ્રાયલમાં તો શું હોય? ભડાકાથી નિરાંતથી ઝાડ પર મહાલતા પક્ષીઓએ કલ્પાંત કરી મૂક્યો. કલાપીને બહુ વસમું લાગ્યું હશે તે કેકારવ વદી બેઠો. ભલે રૂઆબથી ચાલે, સાવ ગાભરુ.

દિવાળીને દસેક દિવસની વાર હોય. ફટાકડાના અવાજ અહીં તહીં સંભળાય. અમે પણ અહીં તહીં છૂપો ધડાકો કરી આવતા. માસ્તર સિવાય અમને કોઈ ટોકનાર નો'તું. ભલે ઝેરની કોથળી કાઢેલ સાપ હોય, સાપ તો ખરો! ચારેક દિવસમાં કોઈ જાણભેદુએ માસ્તર આગળ ચાડી ખાધી. માસ્તરે સત્તાવાહી અવાજે પોકાર્યું. ફટાકડા ન ફોડવાના મારા આદેશનો ભંગ થતો જણાય છે. ફટાકડા ફોડનારા ઊભા થાય. આમ ભલે ગાંધીજીની અસરમુક્ત હતા છતાં સતવાદી ખરા. બધા ઊભા થયા. એકાદ બે ભણેસરી પણ નીકળ્યા. માસ્તરે ફરીથી કડક શબ્દોમાં ચેતવણી આપી, જેને અમે ધોળી પી ગયા. જુસ્સો વધ્યો. ધોળીધરાર ગુડિયાના ભડાકા થવા લાગ્યા. અમને આહ્વાન મળ્યું હતું જેને અમે વધાવી લીધું હતું! બે દિવસ બાદ ફરીથી એ જ કડક શબ્દોમાં પૃછા. સજા જાહેર થઈ. બધાએ શાળા છૂટે ત્યાં સુધી બાંકડા પર ઊભા રહેવું. ઊભા રહ્યા. જેવી શાળા છુટી કે ઘરે દોડ્યા. ઊભા ઊભા અમે આંખમિચોલી કરી લીધી હતી. ઘરે દફ્તર ફેંકી હથિયાર હાથવગાં કરી એક સાંકડી શેરી જેની બંને બાજુએ ઓટલા હતા ત્યાં ભરેલે હથિયારે બેઠા રહ્યા. માસ્તર ત્યાંથી જ થોડીવારમાં નીકળવાના હતા. ટાંપીને બેઠેલા. જેવા માસ્તર જોયા કે અમારા સરદારે વારાફરતી કેમ ભડાકા કરવા એની તાકીદ કરી દીધી. માસ્તર કદાચ ચેતી ગયા હશે. પાછા વળે તો પાણીમાં બેસી ગયા જેવું થાય. રૂઆબથી આગળ વધ્યા. જેવા સન્મુખ થયા કે શ્રેણીબદ્ધ ધડાકાઓએ એમના ઓવારણાં લીધાં. ધુમાડાના ગોટેગોટા વચ્ચે અમે છૂ થઈ ગયા. માસ્તર જરાક થોભ્યા. ખાલી ઓટલા જોઈ ઘર તરફ ડગલા માંડતા થયા.

ભાગીને ગામ બહાર નીકળી ગયા. એક વાડીના શેઢે બેઠા. અમારી એ કટોકટીની સભા હતી. અમે હવે મરણિયા થયા હતા. આગળની વ્યૂહરચના કંઈક આવી હતી. ચોથાથી સાતમા ધોરણના કોઈપણ વિદ્યાર્થીએ તે દિવસની સાંજની શાળામાં ન જવું. અમારી ટોળકીમાં ભણેસરીઓ સહિત ઘણા વિદ્યાર્થીઓ હતા. છતાં, થોડાક ગાભર, માખણિયા ને ચમચાગીરી કરનારા હતા જ. સાંજે જે શાળામાં જશે તેનું બીજે દિવસે સંપૂર્ણ દિગંબર અવસ્થામાં ગામમાં ફુલેકું નીકળશે એવો જાસો બધાને પહોંચી ગયો. વાળું પતાવી હથિયાર હાથવગા રાખી બધાએ પેલા ગાંધી ઓટલા આગળ ભેગા થવાનું હતું.

સરદારે બધાને કેસરિયાં કરવાનું આહ્વાન આપ્યું. બધાએ વધાવી લીધું. ફટાકડા ન ફોડવાનો ફતવો પાછો ખેંચાવો જોઈએ એ અમારો એકસૂત્રી કાર્યક્રમ હતો.

ગામમાં બધા વહેલા સૂઈ જાય. અંધારી રાત. સ્ટ્રીટ લાઈટ જેવી વાતનું હજી કોઈને સ્વપ્નું પણ નો'તું આવ્યું. કૂતરાં બધાને ઓળખે. ચૂપ રહે. માસ્તરના ઘર પર રીતસરનો હલ્લો લઈ ગયા. બબ્બે જણા ડેલી બહાર ધડાકા કરી ભાગતા જાય. બે મિનિટમાં બાર-ચૌદ ધડાકા સાંભળી ફળિયું આખું ફફડાટ કરતું જાગી ગયું. ધુમાડા સિવાય સાક્ષીદારમાં કૂતરા જ હતા. કોના કારવાં છે તે બધાને સમજાઈ ગયું.

માસ્તરના પડોશી એક વડીલ. એમણે માસ્તરને સમજાવ્યું. કૂતરા તરફ આંગળી ચિંધી કહ્યું, 'આ છોકરાઓ એમનાથી પણ નપાવટ છે. હઠે ચડ્યા છે. દિવાળીમાં ફટાકડા ન ફોડશે તો કોઈને નિરાંતે જંપવા નહીં દે. તમારો હુકમ રદ કરશો તો બધા ઠેકાણે આવી જશે.'

બીજે દિવસે માથા પર કફન બાંધી શાળામાં ગયા. માસ્તર સહેજ મલક્યા. હુકમ પાછો ખેંચી લેવાની જાહેરાત કરી. ઉમેર્યું, ફોડો, હૈયું હરખાય ત્યાં સુધી ફટાકડા ફોડો. કોઈને તકલીફ ન થવી જોઈએ. હર્ષાશ્રુસભર નેત્રે સરદારની આગેવાની હેઠળ અમે બધા માસ્તર સાહેબને પગે લાગ્યા. ■

# સહિયારી યાત્રા

• નીલમ દોશી •

*મંગલાચરણ.....*

*"મહેકી શેરી, મહેક્યું આંગણ, મહેક્યો ઘરનો ઉંબર,*
*એક ઘડીમાં થઈ ગઈ, મારી મેડી અત્તર, અત્તર..."*

બેટા જૂઇ,

પુત્રવધૂના આગમનને વધાવતી કવિ ચન્દ્રેશ મકવાણાની આ સુંદર કલ્પના મારા મનને અત્તરની માફક મહેકાવી ઊઠે છે.

"પુત્રવધૂ".. મને તો આ શબ્દ ખૂબ ગમે છે. પુત્રથી વધારે એવી પુત્રવધૂ... જેને માટે પુત્ર કરતાં પણ વધારે લાગણી છે તે... અને બીજા અર્થમાં કહીએ તો જેનો પ્રેમ પુત્ર કરતાં પણ વધુ છે તે. સાસુ અને વહુ.. બંનેના સંદર્ભમાં આને જોઇ શકાય એવો સુંદર શબ્દ છે. **જે આપણા ઘરને. વંશને વધારવા માટે આવી છે તે વધૂ. એનો અનાદર કેમ કરી શકાય?**

જો કે પુત્રથી વધારે વહાલી એવી પુત્રવધૂ તરીકે આ ઘરમાં તારા મંગલ પ્રવેશને હજુ થોડી વાર છે. તમારી સગાઇ એક વરસથી થઇ ગઇ છે. પરંતુ સગાઇ અને લગ્ન વચ્ચેનો સુવર્ણ સમય માણવાની તક તમને બહુ મળી નથી. કેમકે સગાઇ પછી ઓમ આગળ ભણવા માટે સાત સાગર પાર ગયો છે. પરંતુ હવે વિજ્ઞાને ઘણી સગવડ કરી દીધી છે. રોજ વાતો થઇ શકે છે. વેબકેમેરામાં એકબીજાને જોઇ શકાય છે. ઇ-મેઇલ અને ચેટીંગ તો ખરા જ. જોકે પ્રત્યક્ષ મિલનની તોલે તો એ બધું ન જ આવે. પરંતુ અત્યારે તો એટલાથી જ સંતોષ માનવો રહ્યો. એ સિવાય બીજો કોઇ વિકલ્પ છે જ ક્યાં?

*"આંખ તો કેસરવર્ણું જોતી થઈને*
*ઊગી ભીંતમાં પ્રતીક્ષાની ક્યારી.."*

કવિ નયન દેસાઇની આ પંક્તિ મનમાં રણઝણી રહે છે.

આમ અત્યારે ચાલી રહ્યો છે પ્રતીક્ષાનો સમય. તમારા બંને માટે તો ખરો જ. સાથે સાથે એક આંગણિયે દીકરી વળાવવાની અને બીજા આંગણિયે વહુને વધાવવાની પ્રતીક્ષા પણ ખરી જ...

પવનપાવડીએ ચડીને જૂઇ નામના અત્તરની સુવાસથી મહેકવાની અમારા આંગણાને પણ આતુરતા છે.

એક છોકરીની આંખમાં આ સમયે નવજીવનના અનેક શમણાં ઉજાગર થતાં હોય એ સમજી શકાય તેવી વાત છે. પિયરના પારણેથી નીકળી સાસરિયાના બારણે પોંખાવાની મંગલ ઘડી કોઇપણ છોકરીના જીવનને ધરમૂળથી બદલી નાખે છે.

**લગ્નની શરણાઇની સાથે જ એક પુત્રીનું વહુમાં અને એક માનું સાસુમાં રૂપાંતર થાય છે.** કમનસીબે સાસુ, વહુના આ સંબંધને મંગલ નામ આપી શકાય એ તબક્કામાં હજુ આજે તો આપણો સમાજ પ્રવેશ્યો નથી. આવતી કાલની આ ક્ષણે જાણ નથી. નજીકના ભવિષ્યમાં બહુ વગોવાયેલા એક સંબંધમાં આપણે પણ પ્રવેશવાનું છે.

સ્ત્રીના...કેટકેટલા સ્વરૂપો.. તેમાં સૌથી પ્રેમાળ.. પાવન સ્વરૂપ એટલે સ્ત્રીનું માતૃસ્વરૂપ.. એક મા કે એક દીકરી તરીકે સ્ત્રી હંમેશાં પ્રેમાળ જ હોય છે એ સહજ સ્વીકારાયેલી વાત છે. પરંતુ એ જ સ્ત્રી જ્યારે સાસુ કે વહુ બને છે ત્યારે એ પ્રેમ, એ લાગણીનું ઝરણું બંને માંથી ક્યાં અદશ્ય થઇ જાય છે એ જલદી સમજાતું નથી. ક્યું રસાયણ બંનેને બદલી નાખે છે?

એક પ્રેમાળ મા, કઠોર સાસુ કેમ બની જાય છે કે દીકરીનો વહાલનો દરિયો ખારો કેમ બની જાય છે? કયા સંજોગો... કઇ પરિસ્થિતિ.. ક્યું અજ્ઞાત તત્ત્વ બંનેમાં બદલાવ લાવે છે. એના કારણો, પરિણામો કે ઉપાયોની શોધ થઇ શકે તો ઘણાં અનિષ્ટ પરિણામોથી બચી શકાય. આ એક સંબંધ સમાજની સૂરત બદલી શકે. **આ એક સંબંધને મહેકાવી શકાય તો સમાજમાં વૃદ્ધાશ્રમોની આવશ્યકતા ન રહે.** એક સ્ત્રી જો બીજી સ્ત્રીને સમજી શકે તો આનો ઉપાય અઘરો નથી જ એમ માનું છું. જો કે દરેક વાતની માફક અહીં પણ તેર મણનો "તો" આડો આવે છે. જેને હટાવવો કઠિન બની રહે છે.

આ ક્ષણે મનમાં અનેક સવાલો ઊઠે છે. કેમકે હવે મારે, આપણે બંનેએ પણ એવા અનેક અનુભવોમાંથી પસાર થવાનું છે. આવા સમયે કોઇપણ જાગૃત સ્ત્રીના મનમાં અનેક પ્રશ્નો અવશ્ય ઊઠે. ઊઠવા જોઇએ એમ માનું છું. **જાગૃતિ એ કોઇપણ સુધારાની પ્રથમ આવશ્યક શરત છે.** આ લખતાની સાથે મનમાં એક વિચાર આવે છે. આપણી પાસે હજુ સમય છે, તક છે, એકબીજાને સમજવાની. એકબીજાના વિચારો જાણવાની અનુકૂળતા છે. ફોનથી આપણી વચ્ચે વાતો થતી જ રહે છે. પણ એનાથી તો એકબીજાના સમાચાર મળી શકે કે ક્યારેક બે ચાર આડીઅવળી વાત થઇ જાય. એથી વિશેષ નહીં. મનના વિચારો, ભાવનાઓ જે સારી રીતે પત્રમાં વ્યક્ત થઇ શકે તે ફોનમાં તો ન જ થઇ શકે ને? તો આપણે બંને પત્ર દ્વારા એકમેકને સમજવાનો, એકમેકની ભાવનાઓને ઓળખવાનો પ્રયાસ કેમ ન કરી શકીએ?

આપણે બંનેને હજુ એકબીજાનો ખાસ અનુભવ ન હોય એ સમજી શકાય તેવી વાત છે. સાસુ, વહુના આપણા પોતાના અનુભવ હજુ આપણી પાસે જમા થયા નથી. પરંતુ આપણે બંનેએ આપણી આસપાસના અનેક ખાટા, મીઠા સંબંધો જોયા છે, જાણ્યા છે.

*પૈસો સુખ પણ આપે, દુઃખ પણ. સાચવીએ તો ધીમું ઝેર છે, બેફામ વાપરીએ તો ઘાતક ઝેર છે.*

એમના ઉદાહરણ પરથી પણ આ સંબંધને સમજી શકાય. એના પરથી આપણા મનમાં ઊઠતી લાગણીઓને, વિચારોને આપણે પત્રમાં લખીને આ સંબંધને, આ સંબંધની બંને પક્ષની અપેક્ષાઓને સમજવાનો એક પ્રયાસ કરી શકીએ. આજે મારા તરફથી એ પ્રયાસની હું શરૂઆત કરું છું. મને આશા છે કે મારા આ પ્રયાસમાં મને તારો સાથ મળી રહેશે.

મને લાગે છે કે આ પ્રયાસ મને એક સાસુ તરીકે અને તને.. એક દીકરીને વહુ તરીકે ઘડવામાં જરૂર મદદરૂપ થશે. પરિવર્તન એ કોઇ પણ સમયની માંગ છે. બેટા, આપણે બંને સતત પરિવર્તન પામી શકીએ અને એકબીજાને અનુકૂળ બની રહીએ એ શુભેચ્છા મારી જાતને, અને તને. અર્થાત મારી થનાર વહુરાણીને અને સમાજના દરેક પરિવારને, દરેક સાસુ અને દરેક વહુને આ પાનાઓમાં પાઠવું છું.

જીવનમાં પ્રેમથી, તો ક્યારેક ગુસ્સાથી, લાડથી, રિસાઇને, ખીજાઇને, અધિકારની, ફરજની, માન, અપમાનની.. એવા અનેક ભાવોની ભરતી ઓટમાં આપણે બંનેએ સતત ભીંજાતા રહેવાનું આવશે તેનો ખ્યાલ મને છે જ. પરંતુ એ બધા ભાવોની પાછળ વહાલનું એક ઝરણું સતત વહેતું રહેશે એ વિશ્વાસ અને શુભ ભાવના પણ અંતરમાં છે જ. આપણાં બેમાંથી કોઇના પક્ષે એ સૂકાય નહીં. આપણું ભાવવિશ્વ સદા વિકસતું રહે એ પ્રાર્થના સાથે.

હમણાં કોઇ લેખકે મને પૂછ્યું કે નવું શું લખો છો? મેં જવાબ આપ્યો કે હમણાં તો વહુને ઉદ્દેશીને પત્રો લખવાનો વિચાર ચાલી રહ્યો છે. તેમના ચહેરા પર તુચ્છકારનો ભાવ આવી ગયો. તમે લોકો બસ, સાસુ, વહુની વાતોમાંથી જ ઊંચા નહીં આવવાના. એમાંથી જ બહાર નહીં નીકળવાના. એમાં સાહિત્યની શું સેવા કરવાના? સાસુ, વહુની વાતમાં લખવા જેવું શું છે? એ કંઇ લખવા જેવો વિષય છે? સાસુ વહુની રામાયણ કે મહાભારતથી કોણ અજાણ્યું છે? એમાં તમે નવું શું કહેવાના? એ જ ચવાઇ ગયેલા જૂના કિસ્સાઓ. એ જ વાતો. એના કરતાં કોઇક સારા, સાહિત્યના વિષય પર કશુંક નવું લખોને?

સાસુ, વહુ વિશે કશુંક લખું છું એમ જાણ થતાં ઘણાં લોકો મોઢું બગાડે છે. આવું કશુંક કહે છે. કદાચ અંદરથી કોઇ એને વેવલી વાતો પણ કહેતું હોય તો નવાઇ નહીં લાગે.

**પરંતુ મને લાગે છે આજે સાંપ્રત પરિસ્થિતિમાં કદાચ આ વિષય વધારે જરૂરી છે. જે રીતે વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી રહે છે, એમાં રહેવા માટે લાંબી કતારો છે. લાંબા વેઇટિંગ લિસ્ટ બન્યા છે એવું જાણ્યું ત્યારથી મારા મનમાં આ વિષય ઘૂમતો રહ્યો છે.**

કેમકે આ પ્રશ્ન સાસુ વહુના સંબંધ સાથે સીધો જ સંકળાયેલો છે એમ મને લાગે છે. એ સંબંધોમાં બદલાવ આવે, સુધારો આવે તો આ પ્રશ્ન થોડો હળવો જરૂર બની શકે.

આખરે સાહિત્ય એ જીવન માટે છે. કદાચ કોઇ વિવેચકો ન વખાણે તો પણ શું? જે લખાણ સીધું લોકોને સ્પર્શી શકે, તેમના જીવનને અસર કરી શકે અને એકાદ ટકા લોકોના વિચારોમાં પણ પરિવર્તન લાવી શકે તો એ લખાણ સાર્થક બની રહે એમ હું માનું છું. હા, એમાં કલાતત્ત્વની અવગણના કરવાની કોઇ વાત નથી. એમાં કલાતત્ત્વ ઉમેરાઇ શકે એથી વિશેષ રૂડું શું હોઇ શકે? સોનામાં સુગંધ ભળે તો એ વધારે જ દીપી ઊઠે ને?

સાસુ, વહુના વિષયને સામાન્ય માનીને મોં મચકોડતા લોકો એ સંબંધ વિશે નવેસરથી કશું વિચારવા તૈયાર જ નથી હોતા. તેને લીધે સંબંધોમાં કોઇ પોઝિટિવ પરિવર્તન આવી શક્તું નથી. હકીકતે હું તો માનું છું કે આ વિષય પર જેટલું વધારે લખાય તેટલું વધારે સારું પરિણામ આવી શકે. બધા પાસે પોતપોતાના અને પોતાની આસપાસના સમાજના અનેક ઉદાહરણો આ વિષય પરના હોવાના. દરેક દૃષ્ટાંત આપણને કંઇક જરૂર શીખડાવી શકે. જો દૃષ્ટિ ખુલ્લી રાખી શકીએ તો.

તેથી હું તો આ વિષય પર લખવું એને એક ગૌરવ અને હિંમત માનું છું. જેને જે લાગે તે.. આપણે તો આપણી વાત કરીએ.

બેટા, અત્યારે તારી આંખોમાં પણ અસંખ્ય શમણાં ઉછરતા હશે, એ જાણું છું. ક્યારેક જીવનના આ તબક્કામાંથી હું પણ પસાર થઇ જ હતી ને! દિલમાં રોમાંચ, આકાંક્ષાઓ અને અઢળક સપનાંઓ સાથે એક છોકરી નવજીવનના ઉંબરે પ્રવેશ કરે છે ત્યારે અનેક સંવેદનાઓથી મન ઉભરાતું હોય છે. નવું ઘર, નવા લોકો, નવા સંબંધો, નવું વાતાવરણ. જીવનના વીસ બાવીસ વરસોને વળોટીને એક નવા આંગણમાં તેણે પ્રવેશવાનું છે. અન્યને પોતાના કરવાના છે. એક વ્યક્તિના જોડાણની સાથે રાતોરાત બિલાડીના ટોપની માફક બીજા પણ અનેક સંબંધો ઊગી નીકળતા હોય છે. **આધુનિક સંદર્ભની રીતે વાત કરું તો પતિની સાથે સાસુ, સસરા અને અનેક સંબંધો ફ્રી મળે છે. એકની સાથે એક નહીં પરંતુ એકની સાથે અનેક ફ્રી..!**

અને ઇચ્છા કે અનિચ્છાએ... ગમે કે ન ગમે, દરેકને તે સ્વીકારવા પણ પડે છે.

દરેક દીકરીના જીવનમાં આ તબક્કો આવે છે. જીવનસાથીનો સ્નેહ પામવાના ઓરતા આંખોમાં અંજાય છે. કશુંક ગુમાવવાનું છે, તો સામે ઘણું મેળવવાનું પણ છે.

એ જ રીતે હોંશે હોંશે પુત્રના લગ્ન કરતા માતા પિતાને હવે ધીમે ધીમે વહાલસોયા પુત્રના કેન્દ્રમાંથી ખસતા જવાનું છે. અને એક સાવ અજાણી અપરિચિત છોકરીને પોતાના ઘરમાં આવકારવાની છે.

બેટા, આપણા સમાજમાં બહુ વગોવાયેલા એવા એક સંબંધથી આપણે જોડાવાના છીએ ત્યારે આપણા બંનેના મનમાં કોઇ શંકા, કુશંકા, પ્રશ્નો ન ઉદભવે અને બંને પક્ષે એક પૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ પ્રગટી શકે, એક સાસુ, વહુનું સાચા અર્થમાં મિત્રોમાં રૂપાંતર થઇ શકે તો એથી વિશેષ રૂડી વાત બીજી કઇ હોઇ શકે?

કોઇપણ ઘરમાં લગ્નપ્રસંગ આવે ત્યારે બંને પક્ષે તેની અનેક તૈયારીઓ થતી રહે છે. પરંતુ કોઇ પક્ષે માનસિક તૈયારી થતી નથી. ખાસ કરીને દીકરી, જે વહુ થવાની છે; અને

*ક્યારેય વધુ પડતા લાગણીશીલ થવું નહિ.*

મા જે સાસુ થવાની છે તે બંનેએ પોતાની માનસિકતા અંગે વિચાર કરવો જોઇએ એમ મને તો લાગે છે. બની શકે કોઇને આ વાત હાસ્યાસ્પદ લાગે. કોઇને તુચ્છ કે વેવલી વાતો લાગે. કોઇને અર્થહીન જણાય. પરંતુ મને તો બહુ પ્રામાણિકતાથી લાગે છે કે આજના સમયમાં આવી કોઇ તૈયારી ખૂબ જરૂરી છે. હું જાણું છું, આ કંઇ ધારીએ છીએ તેટલી સહેલી વાત નથી જ. પરંતુ જો બંને પક્ષે નિષ્ઠા હશે તો એ અશક્ય પણ નથી જ.

સાસુ, વહુના સંબંધોમાં બદલાવની આવશ્યક્તા એ આજના સમયની માંગ છે. આ સંબંધને એકવીસમી સદીના વાતાવરણને અનુલક્ષીને એકવાર ફરીથી મઠારવાની જરૂર છે.

કારણ એટલું જ કે પહેલાના જમાનામાં સ્ત્રીનું સ્થાન મોટે ભાગે ઘરમાં જ હતું. કુટુંબમાં તેનું ખાસ કોઇ આર્થિક યોગદાન નહોતું. પુરુષ કમાય અને સ્ત્રી ઘર ચલાવે એ સહજ હતું. પરિણામે આજના જેવા પ્રશ્નો ઉપસ્થિત થતા નહીં કે પ્રમાણમાં ઓછા થતાં. આજે પરિસ્થિતિ બદલાઇ છે. છોકરી વધારે ભણતી થઇ છે, કમાતી થઇ છે. બહારની દુનિયામાં એણે પ્રવેશ કરી લીધો છે. ત્યારે સ્વાભાવિક રીતે જ એ પોતાના અધિકાર વિશે જાગૃત બની હોય. અને જ્યારે એ અધિકાર ન મળે ત્યારે એનું મન વિદ્રોહ કરી ઊઠે છે કે એ ગૂંગળાઇ રહે છે.

આ ક્ષણે હીરાબહેન પાઠકના એક સુંદર કાવ્યની પંક્તિઓ મનમાં રમી રહી છે.

*"હવે તો માળામાંથી ઊડું!*
*બસ, બહુ થયું*
*ક્યાં લગી આમ ભરાઇ રહેવું?*
*સાવ ઘરકૂકડી!"*

આ જ કાવ્યમાં હીરાબહેન પાઠક આગળ કહે છે.

*"હા, માળામાં છે*
*મારા સુંવાળા સુખ શાંતિ,*
*પણ આ દૂરનું આકર્ષણ*
*તો છે આભ, મારી ગતિ*
*હવે એ જ સન્મતિ,*
*હું જીવું મારા વતી.*
*પાંખોમાં વિદ્યુત સંચાર*
*અડધા ચરણ માળામાન્ધ,*
*અડધા કેવા ઉંચકાય!*
*ચંચુ ને ચક્ષુ આભે ધાય*
*કરું ગતિ ઉતાવળી*
*આ હું ઊ..ડી. ચલી!"*

એક પગ ઘરમાં અને બીજો બહાર જવા તત્પર.. દૃષ્ટિ વિશાળ ગગન તરફ.

આવા સંક્રાતિકાળે પ્રશ્નો તો આવવાના જ. એ પ્રશ્નના સાચા જવાબ શોધવાની આ આપણી જાગૃત મથામણ બની રહેશે.

એક ચિનગારી જલી શકે અને વધારે નહીં તો ચપટીક ઉજાસ ફેલાઇ શકે તો પણ ઘણું. સાસુ, વહુના સંબંધોને શક્ય તેટલા મીઠાં બનાવી એક સ્વસ્થ કુટુંબના અને એ દ્વારા એક સ્વસ્થ સમાજના નિર્માણમાં સહભાગી થવાનો આ એક સંનિષ્ઠ પ્રયાસ માત્ર.

હું તો ઇચ્છું. આપણી સાસુ, વહુની આ સહિયારી યાત્રામાં અનેક લોકો સહભાગી થાય. અને આ યાત્રા ફક્ત આપણા બેની ન બની રહેતા સહુની સહિયારી બની શકશે તો વધારે આનંદ થશે.

આ ક્ષણે સઘળી આશંકાઓથી મુક્ત.. કોઇ જ પૂર્વગ્રહો સિવાય ખુલ્લા દિલથી તને આવકારવાની તૈયારી સાથે...

જોકે તને આ વાત ગમશે કે કેમ એની જાણ નથી પરંતુ આ એક વરસમાં તારો જે થોડો ઘણો પરિચય પામી છું તેથી લાગે છે કે તું મારી વાતને સમજી શકીશ. એક વિશ્વાસ સાથે આ મોકલું છું. સાથે સાથે આશા પણ રાખું છું કે આ પત્ર વાંચીને તારા મનમાં જે પણ વિચારો આવે, તને જે લાગે તે બિલકુલ મુક્ત રીતે મને લખજે. કોઇ જાતનો સંકોચ રાખવાની જરૂર નથી.

એક દીકરી જ્યારે વહુ થવાના ઉંબરે આંખોમાં અગણિત સપનાં આંજીને ઊભી હોય ત્યારે તેના મનમાં પણ અનેક વિચારોની વણઝાર ચાલી રહી હોય એ સ્વાભાવિક છે. એ વિચારો મારા સુધી પહોંચશે તો મને ગમશે. અને તારી ભાવનાઓને હું વધારે સારી રીતે સમજી શકીશ. આપણે બંને આમાં દિલથી જોડાઇ શકીએ ત્યારે જ આપણી આ યાત્રા સાચા અર્થમાં સહિયારી બની રહેશે.

બેટા, લખીશને તારા મનની વાત? હું પણ એક દીકરીની મા છું. મેં પણ એક દીકરીને સાસરે વળાવી છે. તેથી તારી ભાવનાને જરૂર સમજી શકીશ. તો શરૂ કરીશું આપણે સહિયારી યાત્રા? મનની વાત એકબીજાને કહીશું? અલબત્ત કોઇ ફોર્સ નથી. લખવાની ઇચ્છા થાય તો જ અને ત્યારે જ લખવાની વાત છે. આને તું મારા મનનો એક તુક્કો ગણીને હસી કાઢીશ તો પણ મને એ સ્વીકાર્ય હશે જ. અને તો પત્રને બદલે મારી ડાયરી ભરાતી રહે એવું બને. પણ એ કદાચ એકપક્ષી વિચારો બની રહે. તું પણ નવી પેઢીના પ્રતિનિધિ તરીકે આમાં ભળી શકીશ તો હું તમારા વિચારો જાણી શકીશ. તમને સમજી શકીશ. અને કદાચ આપણે થોડાં વધારે નજીક આવી શકશું. જોકે તું એમ જરૂર કહી શકે કે સાસુની નજીક આવીને મારે શું કરવું છે? સાસુથી તો સો ગાઉ છેટા જ સારા. (પણ તું કંઇ એવું મોઢે થોડું જ કહે? વાંચીને હસી પડીને?)

આ યાત્રામાં જોડાવાની તારી હા કે ના બંને ખુશી ખુશી સર આંખો પર..

ઇશ્વર તારાં તમામ સપનાં પૂર્ણ કરે એ પ્રાર્થના સાથે... ■

# મૌનનો મહિમા

• પદ્મા ફડિયા •

વિહંગી પરણીને સાસરે આવી ત્યારે તો એના હૈયામાં હરખ મા'તો ન હતો. કેટકેટલાય સ્વપ્નો આંખોમાં રમતાં હતાં. હું મારું ઘર સ્વર્ગ જેવું બનાવીશ, સૌને આનંદમાં રાખીશ, મારું ઘર ઘર નહિ પણ સ્વર્ગ જ બનશે એવા અનેક વિચારો, સ્વપ્નો એ ઘડતી.

પણ થોડા જ વખતમાં એને સાસરાની ખબર પડી ગઇ. રોજરોજનો કકળાટ, ગાળાગાળી અને ક્યારેક તો એને પતિ મારે તો ક્યારેક સાસુ પણ બે તમાચા ચોડી દે. ત્યારે એને થયું કે હવે આ ઘરમાંથી ભાગી જાઉં. પણ પાછો એને વિચાર આવે કે ભાગીને જવું ક્યાં? કોને ત્યાં જવાનું? મા તો વર્ષો થયા મરી ગઇ હતી અને બાપા બીજીવારના પત્ની લઇ આવ્યા હતા. એ પત્ની પણ બહુ તુમાખી હતી. વિહંગી ઘરમાં હોય તો પણ એની સાથે ન બોલે કે ન હસીને વાતો કરે. સાસુના મહેમાનો આવ્યા હોય તોય પાણીનો પ્યાલો ય ન ધરે, ભરઊનાળામાં એ આવે તોય એ ન તો ઠંડા પાણીનો ગ્લાસ આપે અને પિયરમાં પણ આવું જ. એટલે એને થાય કે મારે જવું ક્યાં? આમ કરતાં એણે પાંચ પાંચ વર્ષો કાઢ્યાં.

આવી જિંદગી જોઇ જોઇને વિહંગી બિચારી ત્રાસી ગઇ. એને થયું આવી કડવી વખ જેવી જિંદગી જીવવા કરતાં મરી જવું સારું. એમ રોજ રોજ એ વિચાર કરતી અને મરવાના ઉપાય શોધતી. ક્યારેક થતું કે ઝેર પી લઉં તો ક્યારેક થતું કે ઘાસતેલ છાંટી બળી મરું. તો વળી ક્યારેક થતું કે સાબરમતીના પુલ ઉપરથી કૂદીને નીચે પડીને આપઘાત કરું, પણ હવે મારે જીવવું તો નથી જ નથી.

પણ ત્યાં જ એની નજર સામે એના બે સંતાનો દેખાતા. મોટી છોકરી પાંચ વર્ષની અને નાનો છોકરો ત્રણ વર્ષનો. એ બન્ને નાબાપા જેવા છે અને જો હું મરી જાઉં તો એમનું કોણ? કોણ એમને સાચવશે? કોણ એમને વહાલ કરશે? અને કોની પાસે જઇને દિલની વાતો કરશે? અને બન્ને મોટા થશે ત્યારે એમનું શું? પતિ તો હું મરી જઇશ એટલે ભાઇની જેમ બીજી બૈરી લઇ આવીને બેસી જશે? તો? ના...ના...ના... મારે નથી મરવું... ના નથી મરવું.

"તો વળી એને થાય... ના..મરી જ જવું સારું..."

**એમ એ રોજ રાતે મનમાં મરી જવાનું વિચારતી પણ જ્યાં બાળકોને જોતી, ને મરવાનું ભૂલી જતી.**

એકવાર તો એણે વિચાર કર્યો કે હું જ પરણી જાઉં તો? આની સાથે પરણી ત્યારે તેને કેવી કેવી હોંશ હતી? પતિ સાથે ફરવા જઇશ, સિનેમા જોવા જઇશ, હોટેલમાં જમવા જઇશ અને ખાસ તો કાંકરિયાના બગીચામાં અમે બંને બેસીને ખૂબ..ખૂ...બ વાતો કરીશું. પાણીપુરી, ઢોંસા, આઇસક્રીમ ખાઇશું અને પછી અમે પતિ-પત્ની સાથે એક ફોટો પડાવી પાછા આવીશું. પણ આ તો જેવા બહાર જઇ પાછા આવીએ કે સાસુનું તાંડવ યુદ્ધ શરૂ થયું જ છે ને?

ના..ના... હેં તો મારે મરી જ જવું છે. હા, મરી જઇશ ત્યારે એમને ખબર પડશે અને હું મારા બન્ને છોકરાંઓને સાથે જ લઇને મરીશ એટલે ન તો એ નબાપા રહેશે કે ન તો એ નમાયા રહેશે.

એમ વિચારી એણે ઊનાળાની અંધારી રાતે જ નિર્ણય લીધો કે સાસુમાં કાલે બપોરે બહારગામ જવાના છે ત્યારે જ હું પણ બન્ને છોકરાંઓને લઇને જતી રહીશ. અને આ સાબરમતી નદીમાં કૂદકો મારી અમે ત્રણેય ભગવાનને ઘેર પહોંચી જઇશું.

એમ વિચારી એ સાંજને સમયે મોટી છોકરીને કહ્યું : 'બેટા, જો કાલે બપોરે આપણે સાબરમતી નદીમાં નહાવા જઇશું. તું અને ભાઇ કહેતાં હતાં ને કે અમારે સાબરમતીમાં નહાવા જવું છે તો તમને લઇ જઇશ હોં!'

આ સાંભળી સંકીર્તિ અને નાનો બાબો સંવેદ તો રાજી રાજી થઇ ગયા.

ત્યાં તો રાત પડી. ઊનાળાની ગરમી કહે મારું કામ. વિહંગીએ કોણ જાણે અગાશીમાં પથારી કરી બન્નેને સુવાડ્યાં. છોકરાંઓ તો આવતીકાલની સાબરમતીમાં નહાવાની ખુશાલીમાં થોડી જ વારમાં ઘસઘસાટ ઊંઘી ગયાં, પણ વિહંગીને કેમેય ઊંઘ ન આવી. એણે તો આકાશ સામે જોયા જ કર્યું, જોયા જ કર્યું.

આવડું મોટું વિશાળ આકાશ. એમાં લાખો તારાઓ, ચંદ્ર, સૂરજ...ઓહો..હો... કેવું ભર્યું ભર્યું શાંત આકાશ લાગે છે? આ વિશાળ આકાશમાં અગણિત તારાઓ છે. કોઇ પાસે છે, તો કોઇ દૂર છે. કોઇ ઝબુક ઝબુક થઇને મલકે છે તો કોઇ ખરી પડે છે પણ મૌનભાવે. ક્યારેય કોઇ લડતું નથી ઝઘડતુંયે નથી અને સૌ પોતપોતાની જગ્યાએ શાંતિથી સ્થિર રહીને ચમકે છે, હસે છે કોઇ મારતુંય નથી સૌ કોઇ પોતપોતાની જગ્યાએ જ શાંત રહીને ચમકે છે, હસે છે અને વહેલી સવારે અદ્દશ્ય થઇ જાય છે. તોય એમનામાં ક્યારેય ઝઘડો નથી થતો, કેમ નથી થતો? સૌ પોતપોતાની જગ્યાએ જ રહે છે ને ચમક્યા જ કરે છે, હસ્યા કરે છે રમ્યા કરે છે તો પછી આ પૃથ્વી પર માણસોમાં કેમ આટલો બધો ઝઘડો થયા કરે છે?

વિહંગી વિચાર કરતી રહી, ત્યાં જ જાણે પેલો ધ્રુવનો તારો એને કહેતો ન હોય.

"બહેન! નારી સમાજને જો સારી રીતે જીવવું હોય તો મૌન એ જ એક એવો સદ્દગુણ

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨૫ ઉપર)

*વધુ પડતી બુદ્ધિથી ગમે તેમ બોલીને કોઈને હેરાન કરવા નહિ.*

# શક્ય હોય તો કાન આપો, સહુને ખભા આપો

• દિનેશ દેસાઈ •

પ્રેમની વાત નીકળે અને અચાનક કવિ હરીન્દ્ર દવે યાદ આવે એમની ગીતાપંક્તિ દ્વારા. 'નહિંતર વાલમ રાત-દિવસનો રસ્તો ખૂટે કેમ? તમે વાતો પ્રેમની કરજો, અમે કરીશું પ્રેમ!' પ્રેમ એટલે શું? કોઈને સતત અને બિનશરતી રીતે ચાહતા રહેવું. આમ તો ઈવ અને આદમના પ્રથમ પ્રેમ સાથે જગતમાં પ્રેમનો આરંભ થયો. પરંતુ હાથી અને પ્રજ્ઞાચક્ષુઓની એક અંગ્રેજી વાર્તા અનુસાર 'તુંડે તુંડે મતિર્ભિન્નાઃ' વ્યક્તિએ વ્યક્તિએ દરેકનો અભિપ્રાય નોખો હોઈ શકે છે.

તમે માનો યા ના માનો, પ્રેમ તો આંધળો જ હોય છે. એને આંખો ન હોય. પ્રેમીજનોને દિમાગ નહીં, દિલ હોય છે. નહિતર બાર વર્ષની બોલકી છોકરી એકાવન વર્ષના ઘરડા ખચ્ચર જેવડા ભાયડાથી અંજાઈને એના પ્રેમમાં પડતી હશે? વાત અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટની છે. અહીંના સાન જૉસ શહેરમાં રહેતી બાર વર્ષની મૅકેલી બ્રાઉન ઘરમાં એકલી હતી ત્યારે કોઈ અજાણી વ્યક્તિનો ફોન આવ્યો. 'સોરી, રોંગ નંબર.' એમ કહીને રિસિવર ફોનના ક્રેડલ ઉપર મૂકી દેવાના બદલે મૅકેલીને તો પેલા અજાણ્યા કોલર સાથે વાતો કરવાની મજા પડી ગઈ. કારણકે તે સ્કૂલેથી ઘરે આવી ગઈ હોવા છતાં તેના ડેડી મેથ્યુ બ્રાઉન કે મમ્મી રુથ બ્રાઉન જોબ ઉપરથી હજુ ઘરે પહોંચ્યા નહોતાં. મૅકેલી માટે તો અજાણ્યા કોલર સાથે ગપ્પા મારવાં એ માત્ર ટાઈમપાસ ગેમ હતી. એને તો મજા પડી હતી. મૅકેલી તો જાણે-અજાણે લેન્ડલાઈન ઉપર સામે છેડેથી વાત કરનાર અજાણ્યા કોલરના મેધાવી અને જાદુઈ અવાજનાં પ્રેમમાં પડી ગઈ.

એકાકીપણાંનો શિકાર મૅકેલીને પેલા પુરુષ સાથે વાત કરવાનું ગમવા માંડ્યું. એટલું જ નહીં, તેણે જ ખુદ પેલાને ફોન કરતા રહેવાનું ઈજન આપ્યું. પેલો પુરુષ તો એક સુંદર ગર્લફ્રેન્ડ મળ્યાના આનંદમાં હતો. એણે તો ફોન ઉપર જ રોમેન્ટીક અને શૃંગારરસ સંબંધી વાતો કરીને મૅકેલીને રીઝવવા માંડી. અજાણ્યા કોલરને જેમ સુંદર ગર્લફ્રેન્ડ મળ્યાનો આનંદ હતો એમ જ મૅકેલીને પણ જાણે સપનાનો રાજકુમાર મળી ગયાનો સંતોષ હતો. હવે તો તે પહેલાં કરતાં પણ ખૂબ ખુશ રહેવા માંડી. પોતાનાં કપડાંનું, ફેશનનું, દેખાવનું ખાસ ધ્યાન રાખવા માંડી હતી. રોજ મૅક-અપ બોક્ષનો પણ ઉપયોગ કરવા લાગી હતી. પરંતુ એનામાં આવેલા આ પ્રકારનાં ફેરફાર સામે તેના મા-બાપની નજર ક્યારેય ન ગઈ.

બેઉનો ટેલિફોનિક લવ હવે આગળ વધ્યો હતો. એ હદે કે બેઉ એકમેક વિના જાણે રહી શકે એમ નહોતા. બે જણના એકાંતમાં સુખ નામના પ્રદેશની ખોજમાં ઘર છોડીને ક્યાંક ભાગી જવાનું બેઉએ નક્કી કર્યું. પ્રેમ એ હદે પ્રગાઢ થયો હતો કે બેઉ વચ્ચે રહેલો ઉંમરનો તફાવત પણ હવે તો ઓગળી ગયો હતો. પછી શું થયું? શું થાય વળી? બેઉ ઘર છોડીને નાસી છૂટ્યા. મૅકેલીનાં ડેડી મેથ્યુ બ્રાઉને સાન જૉસ પોલીસ સમક્ષ ફરિયાદ પણ નોંધાવી. શકદાર તરીકે તેઓએ પેલા અજાણ્યા ટેલિ કૉલર વિશે પોલીસને વાત પણ કરી. મેથ્યુ બ્રાઉન અને રુથ બ્રાઉન હવે સમજી ગયા હતા કે વાંક તેમનો જ હતો. દીકરી વયમાં પ્રવેશવા આવી છતાં બેઉ નોકરિયાત મા-બાપ મૅકેલી માટે સમય ફાળવી શકતાં નહોતાં. એના ઉછેર પાછળ પૂરતું ધ્યાન આપી શકતા નહોતા. એની વાત સાંભળવા માટે પોતાના કાન આપી શકતા નહોતા. જો દીકરીને મા-બાપે કાન આપ્યા હોત તો શક્ય છે કે મૅકેલીએ પોતાનાં દિલની વાત અને પોતાનાં મનની મૂંઝવણ પણ મા-બાપને કરી જ હોત. પરંતુ હવે શું થાય? પૂરનાં પાણી માથા પર વહી ગયા હતા. પછી શું થયું? એ વાત મહત્ત્વની નથી. અગત્યની વાત એટલી જ છે કે તમે સંતાનોને શું આપો છો? સંતાનો મોટા થઈ જાય ત્યારે તેમની પાસે મા-બાપ જ્યારે અપેક્ષા રાખે છે એમ સંતાનો શું યુવાન થાય ત્યાં સુધીમાં મા-બાપ પાસે અપેક્ષા ન રાખી શકે કે મા-બાપ તેમને કાન આપે?

શક્ય હોય તો કાન આપો, સહુને સાંભળો. પછી એ સંતાન હોય કે મા-બાપ, મિત્ર હોય કે સ્નેહી-સ્વજન. કોઈની પણ વાત સાંભળવાથી કહેનારનાં હૃદયનો ભાર અવશ્ય હળવો થાય છે. બની શકે તો કોઈને ખભો આપો. કોઈનું દુઃખ-દર્દ કંઈ કાયમી રહેવાનું નથી. પરંતુ જ્યારે નજીકની કે ગમતી વ્યક્તિને તમે સધિયારો આપો છો, એને માથું મૂકીને ડૂમો કાઢવા માટે ખભો આપો છો ત્યારે તમને ખબર નથી કે તમે કેવું જાદુઈ અને અદ્ભુત કાર્ય કર્યું છે. આ કાર્ય જ પ્રાઈસલૅસ છે. એની રૂપિયામાં કિંમત આંકી શકાતી નથી. કારણકે કાન અને ખભો બજારમાં વેચાતા મળતા નથી.

**સ્ટોપર :**

***કુંવારો પુરુષ રાજાની માફક જીવે છે અને કૂતરાની માફક મરે છે. જ્યારે પરણેલો પુરુષ કૂતરાની માફ જીવે છે અને રાજાની માફક મરે છે.***

*બી/૧૨, નવરંગ ટાવર્સ, સત્તાધાર ક્રોસ રોડ,*
*સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૧.*
*મો. ૯૮૨૫૦ ૭૬૩૦૩*

## ભારતીય સંસ્કૃતિમાં આવું કેમ?

# આપણે ભગવાનને અન્ન કેમ અર્પણ કરીએ છીએ?

• આદિત્ય વાસુ •

પશ્ચિમના દેશોમાં લોકો જ્યારે જમવાનું શરૂ કરે તે પહેલાં પ્રભુનો આભાર માનવાની નાનકડી વિધિ કરતા હોય છે. સહેજવાર આંખો બંધ કરી, હવે પછી તેઓને મળનારા ભોજન માટે "હે ઈશ્વર, આ તારી કૃપા છે." તેમ મનોમન બોલી પછી જ ભોજન આરોગવાનું શરૂ કરે છે.

આપણે ત્યાં રસોઈઘરમાં ભોજન તૈયાર થઈ જાય એટલે થાળમાં દરેક વાનગીનો થોડો થોડો અંશ મૂકી તે થાળ પ્રભુના પૂજાખંડમાં લઈ જઈ તેમને ધરાવવામાં આવે છે. તે પછી તે ધરાવેલું ભોજન બાકીની રસોઈમાં ભેળવી દઈ પછી જ બધાને પીરસવામાં આવે છે. ક્યારેક વ્યક્તિ બહાર ગઈ હોય અને બહાર જ ભોજન લેવાનો પ્રસંગ ઊભો થાય તો તે વ્યક્તિ ભોજન લેવાનું શરૂ કરતાં પહેલાં એક નાનકડા કોળિયા જેટલું અન્ન થાળી ફરતું ફેરવી, થાળીની બાજુમાં જમીન પર મૂકીને પછી જ ભોજન લેવાનું શરૂ કરે છે. આ વિધિ પણ ભગવાનને અન્ન ધરાવવા સમાન જ ગણવામાં આવે છે.

ભારતીય પરંપરામાં આમ કરવા પાછળનો હેતુ પરમેશ્વરની શક્તિઓનો આદરપૂર્વક ઉપકાર માનવાનો છે. પરમેશ્વર સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સર્વવ્યાપી છે. આખી સૃષ્ટિમાં તેઓજ એક એવા અદૃશ્ય છતાંય સર્વવ્યાપી સ્વરૂપ છે, જેમના થકી આપણને ઠંડી, તડકો અને વરસાદ મળે છે. જમીનમાંથી ધનધાન્ય અને ફળફળાદી મળે છે. આપણે મહેનત કરીને જે કંઈ મેળવીએ છીએ તે બધું જ તેમની દેણ છે. તેથી આપણા જીવનને ટકાવી રાખનાર અન્નને આરોગતા પહેલાં આપણે એ પરમ તત્ત્વનો આભાર માની "પ્રભુ, તારું જ છે. તે તને અર્પણ કરીને પછી હું તેનો આહાર કરીશ." તેમ બોલીએ છીએ.

આટલી નાનકડી ક્રિયા કરવાથી આપણો અન્ન અને જમવાની ક્રિયા તરફનો સમગ્ર દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. પ્રભુને ધરાવવાનું અન્ન સ્વાભાવિક રીતે જ શુદ્ધ અને સાત્ત્વિક હોય એટલે આપણે પણ તેવું જ શુદ્ધ અને સાત્વિક ભોજન ખાતા થઈએ છીએ. જેની આપણા મન અને શરીર ઉપર સારી અસર પડે છે.

કેટલાક લોકો જમતા પહેલાં થાળી પાસે પાંચ કોળિયા મૂક્યા પછી જ જમવાનું શરૂ કરે છે. આ ક્રિયા કરવા પાછળનો હેતુ પાંચ તત્ત્વોને યાદ કરી તેમના ઋણને સ્વીકારી આભાર માનવાનો છે. આ પાંચ તત્ત્વ આ પ્રકારે છેઃ

૧. *દેવ ઋણ :* જેમાં સૂર્ય, ચંદ્ર વગેરેનો સમાવેશ થાય છે.

૨. *પિતૃ ઋણ :* જેમાં પૂર્વજોના વારસા તથા કુટુંબના સંસ્કારનો સમાવેશ થાય છે.

૩. *ઋષિ ઋણ :* પેઢીઓ સુધી આપણા ધર્મ અને સંસ્કૃતિનું જતન કરવા માટે ગુરુજનોનું ઋણ.

૪. *મનુષ્ય ઋણ :* સમાજના બધા સાથી બાંધવોના સહકાર બદલ તેઓનું ઋણ.

૫. *ભૂત ઋણ :* મનુષ્ય સિવાય અન્ય જીવો જે આપણી સેવા કરે છે તેમના પ્રત્યેનું ઋણ.

આમ આ પાંચેય તત્ત્વોનું ઋણ અદા કર્યા પછી ભોજન કરવાથી આપણે સંતોષ સાથે અન્ન આરોગી શકીએ છીએ.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો ભોજન શરૂ કરતાં પહેલાં શરીરને થોડો સમય આરામ આપવાની જરૂર હોય છે. કામ પતાવી ઝડપથી જમવા બેસી જનાર વ્યક્તિ અથવા ઝડપથી ખાનાર વ્યક્તિને ભોજન બરાબર પચતું નથી. અન્ન શક્તિદાતા તત્ત્વ છે. તેને શાંતિથી, સ્વસ્થ ચિત્તે આરોગવું જોઈએ. આથી ભોજન પહેલાં થોડો સમય શાંતિનો મેળવવા માટે આ પરંપરાનું સર્જન આપણા પૂર્વજોએ કર્યું હશે. કેટલાંક સ્થળોએ ભોજન પહેલાં નાનકડી પ્રાર્થના કરવામાં આવે છે. આ બધાનો હેતુ શરીર અને મનને ભોજન લેતાં પહેલાં શાંત અને સ્વસ્થ કરવાનો જ હોય છે.

**પ્રેષક : ગુલાબચંદ ડી. સાવલા**
**૧૩/૧૫૦, મારૂતિ એપાર્ટમેન્ટ,**
**સોલા રોડ, અમદાવાદ-૧૩.**

---

## કાવ્ય દર્પણમાં ગાંધીજી

**(અનુસંધાન : પાના નં.-૧૨૮ ઉપરથી ચાલુ)**

કાવ્યનું શીર્ષક છે રાજઘાટ પર-

*'આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય*
*ગાંધી કદી સૂતો ન'તો.*

આ રીતે, આપણા સમાજજીવનમાં ગાંધીજીએ પ્રવેશ કર્યો, દીન-દલિત પીડિત મનુષ્યનાં ફેફસામાં નવી તાજી હવા ભરી અને માનવ કલ્યાણ યજ્ઞમાં પોતાનું બલિદાન આપ્યું એ વિચારીને તથા ગાંધીજીની વિદાય પછીની માનવસ્થિતિ ભિન્ન ભિન્ન ભાવોને કવિઓએ પોતપોતાની રીતે ગાયા છે. આવતીકાલનો કવિ ગાંધીજી પ્રત્યે, તેમની ભાવનાઓ વિશે અને એ અંગેની મનુષ્યની પ્રતિક્રિયા વિશે પોતાનો પ્રતિભાવ કઇ રીતે વ્યક્ત કરશે તે આપણે જોવાનું રહ્યું...

**જીવનછાયા, હોસ્પિટલ રોડ,**
**પંડિત દિનદયાળ ઉપાધ્યાય માર્ગ,**
**ભુજ, કચ્છ-૩૭૦૦૦૧.**
**મો. ૯૩૨૮૪ ૦૫૩૭૦**

---

*જે ખોટું છે, અનૈતિક છે, તેનો વિરોધ દરેક સ્તરે થવો જોઈએ.*

# આપણે ઘર વ્યવસાયમાં દીપક કેમ પ્રગટાવીએ છીએ?

• મોક્ષા નવીન લાલકા •

દીપક, એ આદિ માનવની શરૂઆતની મહત્ત્વની ઉપલબ્ધિઓમાંનું અગત્યનું પ્રતીક છે. તેથી ભારતના જન જીવનમાં તેનું સ્થાન અચળ અને અનુપમ છે. અંધકારને દૂર કરતા આ તેજોમય પ્રતીકને અજ્ઞાનતા દૂર કરનાર પ્રતીક તરીકે પણ ઘણા લોકો પૂજે છે.

આદિ માનવની બધી જ જાણીતી ઉપલબ્ધિઓમાં જે બે અગત્યની ઉપલબ્ધિઓ ગણવામાં આવે છે તેમાં અગ્નિની શોધ અને પૈડાંની શોધનો સમાવેશ થાય છે. અગ્નિની શોધે માનવના જીવનમાં ક્રાંતિ લાવી દીધી હતી. અગ્નિ વડે તેણે ગરમી તો મેળવી પણ સાથે સાથે પ્રકાશ પણ મેળવ્યો. તેણે જોયું કે રાત્રિના ઘોર અંધકારમાં અગ્નિની જ્વાળા દૂર સુધી જોવામાં તેને મદદરૂપ થતી હતી. આ સિવાય જે બીજો લાભ થયો તે એ હતો કે જંગલી પ્રાણીઓ અગ્નિની જ્વાળા જોઈ, ડરીને દૂર ભાગી જતા હતા.

એ અગ્નિમાંથી જ જન્મ થયો દીપકનો. અગાઉના સમયમાં વીજળી ન હતી, કે ન હતો તેનો ઝળહળતો પ્રકાશ. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય મનુષ્ય જીવન નિર્વાહ માટેની પોતાની પ્રવૃત્તિઓમાં ગાળતો હતો. રાત્રિના અંધકારમાં ટમટમતો દીપક જ તેને પ્રકાશ આપી તેની આજુબાજુના વાતાવરણને ચેતનમય બનાવતો હતો.

આમ માનવે જોયું કે દીપક અંધકારનો નાશ કરે છે, વાતાવરણને તેજોમય બનાવે છે અને વળી એક દીપક અનેક દીપકને પ્રગટાવી શકે છે. ઘરના ઓરડામાં જ્યારે આછો અંધકાર હોય છે અને ઘરના ગોખમાં પોતાની આસ્થાનું પ્રતીક છબી કે મૂર્તિ સ્વરૂપે હોય છે ત્યારે માનવે તેની પાસે નાનકડાં દીપકને પ્રગટાવવાનું શરૂ કર્યું હતું. જે સમય જતાં એક પરંપરા બની ગઈ હતી. આ પરંપરા આગળ જતાં વિસ્તરીને વ્યવસાયના સ્થાન સુધી પહોંચી ગઈ હતી.

ભારતનાં કરોડો ઘર અને વ્યવસાયનાં સ્થળોએ દીપકને ખૂબ જ માનપૂર્વક, સ્નેહપૂર્વક અને અનન્ય આસ્થા સાથે પ્રગટાવવામાં આવે છે અને પોતાની આસ્થાની એ અનન્ય શક્તિ પાસે 'સર્વ મંગલ થાઓ'ની પ્રાર્થના કરવામાં આવે છે.

આ મંગલ પ્રકાશમય પરંપરા આપણે ત્યાં હવે દરેક મહત્ત્વના પ્રસંગોએ જોવા મળે છે. ઉદ્‌ઘાટન, જન્મદિનની ઉજવણી, લગ્ન કે તહેવારોમાં દીપકનું સ્થાન અચૂકપણે નક્કી હોય છે. કેટલાક મંદિરોમાં અખંડ દીપક પ્રગટાવેલો રાખવામાં આવે છે. જ્યારે આજે પણ ઘણા ઘરોમાં પીવાનું પાણી જ્યાં રાખવામાં આવે છે તે પાણિયારામાં સવાર ને સાંજ દીપક પ્રગટાવવાનો રિવાજ છે. જળ અને પ્રકાશનો આવો સુંદર સંગમ ફક્ત ભારતમાં જ જોવા મળે છે.

ભારતનાં કરોડો ઘરોમાં આ રીતે દીપકને અને તે પણ શુદ્ધ ઘી ના દીપકને પ્રગટાવવા પાછળ શું કંઈ વૈજ્ઞાનિક તારણ હોઈ શકે તેવો સવાલ રશિયન વૈજ્ઞાનિકોને થયેલો. તેઓએ એક ઓરડામાં આ રીતે ઘીનો દીવો અખંડ રીતે રાખી, એ ઓરડાના વાતાવરણની પરીક્ષા કરી હતી. તેઓને જે તથ્ય જાણવા મળ્યું તે એ હતું કે ઘીના દીપકમાંથી જે ધૂમ્રસેર નીકળે છે તેનાથી વાતાવરણમાં રહેલા સૂક્ષ્મ પણ બિનઆરોગ્યપ્રદ જીવાણુંઓ નાશ પામે છે અને હવા શુદ્ધ બને છે.

ધાર્મિક માન્યતા પ્રમાણે શેતાની શક્તિઓ હંમેશાં અંધકારમાં જ પોતાનું કાર્ય કરતી હોય છે. મનુષ્યનું મન પણ એવું જ છે કે અંધકારમાં તેને નકામા, ગંદા, અપવિત્ર કામો કરવાનું મન થાય છે. તેથી જોવામાં આવ્યું છે કે ચોરી, બળાત્કાર જેવાં પાપકર્મો અંધકારમાં જ થતા હોય છે. પરંતુ જ્યાં પ્રકાશ થાય છે કે તરત બધી જ આવી મલિન શક્તિઓ દૂર ભાગે છે. આમ, દીપક શુભ કર્મોનો સાક્ષી છે.

*૧૪/બી, દિલખુશ સોસાયટી,*
*ચૈતન્ય ચાર રસ્તા,*
*સરદાર પટેલ સ્ટેડિયમ રોડ,*
*પોસ્ટ : નવજીવન, અમદાવાદ-૧૪.*
*મો. ૯૪૨૭૮ ૦૫૨૪૪*

## સમાજસેવા

સર્વોદય આશ્રમ, પીંડવળમાં રહેતા શ્રી હરવિલાસબહેનનું નામ તમામ ગાંધીમાર્ગીઓ તથા સર્વોદય માર્ગીઓમાં અત્યંત જાણીતું છે. તેઓ ૧૯૩૧માં જૈન પરિવારમાં જનમ્યા હતા. નાનપણથી જ જૈન સંસ્કારોમાં ઉછર્યા હોવાથી દીક્ષા લઈ આત્મોદ્ધાર કરવાની તીવ્ર ઈચ્છા ધરાવતા હતા. B.A. અને પછી B.Ed. થઈ શિક્ષિકાની નોકરી સ્વીકારી. ત્યાં કાંતાબહેન સાથે સખીપણા થયા. ૧૯૫૭માં વિનોબાજીનો સાદ સાંભળી બન્ને સખીઓ વિનોબાજી પાસે પહોંચી.

વાત વાતમાં હરવિલાસબહેને પોતાની દીક્ષા લેવાની ઈચ્છા વિનોબાજી આગળ વ્યક્ત કરી.

વિનોબાજી : "દીક્ષા લઈને શું કરવું છે?"

હરવિલાસબહેનઃ 'ઈશ્વર સ્મરણ અને આત્માની ઉન્નતિ'

વિનોબાજી : 'તો સતત મહાવીર સ્વામીનું સ્મરણ કરતા રહેવું અને ભગવાને પોતાને જે બુદ્ધિ, સમજણ અને શક્તિ આપી છે તેનાથી સમાજસેવા કરવી એમાં દીક્ષા સમાઈ જાય છે.'

ત્યારથી હરવિલાસબહેને ગાંધીનો રસ્તો પકડી લીધો. તા ૨-૪-૧૦ ના રોજ તેઓ અરિહંતશરણમાં પહોંચી ગયા.

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*અહંકાર મનુષ્યને દુષ્ટ બનાવી દે છે, જ્યારે નમ્રતા દેવદૂત.*

સાહિત્ય આચમન

# ગ્રામ્ય વિકાસની સાથે સમાજનુંય ઘડતર

• નરેશ અંતાણી •

ભારતના ખાસ કરીને ગુજરાતના ઇતિહાસ, પુરાતત્ત્વ, કલા, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના સંવર્ધનમાં કચ્છનું પ્રદાન મુઠી ઊંચે રહ્યું છે. તે જ રીતે ગુજરાતની હસ્તકલા ક્ષેત્રે પણ કચ્છ અગ્રસર છે. આ પ્રદેશને આ ક્ષેત્રે જાણીતું કરવામાં અન્ય સંસ્થાઓની સાથે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ (જેને આગળ વીઆરટીઆઇ તરીકે જ ઓળખીશું) નું યોગદાન ખૂબ જ મોટું રહ્યું છે. આ સંસ્થાનો જન્મ પણ ઐતિહાસિક રીતે થયો છે. **૧૯૭૦ના દાયકાના આરંભમાં કચ્છ ભીષણ દુષ્કાળના ઓળા નીચે હતું એ સમયે મુંબઇના કચ્છી ઉદ્યોગપતિ કાંતિસેનભાઇ શ્રોફે વિનોબા ભાવેની પ્રેરણાથી વતન કચ્છમાં આવી સેવાની આહલેક જગાવી અને સૂકા એવા કચ્છ પ્રદેશના સર્વાંગી ગ્રામોત્થાનના ઉદ્દેશ્ય સાથે માંડવીમાં વીઆરટીઆઇની સ્થાપના કરી.**

વી.આર.ટી.આઇ.એ કચ્છના ગ્રામ્ય વિસ્તારની કાયાપલટ માટે જળસંચય સહિતના વિકાસના તમામ પાસાંઓ હાથમાં લીધાં છે એ માટે તો એક આખું પુસ્તક તૈયાર થાય તેમ છે. **પરંતુ અત્યારે તો વાત વીઆરટીઆઇ દ્વારા ગ્રામ વિસ્તારના વિકાસની સાથે કચ્છના માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે સાહિત્યિક વિકાસની પણ એક જુદી જ પ્રવૃત્તિ મોટા પાયે કરાય છે તેની કરવી છે.**

વીઆરટીઆઇની સ્થાપના પછી છેલ્લા બે દાયકાથી આ સંસ્થા લોકોના માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે શૈક્ષણિક, સાહિત્યિક અને ગ્રામોત્થાનના પુસ્તકોનું પ્રકાશન, શૈક્ષણિક શિબિર સહિતની અનેક પ્રવૃત્તિ કરે છે જેની વિગતવાર વાત અહીં કરી છે.

એક ગ્રામોત્કર્ષના માધ્યમને વરેલી સંસ્થા પોતાની મુખ્ય પ્રવૃત્તિની સાથે પોતાની સામાજિક જવાબદારી નિભાવવાનો પણ પૂરો પ્રયાસ કરે છે એ એક મોટી ઘટના છે. વીઆરટીઆઇ દ્વારા આ પ્રવૃત્તિ પાછળવર્ષમાં ચારથી પાંચ લાખનું ખાસ બજેટ અનામત રાખવામાં આવે છે.

- **સામયિકનું પ્રકાશન :**

વીઆરટીઆઇ દ્વારા છેલ્લા દોઢ દાયકાથી ગ્રામ વિકાસ અને ગ્રામ સમાજના ઘડતર માટે 'વિવેક ગ્રામ' નામનું સાહિત્યિક માસિકનું પ્રકાશન કરવામાં આવે છે. આ સામયિકમાં ખેતી, ગ્રામ વિકાસ, જળસંચયના વિષયોની સાથે સાહિત્યિક વિષયોને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે.

- **શિષ્ટ પ્રકાશનોનું પ્રકાશન :**

સંસ્થાના વિવેકગ્રામ પ્રકાશન દ્વારા શિષ્ટ પ્રકાશનોનું પ્રકાશન પણ કરવામાં આવે છે. જેમાં સાહિત્ય, શિક્ષણ ગ્રામોત્થાન ને લગતાં વિવિધ પુસ્તકો પ્રકાશિત કરાયા છે. વિષયવાર નજર કરીએ તો સાહિત્યના વિવિધ પંદર પુસ્તકો પ્રકાશિત કરાયા છે જેમાં નોંધપાત્ર પુસ્તકોમાં માણેકલાલ પટેલનું 'ગ્રામ સૌરભ' પુસ્તકને સ્ટેટમેન્ટ ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે. રામકૃષ્ણ આશ્રમના સ્વામી જિતાત્માનંદજીનું 'આધુનિક વ્યવસ્થાપન માટે ભારતીય દર્શન' પુસ્તક પણ ખૂબ વખણાયું છે. આ ઉપરાંત હરેશભાઇ ધોળકિયા, સંજય ઠાકર, દલપતભાઇ દાણીધારિયાના પુસ્તકો પણ નોંધપાત્ર છે.

સત્તર જેટલા પ્રકાશિત કરવામાં આવેલા શૈક્ષણિક પ્રકાશનોમાં પણ અનેક વૈવિધ્યતા જોવા મળે છે. નવી સદીનું શિક્ષકત્વ, સહઅભ્યાસની પ્રવૃત્તિઓ, કર્મયોગી બનવાની કળા અને યોગ વગેરે મુખ્ય પ્રકાશનોની સાથે કચ્છી જાણ સુજાણ પરીક્ષા માટે કચ્છી પાઠાવલી ભાગ-૧ તથા ૨ નું પણ પ્રકાશન આ વિષય અંતર્ગત કરાયું છે.

ગ્રામોત્થાનને લગતા પણ ત્રણ પુસ્તકો પ્રકાશિત કરાયા છે જેમાં ઘાસચારા બેંક, ખાણદાણની માર્ગદર્શિકા વગેરે પ્રકાશિત કરાયા છે.

ઉપરાંત સંસ્થા દ્વારા કેટલાક નોંધપાત્ર વિશેષ પ્રકાશનો પણ કરાયા છે. જેમાં વીઆરટીઆઇ ની રજતજયંતી વર્ષના અવસરે જાણીતા લેખક અને પત્રકાર રજનીકુમાર પંડ્યાએ લખેલું પુસ્તક 'સંભવામી કચ્છસ્ય કણે કણે'નું ખાસ પ્રકાશન કરાયું હતું. આજ રીતે સંસ્થાના લોકપ્રિય મેનેજિંગ ટ્રસ્ટી તુલસીભાઇ ગજરાનું આકસ્મિક અવસાન થતાં તેમને શ્રદ્ધાંજલિ આપતો ખાસ ગ્રંથ 'તુલસી'નું પ્રકાશન કરાયું હતું.

- **ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર :**

એક ગ્રામ ઉત્કર્ષના ધ્યેયને વરેલી સંસ્થા ગુજરાતી સાહિત્યકારોને પોતાને આંગણે નિમંત્રે એ ઘટના બહુ જવલ્લે જ બનતી હોય છે. વીઆરટીઆઇ આમાં પણ અગ્રેસર રહી છે. **ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૪મું જ્ઞાનસત્ર ડિસેમ્બર ૨૦૦૬માં માંડવીમાં પોતાને આંગણે યોજીને સંસ્થાએ પોતાની મોટી સામાજિક જવાબદારી નિભાવી હતી.** આ જ્ઞાનસત્ર અનેક રીતે યાદગાર બન્યું હતું જે પણ આ સંસ્થાની તથા સાહિત્ય પરિષદની યશ કલગીમાં એક વધુ છોગું ઉમેરાયું હતું.

આ જ્ઞાનસત્રમાં ૫૦૦થી વધારે સાહિત્યકારો અને સાહિત્ય રસિકોએ હાજરી આપી હતી જે પરિષદ માટે પણ વિક્રમસર્જક સંખ્યા હતી. જ્ઞાનસત્રના સ્થળને 'ડૉ. જયંત ખત્રી નગર' નામ આપીને તથા તેમના જીવનને ઉજાગર કરતું પ્રદર્શન યોજીને કચ્છના

*સરળ - સાદું જીવન ભક્તિનું પ્રતીક છે.*

ઊંચા ગજાના સાહિત્ય સર્જકને અંજલિ આપીને તેમની સ્મૃતિઓને જાળવવા યોગ્ય પ્રયાસ પણ કરાયો હતો.

આજ પરિસરમાં દર્શક ફાઉન્ડેશન દ્વારા કવિ ઉશનસ તથા કાંતિસેન શ્રોફ 'કાકા'ને દર્શક ઍવૉર્ડ તથા કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા કચ્છના સર્જકો પ્રતાપરાય ત્રિવેદી તથા માધવ જોશી 'અશ્ક'ને ગૌરવ પુરસ્કાર અર્પણ કરવાનો સમારોહ પણ યોજાયો તે પણ એક મોટી ઉપલબ્ધી રહી.

ત્રિદિવસીય જ્ઞાનસત્રના સમગ્ર આયોજનનું દસ્તાવેજીકરણ સમાન સ્મરણિકા 'સાહિત્ય સર્જકોના સાનિધ્યમાં' નું પ્રકાશન પણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું જે ગુજરાત સાહિત્ય પરિષદના ઇતિહાસમાં આ પ્રકારની પહેલી ઘટના બની રહી જેનું નિમિત્ત પણ વીઆરટીઆઇ બની.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સાહિત્ય પ્રચાર અને પ્રસારના હેતુસર સમગ્ર ગુજરાતમાં યોજાયેલી 'સાહિત્ય યાત્રા'ના ભાગરૂપે કચ્છમાં પણ આવી સાહિત્ય યાત્રા યોજવામાં પણ સંસ્થાએ મહત્ત્વનો ભાગ લીધો અને માંડવીમાં ખાસ બે કાર્યક્રમો મારફત ગુજરાતના જાણીતા સર્જકો નારાયણભાઇ દેસાઇ, કૃષ્ણ દવે, રાજેન્દ્ર પટેલ અને મણિલાલ પટેલના વક્તવ્યોના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સાહિત્ય યાત્રાના અમદાવાદ ખાતે યોજાયેલા સમાપન કાર્યક્રમમાં પણ વીઆરટીઆઇના મુખપત્ર 'વિવેકગ્રામ'ના તંત્રી ગોરધનભાઇ પટેલે વક્તા તરીકે હાજરી આપી હતી.

જાણીતા ચિંતક અને લેખક ડૉ. ગુણવંત શાહ પ્રેરિત જૂનાગઢથી સુરત સુધી યોજાયેલી માતૃભાષા વંદના કાર્યક્રમ અંતર્ગત ભુજથી રાજકોટ સુધીની ઉપયાત્રાનું આયોજન પણ સંસ્થાએ ભુજની ઇન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલપમેન્ટના સહકારથી કર્યું હતું.

આજ સીલસીલામાં આગળ વધતાં માલધારી મંગલ મંદિર દ્વારા ભુજોડીમાં યોજાયેલા સાહિત્ય વ્યાખ્યાન માળાના કાર્યક્રમને આર્થિક સહયોગ આપીને પણ સંસ્થાએ પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું. આ વ્યાખ્યાનમાળામાં ડૉ. બળવંત જાની, ડૉ. કાન્તિ ગોર, ડૉ. મોતીભાઇ પટેલ સહિતના અનેક સાહિત્ય સર્જકોએ પોતાના વક્તવ્યો આપ્યાં હતા. તો સંસ્થા દ્વારા સ્વતંત્ર રીતે પણ વ્યાખ્યાનો આયોજિક કરાતાં રહ્યાં છે.

સાહિત્ય રસિકોને વાંચનમાં વધુ રસ પડે તેવા પ્રયાસ રૂપે વિવિધ સર્જકોના પુસ્તકોના આસ્વાદનો જાહેર કાર્યક્રમ પણ સંસ્થા દ્વારા યોજાતા રહ્યા છે.

કચ્છના જાણીતા સર્જક સ્વ. ડૉ. જયંત ખત્રીની જન્મ શતાબ્દીની ઉજવણી કચ્છમાં વિવિધ રીતે કરાઇ તેમાં પણ આ સંસ્થા સહભાગી બની હતી. કેન્દ્રીય સાહિત્ય અકાદમી તથા સંસ્મૃતિ સંસ્થા દ્વારા ભુજ અને માંડવીમાં યોજાયેલા નાટ્ય મંચન તથા પરિસંવાદના કાર્યક્રમોમાં વીઆરટીઆઇએ સંપૂર્ણ આર્થિક સહયોગ આપી પોતાની સાહિત્ય સેવાની આગેકૂચ જારી રાખી હતી.

તાજેતરમાં જ ૭૫મો જન્મ દિવસ ઉજવનાર જાણીતા સાહિત્યકાર જોસેફ મૅકવાન લિખિત 'નિંભાળે નિપજેલાં' પુસ્તકના લોકાર્પણનો સમારોહ ભુજના ટાઉનહોલમાં ધારાસભ્ય અને લોકસંગીત પ્રેમી બાબુભાઇ શાહના હસ્તે યોજાયો હતો ત્યારે સાહિત્ય, વ્યાખ્યાન અને સંગીતના કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું. આજ રીતે લીલાધર ગડા 'અધા' ના પુસ્તક 'પગ મેં ભમરી'નું લોકાર્પણ અને રસાસ્વાદનો કાર્યક્રમ પણ ભુજમાં યોજી સંસ્થાએ સાહિત્યના પ્રસાર અને પ્રચારમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. 'ઇમેજ પબ્લિકેશન' દ્વારા પ્રકાશિત કરાયેલા 'વિનોબા વાણી' પુસ્તકનું લોકાર્પણ પણ આ સંસ્થાના નેજા હેઠળ ભુજમાં કરાયું જેમાં જાણીતા કવિ ડૉ. સુરેશ દલાલે ખાસ હાજરી આપી સાહિત્યિક વક્તવ્ય આપ્યું હતું.

● **નવોદિત સર્જકોને માર્ગદર્શન :**

નવી પેઢીમાં સર્જન શક્તિ ખીલે અને આ પેઢી આ દિશામાં વિચારતી થાય અને સર્જન કરતી થાય એ માટે નવોદિત સાહિત્ય સર્જકો માટે ખાસ શિબિરનું આયોજન પણ સંસ્થા કરતી રહી છે. આવા શિબિરોમાં નિવડેલા સર્જકો સાહિત્ય સર્જનના વિવિધ પ્રકારો વિશે ભાવિ સર્જકોને માર્ગદર્શન આપે છે. આ પ્રવૃત્તિ થકી પણ વીઆરટીઆઇ સતત સાહિત્ય વિકાસ માટે મંથન કરતી રહે છે.

● **પુસ્તક ખરીદી યોજના :**

ગુજરાત સરકાર દ્વારા લોકોમાં વાંચન તરફની અભિરુચિ વધે એ માટે આ વર્ષથી ખાસ 'વાંચે ગુજરાત'નું અભિયાન ચલાવાઇ રહ્યું છે. પરંતુ વીઆરટીઆઇ આ ક્ષેત્રે સરકાર કરતાં પણ એક ડગલું આગળ છે. કારણ કે સંસ્થાની સ્થાપના સમયથી જ સંસ્થાનો, લોકો વાંચતા થાય છે એ તરફ ખાસ ધ્યાન રહ્યું છે. આ માટે સંસ્થા વિવિધ સાહિત્યકારો અને લેખકોના સાહિત્ય ઉપરાંતના વિવિધ વિષયોના પ્રગટ થતાં પુસ્તકો ૫૦થી લઇને ૫૦૦ સુધીની સંખ્યામાં ખરીદીને લેખક તથા સાહિત્યકારને તો પ્રોત્સાહન પૂરું પડાય જ છે પરંતુ આ ખરીદાયેલા પુસ્તકો વિવિધ વાચનાલય, શાળા કે કૉલેજને ભેટ આપવામાં આવે છે જેથી તેનો બહોળો લાભ લોકો લઇ શકે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી ૨૧ જેટલા લેખકોને પ્રોત્સાહિત કરાયા છે.

કેટલાક સાહિત્યકારો પુસ્તકો પોતાની રીતે પ્રકાશિત તો કરી લેતા હોય છે પરંતુ યોગ્ય પ્રસિદ્ધિ કે માર્ગદર્શનના અભાવે આ પુસ્તકો લોકો સુધી પહોંચતા હોતા નથી. તો કેટલાક જાણીતા સર્જકોના પુસ્તકોથી આમ જનતા વાકેફ થાય એવા હેતુથી આવા લેખકોના પુસ્તકોને બહોળી પ્રસિદ્ધિ મળે એ માટે મોટા પાયા પર વિમોચન કાર્યક્રમનું આયોજન પણ સંસ્થા કરી આપતી રહી છે, જેમાં મોટા ગજાના સાહિત્યકાર કે મહાનુભાવને આમંત્રી તેમના હાથે પુસ્તકનું વિમોચન કરાય છે. જેથી લેખકને બહાર આવવાની તક મળે છે અને તેમના પ્રકાશનની પણ યોગ્ય પ્રમાણમાં પ્રસિદ્ધિ થતી રહેતી હોય છે. આ ઉપરાંત અવારનવાર પ્રસંગોપાત સાહિત્ય સંમેલન, કવિ સંમેલન વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવતું રહે છે.

ગાંધી સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે પણ સંસ્થા સતત પ્રયત્નશીલ રહી છે. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા લેવાતી 'ગાંધી જીવન

*સંબંધને લાગણી સાથે જોડો, અપેક્ષા સાથે નહિ.*

ઝાંખી' તથા 'ગાંધી વિચાર પરિચય' પરીક્ષાના પરીક્ષાર્થીઓ અને ઉત્તીર્ણ થનારાઓને સંસ્થા પ્રોત્સાહિત પણ કરે છે.

● **શૈક્ષણિક શિબિર :**

શિક્ષકો, યુવાનો અને વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરવા શિક્ષણ પ્રકલ્પ અંતર્ગત સમયાંતરે વિવિધ તાલીમ શિબિરોનું પણ વીઆરટીઆઇ દ્વારા આયોજન કરાતું રહ્યું છે. વર્ષ ૨૦૦૧થી પ્રાથમિક, માધ્યમિક શિક્ષકો, યુવાનો, સંગીત શિક્ષકો માટે યોજાયેલા વિવિધ શિબિરના અહેવાલોનું વિધિવત પ્રકાશન કરાતું આવ્યું છે. આ અહેવાલોના પ્રકાશન પાછળનો સંસ્થાનો મુખ્ય હેતુ એ રહ્યો છે કે જે શિક્ષકો કે યુવાનો આ શિબિરમાં ભાગ ન લઇ શક્યા હોય તેઓ પણ આ પ્રકાશન મારફત પ્રશિક્ષણ મેળવી શકે. આ અહેવાલોનો લાભ કચ્છના અનેક લાભાર્થીઓએ લીધો પણ છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે યોજાતા વિવિધ શૈક્ષણિક પ્રવાસોના અહેવાલ પણ પ્રકાશિત કરાયા છે.

ગુજરાત સરકાર દ્વારા ચલાવાતી 'વાંચે ગુજરાત' કાર્યક્રમ હેઠળ શાળાના વિદ્યાર્થીઓને સારા વાંચનની દિશા મળે અને પ્રેરણાદાયી પુસ્તકો તેઓ વાંચતા થાય એ હેતુસર કચ્છની વિવિધ હાઇસ્કૂલો અને કોલેજોમાં જાણીતા સાહિત્યકારો અને સર્જકોના વ્યાખ્યાન યોજવામાં આવે છે. જેમા વિવિધ સર્જકોના પુસ્તકો વિદ્યાર્થીઓને ભેટ સ્વરૂપે પણ આપવામાં આવે છે. આ યોજના નીચે રૂા. ૧૭,૦૦૦/- ના પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા.

તો વિવિધ શાળાઓ, સંસ્થાઓ, શિક્ષકો, સાહિત્યરસિકો, વિદ્યાર્થીઓ અને યુવાનોને પ્રેરક પુસ્તકોના વિતરણની એક ખાસ યોજના નીચે સંસ્થા પ્રતિવર્ષ રૂા. ૬૦,૦૦૦/- ના પુસ્તકો ખરીદીને લોકોને ભેટ આપે છે.

આમ, એક ગ્રામોત્થાનના જ કાર્યને પ્રાધાન્યતા આપતી સંસ્થા સાહિત્યને ઉત્તેજન આપવા વિવિધ પ્રવૃત્તિઓ કરતી હોય એવી બહુ ઓછી બનતી ઘટનાઓ પૈકીની આ ઘટના હશે.

*'ભૂમા નિકેતન',*
*૨૨/બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે,*
*રીંગરોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## મૌનનો મહિમા

(અનુસંધાન : પાના નં.-૧૧૭ ઉપરથી ચાલુ)

છે. હાસ્ય એને જીવાડે છે વહાલ સૌને પ્રેમ આપે છે અને આટલા વિશાળ અનંત આકાશમાં અમે સૌ સાથે હળી-મળીને, હસતાં, ચમકતાં રહીને પરમ શાંતિ અને સંતોષ પામીએ છીએ તું પણ એમ જ રહે તો મહાસુખ પામીશ."

આ ધ્રુવનો સંદેશ જાણીને વિહંગી પોતાના બન્ને બાળકોને હૈયામાં હેત ભરી સૂઇ ગઇ. ના, હું મારી જિંદગી વેડફીશ નહીં. ને બાળકોને સારી રીતે જીવાડીશ.

બીજે દિવસે વહેલી ઊઠીને એણે સાસુને કહ્યું, "બા, ચાલો આપણે દર્શન કરવા જઇએ અને સાંજે બાળકોને સાબરમતી નદીમાં નહાવું છે તો ત્યાં જઇ બાળકોને રમવા દઇએ."

આ સાંભળી એની સાસુ તો ખુશ ખુશ થઇ ગઇ, આજે પહેલી જ વાર એમણે વહુનું મુખ હસતું જોયું..

પણ પછી તો વિહંગી રોજ રોજ સાસુને લઇ બહાર જતી, દર્શન કરાવતી, એની સહેલીઓને ત્યાં લઇ જતી.

બસ ત્યારથી એને અને સાસુને મા-દીકરી જેવો સંબંધ બંધાઇ ગયો.

સાસુ મા બનીને દીકરાના દીકરાઓને સાચવતી અને એ જ સાસુ વિહંગીને દીકરી તરીકે સાચવતી.

ત્યારે રોજ રાતે તે આકાશના દર્શન કરી આંખો મીંચી બોલતી "હે અનંત આકાશના તારલાઓ, તમે મને મૌનનો જે સદ્‌ગુણ આપ્યો છે તે આ પૃથ્વી પરની તમામ નાની-મોટી, સૌ બહેનોને આ સંદેશ આપી સુખી કરજે જેથી આ જગતમાં આજે ઘેર ઘેર જે કકળાટ, અશાંતિ કુસંપ વધતા જાય છે તે અટકી જાય.

ઘેર ઘેર સંપ થાય,
સૌ પ્રેમથી એક થઇને રહે.
જીવનમાં શાંતિ અને સુખ આવે
અને દરેક ઘર સ્વર્ગ જેવું બની રહે.

બસ ત્યારથી વિહંગી સાસુને મા કહેતી સુખ-શાંતિભર્યું જીવન જીવી રહી છે.

*'સ્વજન', ૧૭/એ, ટ્રસ્ટ નગર,*
*શ્રેયસ ક્રોસીંગ, અમદાવાદ-૭.*

## મારો પગપાળા પ્રવાસ

(અનુસંધાન : પાના નં.-૧૩૧ ઉપરથી ચાલુ)

છઠ્ઠો દાયકો પૂરો થવામાં છે તો સાડી પહેરીને બાર સૂર્ય નમસ્કાર પણ આરામથી થઈ શકે છે. ભગવાનની કૃપા, બીજું શું! પણ હા, મારાં આ વહુઓએ પણ મને બહુ સંભાળી લીધેલી એની ના નહિ. આ શું કે જીવનની શું, કોઈ પણ જાતરા આમ એકબીજાને સંભાળતાં જ પાર પડતી હોય છે ને!

ત્રીજી ને છેલ્લી વારમાં તો હું એકલી જ હતી. ઘરનું કોઈ જ નહિ. સંગાથ ખરો. વહેલા ઘરભેગા થવાની ઉતાવળ હતી. તોય મારી ગમતી બે જગ્યાએ તો વિસામો ખાવાનો જ. એક તો યક્ષનું મંદિર અને બીજો પૂંઅરા રાજાનો ગઢ. જોકે હવે તો ખંડેર જ. પણ દર વખતે ત્યાં તો જવાનું જ. છેલ્લે છેલ્લે આવતો પાપડી એટલે ઊંચોનીચો રસ્તો, જે મને બહુ ગમે.

**ઋણી તો હું આ કચ્છી પ્રજાની, દિલાવર પ્રજાની. મારા પિતા અને પતિ બેઉ સરકારી નોકરીમાં. તેથી ઘણાં ગામ ફરવાનું થયેલ. પણ કચ્છ - કાઠિયાવાડ જેવો આવકારો તો ક્યાંય નહિ. કુદરતે હંમેશાં ભલે એની સાથે વહેરોઆંતરો રાખ્યો હશે તોય આ કચ્છ તો ડાહ્યું છોરું બનીને જ રહ્યું. શું છે એની પાસે? નથી કોઈ વૈભવ, નથી કોઈ સમૃદ્ધિ. છે તો નર્યું રણ જ રણ, તોય દિલ એનું લીલુંછમ. કશું નથી તોય 'ટુકડામાંથી ટુકડો ને હરિ આવે ઢૂંકડો'નું તત્ત્વ જાણનાર આ કચ્છ. મળ્યું એને બે હાથે લૂંટાવનાર આ કચ્છ. સેવાભાવથી આપણને ઓશિંગણ કરી મૂકનાર, હેતભાવથી પરાણે બાંધી લેનાર આ કચ્છ. ક્યાંય ઉપકારની ભાવના નહિ. ઊલટાની ઓવરાઈ જવાની ભાવના. એને આંગણે છે પગપાળા ચાલીને અડગ મનોબળ ધારણ કરનારા આનંદી યાત્રાળુ. એમનાંય શી વાતે અછોવાનાં કરી જાણે.**

અમારે વરસમાં એકવાર તો - શિયાળે - દર્શન માટે મઢ જવાનું જ. ગાડીમાં પસાર થતી વખતે કાયમ એ આખોય હરતો-ફરતો મેળો મારી સાથે જ હોય, અહોહો કરાવતો. ઘરથી થયેલો મારો આ પ્ર-વાસ, સાચા અર્થે.

*એ-૧, સરગમ ફ્લેટ, ઈશ્વરભુવન પાસે,*
*સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.*

*હંમેશાં હૃદયની ઉદારતા અને મનમાં કંજૂસાઈ રાખવી. સમય આવે ઉચિત ખર્ચ કરવો.*

# કાવ્ય દર્પણમાં ગાંધીજી

• ધીરેન્દ્ર મહેતા •

સમસ્ત ભારતવર્ષના જીવન અને સાહિત્ય ક્ષેત્રે મૂલગામી અને દૂરગામી પ્રભાવ પાડીને ગાંધીજીએ નવો યુગ પ્રવર્તાવ્યો. તેમણે પ્રબોધેલી સત્ય, અહિંસા, બંધુતાની વિભાવનાઓએ મૂલ્યોમાં મોટું પરિવર્તન આણ્યું. કવિના સંવેદનશીલ હૃદય પર આનો પ્રભાવ સવિશેષ પડે તે સ્વાભાવિક છે. મહાત્માજીના ભવ્યોદાત્ત જીવનને નિરૂપતું મહાકાવ્ય લખવાનો પ્રયત્ન પણ આપણે ત્યાં એક કવિએ કર્યો હતો અને તેમણે પ્રતિપાદિત કરેલી ભાવનાઓને અને તેને અનુરૂપ તેમના આચારને તો કવિઓએ મન મૂકીને ગાયા.

ગાંધીજી પહેલાં આપણા દેશની પરિસ્થિતિ અતિ વિષમ હતી. તેમના મહાપ્રયત્નોને અંતે આપણે તેમાંથી બહાર આવી શક્યા. એ વિચારને કવિશ્રી જયંત પાઠકે પોતાના કાવ્યમાં આ રીતે રજૂ કર્યો છે.

*'વિપત્તિ દરિયે જ્યારે ગઈ'તી ગરકી પૃથા,*
*શ્રદ્ધા ગૈ સરકી સૌની, પ્રયત્નો સર્વના વૃથા,*
*ત્યારે બાપુ તમે હાથે સમુદ્ધાર્થ એકલા*
*મહાવરાહ શા મંડ્યા; પ્રસારી સ્નેહની કલા,*
*તમે વિલાયલી ભ્રાતૃભાવની દિવ્ય ઔષધિ*
*જીવાડી અગ્નિને અંકે તમે પ્રહ્લાદ શા રહ્યા*
*રામ રામ રટી, શ્રદ્ધા ઘટીના ઊલટી વધી*
*સત્ય ને પરમાત્મામાં, મહાજ્વાલાથી ના દહ્યા.*
*સાંપડ્યું શૈત્ય જ્વાલાને, વેરને પ્રેમ સાંપડ્યો,*
*કપાઈ પાપની પાંખો, દુર્ગ દૌરાત્મ્યનો પડ્યો,*
*તમારે પગલે પગલે ધરિત્રી અંધકારથી*
*માંડતી ડગ જ્યોતિમાં, ઐક્યમાં ભિન્ન ભાવથી.*
*ગયા ગાંધી તમે! ના, ના તમે તો નવજીવન,*
*ક્લેશથી ક્લાંત સૃષ્ટિનું રસાયન સનાતન."*

ગાંધીજીએ ચલાવેલી જુદી જુદી લડતો વખતના પ્રાસંગિક કાવ્યો ઝવેરચંદ મેઘાણીએ રચ્યાં છે, તેમાંનું ગોળમેજી પરિષદમાં જતી વેળાનું ઉદ્‌બોધન જાણીતું છે. તેમાંની કેટલીક પ્રભાવક પંક્તિઓ-

*'કહેશે જગત : જોગી તણા શું જોડા ખૂટ્યા?*
*દરિયા ગયા શોષાઈ? શું ધનવીર ખૂટ્યાં?*
*શું આભ સૂરજ ચંદ્રમાંનાં તેલ ખૂટ્યા?*
*દેખી અમારા દુઃખ નવ અટકી જજો બાપુ!*
*સહિયું ઘણું, સહીશું વધુ: નવ થડકજો બાપુ!*
*શું થયું. ત્યાંથી ઢીંગલું લાવો ન લાવો!*
*બોસા દઈશું ભલે ખાલી હાથ આવો!*
*રોપશું તારે કંઠ રસબસતી ભુજાઓ!*
*ઘનઘોર વનની વાટને અજવાળતો બાપુ!*
*વિકરાળ કેસરિયાળ પંપાળતો બાપુ!*
*ચાલ્યો જજે! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ!*
*છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ!*

સ્વ. બ.ક. ઠાકોરના સોનેટ 'ભીખે સક્રિય બંધુતા'માં ગાંધીજીની સાચી અને સક્રિય મહત્તા, આમ, અર્થઘન રીતે રજૂ થઈ છે:

*'નવી ફરજ એક થકી એક ઉગ્ર તું તો દિનોદિન ધરે,*
*અશક્તિ વચની વિરોધ ઈસમી ન સંધીય લેખે ધરે,*
*અસંખ્ય તુજ ચેલ ચેલી થઈ હિંગ થંભી જતાં જ્યાં તિહાં*
*વિપક્ષી પણ નેક દિલ વદત, 'રે ન લ્યો આવડું જોખમ!'*
*અને જગત ચોદિશા પલકહીન ન્યાળી રહે આ ગમ*
*કરે શું તનયષ્ટિ ગામ પછી ગામની ધૂળ ખૂંદતાં?*
*- વિરોધી જનતાબ્ધિ મોજ પર મોજમાં શાંતિથી સેલતો*
*મનસ્વિ? બસ બંધુતા કવચધારી વૈરી તણેયે દિલોમાં છતો!*
*અપૂર્વ અતિ ધાડસી ટહલ આ હરાવે કવિવાણીને,*
*અકલ્પ્ય, દંગ તોય આમ હરતા અનામી જ સ્ફુલ્લિંગને*
*કહે કવિ શું વીર? શું શહીદ? મહાત્મા? વડેરો જ શું?*
*વૃથા જગતવાણીઓ તણી તમામ 'લંકાર રિદ્ધિ ન શું?*
*ચહે ફક્ત બંધુતા, ન વચને, ભીખે સક્રિય બંધુતા,*
*લહે અભય સર્વ, શાંતિ સુખ સર્વ હૃદરસસુધા બંધુતા!*

ગાંધીજીના વિચારો અને કાર્યરીતિ કેટલાક લોકોને ઉચિત ન જણાતી. કેટલાક તેના ફળ વિશે પણ સાશંક હતા. પરંતુ ગાંધીજીએ પોતે કદાપિ શ્રદ્ધા ગુમાવી ન હતી. એનો નિર્દેશ પૂજાલાલની કૃતિમાં જોવા મળે છે:

*'એ પોરબંદર તણા પથરા સમાન*
*સંકલ્પની સુદૃઢતા સતથી સજીને*
*સ્વાતંત્ર્ય સભર શેખર રાજમાન,*
*મૃત્યુંજયી મરણનો ભય સૌ તજીને,*

*જે આપણી સમક્ષ બીજાની નિંદા કરતો હોય તે બીજા સામે આપણી પણ નિંદા કરશે.*

*જાણ્યો જગે ઉર અહિંસક, વિશ્વમિત્ર,*
*જાણ્યો જગે, કંઈ કરી કપરી કસોટી*
*કોને પ્રશસ્ય, વળી કોઈકને વિચિત્ર*
*દેખાઈ રીત, કદી સાચી, કદીક ખોટી.*
*એનો મહામન છતાં વળગી રહ્યો જ,*
*જે લાગ્યું સત્ય ઉર તે જ કર્યે જનારો,*
*ને રામનળી લઈ સત્ય કરંત ખોજ,*
*સંતો તણો અનુસરંત જ રાહ ન્યારો*
*ત્યાં હિંસકે કૃપણ કર્મ કઠોર કીધું,*
*હત્યા કરી, હરિજને હરિધામ લીધું.*

બાપુજીની એ શ્રદ્ધાના સુફળ રૂપે મનુષ્યે માંગલ્યના દર્શન કર્યા. અને શ્રી મનસુખલાલ ઝવેરીએ તેમના એક દીર્ઘ કાવ્યમાં બાપુને અંજલિ આપતાં કહ્યું છે તેમ,

*'જેહણે માટીથી મનુજ મહેકાવિયા,*
*જેહણે પંકથી પંકજો ખીલવ્યા,*
*જેહણે ત્રસ્ત વિધ્વસ્ત માનવ ઉરે*
*સ્નેહને સત્યના*
*અભય કારુણ્યનાં અમૃતો સીંચિયાં*
*જેહનો કર અડ્યે*
*દીન, કંગાળ, એદી, અઘોરી એમ જાણિયાં*
*પામિયા મુક્તિની મંગળા.*

આવા મહામના ગાંધીજીનું મૃત્યુ માનવમાત્રને કેટલો મોટો આઘાત આપનારું હોય તે સમજી શકાય તેવું છે. મનુષ્યે જાણે પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું અને છેક દીન બની ગયો. તેને ચિંતા થાય છે કે

*'ક્લેશ કાયર, ઘવાયેલ હીણાયલી*
*માનવજાતિ રે ક્યાં જશે રાંકડી*
*પામવા પ્રાણની પુણ્ય સંજીવની?'*

ગાંધીજીનું મૃત્યુ વિરોચિત અને પવિત્ર હતું પરંતુ આપણે માટે તે લાંછન સમાન હતું.

ગાંધીજીના અને કવિના મુખમાં જોડાજોડ મુકાયેલા બે ભાવો શ્રી ઉમાશંકર જોશીની કવિતામાં હૃદયસ્પર્શી બન્યા છે.

*'રડો ન મુજ મૃત્યુ ને! હરખ માય આ છાતીમાં,*
*અરે! કયમ તમેય તો હરખતાં ન હૈયામહીં?*
*વીંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી?*
*અને નહિ શું પ્રેતધાર ઊછળી અરે કે રડો?*
*હતું શું બલિદાન આ મુજ પવિત્ર પૂરું ન કે?*
*અધૂરપ દીઠી શું કૈં મુજ અક્ષમ્ય તેથી રડો?*
*તમે શું હરખાત જો ભય ધરી ભજી ભીરુતા,*
*અવાક અસહાય હું હૃદયમાં રુંધી સત્યને*
*ઘસ્યા કરત ભૂતલે? મરણથી છૂપ્યો સત્યને*
*ગળે વિષમ જે હતો કંઈક કાળ દૂમો! થયું,*
*સુણો પ્રગટ સત્યઃ વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમજ!*
*હસે ઈશુ ! હસે જુઓ સુક્રતુ, સૌમ્ય સંતો હસે.'*
*'અમે ન રડીએ પિતા! મરણ આપનું પાવન,*
*કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.'*

ગાંધીયુગના કવિઓએ તો પોકારી પોકારીને ગાયું કે 'ઘરે ઘરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુદ્ધ!' અને એમની એ હાકલના પડઘા હજુ આજની કવિતામાં પણ છેક શમ્યા નથી એ ખરું પરંતુ વચ્ચે એક લાંબો ગાળો પસાર થઇ ગયો છે. એ સમય દરમિયાન ઘણું ઘણું બદલાઇ ગયું છે અને એવો અનુભવ થાય છે કે ગાંધીજીના વિચારો, ભાવનાઓ, સંદેશ બધું જાણેકે પુસ્તકોમાં જ પુરાઇ રહ્યું છે, માનવ જીવનમાંથી લુપ્ત થઇ રહ્યું છે.

સ્વ. મણિલાલ દેસાઇએ એ ભાવને પોતાના એક મુક્તકમાં આ રીતે રજૂ કર્યો છે.

*'આ શહેરની ગલીઓ મહીં*
*સત્યનું કૂતરું શોધે*
*પગલાં ગાંધી તણાં.'*

મનુષ્યની આ સત્ય, પ્રેમ, બંધુતા તરફની વિમુખતા જોઇને ગાંધીજી કેવી લાગણી અનુભવતા હશે તે શ્રી હસિત બૂચે વ્યંગાત્મક શૈલીમાં નિરૂપ્યું છે.

*'રળિયામણા આ શહેરની શોભા વધી!*
*સરિયામ રસ્તા પર અમે ગાંધી, તમારી છે કીધી પ્રતિમા ખડી!*
*કેવા તમે?*
*માંડ્યો કદમ આગળ કદી ભરતા નથી!*
*ગરદન નરી ઊંચી કરી*
*ચાલી રહ્યું જે*
*(રોજ પૂજાતી તમારી હાજરીમાં!)*
*એ તરફ*
*ક્યારેય આછીયે નજર કરતા નથી!*
*ને રાતરે*
*ફ્લડ લાઇટથી શોભા અધિક*
*કેવી અહીં સરજાય છે?*
*ખુલ્લી પ્યારી*
*પાંસળી એ પાંસળી દેખાય છે!*

શ્રી હસમુખ પાઠકે પણ તેમના એક પુસ્તકમાં આ જ ભાવ સચોટ અને માર્મિક રીતે અભિવ્યક્ત કર્યો છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧૯ ઉપર)**

*દયા એવી ભાષા છે કે બહેરાને સાંભળી શકે છે, અંધ તે અનુભવી શકે છે અને મૂંગા સમજી શકે છે. – મહાવીર સ્વામી.*

યાત્રા પ્રવાસ

# મારો પગપાળા પ્રવાસ

• અરુણા જાડેજા •

આમ તો મારું આખુંય બાળપણ લગભગ શહેરમાં વીત્યું એમ કહી શકાય. મારા બાપુજીની બદલીને લીધે ક્યારેક વરસ-બે વરસ કોક ગામડામાં રહેવાનું થયું હશે એટલું જ. જેથી સીમમાં, ખેતરોમાં, વાડીઓમાં એવું કાંઈ ચાલીને જવાનું થયેલું નહિ. બહુ બહુ તો નિશાળે જવા જેટલું જતાં-આવતાં થઈને માઈલ - બે માઈલ ચાલવાનું થયું હશે. કાં તો સાવ નાનપણમાં વડનાની મા સાથે હિમાલય, અમરનાથ, રામેશ્વર, પશુપતિનાથ એવી જાતરાએ જતી વખતે પરચૂરણ ચાલવાનું જે ભાગે આવ્યું હશે તે.

મોટી થયે મારા ચોથા દાયકામાં ઉત્તરાંચલના પ્રવાસમાં એકસામટું પાંચ-સાત માઈલ ચાલવાનું થયેલ. પરાણે, વખાના માર્યે. પણ આ ચાર ચાર દાયકા સુધી પ્રવાસ મારી સાથે અભિન્ન રીતે જોડાયેલો રહ્યો. ચાળીસ વર્ષોમાં તો ભારતનાં બધાં યાત્રાધામો અને લગભગ બધાં પ્રવાસ સ્થળો જોવાઈ ચૂકાયાં હતાં. હા, એટલી એક માન સરોવરની ઈચ્છા બાકી રહી ગઈ અને પરદેશ હજી તો દૂરનો જ દેશ રહ્યો છે. જોકે એનો અફસોસ જરાય નથી. પણ આ બધી જે મુસાફરી હતી તે બસ, ગાડી કે ટ્રેનમાં, ઘોડા પર એમ થયેલી.

ચાળીસી પૂરી થવાને ટાણે મારે થોકબંધ ચાલવાનો યોગ આવ્યો. તેય પાંચ-પચ્ચીસ નહિ, સો કિ.મી. જેટલું. અમારા જાડેજાનાં કુળદેવી શ્રી આશાપુરા મા. મારા સાસરેથી બધાં એમને ખૂબ માને. હુંય માનતી થઈ, પૂજતી થઈ. **જેમ આ બાજુ આપણે ત્યાં ડાકોરની પૂનમ ભરે તેમ ત્યાં યાત્રાળુઓ પગે ચાલીને નોરતાની આઠમ ભરે.** એમ તો મહા, ચૈત્ર, અષાઢ એમ બીજાં નોરતાં પણ ઊજવાય પણ આસોનું માહાત્મ્ય ભારે.

અમારા કુટુંબમાંથી, ગામમાંથી બધાં અહીં ચાલીને દર્શન કરવા જાય. મને પણ મન થઈ આવ્યું. ઘરમાંનાં બધાંની જેમ મને પણ મારી જાત માટે શંકા હતી કે હું આટલું બધું ચાલી શકીશ ખરી? (જોકે મેં તરત જ ખાસ્સું ચાલવાની પ્રેક્ટિસ શરૂ કરી દીધેલી.) પણ મેં વાતો સાંભળેલી કે અમારા દાદાબાપુ એટલે કે મારા સસરા મોટી ઉંમરે ચાલતા ગયેલા. ભુજના રાજવી પણ ખુદ ચાલીને જઈ આવેલા. એટલે મનેય ચાળીસીએ ચાલવાની ચાનક ચડી. માતાજી માટેની શ્રદ્ધા તો ચોક્કસ પણ જાત માટેનો પડકાર ખાસ. 'ઘરેથી એ', અમારાં વચલાં દીકરી અને મારા ભત્રીજા-ભત્રીજી એમ અમારો સંઘ નીકળ્યો એ નોરતામાં. મારા સિવાયનાં બધાં બળૂકાં. સસલાની જેમ એ દોડ્યે (ધોડ્યે) જ જાય. હું ભારે પોચકીદાસ. પોરો ખાતાં ખાતાં, ઊઠતાં-બેસતાં એમ કરતાં કરતાં કેટલીય વારે આગળ વધું. તોય ત્રણ દિવસ ચાલીને ચોથી સવારે પહોંચી તો રહી. મનથી કે તનથી પીછેહઠ થઈ નહિ...

...ફરી પાંચેક વર્ષે પેલી ચાનકને ચળ ચઢી. તે નીકળી પડ્યાં મા-નાં દર્શને. આ વખતે અમારો સંઘ બહુ મોટો. અમારા કુટુંબનાં જ કેટલાં બધાં! સાથે સેવા માટે પણ ઘરનાં જ કેટલા! પેલો આગલો અનુભવ સાથે એટલે પગ તો જરી પળોટાયેલા તે બે દિવસ ચાલીને ત્રીજી સવારે તો પહોંચી ગયાં. ઘરે આવીને થયું : બસ, હવે ઘણું થયું...

...સાડીની જેમ ના પાડી-પાડીનેય મન લલચાઈ જાય તેમ દસેક વર્ષે મન ફરી લલચાઈ ઊઠ્યું. પગ એ દિશામાં ખેંચાવા લાગ્યા. આ વખતે સંઘ બહુ નાનો. મુસાભાઈને વા ને પાણી એમાંનું. હું અને મારા સંગાથમાં પંદરેક વર્ષની અમારી કામવાળી. સાથે એક સંબંધી ભાઈ. કંઈ જરૂર પડે - કરે. અમારી ગાડી અમારી આગળપાછળ ફરતી હોય. આ વખતે તો મારા પગ ગાંઠે શેના? પહેલે જ દિવસે પંચાવન અને બીજે દિવસે બાકીના આડત્રીસ કિ.મી. કાપીને, માતાજીનાં મન ભરીને દર્શન કરીને રાતે તો ભુજ અને ત્રીજે દિ' પાછાં ઘરે. પણ પેલા મારા પગે ઉધામા કરીને હવે નાદારી નોંધાવી હતી. પણ પગનું શું? એ તો ઘડીક રડે ને ફરી પાછા કામે ચડે. 'અમે પ્રવાસી પારાવારના' એટલે કે જથ્થાબંધના!

આ તો હતી મારી વાત. પણ એથીયે મહત્ત્વની વાત મા આશાપુરાની, જેનો મહિમા હજારો શ્રદ્ધાળુઓ, મારા જેવા કેટલાય ભાવિકો વર્ષોથી ગાતા આવ્યા છે.

"હે મા આશાપુરા, કર તું કચ્છજો નિયા
માડું ધ્રાયે માનીયે, થિયે સુભ ને સવા."

વર્ષોથી કુદરતે જેને પાટુ પર પાટુ મારી છે (મારતી આવી છે) એવા કચ્છીઓ દેશદેવી, કુળદેવીને આજીજી કરે છે, "હે માવડી, આ ખેતરો ને ધરતી હર્યાભર્યા રહે. લોકોને પેટપૂરતો રોટલો મળી રહે. પ્રજાનું કલ્યાણ થાય. એટલું તું કચ્છનું ધ્યાન રાખ..."

....કચ્છની પશ્ચિમે લખપત, અબડાસા અને નખત્રાણા એ ત્રણ તાલુકાને ત્રિભેટે, ભુજ-લખપતના રાજ્ય ધોરીમાર્ગ પર ભુજથી ત્રાણું કિ.મી. દૂર, લખપત તાલુકાની હદમાં જગતજનની મા જગદંબા આશાપુરા મા સ્વરૂપે બિરાજમાન છે. 'મઢ' એટલે માતાજીનું થાનક. તેથી એ સ્થળ, ગામનું પણ નામ પડ્યું મઢ. **ભલે જાડેજાઓના આરાધ્યદેવી ગણાય પણ માનાં ધામમાં તો સૌ કોઈ સરખાં. ગુજરાતમાંથી જ નહિ પણ દેશ પરદેશમાંથી યાત્રાળુઓ અહીં આવે...**

...સાતમ-આઠમના સંધિટાણે માતાજીનો હવન થાય. નોબત-નગારાં-ઝાલર-ઘંટના મંગળ નાદથી આખુંય વાતાવરણ ગુંજી

*બીજાનું સુખ જોઈને આપણે દુઃખી થવાની જરૂર નથી.*

ઊઠે. સાથે રેલાય શરણાઈના ધીમા સૂર. આઠમની સવારે માતાજીની આરતી થાય અને ઓચ્છવની સમાપ્તિ થાય....

...પહેલાં તો બધાં આઠમના દર્શનનો જ આગ્રહ રાખતા પણ દિવસોદિવસ ભીડ ખૂબ જ વધતી જતી હોવાથી પહેલાં-બીજાં નોરતાથી જ લોકો ચાલવાનું શરૂ કરી દે. બહુ આઘેથી આવનારાં તો તેથીય વહેલાં. આપણે ત્યાં તીર્થસ્થાનોમાં ઉઘાડા પગે ચાલવાનો મહિમા છે. એટલે ખુલ્લા પગેય ઘણાં જોવા મળે. બાકી તો બધાં મારી જેમ બૂટ / ચંપલ / સેન્ડલ પહેરીને ચાલનારા. નાના-મોટાં, રાયરંક સૌ હારોહાર જ ચાલે. આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષો બધાં હૈયેહૈયું દબાય એવી ભીડ અને હૈયેહૈયું ભરાય એવો ભાવ. મોટાભાગના યાત્રાળુઓ ભુજથી ચાલવાનું શરૂ કરે. કેટલાંક તો દૂ...રથી આવતાં હોય. **મારા નવલોહિયા ભત્રીજાઓ તો અમારા ગામ ખેડોઈથી (૪૦ વત્તા ૯૩) એક દિવસમાં જ મઢ પહોંચી જાય. બીજે દિ' પાછા વાડીએ કામ કરવા હાજર.**

અહીં શ્રદ્ધા તો ખરી જ પણ... પણ મુખ્યત્વે જોવા મળે ભાવ ને ભક્તિ. 'તું જ એક માતા'ની ભાવના. કેટલાક જુવાનિયા પોતાનાં મા-બાપુ કે દાદા-દાદીમાને શ્રવણની જેમ કાવડમાં તો નહિ પણ વ્હીલચેરમાં બેસાડીને જાતરા કરાવતા હોય. કોક દંપતી એમના પહેલવહેલા નાનકાની બાધા પૂરી કરવા જઈ રહ્યા હોય, ચાલતાં. પેલા નાનકાને કોણ જુએ? છે ને ઉપાય. ચા-ના બગીચાવાળાની જેમ ખભેથી પાછળ ઝોળી ટિંગાડી દીધી ને એને એમાં બેસાડી દીધો ને એ બે માણસ જાય હાથ હલાવતાં ટેસથી, અલકમલકની વાતો કરતા. પેલાં હસતાં ભૂલકાંને બોલાવતા - રમાડતા પાછળ જઈ રહેલા અમે! અમારો રસ્તો એવો તો મજેથી પસાર થઈ જાય કે કાંઈ ખબર જ ના પડે. કેટલાંય ઘરડેરાં સાવ ધીમે ધીમે પણ જાતરા પૂરી કરે ખરા. એમની પાસેથી નાનેરાં હસતાં હસતાં ઝટ આગળ થઈ જાય તો એ જોઈને એ ઘરડેરાં ઝીણી આંખ કરીને જોઈ લે અને પછી હસી પડે : હા બાપા, થાવ આગળ. જમાનો તમારો છે.

આ તો હમણાંની વાત. પણ પચાસેક વર્ષ પહેલાં પણ જ્યારે કોક રડ્યોખડ્યો એકાદો જણ કે બેચાર છૂટાછવાયા એવા કોક કોક પગપાળા માતાને મઢ જતા. ત્યારે માઈલોના માઈલો સુધી પાણીનું ટીપું પણ જોવા ના મળે. આખાય રસ્તામાં ક્યાંક ચા-ગાંઠિયા જડ્યા તો ભયો ભયો, નહિ તો વધો આગળ. સારા ઘરના નબીરાઓ પણ ડ્રાઈવર-કંડક્ટર ભેગા બસ સ્ટેન્ડે કાં તો કોક ઓટલે સૂઈ રહે. મોટા લોકો પોતાની મેળે પોતાની રહેવા-જમવાની કે નાસ્તા પાણીની સગવડ કરી લે પણ ઝીણાંનું શું? નાના માણસો ક્યાં જાય? ત્યારે ત્યાંથી દર વર્ષે પસાર થતા માતાજીના પાક્કા ભક્ત એવા ભુજ શહેરના અગ્રણી નાગરિક અને જાણીતા વકીલ શ્રી જાડેજાની નજરમાં આ વાત આવી. શરૂઆતમાં તો તેઓ પોતાની ફિયાટ લઈને ત્યાંથી નીકળે. ગાડીમાં હોય પાણીના કેરબા, ચા-નાસ્તો. ભુજથી મઢ સુધી ફેરા કર્યા કરે. વળી ચાલનારાઓનો સામાન પોતાની ગાડીમાં મુકાવે ને આગળ એમના જે તે ઉતારે પહોંચાડે. યાત્રાળુઓ આશાભરી નજરે રાહ જોતા હોય કે ક્યારે ગાડીવાળા વકીલસાહેબ આવે. એમના વકીલસાહેબ એમનો સામાન ઉતારી આપે, એમને ખવડાવે-પીવડાવે. એમની આંતરડી ઠારે ને સંઘ વધે આગળ. પછી '૬૨-૬૩માં એમની આગેવાની હેઠળ રીતસરની એક સેવા મંડળી તૈયાર થઈ. થાળી-વાટકા, બીજો જરૂરી સરસામાન વસાવાયો. રહેવા-જમવાની સરખી સગવડ કરવામાં આવી. એ પછી લગભગ ત્રીસેક વર્ષ સુધી એમની આ નિઃસ્વાર્થ સેવા અવિરતપણે ચાલુ જ રહી. આ કલ્યાણકારી પ્રથા પાછળ એમનો હેતુ એક જ કે મઢ જતાં રસ્તે આવનારાં ગામ જાગ્રત થાય અને સંઘમાં જનારાં સૌને મદદરૂપ થાય. એમનો એ હેતુ સો ટકા બર આવ્યો. જાગૃતિ આવી એટલે કેવી? ગદ્ગદ્ થઈ જવાય એવી.

આજની તે શી વાત કરવી! સંઘ-સેવા પ્રથાના પ્રણેતા વકીલ શ્રી જાડેજાએ બબ્બે ચચ્ચાર માઈલે વિસામાની વ્યવસ્થા કરેલી તે એમને અનુસરીને આગળ જતાં માઈલે માઈલે થતી ગઈ ને તે આજે બબ્બે ચચ્ચાર ફર્લાંગે થઈ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. છએક વર્ષ પહેલાં હું ગયેલી ત્યારની વાત. **ચા, છાશ, કેળાં તો ડગલે પગલે મળ્યાં જ કરે. નાસ્તામાંય ગાંઠિયા-ચેવડો ઉપરાંત બટાકાપૌંઆ એવું પણ હોય.** રસ્તામાં આવતાં ગામના લોકોનો તે શો ભાવ! જેવો એ વકીલશ્રીને અભિપ્રેત હતો એવો જ, કદાચ એથીય વધુ. આમ બે હાથ ફેલાવીને આડા ઊભા રહી જાય. તમને કંઈ લીધા વગર આગળ શેના વધવા દે! તમે ના ના કરતા રહી જાવ ને તમારા હાથમાં પરાણે કેળું પકડાવી દે. છાશનો પ્યાલો ધરી દે. 'ના બા, છાશ તો પીતા જાવ. જરી ટાઢા થાવ.' કેટલાય ગામોમાં વારા બાંધેલા હોય. પોતપોતાનું ઘરનું દૂધ સંઘની સેવામાં છાશ માટે આપવાનું. ટ્રકમાં ડ્રમ ભરી ભરીને છાશ લઈને ગામવાસીઓ ફરતાજ હોય. લીંબુંનું શરબત પણ તમારા હાથમાં ક્યારે મુકાઈ જાય એની ખબર જ ન રહે. પીધે છૂટકો કરાવે. માઈકમાં જાહેરાતો થતી હોય. કચ્છનો જેટલો વિસ્તાર લીલો છે ત્યાં ઠેર ઠેર વાડીઓ. કેળાં, નારિયેળ (તરોપા)ના ખટારા પણ ફરતાજ રહે. એવું નહિ કે વાડીમાં થતાં હોય એટલાં જ ફળફળાદિ ફરે, જી ના. બહારથી આવતાં સફરજનની ટ્રક પણ ફરતી જ હોય. ચાર ટુકડા કરીને તૈયાર. તમારા હાથમાં પરાણે મૂકી જ દે. ના કહેવાનો ચાન્સ જ નહિ. સમ દે, જાણે એમની ગરજ. કેટકેટલાં કાલાવાલાં કરે (અત્યારે એ બધું સંભારીને ડૂમો ભરાઈ આવે છે.) કેમ્પમાં જમવા જાવ તો ત્યાં પણ એટલી જ સરભરા....

...અરે ભ'ઈ, જેને સેવા કરવી છે તેને વળી બહાનાં શેનાં? એક રિક્ષાવાળા ભાઈને મેં ફેરા કરતા જોયા. જાણ્યું કે દર નોરતામાં પોતાનાં ધંધોકમાણી મૂકીને અહીં સેવામાં લાગી જાય. નાનાં માણસોનો સામાન લેવા-મૂકવાની સેવા બજાવે. આવા તો કેટકેટલાય રિક્ષાવાળા ને ટ્રકવાળા. વળતાં તો બધાં વાહનમાં જ પાછાં ફરે. તેથી એમને નજીકનાં ગામે કે બસ-સ્ટેન્ડ પર પહોંચાડી આવે. ગામેગામના સેવાધારીઓ પોતાનાં ગામના કેમ્પમાં યથાશક્તિ ફાળો આપે. કોઈ પૈસો ખરચીને, કોઈ જાત ઘસીને...

...એક કૌતુક દીઠું મેં. ટ્રાફિકવાળાનો

*અમુક ધર્મવાળા થઈને જ અમુક ધર્મ પાળી શકાય એ વાત બરાબર નથી. બાહ્ય પરિવર્તનથી ધાર્મિક થવાતું નથી. — રવિશંકર મહારાજ.*

સાથ કહેવો પડે! ચાલતી વખતે કોઈ પણ જાતની બીક વગર નિરાંતે ચાલી શકાય. શહેરમાં તો વહેલી સવારના ચાલવા નીકળો તોય કંઈ કહેવાય નહિ. કોઈ ક્યારે તમને ઠોકાડી જાય. પણ અહીં જોવા મળી એકબીજાને સાચવી લેવાની વૃત્તિ. **લોકો લહેરથી ચાલ્યા જાય. માણસોનો પ્રવાહ ખરો પણ ધસમસતો નહિ. એકધારો સંઘ ગતિએ વહ્યો જતો.** બધાંને જ છે જગતજનની પરની અતૂટ શ્રદ્ધા....

...આ દરેકનો ભાવ એક જ કે તેઓ યજમાન અને આપણે મહેમાન. ના, ના, ભગવાન : "બા, અમે તો નો હાલીને ગ્યાં તા પણ માતાજીના રૂડા પરતામે તમને જાવા મળ્યું, તમ તો ભાગશાળી. તમારી સેવા કરીને અમેય માતાજીને વહાલા થાશું."

એક ખૂબ જ હૃદયસ્પર્શી દૃશ્ય. મલમપટ્ટાવાળાનું. પ્રવાસ પગપાળા એટલે કષ્ટો તો પડવાનાં જ. એમાંય ઉઘાડા પગવાળાનું તો પૂછવું જ શું! કોઈને કાંટો વાગે, કોઈને કાચ, કોઈને ખીલા તો કોઈને છાલાં એટલે આંટણ પડે. આંટણ તો લગભગ બધાંને જ પડે. **પણ એક માતાની વહાલપથી, સેવાભાવી નર્સની મમતાથી, આ ભાઈ-બહેનો આપણા ઘા આસ્તેકથી સાફ કરે, ધૂએ, દવા લગાડે, ફૂંક મારતાં જાય, ઊંહકારા મારતાં આપણને છાનાંય રાખતાં જાય, દુઃખાવાની ટીકડીય આપે.** એવાં તે હેતાળવાં કે એમને જોઈને આપણાં અરધાં દુઃખદરદ ઓછાં થઈ જાય. પાટો બંધાવીને ઊભા થતી વખતે થાય કે લો, આપણા ઘા રુઝાઈ ગયા ને હવેતો આપણે આ પહોંચી જ ગયા સમજો!

પહેલી-બીજી વાર તો મનેય એવાં ખાસ આંટણ પડેલાં નહિ. પણ ત્રીજી વાર બુટને બદલે મેં સેન્ડલ પહેરેલાં કે હવા સરખી મળે એમ કરીને. સામે દોડતો ભાદરવો. એ વખતે તાપ કંઈક વધારે પડતો જ હતો, આકરો. સેન્ડલમાંય પગ તો જાણે બફાઈ ગયા. તોય હું મારું લક્ષ્ય આંબવાની ધૂનમાં (કે લાયમાં?) આગેકૂચ કરતી જ રહી. બીજે દિવસે પગ સેન્ડલમાં જાય શેના? પણ આ મલમપટ્ટાવાળા એટલે તો સાક્ષાત્ ભગવાન જ. એ ફોલ્લા ફોડાવવાના, ફૂટેલાને સાફ કરાવવાના એ પીડા તો કોઈ ના ભોગવે. પણ એમણે આખાય પગને એવી તે પાટાપિંડી કરી આપેલી કે બીજે દિવસે હું ઉઘાડે પગે ચાલી. પગની નીચે એવું સરસ પેડિંગ કરી આપેલું કે એના જોરે જ હું ચાલી શકી. પાટો બગડે એટલે આગલા કેમ્પમાં ફરી ફોલ્લા ફોડાવો, સાફ કરાવો, પાટા બંધાવો. પાટો બદલાવતી વખતે 'આહ, હવે દુઃખવાનું' એની બીક બહુ લાગે. પણ થાય કે ચાલો, પગ જરી છૂટો થશે. બિચારો હવા ખાશે, એનીય કોઈ આળપંપાળ કરશે. આમ પગને તાજામાજા કરાવતી કરાવતી હું આગળ વધતી. એ પડ્યાં ચારપાંચ જોડી જોડાં ગાડીમાં મારી વાટજોતાં. એમની સામે હવે જુએ મારી બલારાત!

તમને બધાંને મારી સાથે આ પ્રવાસમાં લીધા જ છે તો બે ઘડી ગમ્મત પણ કરાવી લઉં. પહેલી વાર ગઈ ત્યારે મેં કહ્યું તેમ 'ઘરેથી એ' પણ સાથે હતા જ. પુરુષ માણસ, ખેડુ-માડુ અને ઉપરથી પાછા સ્પોર્ટસમેન. એટલું ઉતાવળે ચાલે ને પછી કેટલેય આગળ જઈને અમારી રાહ જોતા, અકળાતા (પોલીસવાળા ખરા ને) ઊભા હોય. બીજા બધાં તો થોડી વારે પણ એમના ભેગા થઈ જાય પણ મારે શું કરવું? હું મારે ઘસડાતી જાઉં. લાંબા સાથે ટૂંકો જાય મરે નહિં પણ માંદા પડવાનાં લખ્ખણ બધાં. હશે. વળી તેઓશ્રી જમવામાં બહુ જ સાત્ત્વિક અને મીઠું-મરચું, તેલ-મસાલા સાવ ઓછું ખપે (આ પણ પોલીસવાળાનું એક રૂપ). એટલે અમારા પહેલાં અમારા ઉતારે ખબર પહોંચી જાય કે સાહેબ તો બહુ સાદું જમે. સાહેબને ખુશ રાખવા બધા બાફેલું જ બનાવે. એટલે અમારાય ભોગ લાગ્યાં એવું ફીક્કુંફસ ખાવાનાં. વળી કુદરત પણ કેવો આપણો જીવ બાળે તે અમારા ઉતારાની અડોઅડ હોય જમવાનો કેમ્પ. એવું સરસ મજાનું છાલવાળું બટાકાનું રસાવાળું મસાલેદાર શાક અને ગરમાગરમ ઊતરતી ફૂલીને ગોળ દડા જેવી મોટી મોટી પૂરીઓ. એમના સિવાય બધાનાં મોંમાં પાણી આવી ગયાં હોય પણ જેમતેમ કરીને આંખમાં ક્યારેક આવતાં આંસુની જેમ એનેય પાછાં અંદર ધકેલી દેવાનાં. 'એમની' તો આગળપાછળ જોયાં મૂક્યાં વિના એ જ એકધારી 'લેફ્ટ રાઈટ' ચાલુ. હું તો મોટી ને મન મારતાંય જાણું પણ અમારાં દીકરી તો ખાવાપીવાનાં જબરાં શોખીન. પણ મારી સાથે એમનાંય નસીબ જોડાયેલાં તે અમે બંનેએ 'હશે ત્રણ દિ નોરતા રહ્યાં' એમ મન મનાવ્યું.

પછી બીજી-ત્રીજી વાર તો મેં કહેવા ખાતર પણ એમને આગ્રહ ના કર્યો. (જોકે એ તો ઉંમરના હિસાબે.) આ બીજી વારમાં અમારાં ઘરનાં જ અમે કેટલાં બધાં. સાથે સેવામાંય ઘરનાં જ બધાં. પણ અમારે દીકરીઓ ને વહુઓના કાયદા જુદા. મારાં નાનાં દીકરી ને ભત્રીજી એ દોડ્યા જાય આગળ. (જોકે અમે એમને પહોંચી પણ ના વળીએ) હું ને મારાં બે ભત્રીજાવહુ મારી સાથે. મારે ડાબે-જમણે, વચ્ચે હું. મારે તો એક વારનો એક્સપીરીઅન્સ પણ ખરો ને! એમને સંભાળતી, હામ પુરાવતી, એમને દોરતી લઈ જતી હું. નાનાં વહુને તો ધાવણું બાળક. એમનાં સાસુ એટલે મારાં દેરાણી એ બાબાને લઈને ગાડીમાં અમારી સાથેસાથે જ રહે. એ વહુને દૂધનું બંધાણ. બધે તો ક્યાંથી મળે? એટલે બાબાના પાઉડરના ડબ્બામાંથી બનાવીને ચલાવી લે. પાઉડરના લીધે એ એક 'પી'. પછી બીજાં વહુના બૂટ પિંક રંગના એટલે એ બીજો 'પી.' મારા બૂટ પાવર કંપનીના અને સાસુ(!) તરીકેનો પાવર એમ બેવડા કારણસર હું ત્રીજો 'પી.' એટલે અમે સૌથી છેલ્લાં એવા 'થ્રી પી.' નામ પાડનાર પાછાં આ લોકો જ. આ વહુઓની નણંદો, એમના દિયર, બનેવીસાહેબ બધાં. **અમે રાંક જેવાં એમની પાછળ ચાલ્યા જઈએ, કોઈને કનડ્યા વગર. તોય ઉપરથી પાછાં ખીજવે 'પાકિસ્તાન પીપલ્સ પાર્ટી.'** શું કહેવું આમને! આ લેખ લખતી વખતે મારાં નાનાં દીકરીએ કહ્યું કે તાઈ, પેલું 'પી પી પી'વાળું ખાસ લખજો હં કે. ભલે હું સાસુ પણ જાત તો વહુનીજ ને! એટલે અમે ત્રણે સાડીમાં તો ખરાં જ પણ માથે પણ ઓઢેલાં એવાં. સવારે ચાલવા જતી વખતે મને ઘણાં અહીં અમદાવાદમાં પૂછે : 'તમને સાડી પહેરીને ચાલતાં ફાવે?' મારી બહેન, એકલું સાડી પહેરીને નહિ, માથે ઓઢીને તેય જેવુંતેવું નહિ, સો કિમી. અને તેય ત્રણ વાર. આજે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨૫ ઉપર)**

*બહારના દેખાવ પરથી ફૂલની કે પતંગિયાની કિંમત ભલે કરો, મનુષ્યની ન કરતા. - રવીન્દ્રનાથ ટાગોર*

ધર્મ

# સમગ્ર જૈન સમાજનું મહાન તીર્થધામ
# શ્રી શત્રુંજય મહાતીર્થ - પાલિતાણા

• ભવાનજી શિવજી નાંગલપુરવાળા •

ગુજરાત રાજયના ભાવનગર જિલ્લામાં આવેલું લગભગ ૭૦ હજાર જેટલી વસતિ ધરાવતું નાનકડું પાલિતાણા શહેર સમગ્ર જૈન ધર્મનું એક મહાન પૌરાણિક તીર્થધામ છે. વિશ્વના કોઈપણ ખૂણે વસતા જૈન ધર્મીનું એ આસ્થા સ્થાનક છે. ફોર્બસ રાસમાલામાં જણાવ્યું છે તેમ પ્રત્યેક જૈન આ યાત્રાધામની જાળવણી અને એના વિકાસ માટે યથાશક્તિ ફાળો આપવાની ખાસ ઈચ્છા રાખે છે. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ અથવા આદિનાથ કે આદીશ્વરના પુનિત સંસ્મરણો આ તીર્થ સાથે સંકળાયેલ છે.

પાલિતાણા અતિ પ્રાચીન નગર છે. **જૈનાચાર્ય શ્રી પાદલિમ્પુર આજે પાલિતાણા નામથી વિશ્વમાં પ્રખ્યાત છે.** પાલિતાણાનો ઉલ્લેખ ગોવિંદરાજ ત્રભુતવર્ષના ઇ.સ. ૮૧૮-૮૧૯ના સમય દરમ્યાન દેવલીમાં મળેલા દાન શાસનમાં પાલિતાનક તરીકે થયેલો જોવા મળે છે. જૈન પ્રબંધોમાં તેનો સવિશેષ ઉલ્લેખ છે. પ્રભાવત ચરિત્રમાં જૈનાચાર્ય શ્રીપાદલિપસુરીના શિષ્ય સિદ્ધ નાગાર્જુને વિમલા (શત્રુંજય)ની તળેટીમાં ગુરુના નામથી પાદાલિપપુરની સ્થાપના કરી ત્યાં મહાવીર સ્વામીનું ચૈત્ય કર્યું હોવાનું કહેવામાં આવે છે. આ ઉપરાંત પ્રબંધ ચિંતામણિ, પુરાતન, પ્રબંધ કોષ વગેરે જૈન પ્રબંધોમાં પાદાલિપપુરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જૈનોના આ પવિત્ર યાત્રાધામમાં ભારતના ખૂણે ખૂણેથી ધાર્મિક જૈન ભાઈ / બહેનો તેમજ બાળકો ખાસ દર્શનાર્થે આવે છે.

આ શત્રુંજય ગિરિરાજ ઉપર ચડવા માટે જય તળેટી આવે છે. જયાંથી યાત્રાનો શુભારંભ થાય છે. શરૂઆતમાં જ ધનવસહી અથવા બાબુનું મંદિર આવે છે. મુર્શિદાબાદવાળા બાબુધનપતસિંહ એ તે બંધાવ્યું હતું. પર્વત પર ચડવાના પગથિયાનો રસ્તો પ્રસિદ્ધ જૈનમંત્રી શ્રી તેજપાળ એ ૧૩મી સદીમાં પથ્થરો વ્યવસ્થિત રીતે ગોઠવી તૈયાર કરાવ્યો હતો. એ સંચાર પાજા કહેવાતો. ગિરિરાજ પર ચડવાના માર્ગને આજે પણ પાજ કે પાત્ર કહે છે. હાલમાં જે પાજ છે તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તૈયાર કરાવેલ છે. **૧૮૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા શ્રી આદીશ્વર ભગવાન સુધી પહોંચવા લગભગ ૩૭૪૫ પગથિયા શ્રદ્ધાવાન યાત્રિકોને ખૂબ જ સરળ લાગે છે.** સિનિયર સિટીઝન જેવા ભાઈ બહેનો પણ સરળતાથી ચડી જાય છે. ન ચડી શકનાર માટે ડોલીની પણ સગવડતા છે. ત્યાં લગભગ ૪૦૦ જેટલા ડોલીવાળા છે.

શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર જતાં માર્ગમાં સંખ્યાબંધ દેરીઓ પણ આવે છે. એક ભગવાન આદીશ્વરની ટૂંક તરફ જતો માર્ગ છે જ્યારે બીજો માર્ગ નવટૂંક થઈને જાય છે. પ્રાચીન કાળથી જૈન યાત્રા સંઘો નવટૂંકના માર્ગે જતા આવ્યા છે.

પર્વત પરનું પ્રથમ મંદિર ભરત રાજાએ બંધાવ્યું હોવાનું કહેવાય છે. જાવડ શા નામના શ્રેષ્ઠીએ વિક્રમ સંવત ૧૦૧૮માં તેરમી વખત તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સોલંકી યુગમાં આ તીર્થની બોલબાલા હતી. સિદ્ધરાજ જયસિંહના મંત્રી અને કુમારપાળના મંત્રીવર્ય ઉદયન મહેતા આ તીર્થની યાત્રાએ આવ્યા ત્યારે દીવાની વાટ ખેંચી જતા ઉંદરથી આ તીર્થને થતા નુકસાનની વાત સાંભળી મંત્રી શ્રેષ્ઠીનું હૃદય ભરાઈ આવ્યું અને તેમને લાકડાના મંદિરના સ્થાને પથ્થર નિર્માણ કરવાનું નક્કી કર્યું. આ સંકલ્પ તેમના પુત્ર વાટકે પૂર્ણ કર્યો. આ પથ્થર મંદિર પાછળ તત્કાલીન રૂપિયા બે કરોડ સત્તાણું લાખ જેવી માતબર રકમ ખર્ચાઈ હતી. આ સાથે જ ગૂર્જર મહારાજા કુમારપાળે પણ મંદિર બંધાવ્યું હતું.

આ પછી વીરધવલના મંત્રી વસ્તુપાળે સંવત ૧૨૯૬માં શત્રુંજયના પગથિયાં બનાવ્યા તે તળેટીમાં લલિત સાગર તળાવ પણ બંધાવ્યું હતું. શ્રી શત્રુંજય ઉપરના પ્રત્યેક મંદિરને તેનો આગવો ઈતિહાસ છે. ડુંગરનું ચઢાણ સીધું છે પરંતુ પગથિયાં એટલા વ્યવસ્થિત છે કે યાત્રાળુઓ ખૂબજ સરળતાથી ચડી શકે છે.

શ્રી શત્રુંજય ઉપર એક સાથે ઘુમ્મટો અને શિખરોવાળા ડોકા કાઢતા અસંખ્ય મંદિરો જાણે દેવોની સભા ન મળી હોય તેવું લાગે છે. મંદિરો કેટલાક આરસના છે અને કેટલાક ચૂનાના મંદિરો છે. શત્રુંજય તીર્થ ઉત્તર-દક્ષિણ બે ભાગમાં વહેંચાયેલું છે.

આદીશ્વર ભગવાનનું મંદિર અહીં ગિરિરાજ પરના સો મંદિરોમાં મુખ્ય છે. મૂળ તે વિક્રમ રાજાએ બંધાવેલું તેમ કહેવાય છે. પણ મંદિર ઈ.સ. ૧૬૧૮માં રચાયાનું એક લેખ પરથી જાણી શકાય છે. મંદિર ચૌમુખ ઘાટનું છે અને અહીં લગભગ એક હજારથી વધારે નાના મોટા દેરાસરોની હારમાળા છે. અહીંના દેરાસર પૈકી આદિનાથ, ચતુર્મુખ પ્રસાદ, મોદી પ્રેમચંદનું મંદિર, રતનચંદ જવેરચંદનું મંદિર, શેઠ સાંકળચંદ પ્રેમચંદના ખરતરવાસરીના મંદિરો ખાસ ઉલ્લેખનીય છે. શ્રી શત્રુંજય આદીશ્વરનું મંદિર દાદાની ટૂંક પર આવેલું છે. આ મંદિર ગુર્જરેશ્વર કુમારપાળે બંધાવ્યાનું મનાય છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર ઈ.સ. ૧૫૩૧માં કમશીએ અને ત્યારબાદ હીરવિજયસૂરિ મ.સાહેબની પ્રેરણાથી તેજપાલ સોનીએ ઇ.સ. ૧૫૯૪માં કરાવેલો. આરસથી બંધાયેલું આ મંદિર તેના સપ્રમાણ અંગો, સમજપૂર્વકનું સંયોજન તેમજ બારીક કોતરણી યુક્ત સુશોભનો યુક્ત અને

**આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.**

રૂપાંકનોની સજાવટને લઈને શ્રી શત્રુંજય તીર્થરાજનું મંદિર છે. ચૌમુખજીની ટૂંક પર ચતુરમુખ વિહાર નામે પ્રસાદ આવેલો. એમની ચતુર્મુખ મૂર્તિની પ્રતિષ્ઠા શ્રી જિનરાજ સૂરીએ કરી હતી.

આદીશ્વર ભગવાનની આરસની ચાર મૂર્તિઓને લઈને આ મંદિર ચૌમુખજીના નામથી ઓળખાય છે. મોદી પ્રેમચંદ લવચંદજીની ટૂંક પર ત્રણ મંદિરો પૈકીનું મધ્યનું મંદિર પૂર્વાભિમુખ છે. આ મંદિરમાં પણ આદિનાથની પ્રતિમા મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત છે. આ મંદિર બહારની દીવાલ પર ગણપતિ, ભવાની મા, વગેરે હિંદુ દેવદેવીઓની મૂર્તિઓ દૃષ્ટિગોચર થાય છે. આ મંદિર મોદી પ્રેમચંદના મંદિરની ઉત્તર દિશામાં સુરતના શ્રી રતનચંદ જવેરચંદ એ ઇ.સ. ૧૮૦૩માં બંધાવેલું. આ આરસનું ભવ્ય મંદિર વાસ્તુશાસ્ત્રના બધા સિદ્ધાંતોને અનુસરે છે.

ખરતરવાસરીની ટૂંક ૧૮૩૯માં શેઠ સાંકળચંદ પ્રેમચંદ એ બંધાવેલ જેમાં નરસિંહ કેશવજી નાયકે બંધાવેલું અભિનંદન નાથનું મંદિર કેન્દ્ર સ્થાને છે. જો કે આ મંદિરનું બાંધકામ એ ટૂંક થઈ તે પૂર્વે ચાર વરસ અગાઉ ઇ.સ. ૧૮૩૨માં થયેલું હતું. આ મંદિર પૂર્વાભિમુખ છે અને બે મજલાનું છે. બધા મંદિરો ઇ.સ. ૧૮૩૧થી ૧૯૪૭ દરમ્યાન બંધાયા છે.

હિમાભાઈ વખતચંદની ટૂંક ઇ.સ. ૧૮૪૦માં બંધાઈ હતી. જેમાં નંદીશ્વરદ્વીપનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે. આ ટૂંક પર ૧૮૨૯થી ૧૮૪૧ના ગાળામાં સંખ્યાબંધ મંદિરો બંધાયા છે. શ્રી શત્રુંજય તીર્થરાજ પર દાદાના મુખ્ય દરવાજાની પાસે હાથીપોળ તરીકે ઓળખાતી પોળમાં ડાબી બાજુ જતાં સૂરજકુંડ અને ભીમકુંડ આવેલા છે. ત્યાં ઐતિહાસિક ભગવાન શિવજીનું મંદિર છે. આ મંદિર પાંડુપુત્ર ભીમે બંધાવ્યું હોવાનું લોકમુખે બોલાય છે. જ્યારે તળેટીમાં જતા શ્રી સમવસરણ મંદિરની બાજુમાં પ્રાચીન સરસ્વતી માતાનું મંદિર અને ભગવાન પ્રગટેશ્વર મહાદેવનું મંદિર છે. અગરશા પીરની દરગાહ શત્રુંજય તીર્થરાજ પર છે. છ'રી પાલિત સંઘ અત્રે યાત્રાએ આવે છે ત્યારે અહીં પીરદાદાની દરગાહને પ્રથમ ચાદર ચઢાવી અને તે પછી તીર્થમાળ પહેરે છે અને સંઘવીનું બિરુદ મેળવે છે. આ ઉપરાંત તીર્થરાજ પર નવ ટૂંકની અંદર શ્રી ખોડિયાર માતાજીનું મંદિર છે જે જૈન મહેતાઓની કુળદેવી જૈન જૈનેતરમાં પૂજાય છે. હિંગળાજના હડા આગળ માતાજીનું અને પદ્માવતી દેવીનું મંદિર છે. પાલિતાણામાં અસંખ્ય નાનામોટા મંદિરો જોવા મળે છે.

પાલિતાણાની તીર્થભૂમિ પર જવું હવે સરળ છે. મુંબઈથી રાતના ઉપડતી ભાવનગર એક્સપ્રેસ ગાડી મારફત જઈ શકાય છે. બીજા દિવસે લગભગ ૧૧.૦૦ વાગ્યાની આસપાસ સોનગઢ આવે છે. ત્યાં ઉતરવાનું. ત્યાંથી બહાર આવીએ એટલે સંખ્યાબંધ રીક્ષાઓ ઊભી હોય છે અને અડધો કલાકમાં પાલિતાણા મુકામે પહોંચી શકાય છે. **પાલિતાણામાં રહેવા માટે ખૂબ જ સરસ સંપૂર્ણ સગવડતાઓવાળી લગભગ ૧૫૦ જેટલી ધર્મશાળાઓ અને અતિથિ ગૃહ આવેલા છે.** લગભગ ચા-પાણી નાસ્તો, ભોજન સાથેની સગવડતા હોય છે. બહાર જમવું પડતું નથી. ચાર્જ પણ ખૂબ જ માફકસર છે. અમુક ધર્મશાળાઓ અને અતિથિગૃહમાં એ.સી.ની પણ સગવડતા હોય છે. મુંબઈથી પાલિતાણા પ્રાઈવેટ બસ મારફતે પણ જઈ શકાય છે. મુંબઈ સેન્ટ્રલથી ગુજરાત એસ.ટી. બસ પણ પાલિતાણા જાય છે. પાલિતાણાની પંચતીર્થી અવશ્ય કરવી જરૂરી છે. પ્રાઈવેટ ગાડીવાળા સવારથી સાંજ સુધીમાં પાંચ સ્થળોની પંચતીર્થીએ લઈ જાય છે. પાલિતાણા ધર્મ નગરી છે, તીર્થભૂમિ છે. માટે જૈન સમાજના દરેક પરિવારને આગ્રહભરી વિનંતી છે કે આપ આપની અનુકૂળતાએ અવારનવાર પાલિતાણાની ખાસ મુલાકાત લેશો. ઈતર સમાજ પણ પાલિતાણાની મુલાકાતે જાય એમ આશા રાખવામાં આવે છે. ભવિષ્યમાં પાલિતાણામાં એરપોર્ટ પણ થશે. સરકારની વિચારણા હેઠળ વાત છે. ■

## અનાજમાંથી દારૂ

મહારાષ્ટ્ર સરકારને લાગ્યું કે રાજ્યમાં દારૂની અછત છે. સરકારના આવા (અઘરા) પ્રશ્નનો ઉકેલ 'મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ એન્ડ ટેકનિકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઈઝેશન' (M.I.T.C.O.) એ રજૂ કર્યો કે જો અનાજમાંથી દારૂ બનાવવાની છૂટ અપાય તથા લીટરે રૂા. ૫/-ની સબસિડી અપાય તો દારૂની અછત દૂર થાય!

વિલાસરાવ દેશમુખની સરકારે (ખેડૂતોના કલ્યાણ માટે) FOOD GRAIN BASED LIQUID AND INTEGRATED MATERIAL FINANCIAL AID, 2007 તળે લીટરે રૂા. ૫/- નહીં પણ રૂા. ૧૦/-ની સબસિડી આપવાનું જાહેર કર્યું!

સરકારે અનાજમાંથી દારૂ બનાવવા માટે ૩૨ કારખાનાને મંજૂરી આપી છે. તેમાં ૧૦ કારખાના શરૂ પણ થઈ ગયા છે.

લીટરે રૂા. ૫/-ની જગ્યાએ રૂા. ૧૦/-ની સબસિડી કેમ મંજૂર થઈ? તમને જાણીને આશ્ચર્ય થશે (કે આઘાત લાગશે). આ કારખાનાઓના માલિક કોણ છે?

૧. ખુદ વિલાસરાવના પુત્ર
૨. ગોપીનાથ મુંડેની પુત્રી
૩. સ્વ. વડાસેવક નરસિંહરાવના જમાઈ
૪. ભૂતપૂર્વ આરોગ્ય સેવિકા વિમલતાઈ મુંડા
૫. એન.સી.પી. (શરદ પવાર) પાર્ટીના ગોવિંદરાવ આદિક
૬. નવી મુંબઈના ડેપ્યુટી મેયર સુનિલ શશીકાંત
૭. ભૂતપૂર્વ પી.ડબલ્યુ.ડી. ખાતાના સેવકના ભત્રીજા ધવલપ્રતાપ.

હવે તમે જ કહો કે ગરીબોને મફત અનાજ આપી દેવાય તો આ બધા બદમાશોની શી દશા થાય? સડેલું અનાજ એ તો આવકનું મોટું સાધન છે — બદમાશો માટે.

એટલે જ દર વર્ષે અમુક લાખ ટન અનાજ સડી જાય એવું જાણી જોઈને યોજનાપૂર્વક ગોઠવવામાં આવે છે. ગરીબો ભૂખે મરે એની ચિંતા કોણ કરે? શા માટે કરે?

***પ્રાથમિક માહિતી 'ભૂમિપુત્ર' તા. ૧-૯-૧૦ના અંકમાંથી***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*આદિત્ય એટલે જીવનની ભવ્યતા પ્રગટ કરતી લાગણી — લીન યુટાંગ*

# પરમાત્મા અને ધર્મ

• શાંતિલાલ સંઘવી •

પરમાત્મા એટલે પરમ શક્તિ એટલે સુપર પાવર. ધર્મ એટલે દુનિયાના જુદાજુદા વિસ્તારના લોકોએ પોતપોતાની માન્યતાઓ, રુચિ, પરંપરાગત સંસ્કારો, પ્રાદેશિક જરૂરિયાતો, સમયજન્ય પરિસ્થિતિ, આબોહવા, ભૂગોળ વગેરે વગેરે બાબતોને ધ્યાનમાં લઈને તે પ્રદેશના લોકોના શારીરિક તથા માનસિક ઉત્કર્ષ માટે ઘડી કાઢવામાં આવેલા આચાર, વિચાર, રહેણીકરણી, ખાણી-પીણી અંગેની આવશ્યક્તાને અનુરૂપ નિયમો અને રીતરિવાજો.

આજ કારણસર પરમ શક્તિ એક જ હોવા છતાં ધર્મો અનેક હોય છે. એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે પરમ શક્તિ માત્ર આપણી રજકણ જેટલી એક જ પૃથ્વીનું સંચાલન અને નિયમન કરતી નથી પણ અનંત બ્રહ્માંડમાં રહેલી અનેક પૃથ્વીઓ તથા અનેક ગ્રહો, તારાઓ, નક્ષત્રો, નિહારિકાઓ, આકાશગંગાઓનું પણ સમગ્રપણે સંચાલન અને નિયમન કરે છે.

અને એટલે જ કોઈપણ નાનકડા લોક સમુદાયે પોતાની સ્થાનિક જરૂરિયાત મુજબ બનાવેલો કે સ્વીકારેલો ધર્મ અને સુપર પાવર એ બંને અલગ અલગ બાબત છે અને એ બંનેને એકબીજા સાથે સીધો સંબંધ નથી. ધર્મ એ ભૌતિક જરૂરિયાત છે, જ્યારે સુપર પાવર એ આધ્યાત્મિક શક્તિ છે.

ધર્મના ભગવાનો અલગ અલગ હોય, પૂજા - ઉપાસના પદ્ધતિ અલગ અલગ હોય, દેવી દેવતાઓ અલગ અલગ હોય, ખાવા પીવાના અને આચરણના નિયમો અલગ હોય, પહેરવા-ઓઢવાના નિયમો અલગ હોય — ઘણી બધી વિવિધતાઓ હોય પરંતુ એ તમામ બાબતો સાથે પરમ શક્તિને કશો જ સંબંધ હોતો નથી. ફરી એકવાર કે રજકણ જેટલી આપણી પૃથ્વી અને તેમાં સૂક્ષ્મ રજકણ જેવા આપણે લોકો, એટલી જ માત્ર જવાબદારી પરમ શક્તિની હોતી નથી પણ આપણે કદીયે કલ્પના ન કરી શકીએ અને કદીયે જાણી કે સમજી ન શકીએ એવી અનંત બ્રહ્માંડની જવાબદારી પરમ શક્તિની હોય છે.

જેને જેને આપણે ભગવાન માનીએ છીએ તે તમામ મહાપુરુષો પોતે - જાતે પરમ શક્તિ ન હતા પરંતુ પરમ શક્તિના પ્રતિનિધિઓ - સંદેશવાહકો - પયગંબરો હતા અને આપણને સત્યમાર્ગ બતાવવા માટે પરમ શક્તિએ તેમને આપણી પૃથ્વી પર મોકલ્યા હતા.

**ધર્મ, ભગવાન અને સુપર પાવર આ ત્રણની સમજણ વગરની ભેળસેળના કારણે આજે જગતમાં ધર્મના નામે અસામાન્ય હિંસા, દ્વેષ અને ઈર્ષ્યા વગેરે ચાલી રહ્યા છે.** કોઈપણ ધર્મના કોઈપણ નિયમ સાથે પરમ શક્તિને કશી જ લેવા દેવા નથી હોતી. નાનકડો દાખલો લઈએ તો આપણે સંવત્સરી ચોથ ના મનાવીએ કે પાંચમ ના મનાવીએ તેની સાથે સુપર પાવરને કશી જ લેવા દેવા હોતી નથી. આજ ધોરણ બીજી નાની મોટી ધાર્મિક - સાંપ્રદાયિક વગેરે ક્રિયાઓને લાગુ પડે છે. જેનો આપણે આગ્રહ રાખીએ છીએ, લડીએ - ઝઘડીએ છીએ, જડતાપૂર્વક વળગી રહીએ છીએ એવી એકપણ બાબત સાથે પરમ શક્તિને રજમાત્ર સંબંધ હોતો નથી.

પરમ શક્તિ કયા મહાપુરુષને ક્યારે અને ક્યાં મોકલશે એનું જ્ઞાન માત્ર અને માત્ર પરમ શક્તિને જ હોય છે. આપણે કદી પણ એ જાણી શકીએ નહીં.

**જો મહાવીર રશિયામાં જન્મ્યા હોત તો તેનો ઉપદેશ અને આચરણના નિયમો અલગ હોત. જો ઈશુ ચીનમાં જન્મ્યા હોત તો તેના ઉપદેશ અને આચરણ જુદા હોત. જો મહંમદ આફ્રિકામાં જન્મ્યા હોત તો તેના ઉપદેશ અને ધર્મના નિયમો અલગ હોત.**

આપણી પૃથ્વી સિવાયની અનેક પૃથ્વીઓ પર પણ આપણા ભગવાનો જ ભગવાન તરીકે હશે અને આપણા ધર્મો જ ત્યાં પણ એના એ જ હશે એ માનવું તર્કસંગત નથી. ત્યાં બિલકુલ જુદા જ ભગવાનો અને સાવે સાવ અલગ જ ધર્મો હોય એમ માનવું એ જ વધુ તર્કસંગત છે.

અને આ દૃષ્ટિએ વિચારીએ તો રજકણ જેવી આપણી પૃથ્વી પર ક્ષુદ્ર રજકણ જેવા આપણા તમામ આગ્રહો અને પૂર્વગ્રહો સંપૂર્ણપણે મિથ્યા છે.

વિવિધ લોકોએ સ્વીકારેલી નિર્દોષ ધાર્મિક ક્રિયાઓ બધી અર્થહીન નથી. સમજીને ભાવપૂર્વક કરવામાં આવે તો તેનાથી શારીરિક તથા માનસિક આરોગ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે. પરંતુ એટલા માત્રથી માણસ પરમ શક્તિની નજીક પહોંચી શકતો નથી. એકપણ ક્રિયાકાંડ થકી માણસ પરમેશ્વરની નજીક પહોંચી શકતો નથી. કોઈપણ ક્રિયાકાંડ થકી આપણે આધ્યાત્મિક્તા સુધી પહોંચી શકતા નથી અને કોઈપણ ક્રિયા દ્વારા 'પુણ્ય' મળે છે એ માન્યતા પણ ભૂલભરેલી છે.

ધર્મના તમામ નિયમો પરિવર્તનશીલ હોય છે. દરિયાકાંઠે રહેનારાઓના, પહાડી વિસ્તારમાં રહેનારાઓના, જંગલમાં રહેનારાઓના, રણ પ્રદેશમાં રહેનારાઓના, ધ્રુવપ્રદેશમાં રહેનારાઓના ધર્મના નિયમો અલગ અલગ હોય એ સાવ સ્વાભાવિક છે. ધર્મનો એકપણ નિયમ શાશ્વત નથી પણ દેશ-કાળને અનુરૂપ પરિવર્તનશીલ છે.

શાશ્વત તો છે એકમાત્ર પરમેશ્વર - પરમ શક્તિ - પરમાત્મા - સુપર પાવર.

*ગમતું મળે તે સુખ અને મળ્યું ગમે તે આનંદ.*

અને એટલે જ લોકો ધર્મના નામે ચોક્કસ નિયમ - પ્રણાલિકા - રીતરિવાજ વગેરેનો દ્રઢતાપૂર્વક અને જડતાપૂર્વક આગ્રહ રાખે છે. તે લોકો ધર્મને સમજ્યા જ નથી એમ કહી શકાય.

સવાલ એ આવે છે કે તો પછી પરમ શક્તિની નજીક પહોંચવા માટે શું કરવું? જવાબ છે? હા, છે.

જે મનુષ્યનું મન નિર્મળ છે, વિશુદ્ધ છે, જ્યાં જૂઠ નથી, કપટ નથી, દંભ નથી, છેતરપિંડી નથી, અપ્રામાણિકતા નથી, વિશ્વાસઘાત નથી, દગો નથી, ઘમંડ નથી, સ્વાર્થ નથી, ઈર્ષ્યા નથી, લાલસા નથી એવા માણસને જગતના કોઈપણ ધર્મની એકપણ ક્રિયા કરવાની જરૂર નથી કારણકે પરમાત્મા તેના અંતરમાં બિરાજમાન છે. જ્ઞાન હંમેશાં અંદરથી જ પ્રગટે છે. અંતરાત્મામાં રહેલ પરમ શક્તિ આવા મનુષ્યની પૂરી જવાબદારી સાથે સંભાળ લે છે અને અંતમાં આવા મનુષ્યને મુક્તિ સુધી દોરી જાય છે.

ઘણા થોથા (પુસ્તકો) વાંચવાથી માણસ જરૂર પંડિત બની શકે, વિદ્વાન બની શકે, ધર્મગુરુ કે ઉપદેશક બની શકે પણ તે પરમ શક્તિની નજીક છે એમ ખાતરીપૂર્વક કહી શકાય નહીં.

ખરેખર તો જે મનુષ્ય પરમ શક્તિની નજીક હોય છે તે જલદી ઓળખાતા જ નથી. પરમાત્માની કૃપા ઉતરે તો જ આવા લોકોનો પરિચય થાય. એના માટે પણ યોગ્યતા જોઈએ – એ જ તો મુશ્કેલી છે.

પરમાત્માના સાચા સેવકો પદ, પ્રતિષ્ઠા ને પૈસાની એષણાથી સંપૂર્ણ મુક્ત હોય છે. જગતના કોઈ પણ ધર્મના કોઈપણ નિયમને પરમાત્મા સાથે રજમાત્ર સંબંધ નથી.

**તમામ ધર્મોનો વિરોધી માણસ પરમાત્મા પ્રત્યે પરમ એકનિષ્ઠ શ્રદ્ધા ધરાવનાર હોઈ શકે છે.**

પથ્થરમાંથી ટાંકીને આકાર બનાવ્યો. 'ખૂબ બનાવ્યો!' એ જ હતી ઈશ્વરની પીડા.

એટલું યાદ રાખવાની જરૂર છે કે ધર્મ એ ટેમ્પરરી પદાર્થ છે, જે બદલી પણ શકાય છે અને છોડી પણ શકાય છે. જ્યારે પરમ શક્તિ એ પરમેનન્ટ તત્ત્વ છે જેને કોઈ બદલી શકતું નથી અને કોઈ એના શાસનમાંથી છટકી શકતું નથી. સંપ્રદાયો અને પેટા સંપ્રદાયોની તો વાત કરવી પણ નિરર્થક છે.

આપણે ગમે તે ભગવાનની ઉપાસના કરીએ, ગમે તે દેવ-દેવીની સ્તુતિ-પ્રાર્થના કરીએ, ગમે તે મંત્ર-તંત્રવાળાની મદદ લઈએ, ગમે તે વાસ્તુશાસ્ત્રવાળા કે ફેંગ-શૂઈવાળાને પકડી લાવીએ, દીકરા-દીકરીની સગાઈ વખતે ડઝન જન્મ પત્રિકાઓ મેળવીએ ને કુંડળીઓ સરખાવીએ, બધી આંગળીઓમાં અલગ અલગ રંગના પથ્થરોની વીંટીઓ પહેરીએ, કોઈ પણ ઉપદેશકના અનુયાયી બનીએ, પણ કોઈ કહેતાં કોઈ આપણને LAW OF NATUREના શાસનમાંથી મુક્ત કરી શકે નહીં. ઉપર જણાવેલા છે તેવા ગમે તેટલા ફાંફાં મારીએ કે ઉધામા કરીએ પણ બધું જ ભ્રમણા છે, બધું જ મિથ્યા છે.

એક જ અને માત્ર એક જ રસ્તો છે કે સતત થાય તેટલી ભલાઈ કરતા રહીએ, ન થઈ શકે તો છાનામાના બેસી રહીએ પણ કોઈને નડીએ નહીં અને કોઈને તકલીફ આપીએ નહીં.

દુનિયાના નાસ્તિકોની સંખ્યા જરાય ઓછી નથી. તેઓ પણ Law of Natureના શાસનથી મુક્ત નથી જ.

આ શ્રદ્ધા એ જ સાચી શ્રદ્ધા છે.

*આરએચ/ર, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે, ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

## ઈ-વેસ્ટ

કોમ્પ્યુટર, મોબાઈલ, ટેલિવિઝન, ફ્રીજ, એરકન્ડિશનર વગેરે પ્રકારની અસંખ્ય ઈલેક્ટ્રોનિક્સ આઈટમનું આયુષ્ય પૂરું થાય ત્યારે તે આઈટમો ભંગારમાં જાય છે. આ પ્રકારની ઈલેક્ટ્રોનિક્સ (ઈ-વેસ્ટ) ચીજોનો નિકાલ કરવાની ભારત દેશમાં કોઈ ચોક્કસ નીતિ અથવા તો પદ્ધતિ ઘડાયેલ ન હોવાથી, ભારત, જગત માટે ઈ-વેસ્ટ ઠાલવવાનું ગોડાઉન બની ગયેલ છે.

આ બધાં સાધનોમાં સીસું, પારો, કેડમિયમ, ક્રોમિયમ વગેરે પ્રકારની લગભગ ૬૦ જેટલી ધાતુઓ હોય છે કે જેમાંની અનેક ધાતુઓ તો બહુ જ હાનિકારક હોય છે. નોકિયાના મોબાઈલમાં લગભગ ૪૩ ધાતુઓ વપરાય છે. ઉપરોક્ત વર્ણવેલ ચારેય ધાતુઓ જ્યારે જમીનમાં ભળે ત્યારે પાણીને પ્રદૂષિત કરે છે. ખુલ્લામાં પડી રહે તો હવાને પ્રદૂષિત કરે છે અને ભંગારમાં પડી હોય ત્યારે તેની સાથે કામ કરતા લોકોના સ્વાસ્થ્ય બગાડે છે.

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૪ કરોડ ટન ઈ-વેસ્ટ નીકળે છે. અમેરિકામાં સૌથી વધુ એટલે કે ૩૦ લાખ ટન અને ચીનમાં ૨૫ લાખ ટન ઈ-વેસ્ટ નીકળે છે. ભારતમાં દર વર્ષે ૧.૫૦ લાખ ટન ઈ-વેસ્ટ નીકળે છે અને પરદેશથી ૫૦,૦૦૦ ટન આ પ્રકારનો ઈ-વેસ્ટ આવે છે. વર્ષ ૨૦૦૭માં ભારતે ૧,૪૦,૮૦૦ ટન અને ચીને ૪,૧૯,૧૦૦ ટન ઈ-વેસ્ટ બહાર પાડેલ. ૨૦૧૨ સુધીમાં ભારતમાં ૮ લાખ ટન ઈ-વેસ્ટ થવાની ગણના રાખવામાં આવેલ છે.

ચીનથી આયાત કરવામાં આવતા સસ્તા ઈલેક્ટ્રોનિક રમકડાં ખરેખર તો ભંગારમાંથી ઉત્પન્ન કરાયેલ હોવાથી સરકારે વચ્ચે તેના પર પ્રતિબંધ મૂકેલ હતો. ચાઈનીઝ બેટરીવાળા લેપટોપ - મોબાઈલ ફાટવાના અને તેના કારણે ઈજા થવાના બનાવો નોંધાયા છે.

ભારતમાં દર વર્ષે નીચે મુજબ ઈ-વેસ્ટ નીકળે છે.

| | | |
|---|---|---|
| મુંબઈ | – | ૧૧,૦૧૭ મે.ટન |
| દિલ્હી | – | ૯,૭૪૦ મે.ટન |
| બેંગ્લોર | – | ૪,૬૪૮ મે.ટન |
| ચેન્નાઈ | – | ૪,૧૩૨ મે.ટન |
| કલકત્તા | – | ૪,૦૨૫ મે.ટન |
| અમદાવાદ | – | ૩,૨૮૭ મે.ટન |
| હૈદ્રાબાદ | – | ૨,૮૩૩ મે.ટન |

ઈ-વેસ્ટ માટે હવે ભારતમાં નિયમો ઘડાય એ જનતાના સ્વાસ્થ્યની રીતે ખૂબ જ જરૂરી છે. ■

*પાયાની વાત હિંમત છે. હિંમત ગઈ તો બધું ગયું. – સરજેમ્સ બેરી*

**વ્યક્તિ વિશેષ**

# કચ્છી સન્નારી – ભારતીબહેન વ્યાસ

• નરેશ અંતાણી •

કચ્છના કવિ અને લોકસાહિત્યકાર દુલેરાય કારાણીએ લખ્યું છે કે,

*"કચ્છડો ખેલે ખલકમેં, જીં મહાસાગરમેં મચ્છ*
*જિત હેકડો કચ્છી વસે ઉત ડીયાડી કચ્છ."*

એમની આ પંક્તિને સાર્થક કરતા અનેક કચ્છી પરિવારો દેશ અને દુનિયામાં પોતાની કાબેલિયત વડે કચ્છનું નામ ઊજળું કરી રહ્યા છે. આવા જ એક કચ્છી સન્નારી સંસ્કારનગરી વડોદરાના પ્રથમ મહિલા મેયર બને અને શહેરને બેનમૂન નગરી બનાવવા પોતાની દૂરંદેશી દૃષ્ટિ વાપરી સફળતા મેળવે એ કચ્છ માટે ગૌરવની વાત છે. અહીં વાત કરવી છે મૂળ કચ્છ મુંદરા તાલુકાના કાંડાગરાના વતની શ્રીમતી ભારતીબહેન કિરીટભાઇ વ્યાસની. એમનું પિતૃપક્ષનું નામ ભારતીબહેન કુંવરજી છેડા છે.

ભારતીબહેનના દાદા પ્રેમજીભાઇ વેલજી છેડા ધંધાના વિકાસ માટે ૧૯૨૦માં કાંડાગરા છોડી મુંબઇ સ્થાયી થયા. એ પછી ૧૯૩૫માં તેમનો સમગ્ર પરિવાર મુંબઇ સ્થાયી થયો. ભારતીબહેનનો જન્મ ૧૯૪૯માં મુંબઇમાં થયો. મુંબઇમાં જ વિજ્ઞાનના સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો. **આ પછી ૧૯૬૮માં કદાચ ભારતમાં કોમ્પ્યુટરનું નામ પણ સંભળાયું ન હોય એવા સમયે ભારતીબહેનના પિતાએ તેમને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસ માટે શિકાગો (અમેરિકા) મોકલ્યાં. એ સમયે કોઇ યુવતી પરદેશ અભ્યાસ માટે જાય એ મોટી ઘટના ગણાતી.**

ભારતીબહેન શિકાગોમાં કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસની સાથે પિતાને આર્થિક રીતે ભારરૂપ ન બનવું એવા આશય સાથે એ સમયે હિસાબનીશની નોકરી કરતા અને પોતાના અભ્યાસનો ખર્ચ કાઢતા. એમણે ડેટા પ્રોસેસિંગમાં ડિપ્લોમા ૧૯૬૯માં કર્યા પછી ૧૯૭૨માં કોમ્પ્યુટર સાયન્સમાં આઇ.આઇ.ટી. શિકાગોમાંથી એમ.એસ.ની ડિગ્રી હાંસલ કરી. આ દરમ્યાન શિકાગોમાં જ કેમિકલ એન્જિનિયરિંગમાં પીએચ.ડી. કરી રહેલા



**ભારતીબહેન વ્યાસ**

વડોદરાના વતની ડૉ. કિરીટભાઇ વ્યાસ સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

આ પછી છેક ૧૯૮૩ સુધી શિકાગોમાં સ્થાયી રહ્યા પછી વડોદરા આવ્યા અને કોમ્પ્યુટર ક્ષેત્રના વ્યવસાયનો આરંભ કર્યો અને કોમ્પ્યુટર ક્ષેત્રની ગુજરાતની અનેક સંસ્થાઓ અને સંગઠનો સાથે કાર્ય આરંભ્યું.

અમેરિકાના ૧૪ વર્ષના વસવાટ દરમ્યાન પણ શિકાગોના ભારત ફેડરેશનના સભ્ય તરીકે ભારત અને અમેરિકાની સામાજિક અને તાંત્રિક સમસ્યાના ઉકેલ પરત્વે સક્રિય રહ્યા હતા.

વડોદરા આવ્યા પછી જાહેર જીવનમાં પોતાના વ્યવસાયની સાથે જ સક્રિય બન્યા. **૧૯૯૮માં વડોદરા મહાનગરપાલિકામાં ચૂંટાયા અને ૧૯૯૮થી ૧૯૯૯ અને ૨૦૦૦થી ૨૦૦૩ સુધી મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર બનવાનું પણ બહુમાન મેળવી ગયા.**

તેમના મેયર તરીકેના કાર્યકાળ દરમ્યાન તેમણે કરેલા કાર્યોનો હિસાબ આપતાં 'કચ્છમિત્ર' સાથેના સાક્ષાત્કારમાં ભારતીબહેન ગૌરવપૂર્વક જણાવે છે કે, 'છેક ૧૯૯૮માં ૨૦૧૦ ના બેનમૂન વડોદરાનું સ્વપ્ન એમણે સેવ્યું હતું અને મહાપાલિકાના તમામ કાર્ય આયોજનોને એ રીતે જ આગળ વધાર્યા હતા.

ભારતીબહેન જણાવે છે કે, એમણે જ્યારે મેયરપદ સંભાળ્યું ત્યારે વડોદરા શહેરને ગટર, પાણી, ટેલિફોનના પ્રશ્નો સતત સતાવતા હતા. આ સેવાઓને કારણે નગરના રસ્તાઓ પણ અત્યંત બિસ્માર બનતા હતા અને આ સમસ્યાઓના કાયમી ઉકેલ માટે આ કાર્યને પ્રાથમિકતા આપી અને ૨૦૧૦ના વડોદરાને નજરમાં રાખીને રસ્તા, પાણી, ગટર, ટેલિફોન અને લાઇટના કાર્યોને હાથ પર લીધા. આ માટે મહાનગરપાલિકા ઉપરાંત ટેલિફોન તંત્ર, ગુજરાત વિદ્યુત બોર્ડ, માર્ગ અને રસ્તા વિભાગ વગેરે તંત્રોનું સંકલન કરી તમામ કાર્યને એ રીતે આરંભ્યાં કે, કોઇપણ તંત્ર પોતાના કામો કરવા વારંવાર જાહેર માર્ગો ખોદી લોકોની પરેશાનીમાં વધારો ન કરે.

આ ભગીરથ કાર્ય કેવી રીતે કર્યું એવા એક પ્રશ્નમાં ભારતીબહેને કહ્યું કે, તમામ માર્ગો નવા બનાવ્યા ત્યારે તેની ડિઝાઇન એ રીતે તૈયાર કરી કે લાઇટ-પાણી, ગટર, ટેલિફોનની લાઇનો પથરાવ્યા પછી રસ્તા પર દર ૫૦૦૦ મીટરે ખાસ જંકશન તૈયાર કરાવ્યા અને આ જંકશનમાં તમામ લાઇનોનું મરામત કાર્ય કરી શકાય. આથી ભવિષ્યમાં કોઇપણ તંત્રને પોતાના કાર્ય માટે માર્ગો તોડવા ન પડે અને આ જંકશન મારફતે જ મરામત કાર્ય થાય. 'વડોદરા વિઝન ૨૦૧૦'નું આ મોટું ભગીરથ કાર્ય આ રીતે તમામ તંત્રોના સંકલનથી પૂર્ણ કર્યું જેનો સંતોષ ભારતીબહેનના અવાજમાં ડોકાયા વગર રહેતો ન હતો.

એમણે જણાવ્યા મુજબ એમના સમયના જે માર્ગના કાર્યો થયા તે તમામ માર્ગના નિર્માતા ઠેકેદારો પાસે પાંચ વર્ષની ગેરંટી લેખિતમાં લઇને જ માર્ગનું કામ સોંપવામાં આવ્યું હતું.

વડોદરા શહેરના પાણીના વિકટ પ્રશ્નના ઉકેલ માટે પણ એમણે કરેલા કાર્યની વિગતો આપતાં ભારતીબહેને જણાવ્યું કે, શહેરના પાણીના પ્રશ્નના ઉકેલ માટે સમગ્ર શહેર માટે એક ખાસ માસ્ટર પ્લાન શહેરના ઉદ્યોગપતિઓ, યુનિવર્સિટીના અધિકારીઓ વગેરેને સાથે રાખીને તૈયાર કર્યો અને અમલી બનાવ્યો. લાંબા

*બીજાનો જેટલી વાર બને એટલી વાર ક્ષમા કરજો, પણ તમારી જાતને એકવાર પણ ક્ષમા કરતા નહિ. – સાયરસ.*

અને ટૂંકાગાળા માટેની પાણીની યોજનાના કાર્યો આરંભ્યા, નર્મદાના પાણીને આજવામાં લાવી એ પછી શહેરને વિતરણ કરવાની યોજના અમલી બનાવી હતી.

શહેરના માર્ગોના ઢોળાવ નક્કી કરી એ મુજબ જુદી જુદી જગ્યાએ પાણીની ટાંકીઓ તૈયાર કરી ગ્રેવિટીથી શહેરના તમામ વર્ગને પાણી મળી રહે તેવી યોજના અસરકારક બની રહી. પરિણામે વીજળીનો ખર્ચ પણ બચાવી શકાયો. તેમના જણાવ્યા અનુસાર વડોદરા શહેરની ઝૂંપડપટ્ટીઓને પણ પાણીના જોડાણ આપ્યા, પરંતુ એ પછી ઝૂંપડપટ્ટીમાં ગટર ન હોવાથી પાણીથી થતી ગંદકી રોકવા આવા સ્લમ વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ ખાસ ખાળ કૂવા તૈયાર કરાવ્યા. ઝૂંપડપટ્ટીમાં સિમેન્ટની ખાસ નીક તૈયાર કરાવી અને તે દ્વારા ગંદુ પાણી ખાળ કૂવામાં જમા થાય એવી યોજના અમલમાં મૂકી હતી.

**એમની આ 'વિઝન ૨૦૧૦'ની યોજનાની સફળતાને પરિણામે વડોદરા શહેરને ક્લીન સિટીનો એવૉર્ડ પણ મળ્યો હતો.**

વડોદરા શહેરમાં પ્રથમ વખત જ પ્રોપર્ટી ટેક્ષ માટે એરિયા બેઝ એસેસમેન્ટનું અમલીકરણ એમણે વડોદરાના નાગરિકો, વહીવટીતંત્ર અને નગરસેવકોને સાથે રાખીને કર્યું હતું. એ જ રીતે વડોદરા મહાનગરપાલિકાના તમામ વિભાગોનું તથા જાહેર જનતા સાથેના તમામ કાર્યોનું કોમ્પ્યુટરાઇઝેશન કરી સરળ બનાવવાનું શ્રેય પણ શહેરના પ્રથમ મહિલા મેયરને ફાળે જાય છે.

રાજનીતિ અને ધર્મનીતિનો સમન્વય કરી કાર્ય કરવાનું ધ્યેય રાખતા ભારતીબહેનને ભુજ શહેરના વિકાસ માટે શું કરી શકાય એવા એક પ્રશ્નમાં એમણે જણાવ્યું કે, નગર વિકાસ માટે લાંબા અને ટૂંકાગાળાના વ્યવસ્થિત આયોજનો હાથ ધરી અને તેના અમલીકરણના આરંભ પછી સતત તેનું અનુસંધાન સાધતા રહેવું જોઇએ. આમ કરવાથી કાર્ય સફળ રીતે સંપન્ન થાય છે. ભુજ શહેરના વિકાસ માટેની અનેક તકો હોવાનું જણાવતાં ભારતીબહેને કહ્યું કે, વિકાસના દરેક આયોજનમાં નગરસેવકો, અધિકારીઓ અને પદાધિકારીઓનું તથા નગરજનોનું સંકલન હોવું જરૂરી છે. અઠવાડિયે, પખવાડિયે કે મહિને દરેક કાર્યની પ્રગતિની નોંધ જાહેર કરવી, તેના ઉપર ચર્ચા કરવાથી કાર્ય સફળ રીતે પૂર્ણ કરી શકાય છે.

વતન કચ્છ સાથેના પોતાના સંબંધો વર્ણવતાં ભારતીબહેને કહ્યું કે, **નાનપણમાં વાર-તહેવાર કે વેકેશનમાં કાંડાગરા આવવાનું થાય ત્યારે કરેલાં કાર્યોની યાદ સતત સાથે રહે છે. કાંડાગરાના તળાવ, કૂવામાંથી ભરેલું પાણી, ચાતુર્માસ પ્રસંગે કચ્છમાં આવવાનું બધું જ આજે યાદ આવે છે. ૧૯૫૬માં થોડો સમય પ્રાથમિક શિક્ષણ પણ કાંડાગરામાં મેળવ્યું એ સમયની શાળા વગેરે સાથેના સંસ્મરણો તેમણે તાજાં કર્યા હતા.** ૨૦૦૧ના ધરતીકંપને યાદ કરતાં એમણે જણાવ્યું કે, એ સમયે પોતે વડોદરાના મેયર હતા અને ધરતીકંપ પછી તુરત મહાનગરપાલિકાની ટીમ સાથે અંજાર આવ્યા હતા અને અંજાર શહેરમાં કેમ્પ રાખી શહેર અને આસપાસના વિસ્તારમાં રાહતકાર્ય, તબીબી સેવા અને સફાઇકાર્ય જેવા કાર્ય હાથ ધર્યા હતા.

ભારતીબહેને વડોદરા શહેરના મેયરની હેસિયતથી વિદેશોમાં યોજાતા મેયર સંમેલનોમાં હાજરી આપી છે અને હોનોલુલુ, જર્મની વગેરે સ્થળોએ શહેરના વિવિધ પ્રશ્નો અને તેના ઉકેલ માટે કરેલાં કાર્યો અંગે શોધપત્રો રજૂ કર્યા છે.

પોતાના કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસ અને એ પછી એ ક્ષેત્રના વ્યવસાયની વાત કરતાં ભારતીબહેને જણાવ્યું કે, કોમ્પ્યુટર ક્ષેત્રની તેમની સિદ્ધતા માત્ર વ્યવસાય પૂરતી મર્યાદિત ન રહે પણ જાહેર જનતાની સેવા માટે પણ ઉપયોગી બની રહે એ માટે એમણે પોતાના જ્ઞાનનો ઉપયોગ વડોદરા શહેરની જાહેર સંસ્થાઓ, ઔદ્યોગિક પ્રતિષ્ઠાનો, સરકારી કચેરીઓ, ગુજરાત વિદ્યુત બોર્ડ, સુરત મહાનગરપાલિકા, વડોદરા ટેલિફોન, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા વગેરે માધ્યમોને જાહેર જનતાનું કામ સરળતાથી પાર પડે તે માટે સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝેશન કરવાનું કાર્ય કર્યું છે. અને એ માટે આ સંસ્થાનોમાં માનદ્ સલાહકારની ભૂમિકા પણ ભજવી છે. પોતાના અમેરિકાથી આયાત કરેલા અદ્યતન ઉપકરણોનો ઉપયોગ આ કાર્યો માટે તેમણે કર્યો હતો. પોતાના અમેરિકા વસવાટ દરમ્યાન પણ ત્યાંની ટેલિફોન સેવા, વિમાની સેવા તથા અન્ય જાહેર માધ્યમો અને સંસ્થાઓ માટે કોમ્પ્યુર ક્ષેત્રની સેવાઓ આપી હતી. શિકાગોની ઇલોયનીસે સંસ્થામાં આ ક્ષેત્રના તજજ્ઞ તરીકે શિક્ષણ કાર્ય આપવા પણ તેઓ જતા. કચ્છની નારી શક્તિ અંગે વાત કરતાં ભારતીબહેને જણાવ્યું કે, **કચ્છી મહિલાઓના હાથમાં ગજબનો હુન્નર છે અને તેણે દેશ-વિદેશમાં કચ્છને જાણીતું કર્યું છે** ત્યારે અન્ય ક્ષેત્રોમાં પણ કચ્છનું મહિલા ધન આગળ આવે એ જરૂરી છે. અને આ માટે શિક્ષણ એકમાત્ર જરૂરિયાત છે. કેળવણી પર વિશેષ ભાર મૂકતાં એમણે મહિલાઓને સ્વાવલંબી બનવું હશે તો શિક્ષણ અવશ્ય મેળવવું પડશે અને માત્ર ભણતર જ નહીં પણ ગણતર એટલું જરૂરી હોવાનું એમણે જણાવ્યું હતું. સાથે સાથે પોતાનું દરેક કાર્ય બહેનોએ અહંકાર વગર કરવું જોઇએ. પોતાના પરિવારની સાથે સમાજનું પણ કાર્ય સકારાત્મક અભિગમથી એક સેવક બનીને કરવાની શીખ તેમણે આપી હતી. કચ્છની ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓમાં મહિલાની સક્રિયતાની વાત જાણી તેમણે સંતોષ વ્યક્ત કરતાં આ મહિલાઓ પોતાના અધિકારોનો સાચો ઉપયોગ સમાજ સેવાના કાર્યોમાં કરે એ જરૂરી હોવાનું પણ જણાવ્યું હતું.

ભારતી બહેન હાલે મહાપાલિકામાં મેયર પદે નથી, ત્યારે શું કરે છે? એ અંગે પૂછતાં તેમણે પોતાની પ્રવર્તમાન પ્રવૃત્તિઓ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, તેઓ ૨૦૦૭ થી વડોદરા એમ.એસ. યુનિવર્સિટીના સેનેટ સભ્ય છે. સેન્ટ જોન એમ્બ્યુલન્સના સભ્ય તરીકે ભારત સરકારે તેમની નિમણૂક કરી છે.

આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના વિવિધ પદે તેઓ રહ્યાં છે તો તેની કેટલીય સમિતિમાં પણ તેમણે સક્રિય ભાગ લીધો છે. વડોદરા શહેરની વિવિધ સામાજિક શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તેઓ કાર્યરત છે. ભારતીબહેનના પતિ ડૉ. કિરીટભાઇ વ્યાસ કેમિકલ એન્જિનિયરિંગ ક્ષેત્રના પીએચ.ડી છે. એમણે રસાયણશાસ્ત્રમાં એન્જિનિયરિંગ વડોદરા એમ.એસ. યુનિ.માંથી પાસ કર્યું છે. એમના બે પુત્રો ડૉ. અનંત તથા ડૉ. અમિત પોતાના પરિવાર સાથે અમેરિકામાં પોતપોતાના ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે. ભારતીબહેન પોતાની સફળતામાં કિરીટભાઇને પણ સહભાગી ગણાવે છે.

આમ એક મહિલા દ્રઢ મનોબળથી ધારે તો કેટલા ક્ષેત્રો સર કરી શકે છે તેનું ઊજળું ઉદાહરણ ભારતીબહેન વ્યાસ છે.

***તા. ૬-૮-૨૦૧૦ના 'કચ્છમિત્ર'માંથી સાભાર***
***પ્રેષક : ઘનશ્યામભાઇ ઠક્કર***

*કંજૂસ જેવો દાતાર કોઈ થયો નથી કે થશે નહિ, કારણકે તે પોતાનું બધું જ ધન એને હાથ પણ અડાડ્યા વિના મરણ પછી બીજાને આપી દે છે. – અજ્ઞાત.*

જીવન ચરિત્ર

## સ્વદેશી ચળવળના ધૂરંધર
# શૂરજી વલ્લભદાસ

• પ્રા. જિતેન્દ્ર અંતાણી •

*કચ્છના અબડાસા તાલુકાના સુથરી ગામના વતની, કચ્છના ગામડે ગામડે દેશપ્રેમનો જુસ્સો જગાડનાર અને કચ્છી પ્રજાકીય પરિષદની મુંબઈમાં ભરાયેલ સૌપ્રથમ બેઠકના પ્રમુખ સ્વ. શેઠશ્રી સૂરજી વલ્લભદાસની તા. ૧૪-૧૧-૨૦૧૦ની મૃત્યુતિથિએ શ્રદ્ધાંજલિ આપીએ પ્રસ્તુત લેખ દ્વારા....*

*– મુખ્ય તંત્રી*

ઊંચા, રૂપાળા અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા શેઠ શ્રી શૂરજી વલ્લભદાસ શીખો જેવી પાઘડી પહેરતા. તેઓ કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામના કુશળ સરસેનાપતિ રહ્યા. સન ૧૯૨૯-૩૦ના કાળે કચ્છના દુર્ગમ માર્ગો છતાં કચ્છમાં ચોદિશ, ગામે ગામ રાત દિવસ અપાર મુશ્કેલીઓ વચ્ચે દુઃખીઓની રાડ સાંભળવા કે જનજાગૃતિના પ્રકારને ગામડે ગામડે, ઝૂંપડે ઝૂંપડે અડીખમ થઈ પહોંચાડનાર, 'હલ હકલ થૈ દેશજી' એ નાદ ચોડો ચાળો કચ્છમાં દેશપ્રેમનો જુસ્સો જગાડનાર, દેશદાઝ પ્રગટાવનાર, કચ્છી પ્રજાકીય પરિષદની સૌ પ્રથમ બેઠક મુંબઈમાં ભરાઈ તેના પ્રમુખ તથા ત્યારબાદ કચ્છની ઉન્નતિ, પ્રજા જાગૃતિના જાગૃત પ્રહરી રહ્યા.

શેઠ શૂરજી વલ્લભદાસ એટલે અપ્રતીમ બુદ્ધિ પ્રતિભા, કુનેહ, દક્ષતા, વિદ્યા, સંસ્કાર, અને આર્યધર્મ પ્રત્યેની ઉત્કટ ભાવના.

સન ૧૯૨૪ના અરસામાં કચ્છમાં શિક્ષણ વધારવાના પ્રયત્નો માટે મુંબઈના વતન પરસ્તો તરફથી ખાસ ચેતના પ્રગટી હતી. શેઠ શૂરજી વલ્લભદાસ દ્વારા લોહાણા 'કેળવણી ખાતું' અને શેઠ વેલજી લખમશી નપુ દ્વારા 'જન સમાજનું કેળવણી ખાતું' શરૂ થયેલું.

કચ્છ લોહાણા કેળવણી ખાતા દ્વારા તેમણે કચ્છમાં પ્રાથમિક, માધ્યમિક તથા ત્યારબાદ કૉલેજ શિક્ષણ માટે અવિસ્મરણીય યોગદાન કર્યું. ગરીબ ઉમેદવારોને શેઠ તાલીમ માટે જવા મદદરૂપ થતા. કચ્છના સદ્. પ્રેમજીભાઈ ઠક્કર, સદ્. રસિકલાલભાઈ જોષી, સદ. પ્રભુલાલભાઈ જ. ધોળકિયા તથા



**શૂરજી વલ્લભદાસ**

માર્કંડરાય મોરારજી મહેતા વગેરે આ રીતે તાલીમ મેળવી કચ્છમાં પ્રાથમિક શાળા તથા દક્ષિણા મૂર્તિ ટાઈપની શાળા શરૂ કરવા મથતા. કચ્છમાં લોહાણા કેળવણી ખાતાએ લગભગ ૬૦ પ્રાથમિક શાળા શરૂ કરી. તેનું મુખ્ય મથક વાંકુ હતું. કચ્છમાં શ્રી ખટાઉ શામજીભાઈ કોટક તેની વ્યવસ્થા સંભાળતા. ભુજની સાર્વજનિક હાઈસ્કૂલ તથા શેઠ શૂ. વ. આર્ટસ-કોમર્સ કૉલેજ શેઠ શૂરજીભાઈની શિક્ષણ પ્રેમની જાગતી દીપશિખા છે.

હિન્દીને રાષ્ટ્રભાષાનો દરજ્જો તો કદાચ ૧૪-૯-૧૯૪૯ થી મળ્યો. પણ શેઠ શૂરજીભાઈ દેશના ઉદ્ધાર માટે આર્ય સમાજ તથા હિન્દીના પુરસ્કર્તા હતા. મુંબઈમાં હિન્દીના તેઓ પાયાના કાર્યકર.

દેશી રાજ્યોની પ્રથમ નેટિવ સ્ટેટ પિપલ્સ કોન્ફરન્સના (દેશી રિયાસતોની પ્રજા પરિષદ) અખિલ ભારતીય સંસ્થાપકો પૈકી શેઠ શૂરજીભાઈ એક હતા. તેમજ તેની કારોબારીના સભ્ય પણ હતા. ગુજરાતમાંથી અન્ય શ્રી બ. ગો. મહેતા હતા. દેશી રાજ્યોમાં પ્રજાકીય જાગૃતિ લાવવા વર્તમાનપત્રો શરૂ કરવા સ્ટેટસ પિપલ્સ પ્રાઈવેટ લિ. ની સ્થાપના કરાઈ જેમાં શેઠ શૂરજીભાઈ પ્રથમ સ્થાપક ટ્રસ્ટી હતા.

**શેઠ શૂરજીભાઈ કચ્છના અબડાસા તાલુકાના સુથરી ગામના વતની હતા.** અને સામાન્ય સ્થિતિમાંથી પ્રારબ્ધ અને પોતાના બુદ્ધિબળના પ્રભાવે મુંબઈમાં વ્યાપાર ઉદ્યોગના ક્ષેત્રમાં અગ્રસ્થાન જમાવી શક્યા હતા. મુંબઈમાં સામાન્ય કારકુન-ગુમાસ્તા તરીકે તેમણે જીવનની શરૂઆત કરી હતી અને ધીમે ધીમે વેપારમાં પડ્યા હતા અને રંગના ધંધામાં કુશળતા મેળવી હતી. સન ૧૯૧૪-૧૮ના પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ઈશ્વરે તેમને યારી આપી હતી અને સામાન્ય વેપારીમાંથી લક્ષાધિપતિ બન્યા હતા. મલબાર સ્ટીમશિપ કું. લિ. તેમજ સહયોગી જહાજી કંપનીઓના તેઓ આદ્યપ્રણેતા, વ્યવસ્થાપક અને બોર્ડના પ્રમુખ હતા.

તા. ૧૨-૫-૧૯૨૬ના રોજ પરિષદની આવશ્યકતા સંબંધી વિચારણા કરવા મુંબઈમાં મળેલી બેઠકમાં શેઠ બે ખજાનચી પૈકી એક પદ પર ચૂંટાયા હતા.

કચ્છી પ્રજાકીય પરિષદનું પ્રથમ અધિવેશન મુંબઈમાં ભરવાનું નક્કી થયેલું. તેની સ્વાગત સમિતિની તા. ૭-૧૦-૧૯૨૬ ની બેઠકમાં બેલેટ દ્વારા થયેલાં મતદાનમાં શેઠ સૌથી વધુ મત મેળવી કચ્છી પ્રજાકીય પરિષદના પ્રથમ પ્રમુખ થવાનું બહુમાન મેળવી

*શ્રદ્ધાનો અર્થ છે આત્મવિશ્વાસ અને આત્મવિશ્વાસનો અર્થ છે ઈશ્વર પર વિશ્વાસ.*

શક્યા હતા. મતદાન નીચે મુજબ હતું.

| *ક્રમ* | *નામ* | *મેળવેલ મત* |
|---|---|---|
| ૧. | શેઠ સાલેભાઇ બરોડાવાલા | ૦૩ |
| ૨. | શેઠ લખમીદાસ રવજી તેરશી | ૧૦ |
| ૩. | શેઠ પરષોત્તમ ધનજી | ૦૨ |
| ૪. | શેઠ માનસંગ કચરાભાઇ | ૦૯ |
| ૫. | શેઠ શૂરજી વલ્લભદાસ | ૩૫ |

● **પ્રથમ અધિવેશન :**

કચ્છી પ્રજાકીય પરિષદનું સૌ પ્રથમ અધિવેશન ઇ.સ. ૧૯૨૬ની ઓક્ટોબરની તારીખ ૨૨ થી ૨૪ (આસો વદ એકમથી ત્રીજ સંવત ૧૯૮૩) ના ન્યુ ચીંચબંદર રોડ ઉપર મળ્યું હતું. પરિષદ માટે ડુંગરી પર નવરોજી હિલ આગળ ખાસ મંડપ બાંધવામાં આવ્યો હતો.

કચ્છથી આવેલા પ્રતિનિધિઓમાં શેઠ પુરુષોત્તમ ધનજી, નાનાભાઇ ઉપાધ્યાય, ગોકુલદાસ ખીમજી, કાંતિપ્રસાદ અંતાણી, મોતીલાલ માસ્તર, જમનાદાસ ગાંધી તથા જીવરામ કલ્યાણજી મુખ્ય હતા. પરિષદમાં જૈન સાધુ ને સાધ્વી મહારાજોની પણ હાજરી જણાતી હતી.

કચ્છ તથા મુંબઇ તેમજ ભારતના અનેક વિસ્તારોમાંથી કચ્છીઓ ઉમટી પડ્યા હતા. અન્ય હાજરી આપનાર મહાનુભાવોમાં મૌલાના શૌકતઅલી, મહમદઅલી જીન્હા, બરજોરજી ફરામજી ભરૂચા, નવરોજજી બેલગામવાળા, જમનાદાસ મહેતા, શ્રીમતી સરોજિની નાયડુ, એમ.આર. જયકર, બી. એન. મોતીવાલા, ડૉ. સુમંત મહેતા વગેરે મુખ્ય હતા. સર દીનશા વાચ્છાએ સફળતાનો સંદેશો પાઠવ્યો હતો.

શેઠ લખમીદાસ રવજી તેરશીએ પરિષદનું પ્રમુખસ્થાન શેઠ શૂરજી વલ્લભદાસને આપવાની દરખાસ્ત મૂકતા કહ્યું કે, 'ભાઇ શૂરજી વ્યાપારી બુદ્ધિ અને કુનેહવાળા છે તે તેમના ભાષણ ઉપરથી તમે જોઇ શકશો. તેમનો ઘોડો કદાચિત વાડ કુદાવી નહિ જાય તેમ તેઓ એક વ્યાપારી માણસ તરીકે તમને ખાડામાં પણ નહિ નાખે. કોઇ ઘોંઘાટ કરનારને લગામ સોંપી હોત તો ઘોડો વાડ કુદાવી જાત ને કદાચિત ખાડામાં પણ નાખત. હું તમને જણાવીશ કે શૂરજીભાઇ નુકસાન નહિ કરે.. જો મુત્સદ્દી તરીકે કોઇને પસંદ કરવા હોય તો હું શૂરજીભાઇને જ પસંદ કરું. તેઓ પોતાના વિચાર પ્રમાણે મુકદ્દમો રજૂ કરશે અને તેમના જેવા પ્રમુખ માટે આપણે પસ્તાવું નહિ પડે.'

શ્રી વેલજી લખમશી નપુએ દરખાસ્તને ટેકો આપતાં જણાવેલું કે, 'શેઠ શૂરજીભાઇ આર્યસમાજ જેવી સંસ્થામાં શાંતિથી કામ કરી સંગીન સેવા બજાવી રહ્યા છે.' શ્રી હાજી અહમદ ખત્રીએ દરખાસ્તને વધુ ટેકો આપતાં જણાવ્યું કે, 'શેઠ શૂરજીભાઇએ મુંબઇમાં હિન્દી ભાષાની સારી સેવા કરી છે.'

પ્રમુખ સ્થાનેથી ઉદ્‌બોધન કરતાં શેઠ શૂરજીભાઇએ વ્યક્તિ તથા વાણી સ્વાતંત્ર્ય માટે પ્રેસ તથા વર્તમાનપત્રોની આઝાદીની જોરદાર હિમાયત કરી. તેમણે કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રજાકીય પ્રતિનિધિત્વ દાખલ કરવાની અપીલ કરતાં કહ્યું કે, 'આપણા રાજ્યની અંદર દરેક પ્રકારના ઉત્તમોત્તમ સુધારાઓ એકદમ થઇ જાય એવી આશા આપણે ન રાખીએ. પણ, મૈસુર, ત્રાવણકોર વગેરે રાજ્યોની પ્રજાને જે પ્રકારના હક્કો તથા અધિકાર અને રાજતંત્રમાં જવાબદારી મળ્યા છે એવા સુધારા આપણને અવશ્ય મળવા જોઇએ. પંચાયતો અને શહેર સુધરાઇ ખાતા ઉપરાંત રાજ્યની ધારાસભા જેમાં પ્રજાકીય પ્રતિનિધિઓની બહુમતી હોય તે સ્થાપવાની જરૂર છે.'

● **મહારાઓશ્રી સાથે મુલાકાત :**

કચ્છી પ્રજાકીય પરિષદની પ્રથમ વાર્ષિક પરિષદના ઠરાવોથી મહારાઓશ્રીને વિદિત કરવા એક પ્રતિનિધિમંડળે તા. ૫-૨-૧૯૨૭ ના રોજ માંડવીમાં મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાની મુલાકાત લીધી. આ પ્રતિનિધિ મંડળના પ્રમુખ તરીકે પરિષદ પ્રમુખ શેઠ શૂરજીભાઇ હતા. અન્ય સભ્યોમાં મથુરાદાસ મટાણી, પ્રેમજી ચંદા, રવજી સેજપાલ, લખમીદાસ તેરશી, ખીમજી હીરજી કાયાણી, વેલજી લખમશી નપુ, શિવદાસ ચાંપશી, ગુલામહુસેન સોનાવાલા તથા ડૉ. પુનશી હીરજી મૈસરી તેમજ પુરુષોત્તમ ધનજી હતા. મુલાકાત લગભગ નિષ્ફળ ગઇ. ત્યારબાદ શેઠ શ્રી શૂરજીભાઇએ માંડવી, ભુજ, અંજાર વગેરેમાં સભા ભરી પરિષદનો સંદેશ વહેતો કર્યો.

મહારાઓશ્રીની સાથેની મુલાકાત બાદ શેઠ શૂરજીભાઇએ કચ્છનો વ્યાપક પ્રવાસ કર્યો. પરિષદના તે વખતના આગેવાનો શ્રી તેરશી શેઠ, મથુરાદાસ મટાણી, ગુલાબશંકર સોમજી ધોળકિયા વગેરે મૂંઝાયા. કચ્છમાં પ્રજાસંઘ હતો. કચ્છી પ્રજાકીય પરિષદના તે વખતના બંધારણમાં કચ્છમાં રહેતા કચ્છીઓને પરિષદના સભ્ય થવાનો અધિકાર ન હતો. માત્ર મુંબઇમાં જ વિરાર અને કલ્યાણ સુધીમાં રહેતા કચ્છીઓ જ પરિષદના સભ્ય થઇ શકતા. આ સામે શેઠ શૂરજીભાઇએ સ્થાનિક આગેવાનો શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, કાંતિપ્રસાદ અંતાણી, નગરશેઠ સાકરચંદ પાનાચંદ અને બીજાઓના સહકારથી લડત ઉપાડી હતી. અંતે સમાધાન થતાં દરેક કચ્છીને પરિષદનું સભ્યપદ સુલભ બન્યું.

શેઠ શૂરજીભાઇએ કચ્છ પ્રજા મંડળના પ્રચારાર્થે 'કચ્છ પ્રજા મંડળ પત્રિકા' નામનું એક સાપ્તાહિક શરૂ કર્યું હતું. કચ્છની પ્રજાના અને કચ્છના ખેડૂતોના પ્રશ્નો તેમાં ચર્ચાતા. શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા તેના તંત્રી હતા અને શ્રી ફૂલશંકરભાઇ પટ્ટણી તેના સહતંત્રી અને વ્યવસ્થાપક હતા.

સને ૧૯૩૧ના અરસામાં કચ્છમાં 'કચ્છ ખેડૂત મંડળ'ની સ્થાપના કરાઇ. તા. ૧૮-૮-૧૯૩૩ ના એક વર્તમાનપત્રનું અવતરણ જોઇએ:

*'કચ્છના કિસાનોની કારમી કિકિયારીઓ કચ્છ કેસલના કિલ્લેદારની કોટડી (શૂરજીભાઇ) સુધી પહોંચી. તેમના આર્તનાદોએ કર્તવ્યપ્રેમી કિલ્લેદારના હૃદયને ભેદી નાખ્યું. ને તેણે વહારે ચડવા કમર કસી. તે કચ્છ આવ્યો ને ખૂણે ખૂણો ખૂંદી વળ્યો. તેણે તાપ કે ટાઢ, વરસાદ કે ઠંડી, સવાર કે સાંજ, મધ્યરાત્રિ કે મધ્યાહ્નની પરવા ન કરી. ખડતલ કાર્યકર્તાઓના સહકારથી કચ્છના કિસાનોના ઝૂંપડે ઝૂંપડે તેઓ ભટક્યા ને જાગૃતિનો સંદેશો*

*બે વ્યક્તિ વચ્ચે પ્રેમ હશે ત્યાં અહંકાર નહીં આવે.*

*આપ્યો. રાજ્ય નોકરશાહીના ફાંટામાંથી પળે પળ ઉદ્‌ભવ પામતી. તરેહ તરેહની કલ્પનાઓ, યાતનાઓ સહન કરવા ટેવાયેલાઓને એ સંદેશાએ પ્રેરણાના પાન કરાવ્યા. ને આખુંય કચ્છ જાગૃતિના હિલોળે ચડ્યું.'*

- **મહારાવશ્રી સાથે ફરી મુલાકાત :**

તા. ૯-૭-૧૯૩૧ના રોજ ખેડૂતોનું એક પ્રતિનિધિમંડળ મહારાઓશ્રીને મળ્યું હતું. રાજ્યે ઠરાવ કરી, તપાસ કરી રિપોર્ટ કરવા નીચે મુજબ સમિતિ નીમી.

પ્રમુખ : રા. રા. હરિકૃષ્ણ હરિપ્રસાદ રેવન્યુ કમિશનર

સભ્યો : (૧) જેઠારામ નાનાભાઈ હજૂર - જ્યુડિશિયલ આસિસ્ટન્ટ, (૨) વાઘજી દલપતરામ, અંજાર વહીવટદાર અને (૩) શેઠ શૂરજી વલ્લભદાસ.

સમિતિએ ૧૪૫ ગામોનો પ્રવાસ કરી ૧૧૧૨ ખેડૂતોની રજૂઆત સાંભળી.

સંવત ૧૯૮૮માં શેઠ શૂરજીભાઈ અસહકારની લડતમાં જોડાઈ જેલવાસી થયા હતા.

તા. ૧૦-૧-૧૯૩૯ના રોજ માંડવીમાં મહારાવશ્રીએ પ્રજાને મળવા બેઠક કરી. સ્વ. રસિકલાલભાઈ જોષી નોંધે છે કે 'પણ મહારાવને અવળી દોરવણી આપી ભજવાયેલા આ નાટકને પરિષદના પ્રતિનિધિ શ્રી શૂરજીભાઈએ ત્યાં જ ખતમ કરી નાખ્યું. શેઠ તરત જ માઈક્રોફોન પર આવી પહોંચ્યા. તેમને રોકવાના રાજ્યના અમલદારોના પ્રયાસો નિષ્ફળ ગયા. મક્કમતા અને સ્પષ્ટતાથી તેમણે કહ્યું 'જેઓને બહારના કહેવામાં આવે છે તે બહારના નહિં પણ કચ્છના જ કચ્છીઓ છે. આ પરિષદની પ્રવૃત્તિ ના. મહારાવશ્રી (વિરુદ્ધ) પ્રજા વર્ગને ઉશ્કેરવાની નથી, પરંતુ ના. મહારાવશ્રીની છત્રછાયા નીચે જવાબદાર રાજ્યતંત્ર પ્રાપ્ત કરવાની છે. તેમણે અંતમાં એ પણ કહ્યું કે 'રાજ્ય અને પ્રજા વચ્ચે એખલાસ વધે તેવા પગલાં રાજ્યે ભરવાં ઘટે.'

તા. ૧૬-૧-૧૯૩૯ની ભુજમાં મહારાવશ્રી તથા યુસુફ મહેરઅલીની મુલાકાત સમયે પણ શૂરજીભાઈ હાજર રહ્યા હતા.

૧૯૩૦-૪૦ના દાયકાઓમાં અસહકારની ઝુંબેશમાં મહત્ત્વની કામગીરી બજાવનારા શૂરજીભાઈની ગાંધીજી, પંડિત નેહરુ તથા સરદાર જેવા મહાનુભાવો સ્વાતંત્ર્ય સંગ્રામના આ વીરની હંમેશાં પ્રશંસા કરતા. એ સમયમાં લોકપ્રિય એવા લગભગ તમામ નેતાઓની ધરપકડ થઈ ત્યાર પછી પણ મુંબઈમાં કોંગ્રેસનો ધ્વજ ફરકતો રાખવાનું શ્રેય આ સૈનિકના ફાળે જાય છે. તેમણે ગાંઠના પૈસે મુંબઈની કોંગ્રેસનું બળ અને અસ્તિત્વ ટકાવી રાખ્યું હતું.

સ્વાતંત્ર્ય ચળવળના કાર્યકરોએ ગાંધી ઈરવીન સંધિ થયા બાદ એકવાર કામ અને વેતન મેળવવા માટે મુંબઈના કોંગ્રેસ હાઉસનો કબજો લઈ લીધો હતો ત્યારે એ કાર્યકરોને સમજાવી મામલો થાળે પાડનારા અન્ય કોઈ નહિ પરંતુ શૂરજી શેઠ હતા. તેમણે આમ કરવામાં પોતાનું ધન સુદ્ધાં ખર્ચી નાખ્યું હતું.

હિંસક કે અહિંસક સંગ્રામ બાદ સ્વયંસેવકોનું પુનવર્સન હંમેશાં એક સમસ્યા બની રહે છે. ગાંધી-ઈરવીન કરાર પર સહી-સિક્કા થયા એજ દિવસે મુંબઈમાં ૧૫૦૦ સ્વયંસેવકો હતા. જેમ જેમ જેલમાંથી કાર્યકરો છૂટતા ગયા તેમ તેમ આ સંખ્યા વધતી ગઈ અને આંકડો ૪૦૦૦ થયો. વિવિધ વોર્ડના આશરે ૧૫૦૦ કાર્યકરો ઑપેરા હાઉસ નજીકની કોંગ્રેસ કારોબારી ઓફિસે ધસી ગયા, ને કબજો લઈ લીધો. તેઓ વેતનની માંગણી કરતા હતા. આ તમામ કાર્યકરોએ મહાત્મા ગાંધીજીની હાજરીનો લાભ લીધો. એટલું જ નહિ પણ આ અંગે શૂરજીભાઈને મળવા કે એમનો અભિપ્રાય લેવા જણાવ્યું હતું. કાર્યકરોને શૂરજીભાઈ ઉપર અખૂટ શ્રદ્ધા હતી. તેમને ગળા સુધી ખાતરી હતી કે શેઠ માંગણીને સમજશે અને ન્યાય અપાવશે.

આ વાતની નોંધ પંડિત જવાહરલાલ નેહરુએ પણ લીધી છે. તેમણે પછીથી લખ્યું હતું કે, 'મારે તમને (મુંબઈમાં) મળવું હતું. પરંતુ મળી શક્યો નહિ. નાણાભીડની બાબતમાં મને વધુ ખબર નથી, પણ અસહકારની ચળવળ વખતે અને સ્વયંસેવકોનાં મામલામાં તમે બોમ્બે પ્રોવીન્શિયલ કોંગ્રેસ કમિટીએ આર્થિક સહાય કરી છે એ મારા ધ્યાનમાં આવ્યું છે.'

- **સ્વદેશીના પ્રણેતા :**

શેઠ વેદના પણ જ્ઞાતા હતા.

પંડિત રઘુનંદન શર્માજી સંપાદિત 'વૈદિક સંપત્તિ'નું પ્રકાશન તેમણે કર્યું હતું. તેમણે 'અક્ષર વિજ્ઞાન', 'આદર્શ સુધારક દયાનંદ' જેવા પુસ્તકો પણ લખ્યાં છે.

સ્વદેશી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ પ્રત્યે શૂરજીભાઈને ભારે લગાવ હતો. ગાંધીજીએ તેમને 'ઓલ ઇન્ડિયા વિલેજ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન'ના સ્થાપક સભ્ય બનાવ્યા હતા.

શેઠ શૂરજીભાઈએ મુંબઈમાં સ્વદેશી બજાર શરૂ કરેલ. સરદાર પટેલે તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને ગાંધીજીએ પણ બજારની મુલાકાત લીધી હતી. આયુર્વેદ પ્રત્યે પણ શેઠને લાગણી હતી. તેમણે આયુર્વેદ સ્ટોર્સ શરૂ કર્યા. આયુર્વેદ લેબોરેટરી, કૉલેજ તથા હોસ્પિટલની પણ સ્થાપના કરી હતી.

- **આદર્શ પરિવાર :**

શેઠ શૂરજીભાઈના ધર્મપત્ની જયાલક્ષ્મીબહેન આદર્શ પત્ની હતા. મુંબઈ પ્રદેશ આર્ય વિદ્યાસભાએ 'માતુશ્રી જયાલક્ષ્મી શૂરજીભાઈ સભાગૃહ' અને 'શ્રી વિક્રમસિંહ શૂરજી ગુરુકુળ ટેકનિકલ હાઈસ્કૂલ' ઘાટકોપરમાં શરૂ કરી છે.

શૂરજીભાઈના સુપુત્ર શેઠ પ્રતાપસિંહભાઈએ શેઠશ્રીની સ્મૃતિમાં પાંચ લાખ રૂપિયાના ખર્ચે વિલેપાર્લેમાં 'શૂરજી વલ્લભદાસ સાધના આશ્રમ' શરૂ કર્યો છે. જેની પાયાવિધિ ત્યારના ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણનના હસ્તે થયેલી.

**શેઠ શૂરજીભાઇનો જન્મ તા. ૨૨મી ઓગસ્ટ ૧૮૮૮ ના થયો હતો. કેન્સરની બીમારીને કારણે તા. ૧૪-૧૧-૧૯૫૧ના રોજ મુંબઇમાં તેમનું દુઃખદ અવસાન થયું. મુંબઇના શેરીફે તેમના માનમાં શોકસભા યોજી હતી. તથા 'કચ્છ કેસલ' પાસેના માર્ગને મુંબઇ મહાનગરપાલિકાએ 'શેઠ શૂરજી વલ્લભદાસ' નામકરણ કરી તેમની સેવાને અમર કરી છે.**

*૭૭, તિરુપતિ નીલયમ, જાદવજી નગર,*
*કોલેજ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૧૨૩૭, મો. ૯૯૭૯૭ ૧૪૬૩૭*

*શું થયું તેના પર હું કદી નજર રાખતો નથી પરંતુ શું કરવાનું બાકી છે તેનું જ ધ્યાન રાખું છું. – ભગવાન શ્રીકૃષ્ણ*

# વાંચીને છાતી ફૂલી જાય તેવો
# મોહનસિંઘ ઓબેરોયનો સંઘર્ષ

• કાંતિ ભટ્ટ •

લારોશે ફોફોલ્ડ નામના ફ્રેન્ચ વિદ્વાને કહેલું કે હંમેશાં કઠિન સંયોગો અને માનવીના અહમ્‌ને તોડનારા પ્રસંગો જીવનમાં આવે તે માનવીને પડકારે છે અને નવું સાહસ કરવા પ્રેરે છે. આ ઉક્તિ તાજ હોટેલ અને ઓબેરોય હોટલના પિતામહોને સરખી રીતે લાગુ પડે છે. મુંબઈમાં જ્યારે આ બે હોટેલો પર પાકિસ્તાની ત્રાસવાદી ત્રાટક્યા ત્યારે મને જમશેદજી તાતા અને મોહનસિંઘ ઓબેરોયના જીવનમાં બનેલા પ્રસંગો યાદ આવ્યા. જમશેદજી તાતાને, તે સમયની બ્રિટિશ-જમાનાની વોટ્સન હોટેલ જે બ્રિટિશ માલિકીની હતી ત્યાં જમવા લઈ ગયા તો **હોટેલવાળાએ કહ્યું કે ગોરી ચામડીવાળા મહેમાનને રેસ્ટોરામાં જમવા મળશે પણ જમશેદજી તાતાને પ્રવેશ નહીં મળે!**

આવા અપમાનજનક પ્રસંગથી જમશેદજીને એકદમ ચાટી ગઈ અને તેમણે સંકલ્પ કર્યો કે વોટ્સન હોટેલને આંટી દે તેવી તાજમહેલ પેલેસ હોટેલ બનાવવી અને બની. ૨૦૦૯માં થોડી તૂટી કે બળી પછી અડીખમ થઈ ગઈ છે.

ઓબેરોય હોટેલની સ્થાપનાની આનાથી વધુ રસપ્રદ કથા લાંબી છે. આજે તો તેના સ્થાપક રાય બહાદુર મોહનસિંઘ ઓબેરોય જીવતા નથી. તેમનો નાનો પુત્ર બીકી ઓબેરોય પણ લગભગ ૮૦ વર્ષનો થવા આવ્યો છે. તેની પાસે જાઓ તો મોહનસિંઘ ઓબેરોયની જીવનકથા સાંભળવા મળે. કમાલની વાત એ છે કે ઓબેરોયની ટ્રાઈડેન્ટ હોટેલ પર ત્રાસવાદી ત્રાટક્યા ત્યારે બીકી ઓબેરોય (જે તેનું લાડકું નામ છે. મૂળ નામ પૃથ્વીસિંહ ઓબેરોય) તે હોટેલના ૨૧મા માળે ત્યારે રહેતા હતા. તેમણે ત્રાસવાદીથી ડરીને પોતાની રૂમ છોડી નહોતી. આ બહાદુર શીખ બેટાએ રૂમમાં બેઠાં આ ઘટનાને કેમ હાથમાં લેવી તેનું સંચાલન કરેલું, પણ આપણે જાણવું છે કે તેના પિતા મોહનસિંઘ ઓબેરોય હોટેલ બિઝનેસમાં કઈ રીતે આવ્યા?

લગભગ જમશેદજી જેવો જ અનુભવ મોહનલાલ ઓબેરોયને થયેલો. એક વખત તે યુરોપિયન હોટેલમાં જમવા ગયા ત્યારે કહેવામાં આવ્યું કે કોઈ યુરોપિયનની સાથે આવો તો જ પ્રવેશ મળશે, પણ એ બહુ પછીની વાત છે. તે પહેલાંનો પ્રસંગ ઓબેરોય માટે બહુ અપમાનજનક હતો. પણ આપણે આ અબજો રૂપિયાની માલિકીવાળી હોટેલના સ્થાપકની પ્રેરક કથા જો સાંભળીએ તો થશે કે **માનવી જો પ્રતિકૂળ સંયોગો સામે મુઠ્ઠી ઉગામીને ઊભો રહે તો તે બધું જ સિદ્ધ કરી શકે છે.**

મોહનસિંઘ ઓબેરોયનો જન્મ, આજના પાકિસ્તાનમાં થયેલો. પિતા સરદાર અત્તરસિંઘ ૨૧ વર્ષની જુવાન વયે પરણેલા. અત્તરસિંઘ નોકરીની શોધમાં પેશાવર ગયા. ત્યાં રેલવેના પાટા નંખાતા હતા. તેમાં સુપરવિઝનનું કામ મળે તેમ હતું, પણ નોકરી તો મળી પણ સાથે બીમારીય મળી. ઈન્ફ્લુએન્ઝામાં પટકાયા ત્યારે ફ્લુની દવા નહોતી. **જુવાન વયે ૧૮ વર્ષની ભાગવંતી નામની દુલ્હનને તેમજ છ મહિનાના બાળક મોહનસિંઘને છોડીને ઓબેરોયના પિતા મરણ પામ્યા.** સાસરિયામાં એક શીખ વિધવાનું બહુમાન હોતું નથી. ભાગવંતી દીકરા મોહનસિંઘ ઓબેરોયને લઈને ચકવાલ ગામથી બાર કિલોમીટર દૂર પિયરના ગામ ભૌણમાં આવી ગઈ અને દીકરાને ઉછેરવા સાથે પિતાના ધંધામાં મદદ કરવા લાગી. આજની નવી માતાઓ જે નાના બાળકને ઉછેરતી હોય તે યાદ રાખે કે ધાવણ આવતું હોય અને બાળક ધાવે તે ગાળામાં માતાએ તીખા, તમતમતા અને તળેલા પદાર્થો ખાવા નહીં જોઈએ. બેટા મોહનસિંઘને બરાબર દૂધનું પોષણ મળે તે માટે ભાગવંતી સાદો ખોરાક ખાતી. **મોહનસિંઘ છ વર્ષના થયા ત્યારે ગામમાં નિશાળ નહોતી. ત્રણ કિલોમીટર દૂરની સ્કૂલમાં માતા મૂકવા જતી.** સાથે બાળકને ફાવે તેવું જમણભાતું અને ખાસ તો લસ્સી લઈ જતી. પ્રસંગોપાત ઘરની ભેંસના ઘી ના બુંદીના લાડુ દીકરાને ખવડાવતી. મોહનસિંઘ મોટા થયા ત્યારે દાદા આ ભાણેજનું ખૂબ ધ્યાન રાખતા. પણ મોહનસિંઘને દાદાના ઘોડાની સવારી કરવાનું મન થયું. દાદાએ ના પાડી પણ માતાએ કહ્યું, 'અરે, ઘોડેસવારી કરવા દો. તો જ બેટામાં હિંમત આવશે!'

મોટા થયા પછી મોહનસિંઘ ઓબેરોયે તે સમયની રાવલપિંડીમાં સ્વામી દયાનંદ ઍંગ્લો વેદિક સ્કૂલમાં (ડી.એ.વી.) ભણતર શરૂ કર્યું. સ્વામી દયાનંદ સરસ્વતીના ભક્તોએ આ સ્કૂલ બંધાવેલી. રાવલપિંડીમાં મોહનસિંઘે પ્રથમવાર કોઈ ગોરાને જોયો અને પ્રથમવાર ગોરી મેડમો ત્યાંની 'ફ્લેશમેન્સ હોટેલ'માં જતી આવતી જોઈ. મોહનસિંઘ એ ભવ્ય હોટેલનો મોં ફાડીને જોઈ રહ્યા. તેને ખ્યાલ નહોતો કે એક વખત તે આનાથી ભવ્યતમ હોટેલનો માલિક બનશે. કોને ખબર, તે દિવસથી હોટેલ સાથે તેની જન્મકુંડળીના ગ્રહો જોડાઈ ગયા. મોહનસિંઘના મામાની 'પંજાબ બૂટ એન્ડ શૂઝ ફેક્ટરી' હતી. તેમાં મોહનસિંઘે કામ કરવા માંડ્યું. આ કામ તેને લગીરે પસંદ નહોતું.

આજની નવી પ્રજા જરા જાણી લે એટલે વિસ્તારથી ઓબેરોયની કથા લખું છું. એ અંગ્રેજોની તુમાખીનો જમાનો હતો. ૧૩-૪-૧૯૧૯ના રોજ અમૃતસરમાં જનરલ ડાયરે

*પિતાએ પુત્રના જન્મથી અને પુત્રે પિતાના મૃત્યુથી પોતપોતાના મૃત્યુનું અનુમાન કરી લેવું જોઈએ. – ઉદ્ધવગીતા*

જલિયાંવાલા બાગમાં ભેગા થયેલા ક્રાંતિકારી - આઝાદીના ચળવળ કરનારા ઉપર ક્રૂર ગોળીબાર વરસાવ્યો. ઓબેરોયને સંયોગવશાત્ કૉલેજનું પૂરું ભણતર ન મળ્યું. મામાની શૂઝ એન્ડ બૂટની ફેક્ટરી સ્વાતંત્ર્ય ચળવળ થકી બંધ થઈ. બેકાર બનેલા મોહનસિંઘ યુવાન વયે પાછા ભૌણ ગામે આવી ગયા. એ જમાનામાં શીખ કુટુંબ કોઈપણ કપરા સંયોગો હોય પણ પોતાનો વટ છોડતા નહીં. દીકરો એકવીસનો થયો એટલે પરણાવવો જ જોઈએ. મોહનસિંઘ બેકાર હાલતમાં પરણી ગયા. પરણ્યા પછી મોહનસિંઘ નોકરીની શોધમાં સિમલા ગયા. સિમલાની સેસિલ હોટેલમાં અરજી સાથે પ્રવેશતા હતા ત્યારે એ યુરોપિયન માલિકીની હોટેલના દરવાને મોહનસિંઘને બહાર ફેંકી દીધો! ઈન્ડિયનને અહીં પ્રવેશ નથી! **મોહનસિંઘ જિદ્દી હતા. તેણે હોટેલના મેનેજરના ઘરનું સરનામું શોધી કાઢ્યું, જ્યારે ગોરો મેનેજર લંચમાં જમવા ઘરે પહોંચ્યો ત્યારે રસ્તામાં તેને આંતરીને મોહનસિંઘ ઓબેરોયે કહ્યું, 'તમારી હોટેલમાં તમે કહો તે પગારથી અને કહો તે કામ હું કરીશ. હું શીખ મા-બાપનો બેટો છું.' આ જુવાનની હિંમતને ગોરો મેનેજર જોઈ રહ્યો અને મોહનસિંઘ ઓબેરોયને હોટલની નોકરી મળી ગઈ.** ત્યારે તેમણે સંકલ્પ કર્યો કે મને હોટેલની બહાર ફેંકી દેવાયો છે પણ એક દિવસ 'સેસિલ હોટેલ'ને આંટી દે તેવી હોટેલ હું બનાવીશ અને ઓબેરોય નામની ભવ્ય હોટેલ મુંબઈના દરિયાકાંઠે બની. ત્યારે સ્વતંત્ર ભારતમાં બીજી ઘણી હોટેલો હતી. તાજમહાલ હોટેલ તો ક્યારની ૧૯૦૪માં બની ચૂકી હતી. તે હોટેલ પણ જમશેદજી તાતાએ કડવા અનુભવ પછી બનાવેલી. જોકે જમશેદજી તાતાની બચપણની કથા એટલી બધી સંઘર્ષવાળી નહોતી. **ઓબેરોય તો ફિનિક્સ પક્ષીની જેમ રાખમાંથી ઊભા થયા હતા.** તેમને દેશના ભાગલા પછી જન્મ સ્થળ ભૌણ અને રાવલપિંડી છોડવા પડેલા.

જમશેદજી તાતાને કોઈ હોટેલમાં નોકરી કરવી પડી નહોતી. મોહનસિંઘ ઓબેરોય તો ત્યારે મહિનાના માત્ર રૂા. ૬૦ના પગારથી કામ કરતા હતા. શોર્ટહેન્ડ ટાઈપિંગ શીખી ગયેલા પરંતુ તેનું મૂળ કામ તો હોટેલના રસોડાના બળતણ માટેના કોલસા ખરીદવાનું હતું. ઓબેરોય કોલસાની ક્વોલિટી પારખતા. તેનું વજન બરાબર કરતા. તેના કામથી હોટેલના ગોરા મેનેજર ડી.ડબલ્યુ. ગ્રોવ પ્રભાવિત થયા. તેમને ઓફિસનું કામ સોંપ્યું. પગાર રૂા. ૪૦નો હતો, તે દોઢો કર્યો.

એક વખત મોહનસિંઘ ઓબેરોય હોટેલના રિસેપ્શન ડેસ્ક પર બેઠા હતા ત્યારે પંડિત જવાહરલાલ નેહરુના પિતા મોતીલાલ નેહરુ મોહનસિંઘ પાસે આવ્યા. પૂછ્યું, 'મારે કેટલાક કોર્ટના ડોક્યુમેન્ટ ટાઈપ કરવાના છે. કોઈ કરી દેશે?' **મોહનસિંઘે કોઈ પણ ફી નક્કી કર્યા વગર મોતીલાલ નેહરુનું કામ કરી દીધું. મોતીલાલ નેહરુએ જોયું કે ટાઇપિંગમાં એક અક્ષરનીય ભૂલ નથી. ખુશ થઈને ઓબેરોયને રૂા. ૧૦૦ની બક્ષિસ આપી. મોહનસિંઘ તો ખુશ ખુશ થઈ ગયા.**

ઘરે જઈને તેણે પત્નીને એક કાંડા ઘડિયાળ આપી. સો રૂપિયામાં બે ઘડિયાળો આવતી. એક પોતે પહેરી અને બીજી પત્નીના કાંડામાં પહેરાવી! કાંડા ઘડિયાળ વગરની સ્વરૂપવાન પત્ની જેનું નામ રાજરાણી હતું તેને માટે ઘડિયાળ કે ઘરેણું ખરીદે ત્યારે મોહનસિંઘને ગૌરવ થતું કે તેણે ખરેખર તેની પત્નીને રાજરાણી બનાવી છે. ૧૯૨૯માં રાજરાણીએ બીજા પુત્રને જન્મ આપ્યો. તેનું નામ પૃથ્વીરાજસિંઘ રાખ્યું. તેને લાડમાં બીકી કહેતા. તે પહેલાં તિલકરાજનો જન્મ થયો તેને ટિક્કી કહેતા. આજે પૃથ્વીરાજસિંઘ - બીકી ૨૦૦૯માં ઓબેરોય હોટેલમાં બિરાજે છે અને પિતાના સંઘર્ષની કેટલીય વાતો મનમાં સંઘરીને બેઠા છે. ત્રાસવાદીએ ઓબેરોય હોટેલ ઉપર હુમલો કર્યો તે તો અનેક રીતે મેનેજેબલ બન્યો પણ પિતા મોહનસિંઘ ઓબેરોયના જીવનસંઘર્ષ સામે આ પ્રસંગ તો કંઈ જ નહોતો!

***'દિવ્ય ભાસ્કર'ના સૌજન્યથી***
***પ્રેષક : શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા***

## ગાંધીજીને યાદ કર્યા ને તાવ ગયો!

ગાંધીજી એ દિવસે એકલા બેઠા હતા અને પત્રોના જવાબો ઝડપથી લખી રહ્યા હતા. એવામાં એક અંતેવાસીએ આવીને કહ્યું કે, 'બાપુ, એક નવયુવાન આપને મળવા માંગે છે. એને કેટલું સમજાવ્યો કે બાપુ અત્યારે ખૂબ કામમાં છે, કલાક પછી આવ. તો કહે, કલાક પછી પણ બાપુને સમય નહીં હોય તો?'

બાપુએ લખતા લખતા કલમ મૂકી દીધી અને સેવકને કહ્યું કે, એ ભાઈને અંદર મોકલો. થોડીવારે એક નવયુવક ખંડમાં આવ્યો ને તરત જ હાથમાંના દસ રોકડા રૂપિયા ગાંધીજીના પગ પાસે મૂકીને બે હાથ જોડી કહેવા લાગ્યો, 'પૂજ્ય બાપુજી, કાલે મને તાવ આવેલો એટલે મનમાં મેં આપનું ખૂબ સ્મરણ કરવા માંડ્યું. દોઢેક કલાકમાં તો મારો તાવ ઉતરી ગયો. બાપુ આપ ખરેખર ચમત્કારી મહામાનવ છો. આપ, આ મારી અલ્પ ભેટ સ્વીકારો.'

ગાંધીજી યુવાનની વાત સાંભળીને મલકાયા પણ પછી તરત જ પેલાના પૈસા તેના હાથમાં આપતા કહ્યું, 'ભાઈ, મારું સ્મરણ કરવાથી જો તારો તાવ ના ઉતર્યો હોત તો તું મને ભેટ આપવા આવવાને બદલે ગાળો પણ બોલ્યો હોત! ભાઈ, કોઈ વ્યક્તિ મહાન નથી. અને તે ચમત્કારી પુરુષ છે એમ માનીને સ્મરણ કરવાથી બીમારી દૂર થશે એવું માનવું તે તો અંધશ્રદ્ધા ગણાય. જે ભેટ અંધશ્રદ્ધા પર આધારિત હોય તે હું સ્વીકારી ન શકું.'

યુવકને સાચી વાત ગળે ઉતરી ગઈ.

***પ્રેષક : પ્રભુલાલ સંઘવી***

*જેણે દાનવતાને હણી છે,*
*મનમાં માનવતાને વણી છે,*
*એવું આ પુસ્તક, એ તો*
*પવિત્ર પારસમણી છે...*

★ ★ ★

*વાંચન એક એવી*
*ક્ષિતિજ છે મસ્ત,*
*જ્યાં 'તું'નો ઉદય,*
*થાય 'હું'નો અસ્ત!*

***મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'***

*દરેકને પ્રેમ, દયા અને સમભાવની નજરે જુઓ.*

**તંદુરસ્તી**

# શાળાએ જવાનો ડર
# (Refusal to Go To School)

• ડો. (પ્રો.) મણિલાલ ગડા, ડો. દીપ્તિ એસ. શાહ (ગડા) •

## • કેસ સ્ટડી :

અગિયાર વર્ષના પ્રતીકને (નામ બદલ્યું છે) એકાદ વર્ષથી ઊબકા આવતા હતા. ઘણી વખત ઊલટી થતી હતી. પેટમાં વારંવાર દુઃખતું હતું તથા માથાનો દુઃખાવો રહેતો હતો અને માથું ઘણીવાર ભારી લાગતું હતું. ઉપર્યુક્ત તકલીફોની શરૂઆત ઊબકા આવવાથી થયેલ. સમય જતા ઊલટી પણ થતી. પેટમાં દુઃખાવો તથા માથાના દુઃખાવાનો એમાં ઉમેરો થયો. છેલ્લા ત્રણેક મહિનાથી ઉપરની ફરિયાદ લગભગ દરરોજ રહેતી હતી.

આને લીધે પ્રતીક થોડા સમયથી શાળાએ જતો ન હતો. યુનિટ ટેસ્ટ વખતે પણ તબિયત સારી ન હોવાથી પરીક્ષા આપી શક્યો ન હતો.

શારીરિક તપાસ - નાડીના ધબકારા, બ્લડ પ્રેશર, પેટ, છાતીની તપાસ (Physical Examination) નોરમલ હતી. સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને બતાડ્યું. લોહી, પેશાબ, સંડાસની તપાસ, એક્સ-રે, પેટની સોનોગ્રાફી કરી. માથાનો સી.ટી. સ્કેન કરાવ્યો. બધી જ તપાસ નોરમલ આવી. સારવારથી શરૂઆતમાં થોડીક રાહત મળી. પરંતુ એકાદ મહિનામાં ફરીથી તકલીફો શરૂ થઈ.

પેટના નિષ્ણાત ડોક્ટર (ગેસ્ટ્રોએનટેરોલોજિસ્ટ)નો અભિપ્રાય લીધો. ફરીથી પેટની સોનોગ્રાફી નોરમલ આવી. પેટના નિષ્ણાત ડૉક્ટરે અભિપ્રાય આપ્યો કે શારીરિક રીતે બધું જ નોરમલ છે. ચિંતા કરવા જેવું નથી. બાળ મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી.

માતાપિતાને સંતોષ ન થયો. એમને થયું પ્રતીકને ઊબકા, ઊલટી હકીકતમાં થાય છે. મનનો ઊબકા, ઊલટી, પેટના દુઃખાવા જોડે (શારીરિક તકલીફ) શું સંબંધ? બીજા સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને બતાડ્યું. મોટી હોસ્પિટલમાં દાખલ કર્યા. ફરીથી શારીરિક તપાસ કરી જે નોરમલ હતી. દૂરબીન દ્વારા પેટની તપાસ (ગેસ્ટ્રોસ્કોપી-gastroscopy) કરી. આ તપાસ પણ નોરમલ હતી. હોસ્પિટલમાં દાખલ કર્યાની ત્રીજા દિવસથી તકલીફ ઓચિંતી જ બંધ થઈ ગઈ. સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરે એકદમથી તકલીફ દૂર થઈ એ નિરીક્ષણ કર્યા બાદ તથા બધી જ તપાસ નોરમલ હતી એ પરથી પ્રતીક માટે બાળ મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી.


**ડો. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્નાની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડો. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


## • બિમારીને લીધે થયેલી નકારાત્મક અસરો :

૧. પ્રતીક શાળામાં અનિયમિતપણે જતો હતો. શિક્ષકો અને મિત્રોમાં પ્રતીકની છાપ માંદા વિદ્યાર્થી / મિત્રની પડી હતી.
૨. પ્રતીકના ભણતર અને અભ્યાસ પર નકારાત્મક અસર થયેલ. અભ્યાસમાં પ્રતીક પાછળ રહી ગયો હતો. યુનિટ ટેસ્ટ પણ આપી શક્યો ન હતો.
૩. પ્રતીકનો આત્મવિશ્વાસ ખૂબ જ ઓછો થઈ ગયો હતો. પોતાની આવડત પર પ્રતીકને શંકાઓ રહેતી હતી.
૪. પ્રતીકનો સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો. નાની નાની બાબતમાં ચીડાઈ જતો હતો જે એના સ્વભાવમાં ન હતું. મિત્રો જોડે પણ ગુસ્સે થઈ જતો હતો. પાછળથી પ્રતીકને પોતાની વર્તણૂક પર અપરાધભાવ પેદા થતો (guilt feeling).
૫. પ્રતીક એકલો અટૂલો થઈ ગયો હતો. મિત્રો જોડેના સંબંધો લગભગ નહિવત જેવા રહ્યા હતા. માંદગીની પહેલાં પ્રતીક મિત્રો જોડે હળતો મળતો હતો.

## • મનની તપાસ :

પ્રતીક અને તેના માતાપિતા પાસેથી ઊંડાણમાં માહિતી મેળવી તથા પ્રતીકની વૈજ્ઞાનિક પદ્ધતિથી મનની તપાસ (Mental Status Examination) કરી.

## • ડાયરીમાં નોંધ :

પ્રતીક તથા તેના માતાપિતાને અલગ અલગથી ડાયરીમાં લક્ષણોની (ઊબકા, ઊલટી, પેટમાં દુઃખાવો, માથાનો દુઃખાવો વગેરેની) રોજની નોંધ રાખવાની સલાહ આપી. જેમાં નીચેના મુદ્દાઓ આવરી લેવાનું જણાવ્યું.

૧. લક્ષણો દિવસમાં કયા સમયે શરૂ થાય છે તથા કયા સમયે બંધ થઈ જાય છે.
૨. લક્ષણોની માત્રા (થોડી, સામાન્ય, વધારે, તીવ્ર)
૩. શું કરવાથી લક્ષણો વધે છે?
૪. શું કરવાથી લક્ષણો ઓછા થાય છે?
૫. લક્ષણો કેટલો સમય રહે છે?

આ નોંધનું પૃથક્કરણ કરતાં નીચેની મહત્ત્વની હકીકત તરી આવી.

*મિત્રોને સંતુષ્ટ રાખવા કદી તેમને ઉધાર આપવાનું નહીં કે તેમના પાસેથી લેવું નહીં.*

(અ) લક્ષણો મુખ્યત્વે સવારના ૧૧.૦૦ આસપાસ શરૂ થતા હતા તથા બપોરના ૨.૦૦ વાગ્યા સુધી રહેતા હતા. આ બાદ લક્ષણો લગભગ ન રહેતા. ત્યારબાદ પ્રતીકને પૂછવા પર જ આ લક્ષણો છે એમ પ્રતીક જણાવતો. (શાળાનો સમય ૧૧.૩૦ થી ૫.૩૦ વાગ્યા સુધીનો હતો.)

(બ) રવિવારના દિવસે પ્રતીકને લગભગ તકલીફ ન થતી. (શાળામાં રવિવારે રજા હતી)

(ક) માતાપિતા તથા પ્રતીક છુટ્ટીઓ દરમ્યાન ૧૫ દિવસ બહારગામ ગયા હતા. આ દરમ્યાન પ્રતીકને તકલીફ ન હતી.

(ડ) યુનિટ ટેસ્ટ દરમ્યાન પ્રતીકની તકલીફો વધી ગઇ હતી.

માતાપિતા તથા પ્રતીક જોડે ડાયરીની નોંધ વિશે ચર્ચા દરમ્યાન સમજાયું કે શાળા જવાના સમયે લક્ષણો હોય છે કે વધી જાય છે. ત્યારબાદ લક્ષણો ઘટી જાય છે. યુનિટ ટેસ્ટ વખતે લક્ષણો વધી ગયા હતા. છુટ્ટીઓમાં લક્ષણો ન હતા.

- **મનોવિશ્લેષણ (Diagnostic Evaluation) :**

ઊંડાણમાં મેળવેલી માહિતી નીચે મુજબની હતી.

૧. પ્રતીક એક સામાન્ય વિદ્યાર્થી (average student) હતો. ૬૦% થી ૭૦%ની વચ્ચે ગુણાંક મળતા હતા. પિતાની અપેક્ષા હતી કે પ્રતીકને ૮૦%થી વધારે ગુણાંક મળવા જોઇએ. પિતાની હંમેશાં આ બાબત ટકોર રહેતી હતી. લાગણીશીલ પ્રતીકના મન પર આની નકારાત્મક અસર થતી હતી તથા માનસિક તાણ ઉત્પન્ન થતી હતી.

૨. પ્રતીકની સરખામણી (અયોગ્ય) પડોશીના દીકરા જોડે હંમેશાં થતી હતી જે ૯૦%થી વધારે ગુણાંક મેળવતો હતો. સગાંવહાલાં તથા અન્યોની હાજરીમાં પિતાજી પ્રતીક વિશે નકારાત્મક બોલી એને ઉતારી પાડતા હતા. "તું ઢબુ છે", "તું શું સારા ગુણાંકે પાસ થવાનો?" પિતાજીને થતું હતું કે આમ કરવાથી પ્રતીક વધારે અભ્યાસ કરશે. પરંતુ આનાથી ભાવનાત્મક પ્રતીકમાં હીન ભાવના (inferiority complex) થતી.

૩. પિતાજી ખૂબ જ ગુસ્સાવાળા હતા. કુટુંબમાં પણ બધા પ્રતીકના પિતાજીથી ગભરાતા હતા. બે-એક વખત તો નજીવી બાબતમાં પ્રતીકને એના પિતાજીએ લાકડીથી માર્યો હતો. આથી પ્રતીકમાં આત્મવિશ્વાસનો અભાવ હતો. એનામાં આવડત હતી.

૪. પ્રતીક પોતાના નિર્ણયો લેવાનું ટાળતો હતો. નિર્ણયો લેતી વખતે એ દ્વિધામાં રહેતો કે પિતાજીને આ ગમશે કે નહીં. પિતાજીની પ્રતિક્રિયા શું આવશે? નિર્ણયો ટાળવાનું એના વ્યક્તિત્વમાં આવી ગયું હતું.

૫. વર્ગમાં પ્રતીક સાથે એક જ બેન્ચ પર બેસનાર વિદ્યાર્થી ખૂબ જ મસ્તીખોર હતો. વર્ગમાં બધા વિદ્યાર્થીઓ એનાથી ડરતા હતા. એ વિદ્યાર્થી પોતાની મસ્તીથી પ્રતીકને વારંવાર ખલેલ પહોંચાડતો. આથી પ્રતીક વર્ગમાં અભ્યાસમાં ધ્યાન આપી શકતો ન હતો. જેથી પ્રતીક અભ્યાસમાં પાછળ રહી જતો હતો.

૬. થોડાક સમય પહેલાં વર્ગ-શિક્ષકે પ્રતીકને વર્ગમાં શિક્ષકની મસ્તી કરવા બદલ શિક્ષા કરેલ. હકીકતમાં મસ્તી બાજુના એ વિદ્યાર્થીએ કરેલ. પ્રતીક તો શાંત બેસી અભ્યાસ કરતો હતો. પરંતુ દોષનો ટોપલો પ્રતીક પર આવેલ. શિક્ષકે પ્રતીકના માતાપિતાને બોલાવી ઠપકો આપેલ. પિતાજી ઘરે પ્રતીક પર ખૂબ જ ગુસ્સે થયા હતા. પ્રતીકની વાત સાંભળવા જ તૈયાર ન હતા. આ પ્રસંગ પછી પ્રતીકની ઉપરની તકલીફો શરૂ થયેલ.

ઉપર્યુક્ત નકારાત્મક ઘટનાઓની પ્રતીકના સંવેદનશીલ મન પર ઊંડી અસર થઇ હતી. માતાપિતા તરફથી હૂંફ મળતી ન હતી. અભ્યાસ પરથી મન ઊઠી ગયું હતું. શાળા તથા અભ્યાસ સંવેદનશીલ પ્રતીક માટે માનસિક તાણ પેદા કરતા હતા. માનસિક તાણથી (Mental Stress) થતાં ન્યુરોટ્રાનસમીટર તથા હોર્મોન્સની અસર પાચનક્રિયાના અવયવો પર થઇ હતી. આથી ઊબકા તથા ઊલટી થતા હતા. પેટમાં દુઃખાવો રહેતો હતો. શારીરિક લક્ષણોને લીધે માતાપિતા તરફથી સહાનુભૂતિ પણ મળી.

- **સારવાર :**

સારવારને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવી અને સારવાર શરૂ કરી.

૧. પ્રતીકની સારવાર : પ્રતીક જોડે વ્યક્તિત્વના વિકાસ તથા અભિગમમાં જરૂરી યોગ્ય ફેરફાર વિશેની કોગનિટિવ બિહેવિયર થેરાપીની (Cognitive Behaviour Therapy CBT) પદ્ધતિઓ અપનાવી. માનસિક તાણનો સામનો કરવાની (Stress Management) પદ્ધતિઓ અમલમાં મૂકવા માટેની પદ્ધતિઓ અમલમાં મૂકી. પોતાના વિચારો તથા નકારાત્મક ભાવનાઓને વ્યક્ત કરવાની પદ્ધતિઓ શીખવાડી.

આથી પ્રતીકના આત્મસન્માન (Self esteem) તથા આત્મવિશ્વાસમાં (Self confidence) વધારો થયો. જવાબદારી લઇ આયોજન કરી, નિર્ણયો કરી એ નિર્ણયોને અમલમાં લાવવાની ક્ષમતામાં વધારો થયો. સહનશક્તિ તથા મનથી બાંધછોડ કરવાની વૃત્તિમાં વધારો થયો.

૨. માતાપિતા જોડે કાઉન્સેલિંગ : માતાપિતા જોડે માનસિક તાણ તથા તાણથી થતી શારીરિક ખલેલ વિશેની વૈજ્ઞાનિક જાણકારી આપી. (Psychoeducation) માનસિક તાણથી થતાં શારીરિક લક્ષણો વિશે જાણકારી એમને સમજાય એ રીતે સાદી સરળ ભાષામાં આપી.

માતા-પિતાનો (૧) અભ્યાસ પ્રત્યેનો અભિગમ, (૨) પ્રતીકની ક્ષમતા

*પ્રશંસા વ્યક્તિમાં નૈતિક સાહસ જગાડે છે.*

પ્રમાણેની અભ્યાસની અપેક્ષા, (૩) પ્રતીકને વ્યક્તિગત રીતે અભ્યાસ બાબતમાં પ્રોત્સાહન આપવાની પદ્ધતિઓ, (૪) પ્રતીકની અન્ય પ્રવૃત્તિઓમાં રસ લેવાની બાબત વિશે કાઉન્સેલિંગ કર્યું. નકારાત્મક વલણ તથા અયોગ્ય સરખામણી ન કરવાની તકેદારી રાખવાની ચર્ચા કરી.

પ્રતીકના વ્યક્તિત્વના ઘડતર તથા વ્યક્તિત્વના વિકાસ માટેના અભિગમ વિશે, ગુણવત્તાભર્યો સમય ફાળવવા માટે તથા પ્રતીકમાં આત્મવિશ્વાસ આવે એ બાબત વિશે પણ કાઉન્સેલિંગ કર્યું.

૩. શાળા : મનોચિકિત્સકની કાઉન્સેલિંગથી માતાપિતા પ્રતીકના વર્ગ શિક્ષકને મળી આવ્યા. પ્રતીકની ભણતર બાબત ચર્ચા કરી. વર્ગમાં તોફાની વિદ્યાર્થી જે પ્રતીકને તકલીફ આપતો હતો તેનાથી અલગ બેસાડવા બાબત વિનંતી કરી. જે વર્ગશિક્ષકે માન્ય રાખી. વખતોવખત માતાપિતા વર્ગશિક્ષકને મળવા લાગ્યા તથા પ્રતીકની પ્રગતિ વિશે એમની જોડે ચર્ચા કરી જરૂરી ફેરફારો કરતા રહ્યા.

- **સારવારના પરિણામો :**

આ બધા પ્રયત્નો તથા ફેરફારોથી પ્રતીકની તબિયતમાં સુધારો થયો. પ્રતીક નિયમિત શાળાએ જતો થઇ ગયો. ઊબકા, ઊલટી, દુઃખાવો બંધ થઇ ગયા. વાર્ષિક પરીક્ષામાં પ્રતીક બધા વિષયોમાં પાસ થઇ ગયો તથા ૭૦% ગુણાંક મેળવ્યા. આથી પ્રતીક, માતાપિતા, વર્ગશિક્ષક સૌ રાજી થયા.

પ્રતીક તથા માતાપિતાના સુમેળભર્યા સંબંધો સ્થપાયા. સંવાદ, સંપર્કનો સુમેળ થયો. પ્રતીકમાં આત્મવિશ્વાસ તથા આત્મસન્માન તથા વ્યક્તિત્વનું ઘડતર થયું.

- **બાળકોમાં માનસિક તાણ :**

આજની આધુનિક ૨૧મી સદીમાં સંયુક્ત કુટુંબ વિખરાઇ વિભક્ત કુટુંબમાં પરિવર્તન પામી રહ્યાં છે. નૈતિક મૂલ્યો બદલાયા છે. ભૌતિક સુખ તરફ લોકો વધુને વધુ ઢળી રહ્યા છે. અપેક્ષાઓ બદલાઇ ગઇ છે. ભણતર તથા ડિગ્રીનું મહત્ત્વ વધી રહ્યું છે. આ બધાને લીધે માનસિક તાણ વધી રહી છે.

બાળકોમાં માનસિક તાણથી થતા રોગોનું પ્રમાણ વધી રહ્યું છે.

- **માનસિક તાણ તથા શારીરિક લક્ષણો :**

માનસિક તાણથી શરીરમાં સ્ટ્રેસ હોરમોન્સ ઉત્પન્ન થાય છે. આ હોરમોન્સની અસર શરીરના દરેક અવયવો પર થાય છે. તથા આ અવયવોની કદ, રચના, કાર્યમાં ખલેલ પહોંચે છે જેથી શારીરિક લક્ષણો પેદા થાય છે. શારીરિક લક્ષણો વખતે શારીરિક તપાસ બધી નોરમલ આવે છે. (પ્રતીકના કેસ મુજબ)

માનસિક તાણને લીધે બાળકોમાં શારીરક લક્ષણો વધારે જોવા મળે છે જેવા કે માથાનો દુઃખાવો, પેટનો દુઃખાવો, છાતીનો દુઃખાવો, ઊબકા, ઊલટી, ભૂખ ન લાગવી, વજન ન વધવું વગેરે. શારીરિક લક્ષણો હોય અને શારીરિક તપાસ, લેબોરેટરી તપાસ નોરમલ હોય ત્યારે મનની તપાસ મનના તજજ્ઞ (મનોચિકિત્સક) પાસે કરાવવી જરૂરી છે યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર કરાવવાથી તકલીફો દૂર થાય છે અને ગુણવત્તાભર્યું જીવન જીવી શકાય છે. ■

# એલર્જીને ઓળખીએ

● ડૉ. હર્ષદ વી. કામદાર - બાળ રોગ નિષ્ણાત ●

કુદરતે આપણા શરીરને સુંદર રક્ષણાત્મક રોગપ્રતિકારક શક્તિ આપેલ છે. બહારના વાતાવરણમાંથી કોઈપણ વિષાણુ કે જીવાણુ હુમલો કરે એટલે આપણું પ્રતિકારક તંત્ર તૈયાર થઈ જાય છે. આ જીવાણુ કે વિષાણુ પ્રોટીનયુક્ત પદાર્થો છે. જ્યાં આ જીવાણુઓ હુમલો કરે તે જગ્યાએ વધારે લોહીનો જથ્થો પહોંચી જઈ અંદરથી શ્વેતકણો બહાર આવી જીવાણુઓની ફરતે એક આવરણ રચી દે છે તેમને મારી નાખી ગળી જાય છે. આમ આવા જીવાણુઓના ચેપને આખા શરીરમાં ફેલાતો અટકાવી દે છે. લડતાં લડતાં શહીદ થયેલા શ્વેતકણોનો જથ્થો એટલે "પરુ".

આમ આ એક ખૂબ જ જટિલ પણ ડહાપણયુક્ત પ્રક્રિયા છે. જેમાં બહારના પ્રોટીનયુક્ત જીવાણુઓ અને વિષાણુઓને હુમલા કરતા શરીર અટકાવે છે.

કેટલાક સંવેદનશીલ માણસોમાં આ શક્તિ વધારે પડતો ઉત્સાહ દાખવે છે. તે બહારના હુમલાઓને ઓળખવામાં ભૂલ ખાઈ જાય છે. બહારના કોઈપણ પ્રોટીનયુક્ત પદાર્થો જેવા કે પરાગરજ, પક્ષીઓના પીછાં, હાઉસડસ્ટ વગેરેને તે હુમલો કરનાર ધારી લે છે અને લડવાની તૈયારી કરવા માંડે છે.

નાકની અંદરની ત્વચામાં આ પદાર્થો જાય તો ત્યાં લાલ થઈ પાણી નીકળવા લાગે છે અને છીંકો આવવા લાગે છે. આંખોમાં જાય તો પાણી નીકળી લાલ થઈ જાય છે. શ્વાસનળીમાં જાય તો ત્યાં પણ રક્ષણાત્મક પ્રક્રિયાના ભાગરૂપે ચીકણો કફ નીકળી શ્વાસનળી સાંકડી બની જતાં દમનો હુમલો આવે છે. આમ આ પણ એક પ્રકારની લડવાની તૈયારી જ છે. **પરંતુ રોગપ્રતિકારક શક્તિને જેમ ડહાપણયુક્ત રક્ષણાત્મક પ્રક્રિયા કહેવાય છે, તેમ આ પ્રક્રિયા જે વધુ પડતી સંવેદનશીલ પણ ગાંડપણયુક્ત છે, તેને 'એલર્જી' કહેવામાં આવે છે.**

**જેમ વધુ પડતી બેદરકારી અને આળસ નકામા છે, તેમ વધુ પડતો ઉત્સાહ અને વધુ પડતી સંવેદનશીલતા પણ આપણા માટે નુકસાનકારક નીવડે છે. એલર્જીને તેનું સુંદર ઉદાહરણ કહી શકાય.**

કેટલીક વખત તો આ પ્રકારના બહારના પ્રોટીનને ઓળખવામાં શરીર સખત ભૂલ ખાઈ જાય છે અને એવી ખરાબ પ્રતિક્રિયા દર્શાવે છે કે માણસની જિંદગી જોખમાય છે. દા.ત. કોઈ સંવેદન બાળકને પેનીસીલીનની ઍલર્જી હોય અને ટેસ્ટ કર્યા વગર તેનું ઈંજેક્શન આપવામાં આવે તો ઍલર્જીક રિએક્શન આવતા શીળશ, હાંફ, ખંજવાળનો હુમલો આવી શ્વાસ રુંધાય છે. નાડી ધીમી પડતાં બી.પી. નીચે ઉતરી જાય છે અને જો આ વખતે તાત્કાલિક સારવાર ના મળે તો બાળકની જિંદગી જોખમાય છે.

આ પ્રકારના જીવલેણ હુમલાને 'એનાફાયેક્ટિક રિએક્શન' કહે છે જે ઍલર્જીનું ખૂબ જ ભયંકર સ્વરૂપ છે.

જે રોગપ્રતિકારક શક્તિ આપણને ચેપી હુમલાઓથી બચાવે છે એનો જ એક ગાંડપણભર્યો પ્રકાર કેટલાક સંવેદનશીલ માણસોમાં જીવલેણ નીવડે છે અને મોતનું કારણ બને છે. ત્યારે આપણા નામાંકિત કવિશ્રી કલાપીની આ પંક્તિઓ યાદ આવે છે.

*'જે પોષતું તે મારતું, એ ક્રમ નથી શું કુદરતી?'*

સૂર્ય નીચેના તમામ પદાર્થો અને સૂર્ય પોતે પણ ઍલર્જીનું કારણ બની શકે છે. એટલે કે પૃથ્વી પરના તમામ પદાર્થો ઍલર્જી કરી શકે છે. ઍલર્જી કરતા મુખ્યત્વે પદાર્થો એક પછી એક વિગતવાર જોઈએ.

૧. હવામાં ઊડતાં પદાર્થો : પરાગરજ, હાઉસડસ્ટ, અવાવરું ધૂળ, પક્ષીઓના પીંછાં, પ્રાણીઓના વાળ કે હગાર રજકણો વગેરેથી કાયમી શરદી કે દમનો હુમલતો થતો જણાય છે.

૨. સ્પર્શથી : ટેરેલીન, નાયલોનના વસ્ત્રો, કોસ્મેટિક, સ્પ્રે, સાબુ વગેરેથી ચામડીની ઍલર્જી થાય છે.

૩. વાતાવરણથી : ભેજવાળું વાતાવરણ, બંધિયાર રૂમ, ઠંડી સીઝન, જંતુનાશકોની વાસ, વઘારની વાસ, ધ્રુમપાન વગેરેથી દમનો હુમલો આવે છે.

૪. ખોરાકની ઍલર્જી : કઠોળ, ઈંડાં, મટન, માછલી, ખાટાં ખોરાક વગેરેની ઍલર્જીથી શીળશ કે ઝાડાનો હુમલો થયા કરે છે.

૫. દવાઓ અને ઈંજેક્શન - પેનીસીલીન, સલ્ફા, એન્ટિબાયોટીક્સ, એનાલ્જીન વગેરે દવાઓથી શીળસ કે દમ કે એનાફાયલેક્ટિક હુમલો આવી શકે છે.

૬. રંગ અને રસાયણો- કેટલાક રંગો અને રસાયણોથી ચામડીની ઍલર્જી થાય છે.

આ ઉપરાંત કેટલાક શારીરિક કારણોથી પણ ઍલર્જીના હુમલા આવી શકે છે જેમ કે...

(અ) કસરતો, દોડાદોડી, શારીરિક શ્રમ વગેરે...

(બ) માનસિક તાણ, ઉદ્વેગ, ભય, ગુસ્સો, ઉત્તેજના, ચિંતા શોક વગેરેથી પણ ઍલર્જીનો હુમલો આવી શકે છે.

(ક) કેટલાક ચેપ જેવા કે શરદી, ફ્લુ વગેરેથી દમનો હુમલો થઈ શકે છે.

હવે ઍલર્જીના લક્ષણો અને નિદાન આવતા લેખમાં જોઈશું.

*ગુંજન, બાળકોની હોસ્પિટલ,*
*તારા સદન, મિરઝાપુર પોલીસ ચોકી સામે, મેઈન રોડ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.*
*ફોન : ૦૭૯-૨૫૬૨ ૨૨૦૭, ૨૬૬૩ ૮૨૦૭*
*મો. ૯૮૭૯૦ ૨૯૭૩૩*

*સંતોષ વર્તમાન ધન છે, પૈસો ભવિષ્ય માટે પણ બંનેના સમ્યક્ ઉપયોગથી જ સુખ મળે.*

રમત ગમત

# હારીને પણ જીતી ગયેલા રમતજગતના સિકંદરો

● બેલા ઠાકર ●

તાજેતરમાં જ દિલ્હી ખાતે ૧૯મો કોમનવેલ્થ રમતોત્સવ યોજાઈ ગયો. જેમાં આપણા દેશના ઘણા ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું અને આપણા દેશની ઝોળી સુવર્ણ ચંદ્રકો, રજત ચંદ્રકો અને કાંસ્ય ચંદ્રકોથી છલકાવી દીધી. આપણે આગામી એશિયન રમતોત્સવ અને ઓલિમ્પિક્સમાં વધુ ખેલાડીઓને મોકલવાનું અને તેમાં પણ વધુ મેડલો મેળવવાનું સ્વપ્ન સેવીએ છીએ.

દુનિયાનો દરેક મોટો ખેલાડી ઓલિમ્પિક્સમાં ભાગ લેવાનું અને જીતવાનું સ્વપ્ન સેવે છે અને આવી જ તમન્ના ઓલિમ્પિક્સમાં ભાગ લઈ રહેલ પ્રત્યેક દેશ અને તેના દેશવાસીઓ પણ ધરાવે છે. જોકે, છેલ્લા થોડાં વર્ષોથી ઓલિમ્પિક્સમાં ખેલદિલી કરતાં ગમે તે પ્રકારે જીત હાંસલ કરવી એવું ચલણ વધુ જોવા મળે છે. જીત મેળવવા સ્ટીરોઈડ્ઝ અને પ્રતિબંધક ડ્રગ્સનું સેવન કરવું કે બેઈમાની કરવી, હરીફ ખેલાડીને ઉતારી પાડવો, અપશબ્દો બોલવા જેવા દાખલા વધતા જાય છે ત્યારે યાદ આવે છે ઈતિહાસમાં નોંધાયેલા એવા કેટલાક કિસ્સા જ્યાં ખેલાડીઓએ પોતાની જીતને જતી કરીને પણ ખેલદિલી અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હોય.

૧૯૩૬માં બર્લિન ખાતે ઓલિમ્પિક્સ રમતોનું આયોજન થયું હતું જેને હિટલરે પોતાના નાઝીવાદ અને અહમના પ્રદર્શનનું માધ્યમ બનાવ્યું હતું. તેને એવો ઘમંડ હતો કે જર્મન પ્રજા, એ બીજા કરતાં 'ચડિયાતી એવી આર્યન પ્રજા છે.' તેણે પોતાના ખેલાડીઓને બ્લેક (આફ્રિકન) ખેલાડીઓ સાથે વાત કરવાની કે હળવા ભળવાની મનાઈ ફરમાવી હતી. આ ઓલિમ્પિક્સમાં મહાન અમેરિકન બ્લેક એથ્લીટ જેસી ઑવેન્સ પણ ભાગ લઈ રહ્યો હતો. આ પહેલાં તે લોંગ જમ્પમાં ૮.૧૩ મીટર જેટલો જમ્પ લગાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવી ચૂક્યો હતો, પણ બર્લિનમાં તે થોડો નર્વસ હતો. લોંગ જંપના પહેલા બે પ્રિલિમીનરી રાઉન્ડમાં તેને 'ફાઉલ' મળ્યો હતો. બંને વખત તેનો પગ ટેક ઑફ બાઉન્ડ્રીની બહાર પડ્યો હતો. હવે છેલ્લી એક જ ટ્રાયલ બાકી હતી અને તેમાં પણ જો તેને 'ફાઉલ' મળે તો તે ડિસક્વૉલિફાય થઈ જવાનો હતો. **તેવામાં કાર્લ લુડવિંગ નામનો જર્મન ખેલાડી, જે 'લુઝ લોંગ' તરીકે જાણીતો હતો તે તેને મળવા આવ્યો. તેણે ઓવેન્સને સલાહ આપી કે તે ટેક ઓફ બાઉન્ડ્રીની બહાર એક રેખા દોરે અને ત્યાંથી કૂદકો મારે. આમ, કરવાથી તેનો જમ્પ ચોક્કસ થોડો નાનો થશે, પણ તે ડિસક્વોલિફાઇડ થવાથી બચી જશે.** ઑવેન્સે તેની સલાહ માની. તે ક્વૉલિફાઇડ થયો અને લોંગ જમ્પમાં તેણે ગોલ્ડ મેડલ મેળવ્યો. લુઝ લોંગને સિલ્વર મેડલ મળ્યો. પાછળથી બંને ખૂબ સારા મિત્રો બની ગયા હતા. **જેસી ઓવેન્સે એક અખબારી મુલાકાતમાં જણાવ્યું હતું, 'મારા બધા ગોલ્ડ મેડલ્સ અને સુવર્ણકપ પણ લુઝ લોંગ આગળ ફિક્કા છે.** હિટલરની હાજરીમાં તેણે મારા જેવા બ્લેક ખેલાડી સાથે વાત કરવાનું, મને પ્રોત્સાહન આપવાનું સાહસ ખેડ્યું હતું. હું તેના માટે જે મૈત્રીભાવ અનુભવું છું, તે મારે મન અમૂલ્ય છે.'

**લુઝ લોંગ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન માર્યો ગયો. પાછળથી તેને મરણોત્તર 'પેરી દ કુબરતિન' મેડલ અર્પણ કરવામાં આવ્યો, જે ઓલિમ્પિક્સમાં ખેલદિલી અને સૌહાર્દનું અનોખું દૃષ્ટાંત પૂરું પાડતાં ખેલાડીને એનાયત કરવામાં આવે છે.**

૧૯૮૮માં સિઓલ ખાતે આયોજિત ઓલિમ્પિક્સમાં પણ આવો જ એક ઉત્કૃષ્ટ દાખલો જોવા મળ્યો હતો. હલેસાં નાવની સ્પર્ધામાં કેનેડાનો ખેલાડી લેરી લેમ્યુક્સ ફાઈનલ સ્પર્ધામાં બીજા સ્થાને લીડ કરી રહ્યો હતો. તેનો સિલ્વર મેડલ નિશ્ચિત થઈ ચૂક્યો હતો અને જો અંતિમ પળોમાં તે તેની આગળના ખેલાડીને આંબી જાય તો ગોલ્ડ મેડલ તેના ફાળે આવવાનો હતો. તે વધુ જોશથી એકાગ્ર થઈ હલેસાં મારવા લાગ્યો. ત્યાંજ તેની નજર સીંગાપોરના ખેલાડી જોસેફ ચાન પર પડી જે પાણીના જોરદાર પ્રવાહમાં ડૂબકાં ખાઈ રહ્યો હતો. તેની બોટ ઊંધી વળી ગઈ હતી. **એક ક્ષણ માટે લેરી ખચકાયો. જો તે આ ખેલાડીની મદદે ધાય તો તેણે મેડલ ગુમાવવો પડે તેમ હતું. પરંતુ બીજી જ ક્ષણે તે પાણીમાં કૂદી પડ્યો અને ચાનની ઊંધી વળી ગયેલી બોટને સીધી કરી ચાનને તેની બોટમાં પાછો બેસાડ્યો.** રેસ્ક્યુ બોટ આવી ત્યાં સુધી તે તેની સાથે રહ્યો. આ સ્પર્ધામાં લેરી અગિયારમાં ક્રમાંકે આવ્યો. **તેને મેડલ તો ના મળ્યો પણ તેણે જે અભૂતપૂર્વ માનવતા દાખવી હતી તે બદલ ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના પ્રેસિડેન્ટે તેને 'પેરી દ કુબરતિન' એવૉર્ડથી નવાજિત કર્યો.**

ઈ.સ. ૨૦૦૬માં તુરીન (ઈટાલી) ખાતે આયોજિત વિન્ટર ઓલિમ્પિક્સમાં કેનેડાની સારા રેનર નામની મહિલા ખેલાડી સ્પ્રિન્ટ સ્કી રેસમાં તેની ટીમને લીડ કરી રહી હતી. અચાનક તેના ડાબા હાથનો સ્કી પૉલ પડી ગયો. એક પૉલની મદદથી તેણે સ્કીઈંગ ચાલુ તો રાખ્યું પણ એમ કરવું ખૂબ મુશ્કેલ હતું અને તે અન્ય દેશોના ખેલાડીઓથી પાછળ

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫૩ ઉપર)

*મૌનવ્રત અને ધીરજ દ્વારા તમો વધુ શાંતિ મેળવી શકો છો.*

વાર્તા

# મેઘજી પટેલ

• પ્રા. પૃથ્વી શાહ •

રાત્રે મેઘજી મૃત્યુ પામ્યો. બપોરના લાશ પ્રત્યે વટેમાર્ગુનું ધ્યાન જતાં પોલીસને જાણ કરવામાં આવી. પોલીસ આવી. હોસ્પિટલને વરદી લખાવાઈ.

'એક અજાણ્યો માણસ ઠંડીથી થીજીને મૃત્યુ પામ્યો છે. કેટલાક સમયથી મગજની અસ્થિરતામાં તે રસ્તા ઉપર પડી રહેતો હતો એવી વિગત સાંપડી છે. આ લાશની અંતિમ વિધિની વ્યવસ્થા ગોઠવવી.'

બૃહદ્ મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને ગુજરાતનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. અમદાવાદમાં સરકારી કામકાજનો પ્રારંભ થયો. સરકારી પોલીટેક્નિકના મકાનમાં સચિવાલય અને અન્ય સંલગ્ન કચેરીઓને કાર્યાન્વિત કરવામાં આવી. ગુજરાત માટે અલગ પાટનગરનો પ્રશ્ન પેદા થયો.

મહાત્મા ગાંધીના ગુજરાતમાં રાષ્ટ્રપિતાની સ્મૃતિને અખંડ રાખવા ગાંધીનગર નામથી રાજધાની સ્થાપવાનું નક્કી થયું. મૂળ મહેસાણા જિલ્લાના કલોલ તાલુકાના કેટલાક ગામોની જમીન સંપાદન કરી તેમાં વિશાળ પાટનગર બાંધવાનું અને તેને ગાંધીનગર નામ આપવાનું નક્કી થયું. આ માટે કુલ ૧૦,૫૫૪ એકર જમીન સંપાદન કરવાનું આયોજન થયું. **આ પૈકી વાવોલ ગામની ૨૧૧૮ એકર જમીન સંપાદન કરવાની હતી.**

વાવોલ ગામના ગ્રામજનોએ અત્યાર સુધી સરકારી અધિકારી તરીકે ક્યારેક મામલતદારના દર્શન કર્યા હતા. પ્રધાનોને જોવાનો લાભ તો વાવોલના લોકોને કદીય મળ્યો ન હતો.

ગામના ચોરામાં અવારનવાર રાતના સમયે મોતીકાકા, સદાભા, નારાણ કાકા, રણછોડભાઈ, યુવાન અમરસિંહ અને કુબેરસિંહ ભેળા થતા અને ગામના સુખદુઃખની વાતો કરતા. એક દિવસ સૌ બેઠા હતા ત્યાં ઉપર લાલ લાઈટવાળી ગાડી આવી. તેમાંથી પ્રધાન ઉતર્યા. પોતાના આંગણે પ્રધાનને પધારેલા જોઈને સૌ હરખાયા. ખબર મળતાં એક માઢના મોભી મેઘજી પટેલ પણ આવ્યા. પ્રધાનની આગતા સ્વાગતા થઈ. પ્રધાને જ વાત કાઢી.

"તમારા બધાની વારાફરતી ઓળખાણ આપો તો સારું."

બધા એક પછી એક પોતાની ઓળખાણ આપતા ગયા. પ્રધાનને સદાભા અને મોતીકાકાના નામ યાદ રહી ગયા.

"જુઓ સદાભા! આપણી સરકારે રાજ્યનો વહીવટ કાર્યક્ષમતાથી ચલાવવા નવું પાટનગર બનાવવાનું નક્કી કર્યું છે."

"વાહ, એના જેવું રૂડું શું?" સદાભાએ ખુશી વ્યક્ત કરી.

"પાટનગરને મહાત્મા ગાંધીની યાદમાં ગાંધીનગર એવું નામ આપવાનું સરકારે નક્કી કર્યું છે."

"તો, તો રાષ્ટ્રપિતાની કદર કરી ગણાશે." અમરસિંહે કહ્યું.

"હં, તો આ નવી રાજધાની માટે અમને અહીંનો વિસ્તાર બહુ પસંદ પડ્યો છે. આ જમીન ઉપર નવું નગર રચાય, તે આખા ગુજરાતની રાજધાની બને, રાજ્યનો કારોબાર આ ધરતી ઉપરથી ચાલે એવી અમારી ઈચ્છા છે. આ માટે તમારી જમીન રાજને જોઈશે. બદલામાં રાજ તમને મોટું વળતર આપશે."

"રાજ જે નિર્ણય લે તે રૈયતના હિતમાં જ હોય, પણ રાજ તરફથી મળનાર વળતરની વિગતો અમે ગામલોકોને આપી શકીએ એ માટે વાત થોડી માંડીને સમજાવો તો સારું."

"જુઓ, જેમની જમીન સંપાદન થશે તેમને જમીનના બદલામાં કાયમી આવક માટે ગાંધીનગરમાં એક દુકાન, સરકારના ખર્ચે બનાવીને આપવામાં આવશે. દરેક કુટુંબ દીઠ એક યુવાન દીકરાને અથવા દીકરીને સરકારી નોકરી આપવામાં આવશે. તમારા દીકરા કે દીકરીની ગાંધીનગરની બહાર બદલી નહીં થાય તેની જવાબદારી સરકાર સ્વીકારશે. રાજધાની તરીકે નગરનો વિકાસ થશે તેવા વિકસિત નગર માટે જેમણે જમીન ગુમાવવી પડી હશે તેને તેના પ્રમાણમાં સુવિધાવાળી જગ્યામાં પ્લોટ આપીશું. આ કામગીરી માટે તમારે સરકારી કચેરીમાં નહીં આવવું પડે. સરકારના અધિકારીઓ તમારે ઘરે આવીને તમારું કામ પતાવી આપશે."

**પાટનગર માટે ઝડપથી જમીન સંપાદનની કામગીરી પતાવવામાં આવી. વળતર નક્કી થયું ત્યારે ખેડૂતો આઘાત પામ્યા. એક વારના ૨૭ પૈસે લેખે વળતર નક્કી થયું. સરકારે દુકાન આપવાની વાત કરી હતી પણ એવી નાનકડી દુકાન આપી, જેમાં દરવાજા પણ નહિં અને આસપાસ કોઈ સુવિધા પણ નહિ. કુટુંબમાંથી એક વ્યક્તિને ભણતરના પ્રમાણમાં ચોકીદાર, ડ્રાઈવર, કારકૂન જેવી નોકરી મળી.** દર વરસે ખેતી કરી ગુજરાન ચલાવતા હતા એ જમીન તો કાયમ માટે છીનવાઈ ગઈ હતી. છતાં રાજધાની માટે જમીન ઉપયોગમાં લેવાઈ તેનો ખેડૂતોને સંતોષ હતો. સરકારને મનાવી, બાકીની સુવિધાઓ મેળવાશે એવી ધરપત ગામ આગેવાનો સૌને આપતા રહ્યા.

ગાંધીનગર બંધાયું. નગરમાં વસવાટ પણ શરૂ થયો. સચિવાલય પણ ધમધમતું થયું. કર્મચારીઓને પ્લોટ મળ્યા. પણ પેલા ખેડૂતો પ્લોટ માટે તલસતા રહ્યા. એક દિવસ મેઘજી

*જાત અનુભવ વિના બીજાની પીડા ન સમજાય.*

પટેલ મામલતદારને મળવા ગયા. સાહેબ હળવા મુડમાં હતા. મેઘજી પટેલના મનમાં આક્રોશ હતો. તે સાહેબના પ્રશ્નોના જવાબ વ્યંગભરી વાણીમાં આપતો રહ્યો.

"જુઓ મેઘજી પટેલ, તમે કામ કઢાવવા આવ્યા છો ને? હું રહ્યો સરકારી અમલદાર. ઘાટ-ઘાટના પાણી પીને રાજધાનીમાં આવ્યો છું. બનાવવાની કોશિશ ન કરતા. મુદ્દાસર પતાવજો.

"એ મુદ્દાસરની વાતમાં તો સાહેબ, અમારી આ દશા થઈ. અમને ઘાટમાં ઘાલ્યા. અમારું ઘાણ કાઢી નાખ્યું!"

"સરકારે તમને જમીનનું વળતર આપ્યું. છોકરાઓને નોકરી આપી અને લટકામાં પ્લોટ મળવાનો છતાં રોદણાં રોવા આવ્યા કરો છો?"

**"સાહેબ, આ તો ઘૂંટડા ગળી જઈએ છીએ. જમીનનું શું વળતર મળ્યું? એક વાર જમીનના વળતરમાંથી બીડીની એક ઝૂડી પણ ન આવે કે ચાનો અર્ધો કપ પણ કોઈ ન પીવડાવે. તમે સાહેબલોકે ભેગા થઈને અમને ખેડૂતોને કોથળામાં પાંચ શેરી ઘાલીને એવા પીટ્યા છે કે આ ભવે તો કળ નહિ જ વળે."**

"પટેલ, આમ શબ્દોના ચાબખા ન લગાવો. બધી પૈસાની ગરમી છે."

"સાહેબ, અમારા તો હાથ હેઠા પડ્યા છે. કાયમ માટે અમારી જમીન ગઈ. દુકાન બાબતે તો કેવા કેવા સપના સેવ્યા હતા પણ સાવ નાનકડી, દરવાજા વિનાની ભંગાર દુકાન મળી. દરવાજાનો ખર્ચ તો અમારે લટકામાં માથે ચઢશે. પ્લોટ મેળવવા આંટાફેરાનો અંત નથી આવતો. આ તો પાટનગરની રચના માટે જમીન આપવાની હતી એટલે ઘુંટડો ગળી બેઠા છીએ. અમારા ચહેરાનું નૂર ઊડી ગયું છે. નવી પેઢીની અમારે હાથે ઘોર ખોદાયાનો મનમાં રંજ છે. પ્લોટ નહિ મળે તો છોકરાઓને મોઢું બતાવવા જેવું નહિ રહે. સાહેબ, હવે ચક્કરમાં નાખ્યા વિના કામ જલ્દી પતે એવું કંઈક કરો."

"જરૂરી દસ્તાવેજો લાવો. બધા સહી કરવા સાથે આવો. આ તો સરકારી કામ છે. તમે માંગો એટલે પ્લોટ મળી જાય? કાયદાના પ્રશ્નો ઊભા ન થાય તેની પણ તકેદારી અમારે રાખવી પડે. અત્યારે કલેક્ટર સાહેબ મને બોલાવે છે એટલે જાઉં છું. હવે જરૂરી દસ્તાવેજો સાથે લઈને જ આવવાની ખાસ સલાહ આપું છું."

મેઘજી પટેલની કુલ સત્તાવીસ વીઘા જમીન સંપાદનમાં ગઈ.

મેઘજી પટેલની જે જમીન સરકારના કબજામાં આવી હતી ત્યાં બાંધકામ વિભાગની ત્રણ માળની ભવ્ય ઈમારત ઊભી થઈ હતી.

**મેઘજી પટેલને સરકાર તરફથી પ્લોટની ફાળવણી થાય એ પહેલાં તેની સંપાદિત થયેલ જમીનનો ભાવ સરકાર તરફથી મીટરનો ચાર હજાર રૂપિયા ઠરાવાયો હતો.**

જમીન ગઈ એ પહેલાં મેઘજી પટેલે આ જગ્યાએ એક ફાર્મ હાઉસ બનાવ્યું હતું. આંગણામાં નાનકડો બગીચો બનાવ્યો હતો. ચારેકોર થોરિયાની વાડ બનાવી હતી. આંગણામાં કેળના છોડ અને ફાર્મમાં સીતાફળ, આંબા અને જામફળના વૃક્ષો હતા. સીઝનમાં આ વૃક્ષો ફળોથી લચી પડેલા જોવા મળતા. એક વૃક્ષની મજબૂત ડાળે દોરીનો હીંચકો બાંધ્યો હતો. છોકરાઓ આ હીંચકે હીંચવા આવતા. મેઘજી પટેલે કેટલાય લોકોને આ ફાર્મમાં બાજરાના રોટલા અને રીંગણનું ભડથું ખાવા આમંત્ર્યા હતા. ખેતરમાં એક નાનકડો ચબૂતરો પણ બનાવાયો હતો. આંગણામાં સવાર-સાંજ એક-બે મોર અચૂક જોવા મળતા. નાના છોકરાઓ આંગણામાં મોરના વિખરાયેલા પીંછા વીણીને ભાવપૂર્વક ઘેર લઈ જતા.

જમીનની સરકાર તરફથી માપણી થતી હતી ત્યારે પણ મેઘજી ઉત્સાહથી મહેમાનોને અને નાના છોકરાઓને આ જગ્યાએ રાજયની રાજધાની બનશે અને સમગ્ર ગુજરાતનું રાજ અહીંથી ચાલશે એવું ગર્વથી કહેતો હતો.

પાટનગરની રચના માટે આ વિસ્તારની જમીનનું સંપાદન કરવાનું નક્કી થયું તેના થોડાંક દિવસ અગાઉ એક ઉદ્યોગપતિ વાવોલ ગામે આવ્યા હતા. તેમનો ભેટો મેઘજી પટેલ સાથે થયો હતો.

"કેમ પટેલ, આ ખેતર તમારું છે?"

"હોવે, કેમ પૂછવું પડ્યું?"

"અમસ્તુ. તમારે કુલ કેટલી જમીન હશે?"

"સત્તાવીશ વીઘા."

"અત્યારે આ જમીનના ભાવ કેટલા ચાલે છે?"

"વીઘા જમીનના બે હજાર તો ખરા."

"પટેલ, તમારો થોડી જમીન વેચવાનો ઈરાદો ખરો? વીઘાના અઢી હજાર દામ રોકડમાં ચૂકવવાની મારી તૈયારી છે."

"ભાઈ, ભીંત ભૂલો છો. આવ્યો છો તો આજે મારા મહેમાન, જમીને જજો. જમીન તો ખેડૂતોનો આધાર કહેવાય. જમીન વિના રોટલા ક્યાંથી મળવાના? **મહેરબાની કરી કોઈ ખેડૂત પાસે જમીન માંગવા જવું નહિં. જમીનની માંગણી કરો એટલે માનું માંગુ કરો એવો ઘા ખેડૂતને વાગે, સમજ્યા?"**

"આ તો જમીન ખરીદવી છે એટલે પૂછ્યું. તમારું દિલ દુભાવવાનો મારો ઈરાદો ન હતો. ગામમાં કોઈને વધારાની જમીન વેચવાની ઈચ્છા હોય તો જણાવજો. ઉદ્યોગપતિ પોતાના નામ-સરનામાવાળું કાર્ડ મેઘજી પટેલને આપીને રવાના થયા.

વૃક્ષને ઊધઈ લાગે અને તે ખોખલું થાય એ સાંભળ્યું છે, પણ અહીં તો મેઘજીને ઊધઈ લાગી હોય એવો ઘાટ જણાતો હતો. દિવસે દિવસે મેઘજીનું શરીર ઘસાતું જતું હતું. ચહેરાએ તેજ ગુમાવ્યું હતું. ચહેરાની ચમક અદશ્ય થઈ હતી. જાણે જિંદગીનો થાક તેના ચહેરાને ઘેરી વળ્યો હતો. તે પહેલાંની જેમ સરળતાથી ચાલી પણ શકતો નહિ. શ્વાસ લેવામાં પણ તેને શ્રમ પડતો હોય એવું તેના બોલવા ઉપરથી અનુભવી શકાતું.

મેઘજીના ઘરની દીવાલ ઉપર તેની યુવાનીની તસવીર લટકેલી હતી. એ તસવીર સ્મિત રેલાવતી હતી. તેમાં ચહેરા ઉપર તાજગી હતી. યૌવનનો થનગનાટ અને ખેડૂતની ખુમારી વર્તાતી હતી. કોઈ પણ માનવીનો ચહેરો ચિંતાથી કેટલી હદે બેડોળ બની શકે એ મેઘજીના ચહેરા ઉપરથી સ્પષ્ટ

*હાથીના પગલામાં જેમ બધાં જ પ્રાણીનાં પગલાં સમાઈ જાય છે તેમ અહિંસામાં બધા જ ધર્મોનો સમાવેશ થઈ જાય છે. - વેદવ્યાસ*

જોઈ શકાતું હતું. મેઘજીની ઉંમર વધતી જતી હતી. પ્લોટ મેળવવા સરકારી કચેરીના આંટાફેરા વધતા જતા હતા. પ્રશ્નના નિરાકરણના અભાવે તેની ચિંતા પણ વધતી જતી હતી.

ઘણી વખત સાહેબોના જવાબથી એનું હૈયું વિંધાતું હતું. તે કચેરીના આંટાફેરા કરતો રહ્યો હતો. છ મહિને, ક્યારેક વરસે સાહેબો બદલાતા રહ્યા હતા. પ્રશ્ન અટવાયા કરતો હતો. **પ્રધાને પ્લોટ ફાળવવો હુકમ તો કર્યો હતો પરંતુ અસરગ્રસ્ત ખેડૂતો પાટનગરમાં પ્લોટ મેળવી શક્યા કે નહિ એ જોવાની કોઈને ફુરસદ નહોતી.** વરસો પસાર થવા છતાં પ્લોટ ન મેળવી શકનાર ખેડૂતોની સમસ્યાનો નિકાલ લાવવા માટેના આયોજનમાં કોઈને રસ જણાતો ન હતો. સાહેબો બદલાતા જતા હતા, પણ પ્રશ્નો સમજી શકનાર સાહેબ સરકારને મળતો ન હતો. અન્ય કામમાંથી નવરાશ કાઢી પ્રશ્ન સમજવા સાહેબ ફાઈલ હાથમાં લે એ પહેલાં પણ કેટલાક સાહેબોની બદલી થઈ ચૂકી હતી.

વળી એક દિવસ નવા સાહેબ આવ્યા. મેઘજી તેમને મળ્યો.

"સાહેબ, કેટલાય વરસથી મને પ્લોટની ફાળવણીથી વંચિત રખાયો છે. સાહેબ, મારી ફાઈલ કાઢી નિરાકરણ લાવો એવી રજૂઆત છે."

**"એક કામ કરો. સોમવારે આવજો. મારે તલાટીને બોલાવવા પડશે. સર્કલ ઈન્સ્પેક્ટરને બોલાવવા પડશે. મારી ઓફિસના કારકૂન પાસેથી જરૂરી રેકોર્ડ ભેગું કરવું પડશે."**

સોમવાર થયો. મેઘજી ઉમંગ સાથે કચેરીમાં આવ્યો. આજે પોતાના વરસો જૂના પ્રશ્નનો નિકાલ આવી જશે એવી તેમને ખાતરી હતી. તે સાહેબની ચેમ્બરમાં પ્રવેશ્યો. સાહેબે મેઘજીની ફાઈલ હાથ ધરવા કારકૂનને સૂચના આપી ત્યાં જ કલેક્ટર સાહેબનો ફોન આવ્યો. કલેક્ટર સાહેબે મામલતદાર સાથે ફોન પર કંઈક અગત્યની વાત કરી. મામલતદારે જવાબ આપતા કહ્યું :

"સર, આપણા મંત્રીશ્રીનો ટોમી બીમાર પડ્યો છે! પણ સર,... ગામમાં વેટરનરી ડૉક્ટર તો એક જ છે અને તે ચાલુ દવાખાને વિઝિટે આવવાની કદાચ ના પાડે તો."

કલેક્ટર સાહેબ સાથે મામલતદારને ફોન ઉપર આગળ કંઈક વાત થઈ. મામલતદાર સિવાય કોઈને અવાજ સંભળાય એમ ન હતું. સાહેબ 'સર..., સર..., સર..., જરૂર સાહેબ' બોલ્યા. ફોન પરની વાત સમાપ્ત થઈ. સાહેબે બેલ વગાડી કારકૂનને બોલાવ્યો. કારકૂન આવતાં સાહેબે તેને જરૂરી સૂચના આપી.

**"જુઓ, આપણા મંત્રીશ્રીનો ટોમી બીમાર પડ્યો છે. તેની તાત્કાલિક સારવાર કરાવવાની છે.** મારી સાથે હમણાં જ મંત્રીશ્રીના બંગલે ચાલો. બહેનશ્રી જે સૂચના આપે એ સાંભળી, ટોમીની હાલત જોઈને જરૂર પડે તો ડૉક્ટરને આપણી ગાડીમાં મંત્રીશ્રીના બંગલે લઈ જવાના રહેશે. **મંત્રીશ્રીના કૂતરાની જિંદગીનો સવાલ છે."**

મેઘજીને પછીના સોમવારે આવવાની સૂચના આપી સાહેબ વિદાય થયા. કારકૂને પણ સાહેબની સાથે ગાડીમાં જગ્યા લીધી.

મેઘજી કંટાળીને બહાર નીકળ્યો. વરસોથી હક્ક માટે લડતા ખેડૂતને ધક્કા ખાવા પડે, તંત્રને કંઈ જ પડી ન હોય અને મંત્રીશ્રીના ટોમી માટે આખું તંત્ર કામે લાગેલું જોઈ મેઘજીનો આક્રોશ આસમાને ગયો હતો. પણ સાહેબે તેને માનથી ખુરશીમાં બેસાડ્યો હતો અને પ્રશ્નના નિરાકરણની હૈયાધારણ આપી હતી. તેથી મેઘજી ચૂપચાપ પાછો ચાલ્યો ગયો હતો.

સાહેબની સૂચના અનુસાર મેઘજી બીજા સોમવારે કચેરીમાં આવ્યો. સાહેબની ચેમ્બરનું બારણું ખોલ્યું, પણ ખુરશી ખાલી હતી. ચેમ્બરની લાઈટ બંધ હતી. સાહેબ કચેરીમાં નથી તેનો અણસાર આવી ગયો. મેઘજી કારકૂનના ટેબલે ગયો.

"સાહેબે આજે મારા કેસના આખરી નિકાલ માટે બોલાવ્યો હતો."

"સાહેબ આજે ઓફિસે નથી આવવાના. આજે કોર્ટની મુદત હોવાથી જજસાહેબ પાસે ગયા છે."

"તો મને વાયદો કરી ધક્કો શું કામ ખવડાવ્યો?"

"કોર્ટ આવી પડી એમાં સાહેબ શું કરે? સાહેબને બધી બાબતો યાદ ન પણ હોય. અગત્યના કામોમાં કોર્ટની વાત ધ્યાન બહાર ગઈ હોય. હવે પટેલ, આવતા સોમવારે આવજો."

મેઘજી પાછો દસ-બાર કિલોમીટર ચાલી નિરાશ વદને ઘેર પાછો ફર્યો. પછીના સોમવારે કચેરીમાં આવ્યો ત્યારે સાહેબની બદલી થઈ ચૂકી હતી. નવા સાહેબ હજુ હવાલો સંભાળવા આવ્યા ન હતા. સાહેબ તેમના તાબાના કર્મચારીને વધારાનો હવાલો સોંપી નવી જગ્યાએ હાજર થવા જતા રહ્યા હતા.

પંદરેક દિવસ પસાર થયા. નવા સાહેબે હવાલો સંભાળી લીધો હતો. મેઘજી સીધો જ સાહેબની ચેમ્બરમાં દાખલ થયો.

**"સાહેબ, હું મેઘજી પટેલ. મારો પ્લોટનો પ્રશ્ન વરસોથી અટવાયેલો પડ્યો છે. આજે આખરી નિકાલ વિના ઊભો નહીં થાઉં."**

"શું કહ્યું? મેઘજી પટેલ? જુઓ, આ તમારી સભ્યતા નથી. તમે સરકારી અમલદારની ચેમ્બરમાં રજા વિના પ્રવેશ્યા છો અને અધિકારી સમક્ષ રજૂઆત કરવાની ઢબ પણ તમે જાણતા નથી. અમને અમારી ફરજ બજાવવા દો."

"સાહેબ, તમે તમારી ફરજ સરખી બજાવો એ તો અમે ક્યારના કહીએ છીએ. ફરજ સરખી બજાવી હોત તો અમારે આમ કચેરીના ધક્કા ના ખાવા પડ્યા હોત."

"તમારું વર્તન સરકારી અમલદારની ફરજમાં અવરોધ સમાન છે. મારી કાર્યક્ષમતા પર અસર થાય એવી તમારી વર્તણૂક છે."

"સાહેબ, વરસોથી પ્લોટ મેળવવા ધક્કા ખાઉં છું. સાહેબો બદલાયા કરે છે અને મારી ફાઈલ અટવાયા કરે છે. હવે તો માથે ધોળાં આવી ગયાં છે. શરીર થાકી રહ્યું છે."

"જુઓ, સરકાર તમારો પ્લોટ ખાઈ જવાની નથી. તમે હયાત નહિ હો તો તમારા કાયદેસરના વારસને શોધીને પ્લોટ આપીશું.

*આદતને જો રોકવામાં ન આવે તો તે ઝડપથી ટેવ બની જાય છે.*

તમે હવે જઈ શકો છો. સમય મેળવ્યા બાદ જ આવજો.''

મેઘજી અત્યાર સુધી કઠણ છાતી રાખીને ધક્કા ખાધા કરતો હતો. હવે એને કંઠે પ્રાણ આવી રહ્યા હતા. ઓફિસના ધક્કા માથે પડી રહ્યા હતા. આજે તે બોલી નાખવાના મૂડમાં હતો.

**"હવે તો પ્લોટ નહિ મળે ત્યાં સુધી અહીં જ ઉપવાસ ઉપર બેસીશ. બધા સાહેબો શા માટે ટટળાવે છે એ હું સમજું છું."**

''મેઘજી પટેલ! અમલદાર ઉપર આક્ષેપ કરતાં શરમાતા નથી? એક તો ક્યારનાય અમારી ફરજ બજાવવા દેતા નથી. તમને ફોજદારી કાયદા મુજબ અમારા કામમાં અવરોધ કરવા બદલ જેલ ભેગા કરાવી શકું એમ છું. નવરા બેઠા સરકારી ઓફિસમાં ચાલ્યા આવો છો? હવે અહીંથી ટળો છો કે નહિ?''

મેઘજીને કંપારી છૂટી ગઈ. તેને કાળજું કપાઈ ગયા જેટલું દુઃખ થયું. તે મૂંગો ઊભો રહ્યો. સાહેબને, મેઘજી એમના શબ્દોનું પાલન નહીં કરી રહ્યા બદલ ગુસ્સો આવ્યો. સાહેબે બેલ વગાડી પટાવાળાને બોલાવ્યો. પટાવાળો આવ્યો. સાહેબ તાડુક્યા :

**"આ સાલા ગમાર ગામડિયાને બહાર કાઢ."**

મેઘજી અપમાનિત થઈ બહાર નીકળ્યો. પગથિયાં ઊતર્યો. ક્યાંય સુધી કંપતો ઊભો રહ્યો. પછી સ્વગત જ બોલ્યો :

''અમારી જમીન પડાવીને અમારું જીવન છીનવી લીધું. પ્લોટ આપવાની વાત કરી પણ પ્લોટ લેવા આવીએ છીએ ત્યારે ટટળાવો છો. અમારું ગળું કાપીને કદી સુખી નહીં થાઓ. જમીન લેવા નીકળ્યા ત્યારે હું 'મેઘજી પટેલ' અને એ મેઘજી પટેલ હક્કનો પ્લોટ મેળવવા આજીજી કરે ત્યારે 'મેઘજી સાલો ગમાર ગામડિયો!' હા, હા, મેઘજી ગામડિયો, મેઘજી ગામડિયો રહ્યો એટલે જ ધૂળ ફાંકતો થઈ ગયો. અને તમે મેઘજીની જમીન ઉપર બેસી રાજ ચલાવતા થઈ ગયા! નખ્ખોદ જજો આ સાહેબોનું! કકળતો મેઘજી ઘર ભણી રવાના થયો.

મેઘજીને કોઈ દીકરો ન હતો. પત્ની પણ સ્વર્ગે સિધાવી ગઈ હતી. જમીનના ભાગ પાડીને તેણે ભાઈઓના દીકરા-દીકરીઓને વારસ બનાવ્યા હતા. સરકારમાં વારસાઈ નોંધાવવી પડે, તલાટી પાસે જરૂરી દસ્તાવેજો લખાવવા પડે, સર્કલ ઈન્સ્પેક્ટરોની કચેરીમાં વારસાઈ માટે બધાએ સાથે જવું પડે. કોઈ વારસદાર પરદેશ ગયો હોય કે મરણ પામ્યો હોય તો વારસાઈનો પ્રશ્ન ગૂંચવાડામાં પડે. મેઘજીના કિસ્સામાં પણ એમ જ બન્યું હતું. મેઘજીને કોઈ સરળ રસ્તો બતાવતું ન હતું. તેની ફાઈલ ફરતી રહે એની સૌ કર્મચારીઓ કાળજી રાખતા હતા. મેઘજીની ફિકર કોઈનેય ન હતી.

સાહેબ દ્વારા અપમાનિત થયા બાદ તે દિવસથી મેઘજીએ ઓફિસમાં પગ મૂકવાનું બંધ કર્યું હતું. ઘરે રહેવાનું પણ ઓછું કર્યું હતું. તેની અસલ જમીન જ્યાં હતી એ જગ્યાએ આવીને બેસી રહેતો. કચેરીના કામે આવેલ કોઈ પરિચિતનો ભેટો થઈ જતો ત્યારે મેઘજી હૈયાની વેદના ઠાલવતો :

''શાંતિભાઈ, અહીં મારું મકાન હતું. આ દેખાય એ જગ્યાએ આંબાનું વૃક્ષ હતું. એની ડાળીએ હીંચકો બાંધેલો રહેતો. છોકરાઓ હીંચકે હીંચવા આવતા. મકાનની સામે જ મારા ખેતર હતા. ખેતરમાં બટેટા, કોબીજ, કેળ વવાતાં. એ બધું જ છીનવાઈ ગયું. રાજ તરફથી શું વળતર મળ્યું? સત્તાવીસ પૈસા વારના!'' નિસાસો નાંખી, ડોકું હલાવી તે જમીન સામે જોઈ રહેતો.

હવે ક્યારેક મેઘજીએ બરાડા પાડવાનું પણ શરૂ કર્યું હતું.

''મેઘજીનું અપમાન કરનારાઓ, તમે નરકમાં જશો. ખેડૂતને ભૂંડે હાલ લૂંટનારાઓ, તમે આ જમીન ઉપર સુખી નહીં થાઓ. નિર્દોષના નિસાસા લેવાના બંધ કરો, પ્લોટ આપો.''

મેઘજી બરાડા પાડતો હોય ત્યારે ત્યાંથી પસાર થતા વટેમાર્ગુઓ લૂખી લાગણી બતાવતા - જમીન ગુમાવવાથી ગાંડો થઈ ગયેલો આ આદમી બિચારો બરાડા પાડી રહ્યો છે!

એક રાત્રે કડકડતી ઠંડીમાં જીર્ણશીર્ણ થયેલો મેઘજી આ જમીન ઉપર જ મૃત્યુ પામ્યો.

*પ્લોટ ૫૭૧/૧/બી,*
*સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨ ૦૩૦.*
*ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

## હારીને પણ જીતી ગયેલા રમતજગતના સિકંદરો

**(અનુસંધાન : પાના નં.-૧૪૯ ઉપરથી ચાલુ)**

પડતી જતી હતી. અચાનક એક વ્યક્તિએ સાઈડમાંથી આવી તેના ડાબા હાથમાં સ્કી પૉલ પકડાવી દીધો. સારા પાછી ફોર્મમાં આવી ગઈ. **એ સ્પર્ધામાં કેનેડાની ટીમને સિલ્વર મેડલ પ્રાપ્ત થયો. પાછળથી સારાને જાણ થઈ કે તેની મદદ કરનાર વ્યક્તિ નોર્વેની ટીમનો કોચ હતો. નોર્વેની ટીમ સ્પર્ધામાં ચોથા ક્રમે આવી હતી.**

નોર્વેની ટીમના કોચે અન્ય હરીફ દેશના ખેલાડીની મદદ કરીને જે સ્પોર્ટસમેન સ્પિરિટ દાખવ્યો હતો તેની ખૂબ પ્રશંસા થઈ ત્યારે તેણે જણાવ્યું, 'મને એ નથી સમજાતું કે મને શા માટે આટલું માન આપવામાં આવે છે? જ્યારે બીજાને મદદ કરવાની વેળા હોય ત્યારે તમે તેમ ન કરતાં, ફક્ત તમારી જીત ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરીને જીત હાંસલ કરી હોત તો એ જીત પણ શા કામની?

આ છે રમતગમતનો સાચો સ્પિરિટ. આધુનિક ઓલિમ્પિક્સ રમતોત્સવના પ્રણેતા પેરી દ કુબરતિને કહ્યું હતું, **'રમતમાં હાર-જીત મહત્ત્વનાં નથી. તેમાં ભાગ લેવો, સાચી ખેલદિલીથી રમવું એ જ મહત્ત્વનું છે.'**

કોમનવેલ્થ ગેમ્સમાં આપણા ખેલાડીઓએ ખૂબ આશાસ્પદ દેખાવ કર્યો છે અને આગામી ઓલિમ્પિક્સમાં હંમેશ કરતાં વધુ ઉજળા પ્રદર્શનની દેશવાસીઓને આશા આપી છે ત્યારે એક આશા એવી પણ રાખીએ કે આ ખેલાડીઓ ફક્ત જીતને મહત્ત્વ ન આપતાં સાચા સૌહાર્દ અને ખેલદિલીથી રમે.

*૯, કર્મજ્યોત સોસાયટી,*
*નારાણપુરા, અમદાવાદ-૧૩.*
*ફોન : ૨૭૪૭૨૦૩૮, મો. ૯૮૨૫૩ ૩૬૩૯૦*

*મનુષ્યે કરેલાં શુભાશુભ કર્મોનાં ફળ અવશ્ય ભોગવવાં પડે છે.*

વાર્તા

# બહાદુર

• મોહમ્મદ માંકડ •

તનસુખને ત્યાં જવા માટે હું ઉતાવળે તૈયાર થતો હતો. મને બીક હતી કે કિશોર કદાચ આવી પહોંચશે. હજી ગઈકાલે જ એ ફિરંગીઓની જેલમાંથી છૂટીને આવ્યો હતો. દમણની સરહદે થયેલ સત્યાગ્રહમાં એ પકડાયો હતો, ને પૂરા ત્રણ મહિના એણે ફિરંગીઓની જેલમાં ગાળ્યા હતા. રાતના મોડે સુધી એણે દમણની સરહદે થયેલ સત્યાગ્રહની અને ફિરંગીઓના દમનની વાતો કરી હતી. એની એ વાતોનો મને કંટાળો નહોતો અને એટલા જ કારણે કાંઈ હું એનાથી છટકવા નહોતો માંગતો. કિશોર અમારામાં સૌથી બહાદુર હતો, ને એનો એને ગર્વ પણ હતો. પોતાના સાહસની વાતો એ પોતાના મોંએ કહેતો ત્યારે સાંભળવાની ખૂબ મજા પડતી. કારણકે અતિશયોક્તિ કરવાની એને ટેવ નહોતી. એ સરહદ પર ગોળીઓના માર સામે ધસી ગયો હતો. એની બાજુમાં જ એક સાથીદાર ગોળીનો ભોગ બનીને ઢળી પડેલો. કિશોરના પોતાના જમણા હાથમાં પણ ગોળી વાગી હતી. "ઈન્કિલાબ ઝિંદાબાદ!" ડાબો હાથ હવામાં ઉછાળીને એણે લલકાર કરેલો, "ઇન્કિલાબ ઝિંદાબાદ!" પણ એનામાં એક કુટેવ હતી. બીજાની નબળાઈની, ખાસ કરીને ભીરુતાની એ આકરી મશ્કરી કરતો. એમાંય તનસુખ ઝપાટે ચડે તો તીખામાં તીખા ડામ દેવાનું પણ એ ચૂકતો નહિ. તનસુખ સ્વભાવે પોચો હતો, ગરીબડો હતો. બીજાની ટીકા તો શું પોતાનો બચાવ પણ એ ઉગ્ર બનીને કરી શકતો નહિ. કિશોરની ટીકાઓ તો એ સ્વીકારી જ લેતો. પોતે જ કહેતો, 'હું બીકણ છું, કોઈ વસ્તુ સામે લડી લેવાની મારામાં શક્તિ જ નથી.'

કિશોર હાથ પછાડીને કહેતો, 'માયકાંગલા બનીને જીવવાનો કશો અર્થ નથી. સંજોગો સામે લડી લેવાનું ખમીર માણસમાં હોવું જ જોઈએ.' એના ભારે, વજનદાર અવાજ સામે અમે ઝૂકી પડતાં. દલીલ કરી શકતા નહોતા.

કિશોર આવી પહોંચે એ પહેલાં હું છટકવા માંગતો હતો કારણકે તનસુખને લઈને મારે ડૉક્ટર દેસાઈના દવાખાને જવાનું હતું. છેલ્લા બે મહિનાથી તનસુખની તબિયત લથડી હતી ને હવે તો એ સારી રીતે બીમાર થઈ ગયો હતો. કિશોર મળતાવેંત જ એની મશ્કરી આદરે, 'વાહ રે, તનસુખ, તારે તનનું જ સુખ નહિ?' એ મને પસંદ નહોતું. એટલે જ, એ મળે તે પહેલાં હું તનસુખને લઈને નીકળી જવા માંગતો હતો અને એ આવે એ પહેલાં જ અમે ડૉક્ટર દેસાઈને દવાખાને પહોંચી ગયા.

ડોક્ટર દેસાઈની વાત કરું તો એ એક અચ્છા ડોક્ટર હતા. અમારા લોકોના તો ફેમિલી ડોક્ટર જેવા જ હતા. તનસુખને એમણે બરાબર તપાસ્યો. મને એક તરફ બોલાવીને કહે, 'તમારા મિત્રને ટી.બી. લાગે છે. સ્ક્રિનીંગ કરીશું?'

મેં સહેજ આંચકો અનુભવતા કહ્યું, 'આપને યોગ્ય લાગે એમ કરો.'

'તો તો એક્સ-રે લઈએ.'

'ભલે.'

ડોક્ટર તનસુખને કહે, 'તમારી છાતીનો એક્સ-રે લેવાની જરૂર છે.'

પણ ડોક્ટર આગળ બોલે તે પહેલાં તનસુખે મદારીની કોથળી જેવી એની થેલીમાંથી પીળા કાગળમાં વીંટેલ એક્સ-રે પ્લેટ કાઢીને ટેબલ પર મૂકી.

ડોક્ટરે એ હાથમાં લેતા કહ્યું, 'હમણાં લીધેલ છે?'

'જી, પંદરેક દિવસ થયા.' તનસુખનો અવાજ ધીમો પણ સ્વસ્થ હતો. આ એક્સ-રે ની તો એણે મને વાત પણ નહોતી કરી. પંદરેક દિવસ પહેલાં એ અમદાવાદ ગયો હતો એ મને યાદ આવી ગયું.

ડોક્ટરે એક્સ-રે સામે ઠીકવાર સુધી જોયા કર્યું. પછી ઊભા થતા કહે, 'ચાલોને, છતાં સ્ક્રિનીંગ કરી લઈએ.'

'એક્સ-રે' રૂમમાંથી તનસુખ સાથે ડોક્ટર બહાર આવ્યા ત્યારે મેં તનસુખ સામે જોવાને બદલે ડોક્ટર સામે જ જોયા કર્યું. તનસુખની માંદગી ખરેખર ગંભીર હતી? ડોક્ટરના ચહેરા પર કાંઈ... પરંતુ ડોક્ટર સ્વસ્થ હતા. શા માટે ન હોય? દર્દી મરે કે જીવે એને શું? ના, ડોક્ટર દેસાઈ ભલા માણસ હતા. તનસુખ સામે જોયું તો એ પણ સ્વસ્થ હતો. હું કાંઈ પૂછું એ પહેલાં જ ડોક્ટરે કહ્યું, 'તમારા મિત્ર તો કમાલ છે! પોતાની બીમારીની એમને પૂરેપૂરી ખબર છે છતાં કોઈને પણ એમણે વાત કરી નથી. તમને પણ નહિ.'

મેં તનસુખ સામે જોયું.

ડોક્ટર કહે, 'બહાદુર માણસ છે. દર્દ સામે લડવાની એમના જેવી શક્તિ ઘણા ઓછા માણસોમાં હોય છે. બીમારી જો કે થોડી આગળ વધી છે પણ આવડી મોટી પ્રતિકાર શક્તિ સામે, ને બેફિકર મિજાજ સામે કોઈ પણ બીમારી ટકી ન શકે. ટી.બી.નું તો શું ગજું?'

તનસુખ?.... બહાદુર માણસ? પ્રતિકાર કરવાની શક્તિ? આશ્ચર્યથી હું તનસુખ સામે તાકી રહ્યો. એ સ્વસ્થ હતો. સદાયની પેલી

*મન શાંત ન રહે તો કોઈ વાંધો નહિ, જીભ શાંત રહે એટલે બસ.*

ભીરુતા જ મેં એના ચહેરા પર જોઈ. એ ઘણીવાર મને કહેતો : 'મોતની બહુ બીક લાગે છે, મુકુંદ. સ્વભાવે જ હું ડરપોક છું.'

ડોક્ટર દેસાઈ લખતા હતા. ઘણું લાંબું પ્રિસ્ક્રિપ્શન એમણે આપ્યું. સૂચનાઓ પણ ઘણી આપી. ત્રણ મહિના તો પથારીમાં સૂઈ જ રહેવાનું. બૅડ રેસ્ટ. ખોરાકમાં દૂધ, માખણ, ઘી....

છેવટે અમે ઊઠ્યા. દવાખાનાની બહાર નીકળીને તનસુખ મને કહે, 'મારી આ બીમારીની વાત તું કોઈને ન કરીશ. મારી બાને તો નહિ જ. એમ કહેજે કે સાધારણ તાવ છે, ઊતરી જશે. નહિ તો એ બિચારી મરી જશે!'

વિધવા મા! તનસુખની કેટલી ચિંતા હતી એને! પણ એ કરતાંય વધુ તો તનસુખને માતાની ચિંતા હતી. એટલે તો બીમાર પડ્યા છતાં એણે કામ કરવાનું છોડ્યું નહોતું. પણ હવે... હવે એ આરામ નહિ કરે તો શી રીતે સાજો થશે? ડોક્ટર દેસાઈ તો કહેતા હતા, 'બૅડ રેસ્ટ.... પૂરા ત્રણ મહિના.' મેં તનસુખને કહ્યું, 'બાને આપણે વાત નહિ કરીએ. પણ તારે ત્રણ મહિના સૂઈ રહેવાની જરૂર છે, એટલે કાંઈક કહેવું તો પડશે જ. સાવ કહ્યા વગર તો તારી સારવારમાં મુશ્કેલી ઊભી થશે.'

'બધું થઈ રહેશે. ને હું ત્રણ મહિના પથારીમાં પડ્યો રહેવાનો જ નથી.'

'ગાંડો તો નથી થઈ ગયો ને? આરામ વગર તારું દર્દ મટવાનું નથી.'

'આરામ હું જરૂર કરીશ, પણ મારી રીતે. ને દર્દ તો ઓછું થતું જ જાય છે. સારો ખોરાક લેવા માટે મારે થોડું વધું કમાવું પડશે ને?'

'એનું તો થઈ રહેશે.'

'મને એની ચિંતા નથી થતી. મને મારી બાની ચિંતા થાય છે. મને ટી.બી. છે એવું એ જાણે....'

'એટલે તું આજ સુધી મારાથી પણ છુપાવતો રહ્યો?'

'છુપાવીને મેં કોઈ બહાદુરી નથી કરી નાખી. ખરેખર તો મને મોતની ખૂબ જ બીક લાગે છે. એટલે મને ટી.બી. છે અને હું મરી જઈશ, એ વાત જ મારા મનને હું માનવા દેતો નથી.'

અમે વાતો કરતા હતા ત્યાં જ કિશોર આવી પહોંચ્યો. દૂરથી જ બોલ્યો, 'કેમ રે તનસુખ, શું તૂત માંડ્યું છે?'

મારા હોઠે શબ્દો આવી ગયા, 'મૂરખ, આ તૂત નથી, ટી.બી. છે.' પણ ન બોલ્યો. તનસુખની આંખો ના પાડી રહી હતી.

કિશોર નજીક આવીને તનસુખના ખભા પકડ્યા. ઝટકાથી આમતેમ હલાવતાં કહે, 'આવો ને આવો પોચો ક્યાં સુધી રહીશ?'

'ભલા માણસ, એ માંદો છે એટલો તો વિચાર કર' મારાથી રહી ન શકાયું.

'માંદા તો બધા પડે. પણ એમ હિંમત હાર્યે કાંઈ પાર આવે?' કિશોરે મિજાજથી કહ્યું, ને તનસુખ તરફ ફરીને ઉમેર્યું, 'માંદા પડે એ બધા મરી નથી જતા. નકામો ડરીશ નહીં. એમ તો, જો હુંય માંદો છું. તારા કરતાં કદાચ વધુ ગંભીર.'

હું પૂછવા જતો હતો કે તને વળી શું છે? પણ યાદ આવી ગયું. ગઈ રાતના જ એણે કહ્યું હતું, ફિરંગીઓની જેલની, જેલના ખોરાકની ને જુલમની એણે વાતો કરેલી. લાકડાંના છોડા જેવો ખોરાક... ને સીસા જેવું પાણી...

અમને મૂંગા જોઈને કિશોર કહે, 'મારા પેટમાં કાંઈક ભયંકર ગરબડ થઈ ગઈ છે. દુઃખાવો થાય છે. ભૂખ લાગતી નથી. ઘણું ઘણું થાય છે. પણ એ બધાથી ડરી જવાની મને તો જરૂર લાગતી નથી.' પછી હાથમાં રાખેલું પુસ્તક બતાવતા કહે, 'મારો રોગ મારે પકડી પાડવો છે. ને પછી એના સામે લડી લેવું છે.'

એના હાથમાં એક મોટું પુસ્તક હતું. જુદા જુદા રોગનાં લક્ષણો ને સારવાર વિશેનો એ ગ્રંથ હતો. તનસુખ તો કિશોર સામે અહોભાવથી તાકી જ રહ્યો હતો. ભારે જબરો હતો કિશોર! દરેક બાબતમાં લડી લેવાની જ વાત!

બે મહિના પછી એકવાર મારે અને તનસુખને ડોક્ટર દેસાઈના દવાખાને જવાનું થયું. તનસુખની તબિયતમાં હવે ઘણો સુધારો થયો હતો. ફક્ત એક જ મહિનો એ પથારીમાં સૂતો હતો. ડોક્ટર દેસાઈ એને શાબાશી આપ્યા કરતા. પણ એ દિવસોમાંય કિશોર તો એના ઉપર હસ્યા જ કરતો. ફિરંગીઓના જુલમની ને ગોળીઓના તાશેરાની વાતો ચાલ્યા કરતી.... ધડ્ ધડ્ ધડ્. તનસુખ આંખો મિંચી જતો... અહોભાવથી એ કિશોર સામે તાકી રહેતો. કિશોર હસી પડતો. ખખડીને હસી પડતો પણ ક્યારેક પેટ ઉપર હાથ દબાવી મોં ફેરવી જતો. તનસુખનું શરીર લાલી પકડવા માંડ્યું હતું. એ હસે ત્યારે એના ગાલ કુમારિકાના ગાલની જેમ ચમકી ઊઠતા હતા. એના ગાલની એ કુંવારી ચમક જોઈને પણ કિશોર તો પોતાની રીતે જ કહેતો, 'હું તો પહેલાથી જ કહેતો, ને હજીય કહું છું. બીમારીને તાબે થઈશ તો બીમારી ગળી જશે. એના સામે તો લડી જ લેવું.' પણ પછી વળી કહી નાખતો, 'મારા પેટનો રોગ વધતો જાય છે. જોકે હું એને મચક આપવાનો નથી.'

અમે દવાખાને પહોંચ્યા ત્યારે ડોક્ટર દેસાઈ એમના કન્સલ્ટેશન રૂમમાં હતા. એમના અવાજ સ્વાભાવિક રીતે જ સહેજ મોટો હતો. મેં એમને બોલતા સાંભળ્યા. 'ના રે ભાઈ, એવું કાંઈ નથી. હોજરીનું ચાંદુ હોય એવા પણ કોઈ સ્પષ્ટ ચિહ્નો દેખાતા નથી. છતાં તમારે અમદાવાદ જવું હોય તો ચિઠ્ઠી આપું.'

'ઉંહું, હું અમદાવાદ જવા નથી માંગતો ને હોજરીનું અલ્સર કે કેન્સર ગમે તે હોય, તો પણ હું ડરી જાઉં એવો નથી. તમે મને સ્પષ્ટ જ કહેજો.'

અરે, આ તો કિશોરનો અવાજ! ધીમેથી બોલતો હતો, પણ હતો એ જ. હું અને તનસુખ બંને ચમક્યા. એકબીજા સામે જોઈ રહ્યા.

ડોક્ટર દેસાઈ કહે, 'એવું કાંઈ નથી.

*અન્યાય દ્વારા મેળવેલું ધન દસ વર્ષ ટકે છે. તે પછી એ ધન સમૂળગું નષ્ટ થઈ જાય છે. - ચાણક્ય*

છતાં આવતા અઠવાડિયે હું તમને ફરીથી તપાસીશ. ત્યાં સુધી તમે દવા લો.'

કિશોર અને ડોક્ટર બહાર આવ્યા ત્યારે અમે ચારે જણા એકબીજા સામે જોઈને સહેજ ચમક્યા ને હસી પડ્યા.

વળી મને રસ્તામાં એકવાર કિશોર મળી ગયો. હમણાં હમણાં એ અમને મળતો નહોતો. હું પણ મારા કામમાં રહેતો હતો ને તનસુખ તો હવે રીતસર કામ પર લાગી ગયો હતો.

દૂરથી જોતાં જ મને લાગ્યું કે, કિશોર કાંઈક ઢીલો હતો. મને જોઈને એ એકદમ અક્કડ થઈ ગયો. બહાદુર હતો ને...?

'કાં, કેમ છે તારી તબિયત?' મેં પૂછ્યું.

'તબિયત?' એ હસ્યો. 'ચાલે છે, એમ ને એમ. પણ તબિયતની આળપંપાળ કરવી આપણને પોષાય ખરી?'

મેં નજર કરી તો આ વખતે એના હાથમાં એક નવું જ પુસ્તક જોયું. એણે એ ઊંધું પકડી રાખ્યું હતું. 'કયું પુસ્તક છે?' મેં પૂછ્યું. ને એ જવાબ આપે એ પહેલાં એના હાથમાંથી લઈ લીધું. જોઈને મને સહેજ આંચકો લાગ્યો. એક રશિયન ડોક્ટરે 'કેન્સર' ઉપર લખેલું એ પુસ્તક હતું. કેન્સર....! મારી નજર સામે પીડા ઊભરી આવી... ને આઘાતથી મેં પૂછી નાખ્યું, 'તારી તબિયત બહુ જ ખરાબ રહે છે, કિશોર? તો મુંબઈ જઈ આવ. કોઈ સારા ડોક્ટરને....'

'પણ મુંબઈ જવાથીય કશું વળે એમ ન હોય તો?' એ બોલ્યો ને પેટ ઉપર હાથ દબાવતાં એણે ફિરંગીઓની જેલને બે ચાર ચોપડાવી દીધી.

મેં કહ્યું, 'આ રવિવારે હું તારા ઘેર આવીશ. આપણે કંઈક નક્કી કરીશું.'

એ રાતે મોડે સુધી મને કિશોરના વિચારો આવ્યા કર્યા.

બીજે દિવસે હું સવારની ચા પીતો હતો ત્યારે મારા મોટાભાઈએ બહારથી આવતા જ કહી નાખ્યું : 'કિશોરે આપઘાત કર્યો.'

'હેં....!' મેં ચાનો કપ નીચે મૂકી દીધો. મારો હાથ ધ્રુજી ગયો.

'હા, પાછળ મોટો કાગળ લખીને મૂકતો ગયો છે કે કેન્સરથી પીડાઈને મરવા કરતાં મારી જાતે જ બહાદુરીથી મરી જવાનું હું પસંદ કરું છું.'

આઘાતને લીધે ઘણીવાર સુધી હું કાંઈ વિચારી ન શક્યો. એ વખતે તનસુખ હોત તો ગરીબડા ચહેરે એણે જરૂર કહ્યું હોત, કિશોર બહાદુર હતો. મોતથી પણ એ ન ડર્યો.

પરંતુ થોડા દિવસ પછી ડોક્ટર દેસાઈએ તો મને જુદું જ કહ્યું, 'કિશોરને કેન્સર હતું જ નહિ. મેં એને ઘણો સમજાવ્યો પણ એના મનમાં પાકો ડર ઘૂસી ગયો હતો. બીકને લીધે ઘણીવાર માણસ આપઘાત કરી બેસે છે....'

હજીયે હું બહાદુરીની કે ભીરુતાની વ્યાખ્યા બાંધી શકતો નથી.

*૧૫૩/ડી, સેક્ટર-૨૦,*
*રાજભવન સામે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : ૦૭૯-૨૩૨૬૦૨૧૬*

બોધ કથા

# હવે નવા વરસમાં "ના" નથી કહેવીને!

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

વાતે વાતે આપણને ના કહેવાની ટેવ હોય છે. ના પાડવાની જરૂર ન હોય તો પણ પહેલા તો 'ના' નો ઉચ્ચાર થઇ જ જાય પછી 'હા' નું વલણ ક્યારેક આવે. આવી ટેવવશ પડાઇ ગયેલી 'ના'નું પરિણામ જોવા મળે ત્યારે પારાવાર દુઃખ અને પશ્ચાતાપ થતો હોય છે. એ 'ના' થી બગડેલી બાજી સુધારી શકાતી નથી અને એનો વસવસો તો પેલા પસ્તાવાથી પણ વધુ તીવ્ર હોય છે.

આવી એક સત્ય ઘટના અહીં વર્ણવી છે. ઘટના સત્ય હોય અને નજીકના કાળમાં બનેલી હોય ત્યારે તેની અસરકારકતા ઘણી હૃદયસ્પર્શી હોય છે.

વાત કાંઇક આવી છે.

જામનગર શહેર એક કાળે સૌરાષ્ટ્રનું છોટીકાશી કહેવાતું. ત્યાંના જૈનો એને અડધો શત્રુંજય કહેતા. આ છોટીકાશીમાં બ્રાહ્મણો ઘણા વસે. ત્યાં બ્રાહ્મણ બટુકો પણ ખૂબ ભણતા. માધુકરીથી પોતાની આજીવિકા નિભાવે. માધુકરીમાં વણિકો અને બ્રાહ્મણો તરફથી લોટ, દાળ, ચોખા વગેરે મળતું.

આ વાત એ વખતની છે જ્યારે ઘરોમાં રોજ તાજો લોટ ઘરની ઘંટી પર દળાતો. યાચક બ્રાહ્મણોને આ લોટ અપાતો. એક સુખી અને ઉદાર શુકલ બ્રાહ્મણના દ્વારે પણ સંખ્યાબંધ યાચકો રોજ સમયસર આવતા. બધાને રોજ માધુકરી મળતી.

એક નબળું વરસ આવ્યું. દુષ્કાળના ઓળા પથરાયા. યાચકોની લંગાર વધતી ગઇ તો બીજી બાજુ દાતાઓની સંખ્યા ઘટતી ગઇ. આમ બેવડી રીતે દુષ્કાળ સર્વત્ર છવાઇ ગયો.

શુકલ બ્રાહ્મણને ત્યાં પહેલા જે ત્રણ દિવસ અપાતો તે લોટ એક જ દિવસમાં દાનમાં અપાઇ જતો. સૌ પહેલા તો ગોરાણીના ભાવ ખૂટ્યા. મન અને તન રિસાયા. પતિ પત્ની વચ્ચે મનદુઃખ થાય એવો કલહ થયો. ઘરવખરી વેચીને પણ દાનનો પ્રવાહ ચાલુ રાખવો એવું શુકલજીએ વિચાર્યું હતું. ગોરાણીએ એમના મનોભાવ પામીને આપણાથી આટલે લાંબે નહીં ખેંચાય એમ માની એક દિવસ સવારે પિતા પુત્ર શિવાલયમાં બિલી ચડાવવા ગયા હતા ત્યારે ઘરને સાંકળ ચડાવી પિયરની વાટ પકડી. દાન કરતા પણ દાનના ભાવ ટકાવવા એ ઘણું કપરું કામ છે. દાન આપનાર હાથ તો કહ્યું કરે, પણ કહેનારનું મન ટૂંકું થઇ જાય તો હાથનું શું ગજું કે તે આપે!

શુકલજીનો તો નિર્ધાર હતો કે ગોદડા ને ડામચિયું વેચીને પણ દાનની સરિતા ચાલુ રાખવી અને એક દિવસ એવો આવ્યો જ્યારે ઘરમાં ખાવા માટે ચપટી લોટ ન રહ્યો ત્યારે બાપ અને દીકરો બંને એક દોરી અને લોટો લઇ ઘરને એમજ ભોળાનાથને ભરોસે મૂકીને ગામડાની વાટે ભગવાનને ભેરુ બનાવી ચાલી નીકળ્યા.

એક પછી એક ગામ વટાવતા જાય છે. આજીવિકા માટે ભીક્ષાવૃત્તિ કરે છે. એકટાણું ચાલે એટલું લે છે. આજે બપોરે ને પછી કાલે બપોરે. પાણી પીવાય એટલું મળી રહે તો પણ ઇશ્વરનો પાડ માને છે.

ટંકારા-મોરબીને રસ્તે થઇ ગોહિલવાડ પહોંચે છે. કાઠિયાવાડ આખું દુકાળના ભરડામાં ભીંસાતું હતું. ભલભલા દાતારના હાથ પણ સંકોચાઇ જાય એવા દિવસો આવી ગયા હતા.

ચાલતા ચાલતા ભાવનગર પાસેના સિહોર ગામે બાપ દીકરો પહોંચ્યા. શુકલજી દીકરાને જીવની જેમ સંભાળે છે. દીકરો તો હજુ સાત જ વર્ષનો થયો હતો. આવી કુમળી વયે પણ એને એક ગામથી બીજે ગામ ફરવું પડે છે. ક્યારેક પેટ પૂરતું મળે. ક્યારેક બે બટકાં ખાઇને પાણી પી લેવું પડે.

સિહોરમાં આજે ત્રીજો દિવસ છે. ગામ બહાર પ્રકટનાથ મહાદેવની જગ્યામાં ઉતર્યા છે. બે દિવસ થયા અન્નપૂર્ણાની ઝોળીએ ચપટી લોટ જોયો નથી. બીજા ઘણા યાચક બ્રાહ્મણો પણ શુકલજીની જેમ ગામ ગામ ભટકતા અહીં સિહોર આવી પહોંચ્યા છે. એમાંના ઘણાંએ તો જામનગરમાં શુકલજીને ત્યાંથી કેટલીયવાર ભિક્ષા પણ મેળવી હતી. તે ઓળખી ગયા. પણ વખત વખતને માન છે. ત્રીજા દિવસને અંતે પણ ઝોળી ખાલી જોઇ દીકરાએ પેટનો ખાડો બતાવ્યો અને કહ્યું થોડું પણ ખાવાનું આપો. દીકરાની આંખમાં આંસુ જોઇ શુકલાજીની આંખોમાં પણ આંસુ આવી ગયા. માંડ હૈયે હામ ભરી શુકલાજીએ કહ્યું, હજાર હાથવાળો કાલે તો સામું જોશે. સિહોરમાં તો ઘણા ઉદાર ગૃહસ્થો વસે છે. જરૂર આપણો ખાડો પૂરાશે. સાથેના ભૂદેવોએ પણ શ્રીમંતોના ઘરની શેરીની દિશા દેખાડી.

રાત તો જેમ તેમ પસાર કરી. ભૂખ જેવું બીજું એકેય દુઃખ નથી. કહેવાય છે કે ભૂખ્યો માણસ કયું પાપ ન કરે? સવારે નીકળ્યા. ચાલ લથડતી હતી. ગળામાંથી સ્વર માંડ નીકળતા હતા. જીવનભર જેણે આપ્યું જ છે એ દાતાને આજે ઘેર ઘેર ફરી હાથ લાંબો કરતાં શું શું થતું હશે? કોણ જાણી શકે?

પાંચ ડગલાં ચાલે ને આંખે અંધારા આવે. લથડતા પગે ચાલતા પથ્થર સાથે ઠેસ વાગી અને પગના અંગૂઠાનો નખ ઉખડી જાય છે. તો પણ ક્યાંક આશા બંધાય એવા ઘર પાસે ઊભા રહી 'લક્ષ્મી પ્રસન્ન, કલ્યાણ હજો' એવા ભાવના વાક્યો બોલે અને પળવાર રાહ જુએ કોઇ આવે છે? આમ ઘર પછી ઘર અને

આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.

શેરી પછી શેરી બદલતા જાય છે. કહે છે ને કે પડે ત્યારે બધું પડે છે એમ બનવાનું હશે. એટલે કોઇએ કશું આપ્યું જ નહીં. આશ્વાસનના મીઠા બે શબ્દો પણ ન મળ્યા.

ચાલતા ચાલતા એક શેરીમાં મેડીબંધ મોટું ઘર જોયું. ઠગારી તોય આશાને! મનમાં થયું સુખી ઘર લાગે છે. ડેલીનું બારણું ખુલ્લું હતું. પગ ઉપાડ્યા. લાકડીને ટેકે બે પગથિયા ચડી ડેલીમાં પગ મૂક્યો. ઉપરના માળે કાંઇ તળાતું હોય એવી સોડમ આવી. ફળિયું મોટું હતું. એક બાજુ ખાટલા પર ચોખાની પાડેલી વડીઓ સુકાતી હતી. ઉપરના માળે ચહલપહલ થતી હતી. શુકલજીએ મોં ઊંચું રાખીને સહેજ મોટો અવાજ કાઢી આશીર્વાદના વચનો ઉચ્ચાર્યા. એક પુરુષે બહાર આવી કઠેડા પાસે ઊભા રહીને કહ્યું, 'આગળ જાવ અહીં કશું નહીં મળે.'

નીચે ખાટલા પર સુકાતી વડી જોઇ દીકરાને એમાંથી બે-ચાર લેવાનું મન થયું. જેવો તેણે હાથ લંબાવ્યો કે તરત જ શુકલાજીએ લાકડી વડે દીકરાને વાર્યો. ઉપર ઊભેલા સજ્જને આ જોયું. શુકલાજીને હજુ આશા હતી. કોઇના મનમાં સહેજપણ દયા પ્રગટે એવા વિશ્વાસથી એમણે ઊંચા અવાજે આશીર્વચનો ઉચ્ચાર્યા. એવો જ ઊંચો અને હવે તો કડવાશભર્યો અવાજ ઉપરથી ફેંકાયો, 'તમને કહ્યું તો ખરું, અહીં કશું નથી આગળ જાવ.'

આ છેલ્લું ઘર હતું. છેલ્લો પ્રયત્ન હતો. શુકલજીએ મનમાં વિચાર્યું ભલે હરિ ઇચ્છા. સહેજ નિસાસો નીકળ્યો. ડેલીના કમાડને લાકડી વડે ઠેલીને પગથિયા ઊતરવા જાય છે ત્યાં શરીરે સમતુલા ગુમાવી. એક લથડિયું ખાઇને શરીર ઢગલો થઇને પડ્યું. મોટો ધબાકો થયો. અવાજ સાંભળી આજુબાજુથી માણસો ભેગા થયા. કોઇ પાણી લઇ આવ્યું, કોઇ સૂંઠ લઇ આવ્યું, કોઇ કાંઇક લઇ આવ્યું. પાણી છાંટ્યું. પીવડાવવા મોં માં રેડ્યું પણ પીનાર હાજર ન હતા. પ્રાણ પંખેરું ઊડી ગયું હતું.

મેડી ઉપર ઊભેલા સજ્જન પણ ધડાધડ દાદરો ઊતરીને નીચે આવ્યા. દિલમાં ફાળ પડી. અપરાધ ભાવનો તીવ્ર આંચકો લાગ્યો.

લોકોએ જોયું મરનારને ખભે જનોઇ અને માથે શિખા હતી. અરે, આ તો ઉચ્ચવર્ણના બ્રાહ્મણ લાગે છે. પૃચ્છા કરી. દીકરો તો હેબતાઇને સુન થઇ ગયો હતો.

બહારગામના લાગે છે. ક્યાં ઊતર્યા છે. આમને કોણ જાણે છે? પ્રકટનાથની જગ્યાએ લઇ ગયા. અન્ય બ્રાહ્મણોએ ઓળખ આપી. પેલા મેડીવાળા સજ્જન પણ સાથે હતા. એમના મનમાં સળવળાટ ચાલી રહ્યો હતો. બ્રહ્મહત્યાનું પાતક લલાટે લાગ્યું. મન કડવું કડવું થઇ ગયું. અગ્નિસંસ્કાર તો કર્યા પણ મનમાં એથીય ભારે લ્હાય લાગી હતી. અપાર પસ્તાવો કરતાં કરતાં માંહ્યલો જાગી ગયો. અગ્નિ સંસ્કાર પછી ગૌતમ કુંડમાં સ્નાન કરવાને બદલે પાતક ધોવા હિમાલયની વાટ પકડી.

એના મનને થયું આવા નિર્દોષ અને ઉત્તમકુળના ઉત્તમ આચાર સંપન્ન બ્રાહ્મણને મેં ના કહી. એમ ના કહેતા મારી જીભ કેમ સિવાઇ ન ગઇ? મારું આ પાપ કેમ ધોવાશે? પોતે પણ બ્રાહ્મણ હતા સમજણ તો હતી જ પણ જુવાનીના તોરમાં ના પડાઇ ગઇ હતી.

ટેવવશ આવા યાચકો તો આવ્યા જ કરે, બધાને આપ્યા કરીએ તો પાર જ ન આવે. આવા સામાન્ય, તુચ્છ અને છીછરા વિચારોથી પ્રેરિત થઇને 'ના' કહેવાઇ ગઇ હતી તે ઘણી ભારે પડી ગઇ.

આપણે 'ના' તો ન જ કહીએ.

થોડું તો ભલે થોડું, આપીએ જરૂર.

**નવા વરસે એટલું તો નક્કી કરીએ કે "ના" તો ન જ કહીએ.**

નીચેની પંક્તિ, એ વિચારને બળ આપે તેવી ચોટદાર છે.

*યાચકો નવિ યાચે છે.*
*બોધ આપે ઘેર ઘેર*
*આપો આપો, ન આપો તો*
*મારા જેવા તમે થાશો.*

***"પાઠશાળા"માંથી આ પાઠ સૌના લાભાર્થે સાભાર***

## 'માર ખાવા જેવું' જિંદગીમાં ઉત્તમ કાર્ય...

**(અનુસંધાન : પાના નં.-૧૬૦ ઉપરથી ચાલુ)**

તો માર ખાનારાઓના કારણે. તેથી સમાજમાં માર ખાનારનું સ્થાન ઊંચું ગણાવું જોઈએ. ચાર જણ દોડવાની હરીફાઈમાં ઉતર્યા હોય અને દોડતા હોય પણ છેવટે આગળ તો એક જ જણ આવવાનો. બીજાઓનો નંબર પાછળ જ આવવાનો. એમાં ખોટું શું છે? વાસ્તવિક્તામાં માર ખાનાર - પાછળ રહેનાર મારનારને તક આપીને આગળ લાવે છે. આ તેનું ઔદાર્ય છે. આપણે તેની પણ કદર કરવી જોઈએ. જે દિવસે આટલું કરી શકીશું ત્યારે દુનિયામાંથી ઘણા વેર ઝેર નીકળી ગયા હશે.

આજે જ્યાં ત્યાં તનાવની વાત થાય છે. તનાવના નિરસન માટે લોકો સાઈકિયાટ્રિસ્ટોને મોટી ફી આપીને ટ્રીટમેન્ટ લે છે. હું બહુજન હિતાય કોઈ પણ ફી લીધા વિના તનાવ વિસર્જનનો ઉપચાર જણાવી દઉં છું. એકવાર માર ખાતા શીખી જાવ પછી જીવનમાં ક્યારેય તનાવ નહીં લાગે. જે માર ખાઈને આનંદ લે છે, તેનું જીવન પ્રસન્નતામાં વીતે છે.

'જીવન છે, માર ખાવોય પડે' એ પાઠ બાળકને શીખવાડીને નિશાળમાં મોકલ્યો હશે તો તે બાળક જીવનમાં ક્યારેય દુઃખી નહિ થાય. આપણે તો મૂળથી જ તેને ખોટો પાઠ ભણાવીને શાળામાં મોકલીએ છીએ : 'મારીને આવજે.' પછી બાળક જીવનભર લડતો જ રહે છે. પરિણામે તેનું જીવન કડવાશ - નિરાશા અને હતાશાથી ભરાતું રહે છે. એકવાર આ 'માર ખાવાની વાત'નો આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકાર થઈ જાય અને તેને એક ઉમદા કાર્ય તરીકે ગણવામાં આવે તો જગતમાંથી કેટલાય યુદ્ધો ઓછા થઈ જાય. માર ખાવાનું વિજ્ઞાન છે અને કેવી રીતે માર ખાવો તે એક કળા છે.

*'સુહાસ'*
*૬૪, જૈન નગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*ફોન : ૨૬૬૨ ૦૬૧૦*

*જાગશો, તો ગુલાબ છે પુસ્તક,*
*ઊંઘશો તો ખ્વાબ છે પુસ્તક;*
*સંસારના હર એક સવાલનો,*
*સાવ સાચો જવાબ છે પુસ્તક.*

*માણસનું મન સ્વર્ગને નરકમાં અને નરકને સ્વર્ગમાં ફેરવી શકે છે. – કવિ મિલ્ટન*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા.

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે બાજુ જે મકાનમેં બાપા રેંતા સે સજો ડીં છાપરે તે ચડેનેં ટૂંટીયો વારે ને વઠા વેતાં ને મથેમેં ને સજે શરીર તે સજો ડીં ઢેડ કઇંધા વેંતા. સે તપાસ ત કર ક અનીંકે કુરો તકલીફ આય?

બચુડો : અધા આંઉ આજુબાજુમેં તપાસ કયો તડેં ઇ જાણેલા મલ્યો આય ક બાપાજો હૃદય ખરાબ વો સે ડૉક્ટર ભધલાય જો ચેં વે. તેંમેં બાપા હૃદય ભધલાયજો ઑપરેશન કરાયાં પણ ડૉક્ટર પ્રયોગ કરેલા કે અનીંકે વાનરેજો હૃદય વ્યારે ડેને.... ઑપરેશન તા ભરોભર થે વ્યો પણ પુઠિયા અનજી અસર ઇ થઈ ક બાપા સજો ડીં છપરે તે ચડે, ટુંટિયો વારે ને વઠા વેંતા ને પંઢજો મથો ને શરીર ખનારીયેંતા.

## ખિલજા મ ભલા

મેનેજર : તમે ડૉક્ટરનું માનતા કેમ નથી? તમને ડૉક્ટરે આરામ કરવાનું કહ્યું છે છતાં ઓફિસે કેમ આવો છો?

ક્લાર્ક : ડૉક્ટરનું માનીને જ ઓફિસે આવું છું. આરામ માટે બીજે ક્યાં જાઉં!

☺ ☺ ☺ ☺ ☺

માણેકલાલ : તમે બાથરૂમ સીંગર છો એ મેં સાંભળ્યું છે... પણ અમારી સામે ગાતા કેમ શરમાઓ છો?

રતનલાલ : તમારી સામે શું શરમાવાનું! આ તો બાથરૂમમાં કડી નથી એટલે શરમના માર્યા ગાવું પડે છે.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : હવે મારી દવા લીધા પછી ઉધરસ કેમ છે?

દર્દી : હવે સારું છે.... આખી રાત ખાઈ શકું છું.

☺ ☺ ☺ ☺ ☺

ઓફિસર : આટલી મોટી ભૂલ કરીને તમે શું સાબિત કરવા માંગો છો?

કારીગર : એટલું જ કે હું કામ કરું છું. બીજાની માફક ઊંઘતો નથી.

☺ ☺ ☺ ☺ ☺

સવિતા : તમારી દીકરીને સંગીતનો ખૂબ શોખ લાગે છે.

કવિતા : હા... રેડિયો પર ગાતા ઘણાં ગાયકો સાથે એણે ઘેર બેઠા બેઠા ગાયું છે.

☺ ☺ ☺ ☺ ☺

ભોલારામ : અલ્યા આ વોન્ટેડ લખેલું પોસ્ટર જોઈ કેમ હસે છે?

મસ્તરામ : મને એ નથી સમજાતું કે વોન્ટેડ હતો તો ફોટો પાડ્યા પછી જવા કેમ દીધો?

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : અલ્યા, તમે બંને જોડિયા ભાઈઓ છો છતાં પરીક્ષામાં પૂછાયેલ સવાલમાં બાપનું નામ જુદું કેમ લખ્યું?

મનીયો : એ તો કહી ન શકો ને કે કોપી કરી છે એટલે....

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, મારી મુશ્કેલી એ છે કે હું મારી જાતને ભગવાન સમજવા લાગ્યો છું.

મનોચિકિત્સકઃ પણ આવું ક્યારથી થાય છે?

દર્દી : જ્યારથી મેં આ દુનિયા બનાવી ત્યારથી.

☺ ☺ ☺ ☺ ☺

મેનેજર : (ઈન્ટરવ્યૂ માટે આવેલ ઉમેદવારને) એવો સ્પેલિંગ બોલો કે જેમાં more than 100 letters હોય.

ઉમેદવાર : સર, Postbox.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : આજે ઓફિસમાં સૌથી વધુ ભૂલકણું કોણ છે એની સ્પર્ધા હતી.

પત્ની : તો, તો... તમે જ પહેલા આવ્યા હશો.

પતિ : ના... હું એ સ્પર્ધામાં ભાગ લેવાનું જ ભૂલી ગયો હતો.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : આ જે નવું નાટક આવ્યું છે તેનો અંત સુખદ છે કે દુઃખદ?

પતિ : આ નાટકનો અંત સુખદ છે. બધા જ પ્રેક્ષકો નાટક પૂરું થતાં ખુશ થાય છે.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમને યાદ છે, જ્યારે તમે મારી સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો તે દિવસે હું એટલી બધી આનંદિત થઈ ગઈ હતી કે એક કલાક સુધી કાંઈ જ બોલી શકી નહોતી.

પતિ : હા પ્રિયે, એ મારા જીવનનો શાંતિપૂર્વક ગાળેલો એકમાત્ર કલાક હતો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*ઉત્તમ પુસ્તક તમે ફરી ફરીને વાંચશો તો પુસ્તકમાં તો તમને કંઈ નવું નહિ દેખાય, પણ તમારા પોતામાં દેખાશે. - ક્લિફટન ફેડિમેન*

# મારા મતે 'માર ખાવા જેવું' જિંદગીમાં કોઈ ઉમદા કાર્ય નથી

• ચંદ્રહાસ ત્રિવેદી •

આપણે બાળકને પહેલેથી જ ખોટા પાઠ ભણાવીએ છીએ. પરિણામે તે જીવનમાં સતત તનાવગ્રસ્ત રહે છે અને દુઃખી થાય છે. બાળક પૂરું સમજણમાં ન આવ્યું હોય અને માંડ બોલતા આવડ્યું હોય ત્યાં આપણે તેને કહીએ છીએ : 'બેટા! કોઈનો માર ખાઈશ નહીં. મારીને આવજે.' તેથી તેનું જીવન સંઘર્ષમય બની જાય છે. પરિણામે સમાજમાં હતાશા અને નિરાશા વધતા જાય છે. મારા મતે જિંદગીમાં 'માર ખાવા જેવું' કોઈ સદ્‌કાર્ય નથી. મારવું એ મોટી વાત નથી, માર ખાવામાં જે શાંતિ છે, જે સંતોષ છે તે બીજે ક્યાંય નથી.

આપણા લોકો બે જ વિકલ્પમાં જીવે છે : 'મારો કે મરો.' ભલે આતંકવાદીઓ માટે આ સૂત્ર આદર્શ હોય પરંતુ આપણા માટે તો 'માર ખાતા શીખો - માર ખાઈને રાજી રહો' એવાં સૂત્રો કામનાં છે. જીવનની ગાડી મારવું કે મરવું - એવા બે પાટા ઉપર નથી ચાલતી. વચ્ચે એક ત્રીજો પાટો છે 'માર ખાવાનો.' એના ઉપર જીવનની ગાડી ગબડવા માંડે તો આપણને શાંતિ અને સર્વને શાંતિ.

પણ તમે મારી વાત એમ નહિં માનો એટલે મારે ગાંધીજીનું નામ આગળ કરવું પડશે. (બધા રાજકારણીઓની જેમ) ગાંધીજીએ બ્રિટિશ સામ્રાજ્ય સામે બગાવત કરી ત્યારે મારવાની વાત નહોતી કરી પણ 'અહિંસા'નું સૂત્ર આગળ કર્યું. આ અહિંસામાં 'માર ખાવા'ની જ વાત ગર્ભિત રીતે રહેલી છે. જો શક્તિશાળી બ્રિટિશ સલ્તનત સામે મારા-મારી કરવા ગયા હોત તો આજ સુધી આપણું ઠેકાણું પડ્યું ન હોત. જુઓ છો ને, આજે અફઘાનિસ્તાન અને ઇરાકની સ્થિતિ! એમનું ક્યારેય ઠેકાણું પડવાનું નથી કારણકે બંને પક્ષો મારવામાં જ માને છે. કોઈ માર ખાવા તૈયાર નથી. ખરેખર તો માર ખાવામાં જે ખમીર બતાવવું પડે છે તેવું મારવામાં નથી બતાવવાનું.

જેના મનમાં એક વખત 'મારે માર નથી ખાવો' એ વાત ઘર કરી જાય છે તે સતત તનાવમાં જીવે છે. રસ્તા ઉપર ચાલે તોય ચારે બાજુ જોતો જોતો ચાલે. જુઓ છો ને આપણા નેતાઓની શી દશા છે! સતત કમાન્ડોથી ઘેરાયેલા રહેવું પડે છે. એક પ્રકારની કેદ જ થઈને! જ્યારે આપણે તો બાદશાહની જેમ નિરાંતે ગમે ત્યાં જઈ શકીએ છીએ કારણકે આપણે માર ખાવાથી ડરતા નથી.

મારા એક મિત્ર પોતાની ગાડી ક્યારેય લૉક કરતા નથી. તેમની ગાડી આજ સુધી ચોરાઈ નથી. તેઓ મંદિરમાં જાય છે ત્યારે નિરાંતે ભજનો ગાતા ગાતા કલાક કરે છે અને આરતી કરીને શાંતિથી બહાર આવે છે. જ્યારે આપણે તો ગાડી લૉક કરી હોય તો પણ શાંતિથી ભગવાનના દર્શનેય નથી કરી શકતા. મેં એક દિવસ તે સજ્જનને પૂછ્યું, 'તમને શ્રદ્ધા છે કે ભગવાન તમારી ગાડી સાચવશે?' તેમણે ખડખડાટ હસતા કહ્યું : 'ભલા ભાઈ, આવા કામ શું કરવા ભગવાનને ભળાવું? હું તો ગાડી ચોરનારાઓના વિશ્વાસ કે સદ્‌બુદ્ધિ ઉપર ગાડી છોડી દઉં છું. **જે બહુ સાચવે તે બહુ લૂંટાય.** મને તેમનું આ સૂત્ર પણ વિચારવા જેવું લાગ્યું.

આજકાલ ક્રિકેટની મેચો બહુ રમાય છે. કહે છે કે તેમાં આગળથી મેચ ફિક્સ થઈ જાય છે. આ મેચ ફિક્સીંગ શું છે? માર ખાવા વિશેની સમજૂતી. આ વખતે તમે માર ખાજો. બીજી વખતે અમે માર ખાઈશું. જો એક જ ટીમ જીત્યા કરે તો મેચ જોવામાં મજા શું આવે? કમાનાર કમાય શું અને ખોનારા ખોવે ક્યાં? તમે બે પહેલવાનને લડતા જોયા છે? ઘડીમાં એક પહેલવાન ઉપર અને ઘડીમાં બીજો પહેલવાન ઉપર. આપણા શ્વાસ થંભી જાય. ત્યાં કોઈ એક 'ચિત્ત' થઈ જાય એટલે તાળીઓના ગડગડાટ થાય. જો કોઈ 'ચિત્ત' ન થયું હોત તો લોકો ક્યાં સુધી જોયા કરત? છેવટે કંટાળીને ચાલ્યા જાત. વાસ્તવિક્તામાં માર ખાનારને લીધે જ સૌને આનંદ થયો.

આ 'માર ખાવાનો' શબ્દ આમ તો અખબારી આલમનો છે. છાપાંઓ વચ્ચે ગળાકાપ હરીફાઈ ચાલતી હોય ત્યાં કોઈ મહત્ત્વના સમાચાર એક છાપાવાળો લઈ જાય અને બીજો ચૂકી જાય - ત્યારે તેણે માર ખાધો કહેવાય. જે છાપાવાળાએ માર ખાધો હોય તે દિવસે અખબારી કચેરીમાં અવિધિસરનું બેસણું હોય. જે રિપોર્ટરને લીધે માર ખાધો હોય તેણે આવતાની સાથે મેનેજિંગ તંત્રીની કેબિનમાં હાજરી ભરવી પડે અને જ્યારે તે હવે પૂરો સજાગ રહેશે અને ફરીથી માર નહિ ખાય એવી ખાતરી આપે ત્યારે તે તંત્રીની ઓફિસમાંથી બહાર આવી શકે. પત્રકારો જે સમાજસેવા જેવા ઉદાત્ત કાર્યમાં જોડાયેલા છે તેમની વચ્ચે આજે ભાઈચારો નથી વર્તાતો, તો આ માર ન ખાવાની બાબતની હઠને કારણે. જો આ હઠ તેઓ છોડી દે તો કૌરવ - પાંડવો સાથે બેસીને જમતા હોય તેવું લાગે ને!

માર ખાવામાં જે મજા છે તે તો જે જીવનમાં માર ખાતો રહેતો હોય તે જ જાણે. તમે વિચારી જુઓ કે બધા માણસો મારતા રહે એવી સમાજ વ્યવસ્થા શું શક્ય છે? મારનારા પંકાય છે - વખણાય છે તે ખરેખર

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫૮ ઉપર)

*ભવિષ્યની ચિંતા કર્યા વિના વર્તમાન પર જે ધ્યાન આપે છે તેને સફળતા મળે છે.*

# પત્ની આસન

• પૂનમ શાહ - નાગપુર •

- **પત્નીને આરોગ્યમય રાખવાના બાર ઉપાય.**
- **યોગ્ય સ્વાસ્થ્ય માટે કરીને જુઓ.**
- **ફક્ત 'પરણેલા' પતિઓ માટે.**

ભારતીય સંસ્કૃતિમાં કુટુંબ પ્રથા છે જે આદિકાળથી ચાલે છે. ઘર-સંસારની શરૂઆત પતિ-પત્નીથી થાય છે. આર્ય સંસ્કૃતિમાં પત્નીને ભાર્યા કહેતા હતા. ભાર્યાસિન અથવા પત્ની આસન ઘણા સમયથી આપણા દેશના પુરુષો કરતા આવ્યા છે. જેમ 'યોગ' ભારતની દેન છે, અને ફોરેન રિટર્ન થઈને 'યોગા' બનીને ભારતમાં પાછું આવ્યું અને ત્યારથી યોગનો પ્રચાર ખૂબ જોરશોરથી ચાલે છે. યોગ એટલે વ્યક્તિગત સુખ-શાંતિ, આરોગ્ય માટે રહે છે પણ ભાર્યાસન અથવા પત્ની આસનમાં પતિ-પત્ની બંનેને ફાયદો થાય છે. એ કેમ થાય છે તે આપણે નિમ્નલિખિત બાર આસનથી જાણીએ. તમે ખરેખર પરણેલા છો અને હજી સુધી તમારા તલાક નથી થયા તો આ આસન અવશ્ય કરશો. તમારા ઘરમાં સુખ - શાંતિ - સમૃદ્ધિ આવશે અને તમને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થશે.

### ૧. ભાર્યા નમસ્કાર :

આ આસન રોજ સવારે ઉઠીને આપણે જેમ સૂર્ય નમસ્કાર કરીએ તેમ ભાર્યા નમસ્કાર આસન કરવું. સવારની વખતે પત્નીનો ચહેરો સૂર્યની જેમ ચમકતો હોય છે. આ આસનમાં સવારે ઉઠીને એક કપ ચા બનાવવી અને તમારા પત્નીને ઉઠાડીને પીવા માટે આપવી. ચાયનો કપ બંને હાથમાં પકડવો. જેમ આપણે નમસ્કાર કરીએ તેમ. પછી પત્નીના પલંગ પાસે વજાસનમાં બેસવું અને ચાનો કપ ખૂબ જ પ્રેમપૂર્વક પત્નીને આપવો. આ આસન સવારના વખતે કરવાથી તમારી પત્ની આખો દિવસ ખુશ અને ફ્રેશ રહેશે અને તમને પણ પ્રેમપૂર્વક રાખશે. સવારે તમારા હાથથી પ્રેમ નાંખીને બનાવેલ ચા પીને તમારી પત્નીનો ચહેરો સૂર્યની જેમ પ્રભાતની સુનહરી આભામાં તરોતાજા થઈ જશે.

### ૨. એક પગાસન :

પત્ની આસનની શ્રેણીમાં બીજું આસન એક પગાસન છે. આ આસનમાં એક પગ ઉપર ઊભા રહીને પત્નીની સેવામાં સદા હાજર રહેવું. પત્નીનો આદેશ સાંભળવા અને પત્નીની આજ્ઞાનું પાલન કરવા સદા તત્પર રહેવું. આ આસન કરવાથી તમારી પત્ની સદા ખુશ રહેશે. એટલે તમને પણ ખુશ રાખશે. આ બધા આસનોમાં પતિ-પત્ની બંનેને ફાયદો થાય છે.

### ૩. પ્રશંસાસન :

આ આસન પણ ખૂબ જ ઉત્તમ આસન છે. આ આસનમાં પત્નીની હંમેશાં નખથી લઈને શિખર સુધીની પ્રશંસા કરતા રહેવું. તમે ઘરમાં રહો, બગીચામાં રહો, બજારમાં રહો, ક્યાંય રહો આ આસન કરતા રહેવું. તમારી પત્ની કર્કશા, કુરુપ હોય તો પણ આ આસન અવશ્ય કરવું. આ આસન કરવાથી તમારી પત્ની એનો સંપૂર્ણ પ્રેમ તમારા ઉપર ઠાલવશે.

### ૪. શોપિંગ આસન :

આ આસન થોડો કઠિન અને મોંઘો છે. એટલે રોજેરોજ નહીં કરવો. અઠવાડિયા અથવા મહિનામાં એકવાર કરવો. આ આસનમાં પત્નીને શોપિંગ માટે લઈને જવાનું છે. આ આસન કરવાથી પત્નીનું બગડેલ સ્વાસ્થ્ય સારું થઈ જાય, પત્ની પ્રસન્ન એટલે તમે સુખી.

### ૫. વેલણાસન :

આ આસનમાં પત્નીને આરામ આપવા માટે, સુખી રાખવા માટે દિવસમાં એકવાર વેલણ લઈને પત્નીને રોટલીઓ વણીને આપવી. આ આસન કરવાથી તમારા હાથનો વ્યાયામ થઈ જાય અને પત્નીને થોડી રાહત મળે. વેલણ એ પત્નીનું હથિયાર છે એટલે સાવધાન રહેવું.

### ૬. દંડાસન :

પત્નીને ખુશ રાખવા દંડાસન સદા કરતા રહેવું. આ આસનમાં પત્નીને દંડવત્ પ્રણામ કરવાનું છે. એટલે તમારા આખા શરીરનો વ્યાયામ થઈ જાય.

### ૭. મસ્કા આસન :

આ આસનમાં પત્નીના પિયરવાળાનું સુખ-દુઃખનો ખ્યાલ રાખવો. એમની કાળજી લેવી અને પિયરવાળાની સેવા શુશ્રૂષા કરવી. આ આસન નહીં કરો તો તમે ખૂબ પસ્તાશો.

### ૮. કાનપકડાસન :

તમારો સ્વભાવ ભૂલક્કડ કે તમે જાણી જોઈને ભૂલી જાઓ, ભગવાન જાણે અથવા તમે પોતે જાણો. તમે તમારી વર્ષગાંઠ ભૂલી જાઓ અને હોટલમાં પાર્ટી ન આપો, પત્નીની વર્ષગાંઠ, તમારી મેરેજ એનિવર્સરી ભૂલી જાઓ, ગિફ્ટ ન આપો, કેક ન લાવો, હોટેલ લઈને ન જાઓ તો પત્નીના ધ્યાનમાં આવવાથી તુરંત કાન પકડીને માફી માંગી લેવી. કાન તમે તમારા પોતાના જ પકડવાના છે. કાન પકડવાથી એક્યુપ્રેશર થાય, કાન દબાવાથી એક્યુપ્રેશરનો લાભ તમને મળે અને પત્ની તો ખુશ થાય એ અલગ ફાયદો.

### ૯. સાસુ ભક્તિ આસન :

આ સૌથી સુખદ, મહત્ત્વપૂર્ણ અને વિશેષ આસન છે. આ આસન તમે જેટલીવાર કરશો એટલા તમે સુખી રહેશો. સ્વર્ણિમ સુખ પ્રાપ્ત કરવા આ આસન અવશ્ય કરવું.

*વાણીનો ઉપયોગ ઈચ્છાઓ પ્રગટ કરવા કરતાં ઈચ્છાઓ છુપાવવા માટે વધારે થાય છે. - ગોલ્ડ સ્મિથ*

**૧૦. મનોરંજન આસન :**

આ આસનમાં પત્નીને આનંદિત રાખવા એને ટી.વી.ના જે કાર્યક્રમ જોવા હોય તે જોવા દેવા. સાસુ-વહુની સિરિયલ જોઈને એ તમારા પૂજનીય માતાજીની બુરાઈ કરે તો મન ઉદાર રાખીને, મન ઉપર પથ્થર રાખીને ચૂપચાપ સાંભળી લેવી. તમારી પત્નીને તકલીફ ન થાય એટલે એને ટ્રેનના બદલે વિમાનમાં મુસાફરી કરાવવી. અઠવાડિયામાં એકવાર એ.સી. થિયેટરમાં પિક્ચર જોવા માટે લઈ જવું. અઠવાડિયામાં એક દિવસ ગાર્ડનમાં લઈ જવું. પત્નીનું ભરપૂર મનોરંજન કરવાથી તમને દિવસમાં ત્રણ વખત નાસ્તો - જમણ બધું વ્યવસ્થિત મળતું રહેશે. તમે આ બધા આસન ન કરો અને પત્ની બીમાર થઈ જાય અને ગાદલો પકડી લે તો તમને આફત થઈ જાય.

**૧૧. લક્ષ્મી આસન :**

આ આસન કરવાથી પત્ની ક્યારેય ઉદાસ અને નારાજ નહીં રહે. તમે જે કંઈ કરતા હો, તમારી જે આવક હોય તે તમારે તમારી પત્નીને સુપરત કરવી. આ આસનથી તમારી પત્નીની કૃપાદૃષ્ટિ સદા તમારા ઉપર રહેશે. આ આસન જીવનની સફળતાની કૂંચી (ચાવી) છે.

**૧૨. સાડી આસન :**

આ આસન સૌથી મહત્ત્વનું અને અતિ વિશિષ્ટ આસન છે. તમારી પત્નીને આનંદિત રાખવાનો સૌથી અંતિમ ઈલાજ છે. તમારી પત્ની ન માને તો તમારા ગામનાં, શહેરનાં મોટામાં મોટા શો રૂમમાં જઈને પત્નીને સાડી ખરીદીને આપવી. આ આસન સદા કરતા રહેવું.

વિશ્વ પતિ દિવસ, વિશ્વ પુરુષ દિવસ ઉપર મારા બધા વહાલા ભાઈઓ અને એકમાત્ર પતિને આ લેખ વિશેષ ભેટ છે. આ બહેનની વાત માનીને બધા આસન નિયમિત કરતા રહેશો. પત્ની ખુશ એટલે આખો પરિવાર સુખી.

*૫, સ્નેહગંધ એપાર્ટમેન્ટ,*
*પ્લોટ નં.-૨૪૨, નંદનવન ચોક,*
*શિક્ષક સહકારી બેંક પાસે,*
*નંદનવન, નાગપુર-૪૪૦ ૦૦૯.*

### હળવાશની ક્ષણોમાં!

# ગુજજુબહેને ગોવા ગજવ્યું!

• ચિત્રસેન શાહ •

ગાંધીનગર કલ્ચરલ ફોરમે શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત - અભિનીત એક સર્વાંગ સુંદર અઢી-ત્રણ કલાક ખડખડાટ હસાવતું નાટક 'ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા!' ફોરમના મેમ્બર્સને બતાવ્યું. શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા અને આ નાટકના સર્વે કલાકારો તે માટે અભિનંદનના અધિકારી છે. વળી ફેમિલી સહિત આ લખનાર તો શ્રી રાંદેરિયાના જબરા પ્રશંસક છે. એકવાર જ્યારે આ લખનારે ઘરમાં કહ્યું કે, —'શ્રી સિદ્ધાર્થ રાંદેરિયાના નાટક હોય તો આંખ બંધ કરી જોવા બેસી જવાય!' ત્યારે ફેમિલીની જુનિયર મેમ્બર બોલી ઊઠી — 'આંખ બંધ રાખીએ તો કઈ રીતે જોઈ શકાય?'

હવે મૂળ વાત પર આવીએ તો 'ગુજ્જુભાઈ ઘોડે ચડે!' કે 'ગુજ્જુભાઈ ગામ ગજવે!' તો પછી ગુજ્જુબહેન કેમ પાછળ રહી જાય?! ગુજ્જુબહેન પણ ૩૦ ટકા અનામતનો લાભ જરૂર લે! તેથી જ આ લેખને શીર્ષક અપાયું છે — 'ગુજ્જુબહેને ગોવા ગજવ્યું!'

વાત જાણે એમ છે કે - લેખ લખવા માટેનો કાચો માલ અમને ન્યૂઝ પેપરમાંથી મળી રહે છે! વળી તેના પર 'વેટ' નથી લાગતો કારણકે ગુજરાત 'ડ્રાય સ્ટેટ' છે! પરંતુ હવે તેનો કેટલોક ભાગ 'વેટ' બનવા જઈ રહ્યો છે. ન્યૂઝ પેપરના રિપોર્ટ પ્રમાણે કચ્છના રણમાં અમેરિકાના લાસ વેગાસ ટાઈપનું કેસીનો કલ્ચર વિકસાવાશે! (લાસ વેગાસ પણ રણમાં જ છે!) કેસીનો કલ્ચરને કારણે એ વિસ્તાર 'વેટ' બનશે! વરસાદ ભલે આવે કે ન આવે, પરંતુ એ ડ્રાય એરિયા 'વેટ' તો બનશે જ! અને તો જ ટૂરિઝમનું ડેવલપમેન્ટ થાય ને! 'વેટ' એરિયા એ ટૂરિઝમ ડેવલપમેન્ટ માટેની પ્રાથમિક જરૂરિયાત છે!

ગોવા જો 'ડ્રાય' હોત તો કોઈ ટૂરિસ્ટ ત્યાં જવાનું પસંદ કરત?!

ગોવાની વાત પરથી ત્યાં બનેલો એક પ્રસંગ યાદ આવે છે.

થોડા સમય પહેલાં અમે બે મિત્રો ફેમિલી સહિત ગોવા ગયેલા ત્યારે હોટલની અમારી રૂમમાં પડેલી 'બીયર'ની બોટલો જોઈને અમારી શ્રીમતીજીઓને (બે મિત્રોની — દરેકની એક એક એટલે શ્રીમતીજીઓ લખ્યું છે! ગેરસમજ ન થાય એટલે આટલી ચોખવટ જરૂરી છે!) બૂમાબૂમ કરી મૂકી! હો-હા મચાવી મૂકી! અમને બંનેને 'પીધેલા(!)' સુદ્ધાંના લેબલ લગાવી દીધા! 'બિયર'ને એ લોકો વ્હીસ્કી, વોડકા, રમ વગેરેની કેટેગરીમાં મૂકતા હતા! જોરશોરથી થયેલ બૂમાબૂમને કારણે હોટલનો સ્ટાફ અને બીજા લોકો ભેગા થઈ ગયા! ધીરે ધીરે ગામ આખું ભેગું થઈ ગયું! ગુજ્જુબહેને જાણે આખું ગોવા ગજવ્યું! ભેગા થયેલા લોકો એમ સમજેલા કે મારપીટનો કેસ લાગે છે! પરંતુ જ્યારે એ લોકોને સાચી વાતની ખબર પડી ત્યારે હસતા હસતા વીખરાઈ ગયા! કારણકે 'કિંગ ફિશર'ની બિયરની બોટલ તો ગોવાના નાના છોકરાઓના હાથમાં પણ હોય!

ત્યારબાદ ગોવામાં જ અમને બીજું એક કપલ મળી ગયું જેમણે 'બિયર'ના ફાયદા ગણાવ્યા! આ સાંભળીને અમારા બંનેના શ્રીમતીજીઓએ 'યુ-ટર્ન' લીધો! હવે તેમણે 'બિયર' પીવાની હઠ પકડી!

અને એક સુંદર સાંજે બંનેએ આખેઆખી બિયરની બોટલ ખાલી કરી નાખી!

તે રાત્રે ફરીથી તમાશો થયો! બંને રાજાપાઠમાં (ખરેખર તો રાણીપાઠમાં એમ લખાય!) આવી ગયેલા!

અને ગુજ્જુ બહેનોએ ફરીથી ગોવા ગજવ્યું!

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

*જીવન આવું છે તે બતાવવા માટે પ્રભુએ સર્જેલું જીવન તે નદી. — અજ્ઞાત*

મહિલા વિશ્વ

# રેસીપી – જૈન વાનગી માટે

● સુરભિ નીરવ વસા ●

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સભ્ય શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા (ભુજ)ના પુત્રવધૂ અને સમાજના કારોબારી સભ્ય શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ)ની સુપુત્રી, શ્રીમતી સુરભિ નીરવ વસા કે જેમણે વર્ષ ૨૦૦૯ માં ઇટીવી-ગુજરાતી દ્વારા આયોજિત રસોઇ શો મેગા કોન્ટેસ્ટ "રસોઇની મહારાણી" સ્પર્ધામાં ગુજરાતભરના ૫૦૦૦ (પાંચ હજાર) સ્પર્ધકોમાંથી દરેક રાઉન્ડમાં જૈન વાનગીઓ બનાવી, પ્રથમ સ્થાન મેળવી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ તથા કચ્છનું નામ રોશન કરેલ છે. તેઓશ્રી દ્વારા જૈન વાનગીઓના નિષ્ણાત તરીકે મંગલ મંદિરના નવેમ્બર-૨૦૧૦ ના દિપોત્સવી અંકથી વિવિધ વાનગીઓની જૈન રેસીપીનો વિભાગ શરૂ કરવામાં આવે છે. આશા રાખવામાં આવે છે કે 'મંગલ મંદિર'માં શરૂ થતા આ વિભાગ દ્વારા વાચકવર્ગને અને તેમાં પણ મુખ્યત્વે મહિલા વર્ગને વિવિધતા પ્રાપ્ત થઇ શકે.*

*– મુખ્ય તંત્રી*

## સ્વીટ હાર્ટ

● **બેઝ માટે :**

૧ વાટકી ચણાનો લોટ (બેસન), ૧/૨ વાટકી ખાંડ, ૩ ચમચી ઘી, એલચીનો ભૂકો

● **ફીલીંગ્સ માટે :**

૩ નંગ ક્રશ કરેલા અંજીર, રોસ્ટેડ કાજુ બદામના ટુકડા

**રીત :**

★ કડાઇમાં ૩ ચમચી ઘી લઇ તેમાં ૧ વાટકી લોટને ધીમા તાપે સુગંધ આવે ત્યાં સુધી શેકો.

★ બીજી એક કડાઇમાં ૧/૨ વાટકી ખાંડ લઇ ખાંડ ડૂબે તેટલું પાણી ઉમેરી ૨ તારી ચાસણી બનાવો.

★ હવે આ ચાસણીને શેકેલા લોટમાં ઉમેરો અને ઘટ્ટ થાય ત્યાં સુધી સરસ રીતે હલાવો. (આ પ્રોસિજર ગેસ બંધ કરીને પછી કરવી)

★ હલાવવાથી સરસ પૂરણ તૈયાર થઇ જશે. ત્યારબાદ પાટલીને ગ્રીઝ કરી પૂરણને હળવે હાથે ફેલાવી વણો.

★ હવે હાર્ટ શેપનો મોલ્ડ લઇ તેનાથી શેપ આપો - બેઝ તૈયાર છે.

**ફિલીંગ્સ :**

હવે ૧ કડાઇમાં પલાળીને ક્રશ કરેલા અંજીર લો. તેને થોડા ઘટ્ટ થાય ત્યાં સુધી સાંતળો. હવે તેમાં રોસ્ટેડ કાજુ, બદામ અને પીસ્તાના અધકચરા ટુકડા મીક્ષ કરો અને તેને પણ મોલ્ડથી હાર્ટ શેપ આપો. ફિલીંગ્સ તૈયાર છે.

હવે હાર્ટશેપનો ૧ પીસ લઇ તેના પર અંજીરનું ફિલીંગ્સ ગોઠવી બીજો બેઝ તેના પર ગોઠવો જેથી અંજીર સેન્ડવીચ જેવું તૈયાર થશે. હવે તેના પર વરખ લગાવી સર્વ કરો. તૈયાર છે સ્વીટ હાર્ટ.

## ઇઝી ચીઝી બાસ્કેટ

● **સામગ્રી :**

૭-૮ નંગ રાઉન્ડમાં કટ કરેલ બ્રેડ, ૫૦ ગ્રામ બટર, ૧ નંગ બાફેલી અધકચરી ક્રશ કરેલ કોર્ન (અમેરિકન), ૧/૨ નંગ ઝીણા સમારેલા કેપ્સીકમ , ૫૦ ગ્રામ છીણેલું પનીર, ૫૦ ગ્રામ છીણેલું ચીઝ, ૧ ચમચી અધકચરા ક્રશ કરેલ લીલા મરચાં, ઓરેગાનો, સ્વાદ અનુસાર મીઠું

● **ડેકોરેશન માટે :**

કેપ્સીકમની રીંગ અને પ્રેપ્રીકા.

● **રીત :**

સૌ પ્રથમ અપમપાત્ર લઇ તેને બટરથી ગ્રીઝ કરો. હવે રાઉન્ડમાં કટ કરેલ બ્રેડને બટરથી ગ્રીઝ કરી અપમ પાત્રમાં સરસ રીતે ગોઠવો.

હવે આ ટ્રેને ગેસ પર રાખો જેથી બ્રેડ રોસ્ટ થશે અને તેમાંથી બહાર કાઢવાથી બાસ્કેટ જેવો શેપ તૈયાર થશે.

● **ફિલીંગ્સ :**

૧ કડાઇમાં ૧ ચમચી બટર લો. તેમાં ક્રશ કરેલા લીલા મરચાં સાંતળો. ત્યારબાદ તેમાં ઝીણા સમારેલા કેપ્સીકમ ઉમેરો અને સાંતળો.

હવે તેમાં અધકચરી ક્રશ કરેલ મકાઇ ઉમેરી સાંતળો. ઓરેગાનો તથા મીઠુ ઉમેરી મીક્ષ કરો. આ બધી વસ્તુને સરસ રીતે સાંતળો.

હવે છેલ્લે તેમાં છીણેલું પનીર અને છીણેલું ચીઝ ઉમેરી મીક્ષ કરો. તૈયાર કરેલ બાસ્કેટમાં જરાક બટર લગાવી ઉપર મુજબનું ફિલીંગ ભરી ઉપરથી ચીઝ (છીણેલું) તથા પ્રેપ્રીકાથી સજાવી સર્વ કરો. તૈયાર છે ઇન્સ્ટન્ટ ઇઝી ચીઝી બાસ્કેટ

**આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.**

નાના મોટા સૌને ભાવે તેવી આ ચીઝી બાસ્કેટ બાળકોને નાસ્તામાં આપી શકાય છે અને ચિલ્ડ્રન્સ પાર્ટીની શાન પણ બની શકે છે. આ ઉપરાંત તળેલી ન હોવાથી મોટા પણ ભરપેટ તેનો આનંદ માણી શકે છે.

## ગ્રીની બોલ્સ ઇન રોયલ ગ્રેવી

- **સામગ્રી :**

૧ ચમચી ઘી + તેલ, ૨-૨ નંગ તજ, લવિંગ, મરી, એલચી, ૨ ચમચી કાજુ બદામ મગજતરીના બી ની પેસ્ટ, ૩ નંગ ટામેટાના નાના પીસ, ૧ ચમચી આદુ-મરચાની પેસ્ટ, ૧ ચમચી લાલ મરચું પાવડર, ૧/૨ ચમચી હળદર, ૧ ચમચી ધાણાજીરું પાવડર, ૧ ચમચી પંજાબી ગરમ મસાલો, ૧ ચમચી કસૂરી મેથી, ૫૦ ગ્રામ પનીર, ૫૦ ગ્રામ માવો , ૧ચમચી મલાઇ, સ્વાદ અનુસાર મીઠું

- **બોલ્સ માટે :**

૧૦૦ ગ્રામ ક્રશ કરેલા વટાણા, ૨૫ ગ્રામ પનીર, ૧ ક્યૂબ ચીઝ, ૧ ચમચી પીસેલા લીલા મરચા, સ્વાદ અનુસાર મીઠું, તળવા માટે તેલ.

- **રીત :**

સૌ પ્રથમ એક પૅનમાં તેલ લઇ તેમાં ખડા મસાલા- તજ, લવિંગ, મરી, એલચીને સાંતળો. તેમાં કાજુ-બદામ (બ્લાન્ચ કરેલ) મગજતરીના બી ને શેકો.

ત્યારબાદ તેમાં આદું-મરચાંની પેસ્ટ સાંતળો. તેમાં ટમેટાંના પીસને સાંતળો. ટમેટાં સરસ ગળી જાય એટલે તેમાં લાલ મરચું પાવડર, ધાણાજીરું પાવડર, હળદર, પંજાબી ગરમ મસાલો, કસૂરી મેથી ઉમેરી મીક્ષ કરો. આ બધા મસાલા સરસ સંતરાયા બાદ તેને ઠંડું કરવા રાખો. ઠંડું થાય પછી તેની ફાઇન પેસ્ટ બનાવો. (પેસ્ટ એકદમ સ્મુધ કરવાની) ક્રશ કરતી વખતે ૧ ચમચી મલાઇ ઉમેરીને ક્રશ કરવું. પેસ્ટ એકદમ સ્મુધ બનાવવી.


ફરી એક પૅનમાં ૧ ચમચી ઘી + તેલ લઇ ઉપર મુજબની પેસ્ટ ઉમેરો. તેને થોડી સાંતળો. ત્યારબાદ તેમાં છીણેલું પનીર ૫૦ ગ્રામ અને ૫૦ ગ્રામ માવો છીણીને ઉમેરો. જેનાથી તેનું ટેક્ષ્ચર ક્રિમી થશે. ગ્રેવીને પાતળી કરવા જરૂર લાગે તો થોડું દૂધ અથવા પાણી ઉમેરો. તૈયાર છે રોયલ ગ્રેવી.

**ગ્રીન બોલ્સની રીત :**

૧૦૦ ગ્રામ વટાણાને બાફીને ક્રશ કરવા. તેમાં ૨૫ ગ્રામ છીણેલું પનીર તથા ૧ ચીઝ ક્યુબ છીણીને અને ક્રશ કરેલા લીલા મરચાં, મીઠું ઉમેરી મીક્ષ કરો. હવે તેના નાના-નાના બોલ્સ વાળી કોર્નફ્લોરમાં રગદોળી તળો. તૈયાર છે ગ્રીની બોલ્સ.

હવે સર્વિંગ પ્લેટમાં ગ્રેવી લઇ તેમાં ગ્રીની બોલ્સ ગોઠવી ક્રીમ તથા કાજુ-બદામથી ગાર્નીશ કરો. તૈયાર છે ગ્રીની બોલ્સ ઈન રોયલ ગ્રેવી.

*એ/૩, નિર્માણ ફ્લેટ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,*
*વ્રજરાયજી કોલોની, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*ફોન : ૨૭૯૧૦૭૧૩, મો. ૯૯૯૮૯ ૫૭૫૨૦*




## શ્રી મુરજીભાઈ ગડાનો લેખ

'મંગલ મંદિર'ના ઓક્ટોબર અંકમાં પણ તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે શ્રી મુરજીભાઈ ગડાનો લેખ સર્વોત્તમ છે. તેમણે સમજાવેલી થિયરી કે પાણીનું ટીપું મહાસાગરમાં મળી જાય પછી તેનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. તેમજ કોઈ પાત્રમાં રહેલ વાયુ પાત્ર તૂટી જાય પછીતેમાં રહેલા વાયુનું સ્વતંત્ર - અલગ અસ્તિત્વ રહેતું નથી. આ વાત તદ્દન સ્વાભાવિક સમજાય એવી છે અને આ થિયરી વેદાંતમાં સ્વીકાર્ય છે. વેદાંત માને છે કે આત્માની મુક્તિ પછી-મોક્ષ પછી-તે આત્મા પરમાત્માં વિલીન થઈ જાય છે. પછી તેનું અલગ અસ્તિત્વ રહેતું નથી.

પરંતુ જૈન મતની માન્યતા અલગ છે. જૈન તત્ત્વજ્ઞાનનો મારો અભ્યાસ અતિ અલ્પ છે. મારી સમજ મુજબ જૈન થિયરી એવી છે કે જીવાત્માનો મોક્ષ થઈ જાય ત્યાર પછી પણ, તે આત્માનું અનંતકાળ સુધી, અલગ અલગ અને સ્વતંત્ર અસ્તિત્વ ટકી રહે છે. આવા મુક્તિ પામેલા અસંખ્ય-સંખ્યાતીત-મુક્ત આત્માઓ કદી કોઈ સાથે વિલીન થતા નથી. બધાજ આત્માઓ એકબીજાથી ભિન્ન છે, મુક્તિ પછી પણ ભિન્નતા સમાપ્ત થતી નથી. મને આ માન્યતા ગળે ઉતરતી નથી, મને એમાં ભૂલ લાગે છે. જોકે મારી સમજ ભૂલભરેલી હોઈ શકે છે.

મારે માત્ર આટલો જ વાંધો નથી. બીજા ઘણા વાંધા છે. શક્ય બનશે તો તે પણ રજૂ થશે.

વૈદિકો ભણાવે છે કે વિષ્ણુના નાભિ કમળમાંથી બ્રહ્મા પ્રગટ થયા અને તેમણે દક્ષ પ્રજાપતિ દ્વારા સૃષ્ટિની રચના કરી. સરસ. બ્રહ્માએ આટલા બધા એટલે કે મનુષ્ય, પશુ, પક્ષી, જીવજંતુ, સૂક્ષ્મજીવો (જૈન પરિભાષામાં એકેન્દ્રિય, દ્વિઈન્દ્રિય વગેરે) એકડા પર ૫૦૦ મીંડા ચડાવીએ તો પણ ઓછા પડે એટલા આત્માઓ ક્યાંથી કાઢ્યા? પહેલાં એ બધાં ક્યાં હતા? બ્રહ્માએ આટલી ઉપાધિ શા માટે પેદા કરી? છાનામાના બેઠા રહ્યા હોત તો શું બગડી જાત? સૃષ્ટિ રચનાનું મૂળ કારણ શું?

કોઈ પાસે જવાબ નથી. બધા મનઘડંત વાતો કરે છે. પાપ અને પુણ્યનો જન્મદાતા કોણ? સત-અસતનો જન્મદાતા કોણ? સારા-નરસાપણાની જવાબદારી કોની?

૮૪ લાખ વાળા જન્મ મરણના ચક્કરની વાત ઘડીભર માની પણ લઈએ. પરંતુ પ્રથમ જન્મનું કારણ શું? શા માટે? કર્મો તો પ્રથમ જન્મ પછી આવ્યા. કશા જ કર્મ વગરનો પ્રથમ જન્મ કેવી રીતે?

ભક્તો માફ કરે, પણ રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઈશુ, મહંમદ તથા ગાંધી કોઈ કહેતાં કોઈને આદિકારણની ખબર નથી તેમજ છેવટના અંતની પણ ખબર નથી. ભવિષ્યમાં ખબર પડવાની પણ નથી. આ રહસ્ય ગુપ્ત છે ને ગુપ્ત જ રહેવાનું છે.

મુરજીભાઈ! જેટલો વખત ચાલુ રાખી શકાય તેટલો વખત ચાલુ રાખજો. તંત્રીશ્રીને વાંધો નહીં હોય એમ આશા રાખું છું.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## આપશ્રીની સંસ્થાનું પ્રકાશન

આપશ્રીની સંસ્થા દ્વારા પ્રકાશિત 'મંગલ મંદિર' નિયમિત મળે છે. એક જ્ઞાતિનાં મંડળ દ્વારા વતનથી દૂર રહીને વતનને નજીક લાવવાનાં પ્રયાસો આ પ્રકાશનમાં જોવા મળે છે. ખૂબ જ આકર્ષક અને નયનરમ્ય છાપકામ સાથેનું આ મંગલ મંદિર કોઈ પણ વ્યવસાયિક પ્રકાશનની તુલનામાં જરા પણ ઊણું ઉતરે તેવું નથી. લખાણમાં વિવિધતા અને વિષયોની પસંદગી પણ કાળજીપૂર્વક કરવામાં આવે છે. જે માટે તંત્રીમંડળ ધન્યવાદનાં અધિકારી છે. સાડા ત્રણ દાયકાથી એકધારા આ પ્રકારે સમાજની સેવા કરવી, એ અનોખો યજ્ઞ છે. જેમાં આપશ્રીની આગેવાની હેઠળની ટીમ પણ અભિનંદનને પાત્ર છે.

મંગલ મંદિર સર્વ વાચકો માટે મંગલમય બની રહે તેવી શુભેચ્છાઓ.

*શૈલેષ વ્યાસ*
*સમાચાર યુનિટના મુખ્ય અધિકારી,*
*ઓલ ઈન્ડિયા રેડિયો, ભુજ (કચ્છ)*

• • • • •

## 'Career Path Finder'

'મંગલ મંદિર' સપ્ટેમ્બર-૨૦૧૦ના પ્રસિદ્ધ થયેલ મુખપત્રમાં 'Career Path Finder'ના શિર્ષક હેઠળ આપવામાં આવેલ કોષ્ટક વિદ્યાર્થી બંધુઓ માટે કેજેઓ કેરિયર ગ્રાફ બનાવવા ઈચ્છીતો માટે ઘણું જ ઉપયોગી સાબિત થશે. 'મંગલ મંદિર' માસિક મુખપત્રનું દર માસે હું નિયમિત વાચન કરું છું. જેમાં દરેક જાતનું વાંચન મને મળી રહે છે. જેનાથી હું ખૂબ જ સંતુષ્ટ છું. જેમાં કચ્છનો ઈતિહાસ, આયુર્વેદિક ઉપચારો, અભ્યાસની માહિતીઓ, સુવિચારો, જોક્સ, બોધપાઠ આપે તેવા લેખો જાણવા જેવું, ધાર્મિક, કાયદાકીય માહિતીઓ વગેરેનો સમન્વય થવાથી એક સંપૂર્ણ જ્ઞાનવર્ધક મુખપત્ર કહેવું ઘણું નહીં કહેવાય એવું અમારું માનવું છે. 'મંગલ મંદિર'ની ટીમ, લેખકો, આ મુખપત્રની મજાને બરકરાર રાખે તેવું અમે ઈચ્છી રહ્યા છીએ.

*જે. વી. આહીર - અંજાર*

• • • • •

*દુનિયામાં કોઈ પ્રામાણિક નથી એવું જે કહે છે, તેનાથી ચેતતા રહેજો. – જ્યોર્જ બર્કલી*

### દિનકર ગડાનો પત્ર

'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૧૦ના અંકમા પાના નં.-૫૭ પર શ્રી દિનકરભાઈ ગડાનો પત્ર વાંચ્યો.

તેમાં શબ્દ રમતની ચાવી બારામાં તેમનું લખાણ વાંચ્યું. તેના વાક્ય ૩-૪ અને ૫ સમજમાં નથી આવતા. તેઓ શું કહેવા માંગે છે તે સમજાતું નથી. તેઓશ્રી સ્પષ્ટતા કરે તો સારું.

અન્ય, ચાવી નં.-૧, ૧૧ અને ૫૮માં તેમણે દર્શાવેલ સવાલ અને જવાબ સાચા છે.

તેમના પૂરા પત્રના વાંચનથી તેમના વિચારો - સૂચના કશું સ્પષ્ટ થતું નથી. સાદા સરળ લખાણથી મનના ભાવ રજૂ કરે તો બહોળા વાંચક વર્ગને પ્રતિભાવ આપવાનું સરળ રહે.

***વિભાકર મહેતા - ભુજ, કચ્છ***

• • • • •

### મંગલ મંદિરમાં પ્રસિદ્ધ થતા હાસ્યલેખ

આપના મુખપત્રમાં હાસ્ય લેખ પ્રગટ થાય છે, તે ખરેખર હાસ્ય પ્રેરક છે? કે હાસ્યાસ્પદ છે! એટલું ચોક્કસ હોય કે આપ સૌનું વાંચન બહોળું હશે જ. આપ સૌએ જ્યોતીન્દ્ર દવે, વિનોદ ભટ્ટ, શાહબુદ્દીન રાઠોડ, રતિલાલ બોરીસાગર, અશોક દવે, મધુસુદન પારેખના લખાણો વાંચ્યા હશે.

'મંગલ મંદિર' દ્વારા રજૂ થતાં હાસ્ય લેખો વાંચતા ક્યારેય પણ સાહજિક, સૂક્ષ્મ અથવા સ્થૂળ હાસ્ય વાંચકના અંતરમાં ઉદ્‌ભવે છે? આ બારામાં મંગલ મંદિરના વાંચકોનો મત મેળવવો જોઈએ.

એ લેખોમાં કોઈ આમ કટાક્ષ નથી, કે નથી નિર્દોષ વિનોદ, ટીખળ કે બોધપ્રદ માર્મિકતા...

આવા લેખો પ્રસિદ્ધ કરવા પાછળ આપની લાચારી શી હોઈ શકે? પરસ્પરના સંબંધો — Obligations નિભાવવાની મજબૂરી નથી ને?!

આશા છે, સમગ્ર તંત્રીગણ આ બારામાં, પ્રગટ થયેલ લેખો વાંચી, સ્વાનુભવથી નિર્ણય લઈ, યોગ્ય કરવા કોશિશ કરશો.

**હસમુખ કરુણાશંકર જાની - માધાપર, કચ્છ**

*ભાઈશ્રી, 'મંગલ મંદિર' એ એક ચોક્કસ સમાજનું મુખપત્ર છે. સમાજના લેખકોને સમાજનું મુખપત્ર ઉત્તેજન નહીં આપે તો કોણ આપશે? માત્ર હાસ્ય લેખ જ નહીં પરંતુ અન્ય અનેક લેખો પણ નબળા હોય છે, એ તંત્રીમંડળ સારી રીતે સમજે છે. પરંતુ સાથે સાથે જે નીતિ નક્કી કરેલ છે એ નીતિ મુજબ વર્તવા 'મંગલ મંદિર' પ્રયાસ કરે છે. આપશ્રીના સહકારની અપેક્ષા.*

***— મુખ્યતંત્રી***

• • • • •

### તપસ્વીઓની અનુમોદના

પર્યુષણનું એક કર્તવ્ય છે સ્વામિવાત્સલ્ય. એટલે કે સાધર્મિકોને આદરપૂર્વક નિમંત્રી, પાટલે બેસાડી જમાડવા. આ વર્ષે ખરા અર્થમાં સ્વામિવાત્સલ્યનું સ્વરૂપ જોવા મળ્યું. તમામને ખુરશી - ટેબલ પર બેસાડી જે વસ્તુ જોઈએ તે સમયસર મળી રહે તેવી સુંદર વ્યવસ્થાનું આયોજન હતું, જે ખૂબ જ સરાહનીય છે, અભિનંદનને પાત્ર છે. આ માટે આયોજકોને ખાસ સિસ્ટમથી માંડી તમામ વ્યવસ્થા માટે ધન્યવાદ પાઠવું છું. સમાજના અન્ય સભ્યો જેવા કે જયેશભાઈ - વાસણા, શશીકાંતભાઈ - મણિનગર તેમજ અન્ય મહાનુભાવોએ પણ આ ભોજન સમારંભને ખરા દિલથી બિરદાવ્યો છે.

સાથોસાથ એક બાબત ધ્યાનમાં રાખવા જેવી છે કે પર્યુષણના કર્તવ્યરૂપે તપ કરનારની યથાયોગ્ય અનુમોદના માટે તેનું બહુમાન થવું જોઈએ. પરંતુ હમણાં ઘણા સમયથી આ પ્રથા બંધ છે. તપથી શારીરિક અને આધ્યાત્મિક બંને લાભો થાય છે. તપ કરવાથી ભૂખનો ખ્યાલ આવે છે. એનાથી કરુણા ઉત્પન્ન થાય છે અને તપ કરવાવાળા સાહજિક રીતે ઘણા બધા જીવોને અભયદાન આપે છે. પરમાત્માએ પણ ૧૨ા વર્ષ સુધી તપ જ કર્યું હતું. અને ત્યારબાદ જ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. જૈન ધર્મમાં તપનો મહિમા પણ ખૂબ જ છે. દરેક સંઘ દ્વારા તપની અનુમોદનાની શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. આવા તપના તપસ્વીઓ, જે ખરેખર વંદનીય છે અને અનુમોદનીય પણ છે. એના બહુમાન માટે સમાજ ચોક્કસ વિચારે તેવું આપણે ઈચ્છીએ. કારણ તપ ભલે આપણે ન કરી શકીએ પરંતુ એની અનુમોદનાનું ફળ પણ વિશેષ છે. માટે આ બાબતે યોગ્ય પરામર્શ કરી પ્રથા ફરી ચાલુ કરવી જોઈએ.

અંતમાં આયોજકોને ફરીથી અભિનંદન.

***નીતિન એચ. સંઘવી - ગાંધીનગર***

*__નોંધ :__ ઘણા બધા વર્ષોથી આપણે સંવત્સરી ક્ષમાપના પછીના બીજા રવિવારે સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ યોજતા આવ્યા છીએ અને એ હવે આપણી પ્રણાલી પડી ગયેલ છે. તેથી આપણો કાર્યક્રમ સંવત્સરી પછી ૧૦થી ૧૫ દિવસે યોજાય છે અને એ સમયે તપસ્વીઓના બહુમાનની ભાવના ક્ષીણ થઈ જતી હોય છે.*

*ઘણા બધા વર્ષોથી આપણે તપસ્વીઓનું બહુમાન કરતા આવ્યા છીએ પરંતુ સંવત્સરીના બીજા-ત્રીજા દિવસે તપસ્વીઓનું બહુમાન પોતપોતાના સંઘોમાં થઈ જતું હોવાથી આપણે જ્યારે તપસ્વીઓનું બહુમાન કરીએ એ સમયે અનેક તપસ્વીઓની અનુપસ્થિતિ રહે છે. ઘણા બધા તપસ્વીઓ વતી તેમના સગાસંબંધી બહુમાન લેવા આવે છે. આ હકીકત યોગ્ય લાગતી ન હોવાથી છેલ્લા બે-ત્રણ વર્ષથી આપણે અનેક લોકો સાથે ચર્ચા-વિમર્શ કર્યા બાદ તપસ્વીઓના બહુમાનની પ્રથા મોકૂફ રાખેલ છે કે જેની નોંધ લેવા વિનંતી.*

***પ્રતાપ નારાણજી દંડ,***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

• • • • •

### ચાતક નજરથી રાહ જોવાય એવો અંક એટલે 'મંગલ મંદિર'

જેની કાગડોળે ચાતક નજરથી રાહ જોવાય એવો અંક એટલે

*જે વિવાદ કરે તે સાચી બુદ્ધિ નથી પરંતુ જે સંવાદ કરે તે સાચી બુદ્ધિ છે.*

'મંગલ મંદિર.' કચ્છના ગામેગામના સમાચાર વિવિધ રસિકસભર માહિતી. અમદાવાદ કચ્છી જૈન સમાજનો અહેવાલ, રમતગમત, સુડોકો વગેરે વગેરેથી સભર.

વડોદરામાં વસતા દરેક કચ્છી ભાઈઓને ઘેર મંગલ મંદિર અંક મળે એ હેતુથી વડોદરાના પ્રમુખ શ્રી અચલગચ્છ જૈન સંઘના વલ્લભજી પ્રેમજી સાવલા, જે મંગલ મંદિરના આ અંક માટે આજથી વર્ષ પહેલા ઝુંબેશ ઉપાડી હતી, જે ઘણાં કચ્છીઓને સમજણ આપી, મંગલ મંદિર અંક માટે સમજાવ્યા. એવા જ હાલના અચલગચ્છના જાંબાજ ટ્રસ્ટી શ્રી નીતિનભાઈ નાનજી હરિયા સાભરાઈવાલાએ મંગલ મંદિરના અંક માટે ઝુંબેશ ઉપાડી છે. ખરેખર નીતિનભાઈ હરિયા કચ્છી સમાજના સારા કાર્યો માટે હંમેશાં તત્પર છે. વડોદરા સંઘમાં બહુ જ મોટો હિસ્સો છે. ભગવાન, નીતિનભાઈ હરિયાને દીર્ઘાયુ બક્ષે એ જ પ્રાર્થના અને હંમેશાં સારા કાર્યો માટે નીતિનભાઈ, વલ્લભજીભાઈ, પ્રવીણભાઈ, જિતેશભાઈ, મુકેશભાઈ, ધનજીભાઈ, વિશનજીભાઈ, નેમચંદભાઈ અગ્રેસર રહે એવી પ્રાર્થના સાથે.

*(સહી વંચાતી ન હોવાથી નામ લખી શકેલ નથી.)*
*અખિલ ભારત ક.વી.ઓ. જૈન સમાજ સદસ્ય - વડોદરા*

• • • • •

## મંગલ મંદિર વિશે

'મંગલ મંદિર' દિવસો દિવસ સુંદરતા તેમજ વાંચન સામગ્રની સમૃદ્ધિમાં ઉચ્ચ શિખરો સર કરતું જાય છે તે બદલ મુખ્યતંત્રી સહિત સમગ્ર તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન. ઓક્ટોબર ૧૦ના અંકનું ફ્રન્ટ કવર જ મન મોહી લે તેવું છે. વળી તંત્રી મંડળમાં ભુજના શ્રી દિનેશચંદ્ર મહેતાનો સમાવેશ થવાથી સોનામાં સુગંધ ભળ્યા જેવું થશે. જોકે આજકાલ આસમાનને આંબતા (૧૦ ગ્રામ સોનાના રૂપિયા વીસ હજાર આસપાસના!) ભાવોને કારણે સોનામાં સુગંધ જેવું હવે રહ્યું નથી! — તેમ છતાં 'મંગલ મંદિર'માં તો ચોક્કસ સુગંધ ભળશે!

વળી તા. ૨૬-૯-૧૦ના સ્નેહ મિલનની વિગતો અને ફોટોગ્રાફ્સ વગેરે ઓક્ટોબરના અંકમાં જ વીજળીક ઝડપે સમાવી લેવાયા છે તેનું સુખદ આશ્ચર્ય થાય છે. (કારણકે તા.-૫ સુધીમાં તો ઓક્ટોબરનો અંક સભ્યોને ડિસ્પેચ થઈ જાય છે.)

આના રેફરન્સમાં એક જોક યાદ આવે છે જે ઘણાએ કદાચ સાંભળ્યો પણ હશે તેમ છતાં અહીં લખું છું.

એકવાર જંગલમાં ફરતાં ફરતાં એક વાંદરાને શું કુબુદ્ધિ સુજી કે તેણે સૂતેલા સિંહને લાફો મારી દીધો! (તે ભૂલી ગયો કે સિંહ અને પત્ની તો સૂતેલા જ સારા! જાગે તો બબાલ શરૂ થઈ જાય!) સિંહને લાફો મારતાં તો મારી દીધો પણ પછી તેની ભયંકરતાનો ખ્યાલ આવ્યો! તેથી તે તો છલાંગ લગાવીને ભાગ્યો! સિંહને ભારે આઘાત લાગ્યો. તેને પણ કલિયુગનો અનુભવ થઈ ગયો! તેને થયું, વાંદરા જેવા વાંદરા જંગલના રાજાને લાફો મારી જાય!? તેથી સિંહ પણ વાંદરા પાછળ દોડ્યો! જંગલમાં રસ્તાના એક વળાંક પાસે વાંદરો રસ્તાની એક બાજુ હાથમાં ત્યાં પડેલું એક ન્યૂઝ પેપર લઈને તેનાથી મોઢું છૂપાવીને બેસી ગયો!

ત્યાંથી પસાર થતા સિંહે વાંદરાનું મોઢું જોયા વગર જ પૂછ્યું — 'અહીંથી કોઈ વાંદરાને જતા જોયો છે?!' તો વાંદરાએ સામું પૂછ્યું — 'કયો વાંદરો? જેણે સિંહને લાફો મારેલો તે?!'

આ સાંભળી સિંહને નવાઈ લાગી! તે બોલી ઉઠ્યો — 'ઓહો, એટલામાં પેપરમાં પણ આવી ગયું?!'

આવા સરસ સંચાલનવાળા 'મંગલ મંદિર'ના રેફરન્સમાં હવે એક બીજી વાત —

કોર્પોરેટ જગતમાં M & A (મર્જર એન્ડ એક્વિઝીશન)નો હમણાં છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રેન્ડ ચાલે છે. તેમાં મર્જ થનારી કંપની તેમજ જેમાં તે મર્જ થતી હોય તે કંપની એમ બંનેને ફાયદો થતો હોય છે. કારણકે બન્નેના ફાયદાકારક પાસાંઓનો સરવાળો થતો હોય છે અને ઊણપની બાદબાકી થતી હોય છે! તેવી જ રીતે અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સમાજનું મુખપત્ર 'મંગલ મંદિર' અને મુંબઈ સ્થિત બૃહદ્ કચ્છી જૈન ગુર્જર સમાજનું મુખપત્ર 'કચ્છ ગુર્જરી' જો મર્જ થઈ જાય તો બંનેને અમુક સારા પાસાંઓનો ફાયદો મળે. બંને મર્જ થયા પછી નવા મુખપત્રનું નામ પણ કોઈ નવું જ આપી શકાય. દા.ત. 'કચ્છ મંગલ મંદિર' કે એવું કાંઈક. વળી આમ થવાથી સરક્યુલેશન પણ વધી જાય. ડબલ તો નહીં પરંતુ દોઢગણું તો ચોક્કસ થાય. તેથી સારી એવી ગુણવત્તાવાળા મુખપત્રનો લાભ દોઢ ગણા સભ્યોને મળે તે લાભ કાંઈ નાનો સૂનો ન ગણાય. વળી સરક્યુલેશન વધવાને કારણે મુખપત્ર તૈયાર કરવામાં થતા ખર્ચમાં પણ કરકસર થાય. આ તો સે'જે મને વિચાર આવ્યો એટલે 'મંગલ મંદિર'માં લખું છું. જો મુંબઈ સ્થિત શ્રી સત્યપાલ સંઘવી કે કીર્તિચંદ્ર શાહ આ અંગે 'કચ્છ ગુર્જરી'માં લખશે તો મને ગમશે. નવા વિચારનો વિરોધ તો ચોક્કસ થશે! લોકો તૂટી પણ પડશે! પણ તેની તૈયારી સાથે જ આ લખું છું. વિરોધ કરનારા સાચા પણ હોઈ શકે.

*બીજી એક વાત :*

તા. ૨૬-૯-૧૦ના શ્રી કચ્છી જૈન સમાજના વાર્ષિક સ્નેહ મિલન અને સ્વામિવાત્સલ્યના કાર્યક્રમમાં એક સારી વસ્તુ એ થઈ કે 'બેસીને ભોજન' લેવાની વ્યવસ્થા કરાઈ. (જોકે આ પહેલાં આવી વ્યવસ્થા કરાઈ હોય તો મને ખ્યાલ નથી.) ભોજન માટે 'બુફે' કરતાં ઘણી જ સગવડતા રહે, સંતોષ થાય તેમજ અનાજનો બગાડ પણ ઓછો થાય. તે બદલ આયોજકોને અભિનંદન. હવે પછી પણ આવી જ વ્યવસ્થા થતી રહે એવી આશા રાખીએ.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*

### બીભત્સ ખર્ચા

*નક્સલવાદ આપણને પજવે છે પણ આસપાસ ટળવળતી ગરીબી કનડતી નથી. જો કનડતી હોત તો લગ્નના વરઘોડા સાથે અને પાર્ટી પ્લોટ સાથે જોડાયેલા રિસેપ્શનમાં અથવા તો ધાર્મિક સંસ્થાનો દ્વારા ઉજવાતા મહામહોત્સવોમાં જે બીભત્સ ખર્ચા થાય છે તે શક્ય ના બનત. — ગુણવંત શાહ*

*જે સ્વનો વિચાર કરે તે બુદ્ધિ નથી પણ સર્વનો વિચાર કરે છે તે બુદ્ધિ છે - કૃષ્ણ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## સુરત સમાચાર

### સુરતવાસી કચ્છી જૈન સમાજોમાં સાંવત્સરિક વાર્ષિકોત્સવની ઉજવણી

*– જગદીશ રવિલાલ શાહ*

સુરતમાં સ્થાયી થયેલા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરત - નવસારી સંલગ્ન વિવિધ કચ્છી જૈન સમાજોએ ગત સપ્ટેમ્બર મહિના દરમ્યાન પર્યુષણ બાદ સાંવત્સરિક વાર્ષિકોત્સવની ભાવભરી ઉજવણી કરી હતી. આ ઉજવણીના કાર્યક્રમોમાં તપસ્વીઓ અને તેજસ્વીઓનું સન્માન, વિવિધ ધર્મભાવના પ્રરુપે તેવા કાર્યક્રમો અને સમાજોત્કર્ષને લગતા વિવિધ આયોજનોની ઘોષણાને આવરી લેવાયા હતા.

વધુમાં, આ વર્ષે સુરતવાસી કચ્છી જૈન સમાજોએ અનેકતામાં એકતા ભણી પ્રસ્થાન કરવાની શુભ ભાવનાથી પ્રત્યેક સમાજોએ પોતાના સાંવત્સરિક વાર્ષિકોત્સવની ઉજવણીમાં અન્ય સમાજોના હોદ્દેદારોને સપરિવાર નિમંત્રવાના શ્રી કચ્છી જૈન સેવા સમાજ, સુરત-નવસારીના અનુરોધને વધાવી લીધો હતો અને એનું પાલન કરવાના ઘટતાં પગલાં પણ લીધાં હતા. આ ઉપક્રમની તમામ સ્તરે ભૂરિ ભૂરિ પ્રશંસા થઈ હતી અને જ્યાં જ્યાં શક્ય બન્યું ત્યાં ત્યાં આવા નિમંત્રિતોએ ઉપસ્થિત રહી ઐક્ય ભાવનાને દ્રઢીભૂત કરી હતી.

#### વાગડ સાત ચોવીસી સમાજના ઉપક્રમે સૌપ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાશે

સંવત્સરી પછીના બીજા રવિવારે અંદાજે ચારસો પરિવારોની સભ્ય સંખ્યા ધરાવતા સુરતવાસી વાગડ સાત ચોવીસી કચ્છી જૈન ગૂર્જર સમાજના પ્રમુખ શ્રી ગિરીશ કેવળદાસ ગાંધીની નિશ્રામાં ઉજવાયેલા સાવંત્સરીક વાર્ષિકોત્સવમાં આવતી તા. ૨૩મી જાન્યુઆરીએ સુરતમાં સૌપ્રથમવાર સમૂહ લગ્નોત્સવ યોજવાની શ્રી અશોક મણિયારે કરેલી દરખાસ્તને સમાજે વધાવી લીધી હતી. અત્યાર સુધી કુલ છ યુગલોનાં રજિસ્ટ્રેશન થયા છે.

પાલ સ્થિત રામભૂમિ ખાતે યોજાયેલા આ વાર્ષિકોત્સવમાં સમાજના અસંખ્ય તપ-આરાધકો અને તેજસ્વી તારલાઓનું બહુમાન વિભિન્ન દાતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. રાંદેર રોડ વિસ્તારમાં શાલીભદ્ર કોમ્પ્લેક્સ પરિસરમાં સ્વખર્ચે જિનાલયનું નિર્માણ કરાવી રહેલા કચ્છી જૈન સેવા સમાજ - સુરત - નવસારીના પ્રમુખ લહેરચંદ મહેતાની ભાવનાની ભૂરિ ભૂરિ અનુમોદના કરાઈ હતી અને એ સંકલ્પ પાર પાડવા સમાજે પોતાના સહયોગની ખાતરી ઉચ્ચારી હતી. શ્રી ભરતભાઈ ધનજી વોરા અને શ્રી વિનોદભાઈ સિરિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

#### કચ્છી ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજમાં પહેલીવાર સિદ્ધિતપની સુંદર આરાધના

સુરતવાસી કચ્છી ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજના પ્રમુખ શ્રી કિરણ ધરમશી પારેખની નિશ્રામાં યોજાયેલા સાંવત્સરિક વાર્ષિકોત્સવમાં તપસ્વીઓ અને તેજસ્વી તારલાઓનું બહુમાન, નાના ભૂલકાઓનાં સંગીત નૃત્યો, રમેશ ચાંપાનેરી નામના હાસ્ય કલાકારનો મનોરંજન કાર્યક્રમ વગેરે ઉપરાંત સૌપ્રથમ વાર સુરત સ્થિત સમાજને નિયાણીઓને સપરિવાર આ કાર્યક્રમમાં નિમંત્રિત કરવાનું આયોજન કરાયું હતું.

સમાજની ૧૮ વર્ષીય દીકરી કુ. હીરાલી નીલેશ ઝવેરીએ સિદ્ધિતપ અને ઉપધાન તપ આરાધના કરતાં તેનું વિશિષ્ટ સન્માન શ્રી નાનાલાલ વશનજી મહેતા (સતનાવાળા) પરિવારે કર્યું હતું. આ ઉપરાંત અન્ય તપસ્વીઓનું બહુમાન પણ સતનાવાળા પરિવાર તરફથી કરાયું હતું.

તેજસ્વી તારલાઓનાં બહુમાનનો શ્રી રતિલાલ નથુભાઈ ઝવેરી (ભુજવાળા)ના શ્રી ભરત રવિલાલ ઝવેરીએ લાભ લીધો હતો અને વાર્ષિકોત્સવમાં સૌપ્રથમવાર નિમંત્રિત કરાયેલી નિયાણીઓના પરિવારમાંથી ડિસ્ટીંક્શન સાથે એમ.બી.એ. ઉત્તીર્ણ થનાર કુ. દર્શિ અમિત દોશી તથા ૭૭% સાથે બી.ઈ. (મિકેનીકલ)નું ત્રીજું સેમેસ્ટર ઉત્તીર્ણ કરનાર નૃપેન પંકજ પારેખનું વિશિષ્ટ બહુમાન કરાયું હતું. આ ઉપરાંત નર્સરીથી ધોરણ-૯ સુધીના અન્ય ૧૫ તેજસ્વી તારલાઓને ભેટ સોગાદોથી સન્માનિત કરાયા હતા.

આ ઉપરાંત શ્રી મોહનલાલ દેવશી ખોડીદાસ પરિવાર પ્રાયોજિત સંગીત નૃત્ય સ્પર્ધા વીજેતા નીવડેલાં બાળકો પણ ભેટોથી સન્માનિત કરાયા હતા. શ્રીમતી હીના હર્ષદ ઘીવાલા (શાહે) નિર્ણાયક તરીકે સેવા આપી હતી. ઈનામ વિતરણ શ્રી ચંદ્રકાંત મગનલાલ સંઘવીએ કર્યું હતું.

શ્રી કિરણ પારેખે પ્રમુખ સ્થાનેથી સૌ પરિવારોને આવકાર્યા હતા. સર્વશ્રી રાજેશ નાનાલાલ મહેતા (ઉપપ્રમુખ), દિલીપ રતિલાલ ઝવેરી (પૂર્વ પ્રમુખ), હેમાંશુ શાંતિલાલ શાહ (મંત્રી), વિપુલ નાનાલાલ શાહ (કોષાધ્યક્ષ) વગેરેએ પ્રાસંગિક પ્રવચનો અને વિધિ દ્વારા સમાજોત્કર્ષની ભાવનાને વધુ દ્રઢીભૂત કરવા આહ્વાહન કર્યું હતું.

તપસ્વીઓનું બહુમાન કરનાર દાતા પરિવારના શ્રી રાજેશ મહેતાનું સન્માન શ્રી દિલીપ ઝવેરીએ અને તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરનાર શ્રી ભરત રવિલાલ ઝવેરીનું બહુમાન કિરણભાઈ પારેખે કર્યું હતું.

*અનુભવ જ્ઞાનનો પિતા છે અને યાદશક્તિ તેની માતા.*

શ્રીમતી નીલમ દિલીપ ઝવેરીએ નવકાર મંત્ર પ્રાર્થના સંગીતમય રીતે પ્રસ્તુત કરી હતી. શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત સંઘવી અને શ્રીમતી ભૈરવી હેમાંશુ શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. હાસ્ય કલાકાર રમેશ ચાંપાનેરીએ શ્વાસેન્દ્રિય દ્વારા વાંસળી વગાડવી, સ્તવનની ધૂનો સંભળાવી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શ્રી ચાંપાનેરીનું સન્માન સમાજના સંયોજક કીર્તિભાઈ મૂલચંદ દેવશી શાહે કર્યું હતું.

નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત નહીં રહી શકેલા સ્થાપક પ્રમુખ જગદીશ રવિલાલ રાયશીએ પાઠવેલો શુભેચ્છા સંદેશ શ્રી દિલીપ ઝવેરીએ સમાજ સમક્ષ અભિવ્યક્ત કર્યો હતો.

## સતત નવ વર્ષના વરસીતપના આરાધકને કચ્છી જૈન સમાજે સન્માન્યા

આમ જોઈએ તો કચ્છી જૈન સેવા સમાજ, સુરત-નવસારીની પૂર્વ કંડિકા એટલે સુરતનો કચ્છી જૈન સમાજ. સુરતવાસી કચ્છી વીસા ઓસવાળ, કચ્છી દશા ઓસવાળ અને વાગડ વીસા ઓસવાળ – એ ત્રણ સમાજોએ પંદરેક વર્ષ પહેલાં જ પોતાની અલગ ઓળખ ભૂંસીને શ્રી કચ્છી જૈન સમાજમાં પોતાનું વિલીનીકરણ કર્યું છે. સુરતમાં કચ્છી જૈન સેવા સમાજની સ્થાપનામાં સફળતા સાંપડવાનો યશ કંઈક અંશે આ સમાજ અને કચ્છી ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજને એટલા માટે જાય છે કે ત્રીસ વર્ષ પહેલાં આ બધા સમાજોના પરિવારો એક સંગાથે એક જ છત્ર નીચે હતા. હવે સેવા સમાજનું નવું છત્ર ઉદયમાન થયું છે.

શ્રી કચ્છી જૈન સમાજનો સાંવત્સરિક વાર્ષિકોત્સવ સંવત્સરી પછીના બીજા રવિવારે (તા. ૧૯ સપ્ટેમ્બરે) ઉજવાયો હતો. સમાજના પ્રમુખ શ્રી મનુભાઈ છેડાની નિશ્રામાં યોજાયેલા ઉજવણી કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન દેહાવસાન પામેલા સમાજના પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ગાલા અને સમાજના હોદ્દેદાર ભરત ખીમજી ગાલાના માતુશ્રી સ્વ. લક્ષ્મીબહેનને નવકાર કાઉસ્સગથી સ્મરણાંજલિ અપાઈ હતી અને આ બંનેના નિધનને લીધે જમણવારમાંથી મીઠાઈની બાદબાકી કરાઈ હતી.

તપસ્વી આરાધકોનું સમાજ વતી બહુમાન કરાયું હતું જેમાં સળંગ નવ વરસીતપ + ૧૧ ઉપવાસ + ૮ ઉપવાસના આરાધક જયંતીલાલ મેઘજી ગાલાની આરાધનાની અનુમોદના કરાઈ હતી. આ ઉપરાંત વરસીતપનાં બે આરાધકો જ્યોતિબહેન મણિલાલ વોરા અને ભાવિકાબહેન ભાવેશ ભેદા તેમજ અન્ય આરાધકોને સમાજે સન્માન્યા હતા.

વિદ્યાર્થીઓના બહુમાનનો લાભ શ્રીમતી નલીનીબહેન પ્રવીણચંદ્ર ધરમશી શાહ પરિવારે લીધો હતો. શ્રી નીલેશ શાહનાં ગ્રૂપે ગીત, ગઝલ, સ્તવનો, સંગીતમય રીતે રજૂ કર્યા હતા. ચાતુર્માસિક વૈયાવચ્ચની દોડધામભરી કામગીરીને લીધે સમાજના પ્રવક્તા જયેશ વિસરિયાની અનુપસ્થિતિમાં શ્રીમતી મીનાબહેન ભરતભાઈ દેઢિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## સુ-મતિ ગ્રૂપ - મુલુંડ, મુંબઈ
### આવા સેવાભાવીનું કામ જાણીને ઝૂકી જ જવાયને!

આપણે ત્યાં કોઇ સ્વજનનું માંદગીને કારણે કે આકસ્મિક મૃત્યુનો બનાવ બને કે સૌ કોઇ શોકમય વાતાવરણમાં ડૂબી જાય છે. ગાઢ સગાંસંબંધીઓ આક્રંદ રડારોળમાં પડી જાય છે. સૌ કોઇને આત્મીયજનને ગુમાવ્યાનું ભારે દુઃખ આવી પડે છે ત્યારે એકબીજાને તેઓ ભેટી ભારે રૂદનમય વાતાવરણ ખડું કરે છે.

અચાનક આવી પડેલી આવી કપરી પળે, ભારે દુઃખમય પળોમાં સ્વજનો સાથે પરોપકારી સજ્જનોનું એક ગ્રૂપ, એ ખબર મળતાં જ ફાયર બ્રિગેડની જેમ ઘટના સ્થળે પહોંચી મૃત વ્યક્તિના નજીકના સંબંધીને મળી, દિલાસાના અને સાંત્વનાના બે શબ્દો કહી, મૃત્યુ પછીની કામગીરીમાં પરોવાઇ જાય છે.

આ સેવાભાવીઓનું ગ્રૂપ સહાનુભૂતિ પ્રગટ કરી, ડેથ સર્ટિફિકેટ મેળવવામાં, ચક્ષુદાન કરવામાં અને પછી મ્યુનિસિપલ ઓફિસમાં મૃત્યુ નોંધણી કરવાં, સ્મશાન ગૃહે જણાવવા, તેમજ નનામીનો સામાન લાવવા વગેરે જેવી કાર્યવાહીની ગોઠવણમાં લાગી જાય છે.

મૃત વ્યક્તિના અન્ય સગાં સબંધીઓને ફોન-મોબાઇલ દ્વારા શોક સંદેશો-મેસેજ પહોંચડાવનું કપરું કામ પણ તેઓ સહજભાવે કરી, પોતાનો દિલાસો પણ વ્યક્ત કરી દે છે.

હવે અંતિમયાત્રાની તૈયારી રૂપે સ્મશાનમાંથી બાંબુ લાવી, ઠાઠડી બાંધવાનું, મૃતદહેને ઊંચા મકાનોથી લિફ્ટ કે સીડી વાટે ઊંચકી લઇ જઇ કમ્પાઉન્ડમાં મૂકવાનું, ઠાઠડી બાંધી, કફન ઓઢાડવાનું અને પછી મૃતદેહ પર ફુલ-હાર અર્પણ કરવાના અને પછી વિદાય વેળાએ સ્મશાનયાત્રા કાઢતાં પહેલાં છેલ્લો ધાર્મિક મંત્રોચ્ચાર કરી શોકમય લોકોને ધર્મમય બનાવી અંતિમયાત્રાની શરૂઆત કરે છે. આ સર્વે પ્રવૃત્તિથી એ સહુ સ્વજનો અજાણ અને બિનઅનુભવી હોય છે, ત્યારે તેમનો ખભેખભા મિલાવી મળતો સાથ એક આશીર્વાદ સમું કામ કરે છે.

ચોમાસાને કારણે લાકડામાં અનેક જીવજંતુ હોય એ સ્વાભાવિક છે. જાડા લાકડાં પછાડી પછાડી જીવજંતુ મુક્ત કરવાનો તેઓ પ્રયાસ કરે છે. નાની લાકડીને, એકેકને બારીકાઇથી જોઇ, નાના જીવોને તેમાંથી મુક્ત કરી લાકડી લાકડાંની ગોઠવણ કરી મૃતદેહને ચિતા પર મૂકે છે અને સ્વજનને જમણાં અંગૂઠે અગ્નિદાહ માટે માનસિક તૈયાર કરે છે.

આમ અંતિમયાત્રાથી અગ્નિસંસ્કારની લગભગ સઘળી કાર્યવાહીમાં મૃત વ્યક્તિ સાથે સ્નાનસૂતક હોવા કે ન હોવા છતાં, તેના સ્વજનોના "સ્વજન" બની તેમની ખરી મુશ્કેલી વખતે તેમની પડખે ઊભા રહેતા આ સેવાભાવી સજ્જનો આ સઘળી અઘરી કાર્યવાહી પૂરી કરી તેમને હાથ જોડી ત્યાંથી વિદાય લે છે.

આ બધીય કાર્યવાહી ગંભીરતાભર્યા વાતાવરણમાં સહજ સહેલાઇથી કરી, એ સ્વજનો પર કોઇપણ પ્રકારના ઉપકારની

*દુર્વ્યવહારનો જવાબ વિનમ્રતાથી આપો.*

લાગણીનો સહેજે અનુભવ કરાવ્યા વિના વિદાય લે છે. સ્વજનને ખોયાના દુઃખને હળવું કરવાના આ નમ્ર પ્રયાસને ભૂરી ભૂરી વંદના. યુવા કાર્યકરોનું એક ગ્રૂપ છેલ્લા આઠ માસથી એક અતિ ઉત્તમ અને ઉમદા સેવાકાર્ય ખૂબ જ નિષ્ઠાથી અને નિઃસ્વાર્થભાવે સમાજની સેવા રૂપે કરી રહ્યા છે.

મહામયી મુંબઇ નગરીમાં મુલુંડના પરાંમાની આ સેવા મુંબઇના સર્વે પરાંઓમાં આવા સજ્જનોનું ગ્રૂપ તૈયાર થાય તો સમાજનું એક ઉત્તમ કામ થઇ શકે. ૨ થી ૩ કલાકના આ ગાળામાં પોતાના સમયનું, જ્ઞાનનું અને શ્રમનું અને સૂઝબૂજનું યોગદાન આપી સમાજકલ્યાણનું એક વિશિષ્ટ કામ કરી શકે.

મુલુંડનું આ સેવાભાવી કાર્યકરોનું જૂથ "સુ-મતિ ગ્રૂપ" ના નેજા હેઠળ હવે અન્ય સેવા પ્રવૃત્તિઓમાં પણ ઝંપલાવી રહ્યું છે જે પ્રશંસનીય છે. મુશ્કેલી વખતે મદદરૂપ બને છે, માર્ગદર્શક બને છે તે માટે હાર્દિક અભિનંદન. તે અંગે વધુ જાણકારી માટે શ્રી વિનોદ હરિયા : ૯૮૨૦૦ ૫૨૯૧૧ અને શ્રી અમિષ નાગડા : ૯૩૨૩૯ ૪૮૬૯૪ નો સંપર્ક કરી શકાય.

સમાજ ઉત્કર્ષના આવા પ્રશંસનીય સેવા કાર્યને બિરદાવીએ તો? એકાદ મોબાઇલ તેમનામાં નવા જોશ અને ઉમંગ ઉમેરશે, એટલી અનુમોદના આપણે સહુ કોઇ અવશ્ય કરી શકીએ.

*કુલીનકાંત ચાંપશી લુઠિયા - મુલુંડ (વેસ્ટ), મુંબઈ*

## શ્રી રશ્મિન્ ખોનાના કાવ્યસંગ્રહ "શ્રી નમામિ માતા રત્ને"નું વિમોચન



તાજેતરમાં કાંડાગરા ગામમાં શ્રી કાંડાગરા સકળ જૈન સંઘના નેજા હેઠળ કવિશ્રી રશ્મિન્ ખોનાનાં કાવ્ય સંગ્રહ "શ્રી નમામિ માતા રત્ને" (રશ્મિન્ જો રણકાર ભાગ-૩) પ.પૂ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સાહેબ તથા અન્ય ઠાણાઓની નિશ્રામાં શ્રેષ્ઠીવર્ય શ્રી તારાચંદભાઈ જગશી છેડાનાં શુભ હસ્તે વિમોચન (લોકાર્પણ) કરવામાં આવેલ હતું તથા રશ્મિનભાઈનું સન્માન પણ કરવામાં આવ્યું.

શ્રી રશ્મિનભાઈ ખોના છેલ્લા કેટલાક વર્ષોથી **'મંગલ મંદિર'** સાથે સંકળાયેલ છે. આ પ્રસંગે 'મંગલ મંદિર'ના પણ શ્રી રશ્મિન ખોનાને ખૂબ ખૂબ અભિનંદન.

## પંડિત શ્યામજી કૃષ્ણવર્માની વંદના કરાઈ

બ્રિટિશરોની છાતી ઉપર બેસીને ભારતને આઝાદી અપાવવાની અહાલેક જગાડનાર કચ્છી સપૂત સ્વ.શ્રી શ્યામજી કૃષ્ણવર્માની ૧૫૪મી જન્મ જયંતી પ્રસંગે કચ્છ ફિલાટેલિક એસોસિએશનના ઉપક્રમે તા. ૪-૧૦ના સ્મૃતિ વંદનાનો કાર્યક્રમ ભુજ કબીર મંદિરના મહંતશ્રી કિશોરદાસજી સાહેબની નિશ્રામાં યોજાયો હતો. પ્રારંભમાં દીપ પ્રાગટ્ય કરીને એસો.ના સૌ સભ્યોએ પુષ્પો અર્પણ કરી વંદના કરી હતી. મહંતશ્રી કિશોરદાસજી સાહેબે પંડિતજીને કચ્છના ક્રાંતિવીર તરીકે બિરદાવ્યા હતા. આજની યુવા પેઢીને જીવનમાં દેશદાઝ જગાવવા અપીલ કરી રાષ્ટ્ર હિતકારી પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પંડિતજીના જીવનમાંથી પ્રેરણા લેવા આહ્વાન કરેલ.

## શેઠ લાલજી રતનશી ચેરિટેબલ ટ્રસ્ટ

શ્રી શેઠ લાલજી રતનશી ચેરિટેબલ ટ્રસ્ટ, રજિ. નં. એ-૧૨૦૯/કચ્છ અંગે લાંબા સમયથી ચાલતા વિવાદનો તાજેતરમાં અંત આવતાં શ્રી નાયબ ચેરિટી કમિશનર ભુજ દ્વારા મંજૂર થયેલ ફેરફાર રિપોર્ટ નં. ૨૦૩/૧૦ અનુસાર નીચે મુજબના નવા ટ્રસ્ટી મંડળની રચના કરવામાં આવતાં આ ટ્રસ્ટની નખત્રાણા મુકામે વથાણ ચોકમાં આવેલ ધર્મશાળાના મકાનનું નવીનીકરણ કરી સંસ્થાનો વિકાસ કરવાના પગલાં ભરવાનું ટ્રસ્ટી મંડળે નક્કી કરેલ છે.

**ટ્રસ્ટીઓ**

| | | |
|---|---|---|
| ૧. | મંગલદાસ રામદાસ ઠક્કર - વારસાગત ટ્રસ્ટી | |
| ૨. | નિશાંતભાઈ વાસુદેવ ઠક્કર - ભુજ | જાણીતા દાતા |
| ૩. | શશીકાંત મોહનલાલ ઠક્કર - માધાપર | સામાજિક અગ્રણી |
| ૪. | શશીકાંત જેરામ રૂપારેલ - ભુજ | સામાજિક અગ્રણી |
| ૫. | દિનેશચંદ્ર પ્રાગજી ઠક્કર - ભુજ | એન્જિનિયર |
| ૬. | જયેશકુમાર જમનાદાસ સચદે - ભુજ | વેપારી |
| ૭. | જયેશકુમાર વિજયકુમાર ઠક્કર - નખત્રાણા | શિક્ષણ વિદ. |

## પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન

પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં કચ્છી કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને જાહેરાત કરવામાં આવી હતી તેમાં સારો એવો પ્રતિસાદ સાંપડ્યો હતો. પચાસ જેટલી એન્ટ્રીઓ, સ્પર્ધામાં આવી હતી. તેનું પરિણામ નીચે પ્રમાણે જાહેર કરવામાં આવેલ છે.

- પ્રથમ ઈનામ — શ્રી જયંતી જોશી- ભુજ<br>સોનેજી ગુજરાત
- બીજું ઈનામ — શ્રી મદનકુમાર અંજારિયા<br>જંતર મંતર
- ત્રીજું ઈનામ — શ્રી રાજેશ રમેશચંદ્ર ભટ્ટ<br>હી કેડા આયા ડી
- આશ્વાસન ઈનામ — શ્રી ભાઈલાલ બી. મામતોરા - નડિયાદ<br>આયખેજી અખાણી

ઉપરોક્ત વિજેતાઓનો નિર્ણય તરીકે નિર્ણાયક સમિતિમાં જાણીતા કચ્છી લેખકો શ્રી હંસરાજ કંસારા અને શ્રી પૃથ્વી શાહ હતા.

*પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન વતી ચૌલા કુરુવા*

*જિનિયસ એટલે એક ટકો પ્રેરણા અને નવ્વાણું ટકા પરિણામ.*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. મનુષ્ય, પ્રાણીની હિંસા, જંગલો કાપીને ઉદ્યોગોનો પ્રદૂષિત કચરો. (પાના : ૧૧)

૨. દોસ્તીના કોલ હૃદયથી આપો, સંબંધોની સીમાને તમે. (પાના : ૧૪)

૩. શ્રી શૈલેષભાઈ ગાંધી (પાના : ૨૫)

૪. ઈર્ષ્યા, અદેખાઈ, દુશ્મનાવટ, દંભ, તિરસ્કારની ભાવનાથી માણસ માણસથી દૂર થઈ ગયો છે. (પાના : ૪૩)

૫. રખડતી જાતિઓ એટલે કે વિચરતી જાતિઓ જેમકે બજાણિયા, વાદી, ભવૈયા, રાવળ, ગારૂડી, પારધી, વણઝારા વગેરે. (પાના : ૫૩)

૬. ગંગા ડોલ્ફિન, ગંગા નદી, વિક્રમ શીલા સેન્ક્ચ્યુઅરી. (પાના : ૩૦)

૭. ઈ.સ. ૧૯૭૬માં આચાર્ય વિનોબા ભાવેની પ્રેરણાથી જૈનાચાર્યો, જૈન વિદ્વાનો તથા જૈન સંશોધનકારોએ સાથે મળીને. (પાના : ૮)

*સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકના બધા પ્રશ્નોના ખરા જવાબ આપનારની યાદી.*

૧. શ્રીમતી નેહા ભાવેશ પારેખ - અમદાવાદ
૨. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૩. કલ્પના એસ. ગાલા - અમદાવાદ
૪. રમણિકભાઈ ગોસર - અમદાવાદ
૫. શ્રીમતી મધુરી આર. ગોસર - અમદાવાદ.
૬. મીનાક્ષી રજનીકાંત પારેખ - અમદાવાદ
૭. મહેન્દ્ર દામજી છેડા - અમદાવાદ
૮. નયના એ. ગાલા - અમદાવાદ
૯. શ્રીમતી મીનાક્ષી માંકડ - અમદાવાદ
૧૦. ઝરણા એચ. પારેખ - અમદાવાદ
૧૧. યોગિની ચેતન શાહ - અમદાવાદ

★

માસ ઓગસ્ટ-૨૦૧૦ના પ્રશ્નોના પાછળથી આવેલ અને બધા સાચા જવાબો આપનાર

૧. જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૨. પદ્મિનીબહેન મહેન્દ્રભાઈ ગોસર - વડોદરા

★

**★ માસ ઓક્ટોબર-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. 'ઈભીવછેરા'ના તોછડા નામે ઓળખાતા તોફાની છોકરાનું નામ શું? કઈ જ્ઞાતિનો હતો? એણે આપેલા દાનથી મુંદ્રામાં કઈ શાળા શરૂ થઈ? કોણે તે શરૂ કરી?

૨. 'યંગ મેન વીથ વ્હાઈટ હેર' આ બિરુદ કઈ વ્યક્તિ માટે વાપરવામાં આવ્યું છે? તેમણે કયા વર્ષમાં 'ગ્રામ વિકાસ કેન્દ્ર'ની સ્થાપના કરી? એ કેન્દ્રનું નામ શું? એ કેન્દ્રએ કચ્છની જમીનને ફળદ્રુપ બનાવવા કઈ યોજના કરી?

૩. પંક્તિ પૂરી કરો. "પ્યાસ લગતી હૈ... નહીં આનેવાલા." કયા લેખમાં આવેલી છે? લેખનું નામ લખો.

૪. જગતમાં દુઃખી લોકોના દુઃખનું કારણ શું? શાનો અભાવ? ખમીરથી જીવવું હશે તો શું કરવું જોઈશે?

૫. ભગવાન બુદ્ધે સવાલ કર્યો 'સૌથી ઉત્તમ જળ કયું? જીવનમાં સફળતાના ઉચ્ચ શિખરો ક્યારે સર કરાય?'

૬. શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ એક કાઉન્સેલિંગ સેમિનાર યોજે છે. કઈ તારીખે? કોણ આવવાનું છે? (માફ કરજો, વાચકો સંસ્થા સમાચાર બરાબર વાંચતા નથી. માટે એમાંથી સવાલ મૂક્યો છે.)

૭. જીતુભાઈ સંઘવીનો સંપર્ક શાના માટે કરીશું? (જા.ખ.)

***નોંધ : ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૧૧-૨૦૧૦ છે.***

***જવાબો મોકલવાનું સરનામુ :***
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

***સહકાર બદલ ધન્યવાદ.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)***

## વિવિધ ભાષામાં નૂતન વર્ષાભિનંદન

આપણા ભારત દેશમાં અનેક પ્રકારની ભાષાઓ પ્રચલિત છે. અલગ રાજ્ય અને પ્રાંતમાં વસતા લોકો ત્યાંની સ્થાનિક ભાષા બોલે છે. "નૂતન વર્ષાભિનંદન." વિવિધ ભાષામાં "સાલ મુબારક"ને શું કહેવામાં આવે છે, એ જાણીશું.

★ સંસ્કૃત : મંગલદાયી નવે સંવત્સરમ્
★ હિંદી : સાલ મુબારક
★ ગુજરાતી : નૂતન વર્ષાભિનંદન
★ કચ્છી : નયે વરેંજી વધાઈયું.
★ મરાઠી : સુખદાયી નવે વર્ષ
★ બંગાળી : સુખ નૂતન વત્સરમ્
★ કન્નડ : શુભ હોવા વરૂપ પાગલી
★ તેલુગુ : બાગા પાડા ધ દિનમ્
★ સિંધી : ન્યુ સાલજ મુબારક.
★ પારસી : સાલ મુબારક
★ અંગ્રેજી : હેપ્પી ન્યુ યર.
★ લેટિન : બિચ તુસ આતુસ
★ જર્મન : ગ્લુક લીચ ન્યુ જહર
★ ઈટાલિયન : ફેલીસ ન્યુ વ્હાલીઓને

*ચારિત્ર્ય એટલે પાકી બની ગયેલી ટેવ.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*ઓક્ટોબર-૨૦૧૦ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- મહારાઓશ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય – ભુજ, કચ્છ.

### ૩ વર્ષનું લવાજમ

- રાજેન્દ્ર એમ. દેસાઈ — મુંદ્રા, કચ્છ

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- શેખર એન. શાહ — રતલામ (મધ્ય પ્રદેશ)
- વસંત નાગજી છેડા — વલસાડ
- ભરત રાયચંદ ખોના — નવી મુંબઈ
- હસમુખ વિનોદભાઈ મકવાણા — અમદાવાદ
- વીરેન મોનાની — નાના કપાયા, મુંદ્રા, કચ્છ
- છગનલાલ રાયચંદ પારેખ — ભુજ, કચ્છ
- દામજી ગેલાભાઈ શાહ — દાદર (વેસ્ટ), મુંબઈ
- ચંદ્રકાંત હીરજી ખોના — વડોદરા

### આજીવન

- જે. પી. મહેશ્વરી — આદિપુર, કચ્છ
- ડૉ. મહેશકુમાર સોલંકી — આદિપુર, કચ્છ
- યોગેશ જે. મહેતા — બેંગ્લોર (કર્ણાટક)
- સુરેશ કાથડ ગડા — ચેમ્બુર, મુંબઈ

## 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | કેટેગરી | ઓક્ટોબર-૧૦ | રિમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧. | બુદ્ધિચંદ હીરજી મારુ | મુંબઈ | કોમ્પ્લીમેન્ટરી | પરત | "લેફ્ટ" |
| ૨. | હેમરાજ છેડા | મુંબઈ | કોમ્પ્લીમેન્ટરી | પરત | — |
| ૩. | સંજય દામજી લોડાયા | મુંબઈ | ગ્રાહક | પરત | "લેફ્ટ" |

## મારવાડી શેઠની સલાહ

આજથી આશરે ૪૪-૪૫ વર્ષ પહેલાં એક મારવાડી શેઠ સાથે વાતો કરતાં કરતાં તેણે મને જે સલાહ આપી હતી તે તેના જ શબ્દોમાં:

"એક બાત કહેતા હું ઉસ પર બિચાર કરના. કભી ભી અપને બેટોં કો અપની દુકાન - ફેક્ટરી - ઓફિસ મેં અપની તૈયાર ખુરશી પર મત બૈઠાના. 'પઢાઈ કર લી, અબ આ જા બેટા કલસે અપને ધંધે મેં ઔર કારોબાર સંભાલ લે.' અપની કેબિન કે પાસ દૂસરી કેબિન બના લી ઔર બેટા બન ગયા મેનેજર. ઐસી ગલતી કભી મત કરના.

આપ ચાહે લાખોંપતિ હો મગર અપને પઢે લીખે બેટે કો કમસે કમ ૫ સાલ દેશમેં કહીં ભી ખુદ કે બલ પર નોકરી ઢુંઢને કો ઔર અપની ખુદ કી કમાઈ પર ગુજારા કરને કા કહ દો. નોકરી ઢુંઢને મેં આપ ખુદ ઉનકી મદદ મત કરના. વો ખુદ જાયેગા ૧૦-૧૨ જગહ ઢુંઢને ઓર ઈન્ટરવ્યુ દેને કો. તબ ઉનકો પતા ચલેગા કે દુનિયા કૈસે ચલતી હૈ, પૈસા કૈસે કમાયા જાતા હૈ ઔર બાપ કે પૈસે સે મોજ ઉડાના ભૂલ જાયેગા.

અગર શાદી હો ગઈ હો તો કહે દો બેટે કો કે અગર અપની કમાઈસે દો જનકા પેટ ભર સકતે હો તો અપની બીવી કો સાથ લે જાઓ. અગર ઐસા નહીં હૈ તો બહુ હમારે સાથે રહેગી બીચ બીચ મેં તુમ આતે જાતે રહેના.

હમારે ખાનદાન કી બહુ કિસી ગૈર આદમી કે પાસ નૌકરી કરે ઔર ગૈર આદમી કા હુકમ ઉઠાવે ઔર સારા દિન 'યસ સર', 'જી સર' કરે યે મૈં કભી બરદાસ્ત નહીં કર સકતા. ઘરગૃહસ્થી સમાલના બહુત બડી જીમ્મેદારી હૈ. પૂરા ખાનદાન કી ઈજ્જત ઔર પૂરે પરિવાર કા સુખચૈન ઉનકે હાથમેં રહેતા હૈ. બેટા નૌકરી કરકે દુનિયા કા વ્યવહાર શીખેગા ઔર બહુ ઘરગૃહસ્થી હોંશિયારી સે ચલાના શીખેગી.

અગર યે સબ હોગા તોહી પરિવાર સુખ પાવેગા. મગર ન બેટા કુછ શીખા ઔર ન બહુ કુછ શીખી તો સમજો કે આપકા પુન્ય ખતમ હોને લગા હૈ.

આપ ખુદ અપને લાડલે બેટે કો કિતના ભી શીખાને કી કોશિશ કરોગે, વો નહીં શીખ પાયેગા. આપ ઉસકો ગુસ્સે સે ડાંટ નહીં સકોગે ઔર બેટા ભી તમીઝ નહીં શીખેગા. ઈસલિયે ઉનકા દૂસરી જગા પર નૌકરી કરવાના બહુત જરૂરી હૈ. નૌકરી કરેગા તો હી ઉસકો માલૂમ પડેગા કે બડોં કે સાથ ઔર છોટોં કે સાથ કૈસે બાત વ્યવહાર કિયા જાતા હૈ. 'કૉલેજ સે આયા ઔર બના દિયા મેનેજર' ઐસી ગલતી કભી મત કરના.

બેટે કો પૂરા અહેસાસ રહેના ચાહિયે કે વો બેટા હૈ ઔર આપ ઉનકે બાપ હો. બેટા અપના ભી બાપ જૈસા બર્તાવ કરને લગે ઐસા મૌકા ઉસકો કભી મત દેના.

*શાંતિલાલ સંઘવી*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧) ગૂર્જર પ્રકાશન - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૧. | ફિટનેસ ફન્ડામેન્ટલ્સ | ડૉ. મુકુંદ મહેતા. |
| ૨. | કરુણ પ્રશસ્તિ કાવ્યો | ડૉ. ધીરુભાઈ ઠાકર |
| ૩. | તૈત્તિરીયોપનિષદ | ડૉ. મૃદુલા મારફતિયા |
| ૪. | વિચારોનાં ઝરણા | રમેશ સંડેરી |
| ૫. | અમદાવાદ બતાવું ચાલો | દિનેશ દેસાઈ/જયશ્રી દેસાઈ |
| ૬. | ઓજસ | હિમાંશુ શાહ |
| ૭. | સુગંધ | હિમાંશુ શાહ |
| ૮. | ટહુકો | હિમાંશુ શાહ |
| ૯. | પાંદડી | હિમાંશુ શાહ |
| **(૨) સૂરજલાલ મહેતા - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૧૦. | અડધી સદીની વાચન યાત્રા ભાગ-૧ | સં. : મહેન્દ્ર મેઘાણી |
| ૧૧. | અડધી સદીની વાચન યાત્રા ભાગ-૨ | સં. : મહેન્દ્ર મેઘાણી |
| ૧૨. | અડધી સદીની વાચન યાત્રા ભાગ-૩ | સં. : મહેન્દ્ર મેઘાણી |
| ૧૩. | અડધી સદીની વાચન યાત્રા ભાગ-૪ | સં. : મહેન્દ્ર મેઘાણી |
| **(૩) સંજય પી. ઠાકર તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક** | | |
| ૧૪. | કચ્છની શતાબ્દી પ્રતિભાઓ | સંજય પી. ઠાકર |
| **(૪) મયૂર ચંદ્રકાંત દેઢિયા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક** | | |
| ૧૫. | પ્રાયશ્ચિતનું પ્રથમ પગલું | લીલાધર માણેક ગડા. |
| **(૫) ડૉ. યોગેશ જાડેજા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક.** | | |
| ૧૬. | કચ્છની વિકાસ યાત્રા | તરુણકાંત છાયા |
| **(૬) શ્રી શાંતિલાલ વ. શાહ - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૧૭. | Classis Short Stories | Leo Tolstoy & Others |
| ૧૮. | પહેલું સુખ તે જાતે નર્યા | વિનોદ ભટ્ટ |
| ૧૯. | મૃત્યુ પછીની દુનિયા | આત્મારામ બી. પટેલ (નવનીત પબ્લિકેશન્સ) |
| ૨૦. | વિજય જ વિજય | પ્રકાશક : વિવેકાનંદ કેન્દ્ર - અમદાવાદ |
| **(૭) મુકુંદ કે. મહેતા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક** | | |
| ૨૧. | અખ મેં પાણી અખ ભિંજાણી (કચ્છી કાવ્ય સંગ્રહ) | મુકુંદ કે. મહેતા 'અલ્પ' |
| **(૮) ગિરીશ દામજી પોલડિયા - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૨૨. | સુદર્શન શેઠ | વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી |
| ૨૩. | આહાર શુદ્ધિ પ્રકાશ | |
| ૨૪. | ઇઝરાયલ | દેવેન્દ્ર પટેલ |
| ૨૫. | કોહીનૂર | દેવેન્દ્ર પટેલ |
| ૨૬. | મારિયા | દેવેન્દ્ર પટેલ |
| ૨૭. | મૃણાલ | દેવેન્દ્ર પટેલ |
| ૨૮. | પારીજાત | દેવેન્દ્ર પટેલ |
| ૨૯. | મન સોનાનાં, તન રૂપાના | દેવેન્દ્ર પટેલ |
| ૩૦. | ઘૂંટ ઘૂંટ મેં મોત | એલક નિર્ભયસાગરજી |
| ૩૧. | એક ખોબો ઝાકળ | મુનિશ્રી વાત્સલ્યદીપ |
| **(૯) રવિ પેથાણી 'તિમિર' દ્વારા પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૩૨. | સાત ઢગલી ધૂળમાં | રવિ પેથાણી 'તિમિર' |
| ૩૩. | નીણાઈ (કચ્છી કાવ્ય સંગ્રહ) | રવિ પેથાણી 'તિમિર' |
| ૩૪. | વતર (કચ્છી કાવ્ય સંગ્રહ) | રવિ પેથાણી 'તિમિર' |
| **(૧૦) રશ્મિન્ ખોના તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક** | | |
| ૩૫. | શ્રી નમામિ માતા રત્ને (કચ્છી કાવ્ય સંગ્રહ) | 'રશ્મિન્' ખોના |
| **(૧૧) ગૂર્જર પ્રકાશન - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૩૬. | જયંત ખત્રીનો વાર્તા વૈભવ | શરીફા વીજળીવાળા |
| ૩૭. | આખું ગગન મારી આંખોમાં | જેઠાભાઈ પટેલ |
| ૩૮. | નો પ્રોબ્લેમ | રોહિત શાહ |
| ૩૯. | ગલબા શિયાળના પરાક્રમો | રમણલાલ સોની |

## રામવાણી - પ્રેરણાની સરવાણી

શરીર ભાડૂતી ઘર છે. ભાડાંના ઘરને કંઈ બહુ સાચવવાનું ન હોય. એમાં રહેવાનું છે. એથી થોડીઘણી એની સારસંભાળ લેવાય ખરી, પણ એને પોતાનો મહેલ માનીને કંઈ એની સજાવટ પાછળ સંપત્તિ વેડફી ન દેવાય. આત્માનું અસલ ઘર મોક્ષ છે. શરીર તો આત્માને મળેલું ભાડૂતી ઘર છે. આટલું સમજાઈ જાય, તો દેહલક્ષી મટીને આત્મલક્ષી બની જતાં વાર ન લાગે.

***પ્રેષક : પ્રભુલાલ સંઘવી***

*અહંકારનો ત્યાગ મહાન ત્યાગ છે પછી બીજું કંઈ ત્યાગવાનું રહેતું નથી.*

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

૧. ઓલેમ્પિક અને એશિયાડ પછી કોમનવેલ્થ ગેમ્સ એ વિશ્વનો સૌથી મોટો રમતોત્સવ છે. જેમાં બ્રિટિશ એમ્પાયરમાંથી સ્વતંત્ર થયેલ ૭૪ દેશોના ખેલાડીઓ ભાગ લે છે. કોમનવેલ્થ ગેમ્સની શરૂઆત ૧૯૩૦માં થઈ હતી. તે સમયે તેનું નામ બ્રિટિશ એમ્પાયર ગેમ્સ હતું. ૧૯૭૮માં તેને કોમનવેલ્થ ગેમ્સ નામ અપાયું. કોમનવેલ્થ ગેમ્સ પણ દર ચાર વર્ષે રમાય છે. કોમનવેલ્થ ગેમ્સમાં જુદી જુદી ૩૧ રમતો અને તેની પેટા ૭ રમતોની સ્પર્ધા યોજાય છે.

૨. કાળિયાર એ હરણનો જ એક પ્રકાર છે. એ ભારત, પાકિસ્તાન અને નેપાળમાં જોવા મળે છે. કાળિયાર એ ચિત્તા પછીનું સૌથી ઝડપે દોડી શકે છે. નર કાળિયાર ઘેરા કથ્થઈ રંગ ધરાવે છે. જ્યારે માદા આછો કથ્થઈ રંગ ધરાવે છે. નર કાળિયારને ૨૮ ઇંચ લાંબા શિંગડાં હોય છે. જ્યારે માદાને શિંગડાં નથી હોતા. કાળિયાર ૭૦થી ૯૫ કિલોગ્રામ જેટલું વજન ધરાવે છે અને તેનું ૧૨થી ૧૬ વર્ષ જેટલું આયુષ્ય હોય છે. તે મોટાભાગે શાકાહારી છે, પણ ક્યારેક નાના જીવડાં પણ ખાઈ જાય છે. ગુજરાતમાં ભાવનગર જિલ્લામાં કાળિયારનું અભયારણ્ય આવેલું છે.

૩. વાઈબ્રેટરનો પહેલ વહેલો ઉપયોગ હિસ્ટેરિયાના દર્દીઓના ઈલાજ માટે થતો હતો.

૪. મધમાખીની રાણી એક દિવસમાં ૧૫૦૦ ઇંડાં મૂકે છે.

૫. પહેલી ત્રિકોણ ટપાલ ટિકિટ ૧૮૫૩માં કેપ ઑફ ગુડ હોપમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

૬. ફાન ફિલિપ્સ ઉત્તર ધ્રુવ પર પહોંચનારી પહેલી મહિલા હતી. તેમણે આ સિદ્ધિ ૫ એપ્રિલ, ૧૯૭૧ના રોજ મેળવી હતી.

૭. એમેઝોન નદીમાં વોટર લીલી નામનું એક સફેદ કમળનું ફૂલ થાય છે. તે રાત્રે જ ખીલે છે. ખૂબ સુંદર હોય છે. આ કમળના પાન ૩ મીટરનો વ્યાસ ધરાવે છે અને તે સંપૂર્ણ વર્તુળાકાર હોય છે.

૮. ભારતના છેલ્લા એક લાખ વરસનો ઇતિહાસ જોઈશું તો ભારતે કદી કોઈ પણ દેશ ઉપર જાતે હુમલો કર્યો નથી, બચાવ કર્યો છે.

૯. ભારત આર્થિક રીતે દુનિયામાં સમૃદ્ધ દેશ હતો. પરંતુ ૧૭મી સદીમાં જ્યારે બ્રિટિશરો આવ્યા પછી આપણી આર્થિક સમૃદ્ધિ લૂંટાઈ ગઈ.

૧૦. યોગની શરૂઆત ભારતમાં લગભગ પાંચ હજાર વર્ષ પૂર્વે થઈ હતી. આજે આખી દુનિયા યોગને સ્વીકારતી થઈ છે.

૧૧. ભારતમાં કોઈ પણ મુસ્લિમ દેશ કરતાં વધુ એટલે કે ત્રણ લાખ જેટલી મસ્જિદ આવેલી છે.

૧૨. ભારત વિશ્વમાં સૌથી વધુ પોસ્ટ ઓફિસ ધરાવતો દેશ છે.

## જીવાનંદસૂરિનો બૌદ્ધાચાર્ય સાથેનો વિવાદ

એ હતા જીવાનંદસૂરિ. એકવાર તેમણે સૌરાષ્ટ્રના વલ્લભીપુરમાં કોઈ બૌદ્ધાચાર્ય સાથે વાદ ગોઠવ્યો. વાદમાં શરત એ હતી કે જે પરાજય પામે તેણે, તેના શિષ્યોને અને તેના સમગ્ર સંઘે સૌરાષ્ટ્ર છોડીને ચાલ્યા જવું. કમનસીબે જીવાનંદસૂરિજી પરાજય પામ્યા. તેમણે સમસ્ત જૈનો સાથે સૌરાષ્ટ્ર છોડીને શરતનું અક્ષરસઃ પાલન કર્યું. દક્ષિણ ગુજરાતમાં રહીને તેમણે કેટલાક સમય બાદ 'હવે પૂરતી તૈયારી થઈ ગઈ છે.' એવા વિશ્વાસ સાથે એ જ બૌદ્ધાચાર્ય સાથે વાદ ગોઠવાયો. ફરીથી જીવાનંદસૂરિજી હાર્યા. શરત પ્રમાણે સમગ્ર ગુજરાતમાંથી તમામ જૈનોને ઉચાળા ભરવા પડ્યા. ત્યારબાદ જીવાનંદસૂરિજીએ લગાતાર બાર વર્ષ સુધી બૌદ્ધશાસ્ત્ર વગેરેનો ખૂબ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. તેની નબળી કડીઓ ધ્યાનમાં લીધી. જ્યારે તેમને વિજયનો પૂરો વિશ્વાસ આવ્યો ત્યારે પુનઃ એજ બૌદ્ધાચાર્ય સાથે વાદ કર્યો. આ વખતે શરત હતી કે પરાજય પામનાર પક્ષે સમગ્ર ભારત ખાલી કરી જવાનું. અને બૌદ્ધાચાર્યનો પરાજય થયો. તમામ બૌદ્ધો ભારત છોડી ચાલ્યા ગયા.

***પ્રેષક : પ્રભુલાલ સંઘવી***

## શબ્દ રમત-૫૩નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જી | ભ | ને | ટે | ર | વે | | કં | બ | લ | | જ | ને | તા | |
| પ | ર | | ક | મ | ર | ક | | ડ | | ભં | ગ | | ઇ | લા |
| | પૂ | જા | રી | | | રિ | | ભા | ત | | જા | | વા | ડ |
| મા | ર | ગ | | અં | | યા | દ | ગી | રી | | હે | વા | ન | |
| વ | | ર | | બા | ર | ણું | | | કો | ત | ર | ણી | | ઉ |
| જ | મ | ણ | વા | ર | | | શ્રા | પ | | ર | | | | ધા |
| ત | ર | | તો | | ધૂ | ર્ત | | તી | | કા | ય | દે | સ | ર |
| | ક | રં | ડિ | યો | | | ભો | જ | પુ | રી | | શ | હ | |
| લો | ટ | | યો | ગા | નુ | યો | ગ | | ત્ર | | રા | | ન | સ |
| હ | | મા | | | સ | | વ | ચ્યો | વ | ચ | | ફ | | મા |
| ચું | ગ | લ | | વ | ખો | ડ | વું | | ધૂ | પ | સ | ળી | | ધા |
| બ | ગ | દા | દ | | | બ | | બા | | ળ | | ભૂ | દા | ન |
| ક | ન | ર | | અ | ગ | લ | બ | ગ | લ | | ખ | ત | મ | |
| | ગા | | ખ | મ | ણ | | જ | વા | બ | દા | રી | | | વે |
| સ | મી | પ | | ન | ન | | ર | ન | | ન | દી | પ્ર | દે | શ |


*ઓક્ટોબર-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૫૩ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવ્યા છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | બધા સાચા |
| ૨. | કિશોર જે. શાહ | ભુજ | બધા સાચા |
| ૩. | સરલા ચંદ્રકાંત શાહ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૪. | રશ્મિકાંત એસ. સાવલા | અમદાવાદ | ૧ ભૂલ |
| ૫. | શાંતિલાલ વ. શાહ | અમદાવાદ | ૨ ભૂલ |

*જ્યાં સુધી માનવ પોતાનું કર્તવ્ય નહિ બજાવે ત્યાં સુધી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ અશક્ય છે. – વિવેકાનંદ.*

## શબ્દ રમત-૫૪

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૧-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. હાથી, દીવો (૨)
૪. પહેરેલા સાલ્લાનો લટકતો છેડો, શરણ (૩)
૬. અધિકાર, હક્ક (૨)
૭. દરેક નાની પાતળી કકડી (૩)
૯. દરવાજાવાળો મહોલ્લો, શેરી (૨)
૧૦. ગાડું, ખટારો (૩)
૧૧. રંગ, પ્રકાર, રૂપ (૨)
૧૨. ભાગવાળો, સાથી (૪)
૧૪. અહીં 'સંપ' ઊલટો થયો છે (૨)
૧૫. ઓજારની તીણી કોર, કિનારો (૨)
૧૬. મુંબઈનું વિરાર પાસે જાણીતું જૈન તીર્થ (૩)
૧૭. ગાજર જેવું એક કંદ (૪)
૨૦. ઇંદ્રિયદમન, તપસ્યા (૨)
૨૩. ચક્ષુ, લોચન (૩)
૨૫. જાડો પ્રવાહી પદાર્થ (૩)
૨૬. સાવચેત, જાગ્રત (૩)
૨૭. (બોરિયું) બટન ઘાલવાનું નાકું (૨)
૨૮. અદાલતનો એક અમલદાર (૩)
૨૯. ધરો, એક જાતનું ઘાસ (૨)
૩૦. ડાબું, ઊલટું, પ્રતિકૂળ (૨)
૩૧. મોટાઈ, પ્રૌઢતા (૩)
૩૨. ક્રમ, પાળી (૨)
૩૩. હરખ, આનંદ (૨)
૩૪. તરણું, તરવાની ક્રિયા (૩)
૩૫. સિંહ જેવો વીર પુરુષ (૫)
૩૭. ભરોસો, પ્રમાણ, સાબિતી (૩)
૩૮. શુભ, ભલું, ભલે (૨)
૩૯. ગતિ, ઝડપ (૨)
૪૦. સૂર્ય, તાપ, ગરમી (૩)
૪૧. ખાતર, વાડી (અં.) (૨)
૪૨. ખોબો, બે હાથનો બનતો પાત્રાકાર (૨)
૪૩. ફણગો, ... ફૂટવો (૩)
૪૫. એક જાતના મસાલાના બી, ખુમારી (૨)
૪૬. માણસ, જનસમૂહ (૩)
૪૭. સૂરીલું ગાન કે ગીત (૩)
૪૮. કોતરીને કરેલું નકશીકામ (૫)
૫૧. સૂર્ય (૨)
૫૩. પ્રપંચ, કાવતરું (૪)
૫૫. મળસકું, પરોઢ (૩)
૫૬. સોપારી કાતરવાનું સાધન (૨)
૫૭. શહેર, મોટું ગામ (૨)
૫૮. ચટપટી, અજંપો, આંદોલન (૪)
૬૦. ભરતિયું (૨)
૬૧. યુરોપની પૂર્વે એશિયાની ઉત્તરે પથરાયેલો દેશ (૩)
૬૨. ગાદીવાળી ખુરશી ઘાટની બેઠક (અં.) (૨)
૬૩. દોજખ (૩)
૬૪. વિદ્યુત (૨)
૬૫. તેજ, ભભકો (૩)
૬૬. મોટો પ્રતિષ્ઠિત માણસ, સરખા ધંધાદારીઓનું મંડળ (૪)

### ઊભી ચાવીઓ

૧. દિવાળી (૪)
૨. ઘડીનો સાઠમો ભાગ, ક્ષણ (૨)
૩. તાજાપણું, સ્ફૂર્તિ (૩)
૪. ભાગોળ આગળનું મેદાન (૩)
૫. વાછરડાં પાળનાર ગોવાળ (૪)
૬. કોહવાટ, બગાડો (૨)
૭. લગ્ન પહેલાંનો થયેલો કુંતીપુત્ર (૨)
૮. ચામડાનો પટો (૫)
૧૧. ઋતુરાજ, ચૈત્ર-વૈશાખની ઋતુ (૩)
૧૨. કારતક સુદ બીજ (૪)
૧૩. છેડો, પાલવ (૩)
૧૭. દીકરો, સૂર્ય (અં.) (૨)
૧૮. ખપ, સ્વાર્થ (૩)
૧૯. એક જળચર પ્રાણી (૩)
૨૧. પસાર, ફેલાવો (૩)
૨૪. આશ્રયદાતા, યજ્ઞ કરનાર (૪)
૨૭. એક ગામ છોડી બીજે ગામ જવું (૪)
૨૮. એક વનસ્પતિ, કબાબચીની (૫)
૨૯. ઘણાં બારણાંવાળો મહેલ (૪)
૩૧. આખા સમૂહનો એક સમાન પહેરવેશ (૪)
૩૩. સરસાઈ, સ્પર્ધા (૪)
૩૬. ચાલચલણ, વર્તણૂક (૪)
૪૨. તળાવ (૩)
૪૩. ખાનગી, જાતને લગતું (૩)
૪૪. કુંવારો છોકરો, પુત્ર (૩)
૪૫. એક સીતાફળ જેવું ફળ (૪)
૪૬. મધુ દૈત્યને મારનાર શ્રીકૃષ્ણ (૫)
૪૮. ડગલો, કિલ્લાની દીવાલ (૨)
૪૯. રસવાળું, ફળદ્રુપ (૩)
૫૦. નાનું મોટું તોફાન (૫)
૫૨. પુષ્કળ, ગાઢ (૩)
૫૪. લાકડાં કાપી વેચવાનો ધંધો કરનાર (૪)
૫૮. ચમકારો, તાજુબી (૩)
૫૯. સોજો (૩)
૬૦. ભય, દહેશત (૨)
૬૧. થોડું, ધૂળનો કણ (૨)
૬૨. ઠાવકાપણું, ઢબછબ (૨)

*નિરંતર સફળતા જીવનનું એક જ પાસું બતાવે છે, પરંતુ નિષ્ફળતા બીજું પાસું પણ બતાવે છે.*

# સુડોકુ

— હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૧૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૧૧-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સાચા જવાબો મોકલનારના નામ ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

## ક્રમાંક - ૧૦૧૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૭ | ૨ | | | | | ૪ |
| | ૯ | | | ૪ | | | ૨ | |
| | | ૨ | | ૭ | | | | ૮ |
| | ૮ | | | ૩ | ૭ | ૪ | | |
| | ૩ | | | | | | ૧ | |
| ૧ | | | ૫ | | ૮ | | ૩ | |
| | | ૬ | | ૧ | | ૯ | | ૫ |
| | ૫ | | ૪ | | | | ૭ | |
| | | ૧ | ૩ | | | | | ૬ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૮ | ૪ | | |
| | | | | ૧ | | | ૯ | |
| | | | ૩ | | | | | ૨ |
| | | ૯ | | | | | | ૧ |
| ૫ | ૪ | | | | | ૭ | ૨ | |
| | | | ૭ | ૩ | ૬ | | ૫ | |
| | | | ૨ | | | ૮ | ૩ | ૭ |
| ૬ | ૮ | | ૪ | | ૫ | | | |
| | | ૧ | | ૯ | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૬ | | | | ૯ |
| | | ૫ | | | | | ૨ | |
| ૮ | | | ૧ | | | | | ૩ |
| | ૮ | ૪ | ૯ | | ૧ | | | |
| | | | | | | | | |
| | | | ૩ | | ૬ | ૪ | ૧ | |
| ૨ | | | | | ૪ | | | ૭ |
| | ૯ | | | | | ૫ | | |
| ૭ | | | | ૧ | | ૮ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૯ | ૧ | | | |
| ૮ | | ૩ | | | | | ૬ | |
| ૨ | | | | | | | | ૭ |
| | ૨ | ૪ | | | | | | |
| ૯ | ૮ | | | ૨ | | | ૩ | ૪ |
| | | | | | | ૭ | ૫ | |
| ૫ | | | | | | | | ૩ |
| | ૭ | | | | ૩ | | | ૬ |
| | | | ૪ | ૮ | | ૯ | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૧૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૧ | ૯ | ૫ | ૮ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૨ | ૪ | ૩ | ૧ | ૬ | ૯ | ૭ | ૮ |
| ૮ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ | ૬ | ૫ | ૧ |
| ૬ | ૫ | ૨ | ૮ | ૭ | ૪ | ૧ | ૯ | ૩ |
| ૪ | ૭ | ૩ | ૬ | ૯ | ૧ | ૮ | ૨ | ૫ |
| ૯ | ૧ | ૮ | ૨ | ૩ | ૫ | ૪ | ૬ | ૭ |
| ૧ | ૮ | ૭ | ૫ | ૬ | ૯ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૯ | ૫ | ૧ | ૪ | ૨ | ૭ | ૮ | ૬ |
| ૨ | ૪ | ૬ | ૭ | ૮ | ૩ | ૫ | ૧ | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૬ | ૩ | ૪ | ૯ | ૨ | ૫ | ૧ |
| ૩ | ૧ | ૪ | ૬ | ૫ | ૨ | ૮ | ૯ | ૭ |
| ૯ | ૫ | ૨ | ૧ | ૭ | ૮ | ૩ | ૬ | ૪ |
| ૧ | ૮ | ૫ | ૪ | ૯ | ૩ | ૬ | ૭ | ૨ |
| ૨ | ૪ | ૩ | ૭ | ૮ | ૬ | ૫ | ૧ | ૯ |
| ૬ | ૯ | ૭ | ૫ | ૨ | ૧ | ૪ | ૩ | ૮ |
| ૫ | ૬ | ૮ | ૯ | ૧ | ૪ | ૭ | ૨ | ૩ |
| ૪ | ૩ | ૧ | ૨ | ૬ | ૭ | ૯ | ૮ | ૫ |
| ૭ | ૨ | ૯ | ૮ | ૩ | ૫ | ૧ | ૪ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૬ | ૫ | ૯ | ૭ | ૪ | ૩ | ૨ |
| ૪ | ૨ | ૭ | ૩ | ૮ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૩ | ૯ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૮ | ૬ |
| ૭ | ૪ | ૩ | ૬ | ૧ | ૯ | ૮ | ૨ | ૫ |
| ૫ | ૬ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૭ | ૧ |
| ૨ | ૮ | ૧ | ૭ | ૫ | ૩ | ૬ | ૯ | ૪ |
| ૬ | ૭ | ૨ | ૯ | ૩ | ૪ | ૫ | ૧ | ૮ |
| ૯ | ૫ | ૪ | ૧ | ૭ | ૮ | ૨ | ૬ | ૩ |
| ૧ | ૩ | ૮ | ૨ | ૬ | ૫ | ૯ | ૪ | ૭ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૧ | ૨ | ૪ | ૫ | ૬ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૬ | ૧ | ૯ | ૭ | ૮ | ૫ | ૪ |
| ૭ | ૪ | ૫ | ૩ | ૮ | ૬ | ૯ | ૨ | ૧ |
| ૪ | ૫ | ૮ | ૬ | ૩ | ૧ | ૭ | ૯ | ૨ |
| ૧ | ૩ | ૭ | ૯ | ૨ | ૪ | ૫ | ૬ | ૮ |
| ૨ | ૬ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ | ૪ | ૩ |
| ૮ | ૧ | ૩ | ૫ | ૬ | ૨ | ૪ | ૭ | ૯ |
| ૫ | ૭ | ૨ | ૪ | ૧ | ૯ | ૩ | ૮ | ૬ |
| ૬ | ૯ | ૪ | ૮ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ |

### ઓક્ટોબર-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૦નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. યોગિની ચેતન શાહ - અમદાવાદ
૩. મોક્ષા નવીન લાલકા - અમદાવાદ
૪. ચંદ્રિકા એ. શાહ - રાઉરકેલા
૫. કિરણ ઉમરશી રાંભિયા - નડિયાદ

### સુડોકુ-૧૦૦૯નો સાચો ઉકેલ મોકલનાર અને ગત માસ દરમ્યાન છાપવાના રહી ગયેલ નામો

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. પંકજ લક્ષ્મીચંદ મોતા - અમદાવાદ
૩. સ્નેહા પ્રફુલ્લ છેડા - અમદાવાદ
૪. યોગિની ચેતન શાહ - અમદાવાદ
૫. મૈત્રી જયેશ શાહ - અમદાવાદ
૬. કાર્તિક કિશોર સાયા - અમદાવાદ
૭. નીના અશોક ગોરજી - અમદાવાદ
૮. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૯. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૦. ભક્તિ કિરણ ત્રેવાડિયા - અમદાવાદ
૧૧. હર્ષા વિનોદ મોરબિયા - મુંદ્રા

### ધર્મપત્ની

એક કાળ એવો હતો કે પત્ની, પતિને પૂછતી કે બજારમાં શું કરી આવ્યા? અન્યાય અનીતિ કરી હોય તો ટોકતી, ને ના પાડતી. માટે તે ધર્મપત્ની કહેવાતી. આજે એવો કાળ આવ્યો છે કે પત્ની પતિને પૂછે છે કે બજારમાંથી શું લઈ આવ્યા? ન્યાય નીતિની કોઈ પડી જ ન હોય માટે એને ધર્મપત્ની શી રીતે કહેવાય?

પ્રેષક : પ્રભુલાલ સંઘવી

મા-બાપની તન-મન-ધનથી સેવા કરો, મોટું પુણ્ય મળશે.

## ગુજરાતનો વિકાસ
## (૧૯૬૦ અને ૨૦૦૦ તુલનાત્મક વિગત)

| નં. | બાબત | ૧૯૬૦ | ૨૦૦૦ |
|---|---|---|---|
| ૧. | ગુજરાતની કુલ વસતિ | ૨૦૬ લાખ (૧૯૬૧) | ૪૧૩ લાખ (૧૯૯૧) |
| ૨. | દર ચોરસ કિલોમીટર દીઠ વસતિની ગીચતા | ૧૦૫ | ૨૧૧ |
| ૩. | દર ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા | ૯૪૦ | ૯૩૪ |
| ૪. | અક્ષરજ્ઞાન ટકાવારી | ૩૦.૪૫ | ૬૧.૨૯ |
| ૫. | શહેરી વસતિની ટકાવારી | ૨૫.૭૭ | ૩૪.૪૯ |
| ૬. | અનુસૂચિત જાતિની વસતિ | ૧૧ લાખ | ૩૦.૬૦ લાખ |
| ૭. | અનુસૂચિત જનજાતિની વસતિ | ૨૭ લાખ | ૬૧.૬૨ લાખ |
| ૮. | અનુસૂચિત જાતિની વસતિનું પ્રમાણ | ૬.૬ ટકા | ૭.૪૧ ટકા |
| ૯. | અનુસૂચિત જનજાતિની વસતિનું પ્રમાણ | ૧૩.૪ ટકા | ૧૪.૯૨ ટકા |
| ૧૦. | મુખ્ય પાકોનું ઉત્પાદન (હજાર ટન) | | |
| | ક. ચોખા | ૨૦૨ | ૧૧૩૧ |
| | ખ. ઘઉં | ૨૭૨ | ૧૪૬૦ |
| | ગ. જુવાર | ૨૨૨ | ૩૦૯ |
| | ઘ. બાજરી | ૪૭૯ | ૧૪૦૧ |
| | ચ. કુલ ધાન્ય પાકો | ૧૭૧૯ | ૪૯૩૬ |
| | છ કુલ કઠોળ પાકો | ૧૬૯ | ૫૮૮ |
| | જ. કુલ અનાજ | ૧૮૮૮ | ૫૫૨૪ |
| | ઝ. મગફળી | ૧૨૧૪ | ૨૦૦૫ |
| | ટ. કપાસ (૧૭૦ કિ.ગ્રા.ની હજાર ગાંસડીમાં હજાર ટન) | ૧૩૪૯ | ૨૮૦૨ |
| | ઠ. તમાકુ | ૬૫ | ૨૦૦ |
| ૧૧. | કુલ પશુધન (હજારમાં) | ૧૩૪૫૪ | ૧૯૬૭૨(૧૯૯૨) |
| ૧૨. | ગાય અને ભેંસ (હજારમાં) | ૩૫૪૦ | ૬૯૦૩ (૧૯૯૨) |
| ૧૩. | ઘેટાં અને બકરાં (હજારમાં) | ૫૭૦૯ | ૬૨૬૮ (૧૯૯૨) |
| ૧૪. | કુલ મરઘાં (હજારમાં) | ૨૦૪૮ | ૫૬૫૭ (૧૯૯૨) |
| ૧૫. | ટ્રેક્ટરો (હજારમાં) | ૨૦ | ૬૬ |
| ૧૬. | જંગલ વિસ્તારનું પ્રમાણ (ટકા) | ૮ | ૧૦.૦૨ |
| ૧૭. | એકંદર પાક હેઠળના વિસ્તારની સામે એકંદર સિંચિત વિસ્તાર (ટકા) | ૭ | ૩૦ |
| ૧૮. | ચાલુ કારખાનાં (સંખ્યા) | ૩૮૪૦ | ૧૯૬૭૬ (૧૯૯૬) |
| ૧૯. | સરેરાશ દૈનિક રોજગારી (હજારમાં) | ૩૫૪ | ૮૪૩ (૧૯૯૬) |
| ૨૦. | ઉત્પાદન મૂલ્ય (રૂા. કરોડમાં) | ૨૪૫.૭૯ | ૧૦૨૩.૨૫ |
| ૨૧. | ઉત્પાદન દ્વારા ઉમેરાયેલું ચોખ્ખું મૂલ્ય (રૂા. કરોડમાં) | ૧૨૧.૩૩ | ૧૯૩.૩૦ |
| ૨૨. | ખનીજ ઉત્પાદનનું મૂલ્ય (રૂા. કરોડમાં) | ૨.૭૮ | ૨૮.૩૧(૯૬-૯૭) |
| ૨૩. | વીજળીની સ્થાપિત શક્તિ (મેગાવોટ) | ૩૧૫ | ૮૦૯૩ |
| ૨૪. | વીજળીકરણ કરવામાં આવેલાં ગામો | ૮૨૩ | ૧૭૯૮૭(૯૬-૯૭) |
| ૨૫. | કુલ રાષ્ટ્રીય ધોરી માર્ગો (કિ.મી.) | ૧૦૦૫ | ૧૫૭૦ (૯૪-૯૫) |
| ૨૬. | રાજ્ય ધોરી માર્ગો (કિ.મી.) | ૪૦૨૫ | ૧૯૭૬૧ |
| ૨૭. | રેલવે લંબાઇ (કિ.મી.) | ૪૨૪૧ | ૫૩૨૨ |
| ૨૮. | જોઇન્ટ સ્ટોક કંપનીઓ (સંખ્યા) | ૮૦૬ | ૩૨૫૪૧ (૧૯૯૮) |
| ૨૯. | વાણિજ્ય બેન્કોની સંખ્યા | ૩૨૨ | ૩૭૨૯ (૩૧-૩-૯૯) |
| ૩૦. | વાણિજ્ય બેન્કોની થાપણ(રૂા. કરોડમાં) | ૧૫૦ | ૪૧૫૧૨ |

*સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા*



**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ ભુજ તાલુકાની વસતિ અને મતદારોની સંખ્યામાં ગણનાપાત્ર વધારો થવાથી તાલુકા પંચાયતની બેઠકમાં મોટો — છ બેઠકોનો — વધારો કરીને તેની સંખ્યા ૨૧ માંથી ૨૭ની કરવામાં આવેલ છે. સાથે સાથે જિલ્લા પંચાયતની બેઠકમાં પણ બે બેઠકનો વધારો કરવામાં આવેલ છે.

★ માછીમારોના સર્વાંગી વિકાસ માટે મુંદરા પોર્ટ અને એસ.ઇ.ઝેડ. અદાણી કંપની હસ્તકના અદાણી ફાઉન્ડેશન દ્વારા લુણીના ૩૫૩ માછીમારોને રૂા. ૩૫ લાખના સાધનો ખરીદવાના કૂપનો એનાયત કરવામાં આવ્યા હતા. અને હજી વધુ રૂપિયા ચાર કરોડથી વધારાની સહાય આપવાની જાહેરાત કરી હતી.

★ રાજધાની દિલ્હી ખાતે ત્રીજી ઓક્ટોબરથી શરૂ થયેલ કોમનવેલ્થ ગેમ્સમાં આદિપુરની કુ. રેશમા શંકર કેશવાણી કે જે હાલે દિલ્હી ખાતે અભ્યાસ કરે છે તેમની મહેમાનોની આગતા-સ્વાગતા સમિતિમાં પસંદગી કરવામાં આવેલ છે. આ પસંદગી કોકા-કોલા કંપની તરફથી કરવામાં આવેલ છે. તેમના માતા અહીંની એક ખાનગી શિપિંગ કંપનીમાં ફરજ બજાવે છે.

★ રાપર તાલુકાના માંજુવાસ નજીક ખાણ ખનિજ ખાતાએ લાખો રૂપિયાની ખનિજ ચોરી ઝડપી પાડી છે. આ ચોરીમાં ૭ હજાર મેટ્રિક ટન જેટલી માટીનો જથ્થો પકડી પાડવામાં આવેલ હતો જેની અંદાજિત કિંમત રૂપિયા ૧૮ લાખની થવા જાય છે.

★ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ. કે. મોઢના માર્ગદર્શન હેઠળ 'બેટી વધાવો અભિયાન' હેઠળ સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાયતી ધારા અંતર્ગત જિલ્લા કક્ષાની સલાહકાર સમિતિની કલેક્ટરની હાજરીમાં મળેલી બેઠકમાં કચ્છમાં પુરુષો કરતાં સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. તેમજ કાયદાકીય જોગવાઇ, દીકરા-દીકરીનું ગર્ભ પરીક્ષણ કરનાર સેન્ટરોના તબીબોને દંડ અને સજાની જોગવાઇ અંગે સમજાવ્યું હતું.

★ સંદેશા વ્યવહાર ક્ષેત્રે દિવસો દિવસ થઇ રહેલા અત્યાધુનીકરણનો ફાયદો સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવા થ્રી-જી જેવી સુવિધાઓ ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચાડવા અને તેનો લાભ કિસાનોને મળે અને ખેતીના ઉતારા મળે તેવા આયોજન માટે ૮૦૮ ગ્રામ પંચાયતોમાં ૩૦ કરોડના જંગી ખર્ચે બ્રોડ બેન્ડની સુવિધા શરૂ કરવામાં આવેલ છે.

★ અદાણી કંપની હસ્તકની ૩૩૦૦ મેગાવોટની વીજ યોજનાના ૬૬૦ મેગાવોટના કુલ ૫ કોલસા આધારિત વીજ મથક અંગે લોક સુનાવણી થઇ હતી, તેમાં ભદ્રેશ્વર અને વડાલા વચ્ચે દરિયા કિનારે વસતા લોકોની રોજીરોટી છીનવાઇ જશે તેવું માછીમારોએ જણાવ્યું હતું. વધારામાં આ પ્રોજેક્ટને કારણે પર્યાવરણ પણ જોખમાશે અને અગરિયા અને અગર માલિકો બેકાર બનશે. પરિણામે ૧૪૯૮ પરિવારોને નુકસાન થશે. આ ઉપરાંત પશુધનની ચરિયાણ અને ખેતી નાશ પામશે.

★ કેરાનો વતની અને જન્મથી જ ઢોલ પ્રત્યે આસક્તિ ધરાવતો અકીલ જ્યારે બે વર્ષનો હતો અને ઢોલ વગાડતો ત્યારે લોકો તેને જોઈને અચંબામાં પડી જતા. આ અકીલે આજે તેર વર્ષની ઉંમરે આ કલા એટલી સિદ્ધહસ્ત કરેલ છે કે તેની ઢોલ વગાડવાની આ કલા જોઈને ઘાટકોપર ખાતે યોજાનાર ગરબામાં તે ધૂમ મચાવશે. આ કચ્છી લીટલ વન્ડર માટે સ્પેશિયલ અલગ સ્ટેજ પણ બનાવવામાં આવશે.

★ અકીલ જેવા જ એક કલાકાર એ. વાય. ભટ્ટી કી બોર્ડ ઉપર પોતાની આંગળીનો એવો કસબ પાથરે છે કે એક જમાનાના સંગીતકાર બાબલાએ પોતાના વૃંદના મુખ્ય કી બોર્ડ પ્લેયર તરીકેની જવાબદારી શ્રી ભટ્ટીને સોંપેલ છે. શ્રી ભટ્ટી પોલીફોનિક ઑરકેસ્ટ્રાના ડાયરેક્ટર છે. જૂના નવા ગીતોના વાદન માટે મહારથ ધરાવે છે.

★ ભુજમાં અમદાવાદની રોટરી ક્લબ નોર્થના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર મોહનભાઈ કામથના સહયોગથી ૪૦ જણાને કોણીથી નીચે કપાયેલ હાથવાળાને લાભ અપાયો હતો. અન્ય સુધારા વધારા સાથે હાથની જરૂરિયાતવાળાને અમેરિકાથી કૃત્રિમ હાથ મંગાવીને સારવાર કરવામાં આવશે.

★ માંડવી શહેરના જૈનપુરી હોલમાં દર્શક ઇતિહાસનિધિ આયોજિત ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદમાં દેશ વિદેશના સવાસો જેટલા ઇતિહાસવિદો અને અભ્યાસુઓએ હાજરી આપી હતી. આ પરિષદમાં બ્રિટિશ હાઉસ ઓફ લોર્ડસના સભ્ય ડૉ. ભીખુ પારેખ, પૂર્વ સાંસદ પુષ્પદાન ગઢવી અને મહારાવ પરિવારના પ્રતિનિધિ પ્રાગમલજી ઉપસ્થિત રહ્યા હતા.

★ કચ્છમાં ઓક્ટોબર માસમાં વન્યપ્રાણી સપ્તાહ દરમ્યાન કાળા ડુંગર મુકામે યોજાયેલ નેચર એજ્યુકેશન શિબિરમાં શાળાના બાળકોને કુદરતી સાનિધ્યમાં પાંગરતી જીવસૃષ્ટિનો ખ્યાલ આપવામાં આવ્યો હતો.

★ કચ્છમાં પરચૂરણની અછતથી મધ્યમ વર્ગનો મરો થાય છે. ગાંધીધામ તથા આદિપુર વિસ્તારમાં સામાન્ય ગ્રાહકો બજારમાં ખરીદી કરવા જાય છે ત્યારે વેપારીઓ છૂટા પૈસાની તંગીને કારણે ચોકલેટ, ધાણાદાળ, ગુટકા, શેમ્પુ વગેરે પધરાવી દે છે.

*પરિવારને શ્રદ્ધા અને પ્રેમથી ભરેલો રાખો.*

ત્યારે ગ્રાહકોને પોતાની મજબૂરીથી આવી વસ્તુઓનો સ્વીકાર કરવો પડે છે.

★ રેલવે અંદાજપત્રમાં જાહેર થયેલી ગાંધીધામ જોધપુર ટ્રેનનો તા. ૧૪-૧૦થી આરંભ થયેલ છે. પશ્ચિમ રેલવેના સૂત્રોની માહિતી પ્રમાણે સપ્તાહમાં ત્રણ દિવસ દોડનારી આ ટ્રેન જોધપુરથી રાત્રે ૮.૩૦ વાગે નીકળીને બીજા દિવસે સવારે ૭.૩૦ વાગે ગાંધીધામ પહોંચશે. ગાંધીધામથી સાંજે ૭.૧૫ વાગે નીકળીને જોધપુર વહેલી સવારે ૫.૩૦ વાગે પહોંચશે.

★ ૨૦૧૩માં થનારી સામાન્ય ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને થોડા સમય પહેલાં જ પોતાનો રાજકીય પક્ષ સ્થાપનાર મુશર્રફે કહ્યું હતું કે પહેલાં કાશ્મીરને ધ્યાનમાં લીધા સિવાય બંનેના નૌકાદળ દ્વારા ૨૦૦૭માં હાથ ધરાયેલા સર્વેક્ષણના આધારે ૯૬ કિ.મી. વિસ્તારની કચ્છના રણ દરિયા વિસ્તારને જોડતી પટ્ટી સિરક્રીક વિવાદનો ઉકેલ લાવી શકાય છે.

★ નાની વીરાણી કચ્છના શક્તિપીઠ માતાના મઢ ખાતે પ્રથમ નોરતું પૂર્ણ થતાંની સાથે છેલ્લા બે દિવસમાં દોઢ લાખ યાત્રાળુઓએ દર્શન કર્યા હતા. ઘટ સ્થાપનના જ દિવસે.

★ કચ્છ જિલ્લાના ટ્રાન્સપોર્ટ વ્યવસાય માટે કરોડરજ્જુ સાબિત થયેલાં લિગ્નાઈટ પરિવહન વ્યવસાય અંતર્ગત સૌને સમાન અને પૂરતો ધંધો મળી રહે તે માટે કચ્છ જિલ્લા ટ્રક એસોસિએશન દ્વારા શરૂ કરાયેલી ટ્રો પદ્ધતિને કારણે કમિશનના રૂપમાં કચ્છના ટ્રક માલિકોના કચ્છ બહાર ઉસેડાઈ જતાં રૂપિયા પર રોક લગાવી છે અને આ બે વર્ષના ગાળા દરમ્યાન રૂપિયા એક અબજથી વધુની રકમ જિલ્લાના ટ્રક માલિકોની બની છે. જે અત્યાર સુધીના ઈતિહાસમાં વિક્રમરૂપ છે.

★ દેશની સ્વાધીનતા માટે વિદેશની ધરતી પર રહી, ભારતમાં ચેતનાની જ્યોત ઝળહળતી રાખતાં ફના થઈ ગયેલા ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્માની ૧૫૪મી જન્મ જયંતીએ તેમના અસ્થિ ઘડાને પુષ્પાંજલિ અપાઈ હતી. અનંતભાઈ દવે, નરેન્દ્ર પીઠડિયા, જયકુમાર સંઘવી, રસિકભાઈ દોશી વગેરે હાજર રહ્યા હતા. જ્યારે ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટના નેજા હેઠળ સ્મરણાંજલિ કાર્યક્રમમાં વાસણભાઈ આહીર, જયંતીભાઈ ભાનુશાલી, પુષ્પદાન ગઢવી, તારાચંદ છેડા, શંકરભાઈ સચદે વગેરેએ ક્રાંતિવીરની પ્રતિમાને પુષ્પાંજલિ આપી હતી.

★ છેવાડાના ગામડાંઓમાં મોબાઈલ સેવા કાર્યરત કરવા માટેના મોબાઈલ ટાવરને વીજળી આપૂર્તિ કરાવવાની દિશામાં આવતી સમસ્યાના ઉકેલ માટે મોબાઈલ ટાવરની જગ્યાએ જ સૌર તથા પવન ઊર્જાના માધ્યમથી વીજળી મેળવવાની દેશવ્યાપી કવાયતમાં મોટા રતાડિયા ગામની પસંદગી કરવામાં આવી છે. આના માટે ભારતીય સંચાર નિગમ લિ. રૂપિયા બત્રીસ લાખના ખર્ચે પ્રોજેક્ટ સ્થાપશે.

★ કંડલા પોર્ટ ટ્રસ્ટના વર્તુળોએ આપેલી માહિતી પ્રમાણે તુણાની ચાર ટી શેઈપ જેટીની યોજના સાકાર થતા તુણાનો જબરદસ્ત વિકાસ — કંડલા બંદર જેટલો જ થશે. તેના માટે ૧૨૦૦ કરોડની યોજના મંજૂર કરવામાં આવેલ છે.

★ ભારત ઉપરાંત આઠ દેશોમાંથી ૨૮ જેટલા વિદેશીઓ સહિતના ૧૫૦ જેટલા પ્રતિનિધિઓએ માંડવી ખાતે કચ્છી દેશી વહાણવટાના પાઠ વરિષ્ઠ સાગરખેડૂઓ અને ખારવાઓ પાસેથી શીખ્યા હતા. આ તજજ્ઞો દેશી સાગર ખેડૂના અમૂલ્ય વારસાથી પ્રભાવિત થયા હતા. વિશ્વભરમાં પંકાયેલા તજજ્ઞોને સાગર સાહસ માટેની કોઠાસૂઝ વહાણ બાંધકામની કળા, દેશી સાધનો, વાતાવરણ અને આકાશી તારામંડળને વાંચવાની કળા કૌશલ્યની માહિતી નિર્દેશન સાથે અપાઈ હતી.

★ કચ્છમાં ભારે વરસાદને કારણે રસ્તાઓમાં આવતી પાપડીઓમાં જોશભેર પાણી વહેતાં અનેક સ્થળે અવરોધ સર્જાય છે ત્યારે આવા સંજોગોમાં પૂલ હોવા જરૂરી હોવાથી રાજ્ય કક્ષાની ટુકડીએ આજે કચ્છ આવીને મોજણી શરૂ કરી છે.

★ માંડવીના રમણીય વિન્ડ ફાર્મના દરિયા કિનારે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. દરિયાના ઉછળતાં મોજાઓની સૌથી નજીક ઉજવાતા નોરતાનું આયોજન 'આપણી નવરાત્રિ' ગ્રૂપે કરેલ હતું. આ પર્વમાં ૧૫ પ્રાથમિક શાળાઓ, ૮ માધ્યમિક શાળાઓ ઉપરાંત ૭ જેટલા મહિલા મંડળોએ ભાગ લીધેલ. આ મહોત્સવની વિશિષ્ટતા એ રહેલી હતી કે કોઈપણ જાતના પ્રવેશ પાસ વગર, વી.આઈ.પી.ની બેઠક વ્યવસ્થા વગર મનોહર પર્યાવરણમાં આ ઉત્સવ રંગેચંગે ઉજવાઈ ગયો. ભાગ લેનારા વચ્ચે રૂા. ૫૧ હજારના ઈનામોની વહેંચણી કરવામાં આવી હતી.

★ મુક્તજીવન મહિલા કૉલેજ ખાતે સ્વર્ણિમ ગુજરાત વાંચે ગુજરાત અભિયાન અન્વયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાદપૂર્તિ, શીઘ્ર વક્તૃત્વ, નિબંધ લેખન, કાવ્ય લેખન, કાવ્ય પઠન, લગ્નગીત, દોહા, છંદ વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

★ ભુજમાં સુધરાઈની ચૂંટણીમાં ૪૨ બેઠકો માટે ૯૦ ઉમેદવારો મેદાનમાં છે. વોર્ડ નં.-૧૦માં કોંગ્રેસના પલ્લવીબહેનનું ફોર્મ રદ થતાં હેમલતાબહેન બિનહરીફ ચૂંટાઈ આવેલ છે.

★ આદિપુર, કે જેને સિંધીઓ - નયે સિંધુ તરીકે ઓળખીને પાંચમું

તીર્થ સ્થળ માને છે તે આદિપુરમાં રાષ્ટ્રીય સિંધી ભાષા પરિષદ અને તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજના સિંધી વિભાગ દ્વારા માતૃભાષા સિંધી પ્રત્યે ગૌરવનો અહેસાસ કરાવવા આ સંમેલન યોજવામાં આવ્યું છે.

★ આદિપુરની ભાગોળે આવેલી ગોકુલ સોલ્વન્ટ રિફાઈનરીમાંથી ૩થી ૪ કરોડના તેલની ચોરી, વિશ્વાસઘાત કરનાર રમેશજી હરચંદજી ઠાકોરની પૂર્વ કચ્છ એલ.સી.બી.એ અટક કરી હતી.

★ આરોગ્ય ક્ષેત્રે કાર્યરત અહીંની તાઈ ફાઉન્ડેશન સંસ્થા અને સર્વસેવા સંઘ ભુજની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી આ બંને સંસ્થાને વિરાયતન વિદ્યાપીઠની પ્રેરણાથી પૂનાના ફિરોદિયા ટ્રસ્ટ તરફથી મોબાઈલ આઈ.સી.યુ. એમ્બ્યુલન્સની લોકાર્પણ વિધિનો સમારોહ યોજવામાં આવેલ હતો.

★ નવરાત્રિના સમય દરમ્યાન પદયાત્રીઓ દ્વારા અને સેવા કેમ્પો દ્વારા થતા કચરામાંથી ખાતર બનાવવાનું કાર્ય કચ્છની વિવિધ સંસ્થાઓ અને વન વિભાગ દ્વારા અભિયાન આરંભાયું હતું.

★ છેલ્લા કેટલાયે સમયથી રાપર શહેરમાં ટ્રાફિકની સમસ્યા વકરતા શહેરીજનોનો આક્રોશ પોલીસ તંત્ર ઉપર ઠલવાયો હતો અને તે બાબતે પગલાં ભરવા જણાવાયું હતું.

★ ચોમાસા દરમ્યાન વાગડમાં થયેલા સારા વરસાદથી ઉગી નીકળેલા વન્ય ફળો વેચી શ્રમજીવી વર્ગ રોજગારી મેળવી શકેલ છે.

★ ગાંધીધામના ટ્રાન્સપોર્ટ નગરમાંથી નવરાત્રીના દિવસો દરમ્યાન ટ્રાન્સપોર્ટ નગરની કચેરીમાંથી કચેરીના ચોકીદારે રૂા. ૩.૭૫ લાખની ચોરી કરતાં દોડધામ મચી પડેલ. પૂર્વ કચ્છ પોલીસ જિલ્લો બન્યા બાદ આ શહેરમાં મોટી રકમની તસ્કરીનો આ પહેલો બનાવ છે.

★ તાજેતરમાં ગાંધીધામ રેલવે સ્ટેશનની ટિકિટબારી સમયસર ન ખૂલતાં, આસામ તરફ જતી કામખ્યા એક્સપ્રેસ ટ્રેનના અનેક પ્રવાસીઓ ટ્રેન ચૂકી જવાથી બબાલ ઊભી થયેલ. જેના પ્રતિઘોષમાં સ્ટેશનના અધિકારીઓએ જણાવેલ કે પ્રવાસીઓ સમયસર ન આવતાં તેમને મુશ્કેલી પડેલ છે.

★ નલિયા પોલીસે બાતમીના આધારે નલિયાના છેડા ફળિયામાંથી દારૂ તથા બિયરનો જથ્થો પકડી પાડેલ.

★ સરહદી ક્ષેત્રના નલિયા - અબડાસામાં સ્થાનિક સ્વરાજની તાલુકા અને પંચાયતોની ચૂંટણીમાં ભાજપે અબડાસા સર કરવા લઘુમતીઓને રીઝવી તેમને ટિકિટ ફાળવેલ છે. જ્યારે કોંગ્રેસ પક્ષમાં ટિકિટ ફાળવણીનો અસંતોષ વ્યાપે છે.

★ નવરાત્રીની અષ્ટમીએ માતાના મઢ ખાતે આઈ આશાપુરા ખાતે યોજાતા હવનમાં પતરીની પરંપરા વિધિ જે કચ્છના મહારાઓશ્રી તરફથી કરવામાં આવે છે તેના શ્રીગણેશ અનેક વિવાદ વચ્ચે મહારાવશ્રી પ્રાગમલ ત્રીજાએ પરંપરા અનુસાર ભુજ દરબારગઢ ખાતેથી કુળદેવીને ચામર ઢાળવા, પહેલા નોરતે ભુજથી પગપાળા યાત્રાનો આરંભ કરેલ. જેથી આઠમા નોરતાના દિવસે પતરીની વિધિ થવા પામેલ.

★ ગાંધીધામ રેલવે કોલોનીના રહેવાસીઓને પીવાના પાણી ગટરના પાણીયુક્ત મળતા અને પ્રશ્નનો નીવેડો ન આવતા રેલવે મજદૂર સંગઠન સંઘ ભૂખ હડતાલ ઉપર ઉતરતાં દોડધામ મચી પડેલ.

★ જી.સી.આર.ટી. ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના રમતગમતમાં વિજેતા હરીફો ઝોન કક્ષાએ રમવા જશે.

★ કચ્છમાં તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતોની થનાર ચૂંટણીઓનો માહોલ જામેલ છે. મતદારો પણ પોતાનું મન કળાવા નથી દેતા. *(તા. ૨૦-૧૦-૧૦નો અહેવાલ)*

★ કચ્છમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ, એ બાળકોમાં સાવચેતી અંગે રહેતી સૂઝબૂઝને પીંછી વડે કંડારવા આપેલ નિમંત્રણને પ્રાથમિક શિક્ષણના ૭૪ ભૂલકાંઓએ ફટાકડા ફોડવાની સાથે પર્યાવરણ બચાવવાનો ચિત્રો દ્વારા સુંદર પ્રયોગ કરેલ. નિયામક તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી ડિઝાસ્ટર નાયબ મામલતદાર વગેરે અધિકારીઓ હાજર રહેલ હતા.

★ પાવરપટ્ટીના ડુંગરાળ વિસ્તારમાં આવેલ મેડીસર - નિરોણા ડામર માર્ગનું ચાલુ વર્ષે પડેલ ધોધમાર વરસાદમાં ધોવાણ થતાં, પંથકના લોકો ખૂબ જ મુશ્કેલીમાં મૂકાયા છે અને તે બાબતની ફરિયાદ કરતાં તંત્ર મૌન બેસી રહેલ છે.

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રક્ષા પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*

# મેડિકલ કેમ્પની ફોટોગ્રાફિક ઝલક



કેમ્પ વિશે માહિતી આપતા મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ.
ડાયસ પર બેઠેલા ડાબેથી ડો. હેમાક્ષી અંબાણી, સહ કન્વીનર શ્રી કાંતિભાઈ સાવલા,
મેડિકલ કન્વીનર ડો. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. દેવીન્દ્રાબહેન શાહ



કેમ્પમાં આવેલા ડોક્ટરોનો પરિચય આપતા મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. દેવીન્દ્રાબહેન શાહ.
ડાયસ પર બેઠેલા ડાબેથી ડો. હસમુખ નગવાડિયા,
ડો. દિલીપ પેથાણી, ડો. મિલન શેઠ તથા ડો. રૂપેશ મોદી.



ડો. હેમાક્ષી અંબાણીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતા
મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. દેવીન્દ્રાબહેન શાહ.



ડાબેથી પ્રથમ હરોળમાં બેઠેલ
ડો. રાજેશ પરીખ, ડો. દિલીપ પેથાણી તથા ડો. મિલન શેઠ
તથા ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશનમાં આવેલા શ્રોતાગણ.



ઓર્થોપેડિક કેમ્પમાં હાજરી આપનાર
ડાબેથી ટ્રસ્ટી શ્રી મણિલાલ ગોસર, ખજાનચી શ્રી કે.ડી. શાહ
તથા ડો. રૂપેશ મોદી અને ડો. હેમાંગ અંબાણી.



ડો. દિલીપ પેથાણીનું પુષ્પગુચ્છથી બહુમાન કરતા
મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. દેવીન્દ્રાબહેન શાહ

# નવરાત્રી - રાસ ગરબાનો કાર્યક્રમ



ગરબે ઘુમતી સમાજની બાળાઓ



કોણ કહે છે, અમે શેરી ગરબા ભૂલી ગયા છીએ?



કાર્યક્રમની મોજ માણતા સમાજના વડીલો



યુવા વિકાસ સમિતિ
અને
ઇતર ડેવલપમેન્ટ સમિતિના
આગામી કાર્યક્રમની
જાહેરાત કરતા કાર્યકરો



આનલ કમલેશભાઈ શાહને
ઈનામ અર્પણ કરતા
શ્રી કાંતિલાલ વેલજી સાવલા




જિજ્ઞેશ શાહને ઈનામ આપતા
શ્રી કાંતિલાલ વેલજી સાવલા



તૃષા શાહને ઈનામ આપતા
શ્રી કાંતિલાલ વેલજી સાવલા



કાર્યક્રમ બાદ
નાસ્તાની મોજ માણતા સમાજના સભ્યો




## સરનામા ફેરફાર

- **ભવાનજી રવજી નાગડા**
  ૩૦૫, નવનીત ભવન, બ્લોક-સી,
  આણંદજી કલ્યાણજી જૈન નગર,
  બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
- **હરેશ લાલજી ગંગર**
  એમ/૨/૨૨, લકી એપાર્ટમેન્ટ,
  શાસ્ત્રીનગર સરકારી વસાહતની બાજુમાં, અમદાવાદ.
- **કાંતિલાલ રતિલાલ દોશી**
  બી-૫, કૃપાસાગર સોસાયટી, નારાયણ નગર રોડ,
  શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : ૨૬૬૦૮૨૮૪

## અવસાન નોંધ

- **નાનાલાલ પ્રેમચંદ કોરડિયા (ફતેહગઢ - આણંદ)** (ઉં.વ. ૮૩) નું ગુરુવાર, તા. ૩૦-૯-૨૦૧૦ના રોજ આણંદ મધ્યે દુ:ખદ અવસાન થયેલ છે.
- **રતિલાલ કલ્યાણજી હીરજી શાહ (મોતા) (નાગલપુર - અમદાવાદ)** (ઉં.વ. ૭૧) નું બુધવાર, તા. ૧૩-૧૦-૨૦૧૦ના રોજ અમદાવાદ મધ્યે દુ:ખદ અવસાન થયેલ છે.

*સ્વર્ગસ્થ આત્માઓને શ્રદ્ધાંજલિ.*

## વયસ્ક સમિતિ – પ્રવાસ આયોજન

વયસ્ક સમિતિ દ્વારા સમાજની વયસ્ક વ્યક્તિઓ માટે મંગળવાર તા. ૩૦ નવેમ્બર, ૨૦૧૦ના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે રૂા. ૧૫૦/- (રૂપિયા એકસો પચાસ પૂરા) રાખવામાં આવેલ છે. આ બાબતે જે વયસ્ક વ્યક્તિ આ પ્રવાસમાં જોડાવાની ઈચ્છા ધરાવતા હોય તેમણે પોતાનાં નામ અને રૂપિયા તથા પોતાના સંપર્ક ટેલિફોન / મોબાઇલ નંબર સમાજની ઓફિસે નોંધાવવા. જેથી સ્થળની તેમજ પ્રવાસના સમયની વિગત નક્કી થયે જાણ કરી શકાય. તેમજ આ બાબતે વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧) ઉપર સંપર્ક કરવા વિનંતી. આપના નામો તા. ૨૦-૧૧-૨૦૧૦ સુધી નોંધાવી જવા વિનંતી. જેથી યોગ્ય વ્યવસ્થા થઇ શકે.

તદ્ઉપરાંત તા. ૪ થી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજે ત્રિ-દિવસીય શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ મધ્યપ્રદેશ તેમજ ઉજ્જૈન, માંડવગઢ, મોહનખેડા, ભોપાવર, અમીઝરા પાર્શ્વનાથ તેમજ ૐકાર તીર્થ ઇંદોર વગેરે સ્થળે એક યાત્રા પ્રવાસ વયસ્કો માટે ગોઠવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે પ્રવાસની કિંમત રૂા. ૧૫૦૦/- રાખવામાં આવેલ છે. આ માટે અમદાવાદ-ઇંદોર-અમદાવાદ ટ્રેનમાં ૩ ટાયર એ.સી. કોચ દ્વારા પ્રોગ્રામ ગોઠવવામાં આવેલ છે.

જે વયસ્કોને આ પ્રવાસમાં જોડાવાની ઇચ્છા હોય તેમણે પોતાનાં નામો સ્ત્રી હોય કે પુરુષ, ઉંમરના દાખલા સાથે સમાજની ઓફિસે અથવા શ્રી રજનીકાંત પારેખ પાસે નોંધાવી જવા. જેથી સમયસર ટ્રેઇનની આવવા જવાની ટિકિટ કઢાવવામાં સરળતા રહે. ઇન્દોરથી ઇન્દોરનો યાત્રા પ્રવાસ બસ દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ ત્રણ દિવસ પછી ઇંદોરથી અમદાવાદ ટ્રેઇન દ્વારા પરત આવવાનું રહેશે.

વધુ વિગત મેળવવા વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત ધરમશી પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સંપર્ક કરવા વિનંતી.

ઉપરોક્ત બન્ને પ્રોગ્રામમાં સમય અને સંજોગોના આધારે ફેરફાર થઇ શકશે.

***કન્વીનરશ્રી - વયસ્ક સમિતિ***

## લીલાવતી નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

### આગામી કાર્યક્રમો

તા. ૨૭-૧૧-૨૦૧૦ને શનિવારે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બપોરે ૩ વાગે લીલાવતી નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિના દાતા શ્રીમતી લીલાવતીબહેન હરિયાની ચોથી પુણ્યતિથિ નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથના નામવાળી હાઉસી તેમજ પાર્શ્વનાથ ભગવાનના જીવન ચરિત્ર પર પ્રશ્નોત્તરી કરવામાં આવશે. પ્રોગ્રામમાં આવનાર બધી બહેનોને આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ પ્રોગ્રામમાં શ્રી કચ્છી જૈન સમાજની અમદાવાદ - ગાંધીનગર રહેતી બધી બહેનો ભાગ લઈ શકશે. આ પ્રોગ્રામ માટે કોઈ ફી કે ચાર્જ નથી. બહોળી સંખ્યામાં બહેનો ભાગ લે તેવી વિનંતી.

★ તા. ૧૮-૧૨-૨૦૧૦ ને શનિવારે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બપોરે ૩ વાગે વન મિનિટ્ ગેમ્સ તેમજ બીજી અવનવી ગેમ અને હાઉસી રમાડવામાં આવશે. આ પ્રોગ્રામમાં અમદાવાદ - ગાંધીનગર રહેતી બહેનો ભાગ લઈ શકશે. આ પ્રોગ્રામ માટે કોઈ ફી કે ચાર્જ નથી.

***વસુમતી પી. હરિયા***
***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

**આ અંકનું સૌજન્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - ગાંધીનગર) તરફથી સાંપડેલ છે.**

# તબીબી સેવા સમિતિ

## તા. ૧૯-૯-૨૦૧૦ના કેમ્પનો રિપોર્ટ

તા. ૧૯-૯-૧૦ને રવિવારના રોજ રોગોથી શરીરમાં થતા દુઃખાવા, તેના કારણો અને તેની સારવાર અંગેના કેમ્પનું આયોજન કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત તબીબી સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. દેવીન્દ્રાબહેન શાહે કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી. ત્યારબાદ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, મેડિકલ કન્વીનર શ્રી કાંતિભાઈ સાવલા તથા મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે કચ્છી જૈન સેવા સમાજની ૧૨ વર્ષથી ચાલતા મેડિકલ સેન્ટરની સેવાકીય પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ ડૉ. દેવીન્દ્રાબહેન શાહે બધા ડૉક્ટરોનો સંક્ષિપ્ત પરિચય આપી પુષ્પથી સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં પેઈન ક્લિનિક ચલાવતા નિષ્ણાત ડૉ. હેમાક્ષીબહેન અંબાણી, કેન્સર સર્જન ડૉ. રૂપેશ મોદી અને હાડકાંના નિષ્ણાત ડૉક્ટરોમાં ડૉ. મિલન શેઠ, ડૉ. રાજેશ પરીખ, ડૉ. હસમુખભાઈ નાગવડિયા અને ડૉ. દિલીપ પેથાણી વગેરેએ સક્રિય ભાગ લીધો હતો.

ત્યારબાદ બધા નિષ્ણાત ડૉક્ટરોએ અસહ્ય દુઃખાવાના કારણો, તેને અટકાવવાના ઉપાયો જેમકે કેન્સરનું સમયસર વહેલું નિદાન, શરીરનું વધતું વજન, કસરત વગેરે અંગે આ બધા રોગોની / દુઃખાવાની આધુનિક સારવાર ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા ખૂબ જ સરળ ભાષામાં માહિતી અને માર્ગદર્શન આપ્યા હતા.

આ કેમ્પમાં સાથે સાથે બોનમેરો ડેન્સિટી મશીનથી હાડકાંની ઘનિષ્ટતા / નબળાઈ (કેલ્શિયમની ખામી) નિઃશુલ્ક માપી આપવામાં આવી હતી.

આ કેમ્પમાં કુલ ૧૬૧ દર્દીઓએ નોંધણી કરાવી હોવા છતાં અન્ય દર્દીઓ મળી કુલ ૧૮૬ દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૫૪ દર્દીઓએ બોન મેરો ડેન્સિટી ટેસ્ટ કરાવ્યો હતો. જે દર્દીઓ કેમ્પમાં બતાવી ન શક્યા હોય તેમને અઠવાડિયા સુધી ડૉક્ટરો દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેમ્પ ૯.૩૦ વાગે શરૂ કરવામાં આવ્યો હતો અને બપોરે ૨.૩૦ કલાકે પૂરો થયો હતો.

*કન્વીનર, તબીબી સેવા સમિતિ*

*ફ્રાન્સમાં બુરખો પહેરીને નીકળનારને ૧૫૦ યુરો દંડ થાય અને કોઈ વ્યક્તિ બુરખો પહેરવાની ફરજ પાડે તેને એક વર્ષની જેલ તથા ૩૦૦૦૦ યુરો દંડની દરખાસ્ત છે. ઈટાલીમાં જાહેરમાં બુરખો પહેરીને નીકળેલ એક સ્ત્રીને ૫૦૦ યુરોનો દંડ કરવામાં આવેલ છે. સ્પેનમાં પણ બુરખા વિરુદ્ધ કાયદો કરવાની તૈયારી ચાલે છે. ઉપરાંત બેલ્જિયમ અને નેધરલેન્ડમાં પણ બુરખા વિરુદ્ધ કાયદો કરવાની ચર્ચા ચાલે છે.*

# યુવા વિકાસ સમિતિ

## નવરાત્રી મહોત્સવ તેમજ

## શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈ

**શનિવાર, તા. ૯-૧૦-૨૦૧૦**

દિવસભરની ચહલપહલ બાદ દરરોજ, તો શ્રી કચ્છી જૈન સેવા સમાજનું પાલડી ભવન રાત્રે પ્રમાણમાં થોડું શાંત (ઓછી ચહલપહલ) થઈ જાય છે પરંતુ આજે તો રાત્રે પણ કાંઇ ચહલપહલ વિશેષ લાગતી હતી. ધીમે ધીમે સમાજના યુવાનો - યુવતીઓ - બાળકો અને વડીલો અવનવા ને સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને ભવનના પટાંગણમાં હાજર થતા ગયા ને તેમની હાજરી જ અહીંયાં કોઈ ઉત્સવ ઉજવવાનો હોય તેવી પ્રતીતિ કરાવતી હતી. ને હેતુ પણ કાંઈક એવો. આજે અહીં નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. એટલે નાના મોટા સૌ સભ્ય એમાં ભાગ લેવા ઉપસ્થિત રહેલ હતા.

ધીમે ધીમે સંગીતના તાલે ને ગાયકોના મીઠા અવાજના સથવારે ખેલૈયાઓ ગરબાના રંગમાં રંગાવા લાગ્યા. નાના-મોટા સૌ મન મૂકીને ગરબા રમ્યા. એક તાળી, બે તાળી, ત્રણ તાળી, હીંચ, સનેડો ને અવનવી સ્ટાઈલથી સૌએ પોતાની રજૂઆત કરી, ગરબા ઉત્સવનો આનંદ માણ્યો. લગભગ ૪૦૦ જેટલા જ્ઞાતિજનોએ હાજર થઈ નવરાત્રિ મહોત્સવનો આનંદ માણ્યો.

સૂર અને તાલની રંગત જમાવી – બ્લાઈન્ડ એસોસિએશન દ્વારા સંચાલિત જીનિયસ ઑરકેસ્ટ્રાના કલાકારોએ, તો તેમની સાથે લય મેળવીને મસ્ત થઈને ગરબા રમ્યા સૌ જ્ઞાતિજનો. સમાજના વડીલોએ પણ હાજરી આપી સૌનો ઉત્સાહ વધારેલ. શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈનું આયોજન આજના આ નવરાત્રિ મહોત્સવ દરમ્યાન કરવામાં આવેલ કે જેમાં નિર્ણાયક તરીકે શ્રીમતી મીનાક્ષીબહેન ઠાકર અને જૂઈ પરમાર ઉપસ્થિત રહેલ.

યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા બદલ અમોને સાથ સહકાર આપનાર સર્વેનો અમો આભાર માનીએ છીએ. શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈના વિજેતાઓને શ્રી કાંતિલાલ વેલજી સાવલાના હસ્તે શિલ્ડ તેમજ રોકડ ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

આ રહ્યા એ વિજેતાઓના નામ.

| | Male | Female |
|---|---|---|
| **ગ્રૂપ-એ (૧૨ વર્ષ સુધી)** | | |
| ડ્રેસ | હેત મૂલચંદ મારુ | ધ્રુવા નીતિનભાઈ શાહ |
| પરફોર્મન્સ | જૈનમ જે. શાહ | ઈશા હિતેશ મોમાયા |
| **ગ્રૂપ-બી (૧૩થી ૨૫ વર્ષ)** | | |
| ડ્રેસ | પારસ કિશોર વીરા | આનલ કમલેશ શાહ |
| પરફોર્મન્સ | પીયૂષ હીરજી સાવલા | મૌલી એસ. વોરા |

*કર્મને જોડવું તે કર્મયોગ, કર્મના ફળને ઈશ્વરને અર્પણ કરવા તે રાજયોગ.*

**ગ્રૂપ-સી (૨૬થી ૫૦ વર્ષ)**

| | | |
|---|---|---|
| ડ્રેસ | જિજ્ઞેશ શાહ | ઉર્વશી મનીષ સાવલા |
| પરફોર્મન્સ | ભરત રાંભિયા | ધારા નાગડા |

**ગ્રૂપ-ડી (૫૧ વર્ષથી ઉપર)**

*કોઈ પણ વિજેતા બની શકેલ નહીં.*

**Male Dress & Performance**

પ્રથમ : ઉપેન શાહ (શિલ્ડ)

દ્વિતીય: વિશ્વરાજ ભરત ખોના (શિલ્ડ)

**Female Dress & Performance**

પ્રથમ : ઉષા શાહ (શિલ્ડ)

દ્વિતીય : પ્રફુલા પંકજભાઈ ગોગરી (શિલ્ડ)

**Person of the Day (Man of the Match)**

- તૃષા શાહ (શિલ્ડ)

સર્વે વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન. ઈનામ વિતરણ બાદ સૌએ પાંઉભાજીનો સ્વાદ માણીને મસાલેદાર ચા અને કોફીની લિજ્જત માણેલ. તા. ૨૨-૧૦-૨૦૧૦ના શરદ પૂનમોત્સવના કાર્યક્રમમાં જરૂરથી આવશું એવું મિત્રોને વચન આપી સૌ છૂટા પડ્યા.

# યુવા વિકાસ સમિતિ

## યોજે છે....

**(૧) શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઈ : ૨૦૧૦-૧૧**

આ કાવ્ય હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "કાવ્ય હરીફાઈની કૃતિ" એવું લખવું.

**(૨) શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈ : ૨૦૧૦-૧૧**

આ વાર્તા હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં, પાનાની એક સાઈડ પર સુંદર અને સુવાચ્ય અક્ષરોમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "વાર્તા હરીફાઈ માટેની કૃતિ" એવું લખવું.

- **ઉપરોક્ત બંને હરીફાઈઓ માટેના નિયમો :**

૧. સ્પર્ધકે પોતાનું નામ / સરનામું / ઉંમર / ફોન નંબર અવશ્ય સારા અક્ષરોમાં લખવું.

૨. બંને હરીફાઈની કૃતિઓ અલગ અલગ કવરમાં મોકલવી.

૩. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

૪. સ્પર્ધામાં વિજેતા કૃતિઓને 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવામાં આવશે.

૫. કવર ઉપર :

કન્વીનરશ્રી - યુવા વિકાસ સમિતિ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ
શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ – લખવું.

૬. આ હરીફાઈમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વસતા શ્રી કચ્છી જૈન પરિવારના સભ્યો જ ભાગ લઈ શકશે.

૭. આ હરીફાઈઓમાં ૧૫ વર્ષ સુધીના અને ૧૬ વર્ષથી વધુ ઉંમરના એમ બે ગ્રૂપ પાડવામાં આવશે.

*થોડા સમય પહેલાં જ દ. આફ્રિકામાં ફૂટબોલનો વિશ્વકપ યોજાઈ ગયો. આ રમતોના કારણે ત્યાં ૨૦૦૦૦થી વધુ મકાનો/ઝૂપડાં તોડી પાડવામાં આવ્યા. ઉપરાંત ૭૦૦૦૦ મજૂરોને નિયમ કરતાં ઓછા પગાર અપાયા અને તેની હડતાલો પડી, દેખાવો થયા, વિરોધ થયો. પણ પરિણામ શૂન્ય.*

*ખ્યાતે કે પ્રશંસા પામવાની ઈચ્છાથી કરેલી નેકીઓ વંટોળિયાના પ્રવાહમાં તણાઈ જશે. ખુદાને ત્યાં આવી નેકીઓનો કોઈ જ બદલો નથી.*

# યુવા વિકાસ સમિતિ

## બુક બેંક યોજના

બેંક એટલે આપણા આર્થિક વ્યવહારોને સુગમતા બક્ષતી એક સંસ્થા કે જેના વિવિધ પ્રકારના કાર્યોથી આપ સૌ સુવિદિત છો જ. બેંક આપણને લોન આપે છે, આપણી બચતો ઉપર વ્યાજ આપે છે, આપણને સુરક્ષિત લોકરની સુવિધા આપે છે, આપણા નાણાકીય વ્યવહારોને સુરક્ષિત અને સુગમ બનાવે છે. **જરા વિચારો! આપણે જેને મહાદાન તરીકે માનીએ છીએ એવા અક્ષરદાન, જ્ઞાનદાનનો લાભ આપને આવી કોઈ બેંક દ્વારા પ્રાપ્ત થાય તો આપ તેનો લાભ લો કે નહીં?** અગર તમારો જવાબ 'હા' છે તો જ આગળ વાંચજો, અન્યથા વાંચવા પાછળ આપનો અમૂલ્ય સમય વેડફતા નહિ.

અક્ષર દાન / જ્ઞાન દાનનો લાભ કરાવતી, લાભ આપતી બેંક એટલે બુક બેંક.

આપ સૌ જ્ઞાતિજનોના સાથ સહકારથી યુવા વિકાસ સમિતિ બુક બેંક યોજના શરૂ કરવા જઈ રહી છે. આપની પાસે રહેલા શૈક્ષણિક પુસ્તકોનો સદુપયોગ થાય એવા ઉમદા હેતુથી અમે આપની સમક્ષ ઉપરોક્ત યોજના લઈને આવ્યા છીએ. **બહુ સાદી ને સરળ ભાષામાં વાત કરીએ તો આપ આપના બાળકના શૈક્ષણિક પુસ્તકો વર્ષાંતે અમારી પાસે જમા કરાવો અને આપને જોઈતા આગામી વર્ષના પુસ્તકો અમારી પાસેથી મેળવો.** તમારે સત્વરે તમારું નામ, બાળકનું નામ, હાલનું ધોરણ, માધ્યમ (અંગ્રેજી / ગુજરાતી), (સી.બી.એસ.ઈ. બોર્ડ કે ગુજરાત બોર્ડ વગેરે) વિગતવાર વિદ્યાર્થી દીઠ અલગ અલગ આપના સરનામા / ફોન નંબર સાથે લખીને મોકલાવવાનું રહેશે. જેથી આપની પાસેથી કયા ધોરણના પુસ્તકો અમોને પ્રાપ્ત થવાના છે અને આપને કયા ધોરણના પુસ્તકો જોઈશે તેની અમોને જાણ રહે અને તે માટે યોગ્ય વ્યવસ્થા અમો કરી શકીએ.

આ સાથે સમાજના સર્વે સભ્યોને અપીલ કરીએ છીએ કે હજી તો શૈક્ષણિક વર્ષ પૂરું થવાની વાર છે. લખીશું, જણાવીશું, શું ઉતાવળ છે વગેરે પ્રકારની આળસને ત્યજીને આપની જરૂરિયાત અને આપના તરફથી પ્રાપ્ત થનાર સહયોગ (પુસ્તકો સ્વરૂપે) અમોને સત્વરે લખી મોકલાવશોજી.

**વિગત મોકલવાનું સરનામું :**

વિમેશ જી. શાહ<br>(યુવા વિકાસ સમિતિ)<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ<br>શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

**વધારે માહિતી માટે સંપર્ક :**

શ્રી વિમેશ શાહ (મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭) (રાત્રે ૮ થી સવારે ૮)

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

# યુવા વિકાસ સમિતિ

**આયોજિત**

## નોટબુક તથા ચોપડા વિતરણ કાર્યક્રમ (વર્ષ ૨૦૧૦-૨૦૧૧)

બુક બેંક યોજનાની વિગતો સહુએ મંગલ મંદિરના ઓક્ટોબર-૨૦૧૦ના અંકમાં વાંચેલ હશે. ચાલુ અંકમાં પણ આ અંગેની વિગતો અન્યત્ર આપવામાં આવેલ છે.

યુવા વિકાસ સમિતિએ વર્ષ ૨૦૧૧-૨૦૧૨થી નોટબુક તથા ચોપડા વિતરણની યોજનામાં પણ આગળ વધવાનું નક્કી કરેલ છે. આ યોજના હેઠળ સારા એવા કન્સેશનના દરથી (લગભગ ૪૦થી ૫૦ ટકા) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના, અમદાવાદ તથા ગાંધીનગર સ્થિત સભ્યોના બાળકોને જરૂરિયાત મુજબ નોટબુક / ચોપડાનું વિતરણ નવા સત્રની શરૂઆતથી કરવામાં આવનાર છે.

સમાજના દરેક સભ્ય પરિવારને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

ધોરણ-૧થી ૭ સુધીમાં અભ્યાસ કરતા બાળકોને ૧૪૪ પાનાની નોટબુક દરેક બાળકના હિસાબે વધુમાં વધુ અઢી ડઝન આપવામાં આવશે.

ધોરણ-૮થી ઉપર અભ્યાસ કરતા શાળાના બાળકોને અને કૉલેજના વિદ્યાર્થીઓને ૧૪૪ પાનાના ચોપડા દરેક વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ અઢી ડઝનના હિસાબે આપવામાં આવશે.

ધોરણ-૧થી ૭ના ૧૫૦ વિદ્યાર્થી અને ધોરણ-૮થી ઉપરના ૧૫૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકશે. વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરવામાં આવશે.

નોટબુક તથા ચોપડાના ભાવો જો કે આવતા અંકમાં જાહેર કરવામાં આવશે. તેમ છતાં આ યોજનામાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓએ પોતાના બાળકોના નામો અત્યારથી જ નીચેના સરનામે મોકલી આપવાના રહેશે.

*કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ,*<br>*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ,*<br>*શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ-૬.*

બાળકનું નામ, કયા ધોરણમાં અભ્યાસ કરે છે અને નોટબુક અથવા ચોપડા કેટલા જોઈએ છે તેની વિગતવાર માહિતી દરેકે મોકલી આપવાની રહેશે.

**આ યોજનાના સ્પોન્સરર બનવાની ઈચ્છા ધરાવનારે નીચે સહી કરનારનો સંપર્ક સાધવા વિનંતી.**

**નોટબુક તથા ચોપડા પર જાહેરાત પણ લેવાની હોવાથી, જ્યારે અમારા કાર્યકરો જરૂરી જાહેરાત માટે આપશ્રીનો સંપર્ક સાધે ત્યારે સહકાર આપવા વિનંતી.**

*નવીન લાલકા (૯૩૭૭૭ ૪૨૪૨૧)*<br>*કન્વીનર, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*માનવીને સત્કાર્યો લોકચાહના કે ખ્યાતિ મેળવવા માટે જ ન કરવા જોઈએ.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરી સમિતિની અપીલ

# અત્તરનું પૂમડું

• રોહિત શાહ •

*સાહિત્ય અને સંસ્કૃતિપ્રેમી સ્વજનો,*

પ્રત્યેક ગુજરાતીની છાતી ગજ-ગજ ફૂલે
એવું એક સાંસ્કૃતિક અભિયાન
ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કર્યું છે.
'વાંચે ગુજરાત.'
વાંચવું એટલે તૃપ્ત થવું
વાંચવું એટલે સમૃદ્ધ થવું.
પ્રાચીનકાળમાં યજ્ઞો થતા, તેમાં ઋષિમુનિઓ સમિધ હોમતા હતા.
વાંચે ગુજરાત પણ પવિત્ર યજ્ઞકાર્ય છે.
એમાં સુજ્ઞજનોએ
સુંદર પુસ્તકો વસાવવાનાં, વાંચવાનાં
અને ભેટ આપવાનાં હોય છે.
અનેક લોકો એવા છે
જેમને વાંચવાની રુચિ નથી.
જેમને વાંચવાની ફુરસદ નથી.
એવા લોકોને વધુ નહિ તો દરરોજ માત્ર એક વાર્તા,
એક લેખ, એક નિબંધ કે એક કવિતા
વાંચવાની ચાનક ચઢાવવી
એ મંત્રવિધાન જેવું પુણ્ય કાર્ય ગણાય.
જેમને ફુરસદ નથી એવા લોકોને
દરરોજ માત્ર દસ મિનિટ વાંચવાની ભલામણ કરીએ.
માત્ર ભલામણ કરીને ન અટકીએ,
દસ મિનિટમાં કંઈક ઉત્કૃષ્ટ રસપ્રદ વાંચવાની
સામગ્રી આપીએ.
જેમને રુચિ નથી તેમને
પ્રેમાગ્રહ કરીને તેમના પ્રિય વિષયનું
કશુંક વાંચવા હઠ કરીએ.
શરૂ શરૂમાં એમને થોડું કષ્ટ પડશે
અને
એમને સમજાવવામાં - વાંચન તરફ વાળવામાં
આપણનેય થોડું કષ્ટ પડશે.
પણ જો એમને ખાસ પસંદગીનું સાહિત્ય
આપણે ભેટ આપ્યું હશે
તો ધીમે ધીમે એવા લોકો
ફુરસદ કાઢશે અને રુચિય કેળવશે.
એક વખત આટલું થાય એટલે
આપણું કામ પૂરું!
પછી તો એ જાતે જ
નવું કશુંક વાંચવા ઉત્સુક બનશે.
આપણી પાસે નવા સાહિત્યની ડિમાન્ડ કરશે.
બજારમાંથી પુસ્તકો ખરીદશે.
એ લોકો પણ આપણી જેમ જ
સૌને સાહિત્ય પુસ્તકો ભેટ આપતા થઈ જશે.
આપણે વાચનનો આવો ચેપ લગાડવાનો છે.
વાચન એ ચેપી રોગ જેવી ઘટના છે,
પણ એનું પરિણામ ધન્ય કરનારું છે.
તમને થશે કે
સ્વજનો-મિત્રોને અમથેઅમથાં પુસ્તકો ભેટ આપવાનો શો અર્થ?
કાંઈક કારણ-પ્રસંગ-નિમિત્ત તો જોઈએ ને!
એવાં નિમિત્તો બેસુમાર છે.
બસ, એ તરફ આપણું ધ્યાન નથી ગયું આજ સુધી...
નૂતન વર્ષની શુભેચ્છારૂપે પુસ્તકો ભેટ અપાય છે
તેમ અન્ય પર્વો-તહેવારો વખતે પણ આપી શકાય.
કોઈકનો બર્થ-ડે હોય, લગ્નતિથિ હોય, લગ્નપ્રસંગ હોય
ત્યારે અન્ય ગિફ્ટની સાથેસાથે એક નાનકડું પુસ્તક
મૂકી દઈએ તો કેવું સુગંધકાર્ય થાય!
કોઈ બીમાર વ્યક્તિની ખબર પૂછવા જઈએ ત્યારે
ફ્રુટ્સની સાથે એક પ્રેરક પુસ્તક ભેટ મૂકી જોજો
એથી તમારી ઈમ્પ્રેશન જુદી જ પડશે.
બાળકના બર્થ-ડે વખતે આમંત્રિતોને
રિટર્નગિફ્ટના પૅકેટમાં એક મજાનું પુસ્તક કેમ ન મૂકી શકાય?
કોઈ સ્વજન-મિત્રને નવી જોબ મળે,
જોબમાં પ્રમોશન મળે
કે કોઈકને કંઈક જાહેર સન્માન-ઍવૉર્ડ મળે
ત્યારે એનું અભિવાદન કરવા
બૂકેની સાથે સાથે એક બૂક પણ સરકાવી દઈએ તો કેવું સારું!
મારા એક મિત્ર ફર્સ્ટ ટાઈમ વિદેશ ગયા ત્યારે

**એક હાથ દાન આપે તો તેની જાણ બીજા હાથને પણ ન થાય એજ દાનની સાચી પરિભાષા છે.**

*મેં એમને બે પુસ્તકો વાંચવા માટે ભેટ આપેલાં*
*હવે એ જ્યારે જ્યારે વિદેશ જાય છે ત્યારે ત્યારે*
*મને ફોન કરીને કહે છે, 'પ્લેનમાં વાંચવા માટે કંઈક જોઈએ છે.'*
*એમણે રીતસર આ અધિકારભાવ કેળવી લીધો છે*
*એનું રહસ્ય એ છે કે તેઓ જ્યારે*
*વિદેશથી પાછા આવે છે ત્યારે ત્યાંથી મારા માટે*
*ઘણાં સુંદર પુસ્તકો ભેટ લાવે છે!*
*એક ભાઈ તો એક કેદીને મળવા જાય છે*
*ત્યાં પણ એને ભેટરૂપે એક પુસ્તક આપતા આવે છે.*
*કોઈ વ્યક્તિ રિટાયર થઈ હોય,*
*કોઈકે કંઈક તપસ્યા કરી હોય,*
*કોઈકે નવું ઘર લઈને વાસ્તુ-અવસર ઊજવ્યો હોય*
*કોઈ વિદ્યાર્થીને ઈનામ આપવાનું હોય*
*કોઈ સ્પર્ધાના વિજેતાને સન્માનવાના હોય*
*વેલેન્ટાઈન્સ-ડે, ફાધર-ડે, મધર-ડે જેવો દિવસ હોય*
*આવા તમામ અવસરોને*
*પુસ્તકો ભેટ આપીને યાદગાર બનાવી શકાય.*
*બનાવીશું ને?*
*આપણે કેટલીક હોટલના ફોન નંબરો*
*હાથવગા રાખીએ છીએ*
*જેથી ગમે ત્યારે મનગમતું ભોજન*
*હોમ-ડિલીવરીથી મંગાવી શકીએ.*
*એ જ રીતે*
*કેટલાક બુક-પબ્લિશર્સ અને બુક સ્ટોલ્સના*
*ફોનનંબરો પણ હાથવગા રાખીએ.*
*કોઈપણ પુસ્તકની નકલો મંગાવવા માટે*
*સંપર્ક કરવાની સગવડ રાખીએ.*
*સમગ્ર ગુજરાત વાંચવાના રવાડે ચઢી જાય*
*ગુજરાતની બહાર અને દેશ-વિદેશમાં વસતો*
*પ્રત્યેક ગુજરાતી પુસ્તકપ્રેમી બની જાય*
*તો વિચારક્રાંતિનો નવો યુગ આવે.*
*નવા યુગના સર્જન માટેની શરૂઆત*
*એક ક્ષણથી જ કરવી પડે.*
*અને એ ક્ષણ અત્યારે આપણને સાંપડી છે.*
*એક ક્ષણ આવનારા યુગની નિર્ણાયક ક્ષણ બની રહેશે.*
*આપણે એના નિમિત્ત બની શકીએ*
*તેથી રૂડું શું?*

★

**પ્રિય વાચક,**

આપશ્રી દરરોજ કંઈ ને કંઈ વાંચન કરતા રહો,
તેથી આપશ્રીની બુદ્ધિ પ્રતિભા નિખરી ઉઠશે.
આપશ્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની
લાઈબ્રેરીનો વધુ ને વધુ ઉપયોગ કરતા રહો.
એ લાઈબ્રેરી શ્રી કચ્છી જૈન ભવન, પાલડીમાં
પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.
કોઈ પણ વ્યક્તિ આ લાઈબ્રેરીનો ઉપયોગ કરી શકે છે.
એ માટે કોઈ ચાર્જ રાખવામાં આવેલ નથી.
કોઈ જ પ્રકારની ફી લેવામાં આવતી નથી.
માત્ર રૂા. ૧૦૦/- ડિપોઝિટ ભરવાની હોય છે
જે કોઈ પણ સમયે પરત લઈ શકાય છે.
અમદાવાદમાં રહેનાર કોઈ પણ વ્યક્તિ,
આ લાઈબ્રેરીનો લાભ લઈ શકે છે.
આપશ્રી ઘર બેઠાં પણ પુસ્તકો મંગાવી શકો છો
મહિનામાં ૪ વખત પુસ્તકોની બદલી થઈ શકશે.
ભવન પરથી કોઈ આવીને,
અગાઉના પુસ્તક પરત લઈ જશે.
જરૂરિયાત મુજબના નવા પુસ્તક આપી જશે.
તેનો ચાર્જ મહિને માત્ર રૂા. ૫૦/- રાખેલ છે.
આપશ્રીને આગ્રહભરી અપીલ છે,
આ લાઈબ્રેરીના વિદ્વતાભર્યા પુસ્તકોનો લાભ લેવાની.
વાંચે ગુજરાત!

***કન્વીનર, લાઈબ્રેરી સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## દેહદાન, અવયવ દાન, બ્લડ ડોનેશન સમિતિ

તા. ૨૯-૯-૨૦૧૦ના સવારના શ્રી કેતન ઈન્દ્રજિત શાહનો મને ફોન આવેલ કે તેમની નજીકમાં રહેતા સુનંદાબહેન રમણલાલ ભાવસાર સ્વર્ગવાસી થયેલ છે. તેમના પરિવારને ચક્ષુદાન માટે સમજાવેલ અને તેઓ આ ઉમદા કાર્ય માટે પોતાની સંમતિ આપેલ છે. એટલે તરત જ આઈ બેંકનો સંપર્ક કરીને ચક્ષુદાન કરાવેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ" ફક્ત આપણા સમાજ પૂરતું જ આ કાર્ય નથી કરતી, અન્યત્ર પણ લોકોને સમજાવીને આ ઉમદા કાર્ય માટે સહભાગી બનાવે છે.

***નવીન લાલકા***
***સભ્ય, દેહદાન - અવયવદાન - બ્લડ ડોનેશન સમિતિ***

*ક્યારેક ન બોલવામાં પણ મોટું નુકસાન ભોગવવું પડે છે.*

# શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ

## પેરેન્ટિંગ પરના વર્કશોપનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પાલડી ભવન ખાતે રવિવાર તા. ૩-૧૦-૨૦૧૦ના રોજ સવારે ૧૦થી ૧ દરમ્યાન ડૉ. શ્રીમતી નિમ્રત સિંઘ દ્વારા ૫ વર્ષ સુધીના બાળકોના મા-બાપ માટે એક વર્કશોપનું આયોજન 'શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ' દ્વારા પેરેન્ટિંગના પડકારને ઝીલવા માટે કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં સમાજના ૬૦થી વધારે જાગૃત સભ્યોએ ભાગ લઈ તેની ખૂબજ સરાહના કરી હતી. 'ટેનગ્રામ' સંસ્થાના પ્રણેતા ડૉ. સિંઘ દ્વારા ઓડિયો વિઝ્યુઅલ માધ્યમના ઉપયોગ દ્વારા ખૂબ જ સરળ અને સચોટ રીતે સભ્યોને બાળ ઉછેર તથા તેને લગતા પ્રશ્નોના નિરાકરણની સમજ આપવામાં આવી હતી. સમાજના સભ્યોનો પ્રતિસાદ ખૂબ જ પ્રોત્સાહજનક હતો તથા કાર્યક્રમ પછીનો અભિપ્રાય પણ હકારાત્મક હતો. ભાગ લેનારા સભ્યો દ્વારા આવા વધુને વધુ વર્કશોપનું આયોજન થાય તેવી જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. એક એવું પણ તારણ નીકળ્યું હતું કે બાળ ઉછેર, પેરેન્ટિંગને લગતા કાર્યક્રમમાં માતા ઉપરાંત પિતા તેમજ ઘરના અન્ય વડીલોની હાજરી વધારે પ્રમાણમાં હોય તો આ મુશ્કેલ લાગતું કામ ખૂબ જ સહેલાઈથી પાર પાડી શકાય.

સભ્યોના પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને ૬-૧૧ વર્ષના બાળકોના માતા-પિતા તથા વડીલો ભાગ લઈ શકે તેવા પેરેન્ટિંગ / બાળ ઉછેરને લગતા એક વર્કશોપનું આયોજન રવિવાર તા. ૨૪-૧૦-૨૦૧૦ના રોજ સમિતિએ કરેલ છે. સ્થળ : પાલડી ભવન ખાતે અને સમય ૧૦.૩૦થી ૧.૩૦નો રાખેલ છે.

સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ દરમ્યાન વર્કશોપની જાહેરાતથી વર્કશોપને બહોળી પ્રસિદ્ધિ મળી હતી. સમાજના જાગૃત મા-બાપ, વડીલો તરફથી સમિતિ વધુને વધુ હકારાત્મક અને ત્વરિત પ્રતિસાદની અપેક્ષા રાખે તો તે અસ્થાને નહીં હોય.

સમિતિના સર્વે સભ્યોએ વર્કશોપની જાહેરાતથી સમાપન સુધી સહકાર આપીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. પાલડી ભવનના સ્ટાફે પણ સમયસર જરૂર પ્રમાણેની મદદ કરી હતી.

*વિમેશ શાહ, સદસ્ય, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ*

# શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ

## મા-બાપને બાળ ઉછેર માટે કેટલીક ચાવીઓ

*– ડૉ. નિમ્રત સિંઘ (સાઈકોલોજિસ્ટ)*

બાળકને માટે 'નવું નવું શીખવું' તે કુદરતે જ રચ્યું છે. દિન પ્રતિદિન શારીરિક - માનસિક - સામાજિક - ભાવનાત્મક અને બુદ્ધિથી – આમ બધી જ દિશામાં આગળ વધવાનું ચાલુ જ રહે છે. તેવામાં બાળકનો પ્રથમ શિક્ષક તેના ઘરનાં સર્વે સભ્યો હોય છે.

❒ નાનાં બાળકો સાથે વાતો કરો / ગીત ગાઓ અને તેઓને સંગીત અને શબ્દોની યાદશક્તિ કેળવવામાં મદદ કરો.

❒ તેઓને સ્વતંત્રતા આપો. ધીમે ધીમે વધુને વધુ ફ્રીડમ - જે તેમનો અધિકાર છે, તે સ્વતંત્રતા જ તેમને ઘડે છે. બાળકને તમારો પાલવ પકડીને ફરવાની આદત ના પાડશો.

❒ દરેક બાળકની ઉછેરની પોતાની આગવી ગતિ હોય છે. જેને બીજાં બાળકોની સરખામણી કરી ઉતારી ન પાડશો.

❒ બચ્ચાઓની કૌતુકતાને પોષો! તેઓને વાગી ન જાય તેવા ઉપકરણો - રમકડાં - ચીજવસ્તુઓ આપી જાતે શીખવાની વ્યવસ્થા કરી આપો.

❒ આપનાં બાળકો સાથે બાળક બનીને રમો. તેમના રસમાં રસ દાખવો. તેઓએ જે શોધો કરી હોય તેના વખાણ કરો.

❒ તેઓને વિવિધ રમતો રમતાં કરો. શારીરિક કસરતવાળી રમતો ખૂબ જ જરૂરી છે. બાગ - બગીચા - પાર્ક - અખાડા વગેરેમાં જાતે લઈ જઈ શીખવો.

❒ શબ્દો બનાવો. વસ્તુઓ દેખાડો. વસ્તુઓના વિવિધ નામ પાડો. તેમને શબ્દો અને તે દ્વારા નવું નવું ઓળખવામાં મદદ કરો.

❒ તમારો કોઈપણ મત હોય. તેને વળગી રહો અને ચોક્કસપણે.

❒ થોડાઘણા ઘરના કાયદાઓ બનાવો અને તેને વળગી રહો.

❒ બાળકોને શક્ય તેવી ઘણી તકો આપો.

❒ તેમનું ધ્યાન બીજે વાળવાનું ગુસ્સે થવા કરતાં વધુ હિતાવહ છે.

❒ ભૂલકાઓનાં નખરાઓનાં મૂળ કારણો સુધી પહોંચવાનું રાખો. જાણો કે તેઓ કેમ માનતાં નથી!!

❒ આપ ખુદ તેમનાં આદર્શ બની શકો. તેમ સારું વર્તન કરીને તેના ઉપર સારી છાપ પાડો.

❒ બાળકો સારું કામ કરે ત્યારે તેનાં વખાણ કરી તેને પ્રોત્સાહન આપો. જેથી તેઓને સારું વર્તન કરવાની લાલચ રહે.

❒ આપનું લાડલું બાળક એક અનન્ય છે તેવી તેને પ્રતીતિ કરાવો અને તેને માટે ખાસ્સો સમય ફાળવો.

❒ હસવાની અને હસાવવાની વૃત્તિ કેળવો.

❒ આપનાં બાળકને જેવું છે તેવું સ્વીકારો. દરેક બાળક જુદું છે અને બીજાં કરતાં જુદું જ રહેશે. તેને અપનાવો.

❒ બને તેટલી વધુ જગ્યાઓએ બાળકોને સાથે લઈ જાઓ.

❒ એક સમયે એક કરતાં વધુ સૂચનાઓ ન આપવી.

❒ આપને જ્યારે બાળક ઉપર ગુસ્સો આવે ત્યારે તેની સાથે વાંધા વચકાઓ કે વાંક કાઢવાને બદલે દાખલા - દલીલોથી સમજાવટનો રસ્તો અપનાવવો.

❒ બાળકના સારા ઉછેરમાં પિતાનો પણ તેટલો જ ફાળો હોવો જરૂરી છે. પિતાઓ વધુ સમય આપે, કરેલી વાતને વળગી રહે. સાથે રમવાનું કારણ શોધે અને બાળકની શિસ્તનું મહત્ત્વ સમજાવે.

***યાદ રહે – બાળ ઉછેર માત્ર માતાની જવાબદારી નથી.***

*બીજાનું સાનિધ્ય મેળવવામાં ખુદને ભૂલશો નહિ.*

## શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ

### તા. ૩-૧૦-૧૦ના રોજ યોજાયેલ ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોનાં વાલીઓના "પેરેન્ટિંગ" વર્કશોપમાં ભાગ લેનારાઓનાં કેટલાક પ્રતિભાવો

★ "ખૂબ જ સુંદર કાર્યક્રમ. ઘણું જાણવા મળ્યું છે. મને ઘણું જ ઉપયોગી થશે." **– *શ્રીમતી આશ્કા શાહ.***

★ "બાળ ઉછેરની યોગ્ય રીતો અંગે બાળકની માતાઓને વધુ જાગૃત કરવાની જરૂર છે. આપનો પ્રયત્ન સુંદર હતો."
**– *શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલા***

★ "આ કાર્યક્રમ મને બહુ ઉપયોગી થશે. આ સાંભળ્યા પછી હું મારી જાતને બદલાવવાનો શક્ય પ્રયત્ન કરીશ."
**– *શ્રીમતી છાયા રીતેશ કોઠારી***

★ "વારંવાર આયોજનો કરશો. આજ સુધી કરેલી ભૂલો હવેથી ન થાય – તે માટેની ચાવી અમને મળી છે."
***જિતેન કાંતિલાલ શાહ***

★ "અત્યાર સુધી નહીં શીખેલું / જાણેલું ઘણી જ ચીજોનું જ્ઞાન મળ્યું. સંસ્થાનો આભાર." **– *હેતલ અને પારસ રાંભિયા***

★ "માબાપે બાળકોને કેમ ઉછેરવા તે અંગેની ઘણી નવી જાણકારી મળી છે. જે અમે કામે લગાડીશું." **– *શ્રીમતી અવની ડી. દંડ***

## શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ

### ૧૨થી ૧૮ વર્ષની વચના દીકરા - દીકરીઓ અને તેમના વાલીઓ માટે અમૂલ્ય તક

ડૉ. નિમ્રત સિંઘ (જાણીતાં સાઈકોલોજિસ્ટ) સાથે સંવાદ માટે તૈયાર રહો.

★ આ ઉંમરે પહોંચેલા પુત્ર-પુત્રીઓનું વિચિત્ર લાગતું વર્તન.

★ થોડી થોડી વારે ગુસ્સે થઈ જતા બાળકો.

★ મા-બાપ કરતાં બીજા મિત્રો સાથે વધુ સમય વાત કરવા ઈચ્છતા બાળકો.

★ શરીર અને અભ્યાસમાં ફેરફારોના એક વિચિત્ર સંગમ ઉપર આવીને ઊભેલાં બાળકોને તેમના વાલીઓ / વડીલો દ્વારા સમજવા માટેનો સુંદર મોકો.

આવા મા-બાપ પોતાનાં બાળકોને પણ આ યુનિક વાર્તાલાપમાં જોડાવા આગ્રહ કરે.

ડિસેમ્બર માસમાં આ વર્કશોપનું આયોજન થનાર છે કે જેમાં ૧૨થી ૧૮ વર્ષના દીકરા - દીકરી અને તેનાજ મા-બાપ / વાલી વડીલોએ અલગ અલગ સમયે ભાગ લેવાનો રહેશે.

જે મા-બાપ પોતાનાં બાળકોનાં નામ રજિસ્ટર કરાવશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૨૫થી ૩૦ નામ જ લખવામાં આવશે. ચાર્જ વ્યક્તિ દીઠ માત્ર રૂા. ૨૦/- રહેશે. તારીખ નક્કી થયેથી ફોન દ્વારા જાણ કરવામાં આવશે. દરમ્યાન સામેથી સંપર્ક કરી નામ લખાવવા વિનંતી છે.

*સંપર્ક (સમય : સવારે ૮ થી રાત્રે ૮) :*

| | |
|---|---|
| *હીરેન શાહ* | *મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫* |
| *પ્રદીપ મહેતા* | *મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦* |
| *નવીન લાલકા* | *મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧* |
| *વિમેશ શાહ* | *મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭* |

## "સંકલ્પ"

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### "સંકલ્પ"ની વર્ષ ૨૦૧૦-૧૧ની નવી કમિટીની રચના

તા. ૧૦-૧૦-૨૦૧૦ના રોજ 'સંકલ્પ'ની સામાન્ય સભા કચ્છી જૈન ભવન, પાલડી ઉપર મળેલ. તેમાં સર્વ સંમતિથી નીચે મુજબની નવી કારોબારીની રચના કરાયેલ હતી. ત્યારબાદ નવનિયુક્ત કારોબારી સમિતિની મિટિંગ મળેલ હતી કે જેમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી.

સંપૂર્ણ કારોબારી તથા હોદ્દેદારોની વિગત નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| *પ્રમુખ* | : | પીયૂષ રવિલાલ પારેખ |
| *ઉપપ્રમુખ* | : | પંકજ કાંતિભાઈ શાહ |
| *મંત્રી* | : | સંજય કીર્તિભાઈ સંઘવી |
| *સહમંત્રી* | : | ચિરાગ લહેરચંદ મૈશેરી |
| *ખજાનચી* | : | નીતિન ભોગીલાલ શાહ |
| *સહ ખજાનચી* | : | પરેશ પદમશી ડાઘા |
| *કલ્ચરલ મંત્રી* | : | પીયૂષ હીરજીભાઈ સાવલા |
| | | ધારીણી ચંદ્રકાંત લોડાયા |
| | | આશિષ ચંદ્રકાંત લોડાયા |
| | | જયદીપ દિનેશભાઈ મૈશેરી |
| *સ્પોર્ટસ મંત્રી* | : | નિખિલ નવીનભાઈ શાહ |
| | | પારસ કિશોરભાઈ શાહ |
| | | કૃપાલી ભરતભાઈ શાહ |
| | | અમી નીતિનભાઈ શાહ |
| *કેટરિંગ* | : | ચૈતન્ય બચુભાઈ રાંભિયા |
| | | સંજય મનુભાઈ શાહ |
| *કારોબારી સભ્યો* | : | ઉર્વશી મનીષભાઈ સાવલા |
| | | અભિષેક ગિરીશભાઈ શાહ |
| | | દર્શન નરેન્દ્રભાઈ કોઠારી |
| | | જિનય ભરતભાઈ શાહ |
| *સલાહકાર સમિતિ* | : | શિલ્પિબહેન પ્રકાશભાઈ શાહ |
| | | ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ |
| | | કેતન નરેન્દ્રભાઈ લોડાયા |

**– *પ્રમુખ, ઉપપ્રમુખ તથા મંત્રીશ્રી – 'સંકલ્પ'***

*પરમાત્મા એમના હૃદયમાં સ્થાન આપે એવું કર્મ કરો.*

# સામાજિક સુરક્ષા સમિતિ

## અગત્યની જાહેરાત

સામાજિક સુરક્ષા સમિતિ દ્વારા નીચે જણાવેલ સભ્યોનો રૂા. ૨.૫૦ (અઢી લાખ)નો અકસ્માત મૃત્યુનો વીમો લેવામાં આવેલ છે.

અગર કોઇ પરિવારે પોતાના પરિવારના સભ્યમાં કે જેનો આ લિસ્ટ પ્રમાણે વીમો લેવામાં આવે છે, તેમાં કોઇ ફેરફાર કરવો હોય તો તા. ૩૦-૧૧-૨૦૧૦ સુધી સમાજની ઓફિસે પત્ર લખીને જણાવવાનું રહેશે.

તદ્ઉપરાંત એક જ પરિવારમાં અને એક જ ઘરમાં આઠથી વધુ સભ્ય રહેતાં હોય તો તે પરિવારના બે સભ્યના વીમા લેવામાં આવશે. અગર નીચે મુજબ લિસ્ટમાં એ પ્રમાણે નામો ન હોય તો તેવા પરિવારોએ પણ સમાજની ઓફિસે તા. ૩૦-૧૧-૨૦૧૦ સુધી લેખિતમાં જણાવવાનું રહેશે.

આ લિસ્ટ મુજબ કેટલાક લોકોની જન્મતારીખ અમારી પાસે ન હોવાથી તેઓની જન્મતારીખ જણાવેલ નથી. પરંતુ વીમા કંપનીના નિયમ પ્રમાણે જન્મ તારીખ હોવી જરૂરી છે. તેથી જેઓની જન્મતારીખ જણાવવામાં આવેલ નથી તેઓએ પોતાની જન્મ તારીખ પણ તા. ૩૦-૧૧-૨૦૧૦ સુધી લેખિતમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

*અશ્વિન હીરજી સાવલા*
*કન્વીનર, સામાજિક સુરક્ષા સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • અભયચંદ જીવરાજ લોડાયા | ૧૪-૪-૧૯૪૫ |
| • અભિષુ ગિરીશ શાહ | ૯-૭-૧૯૭૯ |
| • અજય ચંદુલાલ મહેતા | ૧૧-૧-૧૯૮૪ |
| • અજય જયસુખલાલ મહેતા | ૩૧-૧૦-૧૯૭૪ |
| • અજય જેઠાભાઇ ખોના | ૪-૧-૧૯૬૩ |
| • અજય કાંતિલાલ શાહ (છેડા) | ૨૮-૯-૧૯૬૨ |
| • અજય નાનજી રાંભિયા | ૬-૯-૧૯૬૬ |
| • અજિત અજરામર દોશી | ૧-૧૦-૧૯૪૨ |
| • જયેશ અજિત મહેતા | ૧૩-૬-૧૯૬૮ |
| • અક્ષય રમેશચંદ્ર દંડ | ૯-૧-૧૯૬૮ |
| • અલ્કેશ કાંતિલાલ શાહ | ૧૯-૩-૧૯૭૨ |
| • અલ્પેશ અશોકકુમાર મહેતા | ૩૧-૭-૧૯૭૫ |
| • અમર ઠાકોરલાલ શાહ | ૧૯-૧૨-૧૯૭૭ |
| • અમિત ખીમજી છેડા | ૨-૪-૧૯૭૪ |
| • અમિતકુમાર હીરજી વોરા | ૬-૨-૧૯૬૮ |
| • દિપલ હીરજી વોરા | — |
| • અમૃતલાલ મોનશી ગાલા | ૯-૧૧-૧૯૫૪ |
| • અમૃતલાલ નાનજી પોલડિયા | ૧૪-૧૧-૧૯૪૫ |
| • અનિકેત શાંતિલાલ સંઘવી | ૩-૫-૧૯૭૩ |
| • અનિલ હિંમતલાલ શાહ | ૯-૫-૧૯૬૧ |
| • અનિલ મગનલાલ સંઘવી | ૩૧-૮-૧૯૫૩ |
| • અનિલ નારણજી લોડાયા (શાહ) | ૫-૮-૧૯૭૭ |
| • અનિલ પાસુભાઇ શાહનંદ | ૧૪-૫-૧૯૬૧ |
| • અનિલ પ્રાગજી શાહ | ૨૦-૧૧-૧૯૫૩ |
| • અનિલ રામજી હરિયા | ૪-૭-૧૯૬૪ |
| • અનીષ અરવિંદભાઇ દોશી | ૧૦-૩-૧૯૬૨ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • અનુપચંદ કેશવજી નાગડા | ૧૦-૫-૧૯૩૭ |
| • અરુણ નાનાલાલ પટવા | ૧૧-૧-૧૯૫૭ |
| • અરુણ સુરેન્દ્ર જૈની (શાહ) | ૨૪-૨-૧૯૭૭ |
| • અરુણકુમાર અમૃતલાલ શાહ | ૩-૯-૧૯૩૯ |
| • અરવિંદ ધારશી દેઢિયા | ૧૯-૪-૧૯૫૨ |
| • અરવિંદ હેમચંદ સંઘવી | ૫-૭-૧૯૪૫ |
| • અરવિંદ કાંતિલાલ શેઠ | ૨૮-૧૧-૧૯૫૨ |
| • અરવિંદ પ્રેમજી દેઢિયા | ૨૦-૧૦-૧૯૪૫ |
| • અરવિંદ શાંતિલાલ મસાલિયા | — |
| • આશિષ ધીરુભાઇ શાહ (વારૈયા) | ૧૬-૧૨-૧૯૮૩ |
| • આશિષ જાદવજી શાહ | ૨૯-૧૦-૧૯૭૪ |
| • આશિષ નરેન્દ્ર મોતા | ૨૧-૨-૧૯૮૦ |
| • આશિષ રસિકલાલ ગડા | ૨૯-૧૨-૧૯૭૯ |
| • અશોક ભોગીલાલ શાહ (દલાલ) | ૬-૧૨-૧૯૬૭ |
| • અશોક ગજેન્દ્ર ગોરજી | ૧૨-૧-૧૯૫૪ |
| • અશોક રામજી સાવલા | ૨૭-૫-૧૯૫૭ |
| • અશોક વાડીલાલ શાહ | ૩-૧૨-૧૯૫૭ |
| • આસુતોષ ધારશી સંઘવી | ૨૭-૯-૧૯૬૧ |
| • અશ્વિન હીરજી સાવલા | ૧૬-૧-૧૯૫૧ |
| • અતુલ પોપટલાલ ધરોડ | ૧૦-૮-૧૯૬૩ |
| • અતુલ ગુલાબચંદ સંઘવી | ૫-૨-૧૯૬૦ |
| • અતુલ મગનલાલ સંઘવી | ૧૪-૬-૧૯૫૮ |
| • અતુલ રમેશચંદ્ર મૈશેરી | ૨૭-૧૦-૧૯૫૮ |
| • અરવિંદ ખોડીદાસ કુબડિયા | ૮-૧૦-૧૯૬૮ |
| • અજયકુમાર ઉત્તમચંદ દંડ | ૧-૧૨-૧૯૭૯ |
| • અમિતભાઇ કિરણકુમાર શાહ | ૧૧-૮-૧૯૮૨ |

*તમારી સો ભવ્ય સફળતા પાછળ હજાર નિષ્ફળતાઓમાંથી મેળવેલું શિક્ષણ કારણભૂત છે. - ફેડરર*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • અમિતભાઇ સુરેશભાઇ બાબરિયા | ૨૧-૬-૧૯૬૮ |
| • અલ્પેશ નાનજી ગાલા | ૨૧-૬-૧૯૬૮ |
| • અશ્વિન જેઠાભાઇ મોરબિયા | ૭-૫-૧૯૭૯ |
| • બકુલ તારાચંદ શાહ (મોતા) | ૧૨-૩-૧૯૬૨ |
| • ભદ્રિક લક્ષ્મીચંદ ધરોડ | ૬-૧૦-૧૯૮૧ |
| • ભૈરવ ગિરીશ સંઘવી | ૧૧-૧-૧૯૭૫ |
| • સંજય ભાણજી કેનિયા | ૨૬-૬-૧૯૭૩ |
| • હીરેન હંસરાજ સતરા | ૧૬-૧૦-૧૯૭૬ |
| • ભરત આણંદજી રાંભિયા | ૨૪-૨-૧૯૬૮ |
| • ભરત બાબુલાલ મહેતા | ૧-૭-૧૯૬૬ |
| • ભરત ભાણજી ગાલા | ૧૭-૨-૧૯૬૬ |
| • ભરત કાંતિલાલ શાહ | ૧૩-૧૨-૧૯૬૬ |
| • ભરત કેશવજી શાહ (ગોસર) | ૧૯-૧૦-૧૯૫૮ |
| • ભરત ખેતશી ગાંધી | ૧૫-૨-૧૯૫૮ |
| • ભરત લક્ષ્મીચંદ શાહ (છેડા) | ૧૮-૫-૧૯૫૭ |
| • ભરત મનસુખલાલ શાહ | ૧૯-૩-૧૯૬૩ |
| • ભરત નાનાલાલ શાહ | ૨૯-૮-૧૯૫૨ |
| • ભરત રાયચંદ ખોના | ૧૪-૯-૧૯૬૪ |
| • ભરત શામજી કેનિયા | ૨૧-૮-૧૯૬૧ |
| • ભરત ઉગરચંદ ગઢેચા | ૨૨-૫-૧૯૭૨ |
| • અશ્વિન ભવાનજી સોની (ભાટી) | ૨૫-૪-૧૯૬૩ |
| • ભાવેશ હીરજી ગડા | ૪-૭-૧૯૭૪ |
| • ભાવેશ નયન શાહ (મોતા) | ૨૩-૪-૧૯૭૩ |
| • પ્રશાંત નયન શાહ (મોતા) | ૨૩-૪-૧૯૭૩ |
| • ભાવેશ રજનીકાંત પારેખ | ૧૭-૩-૧૯૭૪ |
| • ભાવેશ વાડીલાલ મોરબિયા | ૧૨-૧૨-૧૯૭૭ |
| • ભાવિક ધીરજલાલ સંઘવી | ૧૯-૪-૧૯૮૨ |
| • ભાવિન ચંદ્રકાંત શાહ | ૫-૧૦-૧૯૫૩ |
| • બકુલ હિંમતલાલ શાહ | ૨૩-૧૦-૧૯૫૬ |
| • ભોગીલાલ ભાણજીભાઇ કુબડિયા | ૨-૧૧-૧૯૪૩ |
| • ભોગીલાલ કાનજી ત્રેવાડિયા | ૫-૨-૧૯૫૫ |
| • ઋષિલ ભોગીલાલ શાહ | ૯-૧૧-૧૯૬૯ |
| • હીરેન ભોગીલાલ શાહ (કુબડિયા) | ૨૬-૮-૧૯૭૩ |
| • ભોગીલાલ વેલજી મહેતા | ૨૪-૧૨-૧૯૪૬ |
| • ભૂપેશ ડાહ્યાલાલ મહેતા | ૧૦-૭-૧૯૭૬ |
| • બીમલેશ નાથુભાઇ શાહ | ૮-૧૧-૧૯૫૭ |
| • જય બીપેન્દ્ર ગોગરી | ૨૪-૬-૧૯૭૮ |
| • નિમેષ બીપેન્દ્ર ગોગરી | ૪-૮-૧૯૭૯ |
| • બિપીન રમણલાલ ગાલા | ૧૯-૧-૧૯૫૯ |
| • બિપીન રતનશી સાયા | ૬-૩-૧૯૬૦ |
| • બુદ્ધિધન હીરાલાલ શાહ | ૨૧-૧-૧૯૫૩ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • ભોગીલાલ દલસુખભાઇ વોરા | ૧૫-૮-૧૯૫૫ |
| • ચંપકલાલ મણિલાલ વોરા | — |
| • ચંદનબહેન કિશોરભાઇ શાહ | ૧૫-૧-૧૯૫૯ |
| • ચંદ્રહાસ રતનશી ખોના | ૨૧-૪-૧૯૪૪ |
| • ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૧૬-૨-૧૯૩૪ |
| • ચંદ્રકાંત બાબુભાઇ શાહ (લોડાયા) | ૧૨-૧-૧૯૬૨ |
| • ચંદ્રકાંત ભવાનજી મૈશેરી | ૨-૪-૧૯૬૧ |
| • ચંદ્રકાંત હેમચંદ્ર વોરા | ૨-૧૨-૧૯૫૭ |
| • ચંદ્રકાંત કેશવજી ગડા | ૨૦-૫-૧૯૬૦ |
| • ચંદ્રકાંત લખમશી શાહ | ૧૮-૧-૧૯૪૮ |
| • ચંદ્રકાંત લીલાધર શાહ (મોતા) | ૧૦-૨-૧૯૫૧ |
| • ચંદ્રકાંત મગનલાલ ઢીલા (શાહ) | ૩૦-૧૧-૧૯૪૯ |
| • ચંદ્રકાંત મૂળજી વોરા | — |
| • ચંદ્રકાંત વસનજી રાંભિયા | ૧૬-૧૨-૧૯૬૪ |
| • ચંદ્રેશ ગુલાબચંદ લોડાયા | ૧૯-૯-૧૯૬૭ |
| • ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા | ૨૮-૩-૧૯૭૯ |
| • ચંદુલાલ રવજી વોરા | — |
| • ચેતન ચંદ્રકાંત શાહ (પોલડિયા) | ૩૧-૧૦-૧૯૭૮ |
| • ચેતન દામજી ધરોડ | ૨૯-૯-૧૯૬૬ |
| • ચેતન ગોવિંદજી શાહ (નાગડા) | ૧૪-૧૧-૧૯૬૭ |
| • મનીષ ચીમનલાલ શાહ (લોડાયા) | ૧૨-૭-૧૯૬૭ |
| • ચિરાગ અનિલ દંડ | ૧૮-૨-૧૯૮૩ |
| • ડૉ. સુકેતુ ચિત્રસેન શાહ | ૨૧-૨-૧૯૬૯ |
| • ચમનલાલ મોહનલાલ વોરા | ૧૪-૬-૧૯૫૯ |
| • દિનેશ મોહનલાલ વોરા | — |
| • દક્ષા હરીશ શાહ | — |
| • દક્ષેશ નવીનચંદ્ર સંઘવી | — |
| • દલીચંદ કલ્યાણજી ત્રેવડિયા | — |
| • દામજી (બચુભાઇ) હીરજી રાંભિયા | ૨૧-૬-૧૯૫૪ |
| • ધર્મેશ દામજી છેડા | ૨૨-૯-૧૯૭૭ |
| • દામજી નેણશી મોમાયા | ૧૫-૬-૧૯૩૩ |
| • રાકેશ દામજી નીસર | ૨૬-૧૦-૧૯૭૩ |
| • વીરેન દામજી નીસર | ૨-૭-૧૯૭૮ |
| • દર્શન જયંતિલાલ મહેતા | — |
| • દર્શન રમેશ સંઘવી | ૨-૧૦-૧૯૮૨ |
| • દર્શિત દિનેશ મહેતા | ૩૦-૮-૧૯૭૭ |
| • ડેનીસ ગિરીશ લાલન | ૧૮-૧૧-૧૯૭૮ |
| • દેવાંગ બાબુલાલ ગાંધી | — |
| • દેવચંદ કારુભાઇ દેઢિયા | ૨૫-૧૧-૧૯૪૫ |
| • દેવેન દિલીપ દંડ | ૨૧-૯-૧૯૭૫ |
| • દેવેન્દ્ર હંસરાજ ડુંગાણી | ૧૫-૧૨-૧૯૪૨ |

*જીવનમાં સુખ અને લોહીનાં સગપણ કરતાં વેદનાનું સગપણ વધુ ટકે છે. — ખલીલ જિબ્રાન*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • દેવેન્દ્ર ઈન્દ્રજીત ત્રેવાડિયા | ૧૯-૧-૧૯૬૪ |
| • દેવેશ દિલીપ દંડ | ૨૧-૯-૧૯૭૫ |
| • કેતન ધનેશ શાહ (મૈશેરી) | — |
| • ધનજી કુંવરજી લોડાયા | ૮-૧-૧૯૩૨ |
| • ધનલક્ષ્મીબહેન ગોવિંદજી ધરમશી | ૧૩-૧૨-૧૯૫૮ |
| • ધનલક્ષ્મીબહેન ગોવિંદજી લોડાયા | ૬૯ વર્ષ |
| • ધનલક્ષ્મીબહેન હરીલાલ દોશી | ૧૯૩૫ |
| • ધનરાજ રામજી દેઢિયા | ૨૪-૩-૧૯૭૬ |
| • ધનસુખલાલ મોતીલાલ શાહ | ૨૬-૩-૧૯૪૧ |
| • ધનસુખલાલ નાનાલાલ પટવા | ૧૮-૧૧-૧૯૪૪ |
| • ધર્મેન્દ્ર બાબુલાલ ગાંધી | — |
| • ધર્મેન્દ્ર હિંમતલાલ શાહ (પોલડિયા) | — |
| • ધર્મેશ લક્ષ્મીચંદ શાહ (ફુરિયા) | ૧૧-૬-૧૯૭૯ |
| • ધીરજકુમાર શાહ (ગરમાણિયા) | ૧૬-૧૨-૧૯૬૪ |
| • ધીરજલાલ ભાઈચંદ ચંદુરા | ૧૯-૮-૧૯૬૪ |
| • ધીરજલાલ ખીમજી સંઘોઈ | ૨૦-૬-૧૯૪૩ |
| • ધીરજલાલ લાલજી મારુ | ૨૦-૫-૧૯૫૦ |
| • ધીરેન શાંતિલાલ શાહ | ૭-૬-૧૯૭૪ |
| • ધીરેન નાનજી દેઢિયા | ૨૭-૧૦-૧૯૬૮ |
| • દિગંત ભાઈલાલ શાહ | ૮-૪-૧૯૫૦ |
| • દિલીપ જયંતીલાલ પટવા | ૨૯-૧૨-૧૯૫૮ |
| • દિલીપ જયસુખલાલ સંઘવી | ૧-૧૨-૧૯૫૫ |
| • દિલીપ મેઘજી મોમાયા | ૧૦-૫-૧૯૬૧ |
| • દિલીપ પાશ્વીર ખોના | ૨૫-૧૦-૧૯૫૮ |
| • દિલીપ પુનશી શાહ (મૈશેરી) | ૧૨-૪-૧૯૫૩ |
| • દિલીપ શાંતિલાલ સંઘવી | ૨૧-૯-૧૯૫૬ |
| • દિલીપ વસનજી લાપસિયા | ૩૦-૬-૧૯૫૮ |
| • દીના અનિલ વિસરિયા | ૨૯-૫-૧૯૬૨ |
| • દિનેશ દામજી દૌલત | ૧૦-૪-૧૯૪૫ |
| • દિનેશ કેશવજી મોતા | ૪-૫-૧૯૫૭ |
| • દિનેશ લખમશી મૈશેરી | ૨૬-૭-૧૯૬૦ |
| • મેહુલ દિનેશ શાહ (દોશી) | ૧૩-૧૦-૧૯૭૨ |
| • દિનેશ પ્રેમચંદ શાહ | ૨૭-૧૧-૧૯૪૨ |
| • દિનેશ પ્રેમજી દેઢિયા | ૯-૫-૧૯૫૬ |
| • દિનેશ જગજીવન શાહ | ૯-૮-૧૯૪૪ |
| • દીપક છોટાલાલ મહેતા | ૧-૧૨-૧૯૫૭ |
| • દીપક ચુનીલાલ મહેતા | ૩૦-૬-૧૯૬૭ |
| • દીપક ધીરજલાલ ગડા | ૧૮-૬-૧૯૬૮ |
| • દીપક હરખચંદ શાહ (સંઘવી) | ૬-૧૨-૧૯૫૪ |
| • દીપક કાંતિલાલ મહેતા | ૨૦-૯-૧૯૬૭ |
| • દીપક વાલજી દૌલત | ૧૦-૬-૧૯૫૭ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • દીપેશ મનહરલાલ દેઢિયા | ૧૨-૮-૧૯૭૬ |
| • દિવ્યેશ દામજી ગાલા | ૪-૧૨-૧૯૭૩ |
| • ડુંગરશી રામજી દેઢિયા | ૫-૧-૧૯૪૨ |
| • ડુંગરશી રાયશી રાંભિયા | — |
| • ધર્મેશ વસંતલાલ વિસરિયા | — |
| • ગૌતમ લહેરચંદ કોઠારી | ૧૫-૯-૧૯૫૯ |
| • ગૌતમ પ્રદીપ દૌલત (ધુલ્લા) | ૪-૭-૧૯૭૭ |
| • ગિરીશ દામજી પોલડિયા | ૨૧-૩-૧૯૫૫ |
| • ગિરીશ રતિલાલ હરિયા | ૯-૧-૧૯૬૨ |
| • ગુલાબ ધનજી દંડ | ૧૯-૪-૧૯૫૨ |
| • ગુલાબ રતનશી સાયા | ૨-૮-૧૯૫૮ |
| • ગુલાબચંદ ભવાનજી શાહ (મૈશેરી) | ૧૮-૫-૧૯૬૬ |
| • કુશલ ગુલાબચંદ રાંભિયા | ૨૦-૯-૧૯૭૩ |
| • ગુલાબચંદ ડુંગરશી સાવલા | ૧૯-૧૦-૧૯૬૧ |
| • ગુલાબચંદ કેશવજી નાગડા | ૨૦-૨-૧૯૪૮ |
| • ગુણવંતલાલ કાનજી શાહ (ત્રેવાડિયા) | ૧૭-૫-૧૯૫૩ |
| • કલ્પેશ હરખચંદ (છોટુભાઈ) ગાલા | ૧૭-૪-૧૯૭૬ |
| • હરખચંદ કુંવરજી સાવલા | ૨૮-૬-૧૯૪૯ |
| • હરખચંદ નાનજી શાહ (પોલડિયા) | ૧૮-૧૦-૧૯૫૮ |
| • જયેશ હરખચંદ શાહ | ૩-૧૧-૧૯૭૩ |
| • હાર્દિક રમેશ ગાલા | ૧૬-૧૧-૧૯૮૪ |
| • હરેશ ધનજી કોરડિયા | ૧૪-૯-૧૯૬૩ |
| • હરેશ હીરાલાલ કુબડિયા | ૭-૯-૧૯૬૭ |
| • હરેશ લાલજી ગંગર | ૧૩-૯-૧૯૬૩ |
| • હરેશ શાંતિલાલ છેડા | ૧૮-૯-૧૯૬૮ |
| • હરેશ શાંતિલાલ મોમાયા | ૨૮-૧-૧૯૭૫ |
| • હરિલાલ માણેકલાલ કોઠારી | — |
| • હરિલાલ નાથુભાઈ સંઘવી | ૧૯-૭-૧૯૪૮ |
| • હરીશ અમૃતલાલ શાહ | — |
| • હરીશ ભાણજી મહેતા | — |
| • હરીશ ચુનીલાલ શાહ | ૨૩-૨-૧૯૫૬ |
| • હરીશ દેવચંદ શાહ | ૮-૮-૧૯૪૭ |
| • હરીશ હીરાચંદ મુનવર | ૨૦-૧-૧૯૫૪ |
| • હરીશ નેમીદાસ શાહ | ૧-૪-૧૯૪૨ |
| • મિતેશ હરીશ નાગડા (શાહ) | ૧૬-૯-૧૯૮૨ |
| • હર્ષાબહેન અજરામર દોશી | ૨૨-૮-૧૯૫૧ |
| • હર્ષદ રવજી વોરા | ૧૯૬૮ |
| • હર્ષદ તલકશી મહેતા | ૨૧-૬-૧૯૫૮ |
| • હર્ષદકુમાર વાડીલાલ મહેતા | ૨૬-૩-૧૯૭૫ |
| • હસમુખ અમૃતલાલ કોરડિયા | ૨૭-૨-૧૯૬૨ |
| • તેજસ હસમુખ શાહ | ૪-૧૦-૧૯૭૮ |

*જેના ચિત્તમાં અસંતોષ છે એજ સૌથી મોટો ગરીબ છે.*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| ● હસમુખ હીરજી વોરા | ૭-૫-૧૯૬૫ |
| ● હસમુખ કાંતિલાલ મહેતા | ૨૨-૮-૧૯૪૯ |
| ● હસમુખ ખીમજી મોતા | ૧૪-૫-૧૯૫૬ |
| ● હસમુખ ખીમજી મહેતા | ૨૭-૭-૧૯૬૭ |
| ● હસમુખ લાલજી શાહ (સાવલા) | ૨૨-૧૧-૧૯૫૯ |
| ● હસમુખ ઉગરચંદ ગઢેચા | ૧૩-૬-૧૯૬૨ |
| ● હસમુખલાલ ભાઈચંદ ચંદુરા (શાહ) | ૪-૮-૧૯૫૬ |
| ● હસમુખલાલ હંસરાજ શેઠિયા | ૭-૧૨-૧૯૫૨ |
| ● હેમાંગ નવીન હરિયા | ૨૬-૨-૧૯૭૨ |
| ● હેમાંગ રજનીકાંત પારેખ | ૨૬-૨-૧૯૭૨ |
| ● હેમંત પ્રવીણચંદ્ર શાહનંદ | ૫-૧૦-૧૯૬૯ |
| ● હેમંત સત્યેન્દ્ર શાહ | ૧૩-૨-૧૯૪૯ |
| ● હેમચંદ્ર કુંવરજી ધરમશી | ૧૮-૬-૧૯૩૧ |
| ● હેમેન્દ્ર કાનજી ધરમશી | ૨૩-૩-૧૯૭૫ |
| ● હેમલતા પ્રદીપ રતનશી શાહ | ૨૧-૩-૧૯૪૦ |
| ● હિમાંશુ રમેશભાઈ શાહ | ૧૫-૭-૧૯૬૯ |
| ● હિમાંશુ નવીન હરિયા | ૧૩-૨-૧૯૬૮ |
| ● હિમાંશુ ઝવેરચંદ ખોના | ૩-૧૨-૧૯૭૫ |
| ● હિમાંશુરાજ નરેન્દ્ર શાહ | ૧૪-૯-૧૯૪૪ |
| ● વિનોદ હીરાચંદ દંડ | ૧૫-૨-૧૯૭૮ |
| ● હીરાચંદ નાગશી લાપસિયા | ૪-૬-૧૯૬૫ |
| ● હીરાચંદ વાલજી દૌલત | ૧૧-૪-૧૯૫૬ |
| ● હીરાલાલ સાકરચંદ દોશી (શાહ) | ૨-૨-૧૯૩૧ |
| ● હેમંત હીરાલાલ કુબડિયા | ૨૮-૨-૧૯૭૨ |
| ● હીરેન અમૃતલાલ પોલડિયા (શાહ) | ૧૧-૯-૧૯૭૭ |
| ● હેમેન્દ્ર ભોગીલાલ શાહ (કોરડિયા) | ૨૮-૧૧-૧૯૬૯ |
| ● હીરેન હંસરાજ સતરા | ૧૬-૧૦-૧૯૨૬ |
| ● હીરેન કુંવરજી શાહ (નાગડા) | ૪-૯-૧૯૬૪ |
| ● હીરેન રતિલાલ શાહ | ૯-૧-૧૯૬૬ |
| ● હીરેન શામજી લોડાયા | ૨૧-૫-૧૯૬૧ |
| ● હીરેન વાડીલાલ વોરા | ૨૮-૭-૧૯૫૭ |
| ● હીરેન વિશનજી ગડા | ૧૭-૭-૧૯૭૭ |
| ● હીરેન્દ્ર રમણલાલ મહેતા | ૨-૧-૧૯૫૩ |
| ● હિતેન બાબુલાલ વસા | ૧૭-૯-૧૯૫૫ |
| ● હિતેન્દ્ર મોહનલાલ શાહ | ૩-૧૦-૧૯૬૧ |
| ● હિતેન્દ્ર ઉગરચંદ ગઢેચા | |
| ● હિતેશ દામજી ધરોડ | ૧૩-૭-૧૯૭૨ |
| ● હિતેશ ધીરજલાલ સંઘવી | ૨-૭-૧૯૭૦ |
| ● હિતેશ હંસરાજ લોડાયા | ૧૦-૮-૧૯૭૮ |
| ● હિતેશ કુંવરજી છાડવા | ૨૬-૮-૧૯૭૩ |
| ● હિતેશ મણિલાલ દેઢિયા | ૧૪-૯-૧૯૬૩ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| ● હિતેશ વીરચંદ નાગડા | — |
| ● હિતેશ નલીન મોમાયા | ૧૪-૪-૧૯૭૦ |
| ● હિંમતભાઈ મણિલાલ ગરમાણિયા | ૬-૫-૧૯૬૨ |
| ● હસમુખ મણિલાલ શાહ | — |
| ● ઈલેશ નગીનદાસ શાહ | ૧૫-૪-૧૯૬૧ |
| ● ઈન્દુભાઈ પ્રીતમલાલ શાહ | ૬-૧૨-૧૯૩૮ |
| ● ઈન્દુમતી જાદવજી શાહ | ૨૮-૮-૧૯૪૫ |
| ● રાજેશ જગદીશ ગોસર | ૬-૧૨-૧૯૩૮ |
| ● જગદીશ શાંતિલાલ ત્રેવડિયા | ૨૮-૮-૧૯૪૫ |
| ● રાજેશ જગજીવન મહેતા | ૨૧-૧૦-૧૯૬૮ |
| ● જલદીપ કુંવરજી શાહ (નાગડા) | ૫-૩-૧૯૫૩ |
| ● તેજસ જશવંત કોઠારી | ૨૦-૧૧-૧૯૭૬ |
| ● જિતેન જવેરચંદ છેડા | ૧૮-૧૦-૧૯૭૨ |
| ● જયાબહેન જીવરાજ નાગડા | ૨૫-૧૨-૧૯૪૪ |
| ● જયંત કલ્યાણજી છેડા | ૨૨-૬-૧૯૬૨ |
| ● જયંત મેઘજી ધરમશી | ૨૫-૭-૧૯૩૪ |
| ● જયંત પ્રેમજી નીસર | ૨૩-૩-૧૯૬૦ |
| ● જયંતીલાલ જગજીવન સંઘવી | ૯-૩-૧૯૫૬ |
| ● જયંતીલાલ કાનજી દેઢિયા | ૨૬-૧૧-૧૯૪૯ |
| ● જયંતીલાલ લાલજી દેઢિયા | ૩૦-૯-૧૯૬૦ |
| ● જયસુખ જયંતીલાલ વોરા (જૈન) | ૧૯-૧૧-૧૯૬૬ |
| ● જયંતીલાલ રતનશી વીરા | ૧૯-૭-૧૯૫૬ |
| ● પૂનમ જયંતીલાલ મહેતા | ૧-૧૧-૧૯૬૭ |
| ● જયંતીલાલ વેલજી ગઢેચા | ૧૧-૧-૧૯૪૯ |
| ● જયચંદ માણેકજી શિયાલ | ૧૧-૧૨-૧૯૪૨ |
| ● જયેશ ભવાનજી નાગડા | ૫-૧૨-૧૯૪૮ |
| ● જયેશ કિશોર લાલકા | ૧૦-૫-૧૯૭૭ |
| ● જયેશ લક્ષ્મીચંદ શાહ (લોડાયા) | ૨૭-૧૨-૧૯૭૩ |
| ● જયેશ નાગજી શાહ | ૨-૧૧-૧૯૫૪ |
| ● જયેશ પ્રાગજી શાહ | ૨૩-૨-૧૯૬૩ |
| ● જયેશ પ્રતાપ શાહ | ૨૩-૨-૧૯૪૩ |
| ● જયેશ રમણિકલાલ મહેતા | ૫-૬-૧૯૫૮ |
| ● જયેશ ઠાકરશી લોડાયા | ૨૭-૩-૧૯૬૫ |
| ● જયપ્રકાશ હરિલાલ દલાલ | ૨૫-૪-૧૯૫૬ |
| ● જયપ્રકાશ મનુભાઈ શાહ | ૭-૭-૧૯૫૫ |
| ● જયસુખ નાનચંદ સંઘવી | ૧૨-૩-૧૯૬૬ |
| ● જીત રમણીકલાલ શાહ (ગાલા) | ૬-૧૧-૧૯૭૦ |
| ● જીજ્ઞેશ અમૃતલાલ શાહ | ૧૭-૧૨-૧૯૭૫ |
| ● જીજ્ઞેશ ચેતન મોમાયા | ૧૫-૮-૧૯૮૧ |
| ● જીજ્ઞેશ કનુભાઈ મહેતા | ૧૩-૨-૧૯૭૨ |
| ● જીજ્ઞેશ પુષ્પકાંત શાહ | ૧૯-૧-૧૯૭૪ |

*મિત્ર અને ઔષધિઓ બંને આપણી સહાયતા કરે છે, પરંતુ ઔષધિઓને એક્સપાયરી ડેટ હોય છે, મિત્રને નહિ.*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| ● જીજ્ઞેશ વીરેન્દ્ર શાહ (મૈશેરી) | ૯-૧૨-૧૯૬૫ |
| ● જિનેશ જીતેન્દ્ર પટવા | ૪-૮-૧૯૮૨ |
| ● જિતેન કલ્યાણજી ગડા | ૧૬-૫-૧૯૬૬ |
| ● જિતેન કાંતિલાલ શાહ (મોમાયા) | ૨૮-૧૨-૧૯૭૩ |
| ● જિતેન ઝવેરચંદ છેડા | ૧૮-૧૦-૧૯૭૨ |
| ● જિતેન્દ્ર ચંદુલાલ શાહ | ૧૦-૧૦-૧૯૪૫ |
| ● જિતેન્દ્ર દામજી સંઘોઇ | ૪-૩-૧૯૬૨ |
| ● જિતેન્દ્ર દેવજી ખોના | ૩૦-૫-૧૯૫૬ |
| ● જિતેન્દ્ર મૂલચંદ શાહ (રાંભિયા) | ૧૨-૨-૧૯૬૪ |
| ● અનિશ જીતેન્દ્ર શાહ | ૯-૨-૧૯૭૩ |
| ● જિતેન્દ્ર તલકશી મહેતા | ૨૫-૧૨-૧૯૬૨ |
| ● જિતેન્દ્ર ઉમરશી કુરુવા | ૩-૭-૧૯૫૮ |
| ● જિતેન્દ્ર વાડીલાલ મહેતા | ૧-૧૦-૧૯૬૮ |
| ● જિતેન્દ્ર વાડીલાલ શાહ | ૧૨-૫-૧૯૫૫ |
| ● જિતેશ શામજી વીરા | ૨૪-૧૧-૧૯૬૮ |
| ● જ્યોતિબહેન ઇશ્વરલાલ શાહ | ૧૪-૧૨-૧૯૩૧ |
| ● જ્યોતીન્દ્ર રવિલાલ સંઘવી | ૬-૭-૧૯૫૫ |
| ● જીવીબહેન નરપતલાલ મોથારિયા | — |
| ● કલ્પેશ ઉગરચંદ ગઢેચા | ૩-૧-૧૯૮૦ |
| ● દીપક કલ્યાણજી છેડા | ૧૮-૧૦-૧૯૭૫ |
| ● કમલેશ અમૃતલાલ મૈશેરી | ૩૦-૧૨-૧૯૬૩ |
| ● કમલેશ બાબુભાઇ શાહ | ૧૮-૮-૧૯૫૭ |
| ● કમલેશ મનુભાઇ શાહ (શેઠ) | ૯-૬-૧૯૫૯ |
| ● કમલેશ નલીન શાહ (સાવલા) | ૨૫-૨-૧૯૭૨ |
| ● કમલેશ શામજી લોડાયા | ૪-૮-૧૯૬૭ |
| ● કમલેશ શામજી લાલન | ૧૭-૧-૧૯૬૫ |
| ● કનકલાલ હેમચંદ શેઠ | ૨૧-૧-૧૯૪૪ |
| ● કાનજી સ્વરુપચંદ વોરા | — |
| ● કાંતિલાલ અંબાલાલ પુજ | ૨-૫-૧૯૪૯ |
| ● કાંતિલાલ ચુનીલાલ સંઘવી | — |
| ● કાંતિલાલ દલીચંદ લોદરિયા | ૮-૧-૧૯૬૩ |
| ● રાજુલ કાંતિલાલ ફુરિયા | ૨૧-૭-૧૯૮૦ |
| ● કાંતિલાલ નથુભાઇ સંઘવી | ૧-૧૨-૧૯૫૦ |
| ● દિલીપ રતનશી સાયા | ૮-૫-૧૯૫૪ |
| ● કાંતિલાલ રતિલાલ દોશી | ૧-૨-૧૯૫૮ |
| ● પ્રવીણચંદ્ર રતિલાલ દોશી | ૨૧-૪-૧૯૬૧ |
| ● અંકુર કાંતિલાલ ભણશાલી | ૨૦-૬-૧૯૭૯ |
| ● કાંતિલાલ વિશનજી લાપસિયા | ૧૬-૧૦-૧૯૫૪ |
| ● દિવ્યા રાજેન્દ્ર સોની | ૨૨-૪-૧૯૮૨ |
| ● કસ્તુરીબહેન ખીમજી લોડાયા | ૧૯૨૮ |
| ● કસ્તુરીબહેન સોમચંદ છેડા | ૧૪-૫-૧૯૪૦ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| ● કૌશિકકુમાર ભાઇચંદ શાહ (બાબરિયા) | ૧૯-૬-૧૯૬૬ |
| ● કેશવજી નાનજી શાહ (સૈયા) | ૨૬-૧૨-૧૯૩૯ |
| ● કેતન ઇન્દ્રજીત શાહ | ૨૪-૭-૧૯૬૯ |
| ● કેતન ચંદ્રકાંત શાહ (પોલડિયા) | ૯-૧૨-૧૯૭૬ |
| ● કેતન કનકલાલ શાહ | ૧૦-૨-૧૯૬૦ |
| ● કેતન મનહરલાલ દેઢિયા | ૧૭-૧૦-૧૯૭૩ |
| ● ખીમચંદ ખીંયશી છેડા | ૪-૫-૧૯૪૮ |
| ● ખીમજી નાનજી ગાલા | ૧૫-૬-૧૯૪૯ |
| ● સંદીપ ખીમજી ગાલા | ૨૨-૧૧-૧૯૭૪ |
| ● હરીશ ખીમજી છેડા | ૧૩-૮-૧૯૬૫ |
| ● ખુશાલ ખેરાજ ગોસર ગાલા | ૧૬-૫-૧૯૬૦ |
| ● ખુશાલ મગનલાલ શાહ (ગડા) | ૨૭-૫-૧૯૫૯ |
| ● ખુશાલ નરશી સોની | ૨૧-૯-૧૯૬૧ |
| ● ખુશાલ પદમશી ગોસર | ૧-૩-૧૯૬૫ |
| ● ખુશમાન ગુલાબચંદ શાહ | ૪-૨-૧૯૩૯ |
| ● જિજ્ઞેશ કિરણ વસા | ૧૯-૧-૧૯૭૭ |
| ● કિરણ ઇન્દ્રજીત ત્રેવડિયા | ૧૦-૧૨-૧૯૬૫ |
| ● કિરણ મનસુખલાલ ત્રેવડિયા (શાહ) | ૧૩-૯-૧૯૬૦ |
| ● કિરણ ઉમરશી રાંભિયા | ૧૭-૭-૧૯૮૨ |
| ● કિરીટ દેવજી મામણિયા | ૨૭-૫-૧૯૫૫ |
| ● કિરીટ પ્રેમજી નંદુ (શાહ) | ૨૦-૧૨-૧૯૬૪ |
| ● કિરીટ વસંતલાલ સંઘવી | ૨૫-૧૨-૧૯૫૮ |
| ● કિરીટભાઇ શાંતિલાલ શાહ (વોરા) | ૧૬-૬-૧૯૫૩ |
| ● કીર્તિદા મણિકાંત ઝવેરી | ૪-૩-૧૯૬૩ |
| ● કિરીટભાઇ મોરારજી વોરા | ૧-૬-૧૯૬૪ |
| ● કિરીટકુમાર શાંતિલાલ શાહ | ૧૫-૫-૧૯૫૪ |
| ● કિશોર ગોરધનરામ મહેતા (શાહ) | ૮-૯-૧૯૫૮ |
| ● કિશોર કુંવરજી છેડા | ૬-૧૦-૧૯૫૩ |
| ● કિશોર લખમશી દેઢિયા | ૧૦-૬-૧૯૫૬ |
| ● કિશોર રતનશી વીરા (શાહ) | ૨૩-૨-૧૯૬૪ |
| ● કુલીન ખેતશી ધરમશી | ૨૭-૯-૧૯૬૭ |
| ● કુમારપાળ કાંતિલાલ લોડાયા | ૧-૨-૧૯૬૩ |
| ● કુમારપાળ રમણિકલાલ મસાલિયા | ૧-૬-૧૯૭૨ |
| ● કુરપાર મોનશી દેઢિયા | ૧૧-૧-૧૯૫૯ |
| ● કુસુમ ચંદ્રકાંત લોડાયા (શાહ) | ૧૮-૧-૧૯૫૬ |
| ● કિરણ પ્રકાશ સૈયા | ૪-૧૧-૧૯૮૫ |
| ● કૌશિક ચંદ્રહાસ ખોના | ૨૬-૯-૧૯૬૭ |
| ● સેવંતીલાલ લહેરચંદ સંઘવી | — |
| ● લહેરચંદ લાડકચંદ કોઠારી | ૯-૬-૧૯૩૦ |
| ● લહેરચંદ પુનશી શાહ (મૈશેરી) | ૧૦-૧-૧૯૫૭ |
| ● લલિત રાયચંદ ખોના | ૨-૪-૧૯૫૭ |

*માણસ મરતા પહેલા અનેકવાર મરી ચૂક્યો હોય છે. વીર પુરુષ માત્ર એક જ વાર મૃત્યુનો સ્વાદ ચાખે છે. — શેક્સપિયર*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • લલિત સોમચંદ છેડા | ૩-૪-૧૯૬૫ |
| • અલ્પેશ લાલજી નંદુ | ૧૭-૮-૧૯૭૬ |
| • લક્ષ્મીબહેન માવજી ફુરિયા | ૧૪-૬-૧૯૩૮ |
| • લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી (શાહ) | ૧૭-૧૨-૧૯૬૧ |
| • તિલકચંદ ભાણજી મૈશેરી (શાહ) | ૧૨-૪-૧૯૬૮ |
| • લક્ષ્મીચંદ ચનાભાઇ શાહ (માલદે) | ૨૨-૯-૧૯૩૭ |
| • લક્ષ્મીચંદ કાનજી ગાલા | ૨૨-૧-૧૯૫૩ |
| • લક્ષ્મીચંદ શામજી વીરા | ૮-૧૧-૧૯૪૬ |
| • લક્ષ્મીચંદ વેલજી ધુલ્લા | ૧૨-૧૦-૧૯૫૩ |
| • લક્ષ્મીચંદ વીરજી વીરા | ૧૫-૭-૧૯૪૧ |
| • વિજય ઉમરશી ભારાણી (ખોના) | ૨૦-૯-૧૯૬૨ |
| • મધુબહેન મૂલચંદ મૈશેરી | ૨૬-૧૧-૧૯૫૬ |
| • મધુબહેન તિલકચંદ લોડાયા (શાહ) | ૨૧-૨-૧૯૬૨ |
| • મધુસુદન સાકરચંદ શાહ | ૨૫-૩-૧૯૫૫ |
| • મહાસુખલાલ રાયચંદ દતરાણિયા | ૨૪-૬-૧૯૫૫ |
| • મહેન્દ્ર દામજી છેડા | ૨૧-૧૨-૧૯૪૮ |
| • પ્રશાંત મહેન્દ્ર ખોના | ૮-૬-૧૯૭૬ |
| • તિમિર મહેન્દ્ર ખોના | ૧૦-૨-૧૯૮૦ |
| • હીરેન મહેન્દ્ર મોતા | ૧૯-૫-૧૯૮૦ |
| • નીરવ મહેન્દ્ર વસા | ૧૨-૪-૧૯૭૪ |
| • મહેન્દ્ર નાનચંદ સંઘવી | ૮-૩-૧૯૬૩ |
| • મહેન્દ્ર પ્રાગજી શાહ (કોરડિયા) | ૨૩-૧૧-૧૯૫૯ |
| • મહેન્દ્ર રવજી રાંભિયા (શાહ) | ૧૩-૨-૧૯૫૯ |
| • મહેન્દ્ર સાકરચંદ દોશી | ૮-૬-૧૯૪૩ |
| • મહેન્દ્ર વિશનજી શાહ | ૧-૨-૧૯૩૫ |
| • મહેશ ચત્રભુજ લોડાયા | ૧૧-૪-૧૯૫૭ |
| • મહેશ ખીમજી લોડાયા | ૪-૩-૧૯૬૯ |
| • મહેશ ઠાકરશી લોડાયા (શાહ) | ૧૨-૧૦-૧૯૬૮ |
| • દીપક માણેકજી દંડ | ૧૪-૩-૧૯૬૪ |
| • રસિક પ્રેમજી નિસાર | ૧૮-૪-૧૯૬૨ |
| • ભાવના મણિલાલ શાહ (ગાલા) | ૫-૨-૧૯૭૮ |
| • મણિકાંત ભાણજી મૈશેરી | ૨૪-૧૨-૧૯૬૫ |
| • મણિલાલ ધનજી દેઢિયા | — |
| • મણિલાલ નેણશી મૈશેરી | — |
| • મનીષ આણંદજી વીરા | ૧૭-૭-૧૯૬૯ |
| • મનીષ ચંદ્રકાંત ગાંધી | ૧૯-૮-૧૯૮૨ |
| • મનીષ કરમશી દેઢિયા | ૨૨-૧૧-૧૬૯ |
| • મનીષ લક્ષ્મીચંદ શાહ (લોડાયા) | ૨૨-૫-૧૯૭૨ |
| • મનીષ મણિલાલ ગોસર | ૩-૧૦-૧૯૭૨ |
| • મનીષ નેણશી મોતા | ૨-૧૨-૧૯૬૯ |
| • મનીષ પ્રફુલ્લ ખોના | ૨૩-૧૧-૧૯૭૦ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • મનીષ ઠાકરશી ધરમશી | ૯-૭-૧૯૬૮ |
| • મનીષ વિજય છાડવા | ૯-૧૦-૧૯૬૯ |
| • મનોજ દેવજી ગાલા | ૭-૫-૧૯૬૫ |
| • મનોજ મણિકાંત લોડાયા | ૫-૭-૧૯૬૫ |
| • મનોજ શાંતિલાલ સાવલા | ૨૯-૭-૧૯૬૮ |
| • મનોજ ત્રિભુવન શાહ | ૧૭-૧૦-૧૯૬૦ |
| • નયન ત્રિભુવન શાહ | ૧૦-૬-૧૯૬૭ |
| • મનુભાઇ ગોવિંદલાલ શાહ (કોરડિયા) | ૯-૧૨-૧૯૫૨ |
| • દેવેન મેઘજી છેડા | ૭-૬-૧૯૭૨ |
| • ગૌતમ મહેશ વીરા | ૪-૮-૧૯૬૦ |
| • મિતેષ રમેશચંદ્ર શાહ (લાલન) | ૨૨-૭-૧૯૭૧ |
| • મીઠુભાઇ (બાબુભાઇ) ખેતશી મહેતા | ૭-૧૨-૧૯૩૬ |
| • મોનીશ ભૂપેન્દ્ર વોરા | ૩૧-૧૦-૧૯૮૩ |
| • મુકેશ ચમનલાલ દોશી | ૪-૫-૧૯૬૦ |
| • મુકેશ લક્ષ્મીચંદ શાહ (વોરા) | ૨૦-૬-૧૯૬૧ |
| • મુકેશ મૂલજી લાલકા | ૨૪-૭-૧૯૬૩ |
| • મુકેશ મૂલજી સાવલા | ૧૭-૭-૧૯૬૧ |
| • મુકેશ પ્રેમજી ધરોડ | ૨૮-૫-૧૯૫૫ |
| • મુકેશ રમણલાલ ગાંધી | ૧૪-૪-૧૯૫૪ |
| • હિતેશ મુકેશ મુનવર | ૩-૫-૧૯૭૧ |
| • મુકેશ ઝવેરલાલ શાહ (શેઠ) | ૮-૧૦-૧૯૬૯ |
| • મુકેશ ઝુમખલાલ શાહ | ૨૨-૮-૧૯૭૧ |
| • મૂલચંદ લાલજી મોમાયા | ૨૬-૯-૧૯૬૧ |
| • મૂલચંદ નાનજી મારુ | ૨૨-૨-૧૯૬૮ |
| • મિલન પદમશી રતનશી ગોસર | — |
| • મેહુલ વિનોદભાઇ દોશી | ૧૭-૧૦-૧૯૭૯ |
| • નકુલ માણેકજી દંડ | ૬-૮-૧૯૬૫ |
| • નલીન દામજી મોમાયા | ૮-૭-૧૯૫૭ |
| • હેમાંગ નલીન શાહ (સાવલા) | ૧૪-૮-૧૯૭૭ |
| • નાનાલાલ છગનલાલ કોરડિયા | ૧૪-૬-૧૯૪૬ |
| • નંદિતા ભૂપેન્દ્ર શાહ | ૨૫-૧૦-૧૯૬૫ |
| • અલ્પેશ નાનજી ગાલા | ૨૧-૬-૧૯૬૮ |
| • નાનજી કેશવજી શાહ (મારુ) | ૨૧-૧૦-૧૯૩૬ |
| • ઉમેશ નારાણજી મૈશેરી | ૮-૯-૧૯૭૪ |
| • અનિલ નારાણજી લોડાયા | ૧૯૭૬ |
| • નરેન્દ્ર અમરચંદ શાહ | ૧૨-૭-૧૯૪૭ |
| • નરેન્દ્ર છગનલાલ શાહ | ૨૪-૯-૧૯૫૨ |
| • નરેન્દ્ર હરિલાલ સંઘવી | ૧૫-૩-૧૯૫૫ |
| • નરેન્દ્ર હીરાચંદ દંડ | ૧-૫-૧૯૮૦ |
| • નરેન્દ્ર જયંતીલાલ કોઠારી | ૧૭-૭-૧૯૫૬ |
| • રાજન નરેન્દ્ર શાહ (શિયાલ) | ૧-૧૨-૧૯૫૬ |

*આજે માણસે માણસની જે દશા કરી છે તે જોઈ મારા દુઃખનો પાર નથી. — વર્ડ્ઝવર્થ.*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • કેતન નરેન્દ્ર લોડાયા | ૧૪-૧૦-૧૯૭૬ |
| • જય નરેન્દ્ર ખોના | ૨૦-૩-૧૯૭૪ |
| • નરેન્દ્ર રામજી દેઢિયા | ૮-૯-૧૯૫૯ |
| • નરેશ ચુનીલાલ ગડા | ૨૭-૭-૧૯૭૮ |
| • નરેશ મણિલાલ ગરમાણિયા | ૨૦-૧૧-૧૯૬૭ |
| • નરેશ વાડીલાલ શાહ | ૨૭-૫-૧૯૫૨ |
| • રાહુલ નટવરલાલ શાહ | ૨૭-૫-૧૯૬૧ |
| • અમિત નટવરલાલ સંઘવી | ૨૨-૬-૧૯૬૮ |
| • નવદીપ કુંવરજી શાહ (નાગડા) | ૯-૩-૧૯૬૧ |
| • નવીન નાનજી શાહ (પોલડિયા) | ૮-૧૧-૧૯૪૮ |
| • નવીન રાયશી પોલડિયા | ૨૨-૧૦-૧૯૫૨ |
| • નવીનચંદ્ર બાબુલાલ સંઘવી | ૧૯૪૫ |
| • નવીનચંદ્ર ભવાનજી મૈશેરી | ૧-૯-૧૯૫૭ |
| • નવીનચંદ્ર ધનજી દંડ | ૨૦-૧૧-૧૯૪૯ |
| • નવીનચંદ્ર જેઠાભાઈ લાલકા | ૩૦-૪-૧૯૬૪ |
| • નવીનચંદ્ર કેશવજી મોતા | ૨૫-૪-૧૯૫૯ |
| • નવીનચંદ્ર મણિલાલ શાહ | ૨૭-૧-૧૯૫૫ |
| • નવીનચંદ્ર નાનજી પોલડિયા | ૨૭-૩-૧૯૪૩ |
| • નવીનચંદ્ર રામજી સતરા | ૮-૧૦-૧૯૪૮ |
| • નવીનચંદ્ર વાડીલાલ વોરા | ૪-૫-૧૯૭૪ |
| • નવીનચંદ્ર વાડીલાલ મહેતા | ૭-૩-૧૯૫૭ |
| • નયન કાંતિલાલ શાહ (સાવલા) | ૧૦-૪-૧૯૭૪ |
| • નયન નવીન ગાલા | ૨૬-૧૧-૧૯૮૧ |
| • નયના ચંદ્રકાંત મૈશેરી | ૨-૩-૧૯૫૯ |
| • નેહલ રમેશ શાહ | ૧૦-૬-૧૯૭૬ |
| • નેમચંદ જીવરાજ ગાલા | — |
| • નિહાર ધીરજલાલ મહેતા | ૧૩-૮-૧૯૮૩ |
| • નિખિલ કનકલાલ મહેતા | ૭-૧૧-૧૯૭૨ |
| • નિખિલ નવીનચંદ્ર શાહ | ૧૧-૧૦-૧૯૭૨ |
| • નિખિલ પ્રફુલ ખોના | ૬-૯-૧૯૬૨ |
| • નિકુંજ ધીરજલાલ મહેતા | ૭-૧૦-૧૯૭૮ |
| • નીલેશ લખમશી મોતા | ૧૬-૮-૧૯૭૨ |
| • નીલેશ રસિકલાલ શાહ | ૧૭-૧-૧૯૭૧ |
| • નિમિષ ચમનલાલ વોરા (જૈન) | — |
| • નીપેશ જયકુમાર શાહ | ૨૬-૧૦-૧૯૭૬ |
| • નિરંજન હરખચંદ સંઘવી | ૧૩-૪-૧૯૫૨ |
| • નિરંજન પૂનમચંદ મૈશેરી | ૩૦-૩-૧૯૫૬ |
| • નીરવ રમણીકલાલ શેઠ | ૧૯-૭-૧૯૭૪ |
| • નિતેન નવીનચંદ્ર વસા | ૩૦-૧૧-૧૯૬૨ |
| • નીતિન ભોગીલાલ શાહ | ૨૭-૯-૧૯૬૮ |
| • નીતિન ધનજી ગાલા | ૧૫-૧૧-૧૯૫૫ |
| • નીતિન હરિલાલ સંઘવી | ૨૯-૧૨-૧૯૫૬ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • નીતિન કાંતિલાલ લોડાયા | ૧-૫-૧૯૭૨ |
| • નીતિન પદમશી મોમાયા | ૧૦-૭-૧૯૪૬ |
| • નિમેષ ધીરજલાલ કરશનજી સંઘવી | ૭-૧૦-૧૯૬૭ |
| • નિમેષ મણિકાંત શિયાલ (શાહ) | ૧૬-૭-૧૯૮૦ |
| • પદમશી રતનશી સાયા | ૬-૧૦-૧૯૫૬ |
| • પંકજ કાંતિલાલ શાહ | ૭-૩-૧૯૬૬ |
| • પંકજ લક્ષ્મીચંદ મોતા | ૧૩-૫-૧૯૫૫ |
| • પંકજ મગનલાલ દેઢિયા | ૩-૧-૧૯૫૪ |
| • પંકજ મણિલાલ ખોના | ૧૪-૧૨-૧૯૫૭ |
| • પંકજ મેઘજી ગોગરી | ૨૧-૩-૧૯૬૨ |
| • પંકજ રસિકલાલ શાહ | ૮-૬-૧૯૬૫ |
| • પંકજ શાંતિલાલ મહેતા | ૧૩-૬-૧૯૬૯ |
| • પંકજબહેન કનૈયાલાલ મહેતા | ૧૮-૧૧-૧૯૭૧ |
| • પારસ કલ્યાણજી રાંભિયા | ૨૧-૧૧-૧૯૮૧ |
| • પારસ શાંતિલાલ સાવલા | ૨૫-૮-૧૯૭૧ |
| • પરેશ હરસુખલાલ ગાંધી | ૧૨-૧૧-૧૯૬૩ |
| • પરેશ હસમુખ દોશી | — |
| • પરેશ કાંતિલાલ શાહ | ૭-૨-૧૯૬૯ |
| • પરેશ મગનલાલ સંઘવી | ૧૮-૪-૧૯૬૨ |
| • પરેશ પદમશી ડાઘા | ૧૭-૧-૧૯૭૧ |
| • પરેશ પ્રભુલાલ વોરા | ૮-૮-૧૯૬૯ |
| • પરેશ રવિલાલ પારેખ | ૩૧-૧૦-૧૯૬૭ |
| • પરેશ શાંતિલાલ મહેતા | — |
| • પવન કિશોર રાંભિયા | ૧૬-૯-૧૯૮૫ |
| • પીયૂષ ભોગીલાલ શાહ | ૧૬-૧-૧૯૭૧ |
| • પીયૂષ હરખચંદ ગાલા | ૧૨-૧-૧૯૭૭ |
| • પીયૂષ હીરજી સાવલા | ૨૮-૨-૧૯૮૩ |
| • પીયૂષ રવિલાલ પારેખ | ૨૬-૧-૧૯૭૦ |
| • હિતેશ પ્રભુદાસ મહેતા | ૪-૧૦-૧૯૭૭ |
| • ચંદ્રેશ પ્રભુલાલ શેઠ | ૪૨ વર્ષ |
| • પ્રભુલાલ મણિલાલ વોરા | — |
| • સંદીપ પ્રભુલાલ વોરા | ૮-૧૧-૧૯૬૩ |
| • પ્રબોધ પ્રેમજી ગોગરી | ૩૦-૧૦-૧૯૫૯ |
| • પ્રબોધ તારાચંદ સંઘવી | ૨૮-૮-૧૯૫૨ |
| • પ્રદીપ દેવેન્દ્ર શાહ | ૫-૧-૧૯૬૪ |
| • પ્રદીપ ધારશી મહેતા | ૨૯-૧૨-૧૯૬૧ |
| • પ્રદીપ રસિકલાલ શાહ | ૧૯૫૬ |
| • પ્રદીપ શાંતિલાલ શાહ(વોરા) | ૯-૩-૧૯૫૫ |
| • પ્રદીપ સૂરજલાલ મહેતા | ૧૮-૧૨-૧૯૬૨ |
| • નીલેશ પ્રદીપ વોરા | ૨૯-૬-૧૯૭૭ |
| • પ્રદીપ ઝવેરચંદ છેડા | ૩૧-૮-૧૯૬૨ |
| • પ્રફુલ ભવાનજી દેઢિયા | ૩૦-૪-૧૯૭૨ |

*મનની બારીઓ સર્વ સદા ખુલ્લી રાખીએ. દશે દિશા તણા શુભ વિચારો આવકારીએ. — ઋગ્વેદ*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • પ્રફુલ કલ્યાણજી છેડા | ૯-૧૧-૧૯૫૯ |
| • કમલ પ્રફુલ સંઘવી | ૯-૮-૧૯૫૯ |
| • જીગર પ્રફુલ સંઘવી | ૨૯-૧૦-૧૯૭૧ |
| • પ્રફુલ શામજી શાહ (ધરમશી) | ૧૮-૧૦-૧૯૫૨ |
| • પ્રફુલ વીરચંદ ધરમશી | — |
| • પ્રફુલ વિશનજી દેઢિયા | ૪-૩-૧૯૫૪ |
| • પ્રકાશ (ડૉ.) ગોવિંદલાલ શાહ | ૨૬-૧૧-૧૯૫૬ |
| • પ્રકાશ ધીરજલાલ રાંભિયા | ૨૨-૮-૧૯૬૩ |
| • પ્રકાશ જયંતીલાલ મહેતા | ૨૭-૬-૧૯૫૬ |
| • પ્રકાશ કાંતિલાલ મહેતા | ૧૦-૯-૧૯૭૨ |
| • પ્રકાશ મીઠુભાઇ સૈયા | ૧૭-૧૧-૧૯૬૧ |
| • પ્રકાશ શાંતિલાલ મહેતા | ૭-૧-૧૯૬૪ |
| • પ્રવીણ હરજીવન સંઘવી | ૨૧-૩-૧૯૫૪ |
| • પ્રવીણ કાંતિલાલ શાહ(વોરા) | ૯-૧૨-૧૯૫૫ |
| • પ્રવીણ કેશવજી મોતા | ૩-૪-૧૯૭૭ |
| • દીપક પ્રવીણ લોડાયા | ૯-૮-૧૯૭૪ |
| • પ્રવીણ વેરશી હરિયા | ૧૭-૧૧-૧૯૪૯ |
| • સંદીપ પ્રવીણચંદ્ર શાહ | ૫-૧૧-૧૯૭૦ |
| • પ્રવીણચંદ્ર હેમચંદ શેઠ | — |
| • પ્રવીણચંદ્ર કેશવલાલ દોશી | ૧૨-૪-૧૯૪૯ |
| • હરમેશ પ્રવીણચંદ્ર શાહનંદ | ૨૦-૧૧-૧૯૭૪ |
| • દીપક પ્રવીણચંદ્ર સંઘવી | ૫-૩-૧૯૬૫ |
| • પ્રવીણકાંત દામજી નાગડા | ૪-૧૧-૧૯૫૨ |
| • પ્રેમીલાબહેન માયાચંદ સંઘવી | — |
| • પ્રેમજી રામજી મારૂ | — |
| • પ્રિતેશ પ્રવીણચંદ્ર શાહનંદ | ૪-૧૧-૧૯૭૨ |
| • પુષ્પા મંગલદાસ શાહ | ૯-૮-૧૯૪૪ |
| • પારસ રાજેન્દ્ર દંડ | ૧૫-૮-૧૯૮૦ |
| • પ્રકાશ ભોગીલાલ મહેતા | ૨૦-૧૦-૧૯૬૬ |
| • રાહુલ ભવાનજી નાગડા | ૩-૧૧-૧૯૭૫ |
| • રાહુલ ચંદ્રકાંત લોડાયા | ૨૦-૧૧-૧૯૭૬ |
| • રાહુલ પ્રતાપ દંડ | ૨૧-૬-૧૯૭૨ |
| • રાયચંદ કેશવજી નાગડા | ૬-૭-૧૯૩૮ |
| • રાયચંદ લાડકચંદ કોઠારી | ૩૦-૯-૧૯૩૫ |
| • રજનીકાંત બાબુલાલ શાહ (ત્રેવાડિયા) | ૭-૧૦-૧૯૬૪ |
| • પ્રકાશ બાબુલાલ શાહ (ત્રેવાડિયા) | — |
| • રાજેન્દ્ર ભાઇલાલ દોશી | ૬-૧૦-૧૯૫૬ |
| • રાજેન્દ્ર ભવાનજી ગાલા | ૨૨-૧-૧૯૬૮ |
| • રાજેન્દ્ર દેવજી ખોના | ૧૮-૧-૧૯૬૩ |
| • રાજેન્દ્ર મણિલાલ વસા | — |
| • રાજેન્દ્ર પ્રાણલાલ મહેતા | ૭-૧૦-૧૯૫૬ |
| • રાજેન્દ્ર ત્રિભુવન શાહ | ૨૫-૧-૧૯૬૫ |
| • રાજેન્દ્ર વાડીલાલ મહેતા | ૨૫-૬-૧૯૬૧ |
| • રાજેશ બાબુભાઇ શાહ | ૧૨-૮-૧૯૫૯ |
| • રાજેશ ગોવિંદજી છેડા | ૮-૨-૧૯૬૯ |
| • રાજેશ હીરાલાલ શાહ | ૬-૯-૧૯૫૯ |
| • રાજેશ ખીમચંદ ધરમશી | ૧૬-૧૧-૧૯૭૧ |
| • રાજેશ લક્ષ્મીચંદ શાહ (મોતા) | ૧૩-૬-૧૯૬૯ |
| • રાજેશ રસિકલાલ ધરમશી | ૧૪-૧-૧૯૫૮ |
| • રાજેશ રતનશી વોરા | ૧૨-૨-૧૯૬૬ |
| • રાજેશ તલકશી મહેતા | ૧૪-૧૦-૧૯૬૬ |
| • રાજેશ ઝવેરચંદ છેડા | ૨૨-૮-૧૯૬૬ |
| • રાજેશ ઝુમખલાલ શાહ | ૧-૮-૧૯૬૮ |
| • રજનીકાંત ખીમજી મહેતા | ૨૧-૪-૧૯૬૨ |
| • રજનીકાંત લક્ષ્મીચંદ શાહ | ૨૪-૯-૧૯૪૯ |
| • રજનીકાંત માણેકલાલ કોઠારી | ૨૭-૩-૧૯૪૮ |
| • રાજુ હરખચંદ ગાલા | ૧-૭-૧૯૬૩ |
| • રાજુ રમણિકલાલ દોશી | ૩૦-૪-૧૯૬૪ |
| • રાકેશ ધીરજલાલ સંઘવી | ૧૨-૯-૧૯૭૨ |
| • રાકેશ હરખચંદ પોલડિયા (શાહ) | ૨૪-૧૦-૧૯૮૪ |
| • રક્ષાબહેન ભરત ભેદા | ૬-૪-૧૯૬૬ |
| • રમણિકલાલ દામજી સાવલા | ૨૮-૩-૧૯૪૯ |
| • રમણિકલાલ શિવજી વોરા | ૬-૯-૧૯૫૧ |
| • રાકેશ રમણલાલ લોડાયા(શાહ) | ૨૫-૧૦-૧૯૬૫ |
| • રમેશ ભવાનજી મૈશેરી | ૨૬-૧૦-૧૯૫૪ |
| • રમેશ કેશવજી મોતા | ૧૮-૨-૧૯૬૩ |
| • રમેશ કુંવરજી સાવલા | ૨૩-૧૨-૧૯૫૨ |
| • રમેશ મણિલાલ પૂજ | ૯-૮-૧૯૭૦ |
| • રમેશ પાસુભાઇ શાહનંદ | ૩-૫-૧૯૫૮ |
| • રમેશ પુરુષોત્તમ મહેતા | ૧૧-૩-૧૯૪૭ |
| • મનીષ રમેશ સાવલા | ૩-૧૨-૧૯૬૭ |
| • રમેશચંદ્ર ભીમજી દેઢિયા | ૨૬-૬-૧૯૬૧ |
| • રમેશચંદ્ર હંસરાજ દેઢિયા | ૧૦-૪-૧૯૫૨ |
| • રમીલા અમૃતલાલ કોરડિયા | ૧૯૪૩ |
| • રામજી લખમશી ગોગરી | — |
| • રસિકલાલ અમરશી શેઠ | ૨-૧-૧૯૭૦ |
| • રસિકલાલ ખીમજી મહેતા | ૮-૯-૧૯૬૦ |
| • રસિકલાલ મોરારજી વોરા | ૧૪-૪-૧૯૫૬ |
| • રસિકલાલ રાયચંદ મહેતા | ૨૧-૮-૧૯૫૦ |
| • રસિકલાલ રાવજી વોરા | ૩-૨-૧૯૫૭ |
| • રતનબહેન લક્ષ્મીચંદ મોમાયા | — |
| • રતિલાલ અમૂલખ મહેતા | ૨૧-૫-૧૯૫૮ |
| • તરૂલતાબહેન નરેન્દ્ર શાહ | ૧૮-૩-૧૯૫૭ |
| • મનીષ રવિલાલ વોરા | ૭-૧-૧૯૬૯ |

*સ્વતંત્રતા એટલે બંધનવિહીન મનનો ચિરકાલિન જુસ્સો. – બાયરન*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • ચંદ્રકાંત રવિલાલ મહેતા | ૫-૧૨-૧૯૬૨ |
| • નરેન્દ્ર રવિલાલ મહેતા | ૨૬-૯-૧૯૬૮ |
| • રવીન્દ્ર ભાઇલાલ શાહ | ૧૪-૧-૧૯૫૩ |
| • રાયશી હીરજી દેઢિયા | ૨૦-૧૧-૧૯૭૧ |
| • અનીક દેવજી ગાલા | ૫-૫-૧૯૭૦ |
| • રીંકુભાઇ અમૃતલાલ સંઘવી | ૧૨-૮-૧૯૮૧ |
| • રીટા યોગેશકુમાર દેઢિયા | ૧૩-૧૧-૧૯૭૪ |
| • રોહિત ચુનીલાલ સંઘવી | ૨૪-૫-૧૯૬૪ |
| • રોહિત ડાહ્યાલાલ શાહ (મોથારિયા) | ૨૪-૮-૧૯૫૫ |
| • રોહિત ખીમજી દેઢિયા | ૭-૬-૧૯૭૧ |
| • રોહિત કુલીનકાંત લોડાયા | ૧૯-૮-૧૯૫૦ |
| • રોહિત રણછોડદાસ ગાંધી(દોશી) | ૨૮-૮-૧૯૪૯ |
| • રોહિત શાંતિલાલ સંઘવી | ૪-૩-૧૯૬૪ |
| • રૂપેશ કાંતિલાલ સાવલા | ૧૭-૮-૧૯૭૨ |
| • ઋષભ રશ્મિકાંત સંઘોઇ | ૧-૬-૧૯૮૫ |
| • રવીન્દ્ર પ્રકાશ સૈયા | ૧૪-૯-૧૯૮૨ |
| • રાહુલ નવીનચંદ્ર સંઘવી | ૩૧-૧૨-૧૯૭૯ |
| • સમીર ખીમજી ઓભાયા દેઢિયા | ૨૪-૪-૧૯૭૬ |
| • સનત તલકશી મહેતા | ૧૭-૭-૧૯૬૧ |
| • સંદીપ અશોકકુમાર મહેતા | ૨૪-૧૨-૧૯૬૮ |
| • સંદીપ શાંતિલાલ ગાલા | ૨૦-૯-૧૯૭૨ |
| • સંદીપ શાંતિલાલ સંઘવી | ૨૧-૧૨-૧૯૬૩ |
| • સંદીપ તારાચંદ શાહ (મોતા) | ૪-૧૦-૧૯૬૩ |
| • સંજય ભાઇચંદ બાબરિયા | ૯-૮-૧૯૭૧ |
| • સંજય લક્ષ્મીચંદ મોતા | ૧૩-૪-૧૯૫૯ |
| • સંજય મનસુખલાલ ખાંડવાલા | ૭-૧૧-૧૯૬૨ |
| • સંજય મનુભાઇ શાહ | ૨૨-૧૧-૧૯૬૬ |
| • સંજય નરશી લોડાયા | ૯-૪-૧૯૬૪ |
| • સંજય શાંતિલાલ છેડા | ૨-૧૨-૧૯૭૩ |
| • સંજય શાંતિલાલ મહેતા | ૨૧-૬-૧૯૭૧ |
| • સંજીવ સૂર્યકાંત શાહ | ૩-૨-૧૯૬૬ |
| • સરોજ રવિલાલ દોશી | ૧૯૩૬ |
| • સતીષ હેમચંદ્ર વોરા | ૩૦-૫-૧૯૬૧ |
| • સતીષચંદ્ર ખોડીદાસ સંઘવી | ૪-૧૦-૧૯૪૯ |
| • સેવંતીકુમાર રાવજી વોરા | ૧-૪-૧૯૬૫ |
| • સંજય સેવંતીકુમાર સંઘવી | ૨-૨-૧૯૭૬ |
| • શૈલેન વિજયસેન શાહ | — |
| • શૈલેષ ચમનલાલ દોશી | — |
| • શૈલેષ ધારશી સંઘવી | ૧૬-૭-૧૯૫૭ |
| • શૈલેષ શામજી નાગડા | ૩૧-૩-૧૯૬૫ |
| • શૈલેષ ઉગરચંદ ગઢેચા | ૧૨-૪-૧૯૭૪ |
| • શામજી ભવાનજી મોમાયા(ઝવેરી) | ૩૦-૧૨-૧૯૨૪ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| • દિલીપ શામજી ગાલા | ૬-૩-૧૯૭૩ |
| • મયૂર શામજી ગાલા | ૪-૨-૧૯૭૮ |
| • નવીન અમૃતલાલ મૈશેરી | ૨૬-૧૦-૧૯૬૬ |
| • કેતન શાંતિલાલ શાહ | ૧૪-૧૨-૧૯૭૦ |
| • રાહુલ શાંતિલાલ શાહ | ૫-૧૨-૧૯૭૧ |
| • શાંતિલાલ દેવરાજ દંડ | ૧-૬-૧૯૫૬ |
| • સંજય શાંતિલાલ છેડા | ૨-૧૨-૧૯૭૩ |
| • શાંતિલાલ રતનશી શાહ(ગોસર) | — |
| • શાંતિલાલ રવજી રાંભિયા | ૧૭-૧-૧૯૪૯ |
| • અજય શાંતિલાલ સંઘવી | ૨૦-૧-૧૯૬૭ |
| • શાંતિલાલ વસનજી શાહ (લોડાયા) | ૨૧-૯-૧૯૩૪ |
| • શાંતિલાલ વેલજી ગાલા | ૮-૮-૧૯૬૨ |
| • શરદ જયંતીલાલ મહેતા | ૧૨-૧૧-૧૯૫૬ |
| • શશીકાંત હરિલાલ શાહ | — |
| • શશીકાંત માણેકલાલ શાહ (અમડકા) | ૨૧-૨-૧૯૬૨ |
| • શશીકાંત નેમજી ગાલા | ૧૯-૧-૧૯૬૧ |
| • અનિષ શશીકાંત સંઘવી | ૧૯-૫-૧૯૬૬ |
| • શીરીષ જયસુખલાલ પારેખ | ૨૩-૩-૧૯૬૩ |
| • શીરીષ નાનાલાલ શાહ (કોરડિયા) | ૨૪-૯-૧૯૬૧ |
| • શોભના નરેન્દ્ર ધરમશી | ૫-૩-૧૯૪૩ |
| • સિદ્ધાર્થ જસવંત કોઠારી | ૩૦-૪-૧૯૮૧ |
| • સ્નેહલ પ્રવીણચંદ્ર શેઠ | ૪-૮-૧૯૭૬ |
| • સોમચંદ ભાણજી મૈશેરી | ૧૯-૭-૧૯૫૯ |
| • સોમચંદ લક્ષ્મીચંદ લોડાયા | ૨૦-૮-૧૯૫૯ |
| • સ્તુતિ કલ્પેશ ગાલા | ૧૨-૪-૧૯૭૭ |
| • સુધીર ચીમનલાલ શાહ | ૧૭-૫-૧૯૬૩ |
| • સુકેતુ ચીમનલાલ પારેખ | ૫-૧૨-૧૯૪૩ |
| • સુખલાલ અમૃતલાલ મોરબિયા | ૧૨-૧૧-૧૯૫૬ |
| • સુનીલ દેવજી ગોગરી | ૧૧-૭-૧૯૬૩ |
| • સુનીલ ગોવિંદજી શાહ (નાગડા) | ૩૦-૬-૧૯૬૪ |
| • સુનીલ ખીમજી દંડ | ૨૫-૨-૧૯૬૩ |
| • સુરેશ લહેરચંદ કોઠારી | ૨૦-૧૨-૧૯૫૫ |
| • સુરેશ નરશી સોની | ૨૪-૬-૧-૧૯૫૫ |
| • સુરેશ શિવજી નાગડા | ૨૯-૫-૧૯૬૧ |
| • સુરેશ ઉગરચંદ ગઢેચા | ૧-૬-૧૯૬૫ |
| • સ્મિત રમેશચંદ્ર શાહ | ૧-૪-૧૯૭૩ |
| • વીરેન શાંતિલાલ શેઠ | — |
| • તલકશી નાનજી મારુ | ૨-૭-૧૯૬૩ |
| • ઉમેશ રાયચંદ દંડ | ૧-૧૨-૧૯૭૧ |
| • તારાબહેન રમણલાલ શાહ (લોડાયા) | ૧૯-૫-૧૯૪૦ |
| • તારાચંદ વેલજી રતાણી | ૧૪-૧૧-૧૯૪૪ |
| • તરુણ પ્રતાપ દંડ | ૧-૯-૧૯૭૩ |

*લોકો તમારી સાથે કેવી રીતે વર્તે તો તમને ગમે? તમે પણ તે જ રીતે તેમની સાથે વર્તો. – ઈસુ ખ્રિસ્ત*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| ● તેજસ હંસરાજ લોડાયા | ૧૭-૪-૧૯૭૩ |
| ● તિલકચંદ ભાણજી મૈશેરી (શાહ) | ૧૨-૪-૧૯૬૮ |
| ● ટોકરશી કેશવજી શાહ (મારૂ) | ૨૫-૧૧-૧૯૩૭ |
| ● ટોકરશી નરશી લોડાયા (શાહ) | ૧૪-૧૧-૧૯૬૦ |
| ● ઉલ્લાસ મનુભાઇ શાહ | ૨૭-૨-૧૯૭૭ |
| ● ઉમંગ જયંતીલાલ શાહ | ૨૪-૩-૧૯૭૭ |
| ● ઉમેશ શાંતિલાલ શાહ (મુનવર) | ૫-૪-૧૯૫૭ |
| ● ઉષા પ્રકાશ વોરા | ૫-૭-૧૯૭૫ |
| ● વાડીલાલ મલૂકચંદ મહેતા | ૬-૬-૧૯૪૦ |
| ● વીરેન વાડીલાલ મહેતા | ૧૩-૯-૧૯૬૮ |
| ● વૈશાલી અજય ગાંધી | ૧૩-૯-૧૯૬૮ |
| ● કિશોર વાલજી છેડા | ૧૭-૧૧-૧૯૭૦ |
| ● જિતેન વલ્લભજી નિસાર | ૩૦-૧૨-૧૯૭૮ |
| ● ગીરીશ વર્ધમાન છેડા | ૬-૧૧-૧૯૭૦ |
| ● વસંત બાબુભાઇ નાગડા | ૧૦-૩-૧૯૫૪ |
| ● વસંત ભવાનજી શાહ (સંઘોઇ) | — |
| ● વાસંતી જીવરાજ સાવલા | ૨૬-૨-૧૯૬૭ |
| ● વાસંતી જયંતીલાલ વીરા | ૧૦-૯-૧૯૬૦ |
| ● વસંતલાલ ખીમજી શેઠિયા | ૨૧-૧૧-૧૯૫૩ |
| ● કિરણ વસંતલાલ મહેતા | ૩-૧-૧૯૮૦ |
| ● વર્ષા અનીલ હરિયા | ૧૪-૭-૧૯૬૬ |
| ● વિજય ભવાનજી દેઢિયા | ૩૦-૧૧-૧૯૬૬ |
| ● વિજય હરસુખલાલ ગાંધી | ૫-૫-૧૯૬૩ |
| ● વિજય કલ્યાણજી છેડા | ૨-૧૧-૧૯૬૬ |
| ● વિજય રમણલાલ ગાંધી | ૩-૧૦-૧૯૬૬ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | જન્મ તારીખ |
|---|---|
| ● વિજય રતનલાલ મુનવર | ૩૧-૧૦-૧૯૪૮ |
| ● વિજય શાંતિલાલ મહેતા | ૧૮-૬-૧૯૬૬ |
| ● વિજય સ્વરુપચંદ શાહ (કોરડિયા) | ૨૧-૭-૧૯૬૯ |
| ● અમિત સ્વરુપચંદ શાહ (કોરડિયા) | ૨૧-૧૧-૧૯૭૩ |
| ● વિમેશ ગુલાબચંદ શાહ (લોડાયા) | ૩-૧૧-૧૯૬૩ |
| ● વિનોદ જયંતીલાલ દેઢિયા | ૨૨-૮-૧૯૭૩ |
| ● વિનોદ કાંતિલાલ શેઠ | ૧૯-૧૧-૧૯૪૮ |
| ● વિનોદ શિવચંદ મહેતા | ૬-૩-૧૯૪૨ |
| ● વિનોદ વાડીલાલ શાહ | ૨૫-૬-૧૯૫૭ |
| ● વિપીન (બિપીન) રસીકલાલ શાહ | ૧૮-૫-૧૯૫૯ |
| ● વિપુલ નવીન હરિયા | ૧૮-૧-૧૯૭૦ |
| ● વિપુલ રમણિકલાલ ગોસર | ૧૩-૧-૧૯૭૬ |
| ● વીરચંદ પદમશી ડાઘા (શાહ) | ૧૯૨૭ |
| ● વીરેન્દ્ર દામજી છેડા | ૭-૧૦-૧૯૫૫ |
| ● વિશાલ અનિલ શાહ (મોતા) | ૬-૧૦-૧૯૮૨ |
| ● વિશાલ મહેન્દ્ર શાહ | ૬-૧-૧૯૬૩ |
| ● વિશાલ મૂલચંદ ગાલા | ૫-૧૦-૧૯૮૩ |
| ● યતીન ધારશી સંઘવી | ૩૦-૧૧-૧૯૫૯ |
| ● યોગેશ નેણશી મોતા | ૨૧-૮-૧૯૭૪ |
| ● દેવાંગ ઝુમખલાલ શાહ (વોરા) | ૨૬-૧૦-૧૯૭૭ |
| ● વીણાબહેન પ્રવીણ વોરા | — |
| ● જગદીશ અજિત મહેતા | — |
| ● કિરણ ચંદુલાલ દંડ | — |
| ● પ્રફુલ મુલજી શાહ | — |
| ● શાંતિલાલ નેણશી નાગડા | — |

**આથી સર્વે સભ્યોને જણાવવાનું કે ઈન્સ્યુરન્સ કંપની તરફથી મળેલી સૂચના પ્રમાણે નીચેની હોસ્પિટલોમાં સારવાર લીધેલ હશે તો તેનું મેડિકલેઈમનો દાવો પાસ થશે નહીં. જેથી નીચેની હોસ્પિટલમાં સારવાર લેનારને વીમા કંપનીમાંથી કલેઈમ ચૂકવવામાં આવશે નહીં.**

**ક્રમ હોસ્પિટલનું નામ અને સરનામુ**

**૧. આદિત્ય મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ**
એફ-૧, સેન્ટર પ્લાઝા, સત્તાધાર ચાર રસ્તા, સોલા રોડ.

**૨. શારદા ક્લિનિક અને હોસ્પિટલ.**
અસારવા ચકલા, અમદાવાદ.

**૩. પોલી ક્લિનિકલ**
સરગમ, અમદાવાદ.

**૪. હેતવી હોસ્પિટલ**
ઘાટલોડિયા, અમદાવાદ.

**૫. અમી સર્જિકલ હોસ્પિટલ**
સુભદ્ર નગર, પાટણ.

**૬. બી.કે. ક્લિનિકલ હોસ્પિટલ**
પ્રહલાદ નગર, અમદાવાદ.

**૭. સંજીવની હાર્ટ એન્ડ મેડિકલ હોસ્પિટલ**
સંજીવની કોમ્પ્લેક્સ, વાડજ, અમદાવાદ.

**૮. જે. જે. હોસ્પિટલ**
મેસાણા સોસાયટીની સામે, ચાણક્યપુરી, અમદાવાદ.

**૯. અક્ષર હોસ્પિટલ**
શાહીબાગ રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, અમદાવાદ.

**૧૦. પાર્થ હોસ્પિટલ**
રામજી મંદિરની બાજુમાં, સાબરમતી, અમદાવાદ.

**૧૧. ભારતી વલ્લભ હોસ્પિટલ**
શાહીબાગ રેલવે ક્રોસિંગ, અમદાવાદ.

**૧૨. વેદ હોસ્પિટલ**
ઘાટલોડિયા, અમદાવાદ.

**૧૩. મેડિલિંક હોસ્પિટલ**
શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.

**૧૪. મેફ્લાવર હોસ્પિટલ**
હેલમેટ ચાર રસ્તા, અમદાવાદ.

**૧૫. કર્ણાવતી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ**
સૈજપુર ટાવર પાસે, નરોડા, અમદાવાદ.

**૧૬. લાઈફ કેર હોસ્પિટલ**
સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ.

*ધનની તરસની પેઠે જ્ઞાનની તરસ પણ જેમ સંતોષાતી જાય તેમ વધતી જાય છે. – લોરેન્સ સ્ટર્ન*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## સપ્ટેમ્બર / ઓક્ટોબર – ૨૦૧૦

- **બુધવાર, તા. ૨૯-૯-૨૦૧૦**

☆ આણંદજી કલ્યાણજી કમ્પાઉન્ડ-બહેરામપુરામાં વસવાટ કરતા પશ્ચિમ બાજુના ૮ બ્લોકના એસોસિએશનના પ્રમુખ શ્રી જગદીશભાઈ તથા અન્ય, શ્રી રાજુભાઈ ત્રેવાડિયાને સાથે લઈને શ્રી અશોક મહેતાને રૂબરૂ મળેલ હતા. તેઓ જે મકાનોમાં રહે છે, એ મકાનોના રિનોવેશન બાબતે અલગ અલગ દૃષ્ટિએ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૨-૧૦-૨૦૧૦**

☆ યુવા વિકાસ સમિતિના વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના કાર્યક્રમ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. આ અંગે શ્રી અશોક મહેતા, શ્રી નવીન લાલકા, શ્રી વિશાલ શાહ તથા શ્રી વિમેશ શાહ ઉપસ્થિત રહેલ હતા. વિગતવાર કાર્યક્રમ નક્કી કરી તેને ફાઈનલ સ્વરૂપ આપવામાં આવેલ હતું. આ સમયે સમાજના શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી રજનીભાઈ પારેખ પણ ઉપસ્થિત રહેલ હતા.

☆ આજ રોજ દિપોત્સવી મીઠાઈ, ફરસાણ તથા ડ્રાયફ્રુટ બનાવવા/મેળવવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી રજનીભાઈ પારેખ ઉપસ્થિત રહેલ હતા.

- **રવિવાર, તા. ૩-૧૦-૨૦૧૦**

☆ આજ રોજ સવારના ભાગે શ્રી કચ્છી જૈન ભવન પર સમાજના ૫ વર્ષની વય સુધીના બાળકોના વાલીઓ સાથે 'શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ' દ્વારા એક કાઉન્સેલિંગ સેમિનાર રાખવામાં આવેલ હતો. લગભગ ૬૦ જેટલી વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી. શ્રીમતી નિમ્રત સિંઘે આ અંગે જરૂરી કાઉન્સેલિંગ કરેલ હતું. શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનરશ્રી તથા અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહેલ હતા.

☆ મુંબઈ અતિથિ ભવન અંગે સુરત સ્થિત શરદભાઈ દંડ અમદાવાદ આવેલ હોવાથી જરૂરી ચર્ચા વિચારણા કરવા તેમની સાથે સમાજના કેટલાક ટ્રસ્ટીશ્રીઓની મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર રાખવામાં આવેલ હતી. આ પ્રસંગે શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી રમણિકલાલ કું. ગોસર, શ્રી અશ્વિન હીરજી સાવલા, શ્રી હસમુખ ગઢેચા, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી મનુભાઈ શાહ, શ્રી વીરેન્દ્ર રા. લોડાયા, શ્રી રજનીભાઈ પારેખ વગેરે ઉપસ્થિત રહેલ હતા. મુંબઈ અતિથિ ભવનના પ્રોબ્લેમ ઉકેલવા શ્રી શરદભાઈ દંડ આપણને મુંબઈમાં મદદ કરી રહેલ હોવાથી તેમની સાથે આ મિટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૫-૧૦-૧૦**

☆ 'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૧૦ એટલે કે દિપોત્સવી અંકના ખર્ચને પહોંચી વળવા માટે આજે વિવિધ મહાનુભાવો પાસેથી જાહેરાતો એકત્રિત કરવામાં આવેલ હતી. આ અંગે વિવિધ શહેરોમાં વસવાટ કરતા કચ્છી મહાનુભાવો તરફથી સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થયેલ હતો.

- **ગુરુવાર, તા. ૭-૧૦-૧૦**

☆ નિર્મળા નિકેતન-મુંબઈથી ત્યાંની ૨૮ વિદ્યાર્થિનીઓને લઈને શ્રીમતી ઈલાબહેન દેઢિયા એક એજ્યુકેશનલ ટૂર લઈને અમદાવાદ છેલ્લા ત્રણેક દિવસથી પધારેલ છે. તેઓનું રોકાણ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર રાખવામાં આવેલ. આજે કેટલીક કચ્છી વિદ્યાર્થિનીઓને લઈને તેઓશ્રી શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ. તેઓ શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી રજનીભાઈ પારેખ વગેરેને મળેલ હતા. સમાજની વિવિધ પ્રવૃત્તિઓથી તેઓશ્રીને વાકેફ કરવામાં આવેલ હતા.

☆ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર સામાજિક સુરક્ષા સમિતિની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી સૂરજલાલ મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના એજન્ટ શ્રી નૃપેશભાઈ સાથે એક્સિડન્ટ પોલિસી અંગે ચર્ચા કરવામાં આવેલ. તેમાં ફેરફાર કરી વધુ સભ્યોનો સમાવેશ કરવાની શક્યતા અંગે વિચારણા કરવામાં આવેલ. મેડીક્લેઈમ વીમા અંગે પણ જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર માંડવીના શ્રી નવીનભાઈ સોદાગર રૂબરૂ આવેલ હતા. કચ્છમાં થતા ખારેકના પાક અંગે તેમની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહ ઉપસ્થિત રહેલ હતા.

☆ આજ રોજ મેડિકલ વિભાગમાં કામ કરતા ૧૮ જેટલા સ્ટાફના સભ્યોએ મોકલેલ એક આવેદન પત્ર મળેલ હતો.

- **શુક્રવાર, તા. ૮-૧૦-૧૦**

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા મળેલ હતા અને તેઓએ મુંબઈ અતિથિ ભવન, મેડિકલના પ્રશ્નો, ગર્લ્સ હોસ્ટેલ, શ્રી કચ્છી સમાજ-અમદાવાદનો આવેલ પત્ર, દિવાળીના સમયે રિટેઈલ કાઉન્ટર, દિપોત્સવી મીઠાઈ વગેરે અનેકવિધ પ્રશ્ને ચર્ચા-વિચારણા કરેલ હતી. શ્રી પ્રતીક ભગત તથા હર્ષલ મોદી સાથે કલગી ચાર રસ્તા પરના ૧૩૫૦ વારના પ્લોટ પરના મકાન અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૯-૧૦-૧૦**

☆ મેડિકલ વિભાગમાં P.R.O. તરીકે સેવા આપવા માંગતા ડૉ. નિહાલાનીનો ઈન્ટરવ્યૂ ડો. ચંદ્રકાન્ત દેઢિયા તથા શ્રી કાંતિભાઈ સાવલા દ્વારા લેવામાં આવેલ હતો.

☆ આજે મેડિકલ વિભાગના કેટલાક સ્ટાફ

*ઈશ્વર એવો ક્ષમાવાન છે કે એ આપણને હંમેશાં પસ્તાવાની તક આપે છે. – ગાંધીજી*

મેમ્બર સાથે શ્રી અશોક મહેતા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ રૂબરૂ ચર્ચા કરેલ હતી.

☆ યુવા વિકાસ સમિતિ આયોજિત નવરાત્રી મહોત્સવનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં અંદાજિત ૪૦૦ વ્યક્તિની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો. શ્રીમતી પ્રભાવતી કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈના શિલ્ડ તથા ઈનામો વિજેતાશ્રીઓને શ્રી કાંતિભાઈ સાવલાના વરદ્ હસ્તે આપવામાં આવેલ હતા.

• **રવિવાર, તા. ૧૦-૧૦-૧૦**

☆ દિપોત્સવી મીઠાઈના અનુસંધાને ૧૦ કિલો સેમ્પલ કાજુકતરી બનાવી, તેના ૧૦૦ ગ્રામના પેકિંગ તૈયાર કરાવડાવી, અલગ અલગ સભ્યોને વિતરણ કરવામાં આવેલ હતા. શ્રી હસમુખભાઈ ખાંડવાલાની દેખરેખ હેઠળ આ મીઠાઈ બનાવવામાં આવી હતી.

• **મંગળવાર તા. ૧૨-૧૦-૧૦**

☆ ધરણીધર દેરાસર નજીકના ચાર રસ્તા પરના ૨૧૦૦ ચો. વારના પ્લોટ પરના મકાન અંગે ગર્લ્સ હોસ્ટેલ માટે ચર્ચા કરવા, તે પ્લોટના માલિક નંદલાલ ઠક્કરના ઍડવોકેટ શ્રી પરેશ ગાંધી સાથે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હસમુખ ખાંડવાલાએ રૂબરૂ મળી ચર્ચા કરેલ હતી. આગળ ફરી મિટિંગ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ મુંબઈ ખાતેના અતિથિ ભવનના પ્રોજેક્ટ માટે આજરોજ શ્રી નવીનભાઈ હરિયા, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી જગશીભાઈ છેડા, શ્રી શરદભાઈ દંડ, શ્રી પારસ બાબરિયા તથા શ્રી પૂનમચંદભાઈ બાબરિયાને રૂબરૂ મળી તેના પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરેલ હતી.

• **બુધવાર, તા. ૧૩-૧૦-૧૦**

☆ આજરોજ દિવાળી મીઠાઈ નિમિત્તે મોહનથાળ બનાવી તેના સેમ્પલ કેટલાક સભ્યોને વિતરણ કરવામાં આવેલ હતા.

• **ગુરુવાર, તા. ૧૪-૧૦-૧૦**

☆ આજરોજ મુંબઈ ખાતેના અતિથિ ભવનના પ્રશ્નોની ચર્ચા કરવા શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા સોલીસીટર શ્રી શશાંકને મળ્યા હતા. ત્યારબાદ તેઓએ SRAની મુલાકાત લઈ ડેપ્યુટી એન્જિનિયર શ્રી માને, એક્ઝીક્યુટિવ એન્જિનિયર શ્રી ભરત પાટીલ તથા ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર શ્રી ઝેંડેની મુલાકાત લઈ તેઓ સાથેના પ્રશ્નોની ચર્ચા કરેલ હતી. ત્યારબાદ બિલ્ડર શ્રી પારસના વકીલ શ્રી વાઘેલા સાથે પણ મિટિંગ કરેલ હતી.

☆ શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ મુંબઈમાં શ્રી ઠાકરશી મેઘજી શેઠિયાના લઘુબંધુ શ્રી શાંતિભાઈની મુલાકાત લીધેલ હતી. તેઓએ શ્રી રમણિકલાલ છગનલાલ દેઢિયા સાથે ફોન પર જરૂરી ચર્ચા કરેલ હતી.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર પરિચય મિલન સમિતિની એક મિટિંગ મળેલ હતી. શ્રી હીરજી પાસુ શાહ, શ્રી જશવંત કોઠારી, શ્રી પંકજ ગોગરી તથા શ્રી પીયૂષ સાવલા મિટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. અઠવાડિયામાં એક-બે દિવસ નિયમિતપણે કાઉન્સેલિંગ કરવું, અત્યારે જે નામો છે તેને કોમ્પ્યુટરાઈઝ કરવા તથા શક્ય હોય તો આવતા એપ્રિલ કે મે મહિનામાં એક સંમેલન ગોઠવવા અંગે ચર્ચાઓ કરવામાં આવી અને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

• **શુક્રવાર, તા. ૧૫-૧૦-૧૦**

☆ આજરોજ ભવન પર કચ્છ આર્ટ ગેલેરીના કેટલાક સભ્યોની આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ સાથે મિટિંગ ગોઠવવામાં આવેલ હતી. આ મિટિંગમાં શ્રી કે. આર. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ તથા શ્રી પાર્થ ઉપસ્થિત રહેલ હતા. કચ્છ આર્ટ ગેલેરીના પ્લાનને ફાઈનલ સ્વરૂપ આપવામાં આવેલ હતું.

• **શનિવાર, તા. ૧૬-૧૦-૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા મળેલ હતા અને મુંબઈ ખાતેના અતિથિ ભવનના કામ માટે તરતમાં લેવાના પગલાની વિગત ફાઈનલ કરેલ હતી.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન સમાજ-ચેન્નાઈના પ્રમુખ શ્રી મુકેશભાઈ પ્રભુલાલ શાહે શ્રી કચ્છી જૈન ભવનની રૂબરૂમાં મુલાકાત લીધેલ હતી અને તેઓશ્રી શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલાને રૂબરૂ મળેલ હતા.

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર સાધર્મિક સહાય સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી આણંદજી વેલજી વીરા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી નરેન્દ્ર છ. શાહ ઉપસ્થિત રહેલ હતા. કેટલાક સભ્યોની માસિક સહાય વધારવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

☆ આજરોજ બપોરના સમયે દિલ્હીથી પ્રસારિત થતા પાક્ષિક મેગેઝીન "Down to Earth"ના સિનિયર રિપોર્ટર કુ. રવલીન કૌરે શ્રી કચ્છી જૈન ભવનની મુલાકાત લીધેલ હતી અને નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ પીવાના પાણી તથા સિંચાઈના પાણીના પ્રશ્ને જાણકારી મેળવેલ હતી.

• **સોમવાર, તા. ૧૮-૧૦-૧૦**

☆ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર 'કચ્છ આર્ટ ગેલેરી સમિતિ'ની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી કે.આર. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી હીરેન કે. શાહ તથા શ્રીમતી પુષ્પાબહેન કે. શાહ ઉપસ્થિત રહેલ હતા અને કચ્છ આર્ટ ગેલેરીના બનાવવામાં આવેલ ફાઈનલ પ્લાન તથા તેના એક્ઝિક્યુશન અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ આવાસ યોજનાના શ્રી મોનીશ વોરા, મેનેજર શ્રી પરાશર વ્યાસ તથા ગીતાબહેન રાંભિયા ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી સમીરભાઈએ શ્રી નવનીત ઠાકરશીની રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને ત્યાંના પાણીના પ્રશ્નના ઉકેલ અંગે જરૂરી ચર્ચા કરી, તેના નિર્ણયો લેવડાવેલ હતા.

• **મંગળવાર, તા. ૧૯-૧૦-૧૦**

☆ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પરાશર વ્યાસ તથા કિન્નરીબહેને સાથે મળી દિવાળી મીઠાઈના આવેલ ઓર્ડરો વગેરે અંગે ચર્ચા કરી તેનો આઈટમ વાઈઝ અહેવાલ તૈયાર કરેલ હતો અને કઈ આઈટમ કેટલી બનાવવાની રહેશે તેની વિગતો તૈયાર કરેલ હતી. ■

*જિંદગીના ખાટા મીઠા અનુભવો જ તમારા ગુરુ.*